
# પ્રવચનસાર
## દોહન
### ભાગ ૩



ૐ

નમઃ સિદ્ધેભ્યઃ

# પ્રવચનસાર દોહન

## (ભાગ-૩)

(શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્યદેવ પ્રણીત શ્રી પ્રવચનસાર
પરમાગમ ઉપર અધ્યાત્મયુગપ્રવર્તક પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના
ઇ.સ. ૧૯૬૨-૬૩ની સાલના શબ્દશઃ સળંગ પ્રવચનો)
(ગાથા-૧૯૨ થી ૧૯૭, ૯૪, ૯૫, ૯૬, ૯૯ )

પ્રકાશક

**શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ**

સોનગઢ-364250 (સૌરાષ્ટ્ર)

સહપ્રકાશક

**શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ**

મુંબઈ

| વિક્રમ સંવત ૨૦૮૧ | વીર સંવત ૨૫૫૧ | ઈ. સંવત ૨૦૨૫ |
|---|---|---|


પ્રકાશન

તા. ૩-૭-૨૦૨૫, અષાઢ સુદ-૮,

શ્રી અષ્ટાહ્નિકા પર્વ પ્રારંભ



પ્રાપ્તિ સ્થાન

1. શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ,

સોનગઢ (સૌરાષ્ટ્ર)-364250. ફોન-02846-244334

2. શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ

302, કૃષ્ણ કુંજ, પ્લોટ નં. 30, વી. એલ. મહેતા માર્ગ,

વિલે પાર્લા (વેસ્ટ), મુંબઈ-400056

ફોન-(022) 26130820, 26104912, 62369046

www.vitragvani.com, email-info@vitragvani.com



ટાઈપ સેટિંગ

પૂજા ઇમ્પ્રેશન્સ

ભાવનગર

મો. 9725251131

## પ્રકાશકીય નિવેદન

**મંગલં ભગવાન વીરો, મંગલં ગૌતમો ગણી,**
**મંગલં કુંદકુંદાર્યો, જૈન ધર્મોસ્તુ મંગલં.**

ઉપરોક્ત મંગલાચરણમાં શાસનનાયક મહાવીરસ્વામી બાદ શ્રી ગૌતમ ગણધરને નમસ્કાર કરી જેમને ત્રીજા નંબરે નમસ્કાર કરવામાં આવે છે એવા ભરતના સમર્થ આચાર્ય શ્રીમદ્ ભગવત્કુંદકુંદાચાર્યદેવ વર્તમાન જૈનશાસનના શાસનસ્તંભ છે, જેમણે મૂળ મોક્ષમાર્ગને શાસ્ત્રમાં જીવંત રાખી અનેકાનેક ભવ્ય જીવો પર અસીમ ઉપકાર કર્યો છે. સાંપ્રત જૈનસમાજ શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્યદેવથી સુચારુરૂપે પરિચીત છે જ. તેમ છતાં તેમના પ્રત્યેની ભક્તિથી પ્રેરાઈને તેઓશ્રી પ્રત્યે ઉપકાર વ્યક્ત કર્યા વિના રહી શકાતું નથી. શ્રીમદ્ ભગવત્ કુંદકુંદઆચાર્યદેવ પ્રણીત પંચ પરમાગમોમાં 'પ્રવચનસાર' શાસ્ત્ર 'દ્વિતીય શ્રુતસ્કંધ'નાં સર્વોત્કૃષ્ટ આગમોમાંનું એક છે. ભગવાન કુંદકુંદાચાર્યના મહિમા દર્શાવતાં અનેક શિલાલેખો આજે પણ મોજૂદ છે. તેમનાં લખેલાં શાસ્ત્રો સાક્ષાત્ ગણધરદેવનાં વચનો જેટલાં જ પ્રમાણભૂત મનાય છે.

મહાવિદેહક્ષેત્રમાં વિદ્યમાન ત્રિલોકનાથ વીતરાગ સર્વજ્ઞ પરમદેવાધિદેવ શ્રી સીમંધર ભગવાનની પ્રત્યક્ષ દિવ્ય દેશના સાંભળી ભરતમાં આવીને ભગવાન કુંદકુંદાચાર્યદેવે અનેક શાસ્ત્રોની રચના કરી છે. જિનશાસનના અનેક મુખ્ય સિદ્ધાંતોનાં બીજ આ 'પ્રવચનસાર' શાસ્ત્રમાં રહેલાં છે. અતઃ આ 'પ્રવચનસાર' ગ્રંથ છે એ ભગવાન શ્રી સીમંધરસ્વામીના દિવ્ય સંદેશા જ છે. ત્રણ વિભાગમાં વિભાજીત થયેલ આ ગ્રંથમાં વસ્તુ સ્વરૂપને સમજાવતાં મૂળભૂત સિદ્ધાંતોનું પ્રતિપાદન થયેલ છે. જે મુમુક્ષુ જીવને મહામિથ્યાત્વરૂપી અંધકારને નષ્ટ કરવા માટે દિવ્ય પ્રકાશ સમાન જ છે.

મહા મિથ્યાત્વથી પ્રભાવિત આ દુષમકાળમાં આવા સર્વોત્કૃષ્ટ પરમાગમોનાં સિદ્ધાંતો સમજવાનું અજ્ઞાની જીવોનું ક્યાં સામર્થ્ય હતું? પરંતુ ભરતક્ષેત્રના અહોભાગ્યે તથા ભવ્ય જીવોને તારવા, આ મિથ્યાત્વના ઘોર તિમિરને નષ્ટ કરવા એક દિવ્ય પ્રકાશ થયો! એ છે કહાન ગુરુદેવ!! પૂજ્ય ગુરુદેવશ્રી આ કાળનાં એક અજોડ રત્ન છે! જેમણે સ્વયંની જ્ઞાનપ્રભા દ્વારા ગૂઢ પરમાગમોના રહસ્યોને ઉકેલ્યા. જેમનાં ઘરમાં આગમો ઉપલબ્ધ હતાં તેમને પણ આગમો ઉકેલવાની શક્તિ નહોતી, એવા આ દુષમકાળમાં પૂજ્ય ગુરુદેવશ્રીના પરમ પ્રભાવના યોગે ઘરે-ઘરે મૂળભૂત પરમાગમોનાં સ્વાધ્યાયની પ્રણાલિકા શરૂ થઈ. દ્રવ્ય, ગુણ, પર્યાય, ઉત્પાદ્, વ્યય, ધ્રૌવ્ય, નિશ્ચય-વ્યવહાર, ઉપાદાન-નિમિત્ત ઇત્યાદિ અનેકાનેક વસ્તુસ્વરૂપને સ્પષ્ટ કરતાં સિદ્ધાંતોનો પૂજ્ય ગુરુદેવશ્રીએ પ્રકાશ કર્યો. પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનનાં વચનાનુસાર 'પૂજ્ય ગુરુદેવશ્રી આ કાળનો એક અચંબો જ છે. પૂજ્ય ગુરુદેવશ્રીને શ્રુતની લબ્ધિ હતી. પંચમકાળે નિરંતર અમૃતઝરતી ગુરુદેવની વાણી ભગવાનનો વિરહ ભુલાવે છે.' ઇત્યાદિ અનેકાનેક બહુમાનસૂચક વાક્યો પૂજ્ય ગુરુદેવશ્રીની અસાધારણ પ્રતિભાને વ્યક્ત કરે છે. એવાં ભવોદધિતારણહાર,

નિષ્કારણ કરુણાશીલ, અધ્યાત્મમૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રીએ અનેક મૂળ પરમાગમો ઉપર પ્રવચનો આપી દિવ્ય અમૃતધારા વરસાવી છે.

પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનોને અક્ષરશઃ પ્રકાશિત કરવાનું સૌભાગ્ય પ્રાપ્ત થવું એ આ મનુષ્યજીવનનો અમૂલ્ય આનંદસભર અવસર છે. પ્રસ્તુત ગ્રંથમાં શ્રી પ્રવચનસાર પરમાગમ ઉપર, ઇ.સ. 1962-63માં ચાલેલ જ્ઞાનતત્ત્વ-પ્રજ્ઞાપન, જ્ઞેયતત્ત્વ-પ્રજ્ઞાપન અને પરિશિષ્ટ અધિકારની ગાથાઓ ઉપરના 30 પ્રવચનોને અક્ષરશઃ પ્રકાશિત કરવામાં આવેલ છે.


પૂજ્ય ગુરુદેવશ્રીની દિવ્ય દેશનાને ઓડિયો ટેપમાં ઉતારવાનું મહાન કાર્ય શરૂ કરનાર શ્રી નવનીતભાઈ ઝવેરીનો આ પ્રસંગે આભાર વ્યક્ત કરીએ છીએ. તેમજ શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢે આ ઉમદા કાર્યને અવિરત ધારાએ ચાલુ રાખ્યું અને સાચવી રાખ્યું, તે બદલ તેમના આભારી છીએ.

પૂજ્ય ગુરુદેવશ્રીની દિવ્ય દેશનાની જાળવણી સી.ડી., ડી.વી.ડી.. વેબ સાઈટ (www.vitragvani.com) તથા વીતરાગ વાણી એપ જેવા સાધનો વડે શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ, વિલેપાર્લા, મુંબઈ દ્વારા કરવામાં આવેલ છે. આ કાર્ય પાછળ ટ્રસ્ટની એવી ભાવના છે કે વર્તમાનના આધુનિક સાધનો દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રી દ્વારા સમજાવેલ તત્ત્વજ્ઞાનનો બહોળો લાભ સામાન્યજન લે કે જેથી આ વાણી શાશ્વત જળવાઈ રહે. પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રત્યેક પ્રવચનો અક્ષરશઃ ગ્રંથારૂઢ થાય તેવી ભાવનાના ફળસ્વરૂપે આ પ્રવચનો પ્રકાશિત કરવામાં આવી રહ્યા છે. પ્રસ્તુત ગ્રંથ પૂજ્ય ગુરુદેવશ્રી તથા તદ્‌ભક્ત પ્રશમમૂર્તિ ભગવતી માતા પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનને સાદર સમર્પિત કરીએ છીએ.

સર્વ પ્રવચનોને સાંભળીને ગ્રંથારૂઢ કરવામાં ચીવટતા રાખવામાં આવેલ છે. વાક્યરચનાને પૂર્ણ કરવા અર્થે ક્યાંક ક્યાંક કૌંસ કરવામાં આવેલ છે. આ પ્રવચનો સાંભળી અને ગ્રંથારૂઢ કરવાનું કાર્ય પૂજા ઇમ્પ્રેશન્સ દ્વારા કરવામાં આવેલ છે. પ્રવચનોને તપાસવાનું કાર્ય શ્રીમતી પારૂલબેન શેઠ, વિલે પાર્લા તથા શ્રી અતુલભાઈ જૈન, મલાડ દ્વારા કરવામાં આવેલ છે. આ પ્રસંગે ટ્રસ્ટ તેમના પ્રત્યે આભાર વ્યક્ત કરે છે. જિનવાણી પ્રકાશનનું કાર્ય ગંભીર તથા જવાબદારીપૂર્ણ હોવાથી અત્યંત જાગૃતિપૂર્વક તથા ઉપયોગપૂર્વક કરવામાં આવેલ છે. તેમ છતાં પ્રકાશનકાર્યમાં પ્રમાદવશ કે અજાગૃતિવશ કોઈ ભૂલ રહી ગઈ હોય તો ત્રિકાળવર્તી વીતરાગ દેવ-ગુરુ-શાસ્ત્ર પ્રત્યે ક્ષમા યાચીએ છીએ. ટ્રસ્ટ, મુમુક્ષુગણને વિનંતી કરે છે કે અશુદ્ધિઓ ટ્રસ્ટને પાઠવે જેથી તે આગળની આવૃત્તિમાં સુધારી શકાય. આ પ્રવચનો www.vitragvani.com તથા વીતરાગ વાણી એપ ઉપર ઉપલબ્ધ છે.

પાઠકવર્ગ આ પ્રવચનોનો અવશ્ય લાભ લઈ આત્મકલ્યાણને સાધે એવી ભાવના સાથે વિરામ પામીએ છીએ. ઇતિ શિવમ્.

ટ્રસ્ટીગણ
શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ,
વિલે પાર્લા, મુંબઈ



ભગવાનશ્રી કુંદકુંદાચાર્ય દેવ



અધ્યાત્મયુગસર્જક પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી

# અધ્યાત્મયુગસર્જક પૂજ્ય સદ્‌ગુરુદેવશ્રી કાનજીસ્વામીનો સંક્ષિપ્ત જીવન પરિચય

ભારતદેશના ગુજરાત રાજ્યમાં ભાવનગર જિલ્લાના ‘ઉમરાળા’ ગામમાં સ્થાનકવાસી સંપ્રદાયના દશાશ્રીમાળી વણિક પરિવારના શ્રેષ્ઠીવર્ય શ્રી મોતીચંદભાઈના ઘેર, માતા ઉજમબાની કૂંખે, વિક્રમ સંવત ૧૯૪૬ના વૈશાખ સુદ બીજ, (તા. ૨૧-૪-૧૮૯૦) રવિવારે વહેલી સવારે આ બાળ મહાત્માનો જન્મ થયો.

જે સમયે આ બાળ મહાત્મા ધરતી પર પધાર્યા, તે સમયે જૈનોના જીવનનો શ્વાસ અંધશ્રદ્ધા, પાખંડ અને શુષ્ક ક્રિયાકાંડમાં જ રૂંધાઈ રહ્યો હતો. કોઈક સ્થળે આધ્યાત્મિક ચિંતન ચાલતું હતું, પણ તેમાં અધ્યાત્મ નહોતું. એવા એ અંધકારમય કળિકાળમાં આ તેજસ્વી કહાનસૂર્યનો ઉદય થયો.

સાત વર્ષની ઉંમરે નિશાળમાં લૌકિક શિક્ષા લેવાનું શરૂ કર્યું. દરેક વસ્તુના હાર્દ સુધી પહોંચવાની તેજસ્વી બુદ્ધિપ્રતિભા, મધુરભાષીપણું, શાંતસ્વભાવ, ગંભીર મુખમુદ્રા તથા જતું કરવાનો સ્વભાવ હોવાથી બાળ ‘કાનજી’ શિક્ષકોમાં તથા વિદ્યાર્થીઓમાં પ્રિય થઈ ગયા. નિશાળમાં તથા જૈન પાઠશાળાના અભ્યાસમાં પ્રાયઃ પ્રથમ નંબર આવતો, પરંતુ નિશાળના લૌકિક અભ્યાસથી તેમને સંતોષ થયો નહિ અને ઊંડે ઊંડે એમ લાગતું કે હું જેની શોધમાં છું તે આ નથી.

તેર વર્ષની ઉંમરે માતુશ્રીના અવસાનથી પિતાજી સાથે પાલેજ જવાનું થાય છે. ચાર વર્ષ બાદ પિતાજીનો સ્વર્ગવાસ થતાં સત્તર વર્ષની ઉંમરે ભાગીદાર સાથે વેપારમાં જોડાય છે.

વ્યાપારની પ્રવૃત્તિ વખતે પણ તેઓ જરા પણ અપ્રમાણિકતા ચલાવી લેતા નહિ. સત્યનિષ્ઠા, નીતિમત્તા, નિખાલસતા અને નિર્દોષતાથી તેમનું વ્યાવહારિક જીવન સુગંધિત હતું. સાથે તેમનો આંતરિક વ્યાપાર અને ઝુકાવ તો સતત સત્યની શોધ તરફ જ હતો. દુકાનમાં પણ ધાર્મિક પુસ્તકો વાંચતા. વૈરાગી ચિત્તવાળા કહાનકુંવર રાત્રિના રામલીલા કે નાટક જોવા જતાં ત્યારે તેમાંથી વૈરાગ્યરસનું ઘોલન કરતાં. જેના ફળસ્વરૂપે સત્તર વર્ષની ઉંમરે ઉજ્જવળ ભવિષ્યની આગાહી કરતા બાર લીટીના કાવ્યની રચના કરે છે : ‘શિવરમણી રમનાર તું, તું હી દેવનો દેવ...’

ઓગણીસ વર્ષની ઉંમરથી તો રાત્રિના આહાર, પાણી તથા અથાણાંનો ત્યાગ કરે છે. સત્યની શોધ માટે, દીક્ષા લેવાના ભાવથી ૨૨ વર્ષની યુવા વયે દુકાનનો પરિત્યાગ કરે છે

અને ગુરુ પાસે આજીવન-બ્રહ્મચર્ય વ્રત અંગીકાર કરે છે. પછી ૨૪ વર્ષની વયે (વિ. સં. ૧૯૭૦) જન્મનગરી ઉમરાળામાં ૨૦૦૦ જેટલા સાધર્મીઓના વિશાળ જનસમુદાયની હાજરીમાં સ્થાનકવાસી સંપ્રદાયની દીક્ષા અંગીકાર કરે છે. દીક્ષા સમયે હાથી પર બેસવા જતાં ધોતિયું ફાટે છે. તીક્ષ્ણ બુદ્ધિના ધારક ગુરુવરને શંકા પડી જાય છે કે કંઈક ખોટું થાય છે.

દીક્ષા લીધાં બાદ સત્યના શોધક આ મહાત્માએ સ્થાનકવાસી તથા શ્વેતાંબર સંપ્રદાયના સમસ્ત આગમોનો ગહન અભ્યાસ માત્ર ચાર વર્ષમાં જ પૂરો કર્યો. સંપ્રદાયમાં મોટી ચર્ચાઓ ચાલી. કર્મ છે તો વિકાર થાય છે ને? જો કે પૂજ્ય ગુરુદેવશ્રીને હજી દિગંબર શાસ્ત્રો તો મળ્યા નહોતાં. છતાં પૂર્વના સંસ્કારના બળે તેઓ દૃઢતાપૂર્વક સિંહગર્જના કરે છે ‘જીવ પોતાથી સ્વતંત્રપણે વિકાર કરે છે; કર્મથી કે પરથી નહિ. જીવ પોતાના ઊંધા પુરુષાર્થથી વિકાર કરે છે અને સવળા પુરુષાર્થથી નાશ કરે છે.’

વિ. સં. ૧૯૭૮માં મહાવીરપ્રભુના જિનશાસન-ઉદ્ધારનો અને હજારો મુમુક્ષુઓના મહાન પુણ્યોદય સૂચક એક મંગળકારી પવિત્ર પ્રસંગ બને છે.

૩૨ વર્ષની ઉંમરે, વિધિની કોઈ ધન્ય પળે શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્યદેવ વિરચિત સમયસાર નામનું મહાન પરમાગમ દામનગરમાં દામોદર શેઠ દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રીના હસ્તકમળમાં આવે છે અને આ પવિત્ર પુરુષના અંતરમાંથી સહજ જ ઉદ્ગાર નીકળે છે : ‘શેઠ! આ તો અશરીરી થવાનું શાસ્ત્ર છે.’ એનું અધ્યયન અને ચિંતન કરતાં અંતરમાં આનંદ અને ઉલ્લાસ ઉભરાય છે. આ મહાપુરુષના અંતરંગ જીવનમાં પણ પરમ પવિત્ર પરિવર્તન થયું. ભૂલી પડેલી પરિણતિ નિજ ઘર દેખે છે. ત્યારબાદ વિ.સં. ૧૯૮૨ના ચાતુર્માસ પહેલા રાજકોટમાં શ્રી દામોદરભાઈ લાખાણીએ ‘મોક્ષમાર્ગ પ્રકાશક’ ગ્રંથ પૂ. ગુરુદેવશ્રીને આપ્યો. જે વાંચતા, પોતાના હૃદયની અનેક વાતોનું સમર્થન આ ગ્રંથમાંથી મળી આવતાં તેઓ તેના વાંચનમાં એવા ઓતપ્રોત થઈ જતાં કે તે વખતે તેમને ખાવું-પીવું કે સૂવું ગમતું નહીં. ત્યારબાદ શ્રી પ્રવચનસાર, અષ્ટપાહુડ, દ્રવ્યસંગ્રહ, સમ્યગ્જ્ઞાન દીપિકા, વગેરે દિગંબર શાસ્ત્રોના અભ્યાસથી ૧૩ વર્ષ સુધી ખૂબ જ જ્ઞાનની પ્રગાઢતા બાદ તેઓશ્રીને નિ:શંક નિર્ણય થઈ જાય છે કે દિગંબર જૈનધર્મ જ મૂળ માર્ગ છે અને તે જ સત્ ધર્મ છે. તેથી અંતરંગ શ્રદ્ધા કંઈક અને બહારમાં વેશ કંઈક એવી સ્થિતિ તેમને અસહ્ય થઈ પડે છે. તેથી અંતરમાં ખૂબ જ મનોમંથન બાદ સંપ્રદાય છોડવાનો નિર્ણય કરે છે.

પરિવર્તન માટે યોગ્ય સ્થળની તપાસ કરતાં કરતાં સોનગઢ આવી ‘સ્ટાર ઑફ ઇન્ડિયા’ નામના એકાંત મકાનમાં મહાવીર જન્મકલ્યાણકના દિવસે (વિ. સં. ૧૯૯૧, ચૈત્ર સુદ ૧૩)

બપોરે સવા વાગે સંપ્રદાયના ચિહ્ન મુહપત્તીનો ત્યાગ કરે છે અને જાહેર કરે છે : 'હવે હું સ્થાનકવાસી સાધુ નથી, હું સનાતન દિગંબર જૈન ધર્મનો શ્રાવક છું.' સિંહ સમાન વૃત્તિના ધારક આ મહાપુરુષે, ૪૫ વર્ષની ઉંમરે અંતરમાં મહાવીર્ય ઉછાળીને આ અદ્ભુત પરાક્રમી કાર્ય કર્યું.

'સ્ટાર ઑફ ઇન્ડિયા'માં ત્રણ વર્ષ દરમ્યાન જિજ્ઞાસુ ભક્તજનોનો પ્રવાહ દિન-પ્રતિદિન વધતો જ ગયો, જેના કારણે આ મકાન ખુબ જ નાનું પડવા લાગ્યું. તેથી ભક્તોએ આ પરમપ્રતાપી સત્પુરુષ માટે નિવાસ અને પ્રવચનનું મકાન 'શ્રી જૈન સ્વાધ્યાય મંદિર'નું નિર્માણ કરાવ્યું. ગુરુદેવશ્રીએ વિ. સં. ૧૯૯૪ના વૈશાખ વદ ૮ના રોજ આ નિવાસસ્થાનમાં મંગળ પદાર્પણ કર્યું. આ 'સ્વાધ્યાય મંદિર' જીવન-પર્યંત આ મહાપુરુષની આત્મ-સાધના અને વીરશાસનની પ્રભાવનાનું કેન્દ્ર બની રહ્યું.

અહીં દિગંબર ધર્મના ચારે અનુયોગના નાના-મોટા ૧૮૩ જેટલા ગ્રંથોનો ઊંડાણથી અભ્યાસ કર્યો. તેમાંથી 38 ગ્રંથો પર સભામાં પ્રવચનો કર્યા, જેમાં સમયસાર ઉપર તો ૧૯ વખત અધ્યાત્મવર્ષા કરી છે. પ્રવચનસાર, અષ્ટપાહુડ, પરમાત્મપ્રકાશ, નિયમસાર, પંચાસ્તિકાયસંગ્રહ, સમયસાર કળશ-ટીકા વગેરે ગ્રંથો પર પણ અનેકવાર પ્રવચનો કર્યા છે.

દિવ્યધ્વનિનું રહસ્ય સમજાવનાર તેમજ કુંદકુંદાદિ આચાર્યોના ગહન શાસ્ત્રોનું રહસ્યોદ્ઘાટન કરનાર આ મહાપુરુષની ભવતાપવિનાશક અમૃતવાણીને ભાઈશ્રી નવનીતભાઈ ઝવેરીની દીર્ઘદષ્ટિને કારણે શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ દ્વારા ઈ.સ.૧૯૫૯ થી ૧૯૮૦ સુધી નિયમિત રીતે ટેપમાં ઉતારી લેવામાં આવી હતી. જેના પ્રતાપે આજે આપણી પાસે ૯૦૦૦ થી વધુ પ્રવચનો સુરક્ષિતપણે ઉપલબ્ધ છે. આ મંગલ વાણી દેશ-વિદેશના તમામ મુમુક્ષુમંડળોમાં તેમજ લાખો જિજ્ઞાસુ મુમુક્ષુઓના ઘેર-ઘેર ગુંજતી થઈ ગઈ છે. તેથી એટલું તો નક્કી છે કે ભરતક્ષેત્રના ભવ્યજીવોને પંચમ કાળના અંત સુધી આ દિવ્યવાણી જ ભવના અભાવમાં પ્રબળ નિમિત્ત થશે.

આ મહાપુરુષનો ધર્મસંદેશ દેશ-વિદેશના સમસ્ત મુમુક્ષુઓને નિયમિત મળતો રહે તે હેતુથી સૌ પ્રથમ વિ. સં. ૨૦૦૦ના માગશર (ડિસેમ્બર ૧૯૪૩) માસથી 'આત્મધર્મ' નામની માસિક આધ્યાત્મિક-પત્રિકાનું પ્રકાશન સોનગઢથી મુરબ્બી શ્રી રામજીભાઈ માણેકચંદ દોશીના સંપાદન હેઠળ શરૂ થયું. આજે પણ 'આત્મધર્મ' ગુજરાતી તેમજ હિન્દી ભાષામાં નિયમિત રીતે પ્રકાશિત થઈ રહ્યું છે. પૂજ્ય ગુરુદેવશ્રીના દૈનિક પ્રવચનોને પ્રસિદ્ધ કરતું 'શ્રી સદ્ગુરુ પ્રવચન પ્રસાદ' સપ્ટેમ્બર ૧૯૫૦ થી નવેમ્બર ૧૯૫૬ સુધી પ્રકાશિત થયું. સ્વાનુભૂતિવિભૂષિત આ ચૈતન્યવિહારી મહાપુરુષની મંગળવાણી વાંચીને તેમજ સાંભળીને

હજારો સ્થાનકવાસી, શ્વેતાંબર તથા અન્ય કોમના ભવ્યજીવો પણ તત્ત્વની સમજણપૂર્વક સાચા દિગંબર જૈનધર્મના અનુયાયી થયા. અરે..! મૂળ દિગંબર જૈનો પણ સાચા અર્થમાં દિગંબર જૈન બન્યા.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ દ્વારા દિગંબર આચાર્યો-મુનિવરોના તેમજ આત્માનુભવી પંડિતવર્યોના ગ્રંથો અને પૂજ્ય ગુરુદેવશ્રીના તે ગ્રંથો પરના પ્રવચનોને પુસ્તક રૂપે છપાવવાનું કાર્ય વિ. સં. ૧૯૯૯ (ઇ.સ. ૧૯૪૩)થી શરૂ થયું. આ સત્-સાહિત્ય દ્વારા વીતરાગી તત્ત્વજ્ઞાનની દેશ-વિદેશમાં અપૂર્વ પ્રભાવના થઈ, જે આજે પણ અવિરતપણે ચાલી રહી છે. પરમાગમોનું ઊંડું રહસ્ય સમજાવીને કૃપાળુ કહાન ગુરુદેવે આપણા સહુ ઉપર કરુણા વરસાવી છે. તત્ત્વજિજ્ઞાસુ જીવો માટે આ એક મહાન આધાર છે અને દિગંબર જૈન સાહિત્યની આ એક અમૂલ્ય સંપત્તિ છે.

દસલક્ષણ પર્યુષણ પર્વ દરમ્યાન ભારતભરમાં અનેક સ્થળોએ પૂજ્ય ગુરુદેવશ્રીએ પ્રરૂપેલા તત્ત્વજ્ઞાનના પ્રચાર માટે પ્રવચનકારો મોકલાય છે. આ પ્રવૃત્તિથી ભારતભરના સમસ્ત દિગંબર સમાજમાં જાગૃતિ આવી છે. આજે પણ દેશ-વિદેશમાં પર્યુષણ પર્વમાં સેંકડો પ્રવચનકાર વિદ્વાનો આ વીતરાગી વાણીનો ડંકો વગાડે છે.

બાળકોમાં તત્ત્વજ્ઞાનના સંસ્કારોનું સિંચન થાય તે હેતુથી સોનગઢમાં વિ. સં. ૧૯૯૭ (ઇ. સ. ૧૯૪૧)ના મે માસના વેકેશનથી ૨૦ દિવસના ધાર્મિક શિક્ષણ વર્ગ શરૂ થયા. વડીલો માટેનો પ્રૌઢ શિક્ષણ વર્ગ વિ. સં. ૨૦૦૩ના શ્રાવણ માસથી શરૂ કરવામાં આવેલ છે.

સોનગઢમાં વિ.સં. ૧૯૯૭ના ફાગણ સુદ બીજના રોજ નૂતન દિગંબર જિનમંદિરમાં કહાનગુરુના મંગળ હસ્તે શ્રી સીમંધરાદિ ભગવંતોની પંચકલ્યાણક વિધિપૂર્વક પ્રતિષ્ઠા થઈ. તે સમયે સૌરાષ્ટ્રમાં માંડ ચાર-પાંચ દિગંબર જિનમંદિરો હતા અને દિગંબર જૈનો તો ભાગ્યે જ જોવા મળતા હતાં. આવા ક્ષેત્રે ગુરુદેવશ્રીની પાવન પ્રેરણાથી પ્રથમ જિનમંદિર બને છે અને બપોરે પ્રવચન બાદ જિનમંદિરમાં અડધો કલાક ભક્તિ થાય છે, જેમાં જિનવરભક્ત ગુરુરાજ હંમેશા હાજર રહે છે. ઘણીવાર તેઓશ્રી અતિભાવવાહી ભક્તિપાન કરાવતાં. આમ, ગુરુદેવશ્રીનું જીવન નિશ્ચય-વ્યવહારની અપૂર્વ સંધિપૂર્વકનું હતું.

ઇ. સ. ૧૯૪૧ થી ઇ. સ. ૧૯૮૦ દરમ્યાન સૌરાષ્ટ્ર-ગુજરાત ઉપરાંત ભારત દેશના અનેક શહેરોમાં તથા વિદેશમાં (નાઈરોબીમાં) એમ કુલ ૬૬ દિગંબર જિનમંદિરોની મંગળ પ્રતિષ્ઠા, આ વીતરાગમાર્ગ પ્રવર્તક સત્પુરુષના પવિત્ર કરકમળ દ્વારા થઈ.

જન્મમરણથી રહિત થવાના સંદેશા નિરંતર સંભળાવનાર આ ચૈતન્યવિહારી પુરુષની મંગળકારી જન્મજયંતી ઉજવવાની શરૂઆત ૫૯મા વર્ષથી થઈ. ૭૫મા હિરકજયંતી પ્રસંગે

સમગ્ર ભારતના જૈન સમાજ દ્વારા ચાંદી જડિત એક આઠસો પાનાનો દળદાર 'અભિનંદન ગ્રંથ' આ ભાવિ તીર્થાધિનાથને ભારત સરકારના તત્કાલીન ગૃહમંત્રી શ્રી લાલબહાદુર શાસ્ત્રી દ્વારા મુંબઈમાં દેશભરના હજારો ભક્તોની હાજરીમાં અર્પણ થયો.

શ્રી સમ્મેદશીખરજીની યાત્રા નિમિત્તે ઇ. સ. ૧૯૫૭ તથા ઇ. સ. ૧૯૬૭માં એમ બે વખત સમગ્ર ઉત્તર અને પૂર્વ ભારતમાં મંગળ વિહાર કર્યો. તે જ રીતે ઇ. સ. ૧૯૫૯ અને ઇ. સ. 1964માં  એમ બે વખત દક્ષિણ અને મધ્ય ભારતમાં મંગળ વિહાર કર્યો. આ મંગળ તીર્થયાત્રાના વિહાર દરમ્યાન લાખો જિજ્ઞાસુ જીવોએ આ સિદ્ધપદના સાધક સંતના દર્શન કર્યા અને તેઓશ્રીની ભવાંતકારી અમૃતમય વાણી સાંભળીને અનેક ભવ્ય જીવોના જીવનની દિશા આત્મ-સન્મુખ થઈ ગઈ. આ સત્પુરુષને અનેક સ્થાનોથી લગભગ ૮૦ જેટલા અભિનંદન પત્ર અર્પણ થયા.

શ્રી વીરપ્રભુના નિર્વાણ બાદ, આ સળંગ ૪૫ વર્ષનો સમય (વીર સંવત ૨૪૬૧ થી ૨૫૦૭ અર્થાત્ ઇ. સ. ૧૯૩૫ થી ૧૯૮૦) વીતરાગમાર્ગની પ્રભાવનાનો સુવર્ણકાળ હતો. જે કોઈ મુમુક્ષુ અધ્યાત્મ તીર્થધામ સુવર્ણપુરી જતા, તેમને તો ત્યાં ચતુર્થ કાળનો જ અનુભવ થતો.

વિ. સં. ૨૦૩૭ના કારતક વદ ૭, (તા. ૨૮-૧૧-૧૯૮૦) શુક્રવારના રોજ, આ પ્રબળ પુરુષાર્થી આત્મજ્ઞ સંતપુરુષ દેહાદિનું લક્ષ છોડી પોતાના જ્ઞાયક ભગવાનના અંતરધ્યાનમાં એકાગ્ર થયા, અતીન્દ્રિય આનંદકંદ નિજ પરમાત્મતત્ત્વમાં લીન થયા. સાંજે આકાશનો સૂર્ય અસ્ત થયો, ત્યારે સર્વજ્ઞપદના સાધક સંતે ભરતક્ષેત્રથી સ્વર્ગપુરી તરફ પ્રયાણ કર્યું. તેઓશ્રી વીરશાસનને પ્રાણવંતું કરી અધ્યાત્મયુગનું સર્જન કરતાં ગયાં.

પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી આ યુગના એક મહાન અને અસાધારણ વ્યક્તિ હતા. તેમના બહુમુખી વ્યક્તિત્વની સૌથી મોટી વિશેષતા એ છે કે તેમણે સત્યથી ખુબ જ દૂર જન્મ લઈને સ્વયંબુદ્ધની જેમ સત્યનું અનુસંધાન કર્યું અને પોતાના પ્રચંડ પુરુષાર્થથી આત્મસાત પણ કર્યું.

આ વિદેહ દશાવંત મહાપુરુષનું અંતર જેટલું ઉજ્જવળ હતું તેટલું બાહ્યજીવન પણ પવિત્ર છે; પવિત્રતા અને પુણ્યનો સહજ યોગ આ કળિકાળમાં ભાગ્યે જ જોવા મળે છે. તેમની અત્યંત નિયમિત દિનચર્યા, સાત્વિક અને પરિમિત આહાર, આગમ સંમત સંભાષણ, કરુણ અને સુકોમળ હૃદય, તેમના વિરલ વ્યક્તિત્વના અભિન્ન અવયવો હતા. શુદ્ધાત્મતત્ત્વનું નિરંતર ચિંતન અને સ્વાધ્યાય એ જ તેમનું જીવન હતું. જૈન શ્રાવકના પવિત્ર આચાર પ્રત્યે તેઓશ્રી હંમેશા સતર્ક અને સાવધાન હતા. તેઓ જગતની પ્રશંસા કે નિંદાથી

અપ્રભાવિત, માત્ર પોતાની સાધનામાં જ તત્પર રહેતા. ભાવલિંગી મુનિઓના તેઓ દાસાનુદાસ હતા.

આચાર્ય ભગવંતોએ જે મુક્તિનો માર્ગ પ્રકાશ્યો છે તેને આ અનુભૂતિ વિભૂષિત સંતપુરુષે પોતાના શુદ્ધાત્મતત્ત્વની અનુભૂતિના આધારે, સાતિશય જ્ઞાન અને વાણી દ્વારા, યુક્તિ ને ન્યાયથી સર્વ પ્રકારે સમજાવ્યો છે. દ્રવ્યની સ્વતંત્રતા, દ્રવ્ય-ગુણ-પર્યાય, ઉપાદાન-નિમિત્ત, નિશ્ચય-વ્યવહાર, ક્રમબદ્ધપર્યાય, કારણશુદ્ધપર્યાય, આત્માનું શુદ્ધ સ્વરૂપ, સમ્યગ્દર્શન અને તેનો વિષય, સમ્યગ્જ્ઞાન અને જ્ઞાનનું સ્વ-પરપ્રકાશકપણું ઇત્યાદિ સમસ્ત તેઓશ્રીના પરમ પ્રતાપે આ કાળે સત્યરૂપે બહાર આવ્યું છે. આજે દેશ-વિદેશમાં લાખો જીવો મોક્ષના માર્ગને સમજવાનો પ્રયત્ન કરી રહ્યા છે, તે તેઓશ્રીનો જ પરમ પ્રતાપ છે.

સમગ્ર જીવન દરમ્યાન આ ગુણવંતા જ્ઞાનીપુરુષે બહુ જ અલ્પ લખ્યું છે, કેમકે તેઓશ્રીને તો તીર્થંકરની વાણી જેવો યોગ હતો. તેમની અમૃતમય મંગળવાણીનો પ્રભાવ જ એવો હતો કે સાંભળનાર તેનું રસપાન કરતાં થાકતા જ નહિ. દિવ્યભાવશ્રુત જ્ઞાનધારી આ પુરાણપુરુષે પોતે જ પરમાગમના આ સારભૂત સિદ્ધાંતો લખાવ્યા છે :

1. એક દ્રવ્ય બીજા દ્રવ્યને અડે નહિ, સ્પર્શે નહિ.
2. દરેક દ્રવ્યની દરેક પર્યાય ક્રમબદ્ધ જ થાય છે.
3. ઉત્પાદ, ઉત્પાદથી છે, વ્યયથી કે ધ્રુવથી નથી.
4. ઉત્પાદ પોતાના ષટ્કારકના પરિણમનથી થાય છે.
5. પર્યાયના અને ધ્રુવના પ્રદેશ ભિન્ન છે.
6. ભાવશક્તિના કારણે પર્યાય હોય જ છે, કરવી પડતી નથી.
7. ભૂતાર્થના આશ્રયે સમ્યગ્દર્શન થાય છે.
8. ચારે અનુયોગનું તાત્પર્ય વીતરાગતા છે.
9. સ્વદ્રવ્યમાં પણ દ્રવ્ય-ગુણ-પર્યાયના ભેદ પાડવા તે અન્યવશપણું છે.
10. ધ્રુવનું આલંબન, પણ વેદન નહિ, અને પર્યાયનું વેદન, પણ આલંબન નહિ.

આ અધ્યાત્મયુગસર્જક મહાપુરુષે પ્રકાશેલ સ્વાનુભૂતિનો પાવન પંથ જગતમાં સદા જયવંત વર્તો!

તીર્થંકર શ્રી મહાવીર ભગવાનની દિવ્યધ્વનિનું રહસ્ય સમજાવનાર શાસન સ્તંભ શ્રી કહાન ગુરુદેવ ત્રિકાળ જયવંત વર્તો!

સત્પુરુષનો પ્રભાવના ઉદય જયવંત વર્તો!

# અનુક્રમણિકા


| પ્રવચન નં. | તારીખ | શ્લોક/ગાથા | પેઈજ નં. |
|---|---|---|---|
| ૭૩ | ૩૧-૦૮-૧૯૬૩ | ગાથા-૧૯૨ | ૦૦૧ |
| ૭૪ | ૦૧-૦૯-૧૯૬૩ | ગાથા-૧૯૨, ૧૯૩ | ૦૧૪ |
| ૭૫ | ૦૨-૦૯-૧૯૬૩ | ગાથા-૧૯૩-૧૯૪ | ૦૨૮ |
| ૭૬ | ૦૪-૦૯-૧૯૬૩ | ગાથા-૧૯૪ થી ૧૯૬ | ૦૪૩ |
| ૭૭ | ૦૫-૦૯-૧૯૬૩ | ગાથા-૧૯૬-૧૯૭ | ૦૫૭ |
| ૮૩ | ૨૨-૦૯-૧૯૬૩ | ગાથા-૯૪ | ૦૭૧ |
| ૮૪ | ૨૩-૦૯-૧૯૬૩ | ગાથા-૯૪-૯૫ | ૦૮૬ |
| ૮૫ | ૨૪-૦૯-૧૯૬૩ | ગાથા-૯૫ | ૧૦૧ |
| ૮૬ | ૨૫-૦૯-૧૯૬૩ | ગાથા-૯૫ | ૧૧૬ |
| ૮૭ | ૨૭-૦૯-૧૯૬૩ | ગાથા-૯૫ | ૧૩૦ |
| ૮૮ | ૨૮-૦૯-૧૯૬૩ | ગાથા-૯૫-૯૬ | ૧૪૪ |
| ૮૯ | ૨૯-૦૯-૧૯૬૩ | ગાથા-૯૬ | ૧૫૯ |
| ૯૦ | ૩૦-૦૯-૧૯૬૩ | ગાથા-૯૬ | ૧૭૩ |
| ૯૧ | ૦૧-૧૦-૧૯૬૩ | ગાથા-૯૬, ૯૯ | ૧૮૬ |
| ૯૨ | ૦૨-૧૦-૧૯૬૩ | ગાથા-૯૯ | ૧૯૯ |
| ૯૩ | ૦૩-૧૦-૧૯૬૩ | ગાથા-૯૯ | ૨૧૨ |
| ૯૪ | ૦૫-૧૦-૧૯૬૩ | ગાથા-૯૯ | ૨૨૫ |
| ૯૫ | ૦૬-૧૦-૧૯૬૩ | ગાથા-૯૯ | ૨૪૦ |

# પ્રવચનસાર દોહન

## (ભાગ-૩)

**શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્યદેવ પ્રણીત શ્રી પ્રવચનસાર**
**પરમાગમ ઉપર અધ્યાત્મયુગપ્રવર્તક પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના**
**ઈ.સ. ૧૯૬૨-૬૩ની સાલના શબ્દશઃ પ્રવચનો)**

**ભાદરવા સુદ-૧૨, શનિવાર, તા. ૩૧-૮-૧૯૬૩**
**ગાથા-૧૯૨, પ્રવચન-૭૩**

પ્રવચનસાર, જ્ઞેય અધિકાર.

પ્રવચનસાર, જ્ઞેય અધિકાર, ૧૯૨ ગાથા. '**હવે, ધ્રુવપણાને લીધે શુદ્ધ આત્મા જ ઉપાદેય કરવાયોગ્ય છે એમ ઉપદેશે છે :--**' આ આત્મા ધ્રુવપણાને લીધે શુદ્ધ છે અને શુદ્ધનો જ અનુભવ કરવાયોગ્ય છે. એ ટીકામાં વિશેષ કહે છે.

'**શુદ્ધ આત્મા સત્ અને અહેતુક હોવાને લીધે અનાદિ-અનંત અને સ્વતઃસિદ્ધ છે...**' જ્ઞાયકસ્વરૂપ શુદ્ધાત્મા છે તો એનું કોઈ કારણ નથી. અનાદિ-અનંત સ્વતઃસિદ્ધ વસ્તુ છે. તેથી શુદ્ધ આત્મા જ ધ્રુવ છે. એ શુદ્ધ ત્રિકાળી સ્વભાવ જ ધ્રુવ છે. એ શુદ્ધાત્મા અનાદિ-અનંત ધ્રુવ છે, પછી પર્યાય લેશે. અનાદિ-અનંત એકરૂપ ધ્રુવ એ જ શુદ્ધ છે, એ જ અનુભવ કરવાલાયક છે. બીજા કોઈ અધ્રુવ રાગ-દ્વેષ, નિમિત્તાદિ અનુભવ કરવાલાયક નથી, એ બધી અધ્રુવ ચીજ છે. સમજાણું કાંઈ? બીજું કાંઈ ધ્રુવ નથી. આત્મા અનાદિ-અનંત ચૈતન્યપ્રકાશસ્વરૂપ... પછી આગળ લેશે, જ્ઞેયના નિમિત્તે જ્ઞાનની પર્યાય પણ અભિન્ન હોય છે એને પણ શુદ્ધ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? વસ્તુ.. જમુભાઈ! આ પૂછતા હતા એના પ્રશ્નનો ઉત્તર આવ્યો. શું કરવું હવે આમાં?

એક સમયમાં ભગવાન આત્મા અનાદિ-અનંત શુદ્ધ ધ્રુવ, એ શુદ્ધ હોવાને લીધે '**શુદ્ધ આત્મા જ ધ્રુવ છે,...**' તેને અહીંયા શુદ્ધ કહે છે. બીજું કંઈપણ, આત્મા નિજ અવલંબન, ધ્રુવ સિવાય કોઈ અવલંબન કરવાલાયક છે જ નહિ. '**શુદ્ધ આત્મા એટલા માટે છે કે તેને પરદ્રવ્યથી વિભાગ...**' પરદ્રવ્યથી ભિન્ન છે. '**સ્વધર્મથી અવિભાગ...**' છે. પોતાના આનંદાદિ ગુણોથી આત્મા અવિભાગ,

અવિભાગ નામ ભિન્ન નથી. **'એકપણું છે.'** તેથી એકપણું છે. સમજાણું કાંઈ? **'આત્મા એટલા માટે શુદ્ધ છે કે તેને પરદ્રવ્યથી વિભાગ...'** જુઓ, પરદ્રવ્ય છે ખરા. અનંત પરદ્રવ્ય છે, અનંત આત્મા છે, અનંત પરમાણુ છે, અનંત કર્મ રજકણ છે. બધી અનાદિ વસ્તુ છે.

મુમુક્ષુ :-- એનો કરનાર ભગવાન જ છેને?

ઉત્તર :-- કરનાર-ફરનાર કોણ હતો? કરનાર ભગવાન પોતે અનાદિ-અનંત વસ્તુ છે સ્વયંસિદ્ધ. કરનાર-ફરનાર કોઈ હોય એ વસ્તુ હોઈ શકે નહિ. સર્વજ્ઞ ક્યાંથી થયા? એક સમયમાં ત્રિકાળ જ્ઞાન થાય છે પરમેશ્વરને એમ કહો, સર્વજ્ઞ કહો, તો સર્વજ્ઞ કહો તો ભૂતકાળ, વર્તમાન અને ભવિષ્ય બધાને જાણનાર રહ્યા. કોઈ ભૂતકાળને કરનાર અને વર્તમાન ને ભવિષ્યને જાણનાર (હોય) તો ત્રિકાળી સર્વજ્ઞ પરમાત્મા સિદ્ધ થયા નહિ. શું કહ્યું? સમજાણું કાંઈ? શેઠ! થોડી ઝીણી વાત છે. સર્વજ્ઞ પ્રભુ આત્માને કહો, સર્વજ્ઞ પરમેશ્વર, સર્વજ્ઞ. તો સર્વજ્ઞમાં સર્વ વસ્તુને જાણનાર છે. ભૂતકાળ, વર્તમાન અને ભવિષ્ય ત્રિકાળ ચીજ છે, છે ત્રિકાળ તો એમાં પહેલા નહોતી અને બનાવી એવું સર્વજ્ઞપદમાં રહેતું નથી.

મુમુક્ષુ :-- જાણનાર છે.

ઉત્તર :-- જાણનાર ત્રિકાળ (છે) તો વસ્તુ તો રહી. કરનાર નથી. સમજાણું કાંઈ? મોટી ગરબડ છે હોં! જૈનમાં પણ સમજતા નહોતા. કોઈ કર્તા છે, કર્તા છે, ઈશ્વર કર્તા છે ને એણે બનાવ્યું ને એના ભક્તને પણ ધર્મી માને છે. બધામાં મોટી ગડબડ, મોટી ગડબડ છે. સમજાણું કાંઈ? પહેલા તો જો કોઈ વસ્તુનો કરનાર હોય તો વસ્તુને ભૂતકાળમાં જાણનાર તો રહ્યો નહિ. તો કોઈ પરમાત્મા સર્વજ્ઞ છે, ત્રિકાળજ્ઞાની છે એ વાત તો સિદ્ધ થતી નથી.

મુમુક્ષુ :-- પહેલી શરૂઆત ઇ તો ખબર પડે કે નહિ?

ઉત્તર :-- શરૂઆત ક્યાંથી થાય? લ્યો. આ પ્રશ્ન આવ્યો હતોને, ત્રિકમગઢ. શરૂઆત ક્યાં છે? છે. કહ્યુંને? જુઓને, છે, અનંત પદાર્થ છે. છે એની શરૂઆત ક્યાં? ન હોય એની શરૂઆત ક્યાં? મહા સત્ પદાર્થ, અહીંયા કહે છે, એવા સત્ અનંત આત્મા, એનાથી અનંતગુણા પરમાણુઓ અનંત ત્રિકાળ.. ત્રિકાળ.. ત્રિકાળ છે. કોઈ રચનાર, બનાવનાર દ્રવ્ય-ગુણનો નથી તો એની પર્યાયને રચવાવાળો પણ બીજો કોઈ નથી. સમજાણું કાંઈ? જૈનના નામે મોટી ગડબડ ચાલે છે. કંઈ ખબર નથી. ભાન ન મળે. આવો કર્તા છે. એક તો કર્તા હોવો જોઈએને. કોનો કર્તા? એની દ્રવ્યશક્તિ (અને) ગુણશક્તિ છે એ પર્યાયને કરનાર એ દ્રવ્ય-ગુણ છે. એની પર્યાયને કરવાવાળો છે, પણ એની પર્યાય દ્રવ્ય-ગુણને કોઈ કરનાર છે એમ ત્રણકાળમાં હોઈ શકે નહિ. તો છે, ઇ છે તો એનો કરનાર કોણ? એ ચીજ ક્યાંથી આવી? સમજાણું કાંઈ? એક પરમાત્મા છે એમ કહો તો એ ક્યાંથી આવ્યા? એ કર્યા વિના ક્યાંથી આવ્યા? ત્યારે કહે કે છે. તો બધી ચીજ એવી છે.

મુમુક્ષુ :-- ...

ઉત્તર :-- ... કોણે બનાવ્યું તો એને બનાવે? ઘણી વાત થઈ હતી અમારે તો, ત્યાં પાલેજમાં.

ઘણા વર્ષ પહેલા ત્યાં ચર્ચા થઈ હતી. નાનુભાઈની, શું? ધર્મશાળા કોની છે? નહિ? નવનીતભાઈ! ઓલી ધર્મશાળા નહિ ઓલી કોરની? નાનુ કંદોઈની ઓલી કોરની ધર્મશાળા નાનાભાઈની. ત્યાં ચર્ચા થઈ હતી એક મોટી. એક કબીરનો સાધુ આવેલો અને એક મોટો વેદાંતનો સાધુ, .. સાધુ બે આવ્યા હતા. મોટી ચર્ચા થઈ હતી. તમને તો ક્યાં ભાન પણ ક્યાં? તમે તો એમ ને એમ મજૂરી કર્યા જ કરો. કુંવરજીભાઈ! એક વાત થઈ હતી, ઘણા વર્ષની વાત છે.

(સંવત) ૧૯૬૨-૬૩-૬૪ની વાત છે. મોટી ચર્ચા થઈ હતી. ઓલો કહે કે કર્તા (છે). ઓલો કહે કે કર્તા હોય તો એણે ક્યાં ઊભા રહીને બનાવ્યું? બતાવો. એવો પ્રશ્ન થયો હતો. કબીરે પૂછ્યું, કર્તા હોય તો ક્યાં ઊભા રહીને એણે બનાવ્યું? જ્યાં ઊભા હતા એ ક્ષેત્ર સિદ્ધ થઈ ગયું, એ આત્મા સિદ્ધ થઈ ગયો. અનાદિ સિદ્ધ ગયું ક્ષેત્ર અને વસ્તુ. એ ચીજ અનાદિ-અનંત છે, ચીજ ક્યાં નવી છે? સમજાણું કાંઈ? કુંવરજીભાઈ! તમને ખબર નથી ત્યાં. તમને પણ ક્યાં ખબર હતી? અમે ત્યાં ગયા હતા તે વખતે ચર્ચા થઈ હતી. છેને? આની કોર ઓલો ડેલો, નહિ? ધર્મશાળા નાનુભાઈની. ત્યાં થઈ હતી મોટી ચર્ચા. અમે બધા ગયા. અમારી સામું નજર કરીને બેઠા. જૈનો છેને આ? અમે પ્રશ્ન કરીએ છીએ કે ઈશ્વર ઊભા હોય તો કોઈ જગ્યાએ ઊભા હશે કે નહિ? અને સામગ્રી ક્યાંથી લાવ્યા? એ પ્રશ્ન ઉઠાવ્યો હોં! સામગ્રી ક્યાંથી લાવ્યા? ઊભા હતા ક્યાં? અને એ ક્ષેત્ર શું? અને ચીજ પોતે શું? સામગ્રી શું? ક્યાંથી લાવ્યા? અને ક્યાંથી બનાવી? અનાદિ-અનંત બધી વસ્તુ છે, છે અને છે. અનંત આત્મા સ્વયંસિદ્ધ, અનંત પરમાણુ સ્વયંસિદ્ધ (છે).

તો અહીં કહે છે કે ભગવાન પોતાનો આત્મા પોતાના શુદ્ધત્વ, ધ્રુવત્વને લીધે શુદ્ધ છે. જુઓ! **'શુદ્ધ આત્મા જ ધ્રુવ છે,...'** **'આત્મા શુદ્ધ એટલા માટે છે...'** જુઓ, શુદ્ધ આત્મા જ ધ્રુવ કહ્યો, હવે (કહે છે), શુદ્ધ કેવી રીતે છે? **'તેને પરદ્રવ્યથી વિભાગ...'** ત્રિકાળ, ત્રિકાળ પરદ્રવ્યથી ભગવાન ભિન્ન છે આત્મા **'અને સ્વધર્મથી અવિભાગ...'** પોતાના જ્ઞાન, દર્શન, આનંદ એવા ગુણથી અવિભાગ (અર્થાત્) તે ભિન્ન નથી. નિર્ણય કરવાની દરકાર નહિ, આમાં સત્ શું છે? અને એમ ને એમ ધર્મ થઈ જશે. ક્યાં, ધૂળમાં ધર્મ છે બહારમાં? વસ્તુ જેવી છે એવો નિર્ણય કરવાની તો તાકાત નથી.

મુમુક્ષુ :-- અત્યાર સુધી ધર્મ થતો હતો, આપે અટકાવ્યું.

ઉત્તર :-- અટકાવ્યું, લ્યો ઠીક! અત્યાર સુધી સમજ્યા વિના ધર્મ થતો હતો, હવે અટકાવ્યું કે એમ ધર્મ ન થાય. નવરંગભાઈ! સૌ બિચારા માનતા હતા કે અમે કાંઈક ધર્મ કરીએ, અમે કાંઈક ધર્મ કરીએ. એમાં કહે કે આમ ન હોય. હવે સાંભળ! ધર્મ ક્યાં ધૂળમાં હતા?

પ્રભુ સચ્ચિદાનંદ પ્રભુ આત્મા એક સમયમાં પોતાના અનંતગુણથી અભિન્ન છે ત્રિકાળ અને પરદ્રવ્યથી ભિન્ન છે ત્રિકાળ. તેથી **'એકપણું છે.'** જુઓ, તેથી **'એકપણું છે.'** અને આત્મા શુદ્ધ એટલા માટે છે કે એકપણું છે માટે. શુદ્ધ કેમ છે? કે એકપણાને લીધે. અને એ જ શુદ્ધ આત્મા ધ્રુવ છે એમ લેવું છે. સમજાણું કાંઈ? આત્મા શુદ્ધાત્મા જ ધ્રુવ છે, અન્ય (વસ્તુ) ધ્રુવ નથી. એક વાત.

અને શુદ્ધ એટલા માટે છે કે પરદ્રવ્યથી ભિન્ન (છે) અને પોતાના ગુણોથી અભિન્ન હોવાને લીધે એકપણું છે. તે એકપણું આત્માને પાંચ પ્રકારે છે. શુદ્ધ એકપણાને લીધે છે અને એ જ શુદ્ધાત્મા ધ્રુવ છે અને એ જ ધ્રુવ આત્મા પોતાનો અનુભવ કરવાલાયક છે. ઓહો..હો..!

**'(૧) જ્ઞાનાત્મકપણાને લીધે,...'** પહેલા આ લીધું. ભગવાન જ્ઞાનસ્વરૂપ હોવાને લીધે તે એક છે. પોતાનું જ્ઞાનસ્વરૂપ છે માટે તે એક છે અને એક હોવાને લીધે શુદ્ધ છે અને શુદ્ધ છે તે જ ધ્રુવ છે. સમજાણું કાંઈ? આત્મા શુદ્ધાત્મા જ ધ્રુવ છે અને એ આત્મા શુદ્ધ એટલા માટે છે કે એકપણાને લીધે. એકપણું એટલા માટે છે કે પોતાના જ્ઞાનસ્વરૂપથી અભિન્ન છે (અને) પરથી ભિન્ન છે. એવા એકપણાને લીધે તે શુદ્ધ છે અને શુદ્ધ છે તે ધ્રુવ છે, ધ્રુવ છે તે પોતાને અનુભવ કરવાલાયક વસ્તુ છે. કેટલું યાદ રાખવું આમાં? રતનલાલજી! કેટલું યાદ રાખવું આમાં? ત્યાં કેટલી (વાત) યાદ રહે છે? યાદ રહે છે કે નહિ? ત્યાં પણ ક્યાં રહે છે? એમ કહે છે. છોકરાઓ, નોકરો યાદ રહે છે, છોકરાઓ બધું કરે છે કે નહિ?

અહીંયા આત્મા એક સેકંડના અસંખ્યભાગમાં શુદ્ધ શુદ્ધ છે તે ધ્રુવ અને ધ્રુવ શુદ્ધ કેમ છે? કે એકપણાને લીધે. એકપણું કેમ છે? કે જ્ઞાનાત્મકપણાને લીધે એકત્વ છે. અંદર ખુલાસો કરશે. **'(૨) દર્શનભૂતપણાને લીધે,...'** દર્શનભૂતસ્વરૂપ ભગવાન આત્મા છે તેથી એકપણું છે. એકપણું છે તેથી શુદ્ધ છે, શુદ્ધ છે તે ધ્રુવ છે.

મુમુક્ષુ :-- દર્શન..

ઉત્તર :-- દર્શનસ્વરૂપ દૃષ્ટા, દૃષ્ટા. પહેલું જ્ઞાતા, આ દૃષ્ટા.

મુમુક્ષુ :-- ...

ઉત્તર :-- ત્રિકાળ, ત્રિકાળ. અહીં સમકિત ન લેવું. અહીં દર્શનઉપયોગ ત્રિકાળ છેને? જ્ઞાતા-દૃષ્ટા. દર્શનભૂત એટલે દેખવાભૂત તત્ત્વ, દેખવાવાળો ત્રિકાળ છે. પોતાનો સ્વભાવ દેખવાવાળો ત્રિકાળ છે. પછી ભાગ પાડશે ટીકામાં. અહીંયા પહેલા અસ્તિથી વાત ચાલે છે.

**'(૩) અતીન્દ્રિય મહાપદાર્થપણાને લીધે,...'** જુઓ, કેવો છે પ્રભુ આત્મા? અતીન્દ્રિય મહાપદાર્થ, મહાપદાર્થ! ઓહો..હો..! એક એક જ્ઞાનની પર્યાયમાં ત્રિકાળ જાણવાની તાકાત, એક શ્રદ્ધાની પર્યાયમાં ત્રિકાળની પ્રતીતિ કરવાની તાકાત, એક એક ચારિત્રની પર્યાયમાં ત્રિકાળ જેવી ચીજ છે એમાં સ્થિર રહેવાની તાકાત, વીર્યની એક સમયમાં ત્રિકાળ સ્વરૂપની પર્યાયમાં રચના કરવાની તાકાત! એવો ભગવાન અતીન્દ્રિય મહાપદાર્થ. આ પોતાના આત્માની વાત ચાલે છે. એને તો મહાન થઈ ગયા બહાર લક્ષ્મી અને દાગીના. દાગીના કહે છેને? ઝેવર. પાંચ હજાર, દસ હજારનો કોઈ દાગીનો આવે તો આખું કુટુંબ ભેગું થઈને જોવા આવો. ઓહો..! મોટું લઈ આવ્યા, હોં! મુંબઈથી.

મુમુક્ષુ :-- મહાપદાર્થ!

ઉત્તર :-- હા, મહાન પદાર્થ છે, ધૂળ પદાર્થ છે. શેઠ! મુંબઈથી જો સોનીની દુકાનમાંથી લાવ્યો

હોય, પાંચ હજારનો એક દાગીનો. સોનાના ચગદા, ચગદા સમજ્યાને? સોનાના આવેને ચગતા અને એમાં એક એક મણિના રતન ટાંક્યા હોય અને દસ હજારનો એક હાર. બધા ભેગા થઈને જોવા આવે. ઓહો..હો..! ભારે ભાઈ લઈ આવ્યા. ઓણ આપણે પાંચ લાખ પેદા કર્યા તો દસ હજારનો દાગીનો (લઈ લ્યો). કન્યા છે આપણા ઘરે, ચાર છોકરાની ચારે વહુને દસ-દસ હજારનો એક એક આપો. બધા ભેગા થાય, હોં! એ મહાન પદાર્થ નહિ. ધૂળમાં પણ મહાન પદાર્થ નથી. અધ્રુવ છે, ભુક્કો થઈને પરમાણુ છૂટા પડી જશે અને મરી જઈશ (ત્યારે) હાય.. હાય.. (થશે). અતીન્દ્રિય ભગવાન આત્મા મહાપદાર્થ. એ તો નહિ, પણ પુણ્ય-પાપના વિકલ્પ તારા માટે મહાન પદાર્થ નહિ. સમજાણું કાંઈ? આહા..હા..!

**'(૩) અતીન્દ્રિય મહા પદાર્થપણાને લીધે,...'** એકત્વ છે અને એકત્વને કારણે શુદ્ધ છે અને શુદ્ધત્વને કારણે ધ્રુવ છે. એ જ ધ્રુવ અનુભવ કરવાલાયક છે. સમજાણું કાંઈ?

**'(૪) અચળપણાને લીધે...'** સમજાણું કાંઈ? આગળ ખુલાસો કરશે હજી હોં! અચળ છે અચળ. બધાનો ખુલાસો કરશે. જુઓ, પરની પર્યાયને ગ્રહણ કરવાનો અભાવ છે. પરની પર્યાયના ગ્રહણ-ત્યાગનો અભાવ છે માટે અચળ છે. પરદ્રવ્યની કોઈપણ પર્યાય-અવસ્થાને ગ્રહણ કરવી કે છોડવી એ એનામાં છે જ નહિ. પર--રાગ, દયા, દાન કે પર કોઈપણ શરીર, વાણી, મન એ બધાની પર્યાયને ગ્રહણ કરવી અને છોડવી એનો એમાં અભાવ છે. અચળ છે. જ્ઞાતા-દૃષ્ટાપણે અનાદિ-અનંત એકરૂપ ભગવાન આત્મા છે. એવા અચળપણાને લીધે એકત્વ છે, એકત્વને લીધે શુદ્ધ છે, શુદ્ધને લીધે શુદ્ધ જ એક પોતાનો આત્મા ધ્રુવ છે.

**'(૫) નિરાલંબપણાને લીધે છે.'** નિરાલંબ પદાર્થ છે. જ્ઞેય અનંત છે તેને કારણે એમાં જ્ઞાન થાય છે એમ નથી. નિરાલંબન વસ્તુ ભગવાન નિરાલંબી વસ્તુ છે. સમજાણું કાંઈ? ખુલાસો કરશે. આ તો પાંચ (બોલ) અસ્તિથી કહ્યા.

**'ત્યાં, (૧-૨)...'** (અર્થાત્) જ્ઞાનાત્મક અને દર્શનભૂતપણું. બે બોલ લીધાને, બે. એ એક અને બે એકસાથે (લ્યે છે). જુઓ, જ્ઞાનને જ પોતામાં ધારણ કરીને રાખે છે. કેવો છે ભગવાન આત્મા? જે જ્ઞાન પ્રજ્ઞાસ્વભાવને જ પોતામાં ધારણ કરી રાખે છે. એ પરદ્રવ્યને ધારણ કરતો નથી ત્રણકાળ, ત્રણલોકમાં. સમજાણું કાંઈ? પોતાને-જ્ઞાનને જ પોતામાં પોતાના આત્મસ્વભાવમાં જ્ઞાનસ્વભાવ જ ધારણ કરી રાખે છે.

**'અને જે પોતે દર્શનભૂત છે...'** જે પોતે દર્શનભૂત છે **'એવા આત્માને અતન્મય...'** પહેલામાં જ્ઞાન ધારણ કરી રાખે છે અને સ્વયં દર્શનભૂત છે. દર્શનસ્વરૂપ જ છે, એમ. પહેલામાં (જ્ઞાનને) ધારણ કરી રાખ્યું છે (એમ કહ્યું, બીજામાં) દર્શનસ્વરૂપ જ છે. દર્શન એનાથી ભિન્ન નથી. **'એવા આત્માને અતન્મય...'** અર્થાત્ જેમાં આ જ્ઞાન અને દર્શન નથી. નિજ જ્ઞાન અને દર્શન છે એનાથી આત્મા તન્મય છે અને જેમાં પોતાના આ જ્ઞાન અને દર્શન પરમાં નથી એવા જ્ઞાન-દર્શનરહિત પરદ્રવ્યથી ભિન્નપણું છે. સમજાણું કાંઈ? આ નિજ જ્ઞાન-દર્શનને ધારણ કરી રાખ્યા છે. એ

આત્મા, પર જ્ઞાન-દર્શન જે બીજા આત્માના છે એ બીજા આત્મામાં આ જ્ઞાન અને દર્શન અતન્મય છે. સમજાય છે કે નહિ? આ જ્ઞાન અને દર્શનરૂપ આત્મા છે એવા જ્ઞાન-દર્શનથી (બીજા આત્મા) અતન્મય (છે). અનંત બીજા આત્મા પણ આ જ્ઞાન-દર્શનથી ભિન્ન અતન્મય (છે). સિદ્ધનો આત્મા પણ આ જ્ઞાન-દર્શનથી અતન્મય છે. અતન્મય નામ ભિન્ન. આ જ્ઞાન-દર્શનથી આત્મા તન્મય--અભિન્ન અને આ જ્ઞાન-દર્શનથી ભગવાન સિદ્ધનો આત્મા, નિગોદના આત્મા અનંત છે તે આ જ્ઞાન-દર્શનથી અતન્મય છે, એકમેક નથી. આ જ્ઞાન-દર્શનથી પર આત્મા એકમેક નથી. એના જ્ઞાન-દર્શનથી ભલે તન્મય હો.

મુમુક્ષુ :-- ક્યા ભાવથી?

ઉત્તર :-- શું કહે છે? આ જાણવું-દેખવું ભાવ છે કે નહિ?

મુમુક્ષુ :-- પોતાના જ્ઞાન-દર્શનથી તો એ તન્મય છે..

ઉત્તર :-- ... સમજાણું કાંઈ? આહા..હા..!

**'એવા આત્માને...'** એમ કહ્યુંને? જુઓને, શું કહ્યું? એવો આત્મા કેવો? કે જ્ઞાનને પોતામાં ધારણ કરી રાખ્યું છે અને સ્વયં દર્શનભૂત છે. **'એવા આત્માને અતન્મય...'** જ્ઞાન-દર્શનરહિત. કોણ? પરદ્રવ્ય. જે આત્મા સિવાય પરદ્રવ્ય છે, આ જ્ઞાન-દર્શન પોતાના ધારણ કરી (રાખીને) દર્શનભૂત છે તેનાથી પરદ્રવ્ય અતન્મય છે. એની સાથે એકરૂપ નથી. તદ્દન ભિન્ન છે. સિદ્ધ હો, નિગોદ હો, પરમાણુ હો કે છએ દ્રવ્ય (હો). એક આત્મા સિવાય બીજા છએ દ્રવ્ય પોતાના જ્ઞાન-દર્શનથી અતન્મય નામ ભિન્ન છે. પરદ્રવ્ય તેની સાથે તન્મય નથી.

મુમુક્ષુ :-- તન્મયનો અર્થ?

ઉત્તર :-- તન્-મય, તન્-રૂપ, તે-સ્વરૂપ. જુઓ, કહે છેને, આ જ્ઞાન-દર્શનસ્વરૂપ બધા વ્યાપક આત્મા તન્મય છે. મૂઢ છે, આવું ક્યાંથી લાવ્યો? જેવા જ્ઞાન-દર્શન મેં ધારી રાખ્યા છે એવા બીજા બધા એક જ છે, બધા એક જ છે. એમ ત્રણકાળમાં નથી. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :-- સર્વવ્યાપકરૂપ છે.

ઉત્તર :-- વ્યાપક-બ્યાપક ત્રણકાળમાં નથી. જાણનારો આત્મા બધાને જાણે-દેખે છે ઇ અપેક્ષાથી વ્યાપક છે. વ્યાપક (એટલે) એકમેક થઈ જાય છે (એમ નથી). માટે તો ખુલાસો (કરે છે). આ જ્ઞાન-દર્શનથી આત્મા વ્યાપક, અભિન્ન, એકત્વ, કારણશુદ્ધ, કારણધ્રુવને લીધે અનુભવ કરવાલાયક છે. પણ આ જ્ઞાન-દર્શનથી બધા આત્માઓ એકરૂપ નથી, તન્મય નથી, તે-રૂપે નથી. આ જ્ઞાન-દર્શનથી આત્મા તે-રૂપ છે, એમ જ્ઞાન-દર્શન(રૂપ) બીજા બધા આત્મા આ જ્ઞાન-દર્શનથી તે-રૂપ નથી. ચંદુભાઈ!

આ ગાથા તો બહુ સારી છે. આહા..હા..! તદ્દન ભેદ, તદ્દન ભેદ. ભેદ કોનામાં થાય? એક હોય એમાં ભેદ થાય? બીજી વસ્તુ છે. એનાથી ભિન્નત્વ છે, પોતાના જ્ઞાન-દર્શનથી તન્મય કહો, અભિન્ન કહો, એકત્વ કહો. મૂળ ચીજને સમજવા માટે પ્રયત્ન જગતને ન મળે એટલે બહારથી

જાણે આમ થઈ ગયા ને આમ થઈ ગયા, જાઓ! મહારાજ સાચા, દેવ-ગુરુ-શાસ્ત્ર સાચા, કેવળી ભગવાન સાચા. હે ભગવાન! તમે જિનેશ્વર પ્રભુ આપ સાચા છો. '...' ભગવાને કહ્યું. પણ તારે ક્યાં ભાન વિના સાચું આવ્યું? ભગવાન તો ભગવાનમાં રહ્યા. તારા જ્ઞાન-દર્શન ભગવાન સાથે એકમેક નથી. નિજ જ્ઞાન-દર્શન ધારી રાખ્યો છે નિજસ્વભાવ, તે સ્વભાવથી સિદ્ધ ભગવાન, દેવ-ગુરુ-શાસ્ત્ર આ જ્ઞાન-દર્શનથી એકમેક નથી, તદ્રૂપ નથી, તે ભાવરૂપ નથી, તે સ્વભાવરૂપ નથી.

મુમુક્ષુ :-- આમાં ક્યાંય અનેકાંત આવ્યું નહિ.

ઉત્તર :-- આવ્યુંને અનેકાંત, તારો સ્વભાવ તારાથી છે અને એનો સ્વભાવ એનાથી છે, તારાથી એ નથી એનું નામ અનેકાંત છે. તારા સ્વભાવથી તું છે, એના સ્વભાવથી તું નથી, તારા સ્વભાવથી એ નથી. અનેકાંત થઈ ગયું. આહા..હા..! ભારે વસ્તુ, ભાઈ! અનેકાંતને વળી લોકો ફુદડીવાદ કરીને બધું એક કરી નાખે છે, એક કરી નાખે છે. એક આત્મા, બસ. બધું એક જ છેને, બધા ધર્મની કથની એક જ છેને, અંતે તો બધાનો સરવાળો એક છે કે નહિ? હવે આંકડામાં મીંડા કરે છે અને સરવાળામાં આંક ક્યાંથી આવ્યો? એમ પહેલેથી વસ્તુ જ ખોટી જેની દૃષ્ટિમાં છે... એક-એક આત્મા પોતાના જ્ઞાન-દર્શનથી અભિન્ન છે અને એ પોતાના જ્ઞાન-દર્શનથી પર અનંત આત્મા કદી પોતામાં એકરૂપ થયા નથી અને એના જ્ઞાન-દર્શનથી તે ભિન્ન થયા નથી. સમજાણું કાંઈ? ઓહો..હો..! અભિન્ન અને પરથી (ભિન્ન). પર અનંત આત્માઓ, અનંત પરમાણુઓ પોતાના જ્ઞાન-દર્શનથી કદી એકરૂપ થયા નથી, થશે નથી અને થતા નથી. બધાના જ્ઞાન-દર્શન પોતાથી ભિન્ન છે. કોઈના જ્ઞાન-દર્શન એક થઈ જાય (એમ નથી). કોઈ સિદ્ધ થાય, પરમાત્મા મુક્ત થાય તો કોઈના જ્ઞાન-દર્શન એક થઈ જાય (એમ) ત્રણકાળ, ત્રણલોકમાં નથી. સમજાણું કાંઈ? સિદ્ધમાં તો એકમેક થઈ જાય છેને? પૂર્ણ શુદ્ધમાં પછી ક્યાં ભિન્ન રહ્યા? શોભાલાલજી! પરથી એકમેક થઈ જાય છેને શુદ્ધ થઈને? પણ માણસ સંપ કરે છે કે નહિ? સંપ કરીને એક થઈ જાય છે કે નહિ પાંચ ભાઈઓ? (એમ) શુદ્ધ થયા પછી ત્યાં એક થઈ જાય કે નહિ? સત્તા ભિન્ન છે. ના પાડે છે હવે. ભિન્ન સત્તા ત્રિકાળ છે, ત્રિકાળ ભિન્ન છે.

પોતાનું જ્ઞાન... અનાદિ-અનંત કહ્યુંને પહેલા? અનાદિ-અનંત સ્વતઃસિદ્ધ કારણશુદ્ધાત્મા એ ધ્રુવ અને એકત્વને કારણે શુદ્ધ અને એકત્વના કારણમાં આ પાંચ બોલ કે પોતાનો જ્ઞાન-દર્શનસ્વભાવ એનાથી ભગવાન આત્મા એકરૂપ છે. પોતાનો જ્ઞાન-દર્શનસ્વભાવ એનાથી અનંત આત્મા તદ્દન તન્મય, એકરૂપ કદી થયા નથી. પોતાના જ્ઞાન-દર્શનથી પરઆત્મા કદી એકરૂપ અનાદિ-અનંતમાં થયા નથી. સમજાણું કાંઈ? પદાર્થ શું ચીજ છે? પદાર્થ કેવો છે? એનો પણ ખ્યાલ કરે નહિ તો એની મહાન શ્રદ્ધા ક્યાંથી પ્રગટ થાય? અને શ્રદ્ધા વિના સ્વરૂપમાં લીનતા-ચારિત્ર પણ ક્યાંથી થાય? મરી જાય, બહારની ક્રિયાકાંડ વ્યવહાર કરી કરીને સૂકાઈ જાય. આ બ્રહ્મચર્ય પાળ્યા ને દયાઓ પાળી ને વ્રત પાળ્યા, દાન દીધા. દીધા, પાપ દીધું સાંભળને તારા આત્માને! કપુરચંદજી! સમજાણું કે નહિ?

**'અતન્મય પરદ્રવ્યથી...'** જુઓને, ભાષા કેવી લીધી છે! **'એવા આત્માને અતન્મય પરદ્રવ્યથી...'** એમ. (પરદ્રવ્યથી) **'વિભાગ છે...'** ભગવાન આત્મા ત્રિકાળ પરથી ભિન્ન છે **'અને સ્વધર્મથી અવિભાગ છે...'** લ્યો. પોતાના જ્ઞાન-દર્શન આદિ જે ધર્મ-સ્વભાવ છે તેનાથી એ આત્મા એકમેક છે, અભિન્ન છે, એકરૂપ છે, તન્મય છે, તે-રૂપ છે. સમજ્યા? **'તેથી તેને એકપણું છે;...'** જુઓ, આ કારણે તેને એકત્વ છે. એટલે આમાં એકત્વ મૂકવામાં કારણ છે. કોઈ કહે કે એકત્વ એટલે બધું એક થઈ જાય છે માટે એક એ શુદ્ધ અને શુદ્ધ એ ધ્રુવ. શુદ્ધમાં પછી શું? અરે..! સાંભળ તો ખરો! એક ક્યાં? ધૂળમાં પર એક છે? એક બસ, એક થવું, એક થવું. એક કહેતો હતો, (સંવત) ૧૯૯૯માં ... ધ્રાંગધ્રાનો. વ્યાખ્યાન સાંભળવા આવે. દૃષ્ટિ એક.. એક.. એક.. એક.. એક.. એક આત્મા. કીધું, એક એક નહિ. છેલ્લે બોલે સાંભળીને. વેદાંત દૃષ્ટિ હતીને. ... બધાને કહેવું તો એક જ છેને. અરે..! સાંભળ તો ખરો. બધાને એક કહેવું એમ છે જ નહિ ત્રણકાળમાં. મહેન્દ્રભાઈ! સમજાણું કાંઈ?

કહે છે, પોતાનો આત્મા પોતાથી સ્વ-જ્ઞાનધર્મ, દર્શનધર્મ, ચારિત્રધર્મ, આનંદધર્મ વગેરે એનાથી આત્માને અભિન્નત્વ છે. તેથી તેને એકત્વ છે. આ કારણે એકત્વ છે. અને એ એકત્વ છે તે શુદ્ધ છે અને શુદ્ધ છે તે ધ્રુવ છે, ધ્રુવ છે તે આત્માનુભવ કરવાલાયક છે. સમજાણું કાંઈ?

**'(૩) વળી જે પ્રતિનિશ્ચિત સ્પર્શ-રસ-ગંધ-વર્ણરૂપ ગુણો...'** પ્રતિનિશ્ચિત છેને? **'પ્રતિનિયત. (દરેક ઇન્દ્રિય પોતપોતાના નિયત વિષયને ગ્રહે છે; જેમ કે ચક્ષુ વર્ણને ગ્રહે છે).'** વર્ણને. ચક્ષુ રંગને જાણે છે. ગ્રહે છે એનો અર્થ જાણે છે. ગ્રહણ નામ આંખ રૂપને જાણે છે, કાન શબ્દને જાણે છે, જાણે છે. જે પ્રતિનિશ્ચિત નામ નિયમ પ્રમાણે એના એક-એક જે વિષય છે તેને-વર્ણ, ગંધ, સ્પર્શને અને શબ્દરૂપ પર્યાય છે, શબ્દ ગુણ નથી, શબ્દ પર્યાય છે અને વર્ણ, ગંધ, રસ, સ્પર્શ ગુણ છે તેને ગ્રહણ કરવાવાળી (અર્થાત્) જાણવાવાળી **'અનેક ઇન્દ્રિયોને...'** અનેક ઇન્દ્રિયોને **'અતિક્રમીને,...'** પાંચ ઇન્દ્રિયથી એક-એકને જાણવું એવું એમાં છે જ નહિ. **'સર્વ સ્પર્શ-રસ-ગંધ-વર્ણરૂપ ગુણો અને શબ્દરૂપ પર્યાયને ગ્રહણ કરનારો એક સત્ મહા પદાર્થ છે...'** બધાને જાણનાર, ગ્રહણ નામ જાણવું, સર્વ પર્યાયને અને ગુણને જાણનાર, જ્ઞાન કરનાર એક સત્ મહા પદાર્થ છે, એક સત્ પોતાનો મહાન પદાર્થ છે. સમજાય છે કાંઈ? શું કહે છે?

એક-એક ઇન્દ્રિય એક-એક વિષયને જાણે અને પર્યાયને જાણે એક ઇન્દ્રિય એમ નહિ. ભગવાન આત્મા સર્વ પર્યાયને અને ગુણને એકસાથે જાણનાર એક સત્ મહાપદાર્થ, એક સત્ મહાપદાર્થ છે. **'એવા આત્માને ઇન્દ્રિયાત્મક પરદ્રવ્યથી વિભાગ છે...'** જુઓ, આ ઇન્દ્રિયોથી ભિન્ન છે. આ માટીની પાંચ ઇન્દ્રિયો છે તેનાથી ભિન્નત્વ છે **'અને સ્પર્શાદિના ગ્રહણસ્વરૂપ સ્વધર્મથી અવિભાગ છે...'** વર્ણ, ગંધ, રસ, સ્પર્શ અને શબ્દનું જ્ઞાન કરે છે. એ જ્ઞાનની પર્યાયથી અભિન્ન છે, ઇન્દ્રિયોથી ત્રિકાળ ભિન્ન છે. ઓહો..હો..! પાંચ ઇન્દ્રિયો ને એક-એક ઇન્દ્રિયમાં એક-એક વિષય જાણવાની તાકાત ને એવી પર્યાયદૃષ્ટિનું કથન પણ બીજામાં (-અન્યમતમાં) નથી. સમજાણું કાંઈ?

સર્વજ્ઞ પરમાત્મા પરમેશ્વર જૈન સિવાય આ વાત ત્રણકાળમાં ક્યાંય હોઈ શકે નહિ.

**'અવિભાગ છે...'** શું? પાંચ ઇન્દ્રિયોના વિષય અને જે શબ્દપર્યાય, એનું જ્ઞાન કરવું એ જ્ઞાન સ્વધર્મ છે, જ્ઞાન સ્વધર્મ છે. એ સ્વધર્મથી એકમેક છે. કહો, **'તેથી તેને એકપણું છે;...'** એમ કહ્યું. પાંચ ઇન્દ્રિય અને મનની પર્યાયથી ભિન્ન, એકરૂપ બધાને જાણનાર (છે) તો ઇન્દ્રિયોથી અને મનથી ભિન્ન, શબ્દપર્યાયથી પરંતુ એનું જ્ઞાન કરવામાં પોતાની પર્યાયમાં જ્ઞાન થયું એવી પર્યાયથી અભિન્ન હોવાને લીધે એકત્વ છે. એકત્વને કારણે શુદ્ધ છે, શુદ્ધ હોવાને લીધે ધ્રુવ છે અને ધ્રુવ હોવાને લીધે અનુભવ કરવાલાયક છે. સમજાણું કાંઈ? આ કારણે એકત્વ છે. જુઓને, એકત્વનો ખુલાસો કેવો કરે છે! સમજ્યા?

અહં.. **'मण्णेहं अप्पगं सुद्धं'** 'હું આવો છું, હું આવો છું'. **'णाणप्पाणं दंसणभूदं अदिंदियमहत्थं। धुवमचलमणालंबं मण्णेहं अप्पगं सुद्धं'**. **'આવા મારા આત્માને હું જાણું છું'** એમ જ્ઞાની સમજે છે. કહો, સમજાણું કાંઈ? ભારે વાત અટપટી આવી કેમ હશે? આવો ધર્મ? શેઠી! અટપટી તેં માની લીધી છે. ગડબડ કરી, વિપરીત દૃષ્ટિ કરીને માની લીધું છે, પછી એને અટપટી લાગે છે. એવી વિપરીત દૃષ્ટિ કરી નાખી છે કે એને સત્ય સમજવામાં અટપટી લાગે છે. અટપટી સમજો છો? આડીટેડી. શું બોલ ચાલે છે? સમજાણું કાંઈ? ત્રીજો બોલ ચાલ્યો. આ પાંચ બોલમાં ત્રીજો બોલ ચાલ્યો. પાંચ બોલ એકત્વને સિદ્ધ કરે છે. એકત્વને સિદ્ધ કરનાર શુદ્ધ છે. એકત્વ હોવાને લીધે શુદ્ધ છે અને શુદ્ધ છે તે ધ્રુવ છે. તેનો અંતર અનુભવ કરવો એનું નામ મોક્ષનો માર્ગ અને ધર્મ છે. સમજાણું કાંઈ?

જુઓ, આ જ્ઞેય અધિકાર. જ્ઞાનપ્રધાનથી જ્ઞેય અધિકાર. આ જ્ઞેય દર્શનપ્રધાન છે. જ્ઞાન અધિકાર પહેલી ૯૨ ગાથામાં થયો, આ જ્ઞેયમાં દર્શનપ્રધાન (કથન છે), પેલામાં જ્ઞાનપ્રધાનથી કથન હતું. પોતાનો આત્મા પોતાના જ્ઞાન-દર્શનને ધરવાવાળો અને પોતાના જ્ઞાન-દર્શનથી ભિન્ન સર્વ દ્રવ્ય તેનાથી અતન્મય એવો ભગવાન અથવા પોતાના જ્ઞાન-દર્શનમાં એ તન્મય એવા પરપદાર્થ. તેથી ભગવાન આત્મા એકત્વ છે અને પાંચ ઇન્દ્રિય અને છઠ્ઠા મનને એક સમયમાં સર્વને એક સમયમાં એકસાથે જાણનારી જ્ઞાનપર્યાયના સ્વ-ધર્મથી આત્મા એકત્વ છે અને ઇન્દ્રિયોથી પૃથક્ છે. એકત્વને લીધે શુદ્ધ છે, શુદ્ધને લીધે ધ્રુવ છે અને ધ્રુવને લીધે એ આત્મા એક જ અનુભવ કરવાલાયક છે. કહો, સમજાય છે કે નહિ? રતનલાલજી! ભારે વાત ભાઈ!

ચોથો બોલ, ચોથો બોલ છેને? અચલ. અચલ, અચલ. અચલ કેવો છે? અચલ છે તો એકત્વ છે, એકત્વ છે તો શુદ્ધ છે, શુદ્ધ છે તો ધ્રુવ છે અને ધ્રુવ છે તે અનુભવ કરવાલાયક છે. પલાખા પણ આકરા લાગે માણસને. પલાખા સમજ્યા? આંકડા.

**'(૪) વળી ક્ષણવિનાશરૂપે પ્રવર્તતા જ્ઞેયપર્યાયોને...'** જુઓ, એક તો એ સિદ્ધાંત સિદ્ધ કર્યો કે પોતા સિવાય પર જ્ઞેય પદાર્થ છે, પણ એમાં પણ ક્ષણવિનાશી પર્યાયો પ્રવર્તે છે. બધા અનંત આત્મા અને અનંત પરમાણુ ક્ષણવિનાશી પ્રવર્તમાન જ્ઞેયપર્યાયોને **'(ક્ષણે ક્ષણે નાશ પામતા**

**જણાવાયોગ્ય પર્યાયોને)...'** સિદ્ધની પર્યાય.. ઓહો..! ક્ષણે-ક્ષણે પ્રવર્તતી ભિન્ન-ભિન્ન છે. નિગોદના આત્માની પર્યાય, પરમાણુની પર્યાય, અનંત પરમાણુની એક સમયમાં અનંત પદાર્થોમાં ક્ષણવિનાશરૂપે પ્રવર્તમાન. ક્ષણે ક્ષણે થાય અને નાશ પામે, થાય અને નાશ પામે. **'(ક્ષણે ક્ષણે નાશ પામતા જણાવાયોગ્ય પર્યાયોને)...'** સમયે સમયે અનંત જ્ઞેયપદાર્થ અનંત જ્ઞેયની અસ્તિ છે તેની એક સમયની પર્યાય ક્ષણે ક્ષણે નાશ પામે છે. તેને **'ગ્રહવા-મૂકવાનો...'** તે પરપર્યાયને જાણીને ગ્રહણ કરવી અને છોડવી તેનો અભાવ છે. **'ગ્રહવા-મૂકવાનો અભાવ હોવાથી જે અચળ છે...'** પરને ગ્રહવું અને છોડવું એનો અભાવ છે. તે સંબંધીનું જ્ઞાન પોતામાં થાય છે તેવા જ્ઞાનથી (પોતે) અભિન્ન છે. શું કહ્યું? એક વાત સિદ્ધ કરવામાં કેટલી (વાત) સિદ્ધ કરે છે!

નિજ આત્મા સિવાય અનંત આત્મા અને અનંત પરમાણુ, અસંખ્ય કાળાણુ, એક ધર્માસ્તિ, એક અધર્માસ્તિ, આકાશ એની પ્રતિક્ષણ જે વિનાશરૂપ પર્યાય છે તેને ગ્રહવી અને તેને છોડવી એ આત્મામાં નથી. પર અનંત પર્યાયને ગ્રહવી અને છોડવી એવું આત્મામાં નથી. તેથી અચળ છે. તેને લીધે ભગવાન આત્મા પોતાની પર્યાયમાં દ્રવ્યસહિત અચળ છે. **'એવા આત્માને...'** એવા આત્માને **'જ્ઞેયપર્યાયોસ્વરૂપ પરદ્રવ્યથી વિભાગ છે...'** જ્ઞેયપર્યાયસ્વરૂપ પરદ્રવ્યથી ભિન્નત્વ છે. સમજાણું કાંઈ? પહેલા સમુચ્ચય પરદ્રવ્યથી ભિન્ન કહ્યું હતું, પછી ઇન્દ્રિયોના વિષય અને એની પર્યાયોથી ભિન્ન કહ્યું, હવે અહીંયા ક્ષણે ક્ષણે અનંત દ્રવ્ય ને અનંત આત્મા અને પરમાણુની પર્યાય નષ્ટ થાય છે તેનાથી આત્મા ભિન્ન છે. આહા..હા..! લાંબી વાત છે. મોટું કેવળજ્ઞાન પ્રગટવાનું છે તો લાંબી જ હોયને એમાં. આ રાત્રે પૂછે તો આવડશે કે નહિ પાછું? હોંશ તો કરે છે. આ તો સાદી વાત છે. અનંત આત્મા.. હા તો પાડે છે, ભાઈ! સવાર કરતાં સહેલી છે. સવારમાં જરી કઠણ છે. ... બીજી રીતે ત્યાં હતું, અહીં ત્રીજી રીતે કરીને વસ્તુ તો જે છે ઇ સિદ્ધ કરવી છે.

કહે છે કે તારે ધર્મ કરવો હોય, ધર્મ કરવો હોય તો કેવા આત્મામાં ધર્મ થાય છે? કેવો આત્મા દૃષ્ટિમાં લેવાથી ધર્મ થાય છે? ઇ વાત ચાલે છે. સમજાણું કાંઈ? **'(જણાવાયોગ્ય પર્યાયોને)...'** જાણવાયોગ્ય જે પરદ્રવ્યની પર્યાય છે તેના ગ્રહણ-ત્યાગનો જીવમાં અભાવ છે. એ શરીર અને ઇન્દ્રિયની પર્યાય જે ક્ષણે-ક્ષણે નષ્ટ થાય છે તે પર્યાયને આત્મા ગ્રહણ કરે અને છોડે એનો અભાવ છે. કર્મના ઉદયની પર્યાયને આત્મા ગ્રહણ કરે અને ઉદયની પર્યાય આવી એને ગ્રહણ કરીને છોડી દે એવું આત્મામાં છે જ નહિ. ઓહો..હો..! કર્મની પર્યાય તો ગ્રહણ કરે છે કે નહિ? ઉદય ... તે વિના ક્યાંથી થશે? અરે..! સાંભળ તો ખરો! ઉદય પણ રાગ છે એ પણ પરની પર્યાયથી નથી થયો, પણ રાગને પણ અહીંયા ગ્રહણ કર્યો નથી. રાગના જ્ઞાનની પર્યાય સાથે આત્મા અભિન્ન છે. રાગથી પણ આત્મા ભિન્ન છે. આહા..હા..! સમજાણું કાંઈ? આ ગાથા તો ત્યાં (સંવત) ૨૦૦૫ની સાલમાં આઠ દિવસ ચાલી હતી. ત્યારે તો પહેલું નવું-નવું હતુંને. ૨૦૦૫ની સાલ. ... કરે છે હોં! સમજાણું કાંઈ? ત્યારે તો પહેલુંવહેલું હતુંને? પાછું નવા માણસ હોય સુધરેલા અને કેટલાક એવા મગજવાળા (હોય). મગનભાઈ દફ્તરી હતાને તે દિ' તો, આ ચાલતું હતું ત્યાં આવ્યા.

અલિંગગ્રહણની વાત ચાલી હતી, વીસ બોલ આવ્યો હતો. આ વાત વેદાંતમાં કહે છે ... અચ્છા, શું સાંભળ્યું અત્યાર સુધી તેં? કાલે સવારે આવશે, કીધું. ઓલો બોલ આવે છેને, ... પાખંડીએ એક જ આત્મા માન્યો છે. વીસ બોલ છે, ૧૭૨ ગાથામાં છે. ૧૭૨ ચાલી હતી. ૧૭૨ (ગાથા) ૨૮ દિવસ (ચાલી હતી). આત્મા લોકવ્યાપક ત્રણકાળમાં થતો નથી. અલિંગગ્રહણ છે. આ રીતે આત્મા પાખંડીઓને પ્રસિદ્ધ-અજ્ઞાનીઓને પ્રસિદ્ધ આત્મા વ્યાપક છે. ભગવાન કહે છે, પાખંડીઓને એ પ્રસિદ્ધ છે. વસ્તુમાં એમ પ્રસિદ્ધ નથી. ભારે કઠણ. એક વ્યાપક થઈ જાય છે, બસ. અનંતમાં ભળી જાય, પછી શું? અનંતમાં ભળી જાય. અનંત છેને, દેહ છૂટી ગયો તો અનંતમાં ભળી ગયો. મૂઢ છે, પાખંડ છે, એમ કહે છે. પાખંડ શબ્દ વાપર્યો છે, જુઓ. પુસ્તકમાં નીકળ્યું ભાઈ? શોભાલાલજી! નીચે છે નીચે. પંદરમો આંક છેને? પંદરમો. લોકમાં વ્યાપે એવો આત્મા ત્રણકાળ, ત્રણલોકમાં નથી. સમજાણું કાંઈ? ઇ બોલ ચાલ્યો હતો બરાબર. સવારે આવ્યા, ઇ બોલ આવવાનો હતો અને મગનભાઈ આવ્યા બહુ બુદ્ધિના ચકોર માનતા હતા.

મુમુક્ષુ :--

ઉત્તર :-- હા, ... ગવર્નરને શું ભાન હતું? ચીથરે વીંટ્યું રતન તમારા ગામમાં છે એમ કીધું. ઇ ગવર્નરને ભાન કે દિ' હતું ન્યાં હવે? ગવર્નર તો ઠીક. ... ઓહો..હો..! તમારા મોરબીમાં ચીંથરે વીંટ્યું રતન છે. બધું સાંભળ્યું હતું ખબર છે. એ બધા નપુંસક થઈ જશે. એકેન્દ્રિય. ત્રસની સ્થિતિ પૂરી થઈને આત્માની યથાર્થ (સ્વરૂપથી) વિરુદ્ધ વાતની શ્રદ્ધા-જ્ઞાન કરે છે એ બધા એકેન્દ્રિયમાં જાશે એમ ભગવાન ફરમાવે છે. શોભાલાલજી! નિગોદમાં જશે. ભારે વાત ભાઈ! અહીં બધા ... આહા..હા..! પચ્ચીસ-પચ્ચીસ હજારનો પગાર, ત્રીસ હજારનો પગાર માસિક હોય. આમ ને તેમ. હવે ક્યાં ... તારો પગાર ધૂળ. આત્મા એક સમયમાં મહાન પદાર્થ અતીન્દ્રિય સત્ મહા (છે). જુઓને, એ જ વાત ચાલે છે. આવા મહાન પદાર્થને ખંડ ખંડ કરીને જગતમાં વ્યાપક માનનારા, એક માને છે એવું એકત્વ નથી. તેથી તો આ બોલ લીધો છે. રતનલાલજી! સમજાણું કાંઈ?

**'અને તન્નિમિત્તક...'** જુઓ, પર અનંત આત્મા અને અનંત પરમાણુમાં ક્ષણે ક્ષણે વિનષ્ટ થવાવાળી પર્યાયને ગ્રહણ કરવી અને છોડવી એવું આત્મામાં. નથી અને છે શું? **'તન્નિમિત્તક જ્ઞાનસ્વરૂપ સ્વધર્મથી અવિભાગ છે...'** જે પર્યાય જડ-ચેતનની સમય સમયે થઈને નષ્ટ થાય છે એ સંબંધી જ્ઞાન આત્મા કરે છે, પોતામાં. તન્નિમિત્તક છેને? જુઓ, **'જ્ઞેય પર્યાયો જેમનું નિમિત્ત છે એવું જે જ્ઞાન...'** નીચે નોટ છે. **'તે-સ્વરૂપ સ્વધર્મથી (જ્ઞાનસ્વરૂપ નિજ ધર્મથી) આત્માને અભિન્નપણું છે.'** પોતાની જ્ઞાનપર્યાય તે બધાને જાણનારી છે. બધાને જાણનારી જ્ઞાનપર્યાયથી આત્મા એકત્વ છે, અભિન્નત્ત્વ છે, પરથી ભિન્ન છે. **'તેથી તેને એકપણું છે;...'** જુઓ, અનંત આત્મા અને અનંત પરમાણુ, અનંત સિદ્ધો અને અનંત નિગોદ એની ક્ષણે ક્ષણે નષ્ટ થતી પર્યાયના ગ્રહણ-ત્યાગનો અભાવ અને તે સંબંધી પોતામાં જ્ઞાન થયું કે આવી પર્યાય સમયે-સમયે પરદ્રવ્યમાં નષ્ટ થાય છે, એવું પોતામાં જ્ઞાન થયું તે નિમિત્ત જ્ઞેય અને પોતાની પર્યાય નૈમિત્તિક પોતામાં થઈ

એવી જ્ઞાનપર્યાયથી આત્મા એક છે. તેથી એકપણું છે, આ કારણે શુદ્ધ છે, આ કારણે ધ્રુવ છે તે અનુભવ કરવાલાયક છે.

બહુ ગાથા સ્પષ્ટ કરે છેને, એક-એક વાત.. આ તો એક-એક ગાથામાં ઘણી ગૂઢતા (ભરી છે)! સમયસાર, પ્રવચનસાર.. ઓહો..હો..હો..! આ ભરતક્ષેત્રમાં આવી ચીજ..! એક-એક ગાથા! એક-એક ગાથામાં અલૌકિક વાત! ભિન્ન-ભિન્ન.. ભિન્ન-ભિન્ન.. ભિન્ન-ભિન્ન.. બધી વાત એક-એક ગાથામાં. નિયમસાર, પંચાસ્તિકાય,... સમજાણું કાંઈ? વિચાર નહિ, મેળવણી નહિ, સમજવાની દરકાર નહિ અને આ પણ સાચું અને ઓલું પણ સાચું. શેઠી! પણ એમાં વિશાળતા છેને! શેઠ! બધા સાચા, એમાં વિશાળતા થઈ કે નહિ? વિશાળતા નથી થતી, અજ્ઞાનપણું થાય છે. અજ્ઞાનમાં વિશાળતા થાય છે. આ પણ સાચો અને આ પણ સાચો, તમે પણ સાચા અને અમે પણ સાચા અને ભગવાન પણ સાચા અને બીજા પણ સાચા. અજ્ઞાનની વિસ્તાર દશા થાય છે.

જૈન પરમેશ્વર ત્રિલોકનાથ ફરમાવે છે એવી ચીજ ત્રિકાળ એવી છે. આવી ચીજને સમજે નહિ અને સંપ્રદાયમાં માની લે કે અમે આત્મા માન્યો છે. ભગવાને કહ્યો એ આત્મા. પણ આત્મા આવો માન્યા વિના એની દૃષ્ટિ પરથી ખસે નહિ અને પોતામાં અભિન્ન થતી નથી.

મુમુક્ષુ :-- કર્તા...

ઉત્તર :-- હા, અંદરમાં હું કરું, હું કરું, હું કરું (રહી જાય છે). કોનું કરે? એનું જ્ઞાન કરનારો તું છો. કોઈ પરની પર્યાયને બનાવવી કે રચવી કે છોડવું એ તારામાં ત્રિકાળમાં નથી. સમજાણું કાંઈ? શું કહ્યું?

**'અચળ છે એવા આત્માને જ્ઞેયપર્યાયોસ્વરૂપ પરદ્રવ્યથી વિભાગ છે...'** પર જ્ઞેયપર્યાય, હોં! જાણવાલાયક પદાર્થની પર્યાયથી ભગવાન આત્મા ભિન્ન છે **'અને તન્નિમિત્તક...'** એ નિમિત્ત અને જ્ઞાનની પર્યાય પોતામાં પોતાને કારણે થઈ. એ નૈમિત્તિક **'જ્ઞાનસ્વરૂપ સ્વધર્મ...'** પોતાનું જ્ઞાનસ્વરૂપ, પોતાની પર્યાયનો સ્વધર્મ પોતે ધારી રાખ્યો છે. એવા સ્વધર્મથી ભગવાન આત્મા એકમેક છે, અભિન્ન છે **'તેથી તેને એકપણું છે;...'** ઓહો..હો..! ટીકા! અમૃતચંદ્રાચાર્ય ૯૦૦ વર્ષ પહેલા હજી તો થયા. ગણધર જેવું કામ (કર્યું છે). તીર્થંકર જેવું કામ કુંદકુંદાચાર્યે પંચમકાળમાં કર્યું. જરી ઊંડા ઊતરીને વિચારે અને મનન કરે તો એને ખબર પડે. એમ ને એમ ઉપરટપકે ચાલ્યા જાય, આમ છે ને આમ છે ને આમ છે. **'તેથી તેને એકપણું છે;...'** ચાર બોલ થયા.

**'(૫) વળી નિત્યરૂપે પ્રવર્તતા (શાશ્વત એવાં) જ્ઞેયદ્રવ્યોના...'** જુઓ હવે, સામાન્ય સર્વ પર. પહેલા એમાં પર્યાય લીધી. હવે સર્વ પદાર્થ નિત્યસ્વરૂપે વર્તે છે. અનંત આત્માઓ, અનંત પરમાણુઓ સર્વ **'નિત્યરૂપે પ્રવર્તતાં (શાશ્વત એવાં) જ્ઞેયદ્રવ્યોના આલંબનનો અભાવ...'** ત્રિકાળ શાશ્વત જે દ્રવ્ય છે, ત્રિકાળ શાશ્વત. અનંત આત્મા, અનંત પરમાણુના આલંબનનો અભાવ આત્મામાં છે. એ પરદ્રવ્યના આલંબનનો અભાવ! સિદ્ધ ભગવાનનો આલંબનનો પણ પોતાની પર્યાયમાં અભાવ છે. આલંબન તો જોઈએને, થોડું આલંબન તો જોઈએને. આધાર જ નથી તારા

આત્માને પરનો. સમજાણું કાંઈ? સાક્ષાત્ ત્રિલોકનાથ પરમાત્મા સમવસરણમાં બિરાજે છે એ આ આત્મા માટે પરદ્રવ્ય છે. એ પરદ્રવ્યના આલંબનનો આત્મામાં અભાવ છે. ભગવાનનો આત્મા ભિન્ન છે, તારો આત્મા ભિન્ન છે. તારા આત્મામાં શું એમનું આલંબન છે? કે એમના આલંબનથી તું ટકી રહ્યો છો? એના આલંબનથી તારો આત્મા છે? બિલકુલ નહિ. સમજાણું કાંઈ?

**'નિત્યરૂપે પ્રવર્તતાં...'** જુઓ, શાશ્વત રહેવાવાળા પદાર્થ. કોઈ અનંત આત્મા, અનંત પરમાણુમાં એક પરમાણુ, એક દ્રવ્યનો કોઈ દિ' નાશ થાય એમ ત્રણકાળમાં બનતું નથી. અનાદિ એવો ને એવો શાશ્વત રહેવાવાળો. અનંત આત્મા, અનંત પરમાણુ, અસંખ્ય કાળાણુ, એક ધર્માસ્તિ, એક અધર્માસ્તિ, એક આકાશ એવા છ (દ્રવ્ય) નિત્યરૂપે (પ્રવર્તતા) **'જ્ઞેયદ્રવ્યોના આલંબનનો અભાવ હોવાથી જે નિરાલંબ છે...'** એના આલંબનનો અભાવ હોવાથી મારું આલંબન છે. સમજાણું કાંઈ? **'એવા આત્માને...' 'નિરાલંબ છે એવા આત્માને જ્ઞેય પરદ્રવ્યોથી વિભાગ છે...'** અનંત જ્ઞેય--સિદ્ધ, નિગોદ, પરમાણુ પુદ્‌ગલ, શરીર, કર્મ બધા અનંત જ્ઞેય જાણવાલાયક પરપદાર્થોથી આત્મા ત્રિકાળ ભિન્ન છે. સમજાણું કાંઈ? હવે આ થોડું-થોડું આલંબન છે કે નહિ? દીકરા-દીકરીનું થોડું આલંબન ... અનુકૂળ હોય તો ધર્મ થઈ શકે.

મુમુક્ષુ :-- શરીર સારું હોય તો ધર્મ થાય.

ઉત્તર :-- શરીર સારું હોય..

મુમુક્ષુ :-- ઇન્દ્રિય સારી હોય..

ઉત્તર :-- ઇન્દ્રિય સારી હોય તો સંભળાય ને આ થાય. અરે..! સાંભળ તો ખરો. એ તો પહેલામાં ગયું (કે) ઇન્દ્રિયોથી ભિન્ન છે. એ સંબંધીનું તારામાં તારું જ્ઞાન થાય એનાથી તું અભિન્ન છો, એક છો. સમજાણું કાંઈ?

**'એવા આત્માને જ્ઞેય પરદ્રવ્યોથી વિભાગ છે...'** પરદ્રવ્ય તો અનંત સિદ્ધ હો, નિગોદ હો, એકેન્દ્રિય હો, પરમાણુ હો, સ્કંધ હો, શરીર હો, કર્મ હો--બધાથી તારો આત્મા ત્રિકાળ ભિન્ન છે. **'તન્નિમિત્તક જ્ઞાનસ્વરૂપ...'** અનંત પરપદાર્થ છે એનું તેં તારામાં જ્ઞાન કર્યું એ જ્ઞાનની પર્યાયમાં છ દ્રવ્ય નિમિત્ત છે. જ્ઞાન તેં કર્યું, જ્ઞાનની પર્યાય થઈ એમાં છ દ્રવ્ય નિમિત્ત છે. એ તન્નિમિત્તક. તે સંબંધી પોતાની નૈમિત્તિક જ્ઞાનની પોતામાં થયેલી પર્યાય **'જ્ઞાનસ્વરૂપ સ્વધર્મથી અવિભાગ છે...'** ભગવાન જ્ઞાનસ્વરૂપ પોતાની પર્યાયમાં એવો પોતાનો સ્વધર્મ, પોતાની પર્યાયથી અવિભાગ છે **'તેથી તેને એકપણું છે.'** તેથી એકપણું છે.

મુમુક્ષુ :-- પાંચ બોલ..

ઉત્તર :-- એ પાંચ બોલ તો સાધારણ સામાન્ય લીધા હતા. હવે અહીં અસ્તિ-નાસ્તિથી વિસ્તાર કર્યો. અસ્તિ-નાસ્તિથી વિસ્તાર કર્યો. એ સંબંધી પદાર્થથી તું ભિન્ન, પણ પદાર્થના જ્ઞાનની પર્યાય તારામાં તારે કારણે થાય છે એવી પર્યાયથી અભિન્ન. આ રીતે તું એકત્વ છો. બીજું એકત્વ તારામાં નથી. આવા એકત્વને લીધે શુદ્ધ છે. (કોઈ એમ કહે કે) અરે..! અનંત જાણવું, અનંત જાણવું

એ તો બધી અશુદ્ધતા થઈ ગઈ. અહીં થોડું જાણવામાં એને... આટલું બધું જાણવાનો પર્યાયધર્મ? અનંતને (જાણે)? અરે..! એ તો અશુદ્ધતા થઈ ગઈ. હવે સાંભળ તો ખરો. એ તો જ્ઞાનનું સામર્થ્ય છે. આવા એકત્વને જ શુદ્ધ કહે છે. અનંત જ્ઞેયપદાર્થની પર્યાયને જાણનારી પર્યાય પોતાની છે. અનંત દ્રવ્ય નાશવાન નથી થતા. એને (જાણનારી) જ્ઞાનપર્યાય પોતામાં પોતાને કારણે છે. તેનાથી આત્મા એકપણે છે માટે આત્મા શુદ્ધ છે. અનંતને જાણનારી પર્યાય થઈ તો આત્મા અશુદ્ધ છે એમ નથી. આહા..હા..!

મુમુક્ષુ :-- પોતાની જ્ઞાનપર્યાય..

ઉત્તર :-- પોતાની જ્ઞાનની પર્યાય પોતાથી છે, પોતે જાણે છે પોતાની પર્યાયથી માટે એકત્વ છે અને એકત્વને લીધે તે શુદ્ધ જ છે. અનંતને પોતાની પર્યાયમાં પોતાની પર્યાયથી પોતામાં જાણ્યું તેને લીધે શુદ્ધ જ છે. એમાં અશુદ્ધતા આવી નથી. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :-- ..

ઉત્તર :-- ઇ તો મારા-તારા માને અને રાગ-દ્વેષ કરે તો એ તો અજ્ઞાનદશાની અશુદ્ધતા થઈ, પણ પરને જાણવાની પર્યાય પોતામાં થઈ તે પર્યાય અશુદ્ધ નથી. એ તો એકત્વપણું બતાવે છે. પોતાની પરથી ભિન્નતારૂપ એકપણું. પોતાની જ્ઞાનની પર્યાય સાથે અભિન્નતા તે એકપણું. પોતાનું એકપણું છે તે શુદ્ધતાને પ્રસિદ્ધ કરે છે. સમજાણું કાંઈ?

આ શું બોલ ચાલ્યા? કે આત્મા શુદ્ધ એટલા માટે છે કે એકપણાને લીધે તે શુદ્ધ છે. અને એકપણું શેનાથી લીધું? આ પાંચ બોલથી એકપણું લીધું. તેથી ભગવાન આત્મા શુદ્ધ છે, આવા એકપણાને લીધે. પરને ભેળવવા એનાથી શુદ્ધ છે અને પરને જાણવું થયું માટે અશુદ્ધ થઈ ગયો એમ નથી. આવો શુદ્ધ આત્મા પરથી ભિન્ન અને પોતાની જ્ઞાનાદિની પર્યાયથી અભિન્નપણાને લીધે તેને ધ્રુવપણું છે. તેનો અનુભવ કરવો તેનું નામ ધર્મ અને મોક્ષમાર્ગ છે.

(શ્રોતા - પ્રમાણ વચન ગુરુદેવ!)

## ભાદરવા સુદ-૧૩, રવિવાર, તા. ૧-૯-૧૯૬૩
## ગાથા-૧૯૨, ૧૯૩, પ્રવચન-૭૪

જ્ઞેયતત્ત્વ (પ્રજ્ઞાપન). ક્યાં સુધી આવ્યું છે, ખબર છે? ક્યાં સુધી આવ્યું છે ઇ ખબર છે? ગાથા ચાલે છેને? છેલ્લો પેરેગ્રાફ બાકી છે. જુઓ, શું કહ્યું? આ આત્મા છે આત્મા એ વસ્તુ સત્ અને અહેતુક છે. કોઈ કારણે છે એવી વસ્તુ નથી. સત્ છે અને અહેતુક છે. તેથી તે અનાદિ-અનંત સ્વતઃસિદ્ધ છે અને તેથી આત્માનું શુદ્ધત્વ જ ધ્રુવ છે. શુદ્ધત્વ જ ધ્રુવ છે અને એકપણાને લીધે શુદ્ધત્વ છે. એકત્વના પાંચ કારણ લીધા. નિજજ્ઞાન-દર્શનથી સંપન્ન છે અને પરથી ભિન્ન તેથી એકપણું છે, એકપણાને લીધે શુદ્ધત્વ છે, તે જ શુદ્ધત્વ ધ્રુવત્વ છે અને તે જ ધ્રુવત્વ અનુભવ કરવાલાયક છે. સમજાણું કાંઈ જરી?

પછી, જ્ઞાનસ્વરૂપ-દર્શનરૂપ અતીન્દ્રિય મહા પદાર્થ લીધું. ઇન્દ્રિયોથી, વિષય એનો મન, શબ્દાદિ પર્યાયથી ભિન્ન છે. એવો આત્મા પરથી ભિન્ન અને પોતાના ગુણ-પર્યાયથી અભિન્ન હોવાને લીધે તે અચળ છે, અતીન્દ્રિય મહાપદાર્થ છે. અતીન્દ્રિય મહાપદાર્થ હોવાને લીધે એકપણું છે અને એકપણાને લીધે શુદ્ધપણું છે. ચોથું કારણ, ક્ષણે-ક્ષણે સર્વ પદાર્થની અવસ્થા નાશ થાય છે એનો ગ્રહણ-ત્યાગ આત્મામાં નથી.

આત્મા સિવાય અન્ય પદાર્થમાં પ્રતિક્ષણ પર્યાય ઉલટ-પુલટ થાય છે તો પરની પર્યાયનો આત્મામાં ગ્રહણ-ત્યાગનો અભાવ હોવાને લીધે અચળ છે, પણ પરની પર્યાયના નિમિત્તે પોતાની પર્યાયમાં જ્ઞાનપર્યાય થઈ એ જ્ઞાનપર્યાયથી અભિન્ન છે. તેથી એકપણું છે. એકપણું હોવાને લીધે શુદ્ધપણું છે અને શુદ્ધપણું હોવાને લીધે તે ધ્રુવ એક છે. પાંચમો નિરાલંબનનો બોલ લીધો. નિજાત્મા સિવાય અનંત પરપદાર્થ શાશ્વત રહેવાવાળા છે. એ શાશ્વત રહેવાવાળા પદાર્થનું પોતાના આત્મામાં આલંબન નથી. નિરાલંબ આત્મા છે. એ પરપદાર્થ નિમિત્ત છે અને પોતાની પર્યાયમાં જે પરપદાર્થ નિમિત્તથી નૈમિત્તિક પોતાની પર્યાય પોતાને કારણે ઉત્પન્ન થઈ જ્ઞાનની, એ જ્ઞાનપર્યાયથી અભિન્ન છે, પરદ્રવ્યથી ભિન્ન છે. તેથી એકપણું છે, એકપણાને લીધે શુદ્ધ છે, એ શુદ્ધ જ આત્માને એક ધ્રુવ છે. કાલે એક કલાક આવ્યું હતું. શેઠ! આવ્યું હતું કે નહિ?

મુમુક્ષુ :-- હા જી, પણ તૃપ્તિ નથી થતી.

ઉત્તર :-- તૃપ્તિ નથી થતી તો તમારે કેટલું ખાવું છે?

જુઓ, **'આ રીતે આત્મા શુદ્ધ છે...'** એ પાંચ બોલ કહ્યા એ રીતે આત્મા શુદ્ધ છે. આ પ્રકારે. સમજાણું કાંઈ? જ્ઞાનરૂપ આત્મા છે, દર્શનરૂપ છે. દર્શનભૂત કહ્યું, દર્શનસ્વરૂપ છે. અતીન્દ્રિય મહાપદાર્થ છે અને પોતાના સ્વરૂપમાં પરની પર્યાયના ગ્રહણ-ત્યાગ નથી તેથી અચળ છે અને પરદ્રવ્યનું આલંબન નથી તો પોતાની પર્યાયમાં પોતાની પર્યાયથી અભિન્ન છે, પરથી ભિન્ન છે. આ અપેક્ષાથી આત્મા શુદ્ધ છે. આ પ્રકારે આત્મા શુદ્ધ છે. સમજાણું કાંઈ? રાત્રે એક બોલ પૂછ્યો હતોને? કોને પૂછ્યું હતું? નેમચંદભાઈને? શેઠને પૂછવું હતું, પણ કીધું શેઠને રહેવા દો. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા, ચિદાનંદમૂર્તિ પ્રભુ આત્મા પરનું જ્ઞાન પોતાની પર્યાયમાં પોતાના અવલંબનથી સ્વત:સિદ્ધ કરવાવાળો છે. પર સાથે બીજો કોઈ સંબંધ નથી. વિષયોથી, પરદ્રવ્યથી પોતાનું જે શુદ્ધપણું ત્રિકાળ વસ્તુની સાથે પોતાની પર્યાય પણ સાથે પ્રગટ થાય છે તે જ તેનું શુદ્ધપણું છે અને તે જ તેનું ધ્રુવપણું છે, તે જ અંતરમાં અનુભવ કરવાલાયક ચીજ છે. કહો, સમજાણું કાંઈ?

**'આ રીતે આત્મા શુદ્ધ છે કારણ કે ચિન્માત્ર શુદ્ધનય માત્ર તેટલા જ નિરૂપણસ્વરૂપ છે...'** ભગવાન આત્મા ચિન્ ચિન્ એટલે જ્ઞાન.. જ્ઞાન.. જ્ઞાન.. જ્ઞાનજ્યોત એકલો પ્રકાશમૂર્તિ સૂર્ય ચૈતન્ય એમ શુદ્ધનય, શુદ્ધનય અથવા જે જ્ઞાનનો અંશ જે પૂર્ણ ત્રિકાળ જ્ઞાયકની સાથે પોતાની નિર્મળ

પર્યાયને પણ અભિન્ન કરીને દેખાડે છે એવો **'શુદ્ધનય માત્ર તેટલા જ નિરૂપણસ્વરૂપ છે...'** અર્થાત્ ચૈતન્યમાત્ર શુદ્ધનય આત્માને માત્ર શુદ્ધ જ નિરૂપણ કરે છે. સમજાણું કાંઈ? એકલો જાણન-દેખનસ્વભાવ. દ્રવ્ય, ગુણ અને નિર્મળ પર્યાયવાળો એવો ચૈતન્યમાત્ર જે આત્મા તે જ શુદ્ધનયનો માત્ર વિષય છે અથવા શુદ્ધનયમાં એ જ કહેવામાં આવ્યો છે.

**'અને આ એક જ (શુદ્ધ આત્મા એક જ) ધ્રુવપણાને લીધે...'** તે જ પોતાનો પોતામાં ધ્રુવપણું-નિશ્ચળપણાને લીધે **'ઉપલબ્ધ કરવાયોગ્ય છે.'** એમાં અનુભવ કરીને પ્રાપ્તિ કરવાયોગ્ય છે. બીજી કોઈ ચીજ, રાગ-દ્વેષ, પુણ્ય-પાપ, શરીરાદિ અંતરમાં પ્રાપ્ત કરવાલાયક નથી. કેમકે બધી ચીજ અધ્રુવ અને અસ્થિર છે. સમજાય છે કાંઈ? દૃષ્ટાંત આપે છે. આ શુદ્ધાત્મા જ ધ્રુવત્વ--ધ્રુવપણાને લીધે અંતર ત્રિકાળ.. ત્રિકાળ શુદ્ધ પોતાની જ્ઞાનાદિ પર્યાય સહિત નિર્મળ એવો આત્મા જ પોતાએ અવલંબન કરવાલાયક છે. **'(રસ્તે ચાલતા) મુસાફરના અંગ સાથે...'** શું કહે છે? મુસાફર હોય, કોઈ રસ્તા ઉપર ચાલ્યો જતો હોય અને એમાં **'આવતી માર્ગનાં વૃક્ષોની અનેક છાયા...'** રસ્તામાં **'વૃક્ષોની અનેક છાયા સમાન જે અધ્રુવ (-બીજા જે અધ્રુવ પદાર્થો) તેમનાથી શું પ્રયોજન છે?'** જેમ રસ્તો, રસ્તો સમજ્યાને? જેમ રસ્તા ઉપર એક માણસ ચાલ્યો જતો હોય. એમાં અનેક વૃક્ષોની છાયા નાની-મોટી, કાળી આદિ દેખાય છે તેનાથી તેને શું પ્રયોજન છે? એ તો ચાલ્યો જાય છે પોતાના રસ્તે.

એમ ભગવાન આત્મા પોતાનો ધ્રુવ શુદ્ધ ચૈતન્યપ્રભુ એના અવલંબનમાં જાય છે. વચ્ચે કોઈ રાગાદિ, પુણ્ય આદિ, શરીરાદિ, વાણી આદિ, દેવ-ગુરુ નિમિત્ત આદિ મળે તો એને એ છાયાનું શું પ્રયોજન છે? સમજાણું કાંઈ?

મુમુક્ષુ :-- છાયાથી ઠંડક મળે છે.

ઉત્તર :-- ધૂળમાં પણ મળતી નથી. છાયા તો પર છે.

મુમુક્ષુ :-- ..

ઉત્તર :-- કામ-બામ છે જ નહિ. જગતમાં કામ જ નથી. કામ શું છે? શરીરાદિ છે તો પરવસ્તુ, ગામ પણ પરવસ્તુ. પોતાનો ચૈતન્યદીવો પોતાના સ્વરૂપનું અવલંબન કરીને ચાલ્યો જાય છે એમાં પરવસ્તુનો આશ્રય-ફાશ્રય-આધાર નથી. એનું નામ પોતાના સ્વરૂપનો આશ્રય નામ ધર્મ છે, બીજો કોઈ ધર્મ નથી. સમજાણું કાંઈ? શું કહે છે? જુઓ,

**'(રસ્તે ચાલતા) મુસાફરના અંગ સાથે...'** શરીરના અંગો સાથે **'સંસર્ગમાં આવતી...'** અંદર પરિચયમાં આવનારી **'માર્ગનાં વૃક્ષોની અનેક છાયા...'** માર્ગમાં વૃક્ષોની અનેક છાયા સમાન **'અન્ય જે અધ્રુવ (-બીજા જે અધ્રુવ પદાર્થો) તેમનાથી શું પ્રયોજન છે?'** ભગવાન આત્મા અંદર સચ્ચિદાનંદ પ્રભુ શાશ્વત ધ્રુવ જ્ઞાનમૂર્તિ બિરાજમાન છે એનું તારે પ્રયોજન છે. બીજાની સાથે શું પ્રયોજન છે? જો તારે શાંતિ અને સ્વતંત્રતા જોઈતી હોય તો. બરાબર છે? ત્રણલોકના નાથ સમવસરણમાં બિરાજમાન હોય તોપણ તારે માટે તો એ અધ્રુવ ચીજ છે. ઓહો..હો..!

શોભાલાલજી! શું છે? ભાઈ ભાઈનો આધાર છે કે નહિ એમાં?

અહીં તો કહે છે કે પથિક માણસ જેમ રસ્તા ઉપર ચાલ્યો જાય અને વૃક્ષોની છાયા એના શરીરના અંગ સાથે સંસર્ગમાં આવે તેનાથી તેને શું પ્રયોજન છે? એને શું પ્રયોજન છે? એમ ભગવાન આત્મા સચ્ચિદાનંદ સત્ શાશ્વત જ્ઞાન-આનંદનો ભંડાર છે એમ અંતરમાં આશ્રય લઈને નિર્મળ પર્યાય અખંડ શ્રદ્ધા-જ્ઞાન-રમણતા એના સ્વભાવના આશ્રયે નિર્મળ થઈને ચાલી જાય, એમાં બીજા દ્રવ્ય કોઈપણ હોય એના સંસર્ગથી ચૈતન્યને શું પ્રયોજન છે? બરાબર છે? મોતીલાલજી! આ બધું ઊડાડી દીધું. આહા..હા..! સમેદશિખર ને શત્રુંજય ને સમવસરણ ને ભગવાન સાક્ષાત્ ત્રણલોકના નાથ, એમની વાણી, સ્ત્રી, કુટુંબ અને પરિવાર બધા તારે માટે તો અધ્રુવ શરણ-આશ્રય કરવાલાયક નથી. આહા..હા..! ભારે કઠણ જગતને! સમજાણું કાંઈ? ત્યારે આટલા-આટલા મંદિર ને આટલી-આટલી જાત્રા ક્યાં રહી? જ્યાં હતી ત્યાં રહી. શુભભાવ થાય છે, છાયા છે એના ઉપર લક્ષ જાય છે, પણ કહે છે કે એ શુભ અને પરદ્રવ્ય આશ્રય કરવાલાયક ચીજ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? અંતર પ્રભુ એક સમયમાં પરમેશ્વર ચૈતન્યબિંબ નિર્વિકલ્પ આનંદકંદ છે એમાં જે નિર્મળ પર્યાય, પરનું નિમિત્ત અને પોતાની પર્યાય નૈમિત્તિક પોતાને કારણે ઉત્પન્ન થઈ, બસ! એવો જે પોતાનો આત્મા એના સંસર્ગમાં આવનારી બીજી (ચીજો), રાગ આવે છે, જાય છે, શુભ આવે છે, જાય છે, અશુભ આવે છે, જાય છે, શરીરની પર્યાય ફેરફાર થાય છે, બહારના સંસર્ગ આવે-જાય છે એના આશ્રયથી તારે શું પ્રયોજન છે? એમ કહે છે.

મુમુક્ષુ :-- ..

ઉત્તર :-- બધાને માટે, બધાને માટે એક જ છે. બધા આત્માને પોતાનો આત્મા આશ્રય કરવાલાયક છે, બીજાનો આશ્રય કરવાલાયક નથી. બધા આત્માની વાત ચાલે છે, કોની વાત છે? બધા આત્મા. જેટલા એક-એક પ્રત્યેક આત્મા ભિન્ન-ભિન્ન છે એ પ્રત્યેક આત્માના પોતાનું શુદ્ધત્વ ધ્રુવત્વ જ એક આશ્રય કરવાલાયક છે, બીજું કંઈ આશ્રય કરવાલાયક નથી. કોઈપણ આત્માને આત્માનું પ્રયોજન પ્રાપ્ત કરવું હોય તો. બાકી તો બહારથી પ્રયોજન આમ ને તેમ એવું તો અજ્ઞાનથી અનાદિથી માને છે અને અજ્ઞાનથી અનાદિથી કરે છે. એ તો પરિભ્રમણનું કારણ છે, એ કંઈ આત્માની પ્રાપ્તિ નથી. એ તો સંસાર પરિભ્રમણની એમાં પ્રાપ્તિ થાય છે. સમજાણું કાંઈ?

કોઈપણ પરનો. અહીં તો કોઈપણ આત્માની વાત કરી છે કે નહિ? જેને આત્માની પ્રાપ્તિ કરવી હોય, પરમેશ્વર આત્માની જેને પ્રાપ્તિ કરવી હોય, મેળવવો હોય, ભેટો કરવો હોય, સાક્ષાત્ કરવો હોય... સમજાણું કાંઈ? એવો પ્રભુ ચૈતન્ય પરમેશ્વર પોતાના જ્ઞાન, આનંદથી બિરાજમાન ભગવાન પોતાનો અને સર્વનો એવો આત્મા, એવો આત્મા જેને પ્રાપ્ત કરવો હોય, ભેટો કરવો હોય, સાક્ષાત્ કરવો હોય, અનુભવ કરવો હોય તો કેવી રીતે કરવો? કે પોતાના આત્માનો આશ્રય કરીને અનુભવ કરવો. પરાશ્રયનું એને બિલકુલ પ્રયોજન નથી. સમજાય છે કે નહિ? વળી કહે કે સાંભળો. ભાઈ! એ તો સાંભળવાનો વિકલ્પ આવે છે ત્યારે સાંભળવાનું હો, પણ ખરેખર પોતાના

ધ્રુવ ચૈતન્યના આશ્રયે જે નિર્મળ પર્યાય પ્રગટ થઈ એનું કામ છે, બીજું કંઈ વચ્ચે આવે એનું આત્માને કંઈ કામ નથી. છે, એ તો જાણવાલાયક છે, ઇ વચ્ચે આવે છે, શુભરાગ આવો, અશુભરાગ હો, દેવ-ગુરુ-શાસ્ત્ર હો, એ ચાલતી છાયા, પલટતી છાયા, પલટતી છાયા (છે). મોટા રસ્તામાં હજાર ઝાડના છાયા પડે એ રસ્તે ચાલ્યો જાય એ ત્યાં પડ્યા રહે છે અને પોતે પોતાની પર્યાયથી ચાલ્યો જાય છે.

મુમુક્ષુ :-- છાયા ત્યાં જ રહી જાય છે.

ઉત્તર :-- ત્યાંની ત્યાં રહી જાય છે. રાગનો રાગ ત્યાં રહી જાય, રાગનું જ્ઞાન કરીને પોતામાં આવી ગયો. નિમિત્ત આવ્યું એ નિમિત્તનું જ્ઞાન કરીને પોતામાં આવી ગયો. એ ચીજ તો ત્યાંને ત્યાં પડી રહી. જ્ઞાન પોતાની પર્યાય લઈને ચાલ્યું જાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? ધર્મચંદજી! ભારે વાત ભાઈ! એક પરમાત્મા પોતાનો નિજ પરમેશ્વર, બધાનો નિજ પરમેશ્વર આત્મા.

જેને આત્માનો અનુભવ નામ પ્રાપ્તિ કરવી હોય, નિર્વિકલ્પ ભગવાન આત્મા અખંડાનંદ પ્રભુનો અનુભવ, સમ્યગ્દર્શન પ્રાપ્ત કરવા હોય તેણે શું કરવું? પોતાનો ધ્રુવ શુદ્ધ એક, પરથી ભિન્ન એનો આશ્રય કરીને પોતાની પર્યાયમાં એકાગ્ર થઈને ચાલ્યા જવું, પોતાની પરિણતિ નિર્મળ કરીને ચાલ્યા જવું. પર સાથે તારે શું પ્રયોજન છે? રાગ આવ્યો તોપણ જ્ઞાન થયું, નિમિત્ત આવ્યું તો જ્ઞાન થયું. જ્ઞાન થયું (એટલે) પોતાની પર્યાય પોતાથી થઈ છે, હોં! પોતાની પર્યાય ચાલ્યા જાવું પરિણમન કરીને, તારે પર સાથે શું પ્રયોજન છે? તારે પંથ કાપવો છે કે નહિ? બસ! રસ્તા ઉપર જાય છેને? રસ્તો કાપે છેને? એમ તારે મોક્ષમાર્ગની પર્યાય પ્રગટ કરવી છેને? બંધનો તો છેદ કરવો છે, તો છેદ કરવાની વાત અહીંયા ન લીધી. બંધનો અભાવ થાય એનું જ્ઞાન કરીને તું પર્યાયમાં (સ્વભાવ સાથે) અભેદ થઈને ચાલ્યો જા. સમજાણું કાંઈ? શોભાલાલજી! બહુ કઠણ, ભાઈ! શેઠ! આ સમજાય છે કે નહિ? પહેલા હજી નક્કી તો કરે એના જ્ઞાનમાં કે આ ચીજ છે અને આ રીતે પ્રાપ્ત થાય છે, બીજી રીતે થતી નથી. એવું એનું જ્ઞાન-ખ્યાલમાં યથાર્થપણે આવ્યા વિના સ્વ-પરનું પ્રયોજન સિદ્ધ કરી શકે નહિ. કહો, બરાબર છે?

મુમુક્ષુ :--

ઉત્તર :-- પણ આ સાંભળવાનું આવ્યા વિના રહેતું નથી, અને ખરેખર તો સાંભળવું અને વિકલ્પ, બેયનો આશ્રય કરવાથી આત્માની પ્રાપ્તિ થતી નથી, એમ કહે છે. ... શેઠી! આહા..હા..! કહ્યુંને, એ તો આવી ગયું કે શબ્દની પર્યાયનું પોતામાં પોતાને કારણે જ્ઞાન થાય છે. સમજાણું કાંઈ? શબ્દની પર્યાય પણ ક્ષણે-ક્ષણે પલટે છે. પહેલા, અતીન્દ્રિય પદાર્થમાં એ લઈ લીધું, પછી શબ્દાદિની પર્યાય ક્ષણે-ક્ષણે પલટે છે એમાં પોતાના જ્ઞાનમાં પર્યાયનો ગ્રહણ-ત્યાગ નથી. શબ્દની પર્યાયનો ગ્રહણ અને ત્યાગ નથી. એ શબ્દની પર્યાયનું અહીંયા જ્ઞાન પોતામાં તે કાળે પોતાને કારણે થયું તેનું તારે પ્રયોજન છે, પરથી પ્રયોજન નથી.

મુમુક્ષુ :-- શબ્દની પર્યાય સાથે પ્રયોજન નથી.

ઉત્તર :– હા. અને પરદ્રવ્ય સાથે પ્રયોજન નથી એ નિરાલંબમાં આવ્યું. આહા..હા..! કઠણ પડે.

આ પ્રવચનસાર, લ્યો. સર્વજ્ઞ ભગવાનની દિવ્યધ્વનિનો સાર. ભગવાન કુંદકુંદાચાર્ય મહાસંત મુનિ, ધર્મના સ્તંભ-થાંભલા, જેની એક-એક ગાથામાં ગહન-ગહન વિષય. એક-એક ગાથામાં ગહનથી ગહન ભર્યું છે. એટલું અધ્યાત્મ-ગૂઢ રહસ્ય એક ગાથામાં ભરી દીધું. પૂર્ણ.. પૂર્ણ.. પૂર્ણ.. જ્યાં જુઓ ત્યાં એક ગાથામાં. કહ્યું કે ભાઈ! તું છો એવો પ્રાપ્ત કરવો છે કે નહિ? તું જેવો છો એવો પ્રાપ્ત કરવો છે કે નહિ? તો તું છો કેવો? કે પરના અવલંબન વિનાનો તું છો. પરનો આશ્રય કર્યા વિનાનો તું છો, પોતાનો સ્વભાવનો આશ્રય કરવાલાયક તું છો. એમ પ્રાપ્ત કર, બીજાથી તારે શું પ્રયોજન છે? સંભળાય છે?

**'ભાવાર્થ :– આત્મા (૧) જ્ઞાનાત્મક,...'** પહેલો એકડો. જ્ઞાન-આત્મક એટલે સ્વરૂપ, જ્ઞાનસ્વરૂપ આત્મા. જ્ઞાનાત્મક છેને? જ્ઞાન-આત્મક, આત્મક એટલે સ્વરૂપ. આત્મા જ્ઞાનસ્વરૂપ ચૈતન્યપ્રકાશ. **'(૨) દર્શનરૂપ,...'** દ્રષ્ટાસ્વભાવ, દ્રષ્ટાસ્વભાવ. **'(૩) ઇન્દ્રિયો વિના સર્વને જાણનારો...'** ઇન્દ્રિયો વિના બધાને જાણનારો. ઓહો..હો..! લ્યો, શ્રવણ વિના જાણનારો. શેઠી! શું કરવું? તારી પર્યાય, તારી પર્યાય તારાથી તે સમયે નથી થતી? શું પરથી થાય છે? શબ્દથી થાય છે? શબ્દ ઉઠ્યો તો એ તરફના વિકલ્પથી પણ એ જ્ઞાનપર્યાય થાય છે? એ જ્ઞાનની પર્યાય પોતાના જ્ઞાનગુણના પરિણમનથી થાય છે. તો એ જ્ઞાનાત્મક, દર્શનરૂપ આત્મા છે એમ અવલંબન કર્યું તો પોતાની પર્યાય જ્ઞાન-દર્શનરૂપ ત્યાં પરિણમનમાં-પર્યાયમાં થઈ, એ પરને કારણે નહિ, પરના આશ્રયે નહિ, પરના અવલંબને નહિ. ભારે વાત! નિશ્ચયની સત્યની વાત લોકોને એમ જ લાગે કે આ એકાંત રે.. એકાંત (છે). કલકત્તામાં પોકાર-પોકાર બિચારા કરે, હોં! એકાંત રે.. એકાંત! ભાઈ! એકાંત બાપા! સાંભળ તો ખરો, પ્રભુ! તેં વાત સાંભળી નથી. સર્વજ્ઞ પરમાત્માનું ... શું છે તેં સાંભળ્યું નથી. એમ ને એમ જૈનમાં આવી ગયો અને ભક્તિ ને પૂજા ને વ્રત લઈ લીધા અને કર્યો ધર્મ. ધૂળમાં પણ ધર્મ નથી, અધર્મ છે. સમજાણું કાંઈ?

અહીંયા તો કહે છે કે, જે ભાવથી બંધ પડે એવો તીર્થંકરગોત્રનો શુભરાગ તેનાથી તારે શું પ્રયોજન છે? એમ કહે છે. 'દરશ વિશુદ્ધિ ભાવના ભાય, ષોડશ તીર્થંકર પદ પાય, પરમગુરુ હો...' આવે છેને? 'જય જય નાથ પરમગુરુ હો'. 'ષોડશકારણ ભાવના ભાય..' એમ આવે છેને? શું આવે છે? 'દર્શનવિશુદ્ધિ ભાવના ભાય, ષોડશ તીર્થંકર પદ પાય, પરમગુરુ હો.' અહીં તો કહે છે કે તેની સાથે શું તારે શું કામ છે? સાંભળ તો ખરો. આહા..હા..! એ વિકલ્પ-રાગ આવ્યો એ તો છાયા છે. એ છાયા અધ્રુવ છે, તારે માટે શરણ લેવાલાયક નથી. આહા..હા..! જગત ક્યાં ચાલે છે અને ચીજ ક્યાં રહી ગઈ! કેમ, હજારીમલજી! આ ચૌદશ ને તેરશની દસલક્ષણમાં તો ધમાધમ ચાલે તમારે. ઢોલક ને ફોલક અમારે અહીં બહુ વગાડે છે. શ્રીચંદજી છેને. હમણાં સાંભળતા નથી, ઓછું સાંભળીએ છીએ. ક્યાં ગયા? છેને? ઢોલક (વગાડે). એ તો ક્રિયા જડની પરની છે એ હો, પણ

એનાથી તારે શું પ્રયોજન છે? એ તરફનો વિકલ્પ ઉઠે છે એ પણ હો, પણ તારું લક્ષ તો સ્વભાવસન્મુખ હોવું જોઈએ. પરના લક્ષે તને આત્માનો લાભ થાય એમ ત્રણકાળ, ત્રણલોકમાં થતું નથી, એમ કહે છે. હો, હોવા કાળે તો પંચમહાવ્રતના વિકલ્પ નથી હોતા?

મુમુક્ષુ :-- ...

ઉત્તર :-- પણ છોડે કોણ અને મૂકે કોણ? પણ કોણ છોડે? ક્યાં ગરી ગઈ હતી આત્મામાં કે છોડે? એ ઉત્પન્ન થાય છે જ્યારે રાગ અને ક્રિયા થાય છે તે કાળે તારું શરણ આત્મા છે એમ અંતર દૃષ્ટિ કર. પરને કારણે તને શું? હોય તો છે, વ્યવહાર આવ્યા વિના રહે છે? પણ વ્યવહાર અને એ નિમિત્ત પર, એનો આશ્રય અંદરથી છોડી દે, એ છોડવાનું છે. વસ્તુ છોડવી છે? વસ્તુ તો ત્યાં રહેશે. આહા..હા..! ભારે વાત આકરી પડે માણસને. આ શું કહે છે? જુઓ!

**'આત્મા...'** જુઓ, ફરીથી આવ્યું, શેઠી! જ્ઞાનસ્વરૂપ છે, દર્શનરૂપ છે, **'ઇન્દ્રિયો વિના સર્વને જાણનારો મહા પદાર્થ,...'** છે. આ આત્મા એવો છે. એવો છે એવો પ્રાપ્ત કરવો છે કે નથી એવો પ્રાપ્ત કરવો છે? રાગમય તો આત્મા છે જ નહિ. આત્મા જ નથી, આત્મા એવો છે જ નહિ. સમજાણું કાંઈ? લોકો રાડ નાખે અંદર. પંચમહાવ્રતના પરિણામ, દયાના પરિણામ આવ્યા વિના રહે છે? શુભભાવ આવ્યા વિના રહે છે? પણ આવે ઇ તારી છાયા છે. છાયાનો સંસર્ગ જેમ પથિક નથી કરતો, એમ જ્ઞાની ધર્માત્મા પોતાના સ્વભાવના આશ્રયમાં ચાલ્યો જાય છે. રાગાદિ, પર આદિ અધ્રુવ હો એનું જ્ઞાન કરે છે, એનો આશ્રય કરતા નથી, એમ કહે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ઓલું પાપ છે એ તડકો છે અને પુણ્ય છે ઇ છાયા છે એમ કહે છે, ભાઈ! અહીં તો કહે છે કે પુણ્ય અને પાપ બેય છાયા, છાયા નામ પર છે. એ બેયમાંથી એક્કેય શરણભૂત નથી.

મુમુક્ષુ :- અષ્ટપાહુડમાં આવે છે.

ઉત્તર :- હા, એ તો અષ્ટપાહુડમાં તો બીજી વાત છે. એ તો જ્યાં સુધી સ્વરૂપમાં સ્થિરતા ન થાય તો પાપના પરિણામ છોડીને શુભભાવ આવે છે, પણ શુભભાવનો પણ આશ્રય નથી, આશ્રય નથી. એ તો બધું છાયામાં જાય છે. વિકાર પરમાં, અધ્રુવમાં જાય છે. એ આત્મા માટે શુદ્ધત્વ અને ધ્રુવત્વ નથી. આહા..હા..! ભારે વાત ભાઈ! સમજાણું કાંઈ? ભગવાન આત્મા ઇન્દ્રિયો વિના **'જ્ઞેય પરપર્યાયોને ગ્રહતો-મૂકતો નહિ હોવાથી અચળ...'** છે. જુઓ! જ્ઞેય પરવસ્તુ-શબ્દ, રંગ, ગંધ, રસ, સ્પર્શની પર્યાય એ પરપર્યાયને ગ્રહતો-મૂકતો નહિ હોવાથી. ગ્રહણ કરી છે? જ્ઞેયપર્યાયને આત્મા ગ્રહણ કરે છે? અચળ છે અને અચળ હોવાને લીધે પરથી ભિન્ન છે અને પરથી ભિન્ન હોવાને લીધે અતીન્દ્રિય મહાપદાર્થ છે. અતીન્દ્રિય મહાપદાર્થ ભગવાન! પણ એની અચિંત્ય મહિમા! અખંડાનંદ પ્રભુ એનો આશ્રય શું? અને વસ્તુ શું? અહીંયા તો આશ્રયની પર્યાયને પણ ધ્રુવત્વમાં ભેળવી લીધી (અર્થાત્) પોતાના સ્વરૂપમાં. જેટલા રાગાદિ પરપદાર્થ છે એનો આશ્રય અને અવલંનનું તારે શું કામ છે? સમજાણું કાંઈ? વાંચે તો (ખ્યાલ આવે). શું કહ્યું છે એની ખબર

નથી. વાંચવું નહિ, વિચારવું નહિ, મનન કરવું નહિ (અને) ઉપર-ઉપરથી ચાલ્યા જવું. ભગવાન સાચા. ભગવાન કહે છે ઇ તો તું માનતો નથી. શું કહે છે એની તો તને ખબર નથી અને ભગવાન કહે છે તે રસ્તા ઉપર ચાલીએ છીએ. ક્યાંથી ચાલ્યો તું? પોપટભાઈ! ભગવાન સાચા, ત્વમેવ સત્યં... હે ભગવાન! પણ ભગવાન કહે છે કે હું શું કહું છું એની તો તને ખબર પણ નથી, સાચું ક્યાંથી આવ્યું તને? ખરી વાત છે?

મુમુક્ષુ - ભગવાન કહે એ માનવું નહિ...

ઉત્તર - હા, ભગવાન કહે ઇ માને નહિ અને ગણે માળાની વાત. ભગવાન.. ભગવાન.. ભગવાન.. કહેને? મા-બાપની માળા ગણે. બાપની આજ્ઞા છે. શેની માળા ગણે છે તું? વિરોધીની માળા ગણે છે, ભગવાનની માળા નહિ.

મુમુક્ષુ - ...

ઉત્તર - કોની ભક્તિ પણ? નિજ ચૈતન્યસ્વરૂપ રાગરહિત અને પરના અવલંબન વિનાની અંતર દૃષ્ટિ કરવી એ પોતાની ભક્તિ છે. એવી ભક્તિની ઓળખાણ વિના પરની ભક્તિમાં રાગ આવે અને હો, એનો આશ્રય તો અંતર દૃષ્ટિમાં તે કાળે પણ છોડવાલાયક છે. તે કાળે પણ છોડવાલાયક છે એટલે કે પરલક્ષમાં આશ્રય કરવાલાયક નથી. આવે છે, પણ ભિન્ન વસ્તુ છે, અધ્રુવ છે, શરણભૂત નથી, શરણભૂત નથી. એ કારણીક વસ્તુ છે. જુઓ! રાગાદિ આવે છે તે પણ કારણીક છે. પછી ૧૯૩ ગાથામાં કહેશે. સમજાણું કાંઈ? લક્ષ્મી આદિ કારણીક વસ્તુ છે, અકારણીક સ્વતઃસિદ્ધ વસ્તુ નથી.. આહા..હા..!

સંયોગી ચીજ અને સંયોગી ભાવ સ્વતઃસિદ્ધ વસ્તુમાંથી આવ્યા છે એવી ચીજ નથી. એ રાગ, કર્મના નિમિત્તે થતી વસ્તુ એ તને શરણભૂત નથી, આશ્રય કરવાલાયક નથી. સમજાણું કાંઈ? બહુ ... આવો મોટો દિવસ છે તો પ્રોત્સાહન મળે એવી વાત કરવી જોઈએ એમ અમારે ભાઈ કહે છે. નહિતર આ બધા અપવાસ કરશે નહિ, આ બધા કરશે નહિ, છોડી દેશે. કોણ છોડે પણ? ક્યાં કર્યા છે? તેં કર્યું હતું શું? પહેલા કોઈ રાગની મંદતાનો ભાવ કર્યો હોય, પછી સ્વાધ્યાય કરવાનો રાગ આવ્યો તો તે પ્રકારનો રાગ આવ્યો. એમાં તેં છોડ્યું શું અને ગ્રહણ શું કર્યું? અને એ રાગ આવ્યો તોપણ કહે છે કે સ્વાધ્યાય તરફનો પણ વિકલ્પ છે એ તારે માટે ખરેખર શરણ નથી. એનું જ્ઞાન પોતાની પર્યાયમાં સ્વલક્ષે થયું તે જ તને શરણ છે અને તે જ તારે આશ્રય કરવાલાયક છે. સમજાણું કાંઈ? શિખરચંદજી! ક્યા ઈશ્વરનો આશ્રય કરવો એની વાત ચાલે છે.

**'જ્ઞેયપર્યાયોને ગ્રહતો-મૂકતો નહિ હોવાથી...'** પરપર્યાય કદી ગ્રહણ કરી નથી અને ત્યાગ કરી નથી. ગ્રહણ-ત્યાગથી રહિત ભગવાન આત્મા અચળ પ્રભુ જ્ઞાનાનંદ છે. અને **'(૫) જ્ઞેય પરદ્રવ્યોનું આલંબન નહિ લેતો હોવાથી નિરાલંબ છે;...'** પહેલી પર્યાયની વાત કરી હતી, આ દ્રવ્યની વાત છે. શાશ્વત પરપદાર્થ પોતા સિવાય અનંત છે. તારે શું કામ છે? આલંબન રહિત છે. **'તેથી તે એક છે.'** આ એકની વાત ત્યાં કરી, પાંચમાં. **'આ રીતે એક હોવાથી તે શુદ્ધ છે.'** આ

પ્રકારે શુદ્ધ છે. અને **'આવો શુદ્ધ આત્મા ધ્રુવ હોવાને લીધે તે જ એક ઉપલબ્ધ કરવાયોગ્ય છે.'** બાકી એ સિવાય બધું ઉબલબ્ધ કરવાલાયક નથી, બધું અધ્રુવમાં જાય છે. સમજાણું કાંઈ? ૧૯૨ ગાથા થઈ ગઈ, લ્યો. આ તો મોટી ગાથા છે, અલૌકિક વાત છે!

જ્ઞેય અધિકાર (છે). તારો ભગવાન આત્મા જ્ઞાન અને આનંદ આદિ સ્વભાવસંપન્ન ત્રિકાળ છે. એવી વસ્તુનું અવલંબન લે અને એમાં નિર્મળ પર્યાય થાય તેનાથી અભેદ થઈને તું ચાલ્યો જા, રાગાદિ અધ્રુવ પડ્યા રહેશે, સંયોગી ચીજ પણ પડી રહેશે, એની સાથે આવતી નથી. એ સંસર્ગમાં આવી પણ અંતરમાં એક થઈ નહિ. આવા આત્માનો આશ્રય કરીને પોતાની નિર્મળ પર્યાયનું પ્રગટ થવું તેનું નામ ધર્મ અને મોક્ષનો માર્ગ છે. બીજો કોઈ ધર્મ અને મોક્ષનો માર્ગ નથી. વીતરાગ પરમાત્માના માર્ગમાં નથી, તો અન્યમાં તો છે જ નહિ. અન્યમાં તો કોઈ ધર્મ છે જ નહિ.

**'હવે, અધ્રુવપણાને લીધે આત્મા સિવાય બીજું કાંઈ ઉપલબ્ધ કરવાયોગ્ય નથી એમ ઉપદેશે છે -'** જુઓ! આ ધ્રુવ, એ સિવાય બીજું બધું અધ્રુવ. **'અધ્રુવપણાને લીધે આત્મા સિવાય...'** જુઓ! પોતાના આત્માથી ભિન્ન બીજું કાંઈ અનુભવ કરવાલાયક નથી, પ્રાપ્ત કરવાલાયક નથી. પૈસા પ્રાપ્ત કરવા કે નહિ કરવા? શું ગ્રહણ કરે? પૈસા તો પરપર્યાય છે. પરપર્યાયનો આત્માની પર્યાયમાં ગ્રહણ-ત્યાગ નથી. કોને છોડવા? છોડો પૈસા. શું છોડે? પરના ગ્રહણ-ત્યાગ આત્મામાં નથી તો છોડવું શું? છોડી દો પૈસા, છોડી દો સ્ત્રી, છોડી દો શરીર. દ્વેષ કરો એમાં. એવી રીતે છોડીને ત્યાગ કરો કે એમાં લક્ષ ન જાય. દ્વેષ કરવો છે? મિથ્યાદૃષ્ટિ થયો. પરદ્રવ્યનું ગ્રહણ આત્મામાં છે નહિ, છોડે કોને? સમજાણું કાંઈ? એવો પોતાનો આત્મા પરદ્રવ્યની પર્યાય અને પરદ્રવ્યના ગ્રહણ-ત્યાગથી રહિત છે એવો પોતાની સત્તામાં જ્ઞાન, દર્શન, આનંદથી અતીન્દ્રિય મહાપદાર્થ ભર્યો છે અને પરપદાર્થ તે-તે સમયે જે હોય તે નિમિત્તનું પોતામાં પોતાને કારણે જ્ઞાન થાય છે. એવું પોતાનું શુદ્ધત્વ અને ધ્રુવત્વ પ્રાપ્ત કરવાલાયક છે, બીજું કાંઈ પ્રાપ્ત કરવાલાયક નથી. કહો, સમજાય છે કે નહિ? પૂરણચંદજી! ક્યાં ગયા? રતનલાલજી! શું કરે આ? આ વાત! શું કહે છે આ? સાંભળવું કે ના સાંભળવું? પૂજા કરવી કે ન કરવી? પણ કરે કે ન કરે એની વાત કહે છે કોણ? એ વચ્ચે આવે છે. શરીરની પર્યાય જે સમયે જે થવાની છે અને શુભ રાગ પણ આવે છે તો તેના તરફ લક્ષ જાય છે. પણ તે જ સમયે સ્વભાવનો આશ્રય કરવાનો છે. પરનું અવલંબન, પરનું અવલંબન-આશ્રય કરવાનો નથી, ઈ વાત કહે છે.

મુમુક્ષુ - ...

ઉત્તર - હા, જે તેની પાસે રહે, જે પર્યાય તેની પાસે રહે તેનો તને લાભ છે. જે પર્યાય રાગાદિ, નિમિતની છે તે પર્યાય તો તારી પાસે રહેતી નથી. તને લાભનું કોઈ કારણ નથી, પણ આવ્યા વિના રહેતું નથી. પણ એ પર દ્રવ્યાદિક છે તો ખરી ને વસ્તુ? સમજાણું કાંઈ? તો શું છે દ્રવ્યને કાઢી નાખવા છે? કે છ દ્રવ્ય નથી, હું એકલો છું. છ દ્રવ્ય અનંત છે, હો, તારે શું? તને શરણભૂત અને આશ્રય કરવા લાયક એ વસ્તુ ક્યાં છે?

મુમુક્ષુ - છાયા તો છે.

ઉત્તર - છાયા તો છે, તારી સાથે છાયા આવતી નથી. છાયા ત્યાં ને ત્યાં રહે છે. સમજાણું કાંઈ? હવે ૧૯૩ ગાથા.

મુમુક્ષુ - ...

ઉત્તર - ... ધ્રુવત્વને કારણે શુદ્ધ આત્મા ઉપલબ્ધ કરવા લાયક છે. **'અધ્રુવપણાને લીધે આત્મા સિવાય બીજું કાંઈ ઉપલબ્ધ કરવાયોગ્ય નથી...'** નિષેધ કરે છે. નાસ્તિથી (કહે છે). ૧૯૨ (ગાથામાં) એમ કહ્યું કે ધ્રુવત્વ લીધે આત્મા ઉપલબ્ધ કરવા યોગ્ય છે. ૧૯૩ (ગાથામાં) એમ કહે છે કે આત્મા સિવાય અન્ય અધ્રુવ છે તો ઉપલબ્ધ કરવા લાયક નથી, એમ કહે છે.

મુમુક્ષુ - ...

ઉત્તર - પણ એ છે ને, પણ માથે લખ્યું છે ને જુઓ ને. હવે એમ ઉપદેશ છે કે 'અધ્રુવપણાને લીધે...' એમ આવ્યું ને? પેલું તો ધ્રુવત્વને લીધે એમ હતું. પેલામાં ધ્રુવત્વને લીધે ઉપાદેય છે એમ લીધું હતું. આત્મા સિવાય, **'અધ્રુવપણાને લીધે આત્મા સિવાય બીજું કાંઈ ઉપલબ્ધ કરવા યોગ્ય નથી...'**

મુમુક્ષુ - ...

ઉત્તર - હા, બધું અધ્રુવ છે અને ઉપલબ્ધ કરવા યોગ્ય નથી. ધ્રુવ પોતાના સ્વભાવ છે તે ઉપલબ્ધ કરવા યોગ્ય છે. લાયક છે. અહિંયા નાસ્તિથી કહે છે. જુઓ!

**देहा वा दविणा वा सुहदुक्खा वाध सत्तुमित्तजणा।**
**जीवस्स ण संति धुवा धुवोवओगप्पगो अप्पा।।१९३।।**

પેલું અધ્રુવનું શરણ નથી ને, એટલે આ પાછું સાથે છે, જુઓ!

**'ટીકા - આત્માને, જે પરદ્રવ્યથી અભિન્ન ...'** એમ પહેલા લેવું. ત્યાં આત્માને લેવો. આત્મા, જે ઉપર કહ્યો તે. **'આત્માને, જે પરદ્રવ્યયથી અભિન્ન હોવાને લીધે...'** કોણ? પરદ્રવ્યથી અભિન્ન. પરદ્રવ્ય પરદ્રવ્યથી અભિન્ન. **'અને પરદ્રવ્ય વડે ઉપરક્ત થતા...'** મલિન થવાવાળી પોતાની પર્યાય-વિકાર, તેનાથી પણ ભિન્ન હોવાને લીધે. બધા પદાર્થ તેનાથી પણ ભિન્ન છે. એવી અશુદ્ધિનું કારણ પર છે, બધી અશુદ્ધિનું કારણ પર છે. સમજાણું કાંઈ? એવું આત્મા સિવાયનું બીજું કંઈ પણ ધ્રુવ નથી. આત્માથી જુદા-ભિન્ન પોતાને કોઈ ધ્રુવ અને શરણભૂત નથી. કઈ ઉપલબ્ધ કરવા લાયક નથી, બધું અધ્રુવ છે. સમજાણું કાંઈ ? વિકારી પર્યાય પણ અધ્રુવ છે. પણ અહીં તો વિકારી પર્યાયથી પણ પરદ્રવ્ય ભિન્ન છે વિકારી પર્યાય પણ પોતાને શરણભૂત નથી . ઓહો સમજાણું કે નહીં?

આત્માને જે પરદ્રવ્યથી અભિન્ન બધી પર વસ્તુ 'અને પરદ્રવ્ય વડે ઉપરોક્ત થતાં...' મલિન પોતાની પર્યાય વડે નિમિત્ત તો તે છે પર્યાય. તેનાથી પણ ભિન્ન. **'અશુદ્ધપણાનું કારણ છે એવું (આત્મા સિવાયનું) બીજું કાંઈ પણ ધ્રુવ નથી...'** પોતાની વસ્તુ સિવાય બીજા રાગાદિ કે પુણ્ય

આદિ કે પરદ્રવ્ય આદિ કોઈ આત્માને ધ્રુવ છે જ નહીં. બધા અધ્રુવ અધ્રુવ છે. તેનો આશ્રય કરવાલાયક નથી. '**કારણ કે તે અસત્ અને હેતુવાળું હોવાને લીધે...**' જુઓ! (નીચે ફૂટનોટ). અસ્તિત્વ રહિત, અનિત્ય, અસત્ છેને. (દેહ-ધનાદિક પુદ્ગલપર્યાયો હોવાને લીધે અસત્ છે તેથી આદિ અંત વાળા છે).

આદિ અંત વાળી છેને, પર્યાય થઈને. ધન-દેહ આદિ અંતવાળી પર્યાય છે, એ કંઈ ત્રિકાળી છે જ નહિ. પોતાનું લક્ષ તો પર્યાય ઉપર જાય છે ને. એમ કહે છે. વસ્તુ તો વસ્તુ છે. બીજું કંઈ પણ ધ્રુવ નથી '**કારણ કે તે અસત્ અને હેતુવાળું હોવાને લીધે...**' જુઓ! શું કહે છે? સહેતુક-જેની ઉત્પત્તિમાં કંઈ પણ નિમિત્ત હોય એવું. દેહ ધનાદિકની ઉત્પત્તિમાં કંઈ પણ નિમિત હોય છે તેથી તેઓ પરતઃસિદ્ધ છે, સ્વતઃસિદ્ધ નથી. ભગવાન આત્મા સ્વતઃસિદ્ધ છે અને રાગ આદિ, પર આદિ બધું પરતઃસિદ્ધ, લક્ષ્મી આદિ પરતઃસિદ્ધ. દેહ આદિ પરથી સિદ્ધ છે, તે પોતાથી સ્વતઃસિદ્ધ નથી. સમજાણું કાંઈ? ભારે અટપટી ગાથા!

પોતાના આત્માથી, પરદ્રવ્ય બધા અભિન્ન. બધા ગુણ પર્યાય પરદ્રવ્યથી એકમેક છે. અને પરદ્રવ્ય દ્વારા નિમિત્ત હોવા છતાં પોતાની પર્યાયમાં વિકાર સ્વધર્મ લીધો એનાથી પણ પર તો ભિન્ન છે. તે આત્માને ભિન્ન હોવાને લીધે અશુદ્ધિનું કારણ છે. એવું બીજું કાંઈ પણ ધ્રુવ નથી. પોતાને પ્રાપ્ત કરવા લાયક કોઈ વસ્તુ નથી. બધું અશુદ્ધતાનું કારણ છે. માટે ધ્રુવ નથી. '**કારણ કે તે અસત્ અને હેતુવાળું હોવાને લીધે આદિ અંત વાળું અને પરતઃસિદ્ધ છે...**' એ લીધું. ખરેખર તો પુણ્ય પાપ પણ હેતુ સહિત છે. એક સમયની પર્યાય ઉત્પન્ન થાય છે અને નષ્ટ થાય છે. એ કંઈ આત્માની વસ્તુ નથી, લાભ કરવાલાયક નથી. હેતુ આદિ અંત વાળી પર્યાય વિકારી અને પરદ્રવ્યની પણ આદિ અંત વાળી પર્યાય છે. પરતઃ સિદ્ધ છે. એ તો પુણ્ય આદિનો યોગ હોય તો એવું નિમિત થાય. એ સ્વયંસિદ્ધ વસ્તુ નથી. લક્ષ્મી સ્વયંસિદ્ધ નથી, એનો હેતુ કર્મ છે. કર્મ છે તો લક્ષ્મી આવે છે બરાબર છે શેઠ! કે પુરુષાર્થથી આવે છે? પુરુષાર્થથી નથી આવતી? એમ તો કહે છે કે અમે આ પુરુષાર્થથી કરીએ છીએ. શું કહે છે?

મુમુક્ષુ - ...

ઉત્તર - ઉદ્યમ એટલે? ધૂળમાંથી પણ નથી આવતી. લક્ષ્મી તો એના પુણ્યના પરમાણુનું નિમિત્ત છે તો આવે છે.

મુમુક્ષુ - ...

ઉત્તર - ધર્માત્મા કોને કહેવા? પોતાના દ્રવ્યના સ્વભાવની દ્રષ્ટિ વિના અને પરના આશ્રયે લાભ થાય, લક્ષ્મી અમારા પુરુષાર્થથી મળે છે તો એ અધર્માત્મા છે. એને ધર્માત્મા કહેતા નથી. પુણ્યનો અર્થ જે શુભ ભાવ વર્તમાન છે તે પણ અધર્મ છે. શું કહેવું છે?

મુમુક્ષુ - ...

ઉત્તર - લક્ષ્મી આવી તો એમાં શું થયું? એ તો પૂર્વના પુણ્યને કારણે આવી છે. પરનો હેતુ કહ્યું

ને. એ તો પર-હેતુ આવ્યો એમાં સ્વ-હેતુ ક્યાં આવ્યો? એ તો અહીંયા પણ છે ને, અમારે એ છે ને એના મામાનો દીકરો છે. અત્યારે ગોવામાં છે. એક મહિનામાં પાંચ લાખ પેદા કરે છે. એ તો પૂર્વના પુણ્ય હોય તો આવે છે. એ આવી એમાં આત્મામાં શું આવી ગયું? પુણ્યના એવા રજકણ હોય તો આવી ગઈ. એની પાસે આવી અને અહીંયા ન આવે, પણ એનું કારણ શું છે? આવી કે ન આવી. એને સંયોગમાં વિષ્ટાનો ઢગલો આવ્યોને એક પાસે વિષ્ટાનો ઢગલો ન આવ્યો, એમાં આત્માને શું?

મુમુક્ષુ - ...

ઉત્તર - પણ એ વાત પણ કદાચિત્ એવું પુણ્ય હોય પણ એથી શું થયું? કહોને. આપણામાંથી નથી? ઘણા છે અત્યારે મહાજન કરોડોપતિ છે મહાજન. આફ્રિકામાં જાય છે. કરોડોપતિઓ કેટલાય છે. એવા કોઈ પુણ્ય પરતઃસિદ્ધ છે. અહીં તો પરતઃસિદ્ધ છે. પોતાના પૂરુષાર્થથી અને પોતાની જ્ઞાન-દર્શનની પર્યાયથી એ ચીજ નથી માટે અધ્રુવ છે. અહીંયા એટલી વાત સિદ્ધ કરવી છે. બરાબર છે? શોભાલાલજી! આ તમારી લક્ષ્મીનું શું છે? ભાઈ પાસે કહેવડાવીએ ને, શેઠના મોઢે.

એક અમેરિકા ગયો હતો, એક માણસ અમેરિકા ગયો હતો. સાંભળ્યું છે? ત્યાં આગળ એક ઔષધિ થાય છે, અમેરિકામાં. તો એક માણસ ગયો. એ વિષ્ટા લાવ્યો ... પાયખાનામાંથી વિષ્ટા.. વિષ્ટા લાવ્યો. એ કહે, જુઓ! શીરો બનાવી દઉં ઔષધિ નાખીને. આવડો મોટો પોણો મણનો વિષ્ટાનો ટોપલો લાવ્યો પાયખાનામાંથી. તમારે ઔષધિના રૂપિયા આપવા પડશે. ૧૫ રૂપિયા કે આટલા ઔષધીના રૂપિયા આપવા પડ્યા. એક ઔષધી જ્યાં નાખી ત્યાં વિષ્ટાની ગંધ ઉડી ગઈ. બીજી જ્યાં નાખી... આ તે કાંઈ લોટ છે કે શું! ત્રીજી નાખી ત્યાં હલવો-શીરો થઈ ગયો. પછી કહ્યું લ્યો શેઠ. અરર..ર..! અમારી નજરે પડી હતી વિષ્ટા ઇ લો. ગરીબને ખવડાવી દો. શીરો શીરો. એવા કોઈ રજકણ હોય તેની પલટવાની લાયકાત હતી તો પલટી ગયા. આમ શિરાની સુગંધ આવે. શીરો સમજ્યા? હલવો હલવો. અમારે અહીંયા શીરો કહે છે. લસલસતો શીરો થાય છેને ... એ ભાઈ કહેતા હતા. નહિ આ દાદભાવાળા. વઢવાણના દાદભાવાળા હતા ને, એ ત્રંબકભાઈ ત્યાં ગયા હતા ત્યાં આ પ્રમાણે લાવ્યા અને એક બે ઔષધી નાખી ત્યાં તો શીરો જોઈ લ્યો. ઘી અને આમ સુગંધ મારે. એવી વસ્તુ નાખી તો પોણો મણ થઈ પણ એમાં ૧૫ રૂપિયાની ઔષધી નાખવી પડી. પછી કહે ખાવ. લ્યો ભાઈ. અર..ર..! અમારી નજરે વિષ્ટાનો શીરો બનાવ્યો, ગરીબને ખવડાવી દો.

એમ પુણ્યથી મળેલી આ વિષ્ટા છે. શું છે? આહા..હા..! રાડ નાખી જાય છે, ઓલા રાડ નાખે છે. આ સમવસરણ ને એ બધું વિષ્ટા? અરે..! સાંભળને! એ જડ છે, એ પર છે. એનું કારણ પુણ્ય પણ ભગવાન તો કહે છે કે ઝેર છે. પોતાનો આત્મા આનંદમૂર્તિને લૂંટાવીને શુભભાવ થાય છે. શુભભાવ ઝેર છે. આવે છે, જ્યાં સુધી વીતરાગ ન થાય ત્યાં સુધી આવ્યા વિના રહેતા નથી. અશુભથી બચવા માટે વ્યવહારથી કહે છે. બાકી તે સમયે આવ્યા વિના રહેતો નથી. જ્ઞાનીને, તીર્થંકરોને પણ શુભભાવ આવે છે. આ શું કહે છે? કુંદકુંદાચાર્ય કહે છે, પણ આ લખવાનો શું

ભાવ આવ્યો કે નહિ? ભક્તિનો આવ્યો કે નહિ? બીજાને સમજાવવા માટે વિકલ્પ આવે છે કે નહિ? આવે છે. આવે છે એનો આશ્રય કરવાલાયક નથી ઇ વાત અહીંયા સિદ્ધ કરવી છે. સમજાણું કાંઈ? હોય એનો આશ્રય છોડવો (કે ન હોય એનો?) એ રહ્યું ક્યાં? કોઈ ચીજ છે જ નહીં અને કહે કે આશ્રય છોડી દે, નજર ફેરવી નાખ. પણ કોનાથી નજર ફેરવવી? વસ્તુ તો છે નહીં. છે તો ખરી. રાગ છે, શુભ રાગ છે, નિમિત છે એના કાળમાં જ્યાં જ્યાં જેની યોગ્યતા પ્રમાણે ચોથે ગુણસ્થાને સમ્યગ્દષ્ટિ હોય એને ભક્તિ, પૂજા, દાન, દયાનો ભાવ આવે છે અને શ્રાવકને પણ આવે છે. આવે છે ને? દેવપૂજા, ગુરુ ઉપાસના, સંયમ, સજ્ઝાય, ધ્યાન, દાન અને તપ અને મુનિને પંચ મહાવ્રત, ૨૮ મૂળગુણના ભાવ આવે છે, પણ છે રાગ, રાગ, શુભ રાગ. સ્વરૂપથી વિપરીત ભાવ આશ્રય કરવા લાયક નથી, તારે માટે અધ્રુવ છે. ઓહો..હો..! સમજાણું કાંઈ?

ત્યારે વળી ...નું કાંઈક કહેતા હતા. ઓલા ખુશાલદાસ આવ્યા હતાને. રાત્રે વાત. એમ કહે આમ કહેતા હતા. પણ ... સાંભળને! આવાને આવા. પંડિત પણ પોતાના અભિમાન રાખવા માટે...

અહીં તો એક જ વાત છે. પોતાના શુદ્ધ સ્વભાવના આશ્રયે જ લાભ થાય છે, પરથી નહીં. પરથી પણ અને સ્વથી પણ લાભ થાય છે એમ છે જ નહિ. સમજાણું કાંઈ? એમ ચાલતું હતું એમાં મેં કહ્યું કે મહારાજ! ભિન્ન (વાત) લ્યો. તો હવેથી ચારિત્રની પર્યાયની વાત કરે છે. સવારે બાબુલાલજી કહેતા હતા. ગપ મારે છે કીધું, એમ કહ્યું જ નથી. એ વાત છે એમાં. પોતાની મોટપ વધારવા વાત બનાવી નાખી. આવા ને આવા જગત ક્યાંનું ક્યાં બનાવે છે? સમજાણું કાંઈ?

અહીંયા તો ... એક વસ્તુ છે તો નિત્ય પણ છે અને અનિત્ય પણ છે. એ બરાબર છે. પણ નિશ્ચયથી તો નિત્ય જ છે, અનિત્ય છે જ નહીં. એમ આત્મામાં વિકારી પર્યાય થાય છે, નિર્વિકારી પણ થાય છે. પણ નિર્વિકારી પર્યાય ધર્મ છે, વિકારી પર્યાય ધર્મ નથી. સમજાણું કાંઈ? અહીં તો જાણવા લાયક છે એ વાત તો પહેલેથી લીધી. એ વાત બીજી રીતે, ત્રીજી રીતે પણ એ વાત કરે છે આચાર્ય. આહા..હા..! આવી શૈલી! એક એક ગાથામાં તત્ત્વને સમાવી દેવું અને ગૂઢ વાત, ઘણી ગૂઢ. સમજાણું કાંઈ?

આત્મા સિવાય બીજું કંઈ પણ ધ્રુવ નથી. કારણ કે તે અસત્, હેતુમાન હોવાને લીધે... હેતુ, બીજા હેતુથી એ ચીજ ઉત્પન્ન થઈ છે. સ્વયંસિદ્ધ નથી. રાગ સ્વયંસિદ્ધ વસ્તુ છે? રાગ પણ કર્મના નિમિતના લક્ષે ઉત્પન્ન થવાવાળી વસ્તુ છે. કૃત્રિમ છે, કૃત્રિમ છે, અધ્રુવ છે. ઓહો..હો..! સમજાણું કાંઈ? આદિ-અંતવાળું છે... ઉત્પન્ન ધ્વંસી વિકાર અને પરદ્રવ્યની પર્યાય પણ આદિ-અંતવાળી છે. આવે ને જાય, આવે છે અને જાય છે. શું કહે છે? કંઈ કહે છેને તમારે? ચડતી-પડતી છાયા, ચડતી-પડતી છાયા.

એક અમને ત્યાં જયપુરમાં મળ્યો હતો. સમજ્યા? માવજીનો પુત્ર. સમજાણું કાંઈ? શોભાલાલજી! એને ખબર છે. જયપુરમાં એક ઝવેરી હતા. ઝવેરી હોં! વાંકાનેરના પ્રસિદ્ધ ઝવેરીની દુકાન. એના પુત્રની ૭૦ વર્ષની ઉંમર. એ ઝવેરી હતા. અમે જ્યાં ઉતર્યા હતા જયપુરમાં દીવાનના

બંગલામાં મકાનમાં. નીચે ઊતર્યા. મહેન્દ્રભાઈ સાથે હતા, એમના પુત્ર. વ્યાખ્યાન માટે જતા હતા. ત્યાં એ નીકળ્યો. ટાલ પડેલી ટાલ. અને જોડા ઝીર્ણ થયેલા. અરે..! કંઈ દો, મા બાપ! મેં નજર કરી કે આ છે કોણ? આ માણસ ગરીબ નથી. એનો દેખાવ એવો. આ કોઈ મૂળ ગરીબ નથી, એના શરીરમાં (લક્ષણ) મૂળ ગરીબના દેખાતા નથી. રામજીલાલ હતા. એના મોટરનો ડ્રાઇવર હતો. એ કહે, સાહેબ! એ તો અહીંયા ઝવેરીનો પુત્ર છે. ગામમાં ઝવેરી હતા. ઝવેરીની દુકાન હતી એ બધું નાશ થઈ ગયું. દુકાન-બુકાન નાશ થઈ ગઈ અને પુત્ર ભિખારી થઈ ગયો. મહેન્દ્રભાઈ સાથે બેઠા હતા. મહેન્દ્રભાઈએ કહ્યું. અમે પહેલા એને ઘણી મદદ કરી છે. પણ હવે તો અમે મુંબઈ ગયા એટલે કાંઈ ખબર રહી નહીં. અને પોણોસો વર્ષની ઉંમર, વૃદ્ધ, ધોળા વાળ, ટાલ-બાલ પડેલી, જોડા ઝીર્ણ અને દુકાન દીઠ માંગતો હતો. ઝવેરીનો પુત્ર. બજાર-બજાર બધું નાશ થઈ ગયું, દુકાનના ધંધાનો નાશ થઈ ગયો. માંગીને ખાતો હતો. બહારની અધ્રુવ વસ્તુ તો નિમિતથી આવે છે. તારા પુરુષાર્થથી ક્યાં એ આવે છે? સમજાણું કાંઈ? એ પછી બોલ્યો હતો, રામજીલાલ કે, ચડતી-પડતી છાયા છે. મહારાજ! એમ બોલ્યો હતો. ચડતી-પડતી છાયા છે. એમ બધી વસ્તુ ચડતી-પડતી છાયા છે. એ કંઈ ધ્રુવ ચીજ તને શરણભૂત નથી. ભગવાનજીભાઈ! આહા..હા..! એકવાર આમ કરોડ કરોડ, પાંચ પાંચ કરોડનો આસામી બતાવે અને થોડા બે ચાર વર્ષ જાય ત્યાં ફૂ.. ભિખારી !

બિહારમાં ધરતીકંપ થયો. કરોડપતિ એક માણસ કરોડપતિ. સવારે ફરવા ગયો ઘોડાગાડીમાં. થોડું પાંચ સાત હજાર રૂપિયાની ઘડિયાળ ને એવું કંઈક રહી ગયું થોડું. જ્યાં આવ્યો ગામમાં... ગામ અને એના બધા માણસો ધરતીકંપમાં ખલાસ થઈ ગયા. ગરીબ થઈ ગયો ગરીબ-રાંક.. માણસ નહીં, કુટુંબ નહીં, પુત્ર નહીં. એકલા ૮૦૦૦ રૂપિયા એની પાસે રહી ગયા અને ઘોડાગાડી. ખલાસ થઈ ગયો. ક્ષણમાં પલટતા વાર નથી લાગતી. એ તો પર વસ્તુ છે. પર હેતુથી આવી છે. શું તારી સ્વાભાવિક વસ્તુ છે?

તારા જ્ઞાન અને આનંદમાંથી જે નિર્મળ પર્યાય નિમિત્તના અવલંબન વિના પોતાની પર્યાય થાય એ તારી સાથે રહેશે. ધર્મ તારી સાથે રહેશે. અધર્મ અને બીજી વસ્તુ તારી સાથે રહેશે નહીં એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ - ...

ઉત્તર - બહુ દુર્લભ છે. જિનવાણી મળવી. જિનવાણી કોને કહે? પરની અપેક્ષા વિના પોતાની દ્રષ્ટિ પોતાના સ્વ આશ્રયની (વાત કહેતી) વાણી મળવી દુર્લભ છે. પછી સમજવું દુર્લભ અને પછી રુચી કરવી મહા દુર્લભ છે. માની લે કે મેં જિનવાણી સાંભળી. સાંભળે અજ્ઞાનની ભાષા. રાગથી આવો લાભ થાય છે. શાસ્ત્ર તો કહે છે કે જે કોઈ કથામાં રાગ અને વિકલ્પથી, વિકારથી, સંયોગથી આત્માને લાભ બતાવે તો તે કથા ધર્મ કથા નથી પણ દર્શનભેદણી કથા છે, સમકિતનો નાશ કરવાવાળી કથા છે. સમજાણું કાંઈ? વિકથા છે કે નહીં? સ્ત્રીકથા (આદિ). એમ દર્શનભેદણી કથા. જે કોઈ કથા કરવાવાળો એમ કહે કે ભાઈ! બધા આત્મા એક છે, સર્વવ્યાપક થઈ જાય છે અને

ભગવાનની સ્તુતિ ભક્તિ કરવાથી ભગવાન પ્રસન્ન થાય છે. આત્માને લાભ થાય છે અને આત્મા પોતાના પુણ્ય પરિણામ કરે છે તો તેનાથી પણ કલ્યાણ થાય છે, સંયોગ સારા મળે તો સંયોગની કૃપા થઈ જાય તો આત્માનું કલ્યાણ થઇ જાય.--એવી વાત કોઈપણ કરે, બોલે, કહે, તે કથાને વીતરાગદેવ કહે છે કે તે ધર્મનો ધ્વંસ કરવાવાળી કથા છે, ધર્મનો ધ્વંસ કરવાવાળી કથા છે. શેઠ! આહા..હા..! વિકથા છે. આહા..હા..!

સત્ય કથા, ધર્મ કથા મળવી એ તો મહાદુર્લભ છે. આવ્યું હતું ને? જિનવાણીની ધર્મ કથા જેમાં આત્મા યથાર્થ કેવી વસ્તુ છે? એક એક પરિપૂર્ણ પ્રભુ, એક એક અનંત શક્તિવાન ભગવાન પોતાનો આત્મા છે. એવા બધા આત્મા ભગવાન પરિપૂર્ણ પ્રભુ છે. એની વાણી મળવી અને એનો આશ્રય કરવો એવી વાણી મળવી દુર્લભ છે. માટે આત્માને બીજું કોઈ શરણ નથી. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**ભાદરવા સુદ-૧૪, સોમવાર, તા. ૨-૯-૧૯૬૩**
**ગાથા-૧૯૩, ૧૯૪, પ્રવચન-૭૫**

પ્રવચનસાર, ૧૯૩મી ગાથા ચાલે છે. કાલે બે લીટી ટીકાની ચાલી ગઈ છે. મથાળામાં એ (કહે) છે, **'અધ્રુવપણાને લીધે આત્મા સિવાય બીજું કાંઈ ઉપલબ્ધ કરવા યોગ્ય નથી...'** શું કહે છે? આત્મા પોતાનું કાયમી શુદ્ધ ધ્રુવ સ્વરૂપ સચ્ચિદાનંદ જ્ઞાનાનંદ સર્વજ્ઞ પરમાત્મા તીર્થંકરદેવે જે જોયું, એવો પોતાનો શુદ્ધ ધ્રુવ આત્મા જ પોતાને અનુભવ કરવાલાયક છે. એ સિવાય પુણ્ય-પાપના ભાવ અને અનેરા બીજા બધા ભાવ અધ્રુવ અને અનિત્ય છે તેથી તેનો અનુભવ કરવાલાયક નથી. કહો, બરાબર છે? જુઓ! **'આત્માને, જે પરદ્રવ્યથી અભિન્ન હોવાને લીધે...'** કોણ? બીજા કોઈ પણ દ્રવ્ય. પરદ્રવ્ય જેટલા છે પોતાના આત્માથી (ભિન્ન). અનંત આત્માઓ અને અનંતા પરમાણુઓ- આ માટી, એ બધા અનંત દ્રવ્ય છે, તો પોતાના આત્માથી... પરદ્રવ્યથી અભિન્ન અને પોતાના આત્માથી ભિન્ન.

સર્વ પર દ્રવ્યથી એનું સ્વરૂપ અભિન્ન **'અને પરદ્રવ્ય વડે ઉપરક્ત થતા સ્વધર્મથી ભિન્ન...'** પરદ્રવ્યનું નિમિત અને પોતાની પર્યાયમાં પુણ્ય-પાપ, કામ-ક્રોધ, દયા-દાનના વિકલ્પ જે રાગ થાય છે તે મલિન છે. એ મલિન પદ અન્ય દ્રવ્યથી ભિન્ન છે. શરીર, કર્મ, વાણી, આ બધા પદાર્થ એ વિકારી પર્યાયથી પણ ભિન્ન છે. એવી અશુદ્ધિનું કારણ છે. **'બીજું કાંઈ પણ ધ્રુવ નથી.'** પોતાના આત્મામાં એ રાગ-દ્વેષ આદિ પરદ્રવ્ય બધું અધ્રુવ છે. પોતાનો આત્મા જ એક ધ્રુવ છે. સત્ શાશ્વત ચિદાનંદ આત્મા જે પુણ્ય-પાપના રાગથી ભિન્ન, વ્યવહારના વિકલ્પથી ભિન્ન અને શરીરાદિ અનંત કર્મ આદિ પદાર્થ તેનાથી પોતાનો આત્મા ભિન્ન (છે) તે જ ધ્રુવ છે, બીજું કાંઈપણ

ધ્રુવ નથી.

**'કારણ કે તે અસત્ અને હેતુવાળું હોવાને લીધે આદિઅંતવાળું અને પરતઃસિદ્ધ છે;...'** એ અધ્રુવ છે, કોઈપણ ધ્રુવ નથી. કેમ? લક્ષ્મી, શરીર એ બધા પૂર્વના કર્મના નિમિત્ત-હેતુથી વસ્તુ આવે છે, એ સ્વતઃ વસ્તુ નથી. તેથી બધું અસત્ છે, નાશવાન છે અને પરહેતુથી પ્રાપ્તિ થાય છે. તો એ વસ્તુ પોતાની નથી. શરીર, કર્મ, રાગ, લક્ષ્મી, આબરુ આદિ બધું એ પર હેતુથી આવવાવાળી વસ્તુ અધ્રુવ છે, ધ્રુવ નથી. **'ધ્રુવ તો ઉપયોગાત્મક શુદ્ધ આત્મા જ છે.'** જાણન-દેખનસ્વરૂપ ભગવાન આત્મા ચૈતન્યસ્વભાવવાન પ્રભુ આત્મા, જાણન-દેખન ઉપયોગવાળો એ આત્મા, એ એક ધ્રુવ છે. **'ધ્રુવ તો ઉપયોગાત્મક શુદ્ધ આત્મા જ છે.'** સમજાય છે જરી? આ ધર્મ કેવી રીતે થાય એની વાત કરે છે. ધર્મ પરદ્રવ્યના આશ્રયે નથી થતો. આ સારામાં સારી વાત ચાલે છે કે નહિ?

ભગવાન આત્મા સચ્ચિદાનંદ શુદ્ધ, સત્ નામ શાશ્વત, જ્ઞાન અને અનાકૂળ આનંદથી ભરેલો આત્મા તે જ પોતામાં શુદ્ધપણું, તે જ ધ્રુવતા રાખે છે. એ કાયમ ટકવાવાળી ચીજ આત્મા શુદ્ધ પરમાનંદની મૂર્તિ તે જ અનુભવ કરવાલાયક છે. અંતર્મુખ થઈને તે જ આનંદ અને અનુભૂતિનું સ્વરૂપ અનુભવ કરવાલાયક એ આત્મા છે. ધર્મ આમ થાય છે, બીજી રીતે ધર્મ થતો નથી. સમજાણું કાંઈ? વચ્ચે દયા-દાન, પુણ્ય-પાપ, ભક્તિ-વ્રતાદિના વિકલ્પ રાગ આવે છે તે ધર્મનું કારણ નથી, એ અનુભવ કરવાલાયક નથી. સમજાણું કાંઈ? એક ધ્રુવ તો ઉપયોગ જ્ઞાન-દર્શન, જાણન-દેખન, ચૈતન્યબિંબ પ્રભુ, જાણન-દેખન સૂર્યચૈતન્ય અરૂપી જ્ઞાયકમૂર્તિ જાણન-દેખનસ્વભાવરૂપ ચૈતન્ય-સૂર્ય તે જ એક શુદ્ધ આત્મા જ છે, એ જ એક ધ્રુવ છે. સમજ્યા? જુઓ! આ વ્યવહારનો નિષેધ થાય છે આમાં. હો, જ્યાં સુધી આત્મા મનથી પૂર્ણ છૂટીને વીતરાગી પર્યાયને પ્રાપ્ત ન થાય ત્યાં સુધી મનના સંબંધે આવો ભક્તિ, પૂજા, દાન, દયા, વ્રતાદિનો ભાવ આવે છે, પણ એ ભાવ ધર્મ નથી. પોપટભાઈ! ભડકે છે. કોઈ માણસ કહેતું હતું સવારે, આમ જ્યાં કહીએ ત્યાં ભડકે છે. ભડકમ છેને ભડકમ.

મુમુક્ષુ - ...

પૂજ્ય ગુરુદેવશ્રી - ... માલૂમ પડે છે? પહેલા પણ તમને ... માલૂમ પડતી હતી. પહેલા શરૂઆતમાં... બીજા પ્રકારની...

પણ ભગવાન આત્મા એક સેકંડના અસંખ્યભાગમાં ચૈતન્યજ્યોત કેવળજ્ઞાનની મૂર્તિ આત્મા છે. પૂર્ણ જ્ઞાન, આનંદની મૂર્તિસ્વરૂપ જાણન-દેખનસ્વભાવની એકલી ગાંગડી, જેમ કંદમૂળ સુરણની ગાંઠ હોય છેને? સુરણની ગાંઠ. સુરણ સમજો છો કે નહિ? સુરણ. કંદમૂળ હોય છેને? ... જેવી ગાંઠ હોય છે. એમ આત્મા શરીર, રજકણ કર્મના પરમાણુથી ભિન્ન ચૈતન્યરૂપી સુરણગાંઠ છે. એ ચૈતન્યની સુરણગાંઠ છે. જ્યાં અંતરમાં એકાગ્રતા (થાય), જેમ સુરણમાં છરી મારો તો જ્યાં હોય ત્યાં કંદમૂળ જ નીકળે છે, એમ ભગવાન આત્મા શરીર પ્રમાણે આ રજકણથી ભિન્ન, કર્મથી

ભિન્ન, વાણીથી ભિન્ન અને અંદર કર્મથી ભિન્ન અને પુણ્ય-પાપનો રાગ થાય છે તેનાથી પણ ભિન્ન એવો ચૈતન્ય જાણન-દેખન ઉપયોગસ્વરૂપ પ્રભુ એમાં એકાકાર થઈને, ચૈતન્યસ્ફટિક, ચૈતન્ય સુરણકંદ એવો પોતાનો સૂર્ય પ્રભુ સ્વનો અનુભવ કરવો એ જ આત્માને ધ્રુવ છે, બીજું કાંઈ ધ્રુવ નથી. ભારે કઠણ. જગતને અત્યારે એવે રસ્તે ચડાવી દીધું છેને ધર્મને નામે કે બિચારાને મરીને હેરાન થઈને જિંદગી પૂરી થઈ જાય અને ધર્મ હાથ આવે નહિ. શું ધર્મ છે? જૈનને નામે, વીતરાગને નામે એવા ચડાવી દીધા (કે) મરી જાય બિચારા અપવાસ કરીને, ઓળી કરીને ને હોળી કરીને સૂકાઈ જાય. ઓળી સમજો છો? ઓળી થાય છે. તમે નથી સમજતા. ઓળી એટલે અપવાસ ન કરે, થોડું ખાય લુખ્ખું. લુખ્ખું ખાય લુખ્ખું. લુખ્ખું સમજ્યા? નિરસ. નિરસ ખાવું. એક દિવસ આમ કરવું ને તેમ કરવું. અરે...! સાંભળ તો ખરો. નિરસ જ ખાય છે.

રાગ અને પુણ્યના પરિણામમાં આનંદનો રસ નથી. રસ તો ભગવાન આત્મામાં, સચ્ચિદાનંદ પ્રભુ સર્વજ્ઞ ત્રિલોકનાથ સર્વજ્ઞ વીતરાગ દેવાધિદેવ ત્રિલોકનાથે આત્મા જોયો છે એવા આત્મામાં આનંદરસ પડ્યો છે. અતીન્દ્રિય આનંદરસ છે. સરસ એ શબ્દ આવ્યો હતો હમણાં કળશમાં, સરસ. શેઠિયા સરસ શબ્દ બહુ કહે. ગુજરાતી ભારે કરે છે. સરસ, રસસહિત. પુણ્ય-પાપના જે ભાવ છે એ આકુળતાનો રસ છે. શરીર, વાણી, મનમાં તો આકુળતા અને અનાકુળતા કંઈ નથી, એ તો જડ માટી છે, આ વાણી જડ માટી છે. આઠ કર્મ અંદર જ્ઞાનાવરણીય એ પણ જડની માટી છે. પુણ્ય-પાપના ભાવ થાય છે એ આકુળતાનો રસ છે. શાંતિના રસનું ખૂન થઈને એ ઉત્પન્ન થાય છે. સમજાણું કાંઈ? એ પુણ્ય-પાપના વિકલ્પ રાગ એનાથી ભિન્ન પ્રભુ ચૈતન્ય અનાદિ-અનંત ચૈતન્યસૂર્યબિંબ જેમાં એકલા જાણન-દેખન, આનંદ જ પડ્યા છે. એવા સ્વભાવનું ધ્રુવનું અવલંબન લઈને એનો અનુભવ કરવો તે જ આત્માને આદરણીય છે, બીજું કાંઈ આદરણીય નથી. શોભાલાલજી! બહુ કઠણ. પણ આ ગૃહસ્થોને માટે કંઈ બીજું હશે કે નહિ? તેથી તો ૧૯૪માં એ કહે છે. ભાઈ! ખરેખર તો ઇ છે. ઓલાએ ત્રણ અર્થ કર્યા છે ભાઈ એમાં. સાકાર-અનાકારના ત્રણ અર્થ કર્યા છે. સાકાર એટલે વિકલ્પસહિત, નિર્વિકલ્પસહિત. સવિકલ્પ એટલે શ્રાવક અને નિર્વિકલ્પ એટલે મુનિ. સવિકલ્પ એટલે ચિહ્ન સહિત લિંગધારી. મુનિનું લિંગ નહિ. ... નિર્વિકલ્પ. વાત એમ કહે છે. ઇ કહેશે, ખરેખર તો ઇ કહે છે કે ગૃહસ્થાશ્રમમાં હો કે મુનિપણામાં બાહ્ય દ્રવ્યલિંગમાં હો, દ્રવ્યલિંગ નગ્નપણામાં હો, પણ આત્મા આનંદકંદ શુદ્ધ ચિદાનંદ અંતર ઉપયોગત્મક ધ્રુવતાને અવલંબ્યા વિના એને કદી સમ્યગ્દર્શન-જ્ઞાન, શાંતિનો ધર્મ થતો નથી. સમજાણું કાંઈ?

કહે છે, એક ધ્રુવ એ જ ધ્રુવ છે, બાકી બધું અધ્રુવ છે. શરીર, કર્મ, પર્યાયથી અધ્રુવ છે, પોતામાં ટકવાવાળી વસ્તુ નથી. ત્રિકાળ વસ્તુ તો પ્રભુ સચ્ચિદાનંદ નિર્મળાનંદ સિદ્ધસ્વરૂપ પોતાનું છે. એમ તો સચ્ચિદાનંદ તો બીજામાં પણ કહે છે. સમજાણું કાંઈ? એમ નહિ. પણ એક સમયમાં સત્ અને એની સાથે અનંતગુણ. જ્ઞાન, દર્શન, આનંદ, અસ્તિત્વ, સ્વચ્છત્વ, વસ્તુત્વ, પ્રભુત્વ એવા અનંતગુણ. એ સિવાય આવા આત્મા સિવાય બીજામાં આવા આત્માનું કથન છે જ નહિ. એવો

એક સમયમાં અનંતગુણનો પિંડ પ્રભુ એની અનંતગુણની એક સમયમાં પર્યાય નામ અવસ્થા થાય છે, એ અવસ્થામાં જે શુદ્ધ જ્ઞાયકમૂર્તિની અવસ્થા જ્ઞાન અને આનંદની થાય તે તેમાં ટકે છે. પુણ્ય-પાપ ને દયા-દાનના વિકલ્પ ટકતા નથી, ઉત્પન્ન-ધ્વંસી છે. ઉત્પન્ન થાય છે અને નાશ પામે છે. શરીર, વાણી, મન પણ ઉત્પન્ન થાય છે અને નાશ પામે છે, એ તો પર, જડ, માટી છે.

પોતાનો અંદર અખંડાનંદ પ્રભુ એનો ઉપયોગ કરવો. '**ધ્રુવ તો ઉપયોગાત્મક શુદ્ધ આત્મા જ છે. આમ હોવાથી હું...**' જુઓ! ધર્મી કહે છે. મુનિ પોતે પોતાની (વાત કરે છે). '**એવા શરીરાદિકને ઉપલબ્ધ કરતો નથી,....**' શું કહે છે? સાથે શરીર, વાણી, મન દેખાય છે, સાથે. શરીર, વાણી, મન, કર્મ સાથે દેખાય છે. ઉપલભ્યમાન-પ્રાપ્ત થાય છે એમ દેખાય છે. ઉપલભ્યમાન શરીરાદિ, ભાઈ! એમ લીધું છે અહીં. શું કહે છે? ઉપલભ્યમાન. લક્ષ્મી મળે, શરીર પ્રાપ્ત થાય, પુષ્ટ શરીર હોય, વાણી આદિ હોય. ઉપલભ્યમાન છે, પ્રાપ્ત થાય છે છતાં ઉપલબ્ધ કરતો નથી. પ્રાપ્ત હોય. રાગ-દ્વેષ, પુણ્ય-પાપના ભાવ ઉપલભ્યમાન હોય છે પણ છતાં તેને હું ઉપલબ્ધ કરતો નથી, એ મારી ચીજ નથી. હું તો કાયમ આનંદ અને જ્ઞાનમૂર્તિ મારું સ્વરૂપ એની દૃષ્ટિ કરીને એને પ્રાપ્ત અને અનુભવ કરવો એનું નામ મોક્ષનો માર્ગ અને વીતરાગ ધર્મ છે. એ સિવાય બીજો કોઈ વીતરાગ ધર્મ નથી. સમજાણું કાંઈ? કઠણ પડે. આવા પર્યુષણના મોટા દિવસ હોય, હજારો માણસ ભેગા થાય અને બસ કરે. અપવાસ કરે, આ કરે, તે કરે... ઓહો..હો..! ષોડશકારણ ભાવના, આઠમમાં .. શું કહે છે? રત્નત્રય. આ કરે છેને ત્રણ? ઓહો..! બધા કહે, ધર્મ થઈ ગયો, ધર્મ થઈ ગયો.

કહે છે કે તારી ચીજ ધ્રુવ ધ્રુવ ટકવાવાળી કાયમી શુદ્ધ સ્વરૂપ એમાં એકાગ્ર થાય તો એ પર્યાય પણ ટકવાવાળી અંતરમાં અભેદ થાય છે. બાકી બધા પુણ્ય ને પાપ જે વિકલ્પ ઉઠે છે તે ઉપલભ્યમાન હોવા છતાં, પ્રાપ્ત હોવા છતાં હું પ્રાપ્ત કરતો નથી એમ ધર્મી અંતર દૃષ્ટિમાં માને છે અને અનુભવે છે. સમજાણું કાંઈ? શું કહે છે? જુઓ! '**આમ હોવાથી હું અધ્રુવ એવા શરીરાદિકને...**' જે ચીજ સંયોગી અધ્રુવ છે તે તેને ઉપલબ્ધ હોવા છતાં, ઉપલભ્યમાન-આવવાવાળી, મને પ્રાપ્ત હોવા છતાં '**ઉપલબ્ધ કરતો નથી,....**' હું એનો આશ્રય કરતો નથી. '**હું તો ધ્રુવ એવા શુદ્ધ આત્માને ઉપલબ્ધ કરું છું.**' જુઓ! મુનિ કહે છે. ચારિત્રવંત સંત છે, ભાવલિંગી સંત છે, ચારિત્રવંત નગ્ન દિગંબર વનવાસમાં ... મુનિઓ વીતરાગી સંતો જંગલમાં રહેતા હતા. અનાદિનો એ નિયમ છે વનવાસમાં. સમજાણું કાંઈ? જંગલમાં આત્મધ્યાનમાં મસ્ત! તો કહે છે, ભાવલિંગી આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ. આ અમૃતચંદ્રાચાર્ય આચાર્ય છે. સમજ્યા? આના ટીકાકાર અમૃતચંદ્રાચાર્ય છે. આ પ્રવચનસારની ટીકા (કરવાવાળા).

હું, બાહ્ય વસ્તુની પ્રાપ્તિ હોવા છતાં એને હું પ્રાપ્ત (અર્થાત્) આશ્રય કરતો નથી. મારી ચીજ જ ધ્રુવ ચિદાનંદ છે તેને જ હું ઉપલબ્ધ કરું છું. હું એના આનંદનો અનુભવ કરું છું. એ જ મારી

ચીજ મારી પાસે પડી છે, એ કંઈ બીજે અને બહાર નથી. ઓહો..હો..! લ્યો આ ધર્મ! શેઠ! શું કરવું? આ કરવું. પહેલા નિર્ણયમાં તો લે, નિશ્ચય તો કરે કે હું શુદ્ધ ચિદાનંદ આત્મા જ્ઞાયકમૂર્તિનો ભંડાર, અનંતગુણનો પિંડ અને પર્યાયમાં પરિણમનારો છું. કૂટસ્થ નહિ, તેમ એકલી પર્યાય પૂરતો હું આત્મા નથી. અનંતગુણવાળો આત્મા, એક જ જ્ઞાનાદિ ગુણ નહિ. પણ મારા જ્ઞાન-દર્શનઉપયોગસ્વરૂપને હું અંતરમાં લઈને મારા આત્માનો જ અનુભવ કરું છું. તેનાથી મારા આત્માની પ્રાપ્તિ થાય છે, બીજાથી પ્રાપ્તિ થતી નથી. કહો, સમજાણું કાંઈ?

**'હવે, એ રીતે શુદ્ધાત્માની ઉપલબ્ધિથી શું થાય છે તે નિરૂપે છે -'** ૧૯૪.

**जो एवं जाणित्ता झादि परं अप्पगं विसुद्धप्पा।**
**सागारोऽणागारो खवेदि सो मोहदुग्गंठिं॥१९४॥**

૧૯૪ની **'ટીકા :- આ યથોક્ત વિધિ વડે...'** જુઓ! આ વિધિ! યથા ઉક્ત. યથોક્ત શબ્દ પડ્યો છેને? યથા ઉક્ત. પૂર્વે કહ્યું એ વિધિથી. મારી વસ્તુમાં, હું શુદ્ધ ચિદાનંદ છું એને ઉપલબ્ધ કરવું એ વિધિ અને બીજી વસ્તુઓ ઉપલબ્ધ હોવા છતાં તેનો આશ્રય ન કરવો, તેની નાસ્તિ કરવી, પોતાના શુદ્ધ આત્માનો આશ્રય કરવો. આ વિધિ વડે. બીજી વિધિ નહિ. સમજાણું કાંઈ? **'શુદ્ધાત્માને જે ધ્રુવ જાણે છે...'** હું શુદ્ધ પવિત્ર નિર્મળાનંદ અખંડ આનંદકંદ સ્ફટિક ચૈતન્ય હું છું. અંતરમાં એમ જાણે છે **'તેને તેમાં જ પ્રવૃત્તિ દ્વારા...'** જુઓ! **'તેને તેમાં જ પ્રવૃત્તિ...'** જ્ઞાનધામ ભગવાન, આનંદધામ આત્મા તેમાં પ્રવૃત્તિ દ્વારા. પુણ્ય-પાપના રાગ અને નિમિત્તમાં પ્રવૃત્તિ દ્વારા નહિ. સમજાણું કાંઈ? ભારે ભાષા ભાઈ! આ લોકોને એમ થઈ જાય કે આ તે નિશ્ચય.. નિશ્ચય... વ્યવહારનો તો લોપ થઈ જાય છે. પણ એ વ્યવહારને લોપ (કરી) આશ્રય છોડ ત્યારે આત્માનો લાભ થાય છે, નહિતર આત્માનો લાભ સમ્યગ્દર્શનનો ત્રણકાળ ત્રણલોકમાં કદી થતો નથી. હો, વ્યવહારમાં હો, વ્યવહાર હો એની કોણે ના પાડી? જેમ પરદ્રવ્ય છે, તેમ રાગના કાળે રાગ હો, શુભ આદિ હો, છતાં એ અનુભવ અને આશ્રય કરવાલાયક અને પ્રાપ્ત કરવાલાયક નથી, ઉપાદેય નથી.

મુમુક્ષુ - ...

પૂજ્ય ગુરુદેવશ્રી - એ તો પ્રયત્ન કરતો નથી. પ્રયત્ન તે પ્રકારનું કારણ-પ્રયત્ન કરે તો આવેને. પ્રયત્નમાં રુચિમાં ફેર છે. રુચિમાં રાગ અને પુણ્યની મીઠાશ છે. મીઠાશ સમજો છો? વિકલ્પ ઉઠે છેને શુભ-અશુભનો? એમાં મીઠાશ છે. એ મીઠાશ અંદરમાં પ્રવૃત્તિ થવા દેતી નથી. એની ભૂલ, ઓછપ છે. અંદર ગડબડ કરે છે કંઈક... કંઈક.. કંઈક... કાં એ રાગ છે, પુણ્યથી લાભ થશે, કાં આત્મા જેવો છે તેવો ખ્યાલમાં આવે નહિ, શું હું સર્વવ્યાપક થઈ ગયો, હું સર્વવ્યાપક થઈ જઈશ-એવું મિથ્યાદષ્ટિનું અંદર શલ્ય પડ્યું છે તે અંદરમાં પ્રવૃત્તિ કરવા દેતું નથી. એ તારે કારણે ભૂલ છે, બીજાને કારણે નહિ. સમજાણું કાંઈ?

જેમ ઉપયુક્ત વિધિ કહીને? વિધિ શું? કે ઉપયોગાત્મક ધ્રુવ ઉપયોગાત્મક ઉપલબ્ધ કરું છું.

ઉપલબ્ધમાં શું આવ્યું? હું પર્યાયમાં પ્રાપ્ત કરું છું. દ્રવ્ય-ગુણમાં તો છે. જેવો શક્તિવાન છે, એવી શક્તિ શુદ્ધ છે, તેને હું પર્યાયમાં પ્રાપ્ત કરું છું, તો ત્રણેય બોલ આવી ગયા-દ્રવ્ય-ગુણ અને પર્યાય. તો આ રીતે પહેલા દ્રવ્ય-ગુણ અને પર્યાય શું વસ્તુ છે અને તેનું શું સ્વરૂપ છે એમ જાણ્યા વિના તેને દ્રવ્યનો લાભ કદી થતો નથી. અન્યને અને જૈન બેયને ભેળવી દે પછી કહે કે આત્માનો લાભ થતો નથી. તો આત્મા જેવો છે એવો દ્રવ્યસ્વભાવ, એવો ગુણસ્વભાવ, એવો પર્યાયસ્વભાવ (જાણવો જોઈએ). એ પર્યાયમાં પણ વિકાર અને અવિકારી પર્યાય બે પ્રકારની અનાદિથી થાય છે. અવિકાર નામ ધર્મ નહિ, પણ અસ્તિત્વગુણ આદિની પર્યાય અવિકારી છે. તો હું આવો છું એમ જ્ઞાનમાં જ્યાં સુધી ખ્યાલમાં ન આવે અને પછી એ પુણ્ય-પાપ અને એક સમયની વિકૃત પર્યાયનો રુચિનો લોભ ન મટે ત્યાં સુધી અંતર સ્વરૂપમાં પ્રવૃત્તિ કરવાની રુચિ અને દૃષ્ટિ થતી નથી. સમજાણું કાંઈ? શું કહ્યું? જુઓ!

મુમુક્ષુ - ...

પૂજ્ય ગુરુદેવશ્રી - અહીંયા રુચિ કરી અને અહીંયા રુચિ હોય એમ બે ન બની શકે. એક મ્યાનમાં બે તલવાર ન રહી શકે. સમજાણું કાંઈ? નિમિત્ત પણ સારું હોય તો ઠીક, રાગ પણ શુભ આવે તો ઠીક અને અશુભભાવમાં મને મજા પડે છે એમ જ્યાં સુધી રુચિ અને પ્રીતિ છે ત્યાં સુધી સ્વભાવ શુદ્ધની અનાકુળ આનંદની પ્રીતિ અંતરમાં નથી થતી. બરાબર છે? એક મ્યાનમાં બે તલવાર ન રહે.

**'યથોક્ત વિધિ...'** કહ્યુંને? પહેલેથી ચાલ્યું આવે છે. જ્ઞાન અધિકાર, જ્ઞેય અધિકાર ચાલ્યો. જ્ઞેયની ઘણી વાત કરી. એક સમયમાં ઉત્પાદ-વ્યય અને ધ્રુવ આત્મા. એવા અનંત આત્મા, એવા અનંત પરમાણુ. એક સેકંડના અસંખ્યભાગમાં અનંત. એક વસ્તુમાં અનંત ગુણ, એક એક ગુણમાં ત્રણ અંશ. નવી અવસ્થાનું ઉત્પન્ન થવું, પૂર્વની અવસ્થાનું વ્યય થવું, સદૃશ ધ્રુવતાનું કાયમ રહેવું. એવા ત્રણ અંશ એક એક ગુણના (હોય છે). બધા દ્રવ્યમાં પણ આવા ઉત્પાદ-વ્યય-ધ્રુવ આખા ગુણમાં-પર્યાયમાં થાય છે. આવો એક આત્મા હું છું અને મારી પર્યાયમાં વિકાર જે પુણ્ય-પાપનો થાય છે તે પણ અનિત્ય, પરહેતુ, કર્મના નિમિત્તે ઉત્પન્ન થવાવાળા છે. એ સ્વયંની ચીજ નથી. એમ અંતરમાં.... મારી પર્યાયમાં મારા અપરાધથી થાય છે. એ તો સવારે ચાલે છે કે નહિ? કર્મ વિકાર કરાવે છે, કર્મ વિકાર કરાવે છે એ માન્યતા ખોટી થઈ. ખોટી માન્યતા હોય ત્યાં સુધી તેની પ્રવૃત્તિ અંદરમાં આવી શકે નહિ. વિકાર પણ કર્મ કરાવે એમ માને તો સ્વયંસિદ્ધ વિકારની પર્યાય પોતાનો સ્વધર્મ એમ આવ્યું હતુંને? એ પોતાનો સ્વધર્મ છે. વિકાર પણ સ્વધર્મ છે. સ્વધર્મનો અર્થ પોતાની પર્યાયમાં વિકાર ધારી રાખ્યો છે. પુણ્ય અને પાપ, દયા, દાન, વ્રત, ભક્તિ, તપ, જપ, કામ, ક્રોધ એ બધા વિકલ્પ ઉઠે છે, રાગ છે, વાસના છે, શુભાશુભ વૃત્તિ છે. એ સ્વધર્મ પોતાની પર્યાયે ધારી રાખ્યો છે. એમ જ્યાં સુધી નિર્ણય ન થાય, આમ દ્રવ્ય, ગુણ, પર્યાયનો નિર્ણય ન થાય ત્યાં સુધી સ્વરૂપની રુચિની પ્રવૃત્તિ એને થઈ શકતી નથી. સમજાણું કાંઈ? અંદર કાંઈક શલ્ય રહી

જાય છે કોઈપણ જાતનું. કાં પુણ્યમાં મીઠાશ કાં પાપમાં મીઠાશ, કાં જ્ઞાનની ક્ષયોપશમ દશા હોય થોડી એનો અંદરમાં અધિકપણાનો ગર્વ (રહી જાય છે).

મુમુક્ષુ - ...

પૂજ્ય ગુરુદેવશ્રી - હા, એ કંઈ પણ અંદર રોગ રહી જાય તો શુદ્ધ ચિદાનંદસ્વભાવ ભગવાન પરમાત્મા ત્રિલોકનાથે કહ્યો એવી શ્રદ્ધાની પ્રવૃત્તિ નથી કરી શકતો. ધર્મચંદજી! એક પણ .... રહી ગઈ, સારો સંચો હોય અને ... શું કહે છે? ખીલી ક્યાંક રહી ગઈ તો આખો સંચો ... થઈ જાય, આખો સંચો અટકી જાય. એમ એકપણ વિપરીત શલ્યની પ્રતીતિ અને વિપરીત શલ્યનો ભાવ રહી ગયો તો પોતાના શુદ્ધ સ્વરૂપમાં રુચિની પ્રવૃત્તિ નથી થઈ શકતી. સમજાણું કાંઈ? બરાબર છે? રામસ્વરૂપજી! હજી તો કાં કર્મ રખડાવે છે અને કાં વિકાર કર્મથી થાય છે, શું કરીએ? અને વિકાર હોય થોડો તો એ વિકાર આત્મામાં છે જ નહિ, આત્મા તો શુદ્ધ છે, તદ્દન શુદ્ધ છે. વિકાર આત્મામાં છે જ નહિ એવી માન્યતા પણ મિથ્યાત્વ છે. વિકાર પર્યાયમાં ન હોય તો આ તને દુઃખ ક્યાંથી આવ્યું? અને દુઃખનું ટાળવું ક્યાંથી થશે? આત્મા તો તદ્દન નિર્મળ છે, આત્મા તો શુદ્ધ છે. જરી મન અને પ્રકૃતિથી વિકાર થાય છે એ પર છે, આત્મામાં નથી. એ દૃષ્ટિ પણ મિથ્યાત્વ છે. સમજાણું કાંઈ? અને વિકાર પર્યાયમાં છે એમ ત્રિકાળ દ્રવ્ય-ગુણમાં પણ છે એવી માન્યતા પણ વિપરીત માન્યતા છે. સમજાણું કાંઈ? પૈસા કમાવામાં કાંઈ મહેનત નથી હોં! એ તો પૂર્વના પુણ્ય હોયને, ચાલ્યા આવે.

મુમુક્ષુ - ...

પૂજ્ય ગુરુદેવશ્રી - ધૂળમાંય ... થાતા નથી. આ બધા બેઠા .... ચાલ્યા આવે છે.

મુમુક્ષુ - ...

પૂજ્ય ગુરુદેવશ્રી - પરસેવો ચડે છે. ધૂળમાંય નથી પરસેવા. ન્યાં બેઠા બેઠા શું છે? કષાયની આકુળતા થાય. આ આવ્યું ને આ ગયું ને આમ કરું ને તેમ કરું. આ મોટર આમ લ્યો ને આ લ્યો ને આ લ્યો. ધૂળધાણી. રાગ.. રાગ.. રાગ.. મોહની જાળ. મોહની જાળમાં, જેમ કરોળિયો ગુંચાઈ જાય છે (એમ ગુંચાઈ જાય છે). ભગવાનજીભાઈ! આ બધા પૈસાવાળા બેઠા, જુઓને! વીસ-વીસ લાખ, પચ્ચીશ-પચ્ચીશ લાખ, પચાસ લાખવાળા ઘણા બધા બેઠા છે. સમજાણું કાંઈ? કેટલું સુખ હશે? સુખી હોય તો આવે શું કરવા આફ્રિકા છોડીને? ન્યાં ઘણા પૈસા છે અને ઘણો મોટો વેપાર ચાલે છે. પોપટભાઈ! તમારે ત્યાં ઘણો વેપાર ચાલે છે. ... ધૂળમાંય સુખ નથી પૈસામાં ને શરીરમાં ને બાયડીમાં ને છોકરામાં, હજીરામાં. હજીરા એટલે આ બંગલા. બે-પાંચ લાખના ધૂળ. એ તો પર છે. પરને લઈને દુઃખ નથી પાછું. પરને લઈને દુઃખ નહિ. દુઃખ તો પરનું લક્ષ કરીને વિકાર ઉત્પન્ન કરે છે તે દુઃખ છે. પરથી દુઃખ નથી. અંદર શલ્ય એક રહી જાય તોપણ કહે કે બાયડી-છોકરા દુઃખ કરે છે. ધૂળ કરે છે, પરદ્રવ્ય તને દુઃખ કરે છે? પરવસ્તુમાં દુઃખ કરાવવાની તાકાત છે તારી દુઃખની દશામાં? તું આનંદસ્વભાવને ભૂલીને તું જ તારી પર્યાયમાં-અવસ્થામાં દુઃખની-

આકુળતાની ઉત્પત્તિ તું જ કરે છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ - ...

પૂજ્ય ગુરુદેવશ્રી - શલ્ય એટલે આ અંદર લોઢાનો હથિયાર વાગ્યો હોયને, આ બાણ, પછી અંદર .. પડી ગયું બહાર આવી ચામડી. એ શલ્ય પડ્યું હોય ત્યાં સુધી અંદર રૂઝાય નહિ. એમ આ મિથ્યાશ્રદ્ધાનું કાંઈક શલ્ય, ... ઘણા પ્રકારના શલ્ય કીધાને, ઘણા પ્રકારના. ક્યાંક.. ક્યાંક.. ક્યાંક.. ક્યાંક પોતાના જ્ઞાનના ઉઘાડનો ગર્વ, કાં વિકલ્પ ઉઠે એનો પ્રેમ, મીઠાશ કાં સંયોગની મીઠાશ. એમ કોઈપણ ચીજમાં, બાહ્ય ચીજમાં રાગથી માંડીને સંયોગ અને અલ્પજ્ઞાનથી માંડીને ગર્વ અને જેવી ચીજ છે એવી ચીજથી વિપરીત માન્યતા-એમાંથી કોઈપણ એક શલ્ય અંદર રહે ત્યાં સુધી સ્વભાવની શ્રદ્ધા, જ્ઞાનની પ્રવૃત્તિ થઈ શકે નહિ.

મુમુક્ષુ - ...

પૂજ્ય ગુરુદેવશ્રી - હા, ઇ શલ્ય છે. એમાં શલ્યના ઘણા પ્રકાર છેને. મિથ્યાદર્શનના પ્રકાર અસંખ્ય છે. મિથ્યાદર્શનના પણ અસંખ્ય પ્રકાર છે. એક પ્રકારનું નહિ. એમાંથી કોઈપણ એક પ્રકાર રહી જાય.. ગ્રહીત મિથ્યાત્વ, અગ્રહીત મિથ્યાત્વ. ગ્રહીત મિથ્યાત્વના બે ભેદ છેને. કોઈ એકાંત આત્માને નિત્ય માને છે, કોઈ એકાંત અનિત્ય માને છે, એકાંત શુદ્ધ માને છે, એકાંત અશુદ્ધ માને છે, કોઈ કર્તા છે જગતનો કોઈ કરવાવાળો છે એમ માને છે, કોઈ સર્વવ્યાપક માને છે, કોઈ પુણ્યથી ધર્મ થાય છે (એમ માને છે), આત્મામાં અનંતગુણ એક સમયમાં છે એમ નથી એમ માને છે, કોઈ, ગુણ છે તો પર્યાય પલટે છે એમ માનતા નથી, પલટે છે પણ ત્રિકાળ શક્તિ છે એમ નથી માનતા. એમ કોઈપણ એક શલ્ય અંદર રહી જાય ત્યાં સુધી શુદ્ધાત્મા યથોક્ત વિધિ વડે. એમ કહ્યુંને માથે?

ભગવાન સર્વજ્ઞ પરમાત્મા ત્રિલોકનાથ વીતરાગદેવ દેવાધિદેવ એમણે જે આત્મા કહ્યો, એવી વિધિ વડે જે શુદ્ધાત્માને ધ્રુવ જાણે છે. ધર્મચંદજી! સમજાણું કાંઈ? એને આવા આત્માને **'તેમાં જ પ્રવૃત્તિ દ્વારા...'** અંદર પ્રવૃત્તિ વડે. ધર્મી હોય, લડાઈનો ભાવ પણ થઈ શકે છે. લડાઈનો ભાવ થઈ શકે છે. સમકિતીને અંદર આનંદની પ્રવૃત્તિ હોઈ શકે છે. પૂર્ણ વીતરાગ ન થાય (ત્યાં સુધી) લડાઈનો ભાવ પણ થઈ શકે છે, ભોગનો ભાવ પણ આવે છે, વિષયવાસનાનો ભાવ આવે છે, છન્નું હજાર (સ્ત્રીને) ભોગવવાનો રાગ પણ છે, પણ અંતરમાં એની રુચિ અને એમાં મજા છે એવી દૃષ્ટિ ઊડી ગઈ છે. સમજાણું કાંઈ?

માછલી જેમ પાણીમાંથી નીકળીને અગ્નિમાં પડે તો દુઃખી થાય છે, પણ વેળુમાં આવી જાય તોય દુઃખી છે. એમ ધર્મીને પાપ પરિણામમાં અગ્નિ જેવું દુઃખ લાગે અને પુણ્ય પરિણામમાં, માછલી જેમ વેળુમાં આવે એવું દુઃખ લાગે. એમ પુણ્ય-પાપના ભાવમાં દુઃખ લાગે એને સ્વરૂપની દૃષ્ટિમાં રુચિ અને આનંદ લાગે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ગુરુદેવશ્રી :- હા.. એમાં દુઃખ લાગે. (ભાવ) આવે છે ખરો જ્ઞાનીને. શુદ્ધાત્મ પ્રવૃત્તિ હોવા

છતાં જ્યાં સુધી શુદ્ધાત્મ પ્રવૃત્તિ પૂર્ણ ન થાય ત્યાં સુધી વચ્ચે શુભ-અશુભરાગ આવે છે, પણ આવે છે ઇ હેય છે, દુ:ખરૂપ છે. મારા આત્મામાં આનંદકંદ સચ્ચિદાનંદ હું છું. પૂર્ણાનંદ એવા અનંતગુણનો એક રસ. પ્રભુ! એ જ મારે પ્રાપ્ત કરવાલાયક છે. એવી અનુભવની દૃષ્ટિનો, એને આવો ભાવ આવવા છતાં નાશ થતો નથી. સમજાણું કાંઈ? રતિભાઈ! કહો, આ રૂપિયા રોકતા હશે કે નહિ? રોકતાને શું કહે છે? ... કરે છે. રૂપિયા, પૈસા બધા મોટા કરોડોપતિઓ ... આમ ને આમ... એનું અભિમાન છે એ રાગ નુકસાન કરે છે. એ ચીજ નુકસાન કરતી નથી. ચીજ તો ચીજમાં રહી. ચીજ તો કહેતી નથી. ભગવાન તો કહે છે કે એ બધા આત્માના જ્ઞાનના જ્ઞેય છે. જાણવાલાયક ચીજ છે. એમાં તારી ને મારી કરવામાં પણ નહિ અને તારી ને મારી કરવામાં તારા જ્ઞાનમાં પણ નહિ. સમજાણું કાંઈ?

મુમુક્ષુ - પૈસાવાળાની આબરૂ તો હોય છે.

પૂજ્ય ગુરુદેવશ્રી - આબરૂ હોય છે. ધૂળની આબરૂ હોય છે એમાં આત્મામાં શું આવ્યું?

મુમુક્ષુ - માન મળે છે.

પૂજ્ય ગુરુદેવશ્રી - માન મળે એમાં શું આવ્યું? કહો! વિષ્ટા ચોપડે શરીર ઉપર તો ઠંડક લાગે.

મુમુક્ષુ - ...

પૂજ્ય ગુરુદેવશ્રી - ... પણ પૈસામાં પુણ્ય આવ્યું ક્યાં? પાપ અને પુણ્યભાવ છે એ પણ મલિન છે.

મુમુક્ષુ - ...

પૂજ્ય ગુરુદેવશ્રી - ધનથી જોડ્યું પણ...

મુમુક્ષુ - ...

પૂજ્ય ગુરુદેવશ્રી - પુણ્યથી થાય છે. મૂળ તો પુણ્યથી.

મુમુક્ષુ - ...

પૂજ્ય ગુરુદેવશ્રી - નહિ, નહિ, નહિ. એ વાત નથી. એ તો પૂર્વના પુણ્યથી મળે છે, વર્તમાનથી નહિ. વર્તમાન રળવાનો ભાવ તો પાપ છે. એમ કોણે કહ્યું? વર્તમાન કમાવાનો ભાવ તો પાપ છે. એ તો પાપની નવી લોન લે છે. પણ પૂર્વના પુણ્ય રજકણ પડ્યા હતા એનાથી મળી એમ કહે છે. શું શેઠ? શોભાલાલજી! વર્તમાન તમારો લક્ષ્મી મેળવવાનો ભાવ છે એ તો પાપ છે, અધર્મ છે. કમાવાનો વિકલ્પ છે કે નહિ? કમાવાનો વિકલ્પ છે કે નહિ? એ પુણ્ય છે કે પાપ? પાપ. પણ લક્ષ્મી આવે છે એ પૂર્વના પુણ્ય બળે છે તેથી આવે છે.

મુમુક્ષુ - ...

પૂજ્ય ગુરુદેવશ્રી - પૂર્વના પુણ્ય હોય તો આવે, પુણ્ય ન હોય તો નથી આવતી. વર્તમાન પરિણામના આશ્રયે આવે છે (એમ) ત્રણકાળમાં નહિ. પણ એ પૂર્વના રજકણ પડ્યા છે, એવી ધૂળ. એનો પાક થાય છે તો આવે છે. પણ વર્તમાન ભાવ એને પ્રાપ્ત કરવાનો છેને, હું મેળવું, હું કમાઉ

એ તો પાપ છે.

મુમુક્ષુ - એ તો લોભ કષાય...

પૂજ્ય ગુરુદેવશ્રી - લોભ કષાય છે, રાગ છે, પાપ છે, ઝેર છે, દુ:ખ છે, આકુળતા છે. એને એમ કે પુણ્યને લઈને મળે, (પણ) કમાવાનો ભાવ પુણ્ય છે એમ કોણ કહ્યું?

મુમુક્ષુ - ...

પૂજ્ય ગુરુદેવશ્રી - ના, ના. સરકારને ભાન નથી. એ મુક્ત કરે, એના માટે મુક્ત નથી કરતા. એ તો એના લોભ માટે કરે છે. એના માટે નથી કરતા, એ તો બીજા સ્વાર્થ માટે કરે છે.

અહીંયા તો લક્ષ્મી મળવી એ બીજી વસ્તુ છે અને મેળવવાનો ભાવ છે એ બીજી વસ્તુ છે. બેય ભિન્ન છે. પૂર્વના પુણ્ય લઈને આવ્યા છે અંદર રજકણ તો એના પાક કાળે એ પુણ્ય બળી જાય છે અને લક્ષ્મી દેખાય છે. પાંચ લાખ, પચ્ચીશ લાખ, પચાસ લાખ આદિ. એ પણ તે સમયે કમાવાનો ભાવ હતો એ પાપની લોન નવી લ્યે છે. બરાબર છે? શેઠ! પાપની લોન નવી છે. પચાસ લાખ, સાંઈઠ લાખ મળ્યા. શાસ્ત્ર કહે છે, પચાસ-સાંઈઠ લાખની તારી લોન બળી ગઈ. રતનલાલજી! ઓહો..હો..! ઊંધી દૃષ્ટિ. આ કહે કે મને મળ્યા. આ કહે છે કે તારા પૂર્વના પુણ્ય હતા તે બળી ગયા અને નવા કમાવાના ભાવમાં આમ કમાઉં, આમ કમાઉં એ તો એકલી પાપની નવી લોન લ્યે છે.

અહીંયા તો કહે છે કે લક્ષ્મી વર્તમાનમાં મળી એ પણ નહિ, આ પૂર્વના પુણ્યના રજકણ પડ્યા છે એ પણ નહિ, આ વર્તમાન મારો શુભભાવ હોય કોઈ દયા, દાનનો એ પણ મને ધર્મ નહિ. મારો ધર્મ તો રાગથી પાર સચ્ચિદાનંદ પ્રભુ સિદ્ધ સમાન પરમાત્મા સર્વજ્ઞસ્વરૂપ અંદર પડ્યું છે, ... પડી છે, એનું અનુસરણ ને અનુકરણ ને અનુભવ કરવો એનું નામ ધર્મ છે. એમાં લક્ષ્મીવાળો... પુણ્યથી મળી એમાં કંઈ વર્તમાન પુણ્યભાવ છે એમ નથી કહેતા એને. સમજાણું કાંઈ? ગાય કાપવાવાળા, જૂઠું બોલવાવાળા જૂઠું બોલે છે કે નહિ? જૂઠું બોલે તો પૈસા મળે. તો જૂઠું બોલવાથી મળે છે? એ પૂર્વના પુણ્ય છે, આવ્યા, પુણ્ય બળી ગયા. ખોટું બોલવાના નવા પાપની લોન લીધી અંદરમાં.

અહીં તો બેય વસ્તુ નહિ. પૂર્વના પુણ્ય પણ હું નહિ, પુણ્યનું ફળ પણ હું નહિ, વર્તમાન મને શુભભાવ થાય એ પણ હું નહિ. આહા..હા..! હું તો જાણન-દેખન, આનંદસ્વરૂપી અનંતગુણના પુંજરૂપ છું. એવી દૃષ્ટિ કર્યા વિના અંતરમાં અનુભવની પ્રવૃત્તિ થતી નથી. સમજાણું કાંઈ? વૈરાગ્યના પદને વિઘ્ન આડા ઘણા, એવું આવે છે. સમજાય છે? ઘણા આડા. અંતરમાં સ્વરૂપની દૃષ્ટિ કરવામાં ઘણા વિઘ્ન. લોકોને પરિણામની વિપરીતતાના પાર નહિ. સમજાણું કાંઈ? કોઈ કંઈ માને, કોઈ કંઈ માને, કોઈ કંઈ માને. પછી કહે કે અમે ધ્યાન કરીએ છીએ. એક જણો કહતો હતો, ધ્યાન કરું છું. પણ શેનું ધ્યાન? વસ્તુ જેવી છે એવી વસ્તુ જ્ઞાનમાં આવ્યા વિના એની એકાગ્રતાનું ધ્યાન કદી થતું નથી. તેથી કહે છે. હવે ધ્યાન લેશે. પછીની ગાથામાં ધ્યાન લેશે. આમાં લખ્યુંને,

ધ્યાનથી સમ્યગ્દર્શન થાય છે. પણ કોનું ધ્યાન? શેનાથી ખસવું? ક્યાંથી ક્યાં જાવું? શું વસ્તુ છે? એમ સત્સમાગમ દ્વારા, સર્વજ્ઞે કહ્યું એ દ્વારા આવી વસ્તુ સમજ્યા વિના અને પરની રુચિ ખસેડ્યા વિના અંતરની દૃષ્ટિની પ્રવૃત્તિ થતી નથી. સમજાણું કાંઈ?

મુમુક્ષુ - ...

પૂજ્ય ગુરુદેવશ્રી - જ્ઞાન મોંઘું છે. મોંઘું છે. સહજ છે પણ મોંઘું કરી નાખ્યું છેને. બહારથી માની લીધું, આ.. આ.. આ... જેવી વસ્તુ છે મહા પરમાત્મા, ન આવ્યું ૧૯૨માં? અતીન્દ્રિય મહા પદાર્થ. અતીન્દ્રિય મહા પદાર્થ. પુણ્યવંતને એમ કોણ કહે છે કે આ પુણ્યવંત છે માટે મોટો છે. કોણે કહ્યું? ભિખારી છે.

મુમુક્ષુ - ...

પૂજ્ય ગુરુદેવશ્રી - પાપની લ્યે છે.

મુમુક્ષુ - ...

પૂજ્ય ગુરુદેવશ્રી - ધર્મનું ભાન નથી. ધર્મ તો બીજી વસ્તુ છે. એ લાઈન જ જુદી છે. એક અહીંયા રાજા આવ્યા હતા. કૃષ્ણકુમાર આવ્યા હતા. ભાવનગર દરબાર છેને? કરોડનો તાલુકો છેને એનો. અહીં એકવાર આવ્યા હતા. એકવાર વ્યાખ્યાનમાં લીધું હતું. અલ્પ માંગે એ નાનો માંગણ-ભિખારી. ઘણું માંગે એ મોટો ભિખારી. ભિખારી સમજો છો? એક કહે કે અમારે મહિને પચાસ રૂપિયા હોય તો બસ છે. તું નાનો માંગણ-ભિખારી. ઓલો કહે, એક મહિને મને પાંચ હજાર જોઈએ. તો તું મોટો ભિખારી છે. એક કરોડ અમારે બાર મહિને જોઈએ છે તો તું મોટો ભિખારી-માંગણ છો. ઝાઝું માંગે ઇ માગણ મોટો, થોડું માંગે એ નાનો માંગણ. અમારી ગુજરાતી કાઠિયાવાડી ભાષા છે. સમજાણું કાંઈ? અલ્પ માંગે એ નાનો માંગણ, ઘણું માંગે એ મોટો ભિખારી. શેઠ! આ તો એવી ચીજ છે. અહીં કંઈ માખણ-બાખણ તો છે નહિ. અને શેઠિયાને બધા ચડાવી દે. ઓહો..હો..! શું ધર્મધુરંધર! બે-પાંચ હજાર ખર્ચે, દસ હજાર એમાં ધર્મધુરંધર. પૈસા ખર્ચ્યા એમાં ધર્મ ક્યાંથી આવ્યો? ક્યાંથી ધર્મ (આવ્યો)? ઓલા માખણિયા માટે સાધુ અને ત્યાગી એને ધર્મ ધર્મ (કરવા લાગ્યા). ધર્મ કર્યો. ધૂળમાંય ધર્મ નથી. તારા કરોડ રૂપિયા આપી દે, એ તો જડ છે. દેવામાં તારો ભાવ અભિમાનનો છે તો પાપ છે અને કદાચિત્ દાનમાં કષાય મંદનો ભાવ છે તો પુણ્ય છે, વિકાર છે. એ વિકારની પણ રુચિ છૂટ્યા વિના તારી દૃષ્ટિ અંદર આવશે નહિ.

સ્વભાવ ભગવાન અતીન્દ્રિય આનંદ દરબારમાં બિરાજમાન છે. અંતરમાં અતીન્દ્રિય આનંદસ્વરૂપ પ્રભુ આત્મા છે. એ અતીન્દ્રિય આનંદની પ્રીતિ વિના અને પુણ્યની પ્રીતિ છોડ્યા વિના અંતરમાં રુચિ થઈ શકે નહિ. સમજાણું કાંઈ? ઓહો..હો..! મોહનભાઈ! ક્યાં સુખ હશે? ધૂળમાંય સુખ નથી. આમ આમ બધું... શું કહે આ લોહી ચડે ઇ? બ્લડ પ્રેશર. તમારા છોકરાને નહોતું પોર? રૂપિયા બે કરોડ એમના દીકરા પાસે છે. સમજાય છે? .... બ્લડ પ્રેશરમાં રૂપિયા નાખ્યા નહિ? ધૂળમાંય બચ્યું નથી. ન્યાં બધું પડ્યું છે, અંદર હોળી સળગે છે. સુખ કે દિ' હતું

એમાં ધૂળમાંય તે. સમજાય છે કાંઈ? અને મોટા લક્ષ્મીવાનથી મોટા કહેવા, એની મોટપ કરવી એ દૃષ્ટિ મિથ્યાત્વ છે.

મુમુક્ષુ - ...

પૂજ્ય ગુરુદેવશ્રી - મત મેળવે તો... ગાંડાની ઇસ્પિતાલમાં બધા ગાંડા ઘેલા જ હોય. એમ કે બધાના મત લેવા જાય તો તમારાથી વિરુદ્ધ બહુ મત પડે. ગાંડા સમજ્યા? પાગલની ઇસ્પિતાલમાં તો બધા પાગલ જ છે. એમ અજ્ઞાનની ઇસ્પિતાલમાં તો અજ્ઞાની પાગલ જ બધા છે. ગાંડા ગાંડાના વખાણ કરે ઓહો..! મોટા શેઠ છે, મોટા છે. કોને મોટો કહે છે? તારી શ્રદ્ધામાં મિથ્યાત્વ છે. પુણ્ય-પાપથી રહિત ધર્મ દૃષ્ટિ કર્યા વિના મોટું જગતમાં કોઈ છે જ નહિ. સમજાણું કાંઈ? સવારે નહોતું આવ્યું? કે પુણ્યવંત પ્રાણી કોઈ રાજકુમાર, રાજા ચક્રવર્તી આદિ હો, તો સ્ત્રીનો પ્રિય પ્રેમપાત્ર હોય છે. સ્ત્રીના હૃદયમાં એનો રાગ આવે છે કે ઓહો..હો..! પણ એવા પ્રેમપાત્ર પુરુષ પણ મુનિને વંદન કરે છે. ઓહો..! ધન્ય અવતાર! ઇન્દ્ર પણ ઉપરથી ઉતરે. ક્રોડો અપ્સરાઓ છે, અર્ધલોકના સ્વામી શક્રેન્દ્ર છે. એ તો સમકિતી છે, જ્ઞાની છે. કોઈ બીજા પણ હોય. મુનિ જંગલમાં બાવળ નીચે... બાવળ સમજો છો? બાવળને શું કહે છે? બબુલની નીચે બેઠા હોય, આત્મધ્યાન આનંદકંદ પ્રભુ આત્મા જેવો છે એવો, હોં! એમ ને એમ આંખ્યું વીંચીને ધ્યાન કરે એમાં કંઈ નથી.

અહીંયા આત્મા જેવો કહેવામાં આવે છે, વીતરાગ ત્રિલોકનાથ પરમેશ્વર સર્વજ્ઞદેવ એણે જે આત્મા એક એક કહ્યા, એવો જાણીને જેણે અંદરમાં દૃષ્ટિ લગાવીને... નગ્ન હોય, શરીર કાળું હોય, મેલું શરીર હોય, શરીરમાં પરસેવો હોય, મેલ લાગેલો હોય ... કોને નમે છે? વીતરાગી શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્રને નમે છે. એની પાસે તો ઋદ્ધિ ઘણી હતી. ના પ્રભુ! એ ઋદ્ધિ હોવા છતાં અમને એ આદરણીય નથી. સમકિતી ઇન્દ્ર શક્રેન્દ્ર ઉપરથી ઉતરે. દર્શન કરવા તીર્થંકર પાસે જાય, રસ્તામાં કોઈ મુનિ જોઈ લીધા... ઓહો..! જૈન સાધુ સ્વરૂપના સાધક અંતરમાં આનંદમાં કિલ્લોલ કરતા હોય, અવધિજ્ઞાની છે.. ઓહો..! વાહ! જંગલમાં સંત સ્વરૂપનું સિદ્ધપદનું સાધન કરે છે. હાથીના હોદ્દેથી નીચે ઉતરીને જય પ્રભુ! ઓહો..! શું છે એમની પાસે કે તમે આદર કરો છો? કહે છે, એમની પાસે છે તે મારી પાસે નથી. મારી પાસે છે એની મને કિંમત નથી. મને એ ચીજની કિંમત નથી. મને તો કિંમત એ વસ્તુની છે. ઓહો..! જેણે શરીર, વાણી અને મન પણ પરદ્રવ્ય તરીકે લક્ષ છોડી દીધું અને પુણ્ય-પાપના વિકલ્પનું લક્ષ પણ છોડીને સ્વરૂપની દૃષ્ટિનો અનુભવ કરે છે, એ ગૃહસ્થાશ્રમમાં હો તોપણ એ મોક્ષમાર્ગી છે. બૈરાં-છોકરા (હોય), ભોગની વાસના પણ પડી હોય, રાજપાટમાં પડ્યા હોય. એના સિંહાસનમાં જ્યારે ચક્રવર્તી બેસે છે તો હીરાના સિંહાસન (હોય). હીરા, એક એક કરોડના હીરા, એમાં બેઠો હોય અને દેખો તો એમ લાગે, આ! અંતરમાં ભેદજ્ઞાન થયું છે. એ ચીજ હું નહિ. આ વિકલ્પ ઉઠે છે એ હું નહિ. લોકો મને પુણ્યશાળી કહે છે ઇ હું નહિ. હું તો ચૈતન્ય શુદ્ધ અખંડાનંદ સચ્ચિદાનંદ પ્રભુ, એ ચૈતન્યનો હું સ્વામિ છું. હું રાગનો, પુણ્યનો, નિમિત્તનો સ્વામિ-પતિ-ધણી હું નથી. બીજા કહે કે તમે એના સ્વામિ છો. ગાળ ન દે ભાઈ! એ મારી

ચીજ નહિ. સમજાણું કાંઈ? ભાઈ! તમારી પાસે પૈસા ઘણા છે, હોં! અરે..! ભગવાન! હું ચૈતન્ય છું અને જડ મારી પાસે છે, આ તમે શું કહો છો? ગાળ આપો છો. અમારી પાસે તો આત્મા છે. જ્ઞાનસ્વરૂપી સિદ્ધ છે. અને તમારી પાસે પુણ્ય ઘણા છે, હોં! અરે..! ભગવાન! ગાળ શું કરવા આપો છો? ભગવાન આત્મા પાસે પુણ્ય? બાબુલાલજી! એવી વસ્તુ છે ભાઈ અહીંયા. હમણા પ્રશ્ન હતો. ભાઈએ બાબુલાલજીએ પ્રશ્ન કર્યો હતોને. એ તો સમજવા માટે કર્યો હતોને. સમજાણું કાંઈ?

ભગવંત! ઇ કહે છે, આહા..હા..! અરે..! અમારી અંતર સંપદા 'ઋદ્ધિ, સિદ્ધિ વૃદ્ધિ દિસે ઘટમાં પ્રગટ સદા' સમ્યગ્દૃષ્ટિને તો ઋદ્ધિ-સિદ્ધિ અંતરમાં દેખાય છે. સમજાણું કાંઈ? ઇ આવે છે કે નહિ? રાજારામજી! સમયસાર નાટકમાં આવે છે.

**ચેતનરૂપ અનૂપ અમૂરતિ, સિદ્ધ સમાન સદા પદ મેરો,**
**મોહ મહાતમ આતમ અંગ, કિયૌ પરસંગ મહાતમ ઘેરૌ.**
**ગ્યાનકલા ઊપજી અબ મોહિ, કહૌં ગુન નાટક આગમકેરૌ,**
**જાસુ પ્રસાદ સધૈ સિવમારગ, વેગિ મિટૈ ભવવાસ બસેરૌ. ૧૧.**

ઇ બનારસીદાસ કહે છે.

**સ્વારથ કે સાચે પરમારથ કે સાચે ચિત,**
**સાચે સાચે બૈન કહૈં સાચે જૈનમતિ હૈ.**
**કાહૂકે વિરુદ્ધિ નાહિ, પરજાય બુદ્ધિ નાહિ,**
**આતમગવેષી ન ગૃહસ્થ હૈં ન જતી હૈં.**
**સિદ્ધિ રિદ્ધિ વૃદ્ધિ દીસે ઘટમૈં પ્રગટ સદા,**
**અંતરકી લચ્છીસૌં અજાચી લચ્છપતી હૈં.**
**દાસ ભગવંતકે ઉદાસ રહૈ જગતસૌં,**
**સુખિયા સદૈવ ઐસે જીવ સમકિતી હૈં. ૭.**

સમજાણું કાંઈ? બનારસીદાસ ગૃહસ્થાશ્રમમાં હતા. પહેલા બહુ શ્રૃંગારી હતા. ગુલાંટ ખાઈ ગયા અંદરથી, ભાન થયું ભાન, હું તો જન્મ-મરણથી રહિત છું એવા આત્માની અમને પ્રાપ્તિ થઈ છે. એવા આત્માનું ભાન ગૃહસ્થાશ્રમમાં થયું. સમજાણું કાંઈ? અને મુનિ થઈને પણ બાહ્ય દ્રવ્યલિંગ ધારણ કરીને પણ ક્રિયાકાંડ કરીને પણ, એ મારો ધર્મ છે, મને એનાથી લાભ થશે (એમ માનનાર) મૂઢ મિથ્યાદૃષ્ટિ નિગોદગામીના રસ્તે જાય છે. મહેન્દ્રભાઈ! આવી વાત, ભાઈ! તત્ત્વ શું છે, તત્ત્વથી અતત્ત્વ વિરુદ્ધ શું છે એની ખબર નહિ અને એને મોક્ષમાર્ગ આવી જાય!

અહીંયા તો કહે છે કે ઓહો..! મારી રિદ્ધિ, સિદ્ધિ, વૃદ્ધિ... બહારમાં નથી કહેતા? પુણ્યને લઈને દીકરા વધ્યા, પુણ્ય વધ્યા, બધું વધ્યું. સમકિતી માને છે કે અરે..રે..! એ તો સોજા ચડેને સોજા? સોજાને શું કહે છે? સૂજન.. સૂજન. સોજા છે એ શરીરની નિરોગતા છે? એમ લક્ષ્મી, આબરૂ, કીર્તિ ... એ શું આત્માની નિરોગતા છે? અને આત્માની વસ્તુ છે? એ તો સોજા છે.

આહા..હા..! અંતરમાં પણ શુભ-અશુભભાવની ઉત્પત્તિ થાય એ રોગ છે, ઝેર છે. આત્માના અમૃતકંદ પ્રભુને લૂંટનારી આ દશા છે. નહિ, નહિ, નહિ. આ નહિ, મારા નહિ. હું તો શુદ્ધ આત્માને ધ્રુવ જાણું છું. જુઓ! ધર્મી પોતાનો શુદ્ધ ચૈતન્યપ્રભુ જેમાં પુણ્યના વિકલ્પનો પણ અવકાશ નથી. એને કાયમ રહેવાવાળી ચીજ જાણે છે. **'તેને તેમાં જ પ્રવૃત્તિ દ્વારા...'** દૃષ્ટિ થઈ એ પછી એમાં લીન થવાની પ્રવૃત્તિ થઈ. સમજ્યા વિના, ... વિના પ્રવૃત્તિ ક્યાંથી થાય? અંદરમાં, હોં! જ્ઞાનધામ અખંડાનંદ પ્રભુમાં પ્રવૃત્તિ-પ્ર-વિશેષે વૃત્તિ-પરિણતિ દ્વારા **'શુદ્ધાત્મત્વ હોય છે;...'** જુઓ! શુદ્ધાત્મત્વ. શું? શુદ્ધાત્મપણું. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એવી નિર્મળ પર્યાય પણ એ શુદ્ધાત્માની પ્રવૃત્તિ કરવાથી થાય છે. એ પુણ્ય-પાપની પ્રવૃત્તિથી શુદ્ધાત્મત્વ નથી આવતું. સમજાણું કાંઈ? શેઠી! ભાઈ! વીતરાગમાર્ગ બહુ સહજ છે અને બહુ દુર્લભ છે. સાંભળવા મળે નહિ, પરિચયમાં લીધો નહિ અને માની લે કે અમને વીતરાગમાર્ગ મળી ગયો. દયા પાળી ને આમ કર્યું ને લુગડાં ફેરવ્યા, થઈ ગયા સાધુ. મૂઢ છે. સાંભળ તો ખરો. હજી સમ્યગ્દર્શન શું છે એની તને ખબર નથી ત્યાં સાધુ તું ક્યાંથી થઈ ગયો? સમજાણું કાંઈ? એક પાઈ દેવાની તાકાત નથી અને મેં કરોડ રૂપિયા આપી દીધા કાલે. મૂઢ લાગે છે. ભાન નથી કરોડ કોને કહેવા ઇ.

એમ ભગવાન આત્મા એક સમયમાં, હું ચિદાનંદમૂર્તિ પુણ્ય-પાપની રુચિ વિના મારો સ્વભાવ ... જાણું છું. એમાં જ પ્રવૃત્તિ દ્વારા શુદ્ધાત્મત્વ હોય છે. જુઓ! શું કહે છે? એ પુણ્ય-પાપની પ્રવૃત્તિથી શુદ્ધાત્મત્વ અર્થાત્ મોક્ષમાર્ગની પર્યાય પ્રગટ નથી થતી. શુદ્ધાત્મત્વ એમ કહે છે. આહા..હા..! શુદ્ધ જે ત્રિકાળ ત્રિકાળ વસ્તુ એમાં એકાગ્ર થતાં પર્યાયમાં-અવસ્થામાં-હાલતમાં-દશામાં શુદ્ધાત્મતા પ્રગટ થાય છે. એ શુદ્ધાત્મતા દશા પ્રગટ થઈ એ જ મોક્ષનો માર્ગ નિર્વિકલ્પ વીતરાગ પરિણતિ છે. એને ભગવાન સમ્યગ્દર્શન-જ્ઞાન અને ચારિત્ર કહે છે. લુગડા-ફુગડા, ભેખ-બેખને બહારથી માની લે કે હું મુનિ થઈ ગયો, નગ્ન થઈ ગયો, મુનિ થઈ ગયો. અઠ્યાવીશ મૂળગુણ પાળતો હોય લાખ કદાચિત્, એ મુનિ-ફુનીપણું છે જ નહિ. સમજાણું કાંઈ?

**'તેને તેમાં જ પ્રવૃત્તિ દ્વારા...'** એમ કહ્યું છે. એ પુણ્યના પરિણામ વ્યવહારની પ્રવૃત્તિ દ્વારા શુદ્ધાત્મતા પ્રાપ્ત થાય છે, શુદ્ધાત્મત્વ--એમ નથી. માંગીલાલજી! સમજાણું કાંઈ? ભાનેય નથી હજી અહિંસા કોને કહેવી? સત્ય કોને કહેવું? માની લો. શરીરથી જરી બ્રહ્મચર્ય પાળ્યું. થઈ ગયું (બ્રહ્મચર્ય). ધૂળમાંય (નથી). એ તો અભવિ પણ પાળે છે, સાંભળ તો ખરો! એમાં શું આવ્યું? તારો બ્રહ્માનંદ સ્વરૂપી એક સમયમાં પૂર્ણાનંદ પ્રભુ સર્વજ્ઞ પરમાત્મા ત્રિલોકનાથે કહ્યો એમ જ્યાં સુધી તારી દૃષ્ટિની પ્રવૃત્તિ ન થાય ત્યાં સુધી તને ધર્મનો અંકુર પણ ઉત્પન્ન થતો નથી. સમજાણું કાંઈ? કઠણ તો લાગે. કોઈક કહેતું હતું સવારે. કોણ કહેતું હતું? ભડકે, પુણ્ય-પાપને ઝેર કહે ત્યાં ભડકે. પુણ્યને વિષ્ટા કહે ત્યાં ભડકે. રતનલાલજી! કહેતા હતાને સવારે? ભડકો ભાઈ! એમાં શું છે? વસ્તુ તો આવી છે. પોકાર કરો તો કરો, વસ્તુ બીજી થઈ જતી નથી.

સર્વજ્ઞ પરમાત્મા પરમેશ્વર ત્રિલોકનાથ અનંત તીર્થંકરો થઈ ગયા. સર્વજ્ઞ પરમાત્મા

મહાવિદેહક્ષેત્રમાં વર્તમાન મોજૂદ છે. સીમંધર પરમાત્મા તીર્થંકરદેવ બિરાજમાન છે. લાખો કેવળજ્ઞાની વર્તમાન મહાવિદેહક્ષેત્રમાં જમીન ઉપર બિરાજમાન છે. સમજાણું કાંઈ? બધા એક જ પ્રકારનો આ માર્ગ કહે છે, બીજો માર્ગ નથી. કહો, સમજાણું કાંઈ? શું કહે છે?

**'તેને...'** એટલે તે આત્માને **'તેમાં જ પ્રવૃત્તિ દ્વારા...'** શુદ્ધ ચૈતન્યધામમાં પ્રવૃત્તિ દ્વારા. લીન.

મુમુક્ષુ - ...

પૂજ્ય ગુરુદેવશ્રી - ઇ પર્યાય થઈ, પર્યાય. શુદ્ધાત્મત્વ એ પર્યાય થઈ. પર્યાય કીધીને પહેલા. શુદ્ધાત્મા ત્રિકાળ ધ્રુવ એની સાથે એકાકાર થાય છે તો શુદ્ધાત્મત્વ. નિર્મળની દશા પ્રગટ થાય છે. શુદ્ધાત્મત્વ દશા થાય છે. એ પુણ્ય-પાપની દશાની રુચિ છોડીને શુદ્ધ ધ્રુવનો આશ્રય કરે છે તો એકાકાર થઈને શુદ્ધાત્મત્વ--પવિત્રપણું વીતરાગીપણું, નિર્દોષ મોક્ષમાર્ગપણું પ્રગટ થાય છે, એ પ્રાપ્ત થાય છે. સમજાણું કાંઈ? ઓહો..! એટલો માર્ગ... એને ... પ્રરૂપકોએ એને, પંડિતો નામ ધરાવીને, ત્યાગી લોકો... મૂળ માર્ગ જ આખો ગુલાંટ ખાઈ ગયો. ગુલાંટ સમજ્યા? ઉલટ-પલટ થઈ ગયો. ઉલટ-પલટ. ખબર નથી કે માર્ગ શું છે.

**'તેથી (અર્થાત્ તે શુદ્ધાત્મતત્ત્વની પ્રાપ્તિને લીધે) અનંત શક્તિવાળા ચિન્માત્ર પરમ આત્માનું...'** જુઓ! હવે ખુલાસો કર્યો. કેવો છું હું આત્મા? અનંત શક્તિવાળો ચિન્માત્ર. હું તો જ્ઞાનમાત્ર આત્મા છું. એકલો જ્ઞાનમૂર્તિ પ્રભુ ચૈતન્યસૂર્ય. દયા, દાન, વ્રતાદિના વિકલ્પ એ રાગ એ મારી વસ્તુમાં છે જ નહિ. એવી પોતાની નિજ શક્તિની સંપદા જે પરમ આત્મા. જુઓ! નીચે લખ્યું છે, 'ચૈતન્યમાત્ર (પરમ આત્મા કેવળ ચૈતન્યમાત્ર છે.' પરમ આત્મા. વિકારી એક સમયની પર્યાય અને અલ્પજ્ઞ એ પરમ નહિ. પરમ આત્મા કેવળ ચૈતન્યમાત્ર 'કે જે ચૈતન્ય અનંત શક્તિવાળું છે. ' અનંત અનંત શક્તિ. એક જ્ઞાનની શક્તિમાં અનંત કેવળજ્ઞાન પ્રગટ થાય, અનંત આનંદ આદિ (પ્રગટ થાય) એવી શક્તિ એમાં છે. એવા અનંત શક્તિવંત પરમાત્માનું **'એકાગ્રસંચેતનલક્ષણ...'** લ્યો. **'એકાગ્રસંચેતનલક્ષણ ધ્યાન હોય છે.'** તેને સાચું ધ્યાન હોય છે. અંતર એકાગ્રતા એને થાય છે, બીજાને એકાગ્રતા થતી નથી. જે ભગવાન સર્વજ્ઞે કહ્યો એવો આત્માનું જ્ઞાન કરીને પરનો પ્રેમ અંદરથી છૂટી જાય અને સ્વભાવનો અંતર પ્રેમ લાગી જાય, એમાં અંતર પ્રવૃત્તિ થાય તો એકાકારનું ધ્યાન એને થાય છે. બીજાને સાચું ધ્યાન હોતું નથી. વિશેષ કહેશે....

(શ્રોતા - પ્રમાણ વચન ગુરુદેવ!)

**ભાદરવા વદ-૧, બુધવાર, તા. ૪-૯-૧૯૬૩**
**ગાથા-૧૯૪ થી ૧૯૬, પ્રવચન-૭૬**

પ્રવચનસાર, જ્ઞેયતત્ત્વ અધિકારની ૧૯૪ ગાથા ચાલે છે. ટીકા. આ જ્ઞેય એટલે પોતાનો જ્ઞેયસ્વભાવ ધ્રુવ છે, શુદ્ધ છે ત્રિકાળ એનું અવલંબન લેવું અને પોતાના આત્માથી અન્ય પદાર્થ, બીજા આત્મા હો કે બીજા જડ હો, એનું લક્ષ અને અવલંબન નહિ કરવું. કારણ કે એ અશુદ્ધતાનું કારણ છે. એમ જાણીને પોતાના સ્વભાવનો આશ્રય કરે છે તેને આત્માની શાંતિ અને આત્માના આનંદની પ્રાપ્તિ થાય છે. ઇ કહે છે.

**'ટીકા - આ યથોક્ત વિધિ વડે...'** માથે કહ્યું ૧૯૩ ગાથામાં. યથા ઉક્ત એટલે કોઈ પરદ્રવ્ય પોતાને (માટે) ધ્રુવ નથી. પોતાનો આત્મા જ ધ્રુવ.. ધ્રુવ.. ધ્રુવ કાયમ રહેવાવાળો છે. એવી વિધિ વડે **'શુદ્ધાત્માને જે ધ્રુવ જાણે છે,...'** મારો આત્મા જ કાયમ રહેવાવાળો શુદ્ધ તે જ હું ધ્રુવ છું, એમ જાણે છે **'તેને તેમાં જ પ્રવૃત્તિ દ્વારા...'** એ આત્માને, તેને એટલે તે આત્માને તેમાં જ પ્રવૃત્તિ (એટલે કે) હું શુદ્ધ ધ્રુવ ત્રિકાળ છું, એમાં પ્રવૃત્તિ દ્વારા (અર્થાત્) અંતરમાં એકાગ્રતા દ્વારા **'શુદ્ધાત્મત્વ હોય છે;...'** આત્માની પર્યાયમાં શુદ્ધાત્મ નામ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની નિર્મળતાની પ્રાપ્તિ થાય છે. સમજાણું કાંઈ? બહુ કઠણ માર્ગ લોકોને. સાંભળ્યો ન હોય તો એમ લાગે કે આ શું કરવું?

એક સમયમાં આત્મા અનાદિ-અનંત જે શુદ્ધ ત્રિકાળ છે તે જ પોતાનો આત્મા પોતાને ધ્રુવ છે. બીજી કોઈ ચીજ પોતાને માટે ધ્રુવ નથી. એવો પોતાનો આત્મા જ્ઞાન, દર્શન, આનંદ આદિ.. ઇ ૧૯૨ ગાથામાં કહ્યું હતું, એવો અતીન્દ્રિય મહા પદાર્થને ધ્રુવપણે જાણીને તેમાં જ પ્રવૃત્તિ કરવાવાળાને, જુઓ! સ્વજ્ઞેયમાં પ્રવૃત્તિ કરવાવાળાને શુદ્ધાત્મ નામ મોક્ષમાર્ગની પર્યાયનું પરિણમન પ્રાપ્ત થાય છે. સમજાણું કાંઈ? **'તેથી (અર્થાત્ તે શુદ્ધાત્મત્વની પ્રાપ્તિને લીધે) અનંત શક્તિવાળા ચિન્માત્ર પરમ આત્માનું...'** હવે ધ્યાન થાય છે. અંદરમાં ભાન થવાથી ધ્યાન થાય છે એમ કહે છે. અનંત શક્તિવાળા ચિન્માત્ર પરમ આત્મા. પરમ આત્મા પોતાનો સ્વભાવ ચિન્માત્ર-જ્ઞાનમાત્ર (છે). અનંત ગુણ સાથે આવી ગયા. તેનું **'એકાગ્રસંચેતનલક્ષણ...'** એમાં એક જ આત્મા અગ્ર નામ વિષયમાં લક્ષમાં લઈને સંચેતન (અર્થાત્) તેનો અનુભવલક્ષણ **'ધ્યાન હોય છે;...'** એક અગ્ર આત્મા. નીચે (ફૂટનોટમાં) અગ્રનો (અર્થ છે. ) **'એક અગ્રનું (વિષયનું, ધ્યેયનું) સંચેતન અર્થાત્ અનુભવન તે ધ્યાનનું લક્ષણ છે.'** ધ્યાનનું આ લક્ષણ છે. ધ્યાન.. ધ્યાન સમજ્યા વિના કહે છે એ ધ્યાન નથી હોતું.

પહેલા આત્મા એક સમયમાં અનંત ગુણથી શુદ્ધ ધ્રુવ હું છું, એમ પોતામાં (જાણે). અને પરદ્રવ્ય છે. પરદ્રવ્ય છે અનંત, એના અવલંબનથી અશુદ્ધતા આવે છે. એમ નિર્ણય કરીને પોતાના

આત્મામાં જે પ્રવૃત્તિ કરે છે, શુદ્ધ આત્મામાં, તેને તેનાથી શુદ્ધાત્માની પર્યાયની પ્રાપ્તિ થાય છે. અને તેથી ચિન્માત્ર એવો જે ભગવાન પોતાનો આત્મા એક અગ્રતા ધ્યેય કરીને અનુભવ થવો એનું નામ ધ્યાન કહે છે. આમ સમજ્યા વિના ધ્યાન-બ્યાન થતું નથી. કહો, સમજાણું કાંઈ? કોઈ સમજ્યા વિના આંખ મીંચીને કહે ધ્યાન (કરું છું). પણ શેનું ધ્યાન? શું વસ્તુ છે એની તો ખબર નથી.

એક સમયમાં અનંત-અનંત ગુણનો પિંડ પ્રભુ જ્ઞાનમાં વ્યાપક, અનંત શક્તિવાળો આત્મા એવો હું છું અને પરથી હું ત્રિકાળ ભિન્ન છું. એમ પોતામાં પોતાના સ્વભાવસન્મુખ એક લક્ષ કરીને, ધ્યેય કરીને પ્રવૃત્તિ કરે છે તેને જ ધ્યાન ઉત્પન્ન થાય છે. કહો, બહુ ઝીણી વાત. જ્ઞેય અધિકાર, છેલ્લો છેને, છેલ્લો અધિકાર. ૧૯૪ ગાથા ચાલે છે, છ ગાથા બાકી છે. જ્ઞેય અધિકાર પૂરો થવામાં છ ગાથા બાકી છે.

**'અને તેથી (અર્થાત્ તે ધ્યાનને લીધે)...'** આવા ધ્યાનને લીધે **'સાકાર...'**

મુમુક્ષુ - સાકારનો અર્થ?

પૂજ્ય ગુરુદેવશ્રી - ઇ કહીએ છીએને. સાકાર કહીને અટકી ગયા. સાકાર નામ ગૃહસ્થાશ્રમ દશા હો, ગૃહસ્થાશ્રમમાં દશા હોય, સાકાર એટલે ગૃહસ્થાશ્રમ દશા એ **'ઉપયોગવાળાને કે અનાકાર ઉપયોગવાળાને...'** કાં મુનિપણાની દશા બાહ્ય નગ્ન આદિ હોય. **'અનાકાર ઉપયોગવાળાને...'** સમજાણું કાંઈ? સાકારનો અર્થ તો જ્ઞાનોપયોગ પણ થાય છે. પણ વાસ્તવિકતા એમ છે કે જ્યારે પ્રથમ સમ્યગ્દર્શન થાય છે ત્યારે જ્ઞાનોપયોગમાં જ થાય છે. દર્શનોપયોગમાં નહિ. અહીંયા તો બેય ઉપયોગવાળાને કહ્યું છે. સમજાણું કાંઈ? ગોમ્મટસારમાં પાઠ છે કે પહેલા તો જ્ઞાનનો ઉપયોગ અંદરમાં જામી જાય તે સમયે જ સમ્યગ્દર્શન થાય છે. દર્શનોપયોગમાં થતો નથી. કારણ કે દર્શનોપયોગ તો સામાન્ય છે. અને આ વિશેષ જ્ઞાનમાં ચૈતન્યમૂર્તિમાં એકાકાર થવાથી અંતરમાં લીન થવાથી જ્ઞાનોપયોગના કાળમાં સમ્યગ્દર્શન (થાય છે) અથવા મિથ્યાદર્શનનો નાશ થાય છે. શેઠી!

અહીંયા બે બોલ લીધા છે. એમાં મૂળ એમ લેવું કે સાકાર નામ ગૃહસ્થાશ્રમ હો તોપણ આવા શુદ્ધાત્માનું ધ્યેય, લક્ષ કરીને એમાં પ્રવૃત્તિ કરે છે તો એકાગ્રસંચેતનલક્ષણ (અર્થાત્) એક જેનું ધ્યેય છે એવું અનુભવલક્ષણવાળું ધ્યાન ગૃહસ્થોને પણ ઉત્પન્ન થાય છે. ગૃહસ્થાશ્રમમાં પણ આવું ધ્યાન ઉત્પન્ન થાય છે. શેઠી! મતલબની વાત છે? મતલબની વાત છે? મતલબની વાત છે બધી. પોતાના મતલબની વાત, ભગવાન સર્વજ્ઞ ત્રિલોકનાથ પરમાત્મા એમણે જેવો આત્મા અનંતગુણનો પિંડ અને પર્યાયના પરિણમનવાળો, એકરૂપ દ્રવ્ય, શક્તિ અનંત, પર્યાય અનંત એવો જે પોતાનો દ્રવ્યસ્વભાવ કાયમ રહેવાવાળી ચીજ જે ધ્રુવ છે તેનું જ્ઞાન કરીને એમાં પ્રવૃત્તિ કરવાવાળાને ગૃહસ્થાશ્રમમાં હો કે મુનિપણું દ્રવ્યલિંગી મુનિ હો, દ્રવ્યલિંગી મુનિ બાહ્ય, પણ અંતરમાં એ શુદ્ધાત્માની પ્રવૃત્તિ કરતો હોય તો તેને મોહગ્રંથિનો નાશ થાય છે. સમજાણું કાંઈ? બે-ત્રણ અર્થ કર્યા છે. સાકાર જ્ઞાનોપયોગ, અનાકાર દર્શનોપયોગ. પ્રથમ સમ્યગ્દર્શનમાં તો જ્ઞાનોપયોગ જ હોય

છે, દર્શનોપયોગ નહિ. ગૃહસ્થાશ્રમ હો કે મુનિપણું હો.

બીજો અર્થ સાકાર એટલે સાકાર અર્થાત્ યતિનું લિંગ હોય સાકાર લિંગ અને કોઈને અનાકાર યતિનું મુનિનું લિંગ ન હોય, પણ અંતર શુદ્ધ ચૈતન્ય ધ્રુવ એક સમયમાં પૂર્ણાનંદ અનંત શક્તિના પિંડને ધ્યેય કરીને જે સંચેતન-અનુભવ કરે છે તો તેને ધ્યાન પ્રગટ થાય છે. રતિભાઈ!

મુમુક્ષુ - ...

ઉત્તર - ધ્યાનની વાત છેને. ધ્યાનમાં મોહનો નાશ થાય છેને. દર્શનમોહનો નાશ ધ્યાનના કાળે થાય છે. સમજાણું કાંઈ? ઇ દ્રવ્યસંગ્રહમાં આવે છેને? **'दुविहं पि मोक्खहेउं झाणे पाउणदि जं मुणी णियमा'** દ્રવ્યસંગ્રહ, નેમિચંદ્ર સિદ્ધાંતચક્રવર્તી. ઇ અંતરમાં એમ કહે છે કે અંતર શુદ્ધાત્મા ધ્રુવ જે છે, પૂર્ણાનંદ છે એની અંતરમાં પ્રવૃત્તિ કરવાથી, બહિર્મુખની પ્રવૃત્તિનું લક્ષ છોડી દેવાથી. લો! કેટલાક તો કહે કે ભગવાનની પ્રતિમાના દર્શન કરવાથી મોહનો નાશ થાય છે. એમ લખે છે, લ્યો. બીજા શાસ્ત્રમાં એમ આવે છે. તો એનો અર્થ પણ કોઈ પંડિત એવો કરે છે. અહીં તો ના પાડે છે.

મુમુક્ષુ - ... એમ જ લખ્યું છે.

ઉત્તર - લખ્યું છેને? અહીં તો ના પાડે છે. ના પાડે છે. તારે શું પરલક્ષ છે? વિકલ્પ ઉત્પન્ન થાય છે, ત્યારે તો અશુદ્ધતા ઉત્પન્ન થાય છે. નિજ દ્રવ્યનો આશ્રય કરવાથી શુદ્ધાત્મ ... શુદ્ધાત્મા ત્રિકાળ ધ્રુવનો આશ્રય કરવાથી પર્યાયમાં શુદ્ધાત્મત્વ-નિર્મળ પર્યાયની પ્રાપ્તિ નિજ શુદ્ધાત્માને કારણે થાય છે, પરને કારણે નહિ. ઓહો..હો..! ભારે કામ! ભારે! કેટલાક પંડિત લોકો એવી ગડબડી (કરે છે કે) શાસ્ત્રમાં લખ્યું છે. પણ એ તો વ્યવહારનયનું કથન છે. બહારથી ભગવાનને જોઈને મોહનો નાશ થાય છે. તો શું પરલક્ષ રાખવાથી મોહનો-દર્શનમોહનો નાશ થાય છે? એમ ત્રિલોકનાથ સમવસરણમાં બિરાજમાન હોય ત્યાં પણ મોહનો નાશ થાય છે તો શું એમની સામે જોઈને થાય છે? એમની સામે જોવામાં તો રાગ ઉત્પન્ન થાય છે, શુભ, શુભ-પુણ્ય હો, આવે છે. પણ અંતર્મુખ દૃષ્ટિ કર્યા વિના મોહ-દર્શનમોહ-મિથ્યાત્વનો નાશ કદી થતો નથી. રામસ્વરૂપજી! એમાં છે કે નહિ? જુઓ! પાઠ તો જુઓ! પાઠ શું છે? વસ્તુ શું છે?

**'સાકાર ઉપયોગવાળાને કે અનાકાર ઉપયોગવાળાને-બન્નેને અવિશેષપણે (તફાવત વિના) એકાગ્રસંચેતનની પ્રસિદ્ધિ હોવાથી...'** જુઓ! બેને અવિશેષ-સામાન્યપણે, બેયને. ગૃહસ્થાશ્રમ હો કે મુનિપણું હો. અવિશેષ નામ એમાં ફેર નથી. મુનિપણું એટલે બાહ્ય દ્રવ્યલિંગ અને ગૃહસ્થાશ્રમ પણ બાહ્ય હો. અંદર એકાગ્ર સંચેતનની પ્રસિદ્ધિ હોવાથી. ચૈતન્ય જ્ઞાયક ધ્રુવને અંદર પકડવાથી જે પર્યાયની નિર્મળ પ્રવૃત્તિ થાય છે ત્યારે મિથ્યાત્વનો નાશ થાય છે. સમજાણું કાંઈ? એવી ગડબડી થઈ ગઈ કે પોતાની વસ્તુ અચિંત્ય મહાન પદાર્થ શું છે તેને સમજવાનો પણ પ્રયત્ન નહિ અને બહારથી મનાવી દીધું. સમજાણું કાંઈ? શત્રુંજય જુઓ, સાડા ત્રણ હજાર મંદિર. લોકોને એવું ઠસાવી દીધું કે એક મંદિર કરે, એમ મૂર્તિ કરે તો સંસારનો નાશ થઈ જશે. એમાં લખાવી દો ભાઈ, પાંચ હજાર, દસ હજાર લખાવી દો.

મુમુક્ષુ - વગર મહેનતે મળી જાય છે.

ઉત્તર - વગર મહેનતે મળી જાય છે. કારણ કે એની પાસે પાંચ-પચાસ લાખ હોય તો, લાવને, પચાસ હજાર, લાખ, બે લાખ ખર્ચી દઈએ. અરે..! ભગવાન! આહા..હા..!

તારું સ્વરૂપ અહીંયા ચૈતન્ય શુદ્ધ અનાદિ-અનંત આનંદકંદ પડ્યું છે. એના ઉપર ધ્યેય-લક્ષ કર્યા વિના અને પરલક્ષ છૂટ્યા વિના કદી મિથ્યાત્વનો નાશ થતો નથી. તારાચંદજી! બરાબર છે? તો આ બધું શું છે? એ તો શુભરાગ ભક્તોને આવે છે તો પરમાત્મા પ્રત્યે ભક્તિ આદિનો, સ્તુતિ, સ્તવન, પૂજા આદિનો ભાવ હો, પણ એ ભાવની મર્યાદા શુભ જેટલી છે-પુણ્ય જેટલી છે. છતાં એનું સ્વામિપણું કરવું એ પણ દૃષ્ટિ મિથ્યાત્વ છે. આવે છે, જાણવાલાયક એ ચીજ છે, જ્યાં સુધી પૂર્ણ વીતરાગ ન થાય ત્યાં સુધી આવે છે. પણ જેટલો સ્વભાવનો આશ્રય કરે તેટલી શુદ્ધિ થાય છે, બાકી શુદ્ધિ-બુદ્ધિ થતી નથી.

મુમુક્ષુ - મંદિર બનાવે...

ઉત્તર - આ ખુલાસો કર્યોને કે શુભભાવ છે, લક્ષ જાય છે. બને તો બને બહારથી. શું શુભભાવથી એ ચીજ બને છે? શુભભાવવાળો થયો એટલે એ ચીજ બને છે? એ તો એને કારણે બને છે. ઇ આવ્યું નહિ? પરમાણુ પોતાની પર્યાયની લાયકાતથી સ્વયં પરિણમે છે. બપોરે આવ્યું કે નહિ સમયસારમાં? ભારે કઠણ! એ પરમાણુમાં તે સમયે એવી પર્યાય વ્યંજન નામ આકૃતિ અને અર્થ નામ વર્ણ, ગંધ, રસ, સ્પર્શનું પલટવું એ પોતાની પર્યાયમાં પોતાની લાયકાતથી સ્વયં પરિણમવાવાળા છે તો પરિણમે છે. બીજાને નિમિત્ત કહો, પણ નિમિત્તની અપેક્ષાથી પરિણમ્યા છે એમ નથી. બહુ વાત ફેર.

મુમુક્ષુ - ...

ઉત્તર - બિલકુલ નહિ. નિમિત્તથી થયું નથી. એનાથી થયું હોય તો એ નિમિત્ત રહ્યું નહિ. નિમિત્ત તો એને રહ્યું કે થાય પોતાને કારણે ત્યારે બીજી ચીજનો સંયોગ છે તેને નિમિત્ત કહેવામાં આવે છે. એને કારણે થાય તો એ નિમિત્ત રહ્યું નહિ, એ તો ઉપાદાન થયું. બનવાની પર્યાય નહોતી અને એણે બનાવી. એમ છે જ નહિ.

મુમુક્ષુ - થવાની લાયકાત..

ઉત્તર - લાયકાત એની પર્યાયથી પરિણમે છે. ભારે જગતને કઠણ. એક પરમાણુ જડેશ્વર છે. પરમાણુ જડ ઈશ્વર. જડ એટલે જડના ... એની પર્યાયનું પરિણમન સ્વયં વર્તમાન પોતપોતાને કારણે થાય છે.

મુમુક્ષુ - ...

ઉત્તર - એણે બનાવ્યું એ તો બોલવાની વસ્તુ છે. બીજું સાથે કોણ હતું? કે એ હતો. એ તો જાણવાની વસ્તુ છે. પણ એમ છે નહિ.

મુમુક્ષુ - પરમાર્થથી એમ નથી.

ઉત્તર - ખરેખર એમ છે જ નહિ. એ તો બોલવાની વસ્તુ છે કે સાથે કોણ હતું. ભાઈ! એમાં ભગવાનદાસ હતા, આ ફલાણા શેઠ હતા એણે લાખ-બે લાખ નાખ્યા અને બનાવ્યું. એ તો બોલવાની વસ્તુ છે. એનો વિકલ્પ શુભ હતો અને અહીંયા બનવાની પર્યાય બની તો એને નિમિત્તથી કહેવામાં આવે છે. બન્યું નથી એનાથી. આરે..! કહો, હવે...

મુમુક્ષુ - ...

ઉત્તર :- ધૂળમાં પૈસા શું કરે? પૈસો પૈસામાં રહ્યો, બહાર મકાન મકાનમાં રહ્યું, વિકલ્પ વિકલ્પમાં રહ્યો, કોઈને કોઈ વસ્તુ અડતી જ નથી. બનાવે ક્યાંથી? ભાઈ! આ તો પરમ સત્ય વાત એવી છે. સર્વજ્ઞના અંતરના અભિપ્રાયની વાત છે. સમજાણું કાંઈ? સાધારણ સમાજને તો બીજું મળ્યું છે તો જેવું.... એ પણ વર્તમાન પર્યાયની તાકાતથી, પૂર્વની પર્યાયને કારણે નહિ. સમજાણું કાંઈ? શું કહ્યું?

આ લાખ, કરોડ મંદિર બને, લાખ, કરોડ વાર સમવસરણમાં જાય સાક્ષાત્ ભગવાન પાસે, પણ પોતાના શુદ્ધ (સ્વભાવ) ઉપર દૃષ્ટિ આપ્યા વિના શુદ્ધિ ઉત્પન્ન થતી નથી. પેલું આવે છેને છ ઢાળામાં? 'લાખ વાતની વાત નિશ્ચય ઉર આણો'. એ દૌલતરામજી કહે છે, ઇ છ ઢાળામાં આવે છે. 'લાખ વાતની વાત નિશ્ચય એક ઉર આણો'. એ જ નિશ્ચય ઉર આણો. ઇ છ ઢાળામાં આવે છે. પહેલાના પંડિત તો બહુ સારી વાત કરી ગયા છે. વર્તમાન ગડબડ ઘણી થઈ ગઈ છે. બસ્સો વર્ષ પહેલા પંડિત...

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, ઇ આવે છે કે નહિ? ભાઈ! તો શું કહે છે? 'લાખ વાતની વાત નિશ્ચય ઉર આણો' મારો સ્વભાવ શુદ્ધ એક સમયમાં પૂર્ણ ધ્રુવ છે તેનું લક્ષ કરો. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- જ્યાં સુધી આત્મા ન સમજે તો ધ્યાવે શું?

ઉત્તર :- ન સમજે તો સમજવું. ધ્યાવે શું? ઇ તો ના પાડે છે. શું ધ્યાવે? ચીજની ખબર નથી, શેનું ધ્યાન કરવું? પહેલા સમજણ ગ્રહણ કરવી. યથાર્થ સમજણ સત્ સમાગમથી, શ્રવણથી, સ્વાધ્યાયથી, મનનથી આગળ-પાછળ વિરોધ રહિત શું વસ્તુ છે તેને સમજવાનો પ્રયત્ન કરવો. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- બોલે બોલે કોણ? જડ બોલે, ભાઈ! આત્મામાં ક્યાં પરમાણુ પડ્યા છે? ... ગડબડ કાઢી નાખવી જોઈએ. હજી પહેલા આત્મા શું છે? જડ શું છે? વિકાર શું છે? એને બરાબર સમજવું જોઈએ. સમજવાનો સ્વાધ્યાય કરીને, સત્સમાગમ કરીને. વર્તમાન તો મુશ્કેલ પડી છે. કોનો સમાગમ કરવો, કોની પાસેથી મળે એ મુશ્કેલ થઈ ગયું.

મુમુક્ષુ :- જ્યાં હોય ત્યાં એ જ વાત..

ઉત્તર :- જ્યાં હોય ત્યાં એ જ વાત, આમ કરો, આમ કરો. ભાઈ! એ તો કોણ કરી શકે છે?

પ્રભુ! એક આંખની પાંપણ ફરે એ પોતાથી નહિ. આમ ફરે છે એ જડની પર્યાયથી ફરે છે, શું આત્મા તેનો કર્તા છે? આંખની પાંપણ સમજ્યાને? આમ થાય છે એ શું આત્મા કરે છે? આત્મા એને અડતો નથી, કદી સ્પર્શ્યો જ નથી. બેય ભિન્ન-ભિન્ન જુદા-જુદા છે. ભિન્ન-ભિન્નની પર્યાય ભિન્ન-ભિન્ન સમયે થાય છે. એમ જ્યાં સુધી નિર્ણય ન થાય ત્યાં સુધી સત્યનું લક્ષ એને થતું નથી. વાત એવી છે. આ કોઈ પક્ષની વાત નથી. વસ્તુનું સ્વરૂપ આવું છે. સર્વજ્ઞ ત્રિલોકનાથ પરમાત્માએ આમ ફરમાવ્યું છે. એમ કહ્યું. જાણ્યું એવું કહ્યું. જેવું છે એવું કહ્યું. એમ જાણ્યું સર્વજ્ઞે. આહા..હા..!

મુમુક્ષુ :- સાંભળવા મળતું નથી.

ઉત્તર :- મળતું નથી એટલે મુશ્કેલ પડેને લોકોને. ઓહો..હો..! જડમાં? જડની એક સમયની પર્યાય પોતામાં સ્વતંત્ર? નિમિત્ત વિના અને તે પૂર્વપર્યાય હતી એટલે આ પર્યાય થઈ એમ પણ નહિ. આ વાત. એક સમયની પર્યાય વર્તમાન સ્વતંત્ર સ્વતંત્ર કામ કરે છે પ્રત્યેક દ્રવ્યની, એમ સમજ્યા વિના દ્રવ્ય-ગુણ-પર્યાયનું એને સાચું જ્ઞાન થતું નથી અને એ વિના એનું વીર્ય અંદર સ્વભાવ તરફ ઢળે નહિ. સત્ય જેમ છે તેમ જ્ઞાનમાં આવ્યા વિના પોતાનું વીર્ય સ્વભાવ તરફ ઢળતું નથી. બહારમાં ઢળવાથી આવા ક્રિયાકાંડ ને આ ને તે.. આ કર્યું ને તે કર્યું. સમજાણું કાંઈ? ઓહો..હો..!

કહે છે કે સવિકલ્પ નામ દૃષ્ટિ હો કે મુનિ હો અથવા મુનિના લિંગવાળો હોય, મુનિલિંગ (એટલે) દ્રવ્યલિંગ હોં! નગ્ન. બીજું મુનિલિંગ નથી હોતું. નગ્નપણું એ મુનિનું લિંગ છે. વસ્ત્ર આદિ એ મુનિપણાનું લિંગ નથી, એ તો ગૃહસ્થપણાનું લિંગ છે. શોભાલાલજી! વાત તો જેવી છે તેવી છે. મુનિપણાનું લિંગ તો તદ્દન નગ્ન અને અંદર અઠ્યાવીશ મૂળગુણના વિકલ્પ ઉઠે છે એ દ્રવ્યલિંગ છે. તે સમયે દ્રવ્યલિંગી પણ જ્યારે તેને સમ્યગ્દર્શન પ્રાપ્ત કરવું હોય તો અંદર શુદ્ધ ચિદાનંદ ઉપર દૃષ્ટિ દેવાથી એકાકારનું ધ્યાન કરવાથી મિથ્યાત્વનો નાશ થઈને સમ્યગ્દર્શન થાય છે અને ગૃહસ્થાશ્રમમાં પણ હો. છન્નુ હજાર સ્ત્રી હો, રાજપાટ હો, બધું હો. સમજ્યા? કપડા હો, ઝવેરાત હો, પણ અંતરમાં શુદ્ધ દ્રવ્ય ઉપર દૃષ્ટિ દેવાથી તેને પણ મિથ્યાત્વનો નાશ થઈ શકે છે. કોઈ બાહ્ય વસ્તુ એને અંદર નડતી નથી. નડતી નથી એને શું કહે છે? વિઘ્ન નથી કરતી, રોકતી નથી. એમાં કોઈ બાહ્ય વસ્તુ વિઘ્ન નથી કરતી. અંતરમાં મારી ચીજ મારી પાસે છે. બીજી હો એની પાસે, મારે શું? એમ ગૃહસ્થાશ્રમમાં હો, દ્રવ્યલિંગી મુનિ હો, પણ આવું ધ્યાન કરે ત્યારે. આવું એક સમયમાં પરિપૂર્ણ ભાન.

આવા શુદ્ધ ધ્રુવની પ્રવૃત્તિ કરવાથી અને '**એકાગ્ર સંચેતનની પ્રસિદ્ધિ હોવાથી...**' જુઓ! એકાગ્ર સંચેતન (અર્થાત્) એક વિષયનું ધ્યેયનું લક્ષ કરીને જે અનુભવ થયો એ પ્રસિદ્ધિ હોવાથી '**અનાદિ સંસારથી બંધાયેલી...**' અનાદિ સંસારથી બંધાયેલી મોહગાંઠ. મોહગાંઠ શબ્દે વિકારી ભાવ, એની એકત્વબુદ્ધિ હતીને? વિકારી ભાવની સાથે એકત્વબુદ્ધિની ગાંઠ. '**બંધાયેલી અતિ દૃઢ મોહદુગ્રંથિ (મોહની દુષ્ટ ગાંઠ) છૂટી જાય છે.**' એ મોહગ્રંથિ છૂટી જાય છે. સ્વભાવના એકાગ્ર

ધ્યાન લક્ષણથી એ મોહની ગ્રંથિ છૂટી જાય છે. જડકર્મની અહીંયા વાત નથી.

રાગ અને પુણ્યની એકત્વબુદ્ધિ એવી મોહગ્રંથિ. શું કહ્યું? પુણ્ય-પાપના વિકલ્પ અને સ્વભાવ, બેની એકત્વબુદ્ધિ એવી જે મોહગાંઠ મિથ્યાત્વ હતી (તે છૂટી જાય છે). ભાવ મિથ્યાત્વગાંઠ એની વાત છે. જડ તો એને કારણે છૂટી જાય છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, પર્યાયમાં એકત્વ માન્યતા હતી તે સ્વભાવની એકતા કરવાથી મોહની ગાંઠ છૂટી જાય છે, નાશ થઈ જાય છે, વ્યય થાય છે, સમ્યગ્દર્શનની ઉત્પત્તિ થાય છે. બસ! સમજાણું કાંઈ?

(પાઠ) શું છે? **'અનાદિ સંસારથી બંધાયેલી...'** પર્યાય પર્યાય અનાદિથી ચાલી આવે છેને? અજ્ઞાન. અને **'અતિ દઢ...'** ઘણી દઢ કરી છે અનાદિથી એવી **'મોહદુગ્રંથિ...'** જુઓ! **'મોહદુગ્રંથિ છૂટી જાય છે...'** (એટલે કે) વ્યય થાય છે. મિથ્યાશ્રદ્ધાનો નાશ થઈને શુદ્ધાત્માના આશ્રયે સમ્યગ્દર્શનની પર્યાય ઉત્પન્ન થાય છે. આ ત્રિકાળ સનાતન વીતરાગનો માર્ગ છે. આવી રીત ક્યાંય ત્રણકાળ ત્રણલોકમાં બીજામાં ક્યાંય નથી. કોની સાથે મેળવવું? કે તમારું પણ સાચું, અમારું પણ સાચું. નહિ? પણ મજા કેટલી આવે! સભા મોટી ભરાય, પછી ગપ મારવા હોય અંદરથી... ઓહો..હો..! મોટા નેતા આવ્યા છે અને આજ તો ઘણું માણસ ભેગું થયું, પ્રભાવના બહુ થઈ. મિથ્યાત્વની! બાબુલાલજી! શેઠ પણ પછી કહે, હા, કેટલું માણસ આવ્યું જુઓ ભાઈ! પચ્ચીશ હજાર માણસ ભેગું થયું. ... ધર્મની શોભા... મોટા નેતા હોયને. પણ નેતા મારે ગપ અંદર વાતમાં. ભાઈ! સર્વનું લક્ષ અને ધ્યેય તો એક જ છેને. ત્યારે ખુશ થઈ જાય, આહા..હા..! બહુ ગજબ માણસ છે, હોં!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એક છે જ નહિ. બધાનો ભગવાન ભિન્ન છે. પોતપોતાનો ભગવાન ભિન્ન-ભિન્ન છે. બધા ભગવાન છે. કોઈ બીજો ભગવાન નથી. પોતાનો બીજો ભગવાન નથી. એનો ભગવાન એની પાસે રહ્યો. કેવળજ્ઞાની ભગવાન છે એ એના ભગવાન છે. આ આત્માના ભગવાન ઇ છે? હો, બહુમાન આવે છે, વિકલ્પ આવે છે, રાગ પરલક્ષી હો તો, પણ મેરો પ્રભુ મેરી પાસ બિરાજત. એ આવે છે સમયસાર નાટકમાં, બનારસીદાસ. મારી પાસે (છે). મારો ભગવાન તો મારી પાસે છે, ક્યાંય દૂર નથી. મેરો ધણી મોહી મેં હૈ, મોહી સૂઝત નીકે. એમ આવે છે એમાં. 'મોહી મેં હૈ, મોહી સૂઝત નીકે.' નીકે એટલે સારી રીતે. બનારસીદાસ પણ ઘણા અધ્યાત્મી..! પણ લોકોને એમ છેને કે બાયડી-છોકરા હોય ને નિર્ધન હોય તો એની કિંમત નથી. પૈસાવાળા હોય ને કંઈક રૂપાળા હોય ને તીર્થંકર હોય અને બહારમાં બુદ્ધિ હોય એની કિંમત જગતમાં, પણ એ ચીજ શું છે? નિર્ધન માણસ, બનારસીદાસ નિર્ધન હતા, બહુ સાધારણ. પણ અંતરની દષ્ટિ ખુલી ગઈ હતી તો બાદશાહ હતા. મોક્ષ લેવા માટે તૈયાર અલ્પકાળમાં. પણ લોકોને બહારનું (દેખાય), એ તો નિર્ધન છે. પચ્ચીશ રૂપિયા પણ મળતા નથી. સમજ્યા? ઇ ઇતિહાસમાં આવે છે. ભોજન કરતા હતા કોઈ

કંદોઈની દુકાને, કંદોઈને? હલવાઈ. હલવાઈની દુકાન. મહિને બે રૂપિયા આપતા હતા કચોરીના. ઘીની કચોરી દરરોજ ખાતા હતા. પણ સાડા ત્રણસો વર્ષ થયા. ઘીની કચોરી એક માસ ખાય તો બે રૂપિયા. પણ એમાં આઠ આના ઇ કમાય. ... ઘરે ન મળે, બિચારા સાધારણ માણસ. એક મહિનાના... અંતરની દૃષ્ટિમાં એટલું ભાન (કે) વ્યવહારમાત્ર વિકલ્પ ઉઠે છે એની કર્તૃત્વબુદ્ધિ માનવાથી મિથ્યાત્વ છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- મહામંત્ર...

ઉત્તર :- મહામંત્ર છે, આ મંત્ર છે. બહારમાં પુણ્ય ન હોય અને કોઈ માને પણ નહિ, રોટલા પણ ન મળે, ગરીબી હોય એમાં શું છે? બે રૂપિયાની છાશ-મહ્રો અને રોટલી પણ મળી જાય, બીજું મળે પણ નહિ અને આ શેઠિયા બધા ઘેવર ખાય, શું કહેવાય? સમજ્યાને? સાટા, માલપુવા. પણ એમાં શું આવ્યું પણ? માલપુવા અને વિષ્ટામાં ફેર શું છે?

મુમુક્ષુ :- ઇ જ બનશે.

ઉત્તર :- ઇ જ બનશે. માલપુવાની પણ વિષ્ટા થાય છે અને રોટલાની પણ વિષ્ટા થાય છે. એમાં છે શું? નરકનો નારકી સમ્યગ્દૃષ્ટિ છે તો, કહે છેને, આપણે આવ્યુંને? પહેલા આવ્યું, ગટાગટી. 'બાહ્ય નારકીકૃત દુઃખ ભોગે,' પણ અંતર ગટાગટી. એની કિંમત કોને છે? અરે..! એ તો નારકી છે. શ્રેણિક રાજા પહેલી નરકમાં છે. અત્યારે પહેલી નરકમાં છે. ચોર્યાશી હજાર વર્ષની સ્થિતિ છે. સમ્યગ્દૃષ્ટિ છે, આગામી તીર્થંકર થશે. આગામી ચોવીશ (તીર્થંકરમાં) ત્રણલોકના નાથ જગતપતિ સમવસરણમાં બિરાજમાન (થશે). સો ઇન્દ્રો પૂજશે એવા થશે. એ બધો સમ્યગ્દર્શનનો પ્રતાપ છે. સમજ્યા?

ઇ છેને, તારણસ્વામીમાં એમ લીધું છે, તારણસ્વામીમાં લીધું છે. શ્રેણિક રાજા ભવિષ્યમાં મહાપદ્મનાથ થશે. શ્રેણિકના પેટમાં તીર્થંકર(પદ) પડ્યું છે એવો બોલ લીધો છે. લીટી યાદ નથી. સમજાણું કાંઈ? શ્રેણિકના પેટમાં, ભાઈ! એમ લીધું છે. શ્રેણિકના પેટમાં મહાપદ્મનાથ તીર્થંકર પડ્યા છે. અંદરમાં શક્તિ છેને કેવળજ્ઞાનની. પ્રગટ થશે ત્યાં. ઇ તારણસ્વામી એમાં કહે છે, લ્યો. યાદ કરજો, ભાઈ હોં! ૮૧ ગાથા છે. ક્યાંક કોઈ લખી લ્યો, કોઈ લખે તો યાદ રહે. આપણને તો બહુ હમણા અભ્યાસ નથીને. સમજાય છે કાંઈ?

કહે છે કે આ મોહગ્રંથિ ગૃહસ્થાશ્રમી હો, નિર્ધન હો, સધન હો, કાળો હો, ધોળો હો, વાંઢો હો... વાંઢાને શું કહે છે? કુંવારા. સ્ત્રી ન હોય, એકલો હોય, કોઈ સ્ત્રી મળે નહિ તો શું થયું? અને વાંઝિયો હોય. વાંઝિયા સમજો છો? પુત્ર ન હોય. કોઈ પુત્ર જ ન હોય. એકલો (હોય). એમાં શું પણ? વાંઝિયો જ છે સદાય. પોતાની પર્યાય-પ્રજા શુદ્ધ ચૈતન્યના આશ્રયે સમ્યગ્દર્શન પર્યાય-પ્રજા પ્રગટ કરી એનું વાંઝિયાનું મેણું ટળ્યું. એ કેવળજ્ઞાનનો વારસો લેશે.

મુમુક્ષુ :- શરીરમાં વાંઝિયો છે.

ઉત્તર :- શરીરમાં બધા વાંઝિયા જ છે. અમારે પુત્ર છે, અમારે દીકરો છે. ધૂળમાંય દીકરો

નથી, સાંભળને હવે! પ્રજા તો સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પ્રજા. એમાં લીધું છે, હોં! દીકરો-દીકરી નથી લીધું? મમલમાં લીધું છે, મમલપાહુડમાં લીધું છે. સસરા ને દીકરા.. બહુ લીધું લીધું છે. એ તો એક ઉતારવાની (પદ્ધતિ), ઉતારે અંદરમાં. જેમ ઉતારવું હોય એમ ઉતરે, પણ આ ચીજ હોય તો.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, બધું ઉતરી શકે. સમજાણું કાંઈ?

**'આથી (એમ કહ્યું કે) મોહગ્રંથિભેદ (દર્શનમોહરૂપ ગાંઠનું ભેદાવું-તૂટવું) તે શુદ્ધાત્માની ઉપલબ્ધિનું ફળ છે.'** લ્યો. ભગવાન શુદ્ધ ચૈતન્યમૂર્તિ એ પૂર્ણાનંદ તરફનું ધ્યેય પકડીને જે પ્રાપ્તિ પર્યાયમાં થાય છે તેનું ફળ દર્શનમોહનું તૂટવું, તેનું ફળ ઉપલબ્ધિ-શુદ્ધાત્માની ઉપલબ્ધિ. મિથ્યાત્વનો નાશ થયો તો થયું શું? શુદ્ધાત્માની પર્યાયમાં પ્રાપ્તિ થઈ તે એનું ફળ છે. સમજાણું કાંઈ?

**'હવે, મોહગ્રંથિ ભેદાવાથી શું થાય છે તે કહે છે :-'** હવે આગળ ચલાવે છે. મોહગ્રંથિનો નાશ થવાથી પછી ક્રમે ક્રમે રાગ-દ્વેષ કપાય છે. રાગ-દ્વેષની એકતા તૂટી ગઈ. રાગ-દ્વેષ અને સ્વભાવમાં એકતા હતી મિથ્યાત્વમાં, એ સ્વભાવની એકાગ્રતાથી એકતા તૂટી ગઈ, પણ હજી રાગ-દ્વેષ રહ્યા. જ્ઞાનીને પણ હજી રાગ-દ્વેષ તો છે. એ રાગ-દ્વેષ કઈ રીતે ટળે છે? એ પણ સ્વભાવના આશ્રયે ટળે છે, બીજો કોઈ ઉપાય નથી. ૧૯૫ (ગાથા).

**जो णिहद मोहगंठी रागोपदोसे खवीय सामण्णे।**
**होज्जं समसुहदुक्खो सो सोक्खं अक्खयं लहदि।।१९५।।**

**'ટીકા :- મોહગ્રંથિનો ક્ષય કરવાથી,... '** અહીં ક્ષયથી ઉપાડ્યું છે. ક્ષય એટલે નાશ. મોહગ્રંથિનો નાશ કરવાથી, **'મોહગ્રંથિ જેનું મૂળ છે...'** જુઓ હવે. એ **'મોહગ્રંથિ જેનું મૂળ છે એવા રાગદ્વેષ...'** એ મોહગ્રંથિ હતી તો રાગ-દ્વેષની ઉત્પત્તિ મૂળમાં હતી. **'એવા રાગદ્વેષનું ક્ષપણ થાય છે;...'** શું કહે છે? મિથ્યાત્વનો નાશ થયા પછી રાગ-દ્વેષનો ક્ષય થાય છે. મિથ્યાત્વનો નાશ થયા વિના રાગ-દ્વેષનો ક્ષય કદી થતો નથી. રાગ ઘટાડો, રાગ ઘટાડો. શું ઘટાડે રાગ? પહેલા રાગમાં પુણ્યનો વિકલ્પ અને ત્રિકાળી સ્વભાવને એક માન્યું હતું એ મિથ્યાત્વ હતું. એને ભેદ કરીને સ્વભાવનું એકત્વ થયું તો વિકારની રાગની એકત્વબુદ્ધિનો નાશ થયો. એનું નામ મોહગ્રંથિનો નાશ, એનું નામ મિથ્યાત્વનો નાશ. હવે રાગની ઉત્પત્તિનું મૂળિયું તો એકાગ્રબુદ્ધિ હતી. વિકાર અને સ્વભાવમાં એકાગ્રબુદ્ધિ એ રાગ-દ્વેષની ઉત્પત્તિનું (મૂળ) સ્થાન હતું એ ગયું. મોહગ્રંથિનો નાશ થયો, સ્વભાવ તરફ એકાકાર થયો. એવા રાગ-દ્વેષનો ક્ષય થાય છે, પછી રાગ-દ્વેષનો નાશ થાય છે. કેમકે સ્વભાવ તરફનો ઝુકાવ થઈ ગયો.

સમ્યગ્દર્શનમાં મોહના નાશમાં, મોહ એટલે મિથ્યાત્વ, સ્વભાવ તરફ ઝુકાવ થયો (તો) રાગ-દ્વેષનો ક્ષય થાય છે. તેનાથી જેને સુખ-દુઃખ સમાન છે. જુઓ! આવો ભાવ થયો, સંયોગમાં અનુકૂળ-પ્રતિકૂળ હો, અનુકૂળ-પ્રતિકૂળ. લાખ, કરોડ ચક્રવર્તીનું રાજ હો કે નર્કના નારકીના સ્થાનમાં

હો સમ્યગ્દષ્ટિ. પોતાના સ્વભાવનું ભાન થયું એ નરકમાં નારકી હોય અને છ ખંડના ચક્રવર્તીના રાજમાં હો, તો જેને સુખ-દુ:ખ સમાન છે. બેય સંયોગ સમાન છે. બેયમાં એક ઠીક છે અને બીજું અઠીક છે, એવા હરખ-શોક અંતરમાંથી નીકળી ગયા છે. સમજાણું કાંઈ? સુખ-દુ:ખનો અર્થ અહીંયા અંદર હરખ-શોકની પર્યાય ન લેવી. સુખ-દુ:ખ સમાન નામ સુખ-દુ:ખ ભાવ થયા તે સમાન છે એમ નહિ, પણ અનુકૂળ-પ્રતિકૂળ જે સામગ્રી મળી, પુણ્યને કારણે અનુકૂળતાના ઢગલા, પાપને કારણે પ્રતિકૂળતાના ગંજ (ખડકાય), બધામાં એક બુદ્ધિ છે, બધું જ્ઞેય છે. સમભાવ.. સમભાવ (છે). મારી સાથે પરને કાંઈ સંબંધ નથી. શેઠી! આ વીતરાગતા લીધી છેને? હવે મુનિપણું લેવું છે. પહેલા સમ્યગ્દર્શન લીધું, પછી મુનિપણું (અર્થાત્) અંદર ચારિત્ર (લ્યે છે). અનુકૂળ હો કે પ્રતિકૂળ હો, બેય સમાન (છે). જ્ઞાતા-દૃષ્ટા રહીને, સ્થિર રહીને (સુખ-દુ:ખને) સમાનપણે જાણે-દેખે છે. સુખ-દુ:ખ નામ અનુકૂળ-પ્રતિકૂળ. છ ખંડનું રાજ હો તોપણ.. સમજાણું કાંઈ? મડદાને... મડદું હોયને મડદું? એને, લાકડાને પોલીશ કરીને સળગાવે, પોલીશ કરીને સળગાવે તો ખુશ થાય કે નહિ?

મુમુક્ષુ :- ચંદનથી બાળે.

ઉત્તર :- ચંદન નહિ, પણ પોલીશ કરીને મડદાને (સળગાવે). અને આમ ઉપર ... મૂકે. તો એનાથી શું દુ:ખ છે? એમ જગતની ચીજ અનુકૂળતાના ગંજ હો કે પ્રતિકૂળ (સંયોગ હો), મુનિઓને રાગ-દ્વેષનો અભાવ હોવાને લીધે બધું સમાન છે. કોઈ પ્રતિકૂળ હોય તો જ્ઞેય છે, અનુકૂળ હોય તો જ્ઞેય છે. મારી ચીજમાં કોઈ નથી. લ્યો, આ મુનિપણું. સમ્યગ્દર્શન થયા પછી, હોં! પહેલા મોહગ્રંથિનો નાશ થયા વિના મુનિપણું કદી ત્રણકાળમાં હોતું નથી. તેથી તો કહ્યું કે જેનું મૂળ મોહગ્રંથિ છે. જેનું નામ કોનું? રાગ-દ્વેષનું.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- મોહ-મિથ્યાત્વ ગયા વિના રાગ-દ્વેષ કદી જાય નહિ, ત્રણકાળમાં જાય નહિ. કેમ કે રાગ અને દ્વેષ સાથે એકત્વબુદ્ધિ છે. અંદર દયા, દાનના વિકલ્પ ઉઠે છે, દયા, દાનના વિકલ્પ ઉઠે છે, પંચ મહાવ્રતના વિકલ્પ ઉઠે છે એ વિકલ્પ રાગ છે અને સ્વભાવ નિર્મળ છે, બેની એકત્વબુદ્ધિ પડી છે ત્યાં સુધી મિથ્યાત્વ છે. સમજાણું કાંઈ? ક્યાંથી રાગ ઘટશે? બાયડી-છોકરા છોડ્યાને? શું છોડ્યું? ધૂળેય નથી છોડ્યા, ધર્મ છોડ્યો છે. સમજાણું કાંઈ? એ તો કહે છે, ઠીક આ ધર્મ શોધી કાઢ્યો. અરે..! ભગવાન! શું કહે? એમ કહે કે, બાહ્યથી ત્યાગ કરવો નહિ અને ધર્મ અંદર થાય છે. અમે તો જુઓ બાહ્ય ત્યાગ કરીને બેઠા છીએ. શેનો ત્યાગ? કોનો કરવો, કોને છોડવું ઇ તને ખબરેય નથી. શું પરચીજને આત્માએ ગ્રહણ કરી છે કે પરને છોડવા છે? પરથી તો પૃથક્ જ રહી છે, એને કારણે રહી છે. અલ્પ હો કે વિશેષ હો, પરવસ્તુ તો એને કારણે આવે છે, જાય છે, પરિણમે છે. તારી પાસે ક્યાં ઘુસી ગઈ છે તારામાં? તારામાં ઘુસી ગઈ છે કે છોડવી છે? પર પર જ છે. પર તારામાં આવ્યું નથી અને તું પરમાં ઘુસી ગયો નથી. ઘુસી ગયો શેમાં? કે એ પર મારું

છે અને હું એનો છું, એવી મિથ્યાત્વની ગાંઠમાં ઘુસી ગયો છે.

મુમુક્ષુ :- પરને પર જાણે એમાં મોહ સ્વયમેવ છૂટી જાય.

ઉત્તર :- છૂટી જાય. એ તો પર છે, મારે શું છે? શરીર પર છે, વાણી પર છે, બધું પર છે. મારે એની સાથે શું સંબંધ છે? આવી દૃષ્ટિની શુદ્ધિ તો પહેલા કરી છે, પછી સમભાવ થયો. સમભાવની વાત કહે છેને? સમ, 'સમ' શબ્દ લીધો છેને. સમ સુખ-દુઃખ. અર્થાત્ અનુકૂળતાના ગંજ હો, પ્રતિકૂળતા હો, સમભાવથી ચારિત્રની પ્રાપ્તિ થાય છે. એવો સમભાવ. વંદો, નિંદો એને કારણે, મારે શું? વંદે તો એને એનો શુભવિકલ્પ આવ્યો ... નિંદે તો એને અશુભ (વિકલ્પ) આવ્યો. મારે શું? કોઈના વંદનથી એના ગુણની પુષ્ટિ થાય છે? અને નિંદાથી ગુણનો નાશ થાય છે? જેને જેમ લાગે તેમ કરો.

આવ્યું હતુંને આપણે સ્તુતિમાં, નહિ? સ્વયંભૂ સ્તોત્રમાં. સ્વયંભૂ સ્તોત્રમાં આવ્યું હતુંને? આવ્યું હતું કે કોઈ મારા દોષ કાઢીને ખુશી થાઓ (તો) થાઓ, કોઈ મારી લક્ષ્મી લૂંટીને ખુશી થાય તો થાઓ, મારા અવગુણ જોઈને, તારે અવગુણને લોકો પાસે ખુબ કહેવા હોય તો કરો, ખુશ થાઓ, કોઈપણ ખુશ થાઓ અને મધ્યસ્થ રહેવાવાળા હોય તો મધ્યસ્થ રહો. મારે શું છે? ભક્તિમાં આવ્યું હતુંને? સ્વયંભુ સ્તોત્ર. ત્યારે નહિ હોય. સમજાણું કાંઈ? આવ્યું હતું કે નહિ? ખબર છે કે નહિ? તમે ભૂલી ગયા હો. ચાર તીર્થંકરની સ્તુતિ થઈ છેને? ઋષભદેવ, અજીતનાથ, સંભવનાથ, અભિનંદન. પાંચ. વીસ શ્લોક થયા વીસ. ચોવીશ તીર્થંકરની સ્તુતિ છેને? સ્વયંભુ સ્તોત્ર સમંતભદ્રાચાર્યનું. એમાં છે, જુઓ તો ક્યાંક છે. ઇ અત્યારે ક્યાં ખબર પડે. કહો, સમજાણું કાંઈ?

કહે છે કે **'મોહગ્રંથિ જેનું મૂળ છે એવા રાગ-દ્વેષનું ક્ષપણ થાય છે;...'** તેથી જેને સુખ-દુઃખ સમાન છે **'એવા તે જીવને...'** એવા તે જીવને **'પરમ મધ્યસ્થતા જેનું લક્ષણ છે...'** જુઓ! પરમ મધ્યસ્થ. આત્મભાનપૂર્વક પરમ મધ્યસ્થ. લ્યો, સમજ્યા? **'જેનું લક્ષણ છે...'** ઓલામાં આવ્યું હતું, સમજાણું કાંઈ? ઓલામાં આવ્યું હતુંને? પરમ આત્માનું... પરમ આત્મા કેવળ ચૈતન્યમાત્ર. પરમ આત્મા ચેતન. અહીં પરમ મધ્યસ્થતા, પરમ મધ્યસ્થતા. ઓહો..હો..! વજ્ર પડે ઉપરથી, અગ્નિ ઝરે, મુનિ સમતા.. સમતા... સમતા... સમતા.. કોઈનો વાંક જોતા નથી, કોઈ સામું લક્ષ કરતા નથી. સમતા કરવી એમ નહિ. પોતાનો સ્વભાવ સમભાવી ચૈતન્યસૂર્ય સમભાવી ચૈતન્યસૂર્ય અથવા અકષાય વીતરાગસ્વભાવ ચૈતન્યસૂર્યમાં સમભાવથી મધ્યસ્થ રહેવું. મધ્યસ્થ, બેયમાં મધ્યસ્થ. પ્રતિકૂળ હો કે અનુકૂળ (હો). બેયમાં આ ઠીક અને આ અઠીક એમ છે નહિ.

**'એવા શ્રામણ્યમાં...'** જુઓ આ શ્રમણ! શેઠ! આ સાધુપણું. સાધુપણું એટલે શું લુગડાં છોડી દીધા, નગ્ન થઈ ગયા અને અઠ્યાવીશ મૂળગુણ (પાળે છે)... અઠ્યાવીશ મૂળગુણ પણ અત્યારે તો છે ક્યાં? સમજાણું કાંઈ? કઠણ છે. **'એવા તે જીવને પરમ મધ્યસ્થતા જેનું લક્ષણ છે એવા શ્રામણ્યમાં ભવન-પરિણમન થાય છે;...'** જુઓ! શ્રામણ્યમાં પરિણમન થાય છે. સમભાવ-

વીતરાગી પર્યાયરૂપે પરિણમન થાય છે. બાહ્યમાં નગ્નદશા થઈ જાય છે. અઠ્યાવીશ મૂળગુણનો વિકલ્પ ઉત્પન્ન થાય છે. થાઓ, પણ અંતરમાં તો દૃષ્ટિમાં, સ્થિરતામાં મધ્યસ્થ છે. શુભરાગ આવ્યો તો ઠીક અને અશુભ આવે તો ઠીક નહિ, અશુભ તો મુનિને હોતો નથી, શુભ આવે છે તો એમાં પણ મધ્યસ્થ છે. જાણવા-દેખવાથી સમભાવથી એને જાણે છે. એનાથી મને લાભ થાય છે કે મને ઠીક છે એમ દૃષ્ટિમાં નથી.

**'એવા શ્રામણ્યમાં ભવન-પરિણમન થાય છે;...'** જુઓ! આ જ્ઞેય અધિકાર આગળ પૂરો થવાનો છેને એટલે જ્ઞેયની પરિપૂર્ણતા બતાવે છે. **'અને તેથી (અર્થાત્ શ્રામણ્યમાં પરિણમવાથી) અનાકુળતા જેનું લક્ષણ છે એવા અક્ષય સૌખ્યની પ્રાપ્તિ થાય છે.'** લ્યો, મોક્ષ લઈ લીધો. આવા શ્રામણ્યનું પરિણમન થવાથી સમભાવથી શ્રામણ્યનું પરિણમન છે, તેનાથી અનાકુળતા જેનું લક્ષણ છે એવા અક્ષય સૌખ્ય, અક્ષય સૌખ્ય-મોક્ષનું સુખ-કેવળજ્ઞાનનું સુખની પ્રાપ્તિ થાય છે. આકુળતા.. આકુળતા.. આકુળતા.. ધૂળ.. ધૂળ જ્યાં દેખે, પૈસા, આબરૂ,.. ચક્રવર્તી આવ્યા વંદન કરવા માટે.. આહા..હા...! કંઈ નથી. પણ તારે શું છે? અને નિંદાની ઝપટ બોલતી હોય. મધ્યસ્થ થઈ ગયા. એવું અનાકુળતા જેનું લક્ષણ છે. શેઠ! કેટલી આકુળતા છે પૈસામાં ને ઓલામાં, એમ કહે છે. પૈસાને કારણે નહિ, હોં!

મુમુક્ષુ :- પોતાના પરિણામ...

ઉત્તર :- પરિણામ... અહીંયા પરિણામ મુનિ ... ઓહો..હો..! ચક્રવર્તી ચાલ્યો જતો હોય અને હાથીના હોદ્દેથી ઊતરીને... રાણીઓ છન્નુ હજાર... મધ્યસ્થ છે. અને કોઈ ... નીકળી નિંદા કરતી, સો-બસ્સો સાથે, નિંદાના પ્રહાર પત્થરના (કરે). આનંદ છે. સમભાવ કોને કહે છે? સમ્યગ્દર્શનની વાત છેને અહીંયા? સમ્યગ્દર્શનપૂર્વકની. થાઓ, જ્ઞેયનું પરિણમન એમ થવાનું હોય તે થાઓ. જુઓ! કેટલો સમભાવ છે એમાં. એની માતા શરીરને ફાડે છે. અશાતાનો ઉદય શરીરમાં નિમિત્ત પડ્યો, એવી દશા શરીરની થવાની હતી. ત્યારે એનું નિમિત્ત એની માતા થાય છે એ શિયાળ. જુઓ! સુકૌશલ મુનિ... શું છે? અંદરમાં આનંદમાં લીન છે. અતીન્દ્રિય આનંદના કૂવા ફૂટે છે એમાંથી. અતીન્દ્રિય આનંદને ચૂસે છે. આ છોકરાઓ નથી ચૂસતા? આઈસક્રીમમાં શું આવે તમારે, નહિ? ચૂસણી આઈસક્રીમની આવે. બે આના, ચાર પૈસાની કુલ્ફી. લાંબી લાંબી આવે છે. અંદર એક સળી હોય. આત્મામાં આનંદરસ પડ્યો છે, દૃષ્ટિ થઈને ભાન થયું પછી ચૂસે છે અનુભવને. એ નિર્વિકલ્પ આનંદને ચૂસે છે તેનું નામ સમાનભાવ છે. આહા..હા..! દુઃખ નથી મુનિદશામાં. મુનિપણું કષ્ટદાયક છે એમ નથી. અરે..! મુનિપણું કષ્ટદાયક (છે). અરે..! મૂઢ! ચારિત્ર તો આનંદદાયક છે એને કષ્ટદાયક માન્યું, તારી દૃષ્ટિ વિપરીત છે. ઘણું કષ્ટ સહન કરવું પડે, ભાઈ! ચારિત્રમાં તો નગ્ન રહેવું પડે, કષ્ટ (સહન કરવા પડે). કઠણ વાત પડે? કષ્ટ દુઃખ છે? આનંદની વૃદ્ધિ થાય છે. ઇ કહે છેને, આનંદનું ... અનાકુળ લક્ષણ જુઓ! અનાકુળતા લક્ષણ... પૂર્ણ અનાકુળતા લક્ષણ (સૌખ્યની) પ્રાપ્તિ થઈ.

મુમુક્ષુ :-...

ઉત્તર :- એ દુનિયા અજ્ઞાનથી જોવે છે. આહા..હા..! એમાં તો આનંદના ઝરણા ઝરે છે. એ તો જ્ઞેય તરીકે જાણે છે, વિકલ્પ આવ્યો હોય તો. ન આવે તો ધ્યાનમાં હોય તો જાણતા પણ નથી કે આ શું થાય છે. સમજાણું કાંઈ? મુનિપણું આને કહે છે. મુનિપણું પરમેષ્ઠીપદ છે. એ તે કાંઈ... પંચ પરમેષ્ઠી...

મુમુક્ષુ :- ... નિર્વિકલ્પભાવમાં ઊતરી જાય તો...

ઉત્તર :- ખબરેય નથી હજી દૃષ્ટિ નિર્વિકલ્પ કેવી પ્રગટ થાય છે અને શું છે. ખબરેય નથી અને માને. તમારા જેવા મીઠા માણસ હોય તો માને. ખબર નથી તો શું કરે? આજે આહારદાન દીધું, આજે મોટો લાભ થયો. કર્યું છેને? એવું પૂર્વે કર્યું છે કે નહિ? ઇ નહિ બોલે. .... કેમ બરાબર છે? ....

**'આથી (એમ કહ્યું કે) મોહરૂપી ગ્રંથિના ભેદથી અક્ષય સૌખ્યરૂપ ફળ હોય છે.'** જુઓ! પહેલા અહીં કીધું, ન્યાંથી પછી અહીંયા. મોહગ્રંથિનો છેદ કર્યો, પછી સમાનતા છે, અક્ષય સુખ મળ્યું. તો મોહગ્રંથિના છેદથી અક્ષય સૌખ્ય કેવળજ્ઞાનની પ્રાપ્તિ થાય છે. મોહ... છે. એ વિના કદી શાંતિ-બાંતિ મળતી નથી.

**'હવે, એકાગ્ર સંચેતન જેનું લક્ષણ છે એવું ધ્યાન આત્માને અશુદ્ધતા લાવતું નથી એમ નક્કી કરે છે :-'** આ ધ્યાનમાં અશુદ્ધતા આવે છે? સ્વદ્રવ્યનો આશ્રય છે એમાં અશુદ્ધતા છે? નહિ. પરદ્રવ્યનો આશ્રય અને લક્ષ કરે તો અશુદ્ધતા થાય છે. પોતાના લક્ષમાં એકાગ્ર થાય છે તો પોતાના સ્વદ્રવ્યમાં એકાગ્ર થયો તો એમાં કોઈ અશુદ્ધતા છે કે નહિ? નહિ. ૧૯૬ (ગાથા).

**जो खविद मोहकलुसो विसयविरत्तो मणो णिरुंभित्ता।**
**समवट्ठिदो सहावे सो अप्पा णं हवदि झादा।।१९६।।**

જુઓ! જે મોહમળનો ક્ષય કર્યો છે, **'મોહમળનો જેણે ક્ષય કર્યો છે એવા આત્માને, મોહમળ જેનું મૂળ છે એવી પરદ્રવ્યપ્રવૃત્તિનો અભાવ...'** જુઓ ભાષા! જુઓ ટીકા! **'જેણે મોહમળનો ક્ષય કર્યો છે...'** એકત્વબુદ્ધિ જે હતી, સ્વભાવના ધ્યેયે, સ્વભાવના લક્ષે, સ્વભાવના અનુભવથી મોહમળનો ક્ષય કર્યો. **'એવા આત્માને, મોહમળ જેનું મૂળ એવી પરદ્રવ્યપ્રવૃત્તિ...'** એ પરદ્રવ્યની પ્રવૃત્તિમાં મોહ મૂળ છે. પરદ્રવ્યપ્રવૃત્તિમાં મોહ જ આવે છે, રાગ જ આવે છે. પછી શુભ હો કે અશુભ હો. અહીંયા તો આ લીધું, જુઓ! સમજાણું કાંઈ?

નિજ સ્વદ્રવ્યની પ્રવૃત્તિમાં જ મોહનો અભાવ થાય છે. બસ, એક વાત. પરદ્રવ્યની પ્રવૃત્તિમાં મોહ મૂળ છે. જ્યારે પરદ્રવ્ય ઉપર લક્ષ જાય છે, પછી શાસ્ત્ર હો, પ્રતિમા હો, ભગવાન હો, દેવ હો, ગુરુ હો. વાત તો એવી કઠણ છે. **'મોહમળ જેનું મૂળ છે એવી પરદ્રવ્યપ્રવૃત્તિ...'** ઓહો..! શું પરદ્રવ્ય મોહ કરાવે છે? ના. તારા સ્વદ્રવ્યનું અવલંબન છોડીને જેટલું તારું પરદ્રવ્ય ઉપર

અવલંબન જાશે ત્યાં રાગ થાશે. પછી શુભ હો કે અશુભ. અહીં તો સ્વદ્રવ્ય અને પરદ્રવ્યની પ્રવૃત્તિમાં મોટો તફાવત કર્યો. સ્વદ્રવ્યની પ્રવૃત્તિમાં મોહનો અભાવ, પરદ્રવ્યની પ્રવૃત્તિમાં મોહનો સદ્ભાવ ઉત્પન્ન થાય છે. ઓહો..! એ વાણી કુંદકુંદાચાર્ય એમ કહે કે અમે પણ તારા માટે પરદ્રવ્ય છીએ. અમારા તરફનું લક્ષ પણ તને રાગ ઉત્પન્ન કરશે. આહા..હા..! વીતરાગી મુનિ છે તો જેવી વસ્તુ છે (એવી કહે છે). ભાઈ! અમે તો પરદ્રવ્ય છીએ, તારું દ્રવ્ય નહિ. તારા દ્રવ્યમાંથી અમારા દ્રવ્ય ઉપર તારું લક્ષ જાશે તો મોહમળ જેનું મૂળ છે (એવો) રાગ તને થશે. ભલે શુભ હો. પણ પરદ્રવ્યના આશ્રયે મિથ્યાત્વનો નાશ થાય છે અને રાગનો નાશ થાય છે, શું અર્થ કરતા હતા? આમાં શું? મોહમળ જેનું મૂળ છે એવી પરદ્રવ્યની પ્રવૃત્તિ. તો (મોહનું મૂળ) પરદ્રવ્ય છે કે સ્વદ્રવ્ય છે? શું અર્થ કરતા હશે? વાંચતા પણ નહિ હોય. એક ઓલું વાંચ્યું. જાણે લાડવા મળી ગયા અંદરથી! આહા..હા..! અહીં તો એક ઘા અને બે કટકા. એક ઘા ને બે કટકા જ હોયને? એમ કે ... બે-ચાર ઘા ન મારવા પડે. એમ. બે-ચાર ઘા મારે તો બે કટકા (એમ નહિ), અહીં તો એક ઘાએ બે કટકા... ફડાક! હિંમતભાઈએ કર્યો હતોને? પંડિત હોય ઇ કરેને, ભાઈ! વાત સાચી ઇ. બે-ચાર-પાંચ ઘા મારે અને કટકા બે થાય ઇ કંઈ (ઘા કહેવાય)? ફડાક! કાકડી ઉપર એક છરી મારે, બે કટકા! એક છરીએ ફડાક! ... ફડાક દઈને.

**'મોહમળ જેનું મૂળ છે પરદ્રવ્યપ્રવૃત્તિ...'** અહીં વજન છે. પરદ્રવ્યમાં લક્ષ જવું એમાં રાગ જ થાય છે. એકત્વબુદ્ધિ હોય તો તો મિથ્યાત્વ, એકત્વબુદ્ધિ ન હોય તો અસ્થિરતાનો રાગ. પણ એમાં રાગ જ (ઉત્પન્ન થાય). મોહ શબ્દમાં બધું લેવું હોં! **'વિષયવિરક્તતા થાય છે...'** તેનો અભાવ થવાથી. જુઓ! પરદ્રવ્યની પ્રવૃત્તિ તરફના લક્ષનો અભાવ હોવાથી વિષયવિરક્તતા થાય છે. પરના વિષય એટલે વિષય શબ્દે શબ્દ, રૂપ, રસ, ગંધ, સ્પર્શ અશુભ એમ નહિ. આત્માનો સ્વવિષય કર્યો એમાં સ્વવિષયમાં જોડાણથી પર વિષય, પછી દેવ-ગુરુ-શાસ્ત્ર આદિ બધા પરવિષય છે. વિષયની વિરક્તતા થાય છે. પરના વિષયથી લક્ષ ખસી જાય છે. જેટલો સ્વનો આશ્રય થાય છે તેટલો પરનો આશ્રય છૂટી જાય છે. સમજાણું કાંઈ? જુઓ! આ વિષયવિરક્તતા એટલે આ ભોગનો વિષય એટલું જ નહિ, શુભ-અશુભ શબ્દ, શુભ-અશુભ બધી બાહ્ય વસ્તુની અંતરમાં પ્રવૃત્તિ કરવાથી સમ્યગ્દર્શનપૂર્વક મોહમૂળનો અભાવ કરીને અંતરમાં પ્રવૃત્તિ કરવાથી પરની પ્રવૃત્તિની, વિષયની, લક્ષની, ધ્યેયની વિરક્તતા થાય છે. જેટલો સ્વઆશ્રય કર્યો એટલી પરદ્રવ્યથી નિવૃત્તિ થાય છે.

**'તેથી (અર્થાત્ વિષય વિરક્તતા થવાથી), સમુદ્રના મધ્યમાં રહેલા એક વહાણના પંખીની માફક...'** શું કહ્યું? સમુદ્રના મધ્યમાં વહાણ. એક વહાણ-જહાજ હોય અને મોટું હોય. એની પંખી બેસી ગયું પોપટ કે ... જહાજના ખૂણામાં. જહાજ ચાલ્યું. વીસ, પચ્ચીશ, પચાશ જોજન દૂર (ચાલ્યું ગયું). હવે શું કરવું? પંખીને ઊડીને જાવું ક્યાં? ક્યાં જાશે? ઉપર જોવે તો આકાશ, નીચે જોવે તો પાણી. ઉડી-ઉડીને પાછું ત્યાં આવે. બેસવા માટે જહાજ રહ્યું ઊડી ઊડીને. સમુદ્રનો મધ્ય કહ્યું છેને? કાંઠે નહિ, કાંઠે હોય તો તો થોડા એક-બે જોજન હોય તો ઊડીને પહોંચી જાય, પણ

સમુદ્રના મધ્યમાં જહાજ આવી ગયું. પહેલેથી કોઈ પંખી બેસી ગયું હોય. જહાજવાળાને ખબર ન હોય, ઊડાડ્યું ન હોય, એક કોર બેઠું હોય, ક્યાંક હેઠે બેસી ગયું હોય. ચાલ્યું એકદમ પચ્ચીશ-પચાશ જોજન. હવે?

'**સમુદ્રના મધ્યમાં રહેલા એક વહાણના પંખીની માફક...**' એ પંખીની માફક. '**અધિકરણભૂત દ્રવ્યાંતરોનો અભાવ થવાને લીધે...**' જુઓ! ભાષા જુઓ ટીકા! એ રાગનો આધાર પરદ્રવ્ય હતા, લક્ષ. તો આધાર '**અધિકરણભૂત દ્રવ્યાંતર...**' પોતાના દ્રવ્ય સિવાય બીજા દ્રવ્ય, બીજા બધા દ્રવ્ય. તેનો '**અભાવ થવાને લીધે જેને અન્ય કોઈ શરણ રહ્યું નથી...**' દૃષ્ટિમાં તો સ્વભાવ જ શરણ રહ્યું. ફરી ફરીને દૃષ્ટિ સ્વભાવ ઉપર આવે. વીર્ય એમાં રોકાઈ જાય છે. ... ... સમજાણું કાંઈ? અધિકરણભૂત પરદ્રવ્યાંતર એટલે પોતાના દ્રવ્ય સિવાય અંતર એટલે અનેરા, અનેરા અન્ય દ્રવ્ય જે રાગનો આધાર છે તેનો તો અભાવ થયો. જેથી '**અન્ય કોઈ શરણ રહ્યું નથી એવા મનનો નિરોધ થાય છે...**' મનનો નિરોધ થઈ જાય છે. પર તરફનું લક્ષ છૂટી જાય છે. વિશેષ સમભાવ લીધોને. પહેલા દૃષ્ટિ થઈ પછી પર તરફથી ખસીને સ્વભાવમાં આવ્યો તો પર અધિકરણ હતું રાગનું એ છૂટી ગયું. તો પોતામાં જ વારંવાર વીર્યની પુરુષાર્થની ગતિ ચાલે છે. તો મનનો નિરોધ થઈને આત્મામાં શાંતિની સ્થિરતા પ્રગટ થાય છે. એ સ્વદ્રવ્યના અવલંબનથી, પરદ્રવ્યના અવલંબનથી થતી નથી. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**ભાદરવા વદ-૨, ગુરુવાર, તા. ૫-૯-૧૯૬૩**
**ગાથા-૧૯૬, ૧૯૭, પ્રવચન-૭૭**

શું કહે છે? જુઓ! '**હવે, એકાગ્ર સંચેતન જેનું લક્ષણ છે એવું ધ્યાન આત્માને અશુદ્ધતા લાવતું નથી...**' કહે છે કે, પોતાનો આત્મા પોતાના આત્માના જ્ઞાનાનંદના અંતર અવલોકનમાં રહે, અંતર સન્મુખ સ્વભાવને વિષય બનાવ્યો છે તેને ધ્યાન યથાર્થ હોય છે અને તે ધ્યાનમાં અશુદ્ધતાનું કારણ રહેતું નથી. કેમકે તેમાં પરદ્રવ્યનો આશ્રય રહ્યો નહિ. સમજાણું કાંઈ?

'**ટીકા :- મોહમળનો જેણે ક્ષય કર્યો છે...**' ટીકા ફરીથી. '**એવા આત્માને, મોહમળ જેનું મૂળ છે એવી પરદ્રવ્યપ્રવૃત્તિનો અભાવ થવાથી...**' આ આત્મા અખંડ આનંદ શુદ્ધ ચૈતન્યસ્વરૂપ એનો જ્યાં આશ્રય લીધો તો પરદ્રવ્યપ્રવૃત્તિનું મૂળ જે મોહ હતો તેનો અભાવ થયો તો પરદ્રવ્ય

તરફનું લક્ષ છૂટી ગયું, પરદ્રવ્યની પ્રવૃત્તિનો અભાવ થયો. **'વિષયવિરક્તતા થાય છે...'** પોતાના સ્વ-વિષયમાં પર-વિષયની નિવૃત્તિ થાય છે. વિષય શબ્દે સમજાય છે? એકલી ચૈતન્ય વસ્તુ પૂર્ણ આનંદ એવો સ્વ-વિષય સમ્યક્‌શ્રદ્ધા-જ્ઞાને બનાવ્યો તો પરવિષય પરદ્રવ્યની પ્રવૃત્તિનો તેમાં અભાવ થઈ ગયો. સમજાણું કાંઈ? પોતાના શ્રદ્ધા-જ્ઞાને સ્વ ચૈતન્યને વિષય બનાવ્યો. જ્ઞેય છેને, જ્ઞેય અધિકાર. તો પોતાની જ્ઞાનપર્યાયે-જ્ઞાન અવસ્થાએ જ્ઞાયક ત્રિકાળને સ્વ-વિષય બનાવ્યો. તો મોહમળ જેનું મૂળ છે એવી પરદ્રવ્યપ્રવૃત્તિનો અભાવ થઈ ગયો. સમજાણું કાંઈ?

જ્યારે નિજ ચૈતન્યના અવલોકનમાં આવ્યો તો પરદ્રવ્યની પ્રવૃત્તિનો અભાવ થયો. તો જે પરદ્રવ્યની પ્રવૃત્તિ મોહનું મૂળ હતી, તો પરનો આશ્રય લેવાથી રાગ-દ્વેષની ઉત્પત્તિ થાય છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- એકાગ્ર સંચેતન...

ઉત્તર :- આ એકાગ્ર સંચેતન થયું. એક અગ્ર-એક વિષય આત્મા તેનો અનુભવ એમાં એકાગ્ર સંચેતન થયું.

**'તેથી (અર્થાત્ વિષયવિરક્તતા થવાથી), સમુદ્રના મધ્યમાં રહેલા એક વહાણના પંખીની માફક...'** સમુદ્રના મધ્યમાં રહેલા વહાણના પંખીની માફક **'અધિકરણભૂત દ્રવ્યાંતરોનો અભાવ થવાને લીધે...'** જેમ પંખીને એક આધાર વહાણનો જ રહ્યો. બીજો રહ્યો જ નહિ. દરિયામાં મધ્યમાં જ્યાં જાય ઊડી ઊડીને પાછુ ત્યાં જ આવવું પડે. બીજો આધાર રહ્યો નહિ. એમ પોતાના સ્વભાવને અંતરમાં વિષય બનાવ્યો એને આધારભૂત અનેરા દ્રવ્યનો લક્ષમાંથી અભાવ થયો. **'જેને અન્ય કોઈ શરણ રહ્યું નથી એવા મનનો નિરોધ થાય છે...'** પર તરફનું લક્ષ આશ્રય, મોહનો તો નાશ કર્યો તો પોતાના સ્વભાવ તરફનો આશ્રય રહ્યો. ફરી ફરીને મન અંતર્મુખ થાય છે. જેમ પંખી વારંવાર વહાણ ઉપર પાછું આવે છે, સમુદ્રના મધ્યમાં. એમ મન અહીંયા જ રહે છે. બહાર ભમવાનો અવકાશ રહ્યો નહિ. સમજાણું કાંઈ? શેઠી!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ... **'(અર્થાત્ જેમ સમુદ્રના મધ્યમાં રહેલા કોઈ એકાકી વહાણના ઉપર બેઠેલા...'** એકલું વહાણ હોય. હજી બે-ચાર હોય તો ન્યાંથી ઊડીને ન્યાં જાય. **'(એકાકી વહાણના ઉપર બેઠેલા પંખીને તે વહાણ સિવાય અન્ય કોઈ વહાણોનો, વૃક્ષોનો કે ભૂમિ ઉપરનો આધાર નહિ રહેવાને લીધે...'** વન, ભૂમિ નહિ, વૃક્ષ નહિ કોઈ બીજા ઝાડ નહિ, **'બીજું કોઈ શરણ નહિ રહેવાથી તે પંખી ઊડતું અટકી જાય છે...'** ઊડવું જ બંધ થઈ જાય છે, ત્યાં ને ત્યાં રહે છે.

**'(તેમ વિષયવિરક્તતા થવાથી...'** વિષય શબ્દે પર પદાર્થ શુભ કે અશુભ બધાની વિરક્તતા. ઇન્દ્રિય અને મનનો વિષય જે પર છે તે છૂટી ગયો. અંતર ચૈતન્યમૂર્તિ અતીન્દ્રિય ભગવાન આત્માનો વિષય, ધ્યેય, લક્ષ બનાવ્યો તો પરનો વિષય છૂટી ગયો. તેમ અન્ય દ્રવ્યોનો આધાર નહિ રહેવાથી. વિષયવિરક્તતા થવાથી પરદ્રવ્યનો આશ્રય છોડવાથી **'મનને આત્મદ્રવ્ય**

**સિવાય કોઈ અન્ય દ્રવ્યોનો આધાર નહિ રહેવાને લીધે બીજું કાંઈ શરણ નહિ રહેવાથી મન નિરોધ પામે છે)...'** અંતરમાં સમાઈ જાય છે. સમજાણું કાંઈ? જરી કળા. સ્વ ભગવાન અને પરદ્રવ્ય. વચ્ચે પરદ્રવ્યનો આશ્રય કરવાથી રાગ-દ્વેષ અને મિથ્યાત્વ ઉત્પન્ન થાય છે. પરદ્રવ્યનો આશ્રય કરવાથી, લાભ માનવાથી મિથ્યાત્વ છે. લાભ ન માને તો પરદ્રવ્યનું જેટલું અનુસરણ કરે એમાં રાગ અને દ્વેષ થાય છે. શુભ હો કે અશુભ હો. સ્વ ચૈતન્યને વિષય બનાવ્યો તો બધા પરદ્રવ્યનો વિષય રોકાઈ ગયો. પોતામાં સ્થિત-ઠરવાનું રહી ગયું.

**'અને તેથી (અર્થાત્ મનનો નિરોધ થવાથી), મન જેનું મૂળ છે એવી ચંચળતાનો વિલય થવાને લીધે...'** જુઓ! ચંચળતાનું મૂળ કારણ મન હતું. મનનો સંબંધ કરતો હતો તો બાહ્ય ઉપર લક્ષ જઈને ચંચળતા થતી હતી. તો મન જેનું મૂળ, જેનું એટલું ચંચળતાનું, મનનો વિલય થવાને લીધે. અંતર્મુખ થવાથી મનનો વિલય થઈ ગયો, ચંચળતાનો વિલય થઈ ગયો. સ્વરૂપ સ્થિર ચૈતન્યમૂર્તિ જ્ઞાયકધામ **'અનંત-સહજ-ચૈતન્યાત્મક સ્વભાવમાં...'** જુઓ! ચંચળતા અટકી ગઈ તો થયું શું? અનંત સહજ ચૈતન્યસ્વરૂપ, અનંત સહજ જ્ઞાયકસ્વભાવસ્વરૂપ **'સમવસ્થાન...'** દઢતાથી રહેવાનું થાય છે. એમાં લીન થાય છે તો ધ્યાન થાય છે. એકાગ્રતામાં એમાં લીન થઈ ગયો. કહો, સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- સ્વભાવમાં સમવસ્થાન. પોતાનો સ્વભાવ જે કાયમી અનંત ચૈતન્યમૂર્તિ છે એ સ્વભાવ, એમાં સમવસ્થાન-દઢતાથી સ્થિર થઈ ગયો. ત્રિકાળ જ્ઞાયકસ્વભાવમાં સ્થિર થઈ ગયો તે ધ્યાન, એ એકાગ્ર સંચેતન. પોતાના આત્મામાં એક લક્ષ કરીને અનુભવ. સૂક્ષ્મ વાત (છે). આ જ્ઞેય અધિકારનો છેલ્લો (વિભાગ છે). પરજ્ઞેયનો આશ્રય છૂટ્યો તો પોતાના સ્વજ્ઞેયનો આશ્રય રહ્યો. સ્વજ્ઞેયનો આશ્રય રહ્યો તો એકાગ્ર સંચેતન (મનના) નિરોધરૂપ ધ્યાન ત્યાં થયું. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- મન ઊડી ગયું. મનનો વિષય તો પર હતું. એ વિષય લક્ષમાંથી છોડી દીધો. અંતરમાં લક્ષ કરીને ધ્યેય કરીને પોતાનો આનંદમૂર્તિ પ્રભુમાં સ્થિર થયો તો એકાગ્ર સંચેતન ધ્યાન થઈ ગયું.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ઇ આ. અત્યારે આ છે. મનનો વિષય એ વખતે નથી. એ સ્વ-પર એ તો અરૂપી સાધારણ જાણે.

અહીંયા તો પોતાના ધ્યાનના વિષયની વાત છે. અંતર આનંદમાં આવ્યો, મન છૂટી ગયો. સ્વ-પર બધાનું મન છૂટી ગયું. એકલો આત્મા જ આનંદમાં રહ્યો એ અપેક્ષાથી (ભાવ) મનથી થયું એમ કહેવામાં આવે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, ઇ થાય છે. ઇન્દ્રિય અને મનનું લક્ષ કરે તો પરદ્રવ્યનું લક્ષ થાય છે. જ્યારે લક્ષ

છૂટી ગયું તો પરદ્રવ્યનો આશ્રય છૂટી ગયો, પોતાનો આશ્રય રહી ગયો. ઇન્દ્રિય અને મનનું લક્ષ કરે તો પરદ્રવ્યનું લક્ષ થાય છે. એ છૂટી ગયું. અતીન્દ્રિય આનંદ પોતાના આત્મામાં લક્ષ થવાથી એકાગ્ર થઈ ગયો. એમાં મન વિલય પામ્યું. ઇન્દ્રિયનો વિષય છૂટી ગયો, મનનો વિલય થયો. ચિદાનંદમૂર્તિના ધ્યાનમાં મસ્ત રહે છે તેને જ એકાગ્ર સંચેતન ધ્યાન કહેવામાં આવે છે.

**'તે સ્વભાવસમવસ્થાન તો...'** જુઓ! **'સ્વરૂપમાં પ્રવર્તતું,...'** જુઓ! પોતાનો ત્રિકાળ જ્ઞાયકસ્વભાવ પદાર્થ છે કે નહિ મહાન? એમાં પ્રવર્તમાન, સ્વભાવમાં પ્રવર્તમાન. **'સ્વભાવસમવસ્થાન તો સ્વરૂપમાં પ્રવર્તતું, અનાકુળ,...'** અનાકુળ આનંદ. પરંતુ પહેલા આત્મા કેવો છે, જેવો છે એવી દૃષ્ટિ થઈ છે અને પછી સ્વરૂપમાં સ્થિરતા કરવાના કાળની વાત કરે છે. સમજાણું કાંઈ? આત્મા શરીર, કર્મ, પુણ્ય-પાપના વિકલ્પ, રાગથી ભિન્ન પોતાની શક્તિમાં સંપૂર્ણ સ્વભાવ છે એવો જ્યારે નિર્ણય થયો તો નિર્ણય કરીને પરનો વિષય છૂટી ગયો અને પોતાના વિષયમાં-ધ્યેયમાં એકાકાર થયો તો મન વિલય થઈ ગયું. તો સ્વભાવસમવસ્થાનમાં પ્રવર્તન થયું. પ્રવૃત્તિ અંદરમાં થઈ. ત્રિકાળ સ્વભાવમાં પોતાની પરિણતિની પ્રવૃત્તિ થઈ. તે અનાકુળ છે. પર્યાયમાં અનાકુળતા થઈ. આનંદ થયો.

**'એકાગ્ર સંચેતન હોવાથી તેને 'ધ્યાન' કહેવામાં આવે છે.'** આવું આનંદસહિતનું પ્રવર્તન તેને એકાગ્ર સંચેતન હોવાથી, એક જ આત્માનું અગ્ર નામ લક્ષ કરવાથી, તેનો અનુભવ થવાથી તેને ધ્યાન કહેવાય છે. આ ધ્યાન સ્વસ્વરૂપનું. અજ્ઞાની, વીતરાગનો માર્ગ, આત્મા શું, વિકાર શું, વસ્તુ સમજ્યા વિના ધ્યાન કરે છે તે ધ્યાન નથી. એક સમયમાં અનંત ચૈતન્યમૂર્તિ હું અનંત ગુણસમાજસ્વરૂપ અને મારી પર્યાયમાં પરિણમન છે અને લક્ષ મારું મન અને ઇન્દ્રિયના લક્ષે પર ઉપર જાય છે. ઇન્દ્રિય છે, મન છે, પર છે. લક્ષ જાતું હતું એવી દશા હતી. આ બધાની કબુલાતપૂર્વક પોતાનો આત્મા અખંડ સહજ ચૈતન્યમૂર્તિ સમસ્વભાવીની દૃષ્ટિ કરીને સ્થિર થઈ જાય છે તેને એકાગ્ર સંચેતન ધ્યાન થાય છે. સમજાણું કાંઈ? એક અંદર,... બીજા પદાર્થ છે એનું લક્ષ છૂટી ગયું. પદાર્થ છે એની માન્યતા તો છે. અનંત પદાર્થ છે. પોતા સિવાય અનંત છે. અનંતનું લક્ષ છોડીને એક પોતાનું ચૈતન્યસ્વરૂપ જ્ઞાયક અનંત ગુણનો પિંડ પૂર્ણસ્વરૂપને ધ્યેય, વિષય, લક્ષ બનાવીને એમાં મન વિલય થયું તો એકાગ્ર ધ્યાન થયું.

મુમુક્ષુ :- માળા ગણે તો?

ઉત્તર :- માળા-બાળામાં કાંઈ નથી. શુભરાગ, એ શુભરાગ. પરદ્રવ્યની પ્રવૃત્તિ તરફનું લક્ષ શુભરાગ, પુણ્યબંધનું કારણ, એ અબંધ પરિણામ નહિ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- અરે..! અહીંયા ચોથેથી માંડી છે. ચોથેથી થાય છે. વિશેષ સાતમે થાય છે, પૂર્ણ તેરમે થાય છે. ... હવે અમારે આ બધું કરવું... પહેલા શરૂઆતમાં સમ્યગ્દર્શન થવાના કાળમાં આવી દૃષ્ટિ થાય છે. સમજાણું કાંઈ? પરદ્રવ્યનો, ભલે અંદર અબુદ્ધિપૂર્વકના રાગાદિ હો, પણ પોતાના

સ્વભાવ તરફની એકાગ્રતા, પૂર્ણાનંદના ચૈતન્યના માહાત્મ્યમાં ... અંદર એકાગ્ર થયો તો અનાકુળતા લક્ષણ એકાગ્ર ધ્યાન થયું. એ ધ્યાનકાળમાં જે પ્રતીત અને જ્ઞાન થયા તેને સમ્યગ્દર્શન, સમ્યક્‌જ્ઞાન કહે છે. પછી ભલે ધ્યાન છૂટી જાય. સમજાણું કાંઈ? પછી શુભ અને અશુભ ઉપયોગમાં પણ (જાય). પણ અંતરમાં એકાગ્રતા થયા વિના ધર્મધ્યાનની પરિણતિ-અવસ્થા થતી નથી. ચાલતી પ્રણાલિકાની સાથે મેળવવા માંગે તો કંઈ મળે નહિ.

મુમુક્ષુ :- મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન..

ઉત્તર :- હા, મતિ-શ્રુતજ્ઞાન જ છે. સ્વસંવેદનમાં મતિ-શ્રુતજ્ઞાન જ છે. મતિ-શ્રુતજ્ઞાન પ્રત્યક્ષ થઈ ગયું. એ તો બાહ્ય પદાર્થ જાણવામાં મતિ-શ્રુત પરોક્ષ છે. પોતાના વેદનકાળમાં મતિ-શ્રુત પ્રત્યક્ષ છે. ઓહો..હો..! સમજાણું કાંઈ? જ્ઞાનની વર્તમાન જે પ્રગટ પર્યાય છે એ પર્યાય તો અંતર જ્ઞાયકના અવલોકનમાં રોકાઈ ગઈ તો એ જ્ઞાનની પર્યાય પ્રત્યક્ષ થઈ ગઈ. એમાં રાગ કે નિમિત્તનો આધાર રહ્યો નહિ. સૂક્ષ્મ વાત છે, ભાઈ! માર્ગ આવી વસ્તુ છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ના, એનું લક્ષ જ છોડી દીધું. મન પણ પર છે તો લક્ષ છોડી દીધું.

મુમુક્ષુ :- લક્ષ છોડવું...

ઉત્તર :- બસ, એટલું છે. વસ્તુ તો પડી છે, બધું છે. મન છે, બધા વિષય છે, બાહ્ય છે પણ લક્ષ છોડીને અંદર લક્ષ ગયું તો મનનો વિલય થઈ ગયો.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ઇ વશમાં આ. અંતરમાં લક્ષ કરવાથી મનને વશ કર્યું એમ કહેવામાં આવે છે. શું મનને વશ..?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- બસ, લક્ષ છોડી દેવું. પર તરફનું લક્ષ છોડી દેવું એ પણ નાસ્તિથી કથન છે. અસ્તિથી તો એક સમયમાં પૂર્ણાનંદ જ્ઞાયક અનંત સહજ ચૈતન્યજ્યોત, અનંત સહજ ચૈતન્યાત્મક સ્વભાવ. એ સ્વભાવમાં એકાગ્ર થવું, (તો) મનનો નિરોધ થઈ ગયો. મનનો નિરોધ કર્યો એમ કહેવામાં આવે છે. હું મનનો નિરોધ કરું એ વિકલ્પ છે.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- પોતામાં છે. સમજાણું કાંઈ? મહેન્દ્રભાઈ! તમે ધ્યાનનો વિષય પૂછતા હતાને ઘણીવાર. આ આવ્યો કુદરતી અહીંયા, જુઓ!

મુમુક્ષુ :- પોતાને વશમાં કર્યો...

ઉત્તર :- સાંભળો, સાંભળો!

**'તે સ્વભાવસમવસ્થાન...'** જુઓ! અનંત ચૈતન્યસ્વભાવ પરિપૂર્ણ મારો છે, એ અસ્તિમાં જ્ઞાનની પર્યાયને અંદર રોકીને સ્થિર થયો તો મનનો નિરોધ થઈ ગયો. તે **'અનાકુળ, એકાગ્ર**

**સંચેતન હોવાથી તેને 'ધ્યાન' કહેવામાં આવે છે.'** સમજાણું કાંઈ? બીજો કહે, આત્મા આવો છે, સર્વવ્યાપક છે, અનંત છે, બધાનો સમાન ધર્મ છે. એવી માન્યતામાં આવી દૃષ્ટિ થતી નથી. કેમકે એમાં તો મોટું શલ્ય પડ્યું છે. ભગવાને કહ્યું કે હું અનંત ચૈતન્યસ્વરૂપ અનંતગુણનો પુંજ હું એકરૂપ છું. આવા અનંત પરદ્રવ્ય છે, દેવ-ગુરુ છે, શાસ્ત્ર છે, સ્ત્રી, કુટુંબ છે, સિદ્ધ છે, નિગોદ છે, સિદ્ધ છે, પંચ પરમેષ્ઠી છે, બધા છે, પણ એનું લક્ષ છોડવું, ધ્યેય છોડવું, આશ્રય છોડવો. એક સ્વરૂપમાં અંતરમાં આશ્રયમાં અવલોકનમાં આવી જવું એનું નામ એકાગ્ર સંચેતન ધ્યાન કહેવામાં આવે છે. ઓહો..હો..! આ તો બારમે ગુણસ્થાને થશે, એમ પૂછે છે ફૂલચંદજી. બારમે (ગુણસ્થાને) પૂર્ણ થશે. નીચે અપૂર્ણ છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એનો હજી નિર્ણય ક્યાં કર્યો છે પાક્કો? સાચો નિશ્ચય તો થાય. એક રાગનો કણ ઉઠે છે એ પણ મારું કર્તવ્ય નહિ, દેહના કામ મારા નહિ, હું પરિપૂર્ણ આત્મા છું. એવા અનંત પરિપૂર્ણ ભગવાન આત્મા બિરાજમાન છે. અનાદિ-અનંત એવા છ દ્રવ્ય બિરાજમાન સ્વયંસિદ્ધ તત્ત્વ છે. એમાં હું એકલો ભિન્ન છું. મારે અને મનને પણ સંબંધ નથી. સંબંધ કહે તો પરલક્ષ જાય છે, રાગ ઉત્પન્ન થાય છે. પોતાનો સ્વભાવ ચૈતન્યજ્યોતમાં એકાકાર થવાથી ધ્યાન એકાગ્ર સંચેતન કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

**'આથી (એમ નક્કી થયું કે) ધ્યાન સ્વભાવસમવસ્થાનરૂપ હોવાને લીધે...'** એમ. ધ્યાન કેવું છે? કે પોતાનો સ્વભાવ સમવસ્થાન-એમાં સ્થિર થઈ ગયું. તેથી **'આત્માથી અનન્ય હોવાથી...'** જુઓ! એ ધ્યાન આત્માથી અન્ય નથી. આત્માની નિર્મળ પર્યાય જ ધ્યાન થઈ ગયું. **'આત્માથી અનન્ય હોવાથી...'** અનન્ય નામ એકમેક, અનેરું નથી. ધ્યાન એ કોઈ અનેરી ચીજ નથી. અહીં આ કેમ લીધું છે? એક આત્મા અને ધ્યાન, બે થઈ ગયા તો અશુદ્ધતાનું કારણ છે? વેદાંતમાં એમ કહે છે. આત્મા (અને) આત્માનું ધ્યાન-અનુભવ એ તો બે થઈ ગયા. બે થયા તો એમ છે જ નહિ, અદ્વૈત છે. એમ નથી. માટે આ વાત લીધી. અશુદ્ધતા ... આ પ્રશ્ન લેવાનું કારણ શું? માથે કહ્યું કે **'એવું ધ્યાન આત્માને અશુદ્ધતા લાવતું નથી...'** એનું કારણ શું? આત્મા સમસ્વભાવી છે અને પોતાની પર્યાય એમાં લીન થઈ. તો બે થઈ ગયાને? પર્યાય અને દ્રવ્ય. બે થયા પણ પર્યાય અનન્ય થઈ ગઈ. પોતાના દ્રવ્યસ્વભાવમાં એકમેક થઈ ગઈ. તેથી તેને અશુદ્ધતા રહેતી નથી. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- અન્યપણું રહ્યું નહિ.

ઉત્તર :- અન્યપણું રહ્યું નહિ. ત્યારે કહે કે ધ્યાન થયુંને? ધ્યાન થયું એ તો પર્યાય પોતાના દ્રવ્યસ્વભાવમાં અભિન્ન થઈ. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પર્યાય રહી, ધ્યાનની પર્યાય રહી. ધ્યાન-પર્યાય ન હોય તો... પણ એ ધ્યાન-પર્યાય

અંતરમાં એકાગ્ર થઈ છે. પર્યાય વિનાનું દ્રવ્ય ત્રણકાળમાં હોય નહિ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- દ્રવ્યમાં એકાકાર થઈ તો ધ્યાન-પર્યાય, નિર્મળ પર્યાય રહી. એ નિર્મળ પર્યાય સ્વભાવનું લક્ષ કરીને સ્થિર થઈ છે. નિર્મળ પર્યાય થઈ તેને ધ્યાન કહે છે. નિર્મળ પર્યાય થઈ તેને ધ્યાન કહે છે, પણ નિર્મળ પર્યાયનું ધ્યેય આત્મા હતો. એમાં લીન થયો તો નિર્મળ પર્યાય પ્રગટ થઈ. દ્રવ્ય અને પર્યાય ને આત્મા... એટલો ફેર..

મુમુક્ષુ :- બહિરાત્મા, અંતરાત્મા, પરમાત્મા...

ઉત્તર :- ઇ આ અંતરાત્મા. આ અંતરાત્માની વાત ચાલે છે. સમજાણું કાંઈ? બહિરાત્માઓ પુણ્ય-પાપના વિકલ્પમાં એકાગ્ર થઈને આત્મા માને છે તે બહિરાત્મા. પોતાના સ્વભાવમાં એકાગ્ર થઈને, આવો શુદ્ધ આત્મા હું છું, એવી અનુભવની પ્રતીતિ થઈ તે અંતરાત્મા (થયો) અને શક્તિની વ્યક્તતા પૂર્ણ થઈ તે પરમાત્મા. કહો, સમજાણું કાંઈ? મૂળ વિષય એવો છે કે અંદરમાં જરી મનન, વિચાર, ઘોલન વિના આ વાતનો પત્તો ખાતો નથી. આ તો બહારથી બહારથી જાણે મળી જાય. રતિભાઈ!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- 'દોડત દોડત દોડિયો જેવી મનની દોડ'. એમાં મનની દોડ છે, એમાં આત્મા-ફાત્મા નથી. 'પ્રેમ પ્રતીત વિચારો ઢૂંકડી, ગુરુગમ લેજો જોઈ'. એકલા આત્માને જુઓ, એનું અવલોકન કરો. શું વસ્તુ છે? અવલોકન કરવાની પર્યાય અવલોકે છે દ્રવ્યને. ભાષા ગ્રીક-લેટિન જેવી લાગે નવા માણસને તો. આમ પૂજા કરવી ને દયા કરવી ને વ્રત પાળવા ને ભક્તિ કરવી, દાન દેવા એ ધર્મ મનાણો. એઇ..! એ તો અભવિ પણ કરે છે, એમાં શું છે? એ તો અનાદિકાળથી કરતો આવ્યો છે શુભરાગ.

આ વસ્તુ શું છે એને પહેલા પ્રતીત, લક્ષમાં લઈને એના અંતરમાં એકાકાર અવલોકનમાં રહેવું એનું નામ અહીંયા ધ્યાન કહે છે. બીજું હતું તે છૂટી ગયું બધું. લક્ષ છૂટી ગયું, અવલોકન છૂટી ગયું. એકલો આત્મા અવલોકનમાં રહી ગયો. સમજાણું કાંઈ? જ્ઞાતા-જ્ઞેય અને જ્ઞાન જ્યાં ત્રણ ભેદ પણ છૂટી ગયા. ઇ છ ઢાળામાં આવે છે.

મુમુક્ષુ :- જહાં ધ્યાન-ધ્યાતા-ધ્યેય કો ન વિકલ્પ...

ઉત્તર :- હા, ઇ. સમજાણું કાંઈ?

**'આથી (એમ નક્કી થયું કે) ધ્યાન સ્વભાવસમવસ્થાનરૂપ હોવાને લીધે...'** ધ્યાન પોતાનો ત્રિકાળી સ્વભાવ, સ્વભાવ કહ્યો હતોને? અનંત સહજ ચૈતન્યસ્વરૂપ સ્વભાવ એમ કહ્યું હતુંને? એમાં સમવસ્થાન-દૃઢપણે રહેવું એમ શબ્દ કહ્યો હતો. પોતાનો સ્વભાવ સમવસ્થાનરૂપ દૃઢપણે રહેવું તેને લીધે ધ્યાન આત્માથી અનન્ય હોવાને લીધે. સ્વભાવસમવસ્થાન. ત્રિકાળ શુદ્ધ સ્વભાવમાં દૃઢપણે રહેવું તે ધ્યાન અને તે ધ્યાન આત્માથી અનન્ય થયું. આત્માની પર્યાય અનેરી ન થઈ. એ

પર્યાય આત્માથી અભેદ થઈ. ભાષા ભારે ભાઈ! સમજાણું કાંઈ?

**'આત્માથી અનન્ય હોવાથી...'** શું? ધ્યાનની પર્યાય. શુભ-અશુભ રાગ પણ પર્યાય છે, પણ એ મલિન છે. અને આ નિર્મળ અંદર, શુભાશુભ રાગ અર્થાત્ મનનું લક્ષ છોડીને એકલું ચૈતન્યસ્વરૂપ જે પરમાનંદ ચૈતન્યસ્વભાવમાં સમવસ્થાન થયો, દઢપણે એકાગ્ર થયો એ ધ્યાન-પર્યાય આત્માથી અન્ય નથી, અનન્ય છે, એકમેક છે. સમજાણું કાંઈ? પહેલા ખ્યાલમાં, સમજણમાં તો વાત લે. એ વિના પ્રયોગ ક્યાંથી કરશે? અને ધ્યાન ક્યાંથી થશે? માળા-બાળા ક્યાં ગઈ? માળામાં તો શુભરાગ આવ્યો. પરદ્રવ્યની પ્રવૃત્તિ છે, પરદ્રવ્યનો આશ્રય, લક્ષ છે, બંધનું કારણ છે. આવે છે, જ્યાં સુધી વીતરાગ ન થાય ત્યાં સુધી શુભભાવ આવે છે, પણ એ ધર્મ નથી. મુનિઓને પણ શુભરાગ તો આવે છે. ભાવલિંગી સંતને પંચ મહાવ્રત, અઠ્યાવીશ મૂળગુણનો શુભરાગ હોય છે. જ્યાં સુધી પૂર્ણ સ્વદ્રવ્યનો આશ્રય ન થાય ત્યાં સુધી પરદ્રવ્યનો, મનનો આશ્રય અલ્પ રહી જાય છે. રહી જાય છે તે મોક્ષનો માર્ગ નહિ. સમજાણું કાંઈ?

જેટલો, પોતાનો જ્ઞાયક અનંત ચૈતન્યસ્વભાવ ઉપરનો આશ્રય લઈને એકાગ્ર થયો તેટલો મોક્ષનો માર્ગ (છે). જ્યાં સુધી મનનો સંબંધ પૂર્ણ વીતરાગ ન થાય ત્યાં સુધી રહે છે. નીચેની ભૂમિકામાં ચોથે ગુણસ્થાને, પાંચમે, છઠ્ઠે શુભરાગ જરૂર આવે છે. વિનય કરે છે, મુનિઓ મુનિઓનો વિનય કરે છે, ભક્તિ કરે છે, વૈયાવચ્ચ કરે છે, સેવા કરે છે વગેરે કરે છે. કરે છે એ તો જડની ક્રિયા થાય છે. શુભરાગ થાય છે. સમજે છે કે અમારી એટલી પ્રવૃત્તિ બાહ્ય તરફ ગઈ. અમારી પ્રવૃત્તિ અંતરમાં લીન થતી નથી. જેટલી અંતરમાં લીન થઈ એટલી અમારી પરિણતિ શુદ્ધ ધર્મ.

મુમુક્ષુ :- એ અમારી સંપત્તિ.

ઉત્તર :- એ અમારી સંપત્તિ-ધર્મ, બાકી બધી જાણવાલાયક ચીજ છે. આહા..હા..! આખી ચીજ મહાન પદાર્થ (છે). આત્મા એટલે? ઓહો..હો..! ચૌદ બ્રહ્માંડને નક્કી કોણ કરે છે? કે આ છે, હું છું, આ છે. હું છું અને આ છે. રાગ છે, હું છું. આ બધું નક્કી કરનાર મહાન પદાર્થ અનંતગુણનો પિંડ પ્રભુ એક આત્મા છે. અરૂપી અને બાહ્ય લક્ષ, અનાદિ અનાદિ ઇન્દ્રિયના લક્ષે પ્રવૃત્તિ છે. એ ચીજ શું છે એનું માહાત્મ્ય આવતું નથી. મહાન પદાર્થ તો એ આત્મા છે. સમજાણું કાંઈ? અને બીજા ભગવાન મહાન પદાર્થથી પણ આ આત્મા પોતાનો મહાન પદાર્થ છે. એનો એનો મહાન પદાર્થ છે, આ પોતાનો મહાન પદાર્થ છે. જેટલા અનંત સર્વજ્ઞો છે તે જ્ઞાનમાં આવી જાય છે. પર્યાયમાં અનંત જ્ઞાન છે એ જ્ઞાન આવી જાય છે. એવી અનંત પર્યાયોને ધરનાર સહજ સ્વભાવ ત્રિકાળ એમાં લીનતા એ આત્માથી અન્ય નથી, અનન્ય છે. અનન્યતાને કારણે અશુદ્ધતાનું કારણ નથી એમ સિદ્ધ કરવું છે. એ જ્ઞાન અને દ્રવ્ય બે આવ્યા એટલે કોઈ એમ કહે કે એ ધ્યાનની પર્યાય થઈને? પર્યાય થઈને? તો બે થયા, તો અશુદ્ધતાનું કારણ છે? નહિ. વેદાંત ત્યાં સુધી લે છે કે આત્મા અને આત્માનો અનુભવ બે નહિ. વળી આત્મા અને અનુભવ, (બે થઈ ગયા.) દ્વૈત છે.

સાંભળ તો ખરો!

આત્મા અને એની પર્યાય ધ્યાનમાં-આત્મામાં લીન થઈ, બે છે, સામાન્ય ત્રિકાળ અને એક પર્યાય નિર્મળ એમાં લીન થઈ ઇ. બે (છે). એ પર્યાય... બે હોવા છતાં અશુદ્ધતાનું કારણ નથી, વિકલ્પનું કારણ નથી, બંધનું કારણ નથી. ધર્મચંદજી! આ તો સંતોની વાણી કેવળજ્ઞાનીના પેટ ખોલેલી વાણી છે.

જ્ઞેય અધિકાર અનંત જ્ઞેયને ન સ્વીકારે, એને અંતરનું આ જ્ઞેયમાં એકાગ્ર એમ ક્યાંથી આવ્યું? સમજાણું કાંઈ? અને અનંત જ્ઞેય અને પોતામાં અનંત ગુણ, અને અનંત ગુણની એક સમયમાં અનંતી પર્યાય, પર્યાય એવી અસ્તિ છે આત્મામાં. એવા આત્માને પરદ્રવ્યનું લક્ષ છોડીને, એવા આત્માને એક જ્ઞાનની પર્યાયમાં અનંતને જાણવાની તાકાત, અનંતની શ્રદ્ધા કરે એવી તાકાત છે, એ બધી પર્યાય દ્રવ્ય તરફના ઝુકાવથી નિર્વિકલ્પ પરિણતિ થવાથી એ પરિણતિની પર્યાય ભગવાન આત્માથી અન્ય નથી, ભેદ નથી કે જે રાગ ઉત્પન્ન કરે. અન્ય નથી કે અશુદ્ધતા ઉત્પન્ન કરે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- લુગડું ધોળું હોય, આત્મા ધોળો નથી. આત્મા તો અરૂપી છે. એક અહીંયા હતો ... સાત પડિમાવાળો અહીંયા એક હતો. પ્રભુ નામ કહેતો. આત્મા કેવો? કે પહેલો હોય રાતો, પછી હોય ધોળો. કંઈ ખબર નહિ. એક અર્જિકા હતી, અર્જિકા. એને ન્યાં કોઈએ પૂછ્યું હશે કે આત્મા કેવો છે? પહેલા રાતો અને પછી ધોળો. પહેલા લાલ કપડા પહેરે છેને? લાલ. આટલી પણ ખબર નહિ, અર્જિકા નામ ધરાવીને. અર્જિકા છે. ધૂળનું ભાન ન મળે. વ્યવહારની પણ ખબર ન મળે. મૂળ ચીજની ખબર વિના ખોખા લઈને નીકળી પડ્યા, અમે ત્યાગી છીએ, ત્યાગી છીએ, ત્યાગી છીએ.

મુમુક્ષુ :- ખોખાને ખોખા માન્યા નહિ...

ઉત્તર :- ખોખાને માન્યા હીરા. અને આ શેઠિયાઓ બધા પછી આદર કરે. પોતાને ત્યાગ હોય નહિ એટલે (લાગે કે) આટલો ત્યાગ તો છેને પોતાથી વધારે. આને તત્ત્વની ખબર નહિ, એને તત્ત્વની ખબર નહિ. શું ચીજ છે?

એક સમયમાં પ્રભુ પરમ પદાર્થ, પરમ પદાર્થ. આહા..હા..! એ પદાર્થ પરમ અતીન્દ્રિય... પહેલા આવી ગયુંને? ૧૯૨માં આવી ગયું. અતીન્દ્રિય મહા પદાર્થ, મહા પદાર્થ. જેની એક પર્યાયમાં ત્રણકાળ ત્રણલોક જણાય છે. એવી અનંત પર્યાયનો એક ગુણ, એવી અનંત પર્યાયનો બીજો ગુણ, એવી અનંત પર્યાયનો ત્રીજો ગુણ.. એવા અનંત ગુણનું એકરૂપ દ્રવ્ય, મહાન પદાર્થ! આહા..હા..! જૈનમાં જન્મ્યા છતાં જૈન પરમેશ્વર શું કહે છે એની ખબર નહિ. ઓહો..હો..! ... અર્થાત્ એવી ચીજ છે. એવી કહે છે.

સ્વભાવ સમવસ્થાન, સમ-અવસ્થાન, સમ્યક્ પ્રકારે દઢપણે સ્વભાવમાં રહેવું. એ પર્યાય તો છે પણ એ પર્યાય નિર્મળ થઈ અને ત્રિકાળ શુદ્ધ નિર્મળની એકાગ્રતામાં એ પર્યાય અભેદ થઈ ગઈ. બે

હોવા છતાં અભેદ થઈ ગઈ. તો એ અશુદ્ધતાનું કારણ નથી. અનુભવ અશુદ્ધતાનું કારણ? ધ્યાન અશુદ્ધતાનું કારણ? બિલકુલ નહિ. આત્મા ધ્યેય અને ધ્યાન, બે થઈ ગયાને? વેદાંતમાં એ દલીલ બહુ છે, બહુ દલીલ છે. એક ફેરી એણે કહ્યું કે, આત્મા અને અનુભવ બે? સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ... ચોથે થઈ જાય છે?

ઉત્તર :- હા, ચોથેથી અંશ પ્રગટ થાય છે.

એ જ મહાન પદાર્થ ભગવાન આત્મામાં સમવસ્થાન, સમ-અવસ્થાન. બસ! સમ્યક્ પ્રકારે સ્થાન-અવસ્થાન થઈ ગયો અંદરમાં. દઢ... એવી દૃષ્ટિ અને લીનતા થઈ એ પર્યાય તો છે, પર્યાય વિના તો દ્રવ્ય કદી નથી રહેતું. સિદ્ધમાં પણ સિદ્ધપર્યાય છે. પર્યાય ન હોય તો દ્રવ્યનો નાશ થઈ જાય. પર્યાયનો અર્થ એનો નિર્મળ અંશ જે છે એ પર્યાય, ત્રિકાળ જે અંશી છે તે દ્રવ્ય. ત્રિકાળી જે પદાર્થ છે એમાં પર્યાય લીન થઈ તેથી પર્યાય ધ્યાન અશુદ્ધતાનું કારણ નથી. પરનું લક્ષ થાય, બે થઈ જાય, દ્વૈત લક્ષમાં આવે (કે) એક હું અને એક આ, તો અશુદ્ધતાનું કારણ છે. સમજાણું કાંઈ? અથવા હું ધ્યાન કરવાવાળો અને આ ધ્યાન, ધ્યાન કરનારું દ્રવ્ય અને ધ્યાન, એવા બે ભેદ થઈ જાય તો વિકલ્પ ઉઠે છે. આ પર્યાય તો એમાં લીન થઈ (માટે) અશુદ્ધતાનું કારણ બિલકુલ નથી. વિકલ્પ ઉઠતો નથી. એ સિદ્ધ કરવું છે. નહિતર આ કારણ ... પહેલું કહી ગયા છે, પરદ્રવ્યની પ્રવૃત્તિનો અભાવ, અશુદ્ધતા... નહિ? ધ્રુવ, અધ્રુવમાં આવી ગયુંને? ૧૯૨, ૧૯૩, ૧૯૪માં નહિ? બધું અધ્રુવ છે, બધા તને અશુદ્ધતાનું કારણ છે, શુદ્ધતાનું કારણ તું એક જ છો. અહીં કહે છે કે ધ્યાનપર્યાયમાં કોઈ અશુદ્ધતાનું કારણ રહી જાય છે કે નહિ? ક્યાં છે? પરદ્રવ્યનો આશ્રય નથી. પર્યાય સ્વભાવમાં લીન થઈ ગઈ, અભેદ થઈ ગઈ. અશુદ્ધતાનું કારણ, બિલકુલ વિકલ્પ ઉત્પન્ન થવાનું કારણ નથી એમ કહે છે. વિકલ્પ ઉત્પન્ન થવાનું કારણ નથી. ૧૯૬ થઈ.

**'હવે જેમણે શુદ્ધ આત્માને ઉપલબ્ધ કર્યો છે એવા સકળજ્ઞાની (સર્વજ્ઞ) શું ધ્યાવે છે એવો પ્રશ્ન સૂત્ર દ્વારા કરે છે :-'** સમજાણું કાંઈ? પ્રભુ! ત્યારે સર્વજ્ઞ પરમાત્મા શેનું ધ્યાન કરતા હશે? એને તો પૂર્ણ થઈ ગયું છે. એવો પ્રશ્ન કર્યો. નીચે તો ઠીક, પણ જે સર્વજ્ઞ છે એને, શાસ્ત્રમાં આવે છે કે શુક્લધ્યાન છે. નથી આવતું? તેરમે ગુણસ્થાને શુક્લધ્યાન છે ત્રીજા પાયાનું. શુક્લધ્યાનના ચાર ભાગ છેને? બીજો ભાગ બારમે ... ચોથો ચૌદમે. આ શું? કેવળી સર્વજ્ઞને ધ્યાન શું? ત્યાં તો તમે ધ્યાન કહો છો. **'જેમણે શુદ્ધ આત્માને ઉપલબ્ધ કર્યો છે...'** નામ સર્વજ્ઞપદ પ્રાપ્ત કરી લીધું છે, પૂર્ણ આત્મા પ્રાપ્ત થયો **'એવા સકળજ્ઞાની...'** આહા..! અધિકાર તે પણ, જ્ઞેયનો છેલ્લો અધિકાર છે તો બેમાં આમ પાડી નાખ્યું. એ અશુદ્ધતાનું કારણ નથી. હવે સર્વજ્ઞને ધ્યાન શું છે? પૂર્ણ જ્ઞાન જેને છે તેને હજી લીનતા? પૂર્ણ ત્રિકાળ જ્ઞાન થઈ ગયું, પરમાત્મા થઈ ગયા તેમાં પણ ધ્યાન? સાંભળ તો ખરો.

મુમુક્ષુ :- ધ્યાનની આવશ્યકતા ક્યાં રહી?

ઉત્તર :- એ તો આનંદનું ધ્યાન કરે છે, એમ કહે છે. પોતાના અતીન્દ્રિય આનંદનો અનુભવ

કરે છેને, પર્યાયનો. અનુભવ દ્રવ્યનો નથી એમને. અતીન્દ્રિય આનંદનો અનુભવ કરે છે. અનુભવ કરે છે સર્વજ્ઞ એમ સિદ્ધ કરવું છે. એમ નહિ કે પૂર્ણ થઈ ગયા એટલે ખલાસ થઈ ગયું, અદ્વૈત થઈ ગયું. શું અદ્વૈત? સમજાણું કાંઈ? સર્વજ્ઞ પરમાત્મા કેવળજ્ઞાની જેણે શુદ્ધાત્મા પૂર્ણ પ્રાપ્ત કર્યો, ત્રિલોકનાથ વીતરાગ દેવાધિદેવ જૈન પરમેશ્વર લાખો બિરાજે છે. મહાવિદેહક્ષેત્રમાં વર્તમાન મોજૂદ લાખો કેવળીઓ અને તીર્થંકરો સીમંધર ભગવાન વગેરે વર્તમાન મહાવિદેહક્ષેત્રમાં બિરાજે છે. તો શાસ્ત્રમાં ધ્યાન કહ્યું છેને? એ કોનું ધ્યાન કરે છે? એમ પૂછે છે. ભારે વાત લીધી! હજી સર્વજ્ઞ સુધી ધ્યાન. ઓલા વેદાંતને તો આમ ફડફડિયા ફડ-ફડ થઈ જાય. એક વ્યાપક અને એક સિવાય બે? નહિ, નહિ. એ સાંભળવું નહિ. એક આવ્યો હતો ત્યાં ૨૦૦૦ ની સાલમાં. અહીં વાત ચાલતી હતી નિત્ય-અનિત્યની આત્માની. આત્મા અનિત્ય? નામ સાંભળીને આવે. મહારાજ મોટા છે અધ્યાત્મની, કેવી વેદાંતની જેવી વાત કરતા હશે. નિશ્ચયની વાત આવેને? વેદાંત અન્યમતિને એમ લાગે કે વેદાંત જેવી છે. એક બાવો આવ્યો સાંભળવા. રાજકોટમાં ૨૦૦૦ની સાલમાં. શું છે આત્મા? આત્મા ત્રિકાળ નિત્ય પણ છે અને પર્યાયમાં અનિત્ય છે. હેં? .... એને રુચે એવી આવી નહિ. સૌને રુચે ઇ આવે તો ઠીક પડે. એવી વાત છે નહિ. અહીં તો જે સત્ય છે ઇ છે. ભાગ્યો. મેં તો એમ સાંભળ્યું હતું કે આ મહારાજ તો અધ્યાત્મ આત્માની મહાન ઊંચી વાત કરે છે, તો બધી વેદાંતની વાત હશે. છે તો વેદાંતની. વેદ એટલે જ્ઞાનની. જ્ઞાનનો અંત આવ્યો એનું નામ વેદાંત અહીંયા. પણ એ વેદાંત નહિ કે બધા એક જ છે, સર્વવ્યાપક છે. કીધું, આત્મા એક સમયમાં અનંતગુણમાં પર્યાય કરે છે. આત્મા અનિત્ય છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એમ છે જ નહિ, વાત ઈ છે. મહા પાખંડ છે, ભ્રમણા છે એમ કહે છે. ઇ બતાવ્યું હતું, ૧૭૨ ગાથા અલિંગગ્રહણમાં. એવી વસ્તુ નથી.

સર્વજ્ઞ થાય તોપણ આનંદનો અનુભવ કરે છે તેને ધ્યાન કહેવામાં આવે છે. એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? અને નિર્જરા પણ થોડી થાય છેને. સિદ્ધને તો પૂર્ણ થઈ ગયું. ઇ અપેક્ષાથી અહીંયા એકાગ્ર ધ્યાનને સિદ્ધ કરે છે, કેવળીને પણ. ઓહો..હો..! જ્ઞેયનો સ્વભાવ અને એની પરાકાષ્ટા સર્વજ્ઞતા થઈ તોપણ ધ્યાન? અરે..! ધ્યાતા અને ધ્યાન, આ બે બોલ શું વળી? સાંભળ તો ખરો, પ્રભુ! સાંભળ તો ખરો. એ અનુભવની ધ્યાનની, આનંદની પર્યાયનો અનુભવ કરે છે. આનંદના ધ્યાતા છે એમ કહેવામાં આવે છે. પર્યાય છે કે નહિ? ન્યાં કાંઈ કૂટસ્થ નથી થઈ ગયા. સર્વજ્ઞ થયા એટલે એક જ થઈ ગયા, જાઓ. પર્યાય છે ધ્યાનની. સમયે સમયે કેવળીને પર્યાય પલટે છે. સાંભળ્યું નથી, દ્રવ્ય શું છે, સર્વજ્ઞ શું છે, અરિહંત શું છે?

અરિહંતનો આત્મા એક સમય સેકંડના અસંખ્યભાગમાં સમયે સમયે કાયમ પરિણમન કરે છે. પર્યાય અનિત્ય છે. અનુભવ પર્યાયનો અનિત્ય છે, દ્રવ્ય નિત્ય છે. સમજાણું કાંઈ? આ તો છેલ્લી ગાથાઓ છે, અલૌકિક વાત! ઓહો..! એની પર્યાય પલટી જાય છે, સિદ્ધમાં પર્યાય છે. પર્યાય વિના

દ્રવ્ય રહેતું નથી. પર્યાય તો એનો ધર્મ છે.

મુમુક્ષુ :- સિદ્ધમાંય પર્યાય પલટે છે...

ઉત્તર :- પલટે છે. કેવળજ્ઞાન એક સમયનું છે, બીજા સમયે બીજું છે. આ તો અલૌકિક વાતું છે! ન્યાં જાય સાંભળવા, કલાક-બે કલાક સાંભળે. દાનમાં ભરી દો પૈસા, થઈ ગયો ધર્મ, જાઓ! દરકાર કદી (કરી નથી). તમને રુચ્યું એટલે લીધું. સમજાણું કાંઈ? આહા..હા..!

આ અધિકાર, છેલ્લી ગાથાઓ તો... એક અંશ અંશ પણ છે કે નહિ? કેવળીને છે. કેમ શું? અભેદનું ધ્યાન કરે છે. ઓહો..હો..! જૈન પરમેશ્વર એની અનંત પદાર્થને દૃષ્ટિએ જોયા અને અનંત પદાર્થની સ્થિતિ બતાવી, એવી ત્રણકાળ ત્રણલોકમાં બીજા કોઈ સ્થાનમાં હોઈ શકે નહિ ત્રણકાળમાં. અને આ કુંદકુંદાચાર્યની પદ્ધતિ.. સર્વજ્ઞને ધ્યાન શું? આ તે શું (કહે છે)! પહેલા અનુભવ, આત્મા અને આત્માનો અનુભવ, બે? બે નહિ, અદ્વૈત છે. અહીં તો કહે છે કે સર્વજ્ઞને પણ ધ્યાન હોય છે, સાંભળ! પણ એ પર્યાય પલટે છેને? ક્ષણે.. ક્ષણે.. ક્ષણે.. આનંદનો અનુભવ કરે છે ઇ. એમને દ્રવ્યનો અનુભવ નથી. દ્રવ્ય ત્રિકાળી છે એનો પર્યાયનો અનુભવ છે ધ્યાનનો.

શિષ્યનો પ્રશ્ન છે. એ તો આચાર્યે પોતે પ્રશ્ન ઉઠાવીને એનો ઉત્તર આપ્યો. એ પ્રશ્ન કરે છે કે **'જેમણે શુદ્ધ આત્માને ઉપલબ્ધ કર્યો છે...'** પ્રભુ! જેમણે શુદ્ધ આત્માને, પૂર્ણ શુદ્ધ આત્મા પૂર્ણ થઈ ગયો, **'એવા સકળજ્ઞાની...'** ત્રિકાળ જ્ઞાની ભગવાન અરિહંત પરમેશ્વર જિનવર દેવાધિદેવ શું ધ્યાવે છે? એ શું ધ્યાવે છે? એવો પ્રશ્ન કર્યો છે. ૧૯૭ (ગાથા).

**णिहदघणघादिकम्मो पच्चक्खं सव्वभावतच्चण्हू।**
**णेयंतगदो समणो झादि कमट्ठं असंदेहो॥१९७॥**

પહેલા થોડો શબ્દાર્થ લઈએ. લાંબુ ચાલશેને એટલું. એ શબ્દાર્થ-અન્વયાર્થ છેને.

**'અન્વયાર્થ :- જેમણે...'** એટલે ભગવાને. જેમણે એટલે જેણે, એમ. જેમણે. જિનને એટલે જિનને એમ નહિ. જિનને એટલે જેણે, જેમણે. એમ. **'જેમણે ઘનઘાતિકર્મનો નાશ કર્યો છે,...'** પહેલા ઘાતિકર્મ હતા, કર્મ નિમિત્તરૂપે હતા, નહોતા એમ નહિ. ઘનઘાતિકર્મનો નાશ કર્યો છે, **'જે સર્વ પદાર્થોના સ્વરૂપને પ્રત્યક્ષ જાણે છે...'** નાશ કર્યા એ તો નાસ્તિથી વાત કરી. થયું શું? **'સર્વ પદાર્થોના સ્વરૂપને પ્રત્યક્ષ જાણે છે...'** જુઓ! **'प्रत्यक्षं सर्वभावतत्त्वज्ञ:'** અનંત પદાર્થ છે તેને ભગવાનનું જ્ઞાન જાણે છે. સર્વ પદાર્થોના સ્વરૂપને પ્રત્યક્ષ જાણે છે. અન્વયાર્થમાં છે. સર્વ પદાર્થોના સ્વરૂપને પ્રત્યક્ષ. એક સમયમાં ત્રણકાળ ત્રિકાળ, હથેળીમાં આમળું હોય એ પણ કંઈક અસ્પષ્ટ છે, એના કરતાં પણ સ્પષ્ટ એક સમયમાં ભગવાન કેવળજ્ઞાની પરમાત્મા અરિહંતદેવ બધાને પ્રત્યક્ષ જાણે છે.

અને **'જે જ્ઞેયના પારને પામેલા છે...'** જુઓ! વળી કોઈ કહે કે બધાને જાણ્યું પણ કાંઈક બાકી હશે કે નહિ હવે? અનંત છે તો અનંતને તો ન જાણ્યા. ભવિષ્યની પર્યાય અનંત છે. અનંતને જાણી લે તો અંત આવી જાય છે. અરે..! સાંભળને! અનંત છે તેને અનંત જાણ્યું. જ્ઞેયોના પારને પામેલા

છે. જેટલા જ્ઞેય છે લોકાલોક સર્વ ત્રિકાળ જ્ઞેય સર્વના પારને પામ્યા છે. સર્વજ્ઞનું જ્ઞાન બધાને પાર પામી ગયું. **'જ્ઞેયના પારને...'** છેને? **'ज्ञेयान्तगत:'** જ્ઞેયનો અંત આવી ગયો, પાર થઈ ગયા, પારને પામી ગયા. ભવિષ્યની પર્યાય શું? ભૂતકાળમાં મારી પર્યાય પહેલા કઈ હતી ભગવાને જાણી? તો એટલું જ્ઞેય તો ન જાણ્યું. અરે..! સાંભળ તો ખરો! પહેલી પર્યાય ક્યાં હતી તે ભગવાને જાણી નહિ? અનાદિથી છે. અનાદિથી છે એમ જાણ્યું. અનંતકાળ રહેશે એમ જાણ્યું. જ્ઞેયને પાર પામી ગયા ભગવાન. રામસ્વરૂપજી! એ પ્રશ્ન તો કરતા હતાને....

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પણ આદિ છે તો દ્રવ્ય નહોતું. જેવું છે (કે આદિ) નથી એમ જાણે. શું જ્ઞાન મિથ્યા છે? આદિ નથી તો આદિ છે એમ જાણે તો જ્ઞાન મિથ્યા જાણે? અનાદિ છે તો અનાદિ જાણ્યું. જ્ઞેયના પારને પામ્યા. બધી અનાદિ-અનંત જેવી વસ્તુ છે અલોક.. અલોક.. અલોક.. અપાર છે, ક્યાંય પાર નથી.. પાર નથી.. પાર નથી. જ્ઞેયના પારને પામ્યા. જ્ઞાનમાં જ્ઞેયનો અંત આવી ગયો. આવી ગયો માટે ત્યાં અંત આવી ગયો (એમ નથી). ઓહો..હો...! જૈન પરમેશ્વરની પણ વાત પૂર્ણ રીતે સમજે તો એક જાણે તો બધા ભાવને સમજે. એક પણ ભાવ સમજે નહિ, પછી બધામાં ગડબડી. ઓહો..હો..! સમજ્યા? સમજાણું કાંઈ?

**'જ્ઞેયોના પારને પામેલા છે...'** બધા જ્ઞેયોનું જ્ઞાન થઈ ગયું? રામસ્વરૂપજી! બધા જ્ઞેયોનું જ્ઞાન થઈ ગયું ભગવાનને? હું પહેલા કોણ હતો એ ભગવાને જાણી લીધું કે નહિ? પહેલા શું? પહેલા આત્મા નહોતો? અનાદિનો છે, અનાદિનો છે એમ જાણી લીધું. પહેલા કૂકડી કે પહેલા ઇંડુ? ભગવાને શું જાણ્યું? પહેલું ન જાણ્યું તો શું જાણ્યું? પહેલી કૂકડી કે ઇંડુ? પણ બેય એક સાથે છે. પહેલા પછી નથી. જેમ છે તેમ જાણી લીધું. શોભાલાલજી! જૈનદર્શન વીતરાગમાર્ગ એટલો સૂક્ષ્મ છે. વસ્તુ જ મહાન છે અને સૂક્ષ્મ છે. મહાન એનું માહાત્મ્ય છે અને વસ્તુ છે સૂક્ષ્મ. સૂક્ષ્મ બોધ વિના એનો પત્તો નથી લાગતો.

મુમુક્ષુ :- મહારાજ! ...

ઉત્તર :- પર્યાય જાણી લીધી. બધાની પર્યાય, ત્રણકાળની.

મુમુક્ષુ :- તો પછી આદિ થઈ.

ઉત્તર :- શું આદિ? આદિ ક્યાંથી આવી? અનાદિની પર્યાય છે તો અનાદિ જાણી લીધું. અનાદિની પર્યાયને અનાદિ જાણી લીધી. અનંત છે તો અનંત જાણી લીધું.

મુમુક્ષુ :- આદિ ન હોય તો બે...

ઉત્તર :- આદિ હોય તો બે દ્રવ્ય થઈ ગયા. આદિ છે જ ક્યાં?

મુમુક્ષુ :-...

ઉત્તર :- પણ સાદિ છે તો જ્ઞાન જૂઠું થયું. સાદિ હોય તો ઇ ભૂતકાળમાં હતો કે નહિ? સાદિ થઈને? તો વર્તમાન અને ભવિષ્ય બે રહ્યા. ભૂતકાળ ક્યાં ગયો? કોઈપણ દ્રવ્યની પર્યાય અહીંયાથી

સાદિ જોઈ, સાદિ. તો ભૂતકાળ ન રહ્યો. વર્તમાન અને ભવિષ્ય બે રહ્યા, તો ત્રિકાળ જ્ઞાની ક્યાં રહ્યા? એ તો વેદાંતની સામે પ્રશ્ન છે. વેદાંત કહે છે કે, ઈશ્વર કર્તા છે. કર્તા છેને. બધાને કર્યા, પછી રહ્યા. એનું જ્ઞાન છેને? પહેલાનું જ્ઞાન નથી તો ત્રિકાળ જ્ઞાન રહ્યું નહિ. એમ સર્વજ્ઞ ભગવાન કોઈ દ્રવ્ય અને પર્યાયને સાદિ જાણે તો (તે દ્રવ્ય) પહેલા નહોતું, તો એનું જ્ઞાન પણ નહોતું. એમ છે જ નહિ. પહેલેથી અનાદિ છે, એમ જ્ઞાને અનાદિ-અનંત એના જ્ઞાનમાં જાણી લીધું. ઓહો..હો..! ભારે વાત ભાઈ! જૈન પરમેશ્વરનું તત્ત્વ એટલું સૂક્ષ્મ (છે). સૂક્ષ્મ છે પણ યથાર્થ છે. જુઓ! ક્યાં આવ્યું?

**'प्रत्यक्षं सर्वभावतत्त्वज्ञः'** જુઓ! શબ્દ પડ્યો છેને? ૧૯૭. **'सव्वभावतच्चण्हू'**. પ્રત્યક્ષ જાણનાર. હજી કેવળી અરિહંતનું જ્ઞાન કેવું છે એની ખબર નથી અને ધર્મ કરવો છે. અરિહંત સર્વજ્ઞ ધર્મનું મૂળ છે અને એ ધર્મનું મૂળ અરિહંત અને અરિહંતના કેવળજ્ઞાનની પર્યાય કેવી છે એમાં સંદેહ, એમાં ગડબડી. ક્યાંથી તને ધર્મ થશે? ઠેકાણું નથી. ભગવાન કુંદકુંદાચાર્ય તો ઇ કહે છે, ... **'जो जाणदि अरहंतं दव्वत्तगुणत्तपज्जयत्तेहिं'** જે કોઈ આત્મા, અરિહંતના દ્રવ્ય, ગુણ અને પર્યાય ત્રણેને જાણે તે પોતાના આત્મા સાથે મેળવીને, આવો હું આત્મા છું, એવો નિર્ણય છે તેને દર્શનમોહનો નાશ થાય છે. સમજાણું કાંઈ? એને સમ્યગ્દર્શન થાય છે, નિયમથી થાય છે.

અરિહંતની પર્યાયને જેણે જાણી એના દ્રવ્ય-ગુણ તો ત્રિકાળ, પણ પર્યાય કેટલું સામર્થ્ય રાખે છે, એક સમયની અરિહંતની પર્યાયમાં ત્રણકાળ ત્રણલોકની પર્યાય જાણવાનું સામર્થ્ય છે એવી પર્યાય જેણે જાણી, પોતાના દ્રવ્ય સાથે મેળવે છે કે એવડી પર્યાય મારામાં નથી અને એમને પ્રગટ થઈ છે. મારો આત્મા પણ એવી તાકાત રાખે છે. તો એને અંતર દૃષ્ટિ થઈને મિથ્યાત્વનો નાશ થાય છે અને સમ્યક્ત્વ ઉત્પન્ન થાય છે. સમજાણું કાંઈ? પંડિતો શંકા કરવા મંડી ગયા. ભગવાને બધું જાણ્યું તો એનો અંત આવી ગયો. અરે..! ... તને કાંઈ ખબર ન મળે. કાંઈ ખબર ન મળે. પંડિત કોને કહેવા? કઠણ વાત છે, હોં! રતનલાલજી! બહુ કઠણ વાત છે. ...

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ... પરંતુ નવરા હોય ત્યારેને. તમાકુમાંથી માંડ નવરાશ ન મળે, કો'ક દિ' આવે શેઠ. ધંધો લાવો, દસ હજાર પેદા કર્યા. હવે આ પેદા કર્યા ઇ ચીજ શું છે ઇ સમજાણું? એ તો બધી ખોટ ખાય છે. નુકશાન ખાય છે.

મુમુક્ષુ :- સત્ય તો આ જ છે.

ઉત્તર :- સત્ય તો આ જ છે, સત્ય આ જ છે. એ તો બધું... આ સમજવાનું છે. અરે..! જિંદગી અલ્પ રહી, કામ કરવાનું ઘણું, તો એણે પુરુષાર્થ કેટલો કરવો પડે?

કહે છે કે સકળ પદાર્થોના સ્વરૂપને પ્રત્યક્ષ જાણે છે અને તે '**જ્ઞેયના પારને પામેલા છે એવા સન્દેહ રહિત...**' ભગવાનને સંદેહ નથી. અસ્પષ્ટ છે? પહેલા અસ્પષ્ટ હતું, સ્પષ્ટ થઈ ગયું. અસ્પષ્ટ હોય તો શું હશે? શું હશે? (એમ થાય). સ્પષ્ટ થઈ ગયું. '**એવા સન્દેહ રહિત શ્રમણ...**' જુઓ! સંદેહ રહિત શ્રમણ. અરિહંતને શ્રમણ કહ્યા. પંચાસ્તિકાયમાં પહેલું લીધુંને? શ્રમણ

મહામુનિ. પંચાસ્તિકાયમાં. એ તો શ્રમણ છેને. સર્વજ્ઞ શ્રમણ. જુઓ! શ્રમણ શબ્દ પડ્યો છે કે નહિ? '**असन्देह श्रमण:**' સર્વજ્ઞ પરમાત્મા નિ:સંદેહ શ્રમણ છે. સાધુ મહામુનિ, મહામુનિ, મહામુનિ. પૂર્ણ જ્ઞાન થઈ ગયું (એટલે) મહામુનિ. નીચલી દશામાં સંતો સ્વરૂપનું સાધન કરે છે, મુનિ છે. આ મહામુનિ (છે). સમજાણું કાંઈ? આહા..હા..! છેને? પંચાસ્તિકાયમાં નથી? ઇ ભાઈએ-શ્રીમદે લખ્યું છેને. આ સમયસારનું ગુજરાતી કર્યું છેને એણે ગુજરાતી. '**समणमुहुग्गदमट्ठं**' '**समणमुहुग्गदमट्ठं**' (ગાથા-૨) આ શબ્દ પડ્યા છે. '**શ્રમણના મુખમાંથી નીકળેલ અર્થમય...**' કૌંસમાં (અર્થ) કર્યો છે. '**(-સર્વજ્ઞ મહામુનિના મુખથી કહેવાયેલા પદાર્થોને...)**' '**श्रमणमुखोद्गातार्थं**'. મહામુનિ સર્વજ્ઞ શ્રમણ. મહામુનિ એકલા જ્ઞાનરૂપ થઈ ગયા એવા મુનિ એમના મુખમાંથી નીકળેલ પંચાસ્તિકાય ષટ્દ્રવ્ય, ... '**ચાર ગતિનું નિવારણ કરનાર...**' ભગવાનની વાણીમાં ચાર ગતિનો નાશ થાય એ વાત બતાવી. મોક્ષગતિ કેવી રીતે પ્રાપ્ત થાય, ચાર ગતિનો (નાશ કઈ રીતે થાય). મહામુનિના મુખમાંથી '**श्रमणमुखोद्गातार्थं**' સાધુના મુખમાંથી નીકળ્યું. એ સાધુ કોણ? સર્વજ્ઞ. બીજી ગાથા છે, પંચાસ્તિકાયની. ઈ આ શબ્દ પડ્યા છે પંચાસ્તિકાયમાં. એ કુંદકુંદાચાર્યની ગાથા છે, આ પણ (એમની છે).

'**એવા સન્દેહ રહિત શ્રમણ ક્યા પદાર્થને ધ્યાવે છે?**' પ્રભુ! આવા મુનિ મહા સર્વજ્ઞ થયા શ્રમણ એ ક્યા પદાર્થને ધ્યાવે છે? આહા..હા..! એવો શિષ્યનો પ્રશ્ન છે. એનો ઉત્તર આવશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**નોંધ - પ્રવચન નં. ૭૮, ૭૯, ૮૦, ૮૧, ૮૨ અવાજ અસ્પષ્ટ હોવાથી લેવામાં આવેલ નથી.**

**આસો સુદ-૫, રવિવાર, તા. ૨૨-૯-૧૯૬૩**
**ગાથા-૯૪, પ્રવચન-૮૩**

જ્ઞેયતત્ત્વ-પ્રજ્ઞાપન અધિકાર. ભગવાન તીર્થંકરદેવ સર્વજ્ઞ પરમાત્મા પૂર્ણાનંદ ને સ્વચતુષ્ટય, પૂર્ણ અનંત ચતુષ્ટયની પ્રાપ્તિ થઈ ગઈ. પછી જે વાણી નીકળી તેને પ્રવચન નામ દિવ્યધ્વનિ કહે છે. એ દિવ્યધ્વનિનો સાર. એમાં સાર શું છે એ ભગવાન કુંદકુંદાચાર્યે આમાં લખ્યો છે. એની ૯૪ ગાથા, જ્ઞેય અધિકાર.

'**હવે આનુષંગિક એવી આ જ સ્વસમય-પરસમયની વ્યવસ્થા (અર્થાત્ સ્વસમય અને પરસમનો ભેદ) નક્કી કરીને (તે વાતનો) ઉપસંહાર કરે છે :-**' ૯૩મી ગાથામાં અધિકાર આવી

ગયો તેનો ઉપસંહાર કરે છે. ૯૪.

**जे पज्जएसु णिरदा जीवा परसइग त्ति णिद्दिट्ठा।**
**आदसहावम्हि ठिदा ते सगसमया मुणेदव्वा।।९४।।**

**'ટીકા :- જેઓ જીવપુદ્‌ગલાત્મક અસમાનજાતીય દ્રવ્યપર્યાયનો...'** જે જીવ તો ઉપરથી લીધું. જે કોઈ આત્મા જીવ અને પુદ્‌ગલસ્વરૂપ, જીવ અને આ શરીરસ્વરૂપ અસમાનજાતીય. આત્મા અને શરીર અસમાનજાતિ છે, એક જાતિ નથી. બે અસમાન જાત છે. આ જડ છે, આ ચેતન છે, આ રૂપી છે, આ અરૂપી છે, આ મૂર્ત છે, આ અમૂર્ત છે. અસમાનજાતિ દ્રવ્યપર્યાયનો. આ દ્રવ્યપર્યાય--શરીરની પર્યાયની સાથે **'કે જે સકળ અવિદ્યાઓનું એક મૂળ છે...'** આત્મા અને શરીરને પોતાનું માનવું એ સકળ અજ્ઞાનની દશામાં મૂળ છે. જડ જડ-મૂળ. સકળ અજ્ઞાનનું એક મૂળ છે, જડ છે. શરીર (અને) આત્મા બે ભિન્ન છે. અસમાનજાતિ (છે). તેને પોતાનું માની તેમાં જે ક્રિયા થાય છે તે મારી થાય છે, તે હું છું. એવું સકળ અજ્ઞાનનું મૂળ **'તેનો-આશ્રય કરતા થકા...'** પોતાનો સ્વભાવનો આશ્રય છોડીને શરીરનો, શરીરપર્યાય હું છું, એમ આશ્રય કરતો થકો અજ્ઞાની.

**'યથોક્ત આત્મસ્વભાવની સંભાવના...'** યથોક્ત નામ ઉપર જે આત્માનો સ્વભાવ કહ્યો તેની સંભાવના (અર્થાત્) સંચેતન, અનુભવ, માન્યતા, આદર. તે **'કરવાને નપુંસક હોવાથી...'** લ્યો, આવ્યું. પોતાનો સ્વભાવ શરીર, એની શક્તિ, એની પર્યાય... આ શરીરની પર્યાય-હાલવું-ચાલવું, બોલવું, આ બધી જડની પર્યાય છે. તેનાથી પોતાને ભિન્ન નહિ જાણતો, પોતાના આત્મસ્વભાવની ભાવના અંતર્મુખ સ્વભાવની શ્રદ્ધા-જ્ઞાનની ભાવના નહિ કરીને નપુંસક હોવાથી. લો. શરીરની જે સમયે સમયે પર્યાય થાય છે તે મારી છે એમ માનનાર પોતાના આત્મસ્વભાવની ભાવનાથી શૂન્ય અને પર હું છું, પર મારા છે એવી ભાવના કરવાવાળાને અહીંયા નપુંસક કહેવામાં આવ્યા છે. સમજાણું કાંઈ?

**'તેમાં જ બળ ધારણ કરે છે...'** પોતાનું વીર્ય શરીરની પર્યાયમાં જ બળ ધારણ કરે છે. ચાલે છે, બોલે છે એ પર્યાય બધી જડની છે. એ પર્યાય જ હું છું, એવો આત્મા પોતાના સ્વભાવને ભૂલીને પોતાનું બધું બળ જોડી દે છે. કહો, ...! સમજાણું કાંઈ? **'બળ ધારણ કરે છે (અર્થાત્ તે અસમાનજાતીય દ્રવ્યપર્યાય પ્રત્યે જ જોરવાળા છે)...'** શરીરની પર્યાય નબળી થઈ તો હું નબળો થયો, શરીરની પર્યાય જોરદાર થઈ તો હું જોરદાર થયો, શરીરમાં એકદમ ગતિ કરવાની તાકાત થઈ તો મેં ગતિ કરી. શરીર ઢીલું પડ્યું તો હું ઢીલો પડી ગયો. સમજાણું કાંઈ? શરીરમાં કોઈ રોગ થયો તો હું રોગી થયો, એમ શરીરની પર્યાયમાં પોતાના વીર્યનું બળ ધારણ કરે છે તેને અહીંયા નપુંસક કહેવામાં આવ્યા છે. શેઠી! ગાથા ચાલી ત્યારે તો તમે હતા. બે-ત્રણ મહિના કેટલા થયા? બે મહિના થયા હજી? કહો, સમજાણું કાંઈ? હજી બે મહિના થયા? એમ કહ્યું.

**'તેમાં જ બળ ધારણ કરે છે...'** જુઓ! ભગવાન આત્મા, પોતાના શરીરના દ્રવ્ય, ગુણ અને પર્યાય ત્રણેથી ભિન્ન એવા પોતાના સ્વભાવમાં બળ ધારણ નહિ કરીને, શરીરની પર્યાય આહાર લીધો, શરીર પુષ્ટ થયું તો મને ધર્મનું સાધન થશે, શરીર નબળું પડ્યું તો મને ધર્મનું સાધન ઓછું થઈ ગયું, આમ શરીરની પર્યાયમાં પોતાનું બળ ધારણ કરે છે. માને છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, એમ કહે છે. અહીં તો દ્રવ્ય-ગુણ-પર્યાયની સૂક્ષ્મ વાત ચાલશે. અહીં ૯૪ ચાલી હતી હમણાં, પણ તમે નહોતા એટલે લીધી છે. ૯૫થી સૂક્ષ્મ વાત ચાલશે. સમજાણું કાંઈ? શેઠીએ શું કહ્યું?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, હા. ધૂળમાંય નથી. એક તંદુરસ્તી, હજાર ... હજારગુણા? શું હજારગુણું? શરીરે સુખી તે સુખી સર્વ વાતે. એ આવે છે. શરીરે સુખી. ધૂળમાં સુખી? શરીરની પર્યાય તો જડ માટી અજીવ મૂર્ત રૂપી છે. એની પર્યાયમાં પોતાનું લક્ષ જોડીને પોતાનું બળ તેમાં જ ધારણ કરીને માની લીધું છે. બળ શરીરપર્યાયમાં કંઈ ઘુસી નથી જતું. પણ એ ક્ષણે ક્ષણે શરીરની પર્યાય જેવી ચાલે, તે હું જ છું, તે જ હું છું, હું જ છું, પોતાની પર્યાયદૃષ્ટિમાં દ્રવ્યદૃષ્ટિ ચુકી ગયા તો પરમાં જ ચાલ્યો ગયો છે. કહો, સમજાણું કાંઈ? શરીરથી મેં ક્રિયા કરી, શરીરથી મેં આહાર છોડી દીધો, શરીરથી મેં આહાર કર્યો. અપવાસ કર્યા શરીરથી. એ બધી શરીરની પર્યાયમાં નપુંસક વીર્ય થઈ પોતાનું બળ એમાં ધારણ કરે છે એમ માની રાખ્યું છે. ઓહો..હો..! સમજાણું કાંઈ?

**'તેઓ-જેમને નિરર્ગળ એકાંતદૃષ્ટિ ઊછળે છે...'** નિરર્ગળ. નીચે (અર્થ) છે. **'અંકુશ વિનાની, બેહદ, (જેઓ મનુષ્યાદિ પર્યાયમાં લીન છે, તેમને બેહદ એકાંતદૃષ્ટિ ઊછળે છે).'** બેહદ-અમર્યાદિત. જડની પર્યાય ક્ષણે ક્ષણે શરીરમાં પલટે છે તો એ પર્યાય જ મારી છે અને હું પલટાવું છું અને હું જ એમાં અંદર આવી ગયો છું. એવી એકાંતદૃષ્ટિ ઊછળે છે. લ્યો. સ્વભાવ હું નહિ, એમ અનેકાંત નહિ માનીને, તે જ હું છું એમ માનીને પોતાનું બળ પર્યાયમાં જોડી દીધું છે. સમજાણું કાંઈ?

**'આ હું મનુષ્ય જ છું,...'** બસ! ક્ષણે ક્ષણે શરીરની પર્યાય વધે, પુષ્ટ થાય, સુંદર હોય, પેટ ભરાય આહારમાં, પાતળો થઈ જાય તો કહે, એ જ હું છું, એ જ હું છું. **'મારું જ આ મનુષ્યશરીર છે...'** આ જ હું છું અને ઇ શરીર મારું છે, એમ અરસપરસ લીધું. સમજાણું કાંઈ? **'આ હું મનુષ્ય જ છું,...'** આ હું છું અને **'મારું જ આ મનુષ્યશરીર છે...'** હું જ શરીરની પર્યાય કરું છું, બીજું કોણ કરે? આત્મા ન હોય તો શરીરની પર્યાય આમ ચાલે છે? હલે છે? બોલે છે? કહો! મડદું બોલે છે? તો અજ્ઞાની કહે છે કે એ શરીરની પર્યાય મારાથી થાય છે. રામસ્વરૂપજી! મૂઢ છે, કહે છે. મૂઢ છે? જડની પર્યાય, મૂર્તની પર્યાય, રૂપી પર્યાય તો એને કારણે પરિણમે છે. એ બધા દ્રવ્ય-ગુણ-પર્યાય તો જડના છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- અમારે ધર્મ કરવો કે આ બધું સમજવું?

ઉત્તર :- ધર્મ કરવો હોય તો શેમાં થાય છે અને શેમાં નથી થતો એના ભાન વિના ક્યાંથી કરશે? પોતાની પર્યાયમાં ધર્મ થાય છે કે જડની પર્યાયમાં થાય છે? તો પોતાની પર્યાય પરથી ભિન્ન છે અને હું પરથી ભિન્ન છું એના ભાન વિના અંતરની ભાવના ક્યાંથી કરશે? કહો, બરાબર છે? મોતીરામજી! શરીરને આમ સંકોચ્યું, આમ કરી સામાયિક. એ શરીરની પર્યાય મેં કરી. એક કલાક આમ (બેઠો). તો એ શરીરની ક્રિયા-પર્યાય મેં કરી. એ પરને જ પોતાનું માનીને મિથ્યાદૃષ્ટિ પરમાં બળ ધારણ કરી રાખ્યો છે.

મુમુક્ષુ :- સામાયિક તો થઈને?

ઉત્તર :- સામાયિક થઈ મિથ્યાત્વની. મિથ્યા સામાયિક થઈ. મિથ્યાદૃષ્ટિપણાની પુષ્ટિ થઈ. કહો, સમજાણું કાંઈ? આંખ આમ રાખવી, નાક આમ રાખવું એ બધી પર્યાય જડની થાય છે. પણ પોતાની માનીને એ પર્યાયમાં બળ, અંદર લક્ષ, વીર્ય, લક્ષ જ્ઞાનનું લક્ષ એમાં જોડી દીધું તે એકાંતદૃષ્ટિ છે. પરને જ પોતાનું માને છે. બરાબર છે? શેઠી!

'શરીરાદ્યં ખલુ ધર્મ સાધનમ્'. લ્યો એમ આવે છે. શરીરાદ્યં ખલુ. ડૉક્ટર એવા લાકડા બહુ ખોસે.

મુમુક્ષુ :- શાસ્ત્રમાં આવે છે એ...

ઉત્તર :- શાસ્ત્રમાં આવે એ તો નિમિત્તના કથન છે.

મુમુક્ષુ :- શાસ્ત્રમાં...

ઉત્તર :- શાસ્ત્રમાં તો નિમિત્તથી વાત છે. આદ્ય ખલું નિમિત્ત છે ઇ. એની પર્યાય અને આત્માની પર્યાયમાં અત્યંત અભાવ છે. એની પર્યાય આમ આમ ચાલે છે, બોલે છે, ગતિ ચાલે છે. ઇર્યા સમિતિમાં ચાલનારા એમ માને કે મેં ઇર્યા સમિતિ (પાળી). શરીરને આમ ચલાવ્યું, આમ (પગ) ઊંચો કર્યો. એ શરીરની પર્યાયમાં પોતાપણું માને છે, એમ કહે છે. સમજાણું કાંઈ? દયાના કાળમાં પરજીવને... એ પરજીવ છે, શરીરને ઊંચું કરો. એ શરીરની પર્યાય મેં ઊંચી કરી તો એ બચી ગયો. એવી માન્યતાવાળો શરીરની પર્યાયને જ આત્મા માને છે. કંઈ બોલવાનો મોકો નથી રહેતો એમાં. શું બોલવું છે? બોલોને.

મુમુક્ષુ :- જે ઊંચું નીચું...

ઉત્તર :- ઊંચું નીચું કોણ કરે છે? આ શરીરની પર્યાય છે. એને આત્મા કરી શકે છે? ઇ વાત તો અહીંયા ચાલે છે.

શરીરની પર્યાય મારાથી થાય છે અને એમાં હું છું અને ઇ મારામાં છે. એવી માન્યતા એકાંત નિરર્ગળ મિથ્યાદૃષ્ટિની ઉઠે છે.

મુમુક્ષુ :- આત્મા સાથે છે તો ઉઠે છે.

ઉત્તર :- ના, એમ નથી, એમ નથી. આત્મા આત્માની પર્યાયમાં છે, આ એની પર્યાયમાં છે.

બેય ભિન્ન ભિન્ન પર્યાય થાય છે. ઇ વાત છે.

મુમુક્ષુ :- નિમિત્ત-નૈમિત્તિક સાથે...

ઉત્તર :- નિમિત્ત-નૈમિત્તિક સંબંધનો અર્થ શું? પૃથક્ પૃથક્ ક્રિયા થાય છે એનું નામ નિમિત્ત-નૈમિત્તિક.

મુમુક્ષુ :- પણ એમની તબિયત નરમ થઈ એટલે મનદુ:ખ થયું.

ઉત્તર :- બિલકુલ ખોટી વાત છે. કોણે કહ્યું એવું?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- ના, ના. એણે કલ્પનાના ઘોડા દોડાવ્યા. ક્યાં ગયા એના ભાઈ? આ રહ્યા. પૂછોને એના મોટા ભાઈને. કેમ... ભાઈ! હાથે કરીને કલ્પના કરી છે કે નહિ એણે? શું છે પણ? કલ્પના પોતાની પર્યાયમાં કરે છે. શરીરની પર્યાય નબળી થઈ તો હું નબળો થઈ ગયો, પુષ્ટ થઈ તો હું પુષ્ટ થઈ ગયો. શું મૂઢ છે? એ તો પર્યાય જડની છે. એ શું તારાથી થાય છે? અને તારાથી એમાં બગાડ શું થયો? શરીરની પર્યાયને કારણે બગાડ તારામાં શું થયું? અને શરીર સુધરવાથી તારામાં શું સુધર્યું? એ તો જડની પર્યાય છે. ઠીક કહ્યું હોં મોહનભાઈએ. ખરે ટાણે તો કહેને ભાઈનું. કહો, સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- હવે એનું કરવું શું?

ઉત્તર :- બે ભિન્ન છે. શરીરની પર્યાય ક્ષણે ક્ષણે (પલટે છે). ક્ષણ ક્ષણની વાત ચાલે છે. શરીર મારું નથી, શરીર મારું નથી એમ નહિ. ક્ષણે ક્ષણે એની દૃષ્ટિ જ્યારે શરીરની પર્યાય ઉપર ભિન્ન ભિન્ન પર્યાય થાય છે એમ રહે છે એ શરીરને જ પોતાનું માને છે. સમજાણું કાંઈ? અરે..! શું કરીએ? લ્યો, આ દેહમાં રહેવું ઠીક પડતું નથી. તો શું તું દેહમાં રહે છે? કે દિ' રહ્યો છે તું? તું તો તારી પર્યાયમાં છો. એ શરીરની પર્યાય પર્યાયમાં છે.

મુમુક્ષુ :- જ્યાં જાય ત્યાં...

ઉત્તર :- જ્યાં જાશે ત્યાં પોતાની પર્યાયમાં છે આત્મા. શું પરની પર્યાયમાં છે ક્યાંય?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ધૂળેય કરી શકતું નથી શરીર. ઇ હવે આવશે દીવાનું દૃષ્ટાંત. સમજાણું કાંઈ? જુઓ!

એ રીતે **'આ હું મનુષ્ય જ છું,...'** અર્થાત્ એ મનુષ્યની ક્ષણે ક્ષણે ભિન્ન ભિન્ન પર્યાય થાય છેને, તો પોતાનો આત્મા અંદર છે તો ભિન્ન ભિન્ન થાય છે કે નહિ? એમ માનનાર 'હું મનુષ્ય જ છું' એમ માને છે. લ્યો, શેઠ! શેઠ કહે છે, અંદર આત્મા છે તો ચાલે છે કે નહિ? હું મનુષ્ય છું, એમ માનનાર છે, મૂઢ છે. અને **'મારું જ આ મનુષ્યશરીર છે'** હું જેવી પર્યાયની ઇચ્છા કરું છું એમ ચલાવું છું. ચલાવું છું, બોલું છું, આમ કરું છું, આમ પગથિયા ઉપર એકદમ ચડવું હોય ફટ ફટ ચાલે. નીચે ઊતરવું હોય તો ફટ.. ફટ.. ફટ.. ફટ ઊતરે. જાત્રામાં કેવું... જુઓ!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એની પર્યાય એવી છે તે સમયે. એ તો શરીરની તીવ્ર-મંદ પર્યાય છે. એ તારી પર્યાય નથી. લ્યો, એક આંખ ઓછી થઈ ગઈ. તો મારી એક આંખ ઓછી થઈ ગઈ. એ શરીરને જ મારું માને છે. કાનમાં ઓછપ થઈ તો મારામાં ઓછપ થઈ ગઈ, અવયવમાં ઓછપ થઈ તો મારામાં ઓછપ થઈ.

મુમુક્ષુ :- પહેલા સાંભળતો હતો અને પછી સાંભળતો નથી.

ઉત્તર :- એ તો પોતાના ઉપયોગની પર્યાયને કારણે છે, શું પરને કારણે છે? સમજાણું કાંઈ?

આ જ્ઞેય અધિકાર છે. તો પરજ્ઞેયની પર્યાયમાં સ્વજ્ઞેયને માનવું અને સ્વજ્ઞેયની પર્યાયમાં પરજ્ઞેયનું માનવું એ મિથ્યાદૃષ્ટિ છે એમ સિદ્ધ કરવું છે.

મુમુક્ષુ :- નક્કી કરી દો.

ઉત્તર :- આ નક્કી કર્યું કે નહિ? એ.. જેચંદભાઈ! શું નક્કીમાં વાત છે? દાંત કાઢે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- લ્યો, આ ઠપકો આપે છે બહુ. શેના કંટાળા આવે છે? જુઓને, ઠપકો આપે છે ભાઈ. એવું શું કરવા કરવું પડે છે? એમ કહે છે ઇ.

**'એમ અહંકાર મમકાર વડે ઠગાતા થકા,...'**

મુમુક્ષુ :- ઠગાઈ ગયો પોતે?

ઉત્તર :- હા, ઠગાયો, ઠગાયો. અહંકાર. અહં એટલે મનુષ્યની પર્યાય જ હું અને મારામાં છે, મારાથી થાય છે, મારામાં જ છે. એમ અહંકારમાં હું, અને ઇ મારી. **'એમ અહંકાર મમકાર વડે ઠગાતા થકા...'** ક્ષણે ક્ષણે મિથ્યાત્વભાવ પ્રગટ થઈને આત્માને ઠગે છે. સમજાણું કાંઈ? શરીર સાફ હોય, સ્વસ્થ હોય, સ્નાન-બ્નાન કર્યું હોય તો પરિણામ સ્વસ્થ રહે. મોતીરામજી! એમ માનનારે જડની પર્યાયને પોતાની જ માની રાખી છે.

મુમુક્ષુ :- જ્ઞાતા-દૃષ્ટા છે કે નહિ?

ઉત્તર :- જ્ઞાતા-દૃષ્ટા તો જાણનાર-દેખનાર છે. શું કરવાવાળો છે? મોતીરામજી! એ તો જાણનાર છે. આમ થયું એમ જાણે છે. શું મારાથી થયું? અને શરીર અનુકૂળ અને સાફ છે તો મારા પરિણામ સારા થયા, એમ છે? એમ કદી નથી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ જ માન્યતા, કહે છે કે મૂઢની છે, એમ કહે છે. ગરમીના દિવસો હોય, પરસેવો બહુ થતો હોય, પછી ઉપર પાણીની ડોલ પડતી હોય. પાણીનો નળ હોય. ફુવારો, ફુવારાને દાબે અને ચારે કોર... આહા..હા..! મૂઢ છે. એ તો જડની પર્યાય થાય છે. જડની પર્યાયથી તારો થાક ઊતર્યો? સમજાણું કાંઈ? ક્ષણે ને પળે અજ્ઞાની અનાદિથી શરીરની પર્યાયને જ એકાંત નિરર્ગળ દૃષ્ટિ મિથ્યાત્વની ઊછળે છે, ઇ તેને જ પોતાની માને છે. જ્યાં ત્યાં મારા વિના ઇ નહિ અને એના

વિના હું નહિ. હું એકલો રહી શકું છું? શરીર વિના રહી શકું? અને શરીર મારા વિના ચાલી શકે છે? મારા વિના શરીર રહી શકે? એવી માન્યતા મૂઢ મિથ્યાદૃષ્ટિ નિરર્ગળ... સમજ્યા? એકાંતદૃષ્ટિ ઊછળે છે તેથી ઠગાયા છે. ક્ષણે ક્ષણે ઠગાઈ જાય છે, ઠગાઈ જાય છે. આહા..હા..! જડની પર્યાય ક્ષણે ક્ષણે ભિન્ન ભિન્ન થાય, તો મારો આત્મા છે તો ભિન્ન ભિન્ન થાય છે.

જુઓ! કોળિયો લેવાની ઇચ્છા થઈ. રોટલી. હાથ આમ થયો તો એ પર્યાય મેં કરી, એવી મારાથી થઈ. ઇચ્છા વિના કેમ આમ થતી હતી? એ પર્યાયમાં ક્ષણે ક્ષણે મિથ્યાત્વથી ઠગાઈ જાય છે, ઠગાય છે. શેઠી! રોટલીના કટકા કરીને દાળમાં નાખીને (ખાય). મસાલો હોય છેને, મસાલો. શું કહે છે? ચટની ચટની. ચટનીમાં આમ હાથ જાય, ટુકડામાં આમ હોય, હાથ આમ જાય, વળી દૂધીનો મોટો ટૂકડો હોય તો બે ટૂકડા કરીને અંદર લે. આ બધી પર્યાય મારાથી છે અને એ પર્યાય મારામાં છે. એ મારાથી છે અને મારામાં છે. એમ ક્ષણે ક્ષણે અજ્ઞાની ઠગાય છે. પોતાની ભિન્ન વસ્તુની પર્યાય ભિન્ન છે અને પરપર્યાય ભિન્ન છે એનું ભાન નથી. શું છે?

આ જ્ઞેયનો અધિકાર છે. શરીર પરજ્ઞેય છે, આત્મા સ્વજ્ઞેય છે. તો પરજ્ઞેયની સમયે સમયે થવાવાળી પર્યાય એનામાં ક્રમસર થાય છે. અંદર તારી ઉપસ્થિતિ છે માટે થાય છે અને તને ઇચ્છા થઈ માટે થઈ, તને ખ્યાલ આવ્યો કે આમ શરીર હોવું જોઈએ. રોટલી જરી દૂર છે, થાળી.. થાળી દૂર છેને, તો થાળીને નજીક લાવું તો મારા હાથે આમ કર્યું એટલે થાળી નજીક આવી અને પર્યાય આમ થઈ, એ પર્યાયની અવસ્થા જડની મેં કરી એમ માનનાર શરીરને જ આત્મા માને છે. સૂક્ષ્મ વાત છે. ઠગાય છે. સમયે સમયે ઠગાય છે. ઇચ્છા થઈ અને એવો મેળ ખાઈ ગયો, તો મારાથી થઈને, મારામાં જ છે. મારામાં છે એટલે એમાં એવી (દશા) થાય છેને.

મુમુક્ષુ :- સમ્યગ્દર્શનમાં કાંઈ નડે એવું નથીને આ?

ઉત્તર :- સમ્યગ્દર્શનમાં કાંઈ નડે નહિ, મિથ્યાત્વ-મોટા પાપ સિવાય. મિથ્યાદૃષ્ટિનું મોટું પાપ સમ્યગ્દર્શનને વિરોધ કરનારું છે. સમ્યગ્દર્શન છે નહિ તો શું વિરોધ કરે એનો? સમજાણું કાંઈ? આહા..હા..! ચોવીશ કલાકમાં નિદ્રામાં લ્યો. આમ ઇચ્છા થઈ, આમ પડખું ફેરવ્યું, આમ ઇચ્છા થઈ તો આમ પડખું ફેરવ્યું. આમ ઇચ્છા થઈ તો પગ લાંબા કર્યા. આમ ઇચ્છા થઈ તો એક પગ ટૂંકો, એક પગ લાંબો (રાખ્યો). આમ ઇચ્છા થઈ તો એક પગ ઉપર બીજો પગ મૂક્યો. કહે છે કે એ બધું ક્ષણે ક્ષણે જડની પર્યાયમાં પરિવર્તન એને કારણે થાય છે અને મારાથી થયું અને મારામાં છે માટે આમ થાય છે (એમ માનનાર) ઠગાય છે, ઠગાય છે. ક્ષણે ક્ષણે ઠગાય છે. ઠગાય છે કહે છેને? ઠગા જાતા હૈ. આહા..હા..!

આચાર્ય કહે છે કે એ શરીરની ક્ષણે ક્ષણે એવી પર્યાયનો મેળ ખાઈ જાય છે તો ઠગાઈ જાય છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- બાબરકોટ...

ઉત્તર :- બાબરકોટ જ છે ત્યાં, સમજે નહિ તો. આહા..હા..! તમારે ઠીક પણ મિત્ર...

બાબરકોટનું સમજો છો? દૃષ્ટાંત આપ્યું. પાળિયાદ છે, પાળિયાદ અહીંયા. પાળિયાદના એક શેઠ હતા. બહુ વ્યસન. પછી સવારે નીકળ્યા. પાંચ ગાઉ જવું હતું. દસ માઈલ બોટાદ જાવું હતું. બળદને ગાડે જાડે દીધા. બે-ત્રણ કલાક થયા હશે, એમ કરતા કરતા એવા રસ્તે આવ્યા કે પાંચ ગાઉ થઈ ગયા એમ લાગ્યું. ભાઈ! આ ગામ ક્યું? પાળિયાદની પાસે એક ખેતર, બે ખેતરવા એક બાબરકોટ છે. એક ખેતરવા, બે ખેતરવા શું નામ? બાબર કોટ. અરે..! પણ ત્રણ કલાક ચાલ્યા અને બાબરકોટ? બળદ એમ ફરી ગયો કે પગ ત્યાંને ત્યાં છે. ઇ જાણે કે પાંચ ગાઉ ચાલ્યા. ઓલા અંદર સૂઈ ગયેલા. દામા મોતી હતા. બહુ કંજુસ હતા. અરે..! ક્યા ગામ? હવે તો બોટાદ આવ્યું હશે? એમ. બોટાદ દસ માઈલ થઈ ગયુંને. ક્યું ગામ? બાબરકોટ. પણ આ તો ... પાળિયાદ. આ તો આવી પાળિયાદ. એમ અહીંયા કહે છે કે જ્યાં સુધી શ્રદ્ધા ફર્યા વિના ઇ બાબરકોટ છે, એમ કહે છે. કહો, સમજાય છે કાંઈ? ઓહો..!

મુમુક્ષુ :- ઘાણીનો બળદ ત્યાંને ત્યાં.

ઉત્તર :- ઘાણીનો બળદ ત્યાંને ત્યાં. આ તો ચાલતા ચાલતા, દૂર ચાલતા ચાલતા ત્યાં આવી ગયા. બે કલાકે ત્યાં આવ્યા પાછા.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પાછો આવી ગયો. માર્ગ છૂટી ગયો. આમ આમ કરતા પાછો ત્યાં આવી ગયો. ઇ જાણે આવી ગયું બોટાદ. કહે છે, બાબરકોટ. ઓઈ માળા, આ તો લીલિયો આવ્યો, લીલિયો હોય છે. ... પાણીનો ... લીલિયો, બાબરકોટ ને પાળિયાદ. એમ મિથ્યાદૃષ્ટિ અનાદિથી મેં આમ કર્યું ને મેં દયા પાળી ને શરીરે હું આવો થયો, આવો થયો. બરાબર પર પ્રાણીને આમ થાય તો એને લઈને મેં છોડી દીધા. જુઓ! એ પર્યાય મારાથી થઈ કે નહિ? હું ન હોત તો એને કેમ થયું? એવી પર્યાય કેમ થાત? એ જડની પર્યાયમાં ક્ષણે ક્ષણે અજ્ઞાની ઠગાઈ જાય છે. ભ્રમ થઈ જાય છે. પોતાથી ચીજ પરથી ભિન્ન અને પર પોતાથી ભિન્ન એનું ભાન રહેતું નથી. સમજાણું કાંઈ? શેઠ! પહેલા આવી ગયું હતું, હોં! આ તો તમારે માટે લીધું.

**'એમ અહંકાર મમકાર વડે ઠગાતા થકા, અવિચલિતચેતનાવિલાસમાત્ર આત્મવ્યવહારથી ચ્યુત થઈને,...'** જુઓ! અહો..! ભગવાન આત્મા જ્ઞાન અને આનંદસ્વભાવી એની વ્યવહારક્રિયા, શુદ્ધ નિર્મળ ચૈતન્યવિલાસ નિર્વિકારી પર્યાય. અવિચલિતચેતનાવિલાસમાત્ર આત્મવ્યવહાર. જુઓ! આત્મવ્યવહાર. ભગવાન આત્મા જ્ઞાયક ચૈતન્યપુંજ પ્રભુ અને એને જાણવા-દેખવાની ક્રિયા અંદર થઈ, એ રાગ ને પુણ્ય ને શરીરની ક્રિયાથી ભિન્ન પોતાના નિર્વિકલ્પ શ્રદ્ધા, જ્ઞાન અને રમણતા તેને અહીંયા આત્મવ્યવહાર કહેવામાં આવ્યો છે. આત્માનો વ્યવહાર આ છે. રાગ આવ્યો એ વ્યવહાર નહિ, શરીરની ક્રિયા એ વ્યવહાર નહિ. લોકો કહે છેને, માટે નાખ્યું છે. ભાઈ! વ્યવહાર તો છેને, વ્યવહારે તો હું શરીરને કરી શકું છુંને? નિશ્ચયથી નહિ.

વ્યવહારથી તો છે કે નહિ? હું નિમિત્ત છું કે નહિ? નિમિત્ત છું કે નહિ? જેચંદભાઈ! નિમિત્ત-નૈમિત્તિક છે કે નહિ? નહિ, નહિ. નિમિત્ત-નૈમિત્તિકનો અર્થ જ બીજો છે. નિમિત્ત-નૈમિત્તિક તો ભિન્ન વસ્તુનું જ્ઞાન કરાવે છે. નિમિત્ત છે ત્યાં થાય છે એમ નિમિત્ત (જ્ઞાન) કરાવે છે? સમજાણું કાંઈ?

તો કહે છે કે **'અવિચલિતચેતનાવિલાસ...'** ભગવાન જ્ઞાનસ્વભાવ પવિત્ર અનંતગુણનો પિંડ એની પર્યાયમાં નિર્મળતા, અરાગી સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રનું થવું, નિર્વિકલ્પ પરિણતિનું થવું, પરિણતિ નામ પર્યાય, તે આત્મવ્યવહાર. એ આત્માનો વ્યવહાર છે. તેનાથી **'ચ્યુત થઈને,...'** નીચે છગડો છે, જુઓ! **'આત્મવ્યવહાર = આત્મારૂપ વર્તન;'** નીચે છે. આત્મા રાગ અને પુણ્ય ને પાપના વિકલ્પ રહિત પોતાના સ્વભાવના આશ્રયે નિર્વિકલ્પ રાગમિશ્રિત વિચાર છોડીને સ્વરૂપની દૃષ્ટિ, જ્ઞાન અને રમણતા (કરે) તે આત્માનું વર્તન છે. શરીરની પર્યાય આત્માનું વર્તન નહિ, પણ એમાં રાગ આવ્યો દયા, દાનનો એ પણ આત્મવર્તન નહિ. એ આત્મવ્યવહાર નહિ. સમજાણું કાંઈ? ઓહો..હો..! **'આત્મારૂપ કાર્ય'** જુઓ! શરીરની પર્યાય તો આત્માનું કાર્ય નહિ, રાગ થયો દયા, દાનનો અંદરમાં એ આત્માનું કાર્ય નહિ. આત્માનું કાર્ય રાગને, નિજ સ્વભાવ સન્મુખ લક્ષ કરીને જાણવો અને સ્વપરપ્રકાશક શક્તિની પર્યાયમાં પ્રગટતા થવી, નિર્મળ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રનું થવું તે આત્માનું કાર્ય છે. શરીરનું કાર્ય તો નહિ પણ દયા, દાનના વિકલ્પ એ આત્માનું કાર્ય નહિ, એ આત્માનો વ્યવહાર નહિ. ઓહો..! સમજાણું કાંઈ? કારણ કે એ આસ્રવતત્ત્વ છે. એ આત્માનું કાર્ય નહિ.

જ્ઞેય અધિકાર ચાલે છે. ઓહો..! **'આત્મારૂપ વ્યાપાર'**. વેપાર હશે? આત્મારૂપ વ્યાપાર. અવિચલિતચેતનાવિલાસ. મારો જ્ઞાનાનંદ સ્વભાવ એની રમણતા, શાંતિ, નિર્વિકારી પ્રતીત, અનુભવ પર્યાય આત્માનો વ્યાપાર છે, એ આત્માનું કાર્ય છે, એ આત્માનું વર્તન છે. ભ્રષ્ટ થયો. આવા આત્મવ્યાપારથી ભ્રષ્ટ થયો. **'જેમાં સમસ્ત ક્રિયાકલાપને છાતી-સરસો ભેટવામાં આવે છે...'** જુઓ! શું કહે છે? નાનું પાંચ-છ વર્ષનું બાળક હોયને? સુંદર બાળક, રૂપાળું શરીર એવું હોય. પછી એનો પિતા છાતી સાથે લગાવે છે કે નહિ? વ્હાલપ બતાવે છે કે નહિ? મોતીરામજી! પોતાના નાના બચ્ચાને વ્હાલપ બતાવે છે કે નહિ? આહા..! વ્હાલા દીકરા તારા ઉપર બહુ પ્રેમ આવે છે.

એમ અજ્ઞાની જડની ક્ષણે ક્ષણે ભિન્ન ભિન્ન પર્યાય થાય છે તેને છાતીથી લગાવે છે કે અમારી ક્રિયા છે, અમે કરી છે. શું અમે એમાં નિમિત્ત નથી? નિમિત્ત વિના થઈ? સાંભળને હવે, એ નિમિત્ત વિના જ થઈ છે.

મુમુક્ષુ :- કોઈ વાત ઊભી નથી રહેવાની.

ઉત્તર :- ખોટી ઊભી રહેવાની નથી. જેચંદભાઈ! જૂઠી ઊભી નહિ રહે. ખોટી ક્યાં ઊભી રહે? તારે અને દેહને સંબંધ શું છે? ઇ જડ છે, જડની પર્યાય જડને કારણે સ્વતંત્ર કોઈપણ કાળે

ક્ષણે ને પળે ભિન્ન ભિન્ન કારણે થાય છે, શું તારે કારણે થાય છે? તારી ઇચ્છા થઈ તો થઈ? તારી વિચક્ષણતા જ્ઞાનમાં થઈ કે આમ ચાલવું, અહીં કાંટો પડ્યો છે તો પગ ઊંચો કરીને ચાલવું, આમ ફરીને ચાલવું, આમ સીધા નહિ ચાલવું. ફરીને ચાલવાની પર્યાય તારાથી થઈ છે? ક્ષણે ક્ષણે અજ્ઞાની પરની પર્યાયને પોતાની માનીને ઠગાય છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**'જેમાં સમસ્ત ક્રિયાકલાપ...'** મેં આવી દયા પાળી, મેં આવું પાણી દીધું, મેં આવો આહાર કર્યો ને મેં આમ ન કર્યો. આજે મેં આહાર છોડી દીધું, શરીર બહુ પાતળું પડ્યો તો મને જરી નિદ્રા નથી આવતી, પ્રમાદ ઘટી જાય છે. એમ પરની પર્યાયથી પોતામાં કંઈક માનનાર પરની ક્રિયાને છાતી-સરસી લગાવે છે. સમજાણું કાંઈ? સાંભળ્યું નથી. મોતીરામજી! જુઓ! ભગવાન કુંદકુંદાચાર્ય ભગવાનની વાણીમાંથી સાર શું હતો, એ અહીંયા બતાવ્યો છે. કહે છે, અરે..! સાંભળ તો ખરો! એ પરજ્ઞેયની પર્યાય, એ પર્યાય તો એની છે. ક્ષણે ક્ષણે ભિન્ન ભિન્ન, ભિન્ન ભિન્ન થાય, તો તારી ઉપસ્થિતિ છે અને તારી પર્યાય પણ પલટે છે તો ત્યાં પણ તેને કારણે પલટે છે એમ નથી. તારી ઇચ્છા થઈ તો આમ ચાલ્યો, ઇચ્છા આમ થઈ તો આમ ચાલ્યો. મૂઢ છે. તારી પર્યાય ભિન્ન છે, એની શરીરની ક્રિયા ક્ષણે ક્ષણે ભિન્ન થાય છે, તારાથી કદી થતી નથી. સમજાણું કાંઈ? પલાઠી લગાવી પદ્માસન. મને ભાવ થયો તો મેં પદ્માસન લગાવ્યું. મૂઢ છો. શું કરવું આમાં? મલૂકચંદભાઈ!

એ ક્ષણે ને પળે ભગવાન દરેક જ્ઞેયથી ભિન્ન છે ઇ તો અહીંયા બતાવવું છે. પોતાના જ્ઞેય દ્રવ્ય-ગુણ-પર્યાય પરજ્ઞેયના દ્રવ્ય-ગુણ-પર્યાયથી ત્રિકાળ ત્રિકાળ ભિન્ન છે. અસમાનજાતિ ભગવાન આત્મા અને શરીર એક ક્ષણમાં ભેગા રહે છે એમ જોવામાં આવે છે, પણ ભેગા છે નહિ. એકઠા છે જ નહિ. સમજાણું કાંઈ? કેવા છે અજ્ઞાની? **'અવિચલિતચેતનાવિલાસમાત્ર...'** ભગવાન આત્માનો વ્યવહાર છે. ઓહો..! **'જેમાં સમસ્ત ક્રિયાકલાપ...'** ક્રિયાકલાપ એટલે ક્રિયાનો સમૂહ. ક્ષણે ક્ષણે જડની ભિન્ન ભિન્ન ક્રિયા હોયને. આહા..હા..! કર્યો, શરીરનો સદ્‌ઉપયોગ તો મેં કર્યો. વાણીનો પણ મેં સદ્‌ઉપયોગ કર્યો. અને સાધન મળે તો સદ્‌ઉપયોગ તો કરવો જ જોઈએને. આહા..હા..! અરે..! ભગવાન! કોનો સદ્‌ઉપયોગ? તારો એના એક અંશમાં પણ અધિકાર નથી. એક અંશમાં કદી તારો અધિકાર નથી. જ્યાં જ્યાં આંગળી આમ વળે છે, આમ થાય છે, નાક આમ થાય છે, આ આમ થાય છે બધી ક્રિયા જડની પર્યાય છે, એમાં આત્માનો કિંચિત્ અધિકાર નથી. સમજાણું કાંઈ?

**'સમસ્ત ક્રિયાકલાપ...'** જડની ક્રિયાને છાતી-સરસી લગાવવામાં આવે છે. અરે..! મારી છે, મારી. હું કરું છું તો થાય છેને? ન કરે તો શું મડદું ચાલે છે? હું ચલાવું છું તો ચાલે છે. એમ જડની પર્યાયને પોતાની માનીને ક્રિયાને ભેટે છે, એને ભેટે છે. વ્હાલપ કરે છે. વ્હાલપ કરે છેને? પ્રેમ કરે છે. એ જડની ક્રિયા સાથે પ્રેમ કરે છે. આહા..હા..! ભારે વાત ભાઈ!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ક્યાં બનાવ્યું છે? બેય ભિન્ન ભિન્ન છે. કાંઈ બનાવ્યો નથી. પોતાનો આત્મા ભિન્ન છે, શરીર ભિન્ન છે, કર્મ ભિન્ન છે. બધું ભિન્ન ભિન્ન છે. એક જગ્યાએ કેમ રહ્યો? પટારામાં અંદર આત્મા કેમ રહ્યો? આ શરીરના પટારામાં. પટારામાં રહ્યો જ નથી? એક પટારમાં ક્યાં છે? છ દ્રવ્ય પડ્યા છે, છ દ્રવ્ય પડ્યા છે. ધર્માસ્તિકાય અહીંયા છે અસંખ્ય પ્રદેશ, અધર્માસ્તિકાયના અસંખ્ય પ્રદેશ, આકાશના અસંખ્ય પ્રદેશ, અનંત જીવ છે, અનંત પુદ્ગલ પરમાણુ બીજા ભિન્ન છે, બધા છે. અસંખ્ય કાળાણુ અહીંયા છે. છે તો શું થયું? એ તો પરજ્ઞેય છે. પોતાના જ્ઞાનની પર્યાય પરજ્ઞેયની પર્યાયને કદી અડી જ નથી. માને છે કે મેં કર્યું. આહા..! શરીરનો ઉપયોગ કર્યો અને ઉપવાસ કરતા કરતા શરીરમાંથી માલ કાઢી લીધો. ઘણા અપવાસ કર્યા તો શરીરમાંથી કસ કાઢી નાખ્યો. મૂઢ છે. શરીરની પર્યાય એમ થવાની હતી માટે તે થઈ છે, તેં આહાર ન લીધો માટે નથી થઈ. અને તારો રાગ આવ્યો કે આજે આહાર નથી કરવો તે કારણે શરીર જીર્ણ થયું છે?

મુમુક્ષુ :- તત્ત્વાર્થ શ્રદ્ધાનમાં એવું વર્ણન છે?

ઉત્તર :- તત્ત્વાર્થ શ્રદ્ધાનમાં એવું વર્ણન છે, આ સમ્યગ્દર્શનનો વિષય છે. આ જ્ઞેય અધિકાર છે. જ્ઞેય અધિકારનું બીજું નામ સમ્યગ્દર્શન અધિકાર છે. સમ્યગ્દર્શનમાં તત્ત્વાર્થ શ્રદ્ધાનનો અધિકાર છે. અજીવ અને જીવ બેની પર્યાય ભિન્ન (છે) એનો અધિકાર છે. સમજાણું કાંઈ? ભારે વાત ભાઈ! ઓલા નિમિત્તવાળાને તો આમ...

મુમુક્ષુ :- ભાગી જાય છે.

ઉત્તર :- એમ કહે છે કે નિમિત્તથી નથી થતું એમ (કહેતા) સાંભળવાવાળા ભાગી જાય છે. અરે..! કાંઈ ભાન નથી. કાંઈ સાંભળ્યું નથી, સત્‌ની ખબરેય નથી. શું ચીજ છે ખબરેય નથી. જુઓ! લાવો આવી વાત ક્યાંય છે સર્વજ્ઞ ભગવાન જૈન પરમેશ્વર સિવાય?

અનંત જ્ઞેયો છે. તો અનંત જ્ઞેયો પરમાણુનો પિંડ થઈને શરીર થયું છે. શું તારાથી થયું છે? મારા કર્મથી (થયું છે). કર્મ જ તારા નથી. તને તો વિકલ્પ ઉઠે છે એ પણ તારો નથી, એ તો આસ્રવતત્ત્વમાં જાય છે. અહીંયા તો સંવર, નિર્જરાની શુદ્ધ પર્યાય પ્રગટી તેને આત્મવ્યવહાર કહેવામાં આવ્યો છે. બસ! તે વ્યવહારથી ભ્રષ્ટ થઈને, એ પર્યાયથી ભ્રષ્ટ થઈને. હતી અને ભ્રષ્ટ થયો એમ અહીંયા અર્થ નથી. નિર્મળ પર્યાય પ્રગટ કરવી જોઈએ તે પ્રગટ નહિ કરીને તેનાથી ભ્રષ્ટ થઈને જડની ક્રિયા સાથે ભેટે છે અને... જુઓ!

**'એવા મનુષ્યવ્યવહારનો આશ્રય કરીને...'** જુઓ! મનુષ્યવ્યવહાર છે નીચે.

મુમુક્ષુ :- મનુષ્યશરીર વિના મોક્ષ થતો નથી.

ઉત્તર :- મોક્ષ એના વિના જ થાય છે. આત્માના ઉગ્ર પુરુષાર્થ વિના નથી થતો. શરીર વિના જ મોક્ષ થાય છે. એ જ કહે છે કે શરીરની પર્યાયને પોતાની માને છે. અમારું (શરીર) વજ્રકાય થશે તો કેવળજ્ઞાન થશે. મૂઢ છો. પરની પર્યાયને પોતાની માને છે તો ઠગાયો છો. ઠગાય છે. તને વિશ્વાસઘાત થાય છે. પરચીજને પોતાની માનવી, મોટો વિશ્વાસઘાતી (થાય છે). સમજાણું કાંઈ?

**'મનુષ્યરૂપ વર્તન (અર્થાત્ 'હું મનુષ્ય જ છું' એવી માન્યતાપૂર્વકનું વર્તન)'** મનુષ્યની પર્યાય ક્ષણે ક્ષણે ભિન્ન થાયને, તો મારી ચૈતન્યની જાગ્રતિ જ્યોત વિના એવું કેમ થાય? ભીંતમાં કેમ એમ નથી થતી? ભીંતમાં આમ ઊંચું નીચું થાય છે? આ રોટલી આવે, બરફી આવે, ... અને આંગળી વળે, ટૂકડા થઈને મોઢામાં લે, એ બરફી જોઈને ભીંતમાં થાય છે? મારી ઇચ્છાને કારણે એ બરફીનો ટૂકડો થયો, શરીર એ તરફ ગયું, શરીરની આંગળી આમ થઈ. એમ મૂઢ શરીરની પર્યાયને પોતાની માનીને ઠગાયો થકો **'રાગી અને દ્વેષી થતા થકા...'** જુઓ! રાગ અને દ્વેષ કરે છે. એ પર્યાય થઈ તે બહુ સારી થઈ. આ શરીરમાં મેં ધ્યાન ન રાખ્યું તો આવું શરીર થઈ ગયું. એ દ્વેષ થયો. મેં ધ્યાન રાખ્યું. અરે..! જીવ ઉપર શરીર આવી ગયું, પગ આવી ગયો, મેં ધ્યાન ન રાખ્યું. સમજ્યા? દ્વેષ થયો. એમ રાગ-દ્વેષ (કરે છે).

મુમુક્ષુ :- ... ધ્યાન ન રાખ્યું એટલે આવી પર્યાય થઈ.

ઉત્તર :- ધૂળમાંય ધ્યાન નથી રાખ્યું. ધ્યાન ન રાખ્યું તમે રાગમાં. રાગમાં ઘોલન કર્યું. આ ભાઈ વિના ચાલે નહિ ને ભાઈ વિના ચાલે નહિ, એમ કરીને. જેચંદભાઈ! ભાઈ તો આ બેઠા. ઇ તો બિચારા અમથું દુઃખ વેઠે છે તમારું. આ શું થયું? હજી તો એમ કહે છે ઇ. એને થાયને. ભાઈનું... આ શું કર્યું? રામ અને લક્ષ્મણ બે હતા, એવા આ બે. એ તો ભિન્નની ભિન્ન જ છે. ક્યારે એક થઈ હતી? અને દુનિયામાં નથી કહેતા? કે ભાઈએ ભાગ વહેંચાય. ભાઈ ભિન્ન ભિન્ન છેને? વહેંચાય સમજ્યા? બાંટના. ... એમાં શું છે? વેંચાયેલા જ પડ્યા છે. આત્માને પર સાથે સંબંધ નથી, તો બે ભાઈ વચ્ચે સંબંધ ત્રણકાળમાં નથી. ક્યાંથી આવ્યો આ? ક્યાંનો આ? સમજાણું કાંઈ? કહે છેને? ક્યાંનો રોડા ને ક્યાંનો... ક્યાંકની ઇંટ અને ક્યાંકના રોડા અહીંથી ઇંટ આવી, અહીંથી લાકડું આવ્યું, અહીંથી.. બનાવ્યું મકાન. અરે..! મકાન તારું ક્યાં છે. એમ એક પરમાણુ અહીંથી આવ્યા, બીજો અહીંથી આવ્યો, ત્રીજો અહીંથી આવ્યો. મારું શરીર થઈ ગયું, મારી પર્યાય થઈ ગઈ. મેં પૂર્વે પુણ્યના પરિણામ કરેલાને, તેનાથી કર્મ બંધાણા અને કર્મથી ઇ થયું છે. સાંભળ તો ખરો! સમજાણું કાંઈ? એ તો એને કારણે પર્યાય ચાલે છે. કર્મને તો નિમિત્ત કહેવામાં આવે છે. નિમિત્ત ભિન્ન છે. એ તો એની પર્યાયથી કામ ચાલે છે. શરીરની પર્યાય શરીરથી થાય છે. સમજાણું કાંઈ?

**'રાગ અને દ્વેષી થતા થકા...'** પહેલા નિરર્ગળ દૃષ્ટિ-મિથ્યાત્વ તો કહ્યું હતું. સ્વચ્છંદતા ઊછળે છે, ઇ હું અને ઇ મારું. મિથ્યાત્વ સહિત રાગ-દ્વેષી (થાય છે). આમ થયું, આમ થયું, આમ ન થયું. **'થતા થકા પરદ્રવ્યરૂપ કર્મ સાથે...'** એટલે પર જે કાર્ય જડના છે એની સાથે **'સંગતપણાને લીધે (-પરદ્રવ્યરૂપ કર્મ સાથે જોડાતા હોવાને લીધે)...'** બસ! લક્ષ જ એમાં જોડી દીધું. આ ક્રિયા ને આ ક્રિયા ને આ ક્રિયા મેં કરી, આ ક્રિયા મેં કરી. અનાજ, સાફ કરે છેને અનાજ? મેથી, ઘઉં આમ આમ કરે. જુઓ! જેમ છે તેમ કાંકરા કાઢી નાખે, આમ કાઢે. નાના કાંકરા હોય તો આમ કરવું પડે, મોટા કાંકરા હોય તો આમ કરવું પડે. આમ કાંકરા વીણે છે કે

નહિ? અને શાકભાજી જ્યારે કરે છે ત્યારે આમ હાથમાં લઈને બરાબર આમ આમ કરે, આંગળી નીચે ન આવી જાય તો આમ પકડે. અમારી આંગળી આમ કામ કરે છે, અમારી ઇચ્છા પ્રમાણે બધી આંગળી કામ કરે છે. મૂઢ છે, ઠગાઈ ગયો છે. ઠગાય છે. જડની પર્યાય એવી છે, તું એમ માને છે કે મારાથી થાય છે. મોટો મૂઢ રાગ-દ્વેષ સાથે જોડાઈ ગયો છે. પરની ક્રિયામાં હુંપણું માની લીધું છે. ભારે વાત ભાઈ!

'**ખરેખર પરસમય થાય છે અર્થાત્ પરસમયરૂપે પરિણમે છે.**' એ અજ્ઞાનરૂપ અને રાગ-દ્વેષરૂપ પરિણમન થવું તે જ પરસમય નામ અનાત્મા છે. સમજાણું કાંઈ? આહા..હા..! આચાર્યે પહેલેથી પર્યાય ઉપર ઉપાડ્યું છે. ૯૩ ગાથામાં પર્યાયમૂઢા કહ્યું હતું. એ પર્યાયમૂઢ થયો તો શરીરની પર્યાયમાં મૂઢ થઈ ગયો. અહીંયા પર્યાયમાં મૂઢ થયો તો પરની પર્યાયમાં એનું લક્ષ ગયું અને એ જ પર્યાયમાં ક્ષણે ક્ષણે આ પર્યાય કરું છું, આ પર્યાય કરું છું, આ પર્યાય કરું છું. આમ માનનારો પરસમયરૂપ અનાત્મારૂપ અધર્મરૂપ પાપરૂપ પરિણમે છે. સમજાણું કાંઈ?

'**અને જેઓ અસંકીર્ણ દ્રવ્ય-ગુણ-પર્યાયો વડે સુસ્થિત એવા ભગવાન આત્માના...**' કેવો છે ભગવાન આત્મા? અસંકીર્ણ (અર્થાત્) બીજા સાથે ભેળસેળ વિનાનો, એકમેક નહિ એવો, સ્પષ્ટપણે ભિન્ન. '**(ભગવાન આત્મસ્વભાવ સ્પષ્ટ-ભિન્ન (-પર સાથે ભેળસેળ નહિ એવાં) દ્રવ્ય-ગુણ-પર્યાયો વડે સુસ્થિત છે).**' પોતાના દ્રવ્ય, ગુણ અને પર્યાયમાં પોતાનો આત્મા સુસ્થિત છે, પરના એક અંશમાં પણ આત્મા સુસ્થિત નથી. ક્યારે? અત્યારે. સદા માટે ભગવાન પોતાના દ્રવ્ય-ગુણ-પર્યાયમાં સુસ્થિત છે. પરના દ્રવ્ય-ગુણ-પર્યાયમાં સુસ્થિત નથી. દ્રવ્ય-ગુણ-પર્યાય શું છે એ સાંભળ્યું ન હોય. એ તો અંધોઅંધ પલાય. અંધેઅંધ દૃષ્ટિ. આંધળો ચાલે અને આંધળો દેખાડે. ચાલો! ખાડમાં પડશે બધા. એમ વસ્તુ ક્ષણે ક્ષણે પરમાણુની પર્યાય ભિન્ન ભિન્ન પોતાને કારણે થાય છે. તારી પર્યાય પણ તારા અસ્તિત્વમાં, તારા અસ્તિત્વમાં તારે કારણે ભિન્ન ભિન્ન થાય છે. એવા પરથી ભિન્ન પોતાના દ્રવ્ય-ગુણ-પર્યાય અસંકીર્ણ છે, ભેળસેળ વિના.

'**દ્રવ્ય-ગુણ-પર્યાયો વડે સુસ્થિત એવા ભગવાન આત્માના...**' જુઓ! અહીંયા ભગવાન આત્મા કહ્યું. '**આત્માના સ્વભાવનો-કે જે સકળ વિદ્યાઓનું એક મૂળ છે...**' જુઓ! પરથી ભિન્ન પાડવું અને પોતાના સ્વભાવ ઉપર દૃષ્ટિ દેવી એ સર્વ જ્ઞાનનું મૂળ છે, બધી વિદ્યાઓનું મૂળ છે, સમસ્ત ભેદજ્ઞાનનું મૂળ છે. પહેલાથી ઊલટું. '**અસંકીર્ણ દ્રવ્ય-ગુણ-પર્યાયો વડે સુસ્થિત ભગવાન આત્માના સ્વભાવનો-કે જે સકળ વિદ્યાઓનું એક મૂળ છે...**' પરથી ભિન્ન, પોતાની પર્યાય પણ પરથી ભિન્ન, તો પર્યાય પરથી ભિન્ન પડી તો લક્ષ દ્રવ્ય ઉપર જાય છે. મારું દ્રવ્ય પણ પરથી ત્રણે કાળે ભિન્ન છે. આવું ભેદજ્ઞાન સકળ વિદ્યા, સકળ જ્ઞાનનું (મૂળ છે). શાસ્ત્ર ભણવું ને ... ભણવું બધી વિદ્યાઓનું મૂળ આ છે.

પરથી ભિન્ન જાણવું એ જ સર્વ વિદ્યાઓનું મૂળ છે. ભણી ભણીને શું કર્યું તેં? સમજાણું કાંઈ?

શાસ્ત્રમાંથી કાઢે કે જુઓ! અહીંયા કહ્યું છે, આમ એણે કર્યું, ભગવાને વસ્ત્ર ઉતારી નાખ્યા. જુઓ! દીક્ષા લેતી વખતે વસ્ત્ર ઊતારી નાખ્યા. ઊતાર્યા વિના ઊતરે છે? એની મેળાએ લુગડાં ઊતરી જાય? હવે સાંભળને! એની મેળાએ ઊતરે છે. તારા રાગને કારણે ઊતરે છે? તારી આંગળીને કારણે ઇ કપડા ઊતરે છે?

મુમુક્ષુ :- કેવળી ભગવાનની સામે ... સમ્યગ્દર્શન થાય.

ઉત્તર :- હા, પોતાની પર્યાયથી થાય છે, પરથી થાતું હોય તો બધાને થવું જોઈએ. સામે પણ એને પોતાને કારણે સામે થયું છે. પોતાના દ્રવ્યનું અંદર લક્ષ કર્યું તો થાય છે, પરદ્રવ્યના લક્ષે થતું નથી. પરબારું, પરથી થાય, પરથી થાય એમ માને. ભૈયા ભગવતીદાસે કહ્યું છે કે ક્ષાયિક સમકિત ભગવાનના સમીપે થાય છે, તો ત્યાં તો સભામાં ક્ષયોપશમ સમકિતી ઘણા છે સભામાં, બધાને કેમ ન થયું? એ તો પોતાનો સવળો થયો એટલે થયું છે, બીજાને થયું નહિ. ૪૭ દોહા આવે છે કે નહિ? શેમાં? ભૈયા ભગવતીદાસ. ૪૭ (દોહા). ... આવે છેને? ૪૭ દલીલમાં બધી દલીલ છે. ભૈયા ભગવતીદાસમાં બધી દલીલ છે. ... આ તો બધી દલીલ છે, ભૈયા ભગવતીદાસમાં છે એમ કહું છું. એણે કરી એના પહેલા છે એમ કહું છું.

નિમિત્ત કહે છે કે ભગવાન પાસે સમકિત થાય છે. ઓલો કહે છે કે નહિ, નહિ. ભગવાન પાસે તો ઘણા સમકિતી બેઠા છે. લાખો, કરોડો, હજારો (બેઠા છે) તો બધાને કેમ થતું નથી? પોતાને કારણે થાય છે. એનો તો ઉત્તર પહેલા આપી દીધો. એના તર્ક પહેલા ભૈયા ભગવતીદાસે અહીંયા તો ઉત્તર આપી દીધો. મકખનલાલજી કહે છે, ઇ બધા કહે છે, એમ જ કહે છે. આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ... નથી થતું. અહીંયા વાણિયાવાડ નથી. વાણિયા સમજ્યા? શોભાલાલજી! કોઈ એવો માણસ હોય. તમે પાંચ હજાર માંગો છો, પાંચ હજાર. શેઠ! હું પાંચ હજાર તો આપી નહિ શકું. મારી પાસે કાંઈ નથી. મારી પાસે ગાદલા-ગોદડા વેંચાય તોપણ પાંચ હજાર ક્યાંથી લાવું? ખબર પડે શેઠને કે આ બે હજાર સિવાય આપી શકશે નહિ. એક પાઈ ન લઉં પાંચ હજાર વિના. ઓલો કહે કે હજાર વિના એક પાઈ આવે તો હરમ છે, મારી પાસે કાંઈ નથી. એમ કરતાં કરતાં ઓલો આવે ત્રણ હજાર, ઓલો આવે પંદરસો, આમ કરતા કરતા બે હજારે ભેગા થઈ ગયા. એવો ચુકાદો અહીંયા થાય છે? એવું હોય, કણબી-બણબી એવા હોય, ભાઈસાહેબ! પાંચસોમાં એક પાઈ મારી પાસે નથી. આ બધું વેંચુ, ભેંસ (વેંચુ) તોપણ પાંચસો ભેગા થાય. ઓલો કહે કે પાંચ હજારમાં એક (રૂપિયો ઓછો) નહિ. મનમાં ખબર છે ઓલા કણબીને કે બે હજાર તો દેવા જ પડશે. ઓલાને એમ છે કે આની પાસે પાંચ હજાર છે નહિ. કરતા.. કરતા.. કરતા.. ઇ આમ આવે છે, ઓલો આમ આવે છે. પછી બે હજારે (પતાવે). એવી કોઈ સંધિ અહીંયા થાય છે? શેઠ! એવી સંધિ થતી નથી. પણ તમે થોડું નમતું મૂકો, થોડું ઇ મૂકે. ઇ પ્રશ્ન પહેલા આવી ગયો છે કે તમે સોનગઢવાળા થોડું નમતું મૂકો અને અમે થોડું નમતું મૂકીએ. સત્ય જ આવું છે પછી નમતું શું

મૂકવું? બીજું સત્ય જ ત્રણકાળ ત્રણલોકમાં નથી.

કહે છે કે પોતાનો સ્વભાવ કે જે અસંકીર્ણ છે, જે સકળ વિદ્યાઓનું એક મૂળ છે **'તેનો-આશ્રય કરીને...'** જુઓ! આવા આત્મસ્વભાવનો આશ્રય કરીને પરદ્રવ્યનો આશ્રય છોડી દીધો. **'યથોક્ત આત્મસ્વભાવની સંભાવનામાં સમર્થ...'** જુઓ! પહેલામાં નપુંસક કહ્યું હતું. યથોક્ત પોતાનો ભગવાન પરથી ભિન્ન છે એવા પોતાના સ્વભાવની સંભાવના-અનુભવ-સંચેતન-માન્યતા-આદર, નિજ સ્વભાવના આદરમાં સમર્થ **'હોવાને લીધે પર્યાયમાત્ર પ્રત્યેનું બળ (જોર) દૂર કરીને...'** લ્યો. શરીરની પર્યાયમાં બળ-જોર હતું તેને દૂર કરીને. હું શરીર નથી.

**'આત્માના સ્વભાવમાં જ સ્થિતિ કરે છે...'** લ્યો, અસ્તિ-નાસ્તિ કરી. પર્યાયમાત્ર એટલે ક્ષણે ક્ષણે જડની પર્યાય થઈ તેનાથી લક્ષ છોડી દીધું બધામાંથી. **'આત્માના સ્વભાવમાં સ્થિતિ કરે છે, (-લીન થાય છે),...'** એ તો પરથી દૂર થયો તો સ્વભાવ ઉપર લક્ષ આવી ગયું. વિકલ્પ ભલે હો, તોપણ સ્વભાવ ઉપર લક્ષ આવીને સ્વભાવમાં જ સ્થિતિ કરે છે. **'તેઓ-જેમણે સહજ-ખીલેલી અનેકાન્તદૃષ્ટિ વડે...'** જુઓ! પહેલામાં નિરર્ગળ એકાંતદૃષ્ટિ હતી મિથ્યાદૃષ્ટિ. અહીં સહજ વિકસિત. સ્વાભાવિક અનેકાંત સ્વરૂપ છેને. પરથી ભિન્ન અને મારાથી અભિન્ન, નિજ ગુણોથી અભિન્ન એવી સહજ વિકસીત પ્રગટ થતી અનેકાંતદૃષ્ટિથી **'સમસ્ત એકાંતદૃષ્ટિના પરિગ્રહના આગ્રહો (-પકડો) પ્રક્ષીણ કર્યા છે...'** લ્યો. જાઓ! અનેકાંતદૃષ્ટિથી નિજ સ્વભાવનો આશ્રય કર્યો તો પરથી દૃષ્ટિ છૂટી ગઈ.

**'સમસ્ત એકાંતદૃષ્ટિના પરિગ્રહો (-પકડો)...'** સ્વીકાર, અંગીકાર, આગ્રહને **'પ્રક્ષીણ કર્યા છે...'** કોઈપણ સમયે શરીરની પર્યાય મારાથી નથી અને મારી પર્યાય પરથી નથી. પહેલા એવો આગ્રહ હતો કે હું હતો તો શરીરની પર્યાય હતી. જીવ નીકળી જાય છે તો શરીર એવું નથી રહેતું, જુઓ! જીવ નીકળી જાય તો શરીર આમ થઈ જાય છે. લાડવા પડી જાય, નહિ? એટલું તો કાંઈક છે કે નહિ આત્માને કારણે એમાં? મૂઢ છો. એ પર્યાય એ સમયે એવી થવાની હતી. એ તો પરની પર્યાય છે. તું ગયો એટલે એમ થઈ છે? અને અહીંયા રહે છે માટે શરીરની પર્યાય અક્કડ રહે છે? ઇ જ કહે છે કે તારી એકાંતદૃષ્ટિ ઊછળે છે. તારી દૃષ્ટિ પર ઉપર પડી છે, પરથી ભિન્ન તારું ભાન નથી. એવો આગ્રહ છોડી દીધો છે જ્ઞાનીએ. નહિ, ગમે તે સમયે, જ્યાં જ્યાં જડની પર્યાય થાય છે એ મારાથી નહિ, હું એનાથી ભિન્ન છું. એકાંત પરિગ્રહના આગ્રહો પ્રક્ષીણ કર્યા છે. જુઓ! એનો એણે નાશ કર્યો છે. હવે મનુષ્યની ગતિનો દાખલો આપશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**આસો સુદ-૬, સોમવાર, તા. ૨૩-૯-૧૯૬૩**
**ગાથા-૯૪, ૯૫, પ્રવચન-૮૪**

આ પ્રવચનસાર, જ્ઞેયતત્ત્વ-પ્રજ્ઞાપન (અધિકાર) ચાલે છે. એમાં ૯૪મી ગાથા ચાલે છે. એમાં અહીંયા સુધી આવ્યું છે, જુઓ!

**'અનેકાંતદષ્ટિ વડે સમસ્ત એકાંતદષ્ટિના પરિગ્રહના આગ્રહો (-પકડો) પ્રક્ષીણ કર્યા છે...'** ત્યાં સુધી આવ્યું છે. મળ્યું? મળ્યું કે નહિ? શોભાલાલજી! બતાવો ભાઈ, બીજા બતાવો જરી. એઇ..! ધર્મચંદજી! ભાવાર્થ ઉપર તો પાંચમી-છઠ્ઠી લીટી છે. ભાવાર્થ તો ક્યાંય છે. બીજા પેરેગ્રાફની ચોથી લીટી, ચોથી પંક્તિ. ચોથી પંક્તિ છે? ઠોઠ નિશાળિયા જેવા. ઠોઠ સમજો છો? શું કહ્યું? કે ધર્મીજીવ એવો હોય છે કે અનેકાંતદષ્ટિ વડે સમસ્ત એકાંદદષ્ટિના આગ્રહો પ્રક્ષીણ કર્યા છે. અર્થાત્ શરીર, વાણી, મનની જે ક્રિયા થાય છે, શરીર-શરીર, આમ (થાય) અને વાણીની જે ક્રિયા થાય છે, બધી જડ છે. એ આત્માથી નથી થતી. કેમકે એ પરમાણુ છે પરમાણુ, અનંત રજકણનો પિંડ છે. આ પરમાણુ દ્રવ્ય છે, જગતની ચીજ છે. તો એની વર્તમાન પર્યાય-અવસ્થા-હાલત જે આમ થાય છે, તે મારી નથી. મારી પર્યાય મારામાં છે અને મારી પર્યાયથી તે શરીરની, વાણીની પર્યાય થતી નથી. એવો આગ્રહ છોડી દીધો છે કે હું આત્મા છું તો શરીરની ક્રિયા, વાણીની આ અવસ્થા થાય છે. એવો આગ્રહ જ્ઞાનીએ છોડી દીધો છે. કેમકે એ આગ્રહ મિથ્યાદષ્ટિનો મિથ્યા આગ્રહ છે. મંત્રીજી! ભારે કઠણ! જૈનદર્શન. કદી સાંભળ્યું ન હોય, શેઠ!

કહે છે કે, જુઓ! **'એવા-મનુષ્યાદિ ગતિઓમાં...'** હું મનુષ્યગતિ છું, દેવગતિ હું છું, નરકગતિ હું છું, તિર્યંચગતિ હું છું-એવો આગ્રહ જ્ઞાનીએ છોડી દીધો છે. ગતિ હું નહિ, ગતિ તો પર છે. શરીરની ક્રિયા પર છે અને વિકાર પર્યાય પર છે, એ હું નહિ. સમ્યક્જ્ઞાનીની દષ્ટિમાં શરીરની ક્રિયા અને ગતિનો ઉદયભાવ હું નહિ. અજ્ઞાની અનાદિ કાળથી એ મનુષ્યગતિ, તિર્યંચગતિનો ઉદય મારો છે અને શરીરની અવસ્થા હું કરી શકું છું, મારા અસ્તિત્વથી એનું અસ્તિત્વ છે અને તેના અસ્તિત્વથી મારું અસ્તિત્વ છે. એમ અજ્ઞાની મિથ્યાશ્રદ્ધામાં-મિથ્યાદર્શનમાં માની રહ્યા છે. જ્ઞાનીએ એવો આગ્રહ છોડી દીધો છે. સમજાણું કાંઈ?

**'અને તે ગતિઓનાં શરીરોમાં...'** એ ગતિમાં જે શરીર મળે છે, આ શરીર, નારકીનું શરીર. નીચે નારકી છે એનું શરીર, મનુષ્યનું આ શરીર, તિર્યંચ-પશુનું શરીર અને માથે સ્વર્ગનું શરીર, જ્ઞાનીએ તે શરીરની ક્રિયા અને શરીરની અવસ્થાનો અહંકાર છોડી દીધો છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કરે કોણ? ધૂળ કરે છે? કોણ કરી શકે છે? શરીરની અવસ્થા પરમાણુ જે હાલે-ચાલે

એ આત્મા કરી શકતો જ નથી ત્રણકાળ ત્રણલોકમાં. એ જડની પર્યાય શું ચૈતન્યપર્યાય કરી શકે છે? અજીવની પર્યાય જીવ કરે એમ માનવું તે અજીવને જીવ માનવું એવું મિથ્યાદર્શન, અજ્ઞાન છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- થાય છે ક્યાં? માન્યતા છે એની. અજ્ઞાન માન્યતા છે કે હું કરું છું, શરીરની અવસ્થા હું હલાવું છું, હું ખાઉં છું, હું પીઉં છું, હું બોલું છું-એ તો બધી જડની અવસ્થા, માટીની, ધૂળની છે. જગતનું અજીવતત્ત્વ છે. જીવતત્ત્વ ભિન્ન છે, આ અજીવતત્ત્વ ભિન્ન છે. તો અજીવતત્ત્વની ક્ષણે ક્ષણે જે પર્યાય આમ આમ થાય છે તે અજીવને કારણે થાય છે, આત્માથી નહિ. અજ્ઞાની માને છે કે હું છું તો ઇ થાય છે. એ જ મૂઢતા મિથ્યાદર્શન મહાન પાપ છે. આહા..હા..! બહુ આકરું. શેઠ! આખો દિ' કામ કરવા અને કહે કે કામ કરી શકતો નથી. મોતીરામજી! આખો દિ' કામ કરવું? અને કરી શકે છે કે કરવું? બિલકુલ કરી શકતો નથી. આત્મા પોતાની પર્યાય કરે છે જ્ઞાનની અથવા રાગની. પરની ક્રિયા અને પરની પર્યાય ત્રણકાળ ત્રણલોકમાં અજ્ઞાની પણ કરી શકતો નથી.

જ્ઞાની, **'ગતિઓનાં શરીરોમાં અહંકાર-મમકાર નહિ કરતાં...'** એ હું નથી. પરદ્રવ્યની અવસ્થા અને પરદ્રવ્યમાં હું ક્યાં આવ્યો? **'અનેક ઓરડાઓમાં સંચારિત રત્નદીપકની માફક...'** દૃષ્ટાંત આપ્યો છે આચાર્યએ. **'અનેક ઓરડાઓમાં સંચારિત...'** **'લઈ જવામાં આવેલા. (જેમ જુદા જુદા ઓરડામાં લઈ જવામાં આવતો રત્નદીપક એકરૂપ જ છે,...'** **'રત્નદીપકની માફક એકરૂપ જ આત્માને ઉપલબ્ધ કરતા થકા...'** જરી શું કહે છે? નીચે અર્થમાં છે. નીચે ફૂટનોટ. **'(જેમ જુદા જુદા ઓરડામાં લઈ જવામાં આવતો રત્નદીપક એકરૂપ જ છે,...'** નીચે ફૂટનોટમાં છે, ભાઈ! તદ્દન નીચે ફૂટનોટ છેને? જેમ એક રત્નદીપક હોય. તો રત્નને એક મકાનમાં, બીજા મકાનમાં લઈ જાઓ તો એ રત્નદીપક મકાનનો થતો નથી અને રત્નદીપક મકાનની ક્રિયા કરતો નથી. રતન હોય છેને? એક લાખનો, બે લાખનો, પાંચ લાખના એક એક રત્ન હોય છે. તો એ પ્રકાશમય તેજમય એવું રત્ન આમ ગમે ત્યાં લઈ જાઓ ઓરડામાં, મકાન હજાર-પાંચસોમાં (લઈ જાઓ), પણ ઓરડામય નથી થતું અને એ રત્ન ઓરડાની ક્રિયા નથી કરતું. ઓરડાની ક્રિયા કરતું નથી.

**'(તેમ જુદાં જુદાં શરીરોમાં પ્રવેશતો...'** ભગવાન આત્મા ભિન્ન ભિન્ન શરીર-નારકી, મનુષ્ય આદિ શરીરમાં પ્રવેશ કરવા છતાં **'આત્મા એકરૂપ જ છે,...'** અહીંયા તો આત્મા એકરૂપ જ રહે છે. **'(તે બિલકુલ શરીરરૂપ નથી...'** જ્ઞાની જાણે છે કે હું... સમકિતી વર્તમાન શ્રેણિકારાજા પહેલી નરકમાં છે, જે ભવિષ્યમાં તીર્થંકર થવાના છે. શ્રેણિક રાજા ભવિષ્યમાં તીર્થંકર થવાના છે. એ પહેલી નરકમાં છે. ભગવાનના સમીપે ત્યાં સમ્યગ્દર્શન આદિ તીર્થંકર ગોત્ર બાંધ્યું હતું. પહેલી નરકનું આયુષ્ય બંધાઈ ગયું હતું એટલે એની યોગ્યતાથી ત્યાં નરકમાં છે. પણ જાણે છે કે મારું ચૈતન્યરત્ન શરીરરૂપ થયું નથી અને એ શરીરની અવસ્થા હું કરી શકતો નથી. મોતીરામજી! બરાબર છે?

મુમુક્ષુ :- જ્ઞાતા-દૃષ્ટા થઈને બેઠો છેને?

ઉત્તર :- જ્ઞાતા-દૃષ્ટા થઈને જ બેઠા છે. અજ્ઞાની અભિમાન કરે છે. એટલો ફેર છે.

મુમુક્ષુ :- શરીર હેરાન કરે એનું શું કરવું?

ઉત્તર :- શરીર ક્યાં હેરાન કરે છે? કોણ કહે છે? પરદ્રવ્ય જડ છે, ઇ પોતાને હેરાન કરે છે? જેચંદભાઈ! શું છે?

મુમુક્ષુ :- શરીર બહુ હેરાન કરે છે.

ઉત્તર :- ધૂળમાંય કરતું નથી. શરીર તો માટી છે, ધૂળ છે. પરમાણુ માટી, માંસ, હાડકા, ચામડા. એની પર્યાય ક્ષણે ક્ષણે થવાવાળી થાય છે તે શું આત્માને નુકશાન કરે છે? અજ્ઞાની માને છે કે અરે..! મને શરીરમાં ઠીક નથી, મને ઠીક નથી. એ અજ્ઞાન ભાવ એને નુકશાન કરે છે. સમજાણું કાંઈ? શરીરની પર્યાય-ફર્યાય કોઈને નુકશાન કરતી નથી. આહા..! વીતરાગના મંત્ર છે અહીં તો. જિનેશ્વરદેવ ત્રિલોકનાથ તીર્થંકર પરમાત્મા કેવળજ્ઞાની જેને એક સમયમાં ત્રણકાળ ત્રણલોક જણાયા એમાં પ્રત્યેક પદાર્થ એમણે ભિન્ન જોયા. ભિન્ન છે, ભિન્ન જોયા. ભિન્ન છે, ભિન્ન કહ્યા. ભિન્ન છે, ભિન્ન જોયા, ભિન્ન કહ્યા.

એક આત્મા, પરમાણુ.. જે શરીર અનંત રજકણનો પિંડ છે, આ કાંઈ એક દ્રવ્ય નથી. અનંત પોંઈટ પરમાણનું દળ છે, પિંડ છે. પોંઈટ ટૂકડો, છેલ્લો ટૂકડો એક પરમાણુ એવા અનંત રજકણનું તો દળ છે. પ્રત્યેક પરમાણુમાં એક એક સેકંડના અસંખ્યભાગમાં નવી.. નવી.. નવી પર્યાય પોતાથી જડથી થાય છે. આત્માથી ત્રણકાળમાં કદી થતી નથી. ઓહો..હો..! હજી તો શરીર શું? અને હું કોણ? એનું ભાન નથી અને ધર્મ કરવો છે.

કહે છે, શરીર.. '**(શરીરરૂપ નથી અને શરીરની ક્રિયા કરતો નથી-આમ જ્ઞાની જાણે છે).**' સમજાણું કાંઈ? જેમ.. આવ્યુંને? '**સંચારિત રત્નદીપકની માફક...**' ભાંતિ એટલે માફક '**એકરૂપ જ આત્માને ઉપલબ્ધ કરતા થકા...**' શું કહે છે? પ્રત્યેક શરીરમાં કદાચિત્ જ્ઞાનીને એક-બે શરીર સંયોગમાં આવે છે, આત્મભાન થયા પછી એક-બે શરીર સાથે હોય, પણ એ શરીરની પર્યાયમાં પોતાનું સ્વરૂપ ભિન્ન છે એમ અનુભવ કરે છે. પોતાની પર્યાય પરથી ભિન્ન નિજદ્રવ્ય સાથે છે એવો અનુભવ કરે છે. પરની પર્યાય સાથે મારે કંઈ સંબંધ નથી. સમજાણું કાંઈ? '**ઉપલબ્ધ કરતા થકા...**' જ્ઞાની આત્માને પોતાની નિર્મળ પર્યાય જે પ્રગટ થાય છે તેની સાથે આત્માને મેળવીને પોતાના આત્માનો અનુભવ નામ પરથી ભિન્ન પ્રાપ્ત કરે છે. સમજાણું કાંઈ? એ રત્નદીપક જેમ સેંકડો ઓરડામાં જવા છતાં એ તો એવો ને એવો રહે છે. પ્રકાશપુંજ. એ રત્ન જડ છે, એટલો ફેર છે. આ ચૈતન્યરત્ન છે. પ્રકાશપુંજ ચૈતન્યસૂર્ય. ભગવાન આત્મા ચૈતન્યસૂર્ય પ્રકાશનો પિંડ છે. એ એક-બે-ત્રણ ગમે તે શરીરમાં જાય તો શરીરરૂપ થતો નથી અને શરીરની ક્રિયા થવા છતાં તેનાથી ભિન્ન પોતાની પર્યાયને ઉપલબ્ધ કરે છે. સમજાણું કાંઈ? વાત સાંભળી નથી. દયા પાળો ને વ્રત પાળો ને કરો આમ ને તેમ. મરી ગયો હવે. તત્ત્વ સમજ્યા વિના તારી દયાને કોણ માને છે? રણમાં

પોક છે તારી દયા. સમજાણું કાંઈ? અરણ્યરૂદન (છે).

પરની દયા પાળી શકું છું, પરનો પરમાર્થ કરું છું અને પરની સહાય કરું છું. ધૂળમાંય નથી કરતો. પરવસ્તુ સ્વતંત્ર છે. એની પર્યાયની અવસ્થાને કરનાર તે છે. શું તારાથી થાય છે? તું એ પરદ્રવ્યનો બગાડ-સુધાર કરી શકે છે? પરદ્રવ્યની અવસ્થાનો બગાડ-સુધાર તું કરી શકે છે ત્રણકાળ ત્રણલોકમાં? અને પરથી તારામાં બગાડ-સુધાર થાય છે? ત્રણકાળમાં નહિ.

મુમુક્ષુ :- દેખાય તો છે.

ઉત્તર :- શું દેખાય છે? અજ્ઞાનથી જોવે છે. શેઠ! શું દેખાય છે? અત્યાર સુધી તમે શું કર્યું? રાગ કર્યો છે. ધૂળેય નથી કર્યો, વેપાર કોણ કરે છે? રાગ કર્યો. તમાકુ-ફમાકુનું કાંઈ નથી કર્યું, તમાકુ પરવસ્તુ છે. શોભાલાલજી! શેઠ કહે છે, દેખાય છે. શું દેખાય છે? રાગ છે. રાગ થયો. માન્યતા થઈ (કે) મેં તમાકુની ક્રિયા કરી, આમ કર્યું, તેમ કર્યું, આમ લાવ્યો, આમ લાવ્યો. સમજ્યા? હું સાઈકલ ઉપર બેસીને દસ-દસ ગાઉ ફરતો હતો. એવી માન્યતા કરી. એ સાઈકલ અને શરીરની પર્યાય આત્માએ કરી એમ ત્રણકાળ ત્રણલોકમાં નથી. એ.. શોભાલાલજી! ભાઈસાહેબ પહેલા જાતા હતા કે નહિ, નાના હતા ત્યારે? દસ ગાઉ, પંદર કોસ ચારે કોર ફરતા હતા ઘરાક બનાવવા. ઘરાકને શું કહે છે? ઘરાક ઘરાક. ઘરાકને શું કહે છે? માલ લેવાવાળા. ગ્રાહક. અમારે ઘરાક કહે છે. બનાવ્યા, મેં ઘરાક બનાવ્યા. ધૂળમાં નથી બનાવ્યા. તેં ક્યાં બનાવ્યા? રાગ બનાવ્યો તેં. રાગ બનાવ્યો, દ્વેષ બનાવ્યો. ન ઠીક પડે તો ઉંહું... એવો દ્વેષ કર્યો. ઠીક પડે તો રાગ (કર્યો). શોભાલાલજી! રાગ અને દ્વેષ સિવાય કોઈ દિવસ તેં કંઈ કર્યું જ નથી ત્રણ કાળમાં. શું પરદ્રવ્યની પર્યાય તું કરી શકે છે? એ તો જડ છે, સ્વતંત્ર વસ્તુ છે. પર આત્મા અનંત છે, સ્વતંત્ર છે. એની અવસ્થા આત્મા શું કરી શકે? સમજાણું કાંઈ? શું કહ્યું? મોતીરામજી! જમીન-બમીનનું કર્યું કે નહિ? નહિ? જુઓ! શું કહ્યું?

**'સંચારિત રત્નદીપકની માફક એકરૂપ જ આત્માને ઉપલબ્ધ કરતા થકા...'** અર્થાત્ પ્રત્યેક જડની ક્રિયામાં પણ હું તો પરથી ભિન્ન જ્ઞાતા-દૃષ્ટા છું. એવી પોતાની જ્ઞાતા-દૃષ્ટાની પર્યાય વડે આત્માને ઉપલબ્ધ કરે છે. પણ પરની ક્રિયા હું છું, હું છું, હું કરું છું... નહિ? જસવંતજી! તમે તો હુશિયાર ગણાઓ છો પાંચ ભાઈઓમાં. બધામાં જસવંત હુશિયાર છે. શેઠિયામાં એ હુશિયાર છે. સમજાણું કાંઈ? શેની હુશિયારી? ... રાગ-દ્વેષ કરે છે. ... કરી શકે છે? કેમ રતનલાલજી! શું કરે છે? અત્યાર સુધી તમે શું કર્યું? રાગ કર્યો. ધંધો નથી કર્યો, તમાકુનું કંઈ નથી કર્યું, પુત્રને નથી સાચવ્યા, એના લગ્ન નથી કર્યા, એને મોટો નથી કર્યો, કેળવણી નથી આપી. તમે રાગ-દ્વેષ અને અજ્ઞાન કર્યું.

મુમુક્ષુ :- રાગ-દ્વેષ મોહ વશે બધું કર્યું.

ઉત્તર :- ઇ માને છે ભાવમાં. કર્યું નથી. માને છે કે બધું વ્યવસ્થિત થઈ ગયું, કુટુંબ-કબીલાને વ્યવસ્થિત કર્યા, હવે નિવૃત્ત થાઉં છું. ધૂળમાંય તેં કર્યું નથી. તું કોણ છો? તું તો આત્મા છો. આત્મા

પરવસ્તુની અવસ્થા-વ્યવસ્થા કરી શકે છે?

મુમુક્ષુ :- ... પણ કરવું તો પડેને?

ઉત્તર :- કરવું પડે છે એમ માને છે મૂઢ. શું કરવું પડે છે? થાય છે તેને કરવું શું? બસ! માને છે કે મેં કર્યું, મેં કર્યું, મેં કર્યું. હું ઉપસ્થિત હતોને, બધું વ્યવસ્થિત થઈ ગયું.

મુમુક્ષુ :- નિવૃત્તિ તો મળી ગઈ.

ઉત્તર :- શેમાં નિવૃત્તિ મળી?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- રાગથી નિવૃત્તિ થાય ત્યારે નિવૃત્તિ કહેવાય. પરથી નિવૃત્તિ નિવૃત્તિ છે જ નહિ. પરથી તો સદાય નિવૃત્ત જ છે, પરથી તો સદાય નિવૃત્ત જ છે. આ કોલેજ જુદી છે. ભગવાનની કોલેજ વિજ્ઞાનઘનની છે. સમજાણું કાંઈ? નિવૃત્તિ પણ નહિ. પરથી નિવૃત્તિ તો સદાય છે. શું નિવૃત્તિ કરી? પરની પ્રવૃત્તિ તું કરી શકતો હતો કે નિવૃત્તિ કરી?

મુમુક્ષુ :- માનીએ તો છીએ.

ઉત્તર :- માને છે. ઇ તો માને છે. કેમ શોભાલાલજી! માનતો હતો કે હું કરું છું.

મુમુક્ષુ :- આખી દુનિયા માને છે.

ઉત્તર :- આખી દુનિયા અજ્ઞાનથી માને છે. ઇ તો કહે છે કે છોડી દે તારું અજ્ઞાન. પરનું કાર્ય હું કરી શકું છું અને પરની વ્યવસ્થા મારા અધિકારની વાત છે, છોડી દે દૃષ્ટિ મિથ્યાત્વ. ભ્રમ છે ભ્રમ તારો. '**અવિચલિતચેતનાવિલાસમાત્ર આત્મવ્યવહારને અંગીકાર કરીને,...**' જુઓ! જ્ઞાની શું કરે છે? અવિચલિત ચેતના ત્રિકાળ. ત્રિકાળ ચેતના ભગવાન જ્ઞાનમૂર્તિ આત્મા તેનો વિલાસ. વર્તમાન પર્યાયમાં વિલાસ-અનુભવ. રાગ, પુણ્ય રહિત, પરની ક્રિયા રહિત મારી જ્ઞાનક્રિયા અંદરમાં છે, એ જ્ઞાનક્રિયાનો વિલાસ જ્ઞાની કરે છે. અજ્ઞાની રાગ-દ્વેષનો વિલાસ કરે છે અને પરને કરું છું એવા મિથ્યાત્વભાવનો વિલાસ કરે છે. સમજાણું કાંઈ?

જ્ઞાની ધર્મીજીવ પોતાનું જ્ઞાનસ્વરૂપ ચૈતન્યસૂર્ય પ્રભુ એની જાણવા-દેખવાની ક્રિયાનો વિલાસ કરે છે. રાગ નહિ, દ્વેષ નહિ, શરીરની ક્રિયા-ફ્રિયા મારી છે જ નહિ. સમજાણું કાંઈ? '**આત્મવ્યવહારને અંગીકાર કરીને,...**' જુઓ! આ આત્મવ્યવહાર. જુઓ! આ સંસારના ધંધા કરવા એ આત્મવ્યવહાર નહિ અને ઇ કરી શકતો નથી. એમાં રાગ થાય એ આત્મવ્યવહાર નહિ. કેમકે મલિન છે. રાગરહિત ભગવાન આત્મા ચૈતન્યપ્રકાશનો પુંજ, આનંદકંદ નિત્યાનંદ એની રાગથી પૃથક્ દૃષ્ટિ કરીને પોતાનો આત્મવ્યવહાર શુદ્ધ દશાનું કરવું એનું નામ આત્મવ્યવહાર કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? ભગવાન આત્મા ચૈતન્યસૂર્ય છું, શાંતરસથી ભરેલો છું, અવિકારી મારો ત્રિકાળ સ્વભાવ છે-એવી દૃષ્ટિ કરીને પરની ક્રિયાનું અભિમાન-અહંકાર છોડીને અને વચ્ચે રાગાદિ આવે છે તેની પણ દૃષ્ટિ છોડીને પોતાના શુદ્ધ સ્વભાવની પ્રાપ્તિ, નિર્મળ પર્યાયને પ્રાપ્ત કરે છે તેને આત્મવ્યવહાર કહેવામાં આવે છે. આહા..હા..! દુનિયાને તો માથું ફરી જાય એવી

વાત છે. એઇ..! મોહનભાઈ! શું કહ્યું? દુકાન નવી લીધીને? બે જણા સાકર નાખીને... શું કહેવાય? પાઘડી મુંબઈમાં. કેમ જેચંદભાઈ! મહેનત બહુ કરી હતી બે જણાએ. કોણ મહેનત કરે? રાગ-દ્વેષ કર્યા હતા.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- બિલકુલ કોઈની નહિ. રાગ-દ્વેષની હતી. આકુળતા.. આકુળતા.. આકુળતા. પરચીજ શું મળી શકે છે?

મુમુક્ષુ :- આકુળતાને ભોગવે છે.

ઉત્તર :- એમ! લ્યો. કહો, સમજાણું કાંઈ?

એ આત્મવ્યવહાર આ. આ તમારા ડહાપણના સંસારના વ્યવહાર કરે છે. શેઠને બોલાવો, મોઢાઆગળ બેસાડો. એ બધામાં વ્યવહાર કરે છે. નહિ, એ વ્યવહાર નથી કરતા એમ કહે છે. અજ્ઞાની વ્યવહાર શું કરે છે? મનુષ્યવ્યવહાર. મનુષ્યવ્યવહાર પહેલા આવી ગયું. અર્થમાં આવી ગયું. મનુષ્યવ્યવહાર કરે છે. મનુષ્યવ્યવહારનો અર્થ રાગ અને દ્વેષ, પુણ્ય અને પાપ, અને શરીરની ક્રિયા હું કરી શકું છું એવી માન્યતા અને રાગ, એ મનુષ્યવ્યવહાર, અજ્ઞાનવ્યવહાર અજ્ઞાની કરે છે. સમજાણું કાંઈ?

**'જેમાં સમસ્ત ક્રિયાકલાપને ભેટવામાં આવે છે એવા મનુષ્યવ્યવહારનો આશ્રય નહિ કરતા થકા,...'** જુઓ! ધર્મી ક્રિયાકલાપ. આ જડની ક્રિયા-શરીરની હલન-ચલન આમ ને તેમ, વ્રત શરીરથી કર્યા ને આમ કર્યું. એ બધી જડની પર્યાયને ભેટે છે. એને ભેટતો હતો કે મારી છે, મારી છે. **'એવા મનુષ્યવ્યવહારનો આશ્રય નહિ કરતા થકા,...'** મનુષ્યની ક્રિયા જડની અને રાગની તેનો આશ્રય નહિ કરતા થકા. ધર્મી એ રાગ અને શરીરની ક્રિયાનું અવલંબન નહિ લેતો થકો, નિજ ચૈતન્યસ્વભાવનું અવલંબન લેતો થકો અંદરની આત્મિક ક્રિયા જ્ઞાનની, શ્રદ્ધાની, આનંદની કરે છે. તેનું નામ આત્મવ્યવહાર છે. મનુષ્યવ્યવહાર પુણ્ય-પાપના પરિણામ અને શરીરની ક્રિયા એનો આશ્રય જ્ઞાની કરતો નથી. એ તો થાય છે તેને કારણે. શું આત્મા ભાષા બોલી શકે છે? ત્રણકાળમાં નહિ. સમજાણું કાંઈ?

જ્ઞાની, શરીર આદિની (ક્રિયા) થાય છે તે મારાથી થાય છે એમ નથી માનતો. હું એનો આશ્રય લેતો જ નથી. હું તો ચૈતન્ય ભગવાન જ્ઞાનપ્રભુ પરમાત્મા પોતાનું નિજાનંદ સ્વરૂપનો આશ્રય લઈને નિર્મળ પર્યાય થાય છે તે જ મારો વ્યવહાર છે. સમજાણું કાંઈ? અજ્ઞાનીનો વ્યવહાર-શરીર હું છું, આ કામ મેં કર્યું, વેપાર મેં કર્યો, આવું મેં કર્યું. પહેલા બધું કર્યું હતું, હવે નિવૃત્તિ મળી. શેઠ! પહેલા પૈસા કમાયો. દીકરા-બીકરા હવે બધું કામ કરે છે. ડાલચંદજી બધું કામ કરે છેને, એટલે નિવૃત્તિ થઈ. મૂઢ છે, એમ કહે છે. આચાર્ય તો ગમે તે રીતે કહે. બાળકને એના પિતા કહેને? કહે કે નહિ? ભાન નથી તને. ... કહે કે નહિ? ભગવાન સંતો દિગંબર મુનિઓ પિતા છે. તો કહે છે કે અરે..! મૂઢ છે તું. શું તેં કર્યું? પહેલા પૈસા-બૈસા કમાણા, બધું થઈ ગયું, હવે મને એને કારણે નિવૃત્તિ મળી.

એમ ... છે? નહિ, ખોટું છે. શોભાલાલજી!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- માનતા હતા, શેઠ એમ માનતા હતા એવું. કરતા તો ઇ પણ નહોતા. આહા..હા..!

કહે છે કે **'મનુષ્યવ્યવહારનો આશ્રય નહિ કરતા થકા, રાગદ્વેષના ઉન્મેષ અટકી ગયા હોવાને લીધે...'** ધર્મીને તો અંતર દૃષ્ટિ સ્વભાવ ઉપર થઈ છે. વિભાવ વિકલ્પ ઉઠે છે તેનો પણ આશ્રય છૂટી ગયો છે. તો પરની ક્રિયા હું કરી શકું છું, વેપાર-ધંધો, શરીર, વાણી... દુકાન ઉપર બેઠો હોય સમકિતી, સમ્યગ્દૃષ્ટિ જ્ઞાની વેપાર-ધંધામાં બેઠેલા દેખાય. અંતરમાં એ ક્રિયાનું આલંબન નથી, રાગ આવે છે તેનો આશ્રય નથી. એવી વાત છે. સમ્યગ્દૃષ્ટિ લડાઈમાં હોય, રાજાના કુંવર હોય સમ્યગ્દૃષ્ટિ જ્ઞાની, રાજકુમાર હોય. ૩૨ વર્ષની જુવાન અવસ્થા, મણિરત્ન જેવું શરીર હોય, હાથી ઉપર બેઠો હોય અને લડાઈ કરતો હોય. બાણ ઉપર બાણ છોડતો હોય. તોપણ તે કાળે એ બધી ક્રિયા મારી નથી, એ બધી ક્રિયા જડની થાય છે, હું એનો આશ્રય કરતો નથી. અને જરી દ્વેષ આવે છે એ પણ મારો નથી, એનો આશ્રય કરતો નથી. અંતર સ્વરૂપ દ્વેષ અને પરથી ભિન્ન છે. એવા સ્વરૂપનો આશ્રય તે કાળે લીધો છે. પરનો આશ્રય નથી. આહા..હા..! જગત અને જ્ઞાનીની વાત ઉગમણી-આથમણી ફેર છે. ઉગમણી-આથમણી કહે છેને? શું કહે છે? પૂર્વ-પશ્ચિમ. આ પૂર્વ અને પશ્ચિમ. આ ઉગમણું...

અજ્ઞાનીની દૃષ્ટિ, પરની ક્રિયા હું કરું છું અને રાગ મારું કર્તવ્ય છે એમ પડી છે. જ્ઞાનીની દૃષ્ટિ તે કાળે પણ, રાગ હું નથી, એ આવ્યો છે તે હું નથી, હું તો જ્ઞાતા-દૃષ્ટા સૂર્ય છું. અને એ ક્રિયા થાય છે તે જડથી થાય છે, મારાથી નહિ. આ રીતે પોતાને પરની ક્રિયાથી-અવસ્થાથી રાગથી ભિન્ન ઉપલબ્ધ કરે છે, પ્રાપ્ત કરે છે તેનું નામ જ્ઞાનની, ધર્મની ક્રિયા કહેવામાં આવે છે. ઓહો..હો..! સાંભળ્યું નથી, શેઠ! ભગવાન આમ કહે છે.

ભગવાન ત્રિલોકનાથ જિનવરદેવ પરમાત્મા પ્રવચનસાર છેને, ભગવાનની વાણીમાં આવ્યું છે, અત્યારે મહાવિદેહક્ષેત્રમાં આવે છે. ભગવાન બિરાજે છે, સીમંધર પ્રભુ, વાણી નીકળે છે. કુંદકુંદાચાર્ય ત્યાં ગયા હતા બે હજાર વર્ષ પહેલા. સંવત-૪૯માં ભગવાન પાસે ગયા હતા, આઠ દિવસ રહ્યા હતા. આવીને આ શાસ્ત્ર બનાવ્યા. સમજાણું કાંઈ? ભગવાન સાક્ષાત્ વર્તમાન બિરાજે છે અત્યારે. એ તો બે હજાર વર્ષ પહેલા ગયા હતા. અત્યારે છે, હજી તો કરોડો વર્ષ રહેશે. કરોડો વર્ષ! કેવળજ્ઞાનપણે અરિહંતપદે બિરાજે છે. નમો અરિહંતાણં પદમાં ભગવાન અત્યારે બિરાજે છે. મહાવીર ભગવાન આદિ નમો સિદ્ધાંણં-એ સિદ્ધપદમાં બિરાજે છે, એ તો શરીરરહિત સિદ્ધ થઈ ગયા. ભગવાન આમ કહે છે, એમ અમે કહીએ છીએ, અમારા ઘરની વાત નથી. સમજાણું કાંઈ?

**'રાગદ્વેષનો ઉન્મેષ અટકી ગયા હોવાને લીધે...'** જ્ઞાનીને રાગ-દ્વેષની ઉત્પત્તિ અટકી જવાથી જ્ઞાનની શાંતિની ઉત્પત્તિ વધી ગઈ છે. આત્મા રાગ અને પરથી ભિન્ન પોતાના સ્વરૂપની દૃષ્ટિ હોવાથી રાગ અને દ્વેષના ઉન્મેષ, જેમ આંખ ઊંચી-નીચી થાય છેને? એમ રાગ ઉત્પન્ન થાય છે

અને વ્યય થાય છે, એ અટકી ગયા છે. **'પરમ ઉદાસીનતાને અવલંબતા થકા...'** શરીર, વાણી, રાજપાટ અને રાગ એનાથી પરથી ભિન્ન પોતાનો સ્વભાવ, પરથી ઉદાસીન, પરથી ઉદાસીન પોતાના સ્વભાવના અસ્તિત્વમાં અવલંબન લેતો થકો જ્ઞાની **'સમસ્ત પરદ્રવ્યની સંગતિ દૂર કરી હોવાને લીધે...'** લ્યો. શરીર, વાણી, કર્મ બધા પરદ્રવ્ય મારા નથી, એનો સંગ મને નથી. **'દૂર કરી હોવાને લીધે કેવળ સ્વદ્રવ્ય સાથે...'** કેવળ ભગવાન જ્ઞાનમૂર્તિ પ્રભુ ચૈતન્યસ્વભાવ સાથે જ સંગતતા હોવાથી, જોડાણ કર્યું હોવાથી. મારી પર્યાય મારા દ્રવ્ય સાથે અભેદ છે, પર સાથે ભેદ છે, પર સાથે અભેદ નથી. રાગ સાથે પણ મારી નિર્મળ દશા અભેદ નથી, એક નથી તો આ શરીર આદિની ક્રિયા થાય છે તેની સાથે મારી જ્ઞાનપર્યાય ત્રણકાળમાં કદી એક થતી નથી. સમજાણું કાંઈ? ઓહો..હો..!

જૈનદર્શનમાં શું કહેવું છે (એની ખબર નથી). લોકો વાડામાં-સંપ્રદાયમાં પડ્યા છે. બસ! ભગવાન.. ભગવાન.. ણમો અરિહંતાણં.. ણમો અરિહંતાણં કરો. લાખ ણમો અરિહંતાણં કરને, અનંતા. રાગ મંદ હશે તો પુણ્ય થશે, ધર્મ-બર્મ કિંચિત્ નથી. સમજાણું કાંઈ? પાંચ પદ ગણશું. સવારે ઉઠીને પાંચ પદ ગણવા, ૧૦૮ નોકાર ગણવા, બપોરે ગણવા, પછી રાત્રે સુતી વખતે ગણવા. સવારે ઉઠીને.

મુમુક્ષુ :- આટલું એમનું નામ લે તો કંઈક તો ઉપકાર કરશેને.

ઉત્તર :- ઉપકાર કોઈને કરતા નથી ભગવાન. એ વીતરાગ છે. તમારા ... દેવા ઉપરથી નથી ઉતરતા. શેઠ! એ તો વીતરાગ છે. હજી ભગવાન પાસેથી ભાઈને લેવું છે. ભગવાન પાસે શું તમારો માલ પડ્યો છે? તમારો માલ તો તમારી પાસે છે. કેમ, ...! પોતાનો નિજ માલ સહજાનંદ પ્રભુ, સ્વાભાવિક શાંત આનંદનો કંદ ગુણ તો પોતાની શક્તિમાં છે. અંદરથી કાઢવાનો છે. કંઈ બહાર ભગવાન પાસે તારો માલ નથી કે તને દઈ દે અને તું ત્યાંથી લઈ લ્યે. સમજાણું કાંઈ?

**'ખરેખર સ્વસમય થાય છે...'** લ્યો. એને આત્મા કહે છે. સ્વસમય નામ આત્મસ્વભાવ. કોને? શરીરાદિ અનંત અન્ય પદાર્થનું અભિમાન છોડી દીધું. હું કર્તાપણું છોડી દીધું, રાગાદિ આવે છે તેની પણ સંગત અને આશ્રય છોડી દીધો. નિજ જ્ઞાયકસ્વભાવ સાથે સંગત-ભેટો કર્યો એનું નામ આત્મસ્વભાવ, એનું નામ આત્મસમય, સ્વસમય, એનું નામ ધર્મ કહેવામાં આવે છે. ભારે ધર્મની વ્યાખ્યા, ભાઈ! સમજાણું કાંઈ? ઓલો કહે કે વ્રત લઈ લ્યો, ધર્મ થઈ જશે. ઓલો કહે, ભગવાનની પૂજા કરો એટલે ધર્મ થઈ જશે. ઓલો કહે, જાત્રા કરો, ધર્મ થઈ જશે. નોકાર ગણ તો ધર્મ થઈ જશે. ધૂળમાંય ધર્મ નથી, સાંભળ તો ખરો! શું નોકાર..?

મુમુક્ષુ :- પુણ્ય થાય કે નહિ?

ઉત્તર :- પુણ્ય થાય છે મિથ્યાત્વ સહિત.

મુમુક્ષુ :- વ્યવહારચારિત્ર લ્યે પછી સમકિત થાયને.

ઉત્તર :- ધૂળમાંય વ્યવહાર (નથી). વ્યવહાર કોને આવે? નિશ્ચય વિના વ્યવહાર કોને કહેવો?

વ્યવહાર-ફ્યવહાર ક્યાંથી આવ્યો તારો? નિશ્ચય ભગવાન જ્ઞાનમૂર્તિ ચૈતન્યસૂર્ય જગતનો સાક્ષી દ્રષ્ટા છે એવું ભાન થયા વિના રાગને વ્યવહાર કહેવાવાળો જાગ્યા વિના વ્યવહાર કોને કહેવો? પહેલા કરો વ્યવહાર આવો, પછી કરતા કરતા નિશ્ચય થઈ જશે. જૂઠ છે. સમજાણું કાંઈ? એ તો કાઢ્યું નહોતું જ્ઞાનસમુચ્ચયસારમાં? છેલ્લી ગાથાઓ કાઢી નહોતી? તારણસ્વામીની. '...' વ્યવહાર અને નિશ્ચય એકસાથે છે. પહેલા વ્યવહાર અને પછી નિશ્ચય એમ છે જ નહિ. ખબર નથી એનો અર્થ કરવાની પણ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ... શું કરવા? પંડિતો ઉપર શું કરવા વિશ્વાસ રાખે? પોતે ન સમજે દરકાર (કરીને)? પૈસા બતાવે છે પંડિતોને? પોતા પાસે કેટલા પૈસા છે ઇ બતાવો છો તમે? અરે..! છોકરાઓને ન બતાવે. કેટલાય એવા (હોય). ઘરમાં રાખો, છોકરાઓને પછી બતાવશું. ખાનગી મુડી. કહેતા હતા, અમારે હતાને? ત્રંબકભાઈ હતા. નાનાલાલભાઈના બનેવી હતાને? ઇ કહેતા કે અમારે ત્રણે સાળા રાત્રે ખાનગી ઉઠે. નામા લખે, બાયડીને ખબર ન પડવા દે, કેટલા લાખ રૂપિયા છે ઇ. રાતે રાતે નામું લખીને સૂઈ જાય. એમ કહેતા હતા. ત્રણ ભાઈ છેને? નાનાલાલભાઈ, બેચરભાઈ.. બૈરાઓને ખબર નહિ કે આપણી પાસે પોણો કરોડ છે કે એંસી લાખ છે કે સીત્તેર લાખ છે કે અડસઠ લાખ છે. રાતે નામું લખવા બેસે. બૈરાને, છોકરાને ખબર ન પડવા દે. છોકરાને એમ કે જણાઈ જાય કે અમે આટલા બધા ગૃહસ્થી! માટે ઊડાવો એમ થઈ જાય. ઇ ત્રંબકભાઈ કહેતા. સમજાણું કાંઈ?

અહીંયા તો આત્મા પોતાની નિજ-નિધિ સહજાનંદ પ્રભુ પોતાનો સ્વભાવ છે. વિકલ્પ ઉઠે છે પુણ્ય-પાપના એનાથી પણ ભગવાન આત્મા ભિન્ન છે. એવી દૃષ્ટિ કરીને જ્ઞાતા-દ્રષ્ટામાં જે ક્રિયા થાય છે તે જ પોતાનો ધર્મ છે, તે જ પોતાની શાંતિ છે, તે જ પોતાનો સ્વભાવ છે, બીજો કોઈ સ્વભાવ છે જ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? '**અર્થાત્ સ્વસમયરૂપે પરિણમે છે.**' જ્ઞાની પોતાનો જ્ઞાનગુણ ચૈતન્યસૂર્યનો સ્વભાવ તે જ હું છું, એમ જાણીને પોતાની નિર્મળ પર્યાયમાં પરિણમી રહ્યો છે. રાગાદિ થાય છે છતાં તેનાથી ભિન્ન પોતાના જ્ઞાનની પરિણતિ-પર્યાય ભિન્ન-પૃથક્ રૂપે થાય છે અને પર શરીરાદિની ક્રિયા તો-અવસ્થા તો ત્રિકાળ અજ્ઞાનીને પણ ભિન્ન છે. '**માટે સ્વસમય જ આત્માનું તત્ત્વ છે.**' આત્માનો સ્વભાવ છે, લ્યો. ઇ ટીકા થઈ ટીકા. એનો જરી સાદી ભાષામાં પંડિત (ભાવાર્થ) કરે છે.

'**ભાવાર્થ :- હું મનુષ્ય છું...**' અર્થાત્ ચાર ગતિ. '**શરીરાદિની સમસ્ત ક્રિયાઓ હું કરું છું,...**' એમ માનવું એ મિથ્યાદૃષ્ટિ મૂઢતા છે. સમસ્ત ક્રિયાઓને. હલન-ચલન, આમ ખાવું-પીવું, આમ કર્યું, દૂધ પીવે તો શરીર સારું રહે છે, માલમલીદા ખાય તો શરીર સારું નથી રહેતું. હું બરાબર વ્યવસ્થા રાખું છું, ધ્યાન રાખું છું પથ્યનું તો શરીર નીરોગ રહે છે. એઇ..! ડૉક્ટર! આ ડૉક્ટર બધાને બતાવે ગપ્પા. શું કરે બિચારા? ભિખારી આવે એને રોગ થયો હોય... તમારે પૈસાની લાલચ અને એને

બિચારા ભિખારી, અરે..! અમને કોઈ મટાડી દેશે. ધૂળ તો જડની પર્યાય છે, રોગ અને નીરોગ. શું આત્માથી થાય છે? શું દવાથી થાય છે? ડૉક્ટરથી થાય છે? ત્રણકાળમાં નહિ. નીરોગ શરીર હું રાખી શકું છું. એ શરીરની ક્રિયાનું મિથ્યા અભિમાન અજ્ઞાનીને છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- બિલકુલ જડને જડ અડતું નથી ત્રણકાળમાં. એક જડ બીજા જડને, એક દ્રવ્ય બીજા દ્રવ્યને કદી અડતું નથી. એ તો પહેલા બતાવ્યું હતું. દેરિયાજી નહિ? દેરિયાજીને યાદ છે. બાબુલાલજીને બતાવ્યું હતું ત્રીજી ગાથામાંથી. જુઓ! યાદ રાખ્યું છે એમણે. એક દ્રવ્ય બીજા દ્રવ્યને કદી અડતું નથી. દેરિયાજીએ યાદ રાખ્યું છે. વિચારક છે, પણ આ મળ્યું નહોતું, સાંભળ્યું નહોતું. હવે વાંચશે, પુસ્તક લઈ ગયા છે. સમજાણું કાંઈ? ઇ એમાં છે, હોં! સમયસારમાં. આ તો પ્રવચનસાર ચાલે છે.

એ શરીરાદિની ક્રિયા હું કરું છું. જુઓ! શરીરાદિની. શરીર આદિ એટલે વેપાર-ધંધા, ખાવું-પીવું, લેવું-બોલવું, પાણી પીવું, પાણી છોડવું, પેશાબ કરવો, ઝાડો કરવો, ઝાડો અટકાવવો એ બધી જડની ક્રિયા છે. એ સમસ્ત ક્રિયાઓ. આ બળખો હેં..હેં.. એમ કરવું, કાઢવો એ બધી જડની ક્રિયા છે. આત્માની છે જ નહિ ઇ.

મુમુક્ષુ :- .. મારવું કે ન મારવું?

ઉત્તર :- કોણ મારી શકે? એ તો પર્યાય ત્યાં થવાની હોય તો બળખા નીકળે છે, શું તારાથી નીકળે છે? તું તો આત્મા છો, અરૂપી છો. તારી પર્યાયમાં તું છો, જડની પર્યાયમાં જડ છે. માથા ફરી જાય એવું છે જગતના. સમજાણું કાંઈ?

**'હું કરું છું...'** જુઓ! **'સ્ત્રી-પુત્ર-ધનાદિકના ગ્રહણત્યાગનો હું સ્વામી છું'...'** ઇ આવ્યું. શેઠ! તમારું આવ્યું, જુઓ! મારી સ્ત્રી, મારો ડાલચંદજી, મારી લક્ષ્મી, ઇ મારો ભાઈ શોભાલાલજી. એવા **'ધનાદિકના ગ્રહણત્યાગનો હું સ્વામી છું....'** ઇ મારું છે, તેનો હું ધણી છું. હું છોડી શકું છું. એ પણ મિથ્યાદૃષ્ટિ છે એમ કહે છે.

મુમુક્ષુ :- ઘરબાર છોડવા તો પડેને.

ઉત્તર :- ઘરબાર-ઘરબારમાં પડ્યા છે, શું છોડવું છે તારે? શું પકડી લીધું છે ઘરે તને?

મુમુક્ષુ :- કપડા પણ છોડવા પડે છે.

ઉત્તર :- કપડા કોણ છોડે? ગ્રહ્યા છે તો છોડે? એ તો એને કારણે છૂટી જાય છે. રાગ જ્યારે છૂટી જાય, મુનિને સ્વરૂપમાં લીનતા થઈ જાય છે તો વસ્ત્ર છૂટી જાય છે. શું આત્મા છોડી શકે છે? ઇ તો કહે છે. પરવસ્તુના ગ્રહણત્યાગ માનવાવાળા મૂઢ મિથ્યાદૃષ્ટિ અજ્ઞાની જૈનદૃષ્ટિની એને ખબર નથી. શેઠ! છે એમાં? શું આવ્યું? વાંચો જોઈ. તમારું ધન આવ્યું.

મુમુક્ષુ :- ધનાદિકની સમસ્ત ક્રિયાઓ હું કરું છું. સ્ત્રી-પુત્ર ધનાદિકના ગ્રહણ-ત્યાગનો હું સ્વામી છું.

ઉત્તર :- બસ, ઇ. ઇ ચીજનું હું રક્ષણ કરી શકું છું, ઇ વસ્તુનો સંગ્રહ કરી શકું છું અને એ ચીજને હું છોડી શકું છું. બધી મિથ્યાદૃષ્ટિ મૂઢ છે. શોભાલાલજી! ભારે! લખ્યું છે જુઓ! સ્ત્રી-પુત્ર ધનાદિક. ધનાદિકમાં મકાન, મકાન આવે કે નહિ? મકાન તમારા ઘણા છે ત્યાં ગામમાં? એમ કહે છે, ભાઈ! બે ભાઈઓના મકાન ઘણા છે ને ભાડું બહુ આવે છે ને.. શું કહેવાય તમારે? મોટરું બહુ છે. માણસ વાતું કરે, આપણે જોવા ગયા છીએ કાંઈ? કેટલી મોટરું! કહે છે.. આ તો દૃષ્ટાંત આપીએ છીએ. આ તો બધાને લાગુ પડે છેને? બધા ઉપર વાત છે, કાંઈ એક ઉપર નથી. આ તો એક મોટાનું દૃષ્ટાંત બધાને લાગુ પડે છે.

**'સ્ત્રી-પુત્ર-ધનાદિકના...'** આદિ નામ મકાન, તમાકુ અને કપડાની દુકાનવાળાને કપડું. હું કપડું લાવી શકું છું, છોડી શકું છું એ મૂઢ મિથ્યાદૃષ્ટિ માને છે. શેનો વેપાર છે તમારે? કાપડ? ઠીક!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પણ ઇ ભાષા નહિ, અંદર માનવામાં આવવું જોઈએ. ભાઈ! ... ભાઈ! તમને ચક્કર આવે ત્યારે કેવું થઈ જાય છે? એ જડની પર્યાય છે. એ મારે આધીન થાય છે એમ નથી અને એની દવાથી એને રોકી દેવી, રોકી શકતો નથી, વિકલ્પ આવે છે. દવા આવે છે, પણ એનાથી રોકાઈ જાય, એ તો એની પર્યાય રોકાવી હોય તો રોકાય, ન રોકાવી હોય તો ન રોકાય. જડની સ્વયંસિદ્ધ સ્વતંત્ર પર્યાય છે. પર્યાય નામ અવસ્થા.

**'સ્ત્રી-પુત્ર-ધનાદિકના ગ્રહણ...'** જુઓ! એનો મેં ગ્રહણ સંગ્રહ કર્યો. અત્યાર સુધી મેં પૈસાનો સંગ્રહ કર્યો અને હવે હું છોડી દઉં છું. બેયમાં પરનું સ્વામીપણું માન્યું. બરાબર છે? શોભાલાલજી! **'સ્ત્રી-પુત્ર-ધનાદિકના ગ્રહણત્યાગનો હું સ્વામી છું'** જુઓ! સાધુ થઈને એમ માને છેને? મેં છોડી દીધું. વસ્ત્ર છોડી દીધા, કુટુંબ છોડી દીધું. ધર્મ છોડી દીધો છે. એ.. મોતીરામજી! ધર્મ તારો જ્ઞાતા-દૃષ્ટા છે, છોડવું-ગ્રહવું ક્યાં તારી વસ્તુમાં છે? પરનો ગ્રહણ-ત્યાગ તારી વસ્તુમાં જ નથી. ગ્રહણ કરી શકું છું (એમાં) સ્વામી થયો, છોડી શકું છું તોપણ સ્વામી થયો. સમજાણું કાંઈ? આવો આહાર નહિ ખાવો, આવો આહાર નહિ ખાવો. સાંભળ તો ખરો હવે, એ તો જડ છે. એ વિકલ્પ આવે છે, સદોષ આહાર નહિ લેવો આદિ, પણ એ આહાર લઈ શકું છું, છોડી શકું છું એ પર જડની પર્યાયનો સ્વામી થવાવાળો માને છે. અજ્ઞાની એવું માને છે.

**'વગેરે માનવું તે મનુષ્યવ્યવહાર (મુષ્યરૂપ વર્તન) છે;...'** એ પરિભ્રમણનો વ્યવહાર છે, એમ કહે છે. ભારે ગાથા ભાઈ આકરી. માણસને... મોહનભાઈ! લ્યો ઠીક. દલાલ અમારે કહે છે, કોર્ટમાં અંદર રામજીભાઈ જેવા હોયને, પછી હા ભણાવે પરાણે. કાયદા કાઢીને પછી કહે તમે આમ કર્યું હતું? સાક્ષી.. શું કહેવાય? ભાઈ! ઉલટ-પલટ તપાસ. ઉલટતપાસ. ઉલટતપાસ કરે. ઓલો બિચારો ભોળો હોય તો પકડાઈ જાય ઉલટતપાસમાં. પહેલા તમે આમ બોલ્યા હતા, હવે આમ બોલ્યા. જુઓ! તમારામાં ફેર પડ્યો.

અહીં ભગવાન કહે છે, અરે..! પ્રભુ! તારી માન્યતામાં ઉલટપલટ થઈ ગઈ છે. અનાદિકાળથી

એ શરીરાદિ પરને હું ગ્રહણ કરી શકું છું, હું છોડી શકું છું. પ્રભુ! તું એ જડનો સ્વામી થયો, એ મિથ્યાત્વભાવ છે. આહા..હા..! એ મનુષ્યવ્યવહાર છે. મનુષ્યવ્યવહારનો અર્થ પરિભ્રમણ કરવાનો વ્યવહાર છે. આહા..હા..!

મુમુક્ષુ :- ... સેવા કરવાની..

ઉત્તર :- ધૂળમાંય સેવા કરી શકતો નથી. કોણ સેવા કરે છે? રાગ આવે છે એને. શું સેવા કરી શકે છે? હાથ હલાવી શકે છે? આહાર-પાણી કોઈને આપી શકે છે? પરવસ્તુ આપી શકે છે? પરવસ્તુ લઈ શકે છે? ઉઠાવી શકે છે? ત્રણકાળમાં નહિ. સ્વતંત્ર જગતના પદાર્થ છે. એ પોતાની ક્રિયાવર્તીશક્તિથી પરિણમન કરીને ઊંચુ-નીચું થાય છે, આગળ-પાછળ જાય છે. પોતાના આત્માના કારણે નહિ. ભારે જગતથી ઊંધુ. એમાં અત્યારની આ હા-હો ને હરિફાઈ. સમાજમાં હા, હો ને હરિફાઈ છે. આ કરે ને મેં કર્યું, આણે કર્યું તો મેં કર્યું.

**'માત્ર અચલિત ચેતના તે જ હું છું'** હું તો એકલો ચેતના જ્ઞાતા-દૃષ્ટા અનાદિ-અનંત રહ્યો છું. **'એમ માનવું-પરિણમવું...'** પરિણમવું **'તે આત્મવ્યવહાર (આત્મારૂપ વર્તન) છે.'** જુઓ! ટૂંકી વ્યાખ્યા કરી. એક મનુષ્યવ્યવહાર. શરીરાદિની ક્રિયા હું કરું છું, પરના ગ્રહણ-ત્યાગ હું કરી શકું છું, હું છોડી શકું છું. આહાર આવ્યો થાળીમાં. ઇચ્છા હોય તો હું લઈ શકું છું. આજે આઠમ છે તો અપવાસ કરીને છોડી દઉં છું. શું એ ચીજ તું લઈ શકતો હતો તે છોડી દીધી? સમજાણું કાંઈ? મેં અપવાસ કર્યો છે, મેં (આહાર) છોડી દીધો. સમ્યગ્દર્શન છોડી દીધું, મિથ્યાત્વ ગ્રહણ કર્યું. પરનો સ્વામી (થયો). મેં છોડી દીધું, ગ્રહણ કર્યું. તારી દૃષ્ટિ જડ ઉપર સ્વામીપણું થયું. એ તો મિથ્યાત્વભાવ થયો. મિથ્યાદર્શન શલ્ય થયું. ભારે કઠણ જગતને.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- તો લાગી જાય એને. હું વસ્તુ ભિન્ન છું, એ વસ્તુ ભિન્ન છે. ભિન્નમાં મારો કોઈ અધિકાર છે જ નહિ. શરીર હો, વાણી હો, લક્ષ્મી હો, સ્ત્રી હો, કુટુંબ હો, રાજપાટ મકાન હો અબજોના, મારી વસ્તુમાં હું છું, એ વસ્તુમાં હું નથી. એ વસ્તુ મારામાં નથી, હું એમાં નથી. હું પરના ગ્રહણત્યાગ કરવાવાળો ત્રણકાળ ત્રણલોકમાં નથી. હું તો જાય છે એને જાણું છું, આવે છે એને જાણું છું, બસ! સમજાણું કાંઈ? એવી રીતે જૈનધર્મને લોકો પાસે મૂકવામાં આવ્યો છે કે જાણે બધું કરી શકે છે, કરી શકે છે એવી રીતે મૂકવામાં આવ્યો છે. એ જૈનધર્મ છે જ નહિ. સમજાણું કાંઈ? પરને છોડી દેવું, પરને ગ્રહણ કરવું એ જૈનધર્મ છે. અરે..! જૈનધર્મ એવો નથી, સાંભળ તો ખરો! માંગીલાલજી! માંગીલાલજી કહે, મુનિઓને બોલાવીને પંદર દિ' આવું સંભળાવોને. કોણ આવે પણ અહીંયા સાંભળવા? નવરો કોણ છે?

મુમુક્ષુ :- મુનિ કે દિ' હતા?

ઉત્તર :- એમ કે એના વેષ હોયને સંપ્રદાયના. મુનિ જ કોણ છે જગતમાં? મુનિ છે જ નહિ, અત્યારે હિન્દુસ્તાનમાં કોઈ મુનિ છે જ નહિ. દ્રવ્યલિંગી બધા દેખાય છે, દ્રવ્યલિંગ પણ નથી

દેખાતું. સમજાણું કાંઈ? જાશે ત્યાં સાંભળશે સાગરમાં.

કહે છે, અહો..! **'જેઓ મનુષ્યાદિપર્યાયમાં લીન છે, તે એકાંતદૃષ્ટિવાળા લોકો મનુષ્યવ્યવહારનો આશ્રય કરતા હોવાથી...'** લ્યો. મનુષ્યાદિ પર્યાય એટલે આ શરીર (એમાં) લીન છે. એ પર્યાય જ હું છું, આ અવસ્થા જ હું છું, શરીર હું છું. **'એકાંતદૃષ્ટિવાળા લોકો મનુષ્યવ્યવહારનો આશ્રય કરતા હોવાથી...'** એકાંત એટલે સ્વરૂપને છોડીને પરમાં પોતાપણું માનનાર પરનો આશ્રય કરે છે તેથી **'રાગીદ્વેષી થાય છે...'** તેથી તેને રાગદ્વેષ જ ઉત્પન્ન થાય છે. મિથ્યાત્વસહિતની વાત છે, હોં! **'અને એ રીતે પરદ્રવ્યરૂપ કર્મ સાથે સંબંધ કરતા હોવાથી...'** નિજ દ્રવ્યનો સંગ છોડી દીધો અને પરદ્રવ્યરૂપ કાર્ય-કાર્ય એટલે કર્મ. એનું કાર્ય પર્યાય સાથે સંબંધ કરતા હોવાથી **'તેઓ પરસમય છે;...'** અનાત્મા છે, અનાત્મતત્ત્વ છે, આત્મતત્ત્વ નથી. સમજાણું કાંઈ?

**'અને જેઓ ભગવાન આત્મસ્વભાવમાં જ સ્થિત છે,...'** જુઓ! ભગવાન આત્મસ્વભાવ એમ લીધું છે પાઠમાં-ટીકામાં. ભગવાન પ્રભુ આનંદકંદ નિત્યાનંદ જ્ઞાનસૂર્ય પ્રભુ એની દૃષ્ટિ કરીને એમાં રહે છે, ભલે વિકલ્પ હો, શરીરાદિ હો પણ અંતરથી ભિન્ન છે એવા સ્વભાવમાં જ સ્થિત છે **'તે અનેકાંતદૃષ્ટિવાળા લોકો...'** આનું નામ અનેકાંત કહે છે. મારામાં રાગ નથી, રાગમાં હું નથી. શરીરમાં હું નથી, મારામાં શરીર નથી. એવી અનેકાંતદૃષ્ટિવાળા લોકો **'મનુષ્યવ્યવહારનો આશ્રય નહિ કરતાં...'** એ રાગનો અને પરની ક્રિયાનો આશ્રય નહિ કરીને **'આત્મવ્યવહારનો આશ્રય કરતા હોવાથી...'** લ્યો, અહીં તો આત્મવ્યવહારનો આશ્રય કરે છે. નિર્મળ પર્યાય સ્વભાવનો આશ્રય કરે છે તો નિર્મળ પર્યાય પ્રગટ થાય છે. જાણવું-દેખવું એ જ મારી દશા છે. જાણવું-દેખવું એ સિવાય મારી કોઈ ક્રિયા ધાર્મિક જ નહિ. રાગથી રહિત જ્ઞાતા-દૃષ્ટામાં સ્થિર થવું તે જ આત્મવ્યવહાર, તે જ આત્મસ્વભાવ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? તેથી **'રાગીદ્વેષી થતા નથી...'**

**'અર્થાત્ પરમ ઉદાસીન રહે છે...'** પરથી ઉદાસ. હું શું કરું? એક રજકણ આંખની પાંપણ ફરે છે તે મારાથી નહિ. આમ આંખ ફરે તે એની ક્રિયાથી ફરે છે, મારાથી નહિ. આંખ તો જડ છે. આ આંખ તો અનંત પરમાણુનો પિંડ છે. અનંત રજકણ ધૂળનો પિંડ આમ આમ થાય છે એ તો જડથી થાય છે, આત્માથી નહિ. જ્ઞાની પરનો આશ્રય કરતો નથી તેથી એ મારાથી થાય છે એમ રાગીદ્વેષી નથી થતો. **'પરમ ઉદાસીન રહે છે અને એ રીતે પરદ્રવ્યરૂપ કર્મ સાથે...'** પરદ્રવ્યરૂપ કર્મ નામ કાર્ય નામ અવસ્થા સાથે **'સંબંધ નહિ કરતાં કેવળ સ્વદ્રવ્ય સાથે જ સંબંધ કરતા હોવાથી તેઓ સ્વસમય છે.'** લ્યો, એ વ્યાખ્યા પૂરી થઈ ગઈ.

**'હવે દ્રવ્યનું લક્ષણ દર્શાવે છે :-'** હવે ગાથા સૂક્ષ્મ ચાલશે. એ છોડી દીધું હતું. તમે આવ્યા હતાને, એટલે છોડી દીધું હતું. હવે સૂક્ષ્મ ચાલશે. પહેલા ૧૮૯ થી ૨૦૦ સુધી લીધીને. હવે પ્રત્યેક આત્મા અને પ્રત્યેક પરમાણુ, પરમાણુ રજકણ પોંઈટ... આ કાંઈ મૂળ ચીજ નથી. ટૂકડા કરતાં..

કરતાં.. કરતાં.. કરતાં.. કરતાં છેલ્લો એક ટૂકડો રહી જાય તેને ભગવાન ત્રિલોકનાથ પરમેશ્વર પરમાણુ કહે છે. પરમ અણુ, પરમ અણુ. અણુબોમ્બ નહિ, હોં! એવા અણુબોમ્બ તો અનંત પરમાણુનો પિંડ છે. એ તો અનંત સ્કંધનો પિંડ છે, અણુબોમ્બ છે. આ તો ભગવાન! આ પોંઈટ છે એ ઘણા રજકણ ભેગા મળીને થયો છે. ટૂકડા કરતા.. કરતા.. કરતા.. કરતા.. કરતા.. છેલ્લો એક ટૂકડો રહી જાય કે જેના બે ટૂકડા ન થાય તેને ભગવાન પરમાણુ કહે છે. એવા અનંત પરમાણુ જગતમાં છે અને અનંત આત્મા છે. અને અસંખ્ય કાળાણુ છે. એક કાળાણુ ચૌદ બ્રહ્માંડમાં આકાશના એક એક પ્રદેશે એક એક અણુ છે, કાળાણુ પદાર્થ દ્રવ્ય છે. એક ધર્માસ્તિ છે ચૌદ બ્રહ્માંડ પ્રમાણે, એક અધર્માસ્તિ અને એક આકાશ-એ છ દ્રવ્યની વ્યાખ્યા આ ગાથાથી ચાલશે. **'હવે દ્રવ્યનું લક્ષણ દર્શાવે છે :-'** ગાથા-૯૫.

**अपरिच्चत्तसहावेणुप्पादव्वयधुवत्तसंबद्धं।**
**गुणवं च सपज्जायं जं तं दव्वं ति वुच्चंति।।९५।।**

એની ટીકા. ... ટીકા સીધી લીધી છે. ટીકા છેને એની. સંસ્કૃત ટીકાનું હિન્દી. **'અહીં (આ વિશ્વમાં)...'** ગુજરાતી છે ભાઈ પાસે? ગુજરાતી છે? ગુજરાતી સમજી શકો છો? અચ્છા! **'અહીં (આ વિશ્વમાં)...'** આ વિશ્વમાં. અહીંયા શબ્દ પડ્યો છેને? અહીં. તો 'અહીં' એ કોઈનું અસ્તિત્વ બતાવે છે. અહીં, અહીં એમ કહે છેને? **'इह'** શબ્દ પડ્યો છે મૂળ સંસ્કૃતમાં તો. **'इह'**-આ. ઇ વિશ્વ બતાવે છે-આ, સમસ્ત વિશ્વ. અનંત આત્મા, અનંત પરમાણુના સંગ્રહરૂપ આ વિશ્વ. આ વિશ્વ નામ સમસ્ત પદાર્થરૂપ એક પિંડ વિશ્વ ચૌદ બ્રહ્માંડ છે અને ખાલી અલોક છે. એ વિશ્વમાં **'જે, સ્વભાવભેદ કર્યા વિના,...'** પ્રત્યેક પદાર્થ, પ્રત્યેક આત્મા, પ્રત્યેક પરમાણુ, પ્રત્યેક કાળાણુ પોતાના સ્વભાવની જુદાઈ કર્યા વિના. એનો સત્ સ્વભાવ છે. સત્ સત્ સત્. **'सत् द्रव्यलक्षणं'**. અનંત આત્માઓ અને અનંત પરમાણુઓ એક સેકંડના અસંખ્યભાગમાં પોતાનો સત્ સ્વભાવ છે સત્, એ સ્વભાવનો ભેદ કર્યા વિના, સ્વભાવથી જુદા થયા વિના. ભગવાન આત્મા પોતાના સ્વભાવથી અભેદ છે, સ્વભાવથી ભેદ નથી. એમ એક એક પરમાણુ પોતાનો સ્વભાવ છે તેનાથી ભેદ નથી. પરમાણુ પોતાના સ્વભાવથી અભેદ છે. અપરિત્યક્ત છે. એ પરમાણુએ પોતાનો સ્વભાવ છોડ્યો નથી.

મુમુક્ષુ :- ... ભરપુર છે.

ઉત્તર :- ભરપુર છે, પોતાના સ્વભાવથી પરમાણુ પોંઈટ પણ ભરપુર છે. આત્માએ પોતાના સત્ સ્વભાવને છોડ્યો નથી. ત્રણ લક્ષણ છે એક ગાથામાં. **'सत् द्रव्यलक्षणं'**, **'उत्पादव्ययध्रौव्ययुक्तं सत्'**, **'गुणपर्ययवत् द्रव्यं'**. ત્રણે લક્ષણ એક ગાથામાં લઈ લીધા છે. ઉમાસ્વામી જે કુંદકુંદાચાર્યના શિષ્ય થયા છે બે હજાર વર્ષ પહેલા, એમણે તત્ત્વાર્થ સૂત્ર બનાવ્યું છે. એના મૂળ પાઠમાં આ લક્ષણ લીધા છે. આમાંથી લક્ષણ બનાવ્યા છે તત્ત્વાર્થ સૂત્રમાં. આ તો કુંદકુંદાચાર્યની ગાથા છે. શું કહે છે?

જેટલા દ્રવ્ય જગતમાં અનંત છે, પ્રત્યેક પૃથક્, પૃથક્ પૃથક્ છે, આ એક નથી અહીંયા પણ.

પરમાણુ પૃથક્ પૃથક્ કામ કરે છે અહીંયા પણ. પરમાણુ પૃથક્ પૃથક્ કામ કરે છે. એકસાથે દેખાય છે, એકસાથે છે નહિ. ક્ષેત્રમાં એકસાથે દેખાય છે. એક એક પરમાણુ પોતાના સ્વભાવને છોડ્યા વિના ત્યાં રહ્યા છે. બીજા પરમાણુનો સ્વભાવ એમાં આવતો નથી, આ સ્વભાવ એમાં જાતો નથી. એમ આત્મા નિગોદના એક શરીરમાં અનંત. નિગોદ સમજ્યાને? ફૂગ, આલુ-બટાટા એની કટકીમાં અસંખ્ય ઔદારિક શરીર છે. એક શરીરમાં અનંત જીવ છે. એક એક જીવ પોતાનો સ્વભાવ છોડ્યા વિના ત્યાં રહે છે. એમાં પરમાણુ છે કાર્મણ. એક પરમાણુ પોતાનો સત્ સ્વભાવ છોડ્યા વિના એ પરમાણુ રહે છે. સૂક્ષ્મ વાત ચાલશે હવે ૯૫ ગાથાથી.

મુમુક્ષુ :- સમજવું પડશે.

ઉત્તર :- સમજવું પડશે. ભાઈ ઠીક લ્યે છે. સમજવું તો પડશે કે નહિ? આ માથાકૂટ અત્યાર સુધી બધી કરી છે. અત્યાર સુધી તો ગાથા ચાલી એ સ્થૂળ સ્થૂળ લીધી. હવે અહીંથી સૂક્ષ્મ ચાલશે. વિજ્ઞાન વિજ્ઞાન, સર્વજ્ઞનું વિજ્ઞાન. વિજ્ઞાનનું વિજ્ઞાન. આ જગત લૌકિક વિજ્ઞાન કહે છેને? એ તો બધા અજ્ઞાન છે, અજ્ઞાન છે. આ તો વિજ્ઞાનનું વિજ્ઞાન.

**'સ્વભાવભેદ કર્યા વિના,...'** એક બોલ. પ્રત્યેક પદાર્થ પોતાના સત્ સ્વભાવને છોડ્યા વિના. એક વાત. બીજી. **'ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યત્રયથી...'** બીજી વાત. પ્રત્યેક આત્મા અને પ્રત્યેક પરમાણુ પોતાની નવી અવસ્થાથી ઉત્પન્ન થવું, જૂની અવસ્થાથી વ્યય પામવું અને સદૃશપણે ધ્રુવપણે રહેવું- એ ત્રયથી. નીચે (ફૂટનોટમાં) છે. **'ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યત્રય = ઉત્પાદ, વ્યય ને ધ્રૌવ્ય-એ ત્રિપુટી (ત્રણનો સમૂહ).'** નીચે ફૂટનોટ છે. પ્રત્યેક આત્મામાં અને પ્રત્યેક પરમાણુમાં ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય ત્રિપુટી છે. એક સમયમાં ત્રણ પ્રકાર છે પ્રત્યેક દ્રવ્યમાં અને પ્રત્યેક પરમાણુમાં અને પ્રત્યેક આત્મામાં. એક સેકંડના અસંખ્યભાગમાં આ આંખ મીંચીને ઉઘાડે એમાં અસંખ્ય સમય જાય. એમાં એક સમયમાં પ્રત્યેક પદાર્થમાં ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય એક સમયમાં ત્રિપુટી હોય છે. સમજાણું કાંઈ? સૂક્ષ્મ છે, ભાઈ કહે છેને. સમજવું તો પડશે. થોડું લીધું છે. હવે મહિનો તો થઈ ગયો મહિના ઉપર. હવે થોડું સૂક્ષ્મ ચાલશે. ધ્યાન રાખવું.

ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યત્રયથી પ્રત્યેક પદાર્થને દ્રવ્ય કહે છે. **'અને ગુણ-પર્યાયદ્વયથી લક્ષિત થાય છે, તે દ્રવ્ય છે.'** જુઓ! દ્રવ્યની વ્યાખ્યા કરી. દ્રવ્ય એટલે વસ્તુ. દરેક વસ્તુ પોતાના સ્વભાવને છોડ્યા વિના ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય ત્રિપુટીથી રહે છે અને ગુણ-પર્યાયદ્વયથી લક્ષિત થાય છે. તેને દ્રવ્ય કહે છે, તેને પદાર્થ કહે છે. પદાર્થ પોતાના સ્વભાવને છોડ્યા વિના ભિન્ન રહે છે. ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય ત્રિપુટીથી રહે છે અને ગુણ-પર્યાય સહિત રહે છે. પર સાથે એને સંબંધ નથી. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**આસો સુદ-૭, મંગળવાર, તા. ૨૪-૯-૧૯૬૩**
**ગાથા-૯૫, પ્રવચન-૮૫**

જ્ઞેયતત્ત્વ પ્રજ્ઞાપન અર્થાત્ અધિકાર. અર્થાત્ દર્શન-સમ્યગ્દર્શનનો અધિકાર. સમ્યગ્દર્શનમાં નિજ દ્રવ્યની કેવી પ્રતીતિ હોય છે? પરથી ભિન્ન અને પોતાના આત્માથી પર ભિન્ન. પર આત્મા, પર અનંત જ્ઞેયો પરમાણુઓ. એવી પોતાની જ્ઞેયની સ્થિતિ પોતામાં પ્રતીતિ થવી અને પરજ્ઞેયની સ્થિતિમાં પર છે એમ પ્રતીતિ થવી એનું નામ સમ્યક્જ્ઞાન અથવા સમ્યગ્દર્શન કહે છે. ઇ કહે છે, જુઓ!

‘**ટીકા :- અહીં (આ વિશ્વમાં)...**’ આ સમૂહ આખા જગતમાં ‘**જે, સ્વભાવભેદ કર્યા વિના,...**’ પ્રત્યેક દ્રવ્ય નામ પ્રત્યેક વસ્તુ. પ્રત્યેક આત્મા, પ્રત્યેક પરમાણુ, પ્રત્યેક ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ એ પોતાનો સ્વભાવ સત્તાગુણ છે એ સત્તાનું ઉલ્લંઘન કર્યા વિના દ્રવ્ય રહે છે. તેને દ્રવ્ય કહે છે. પોતાની સત્તાના લક્ષણથી લક્ષિત થાય છે. ‘છે’ એવા લક્ષણથી લક્ષિત થાય છે તેને દ્રવ્ય કહે છે. ઝીણી વાત છે.

અને ‘**ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યત્રયથી...**’ પ્રત્યેક પદાર્થ નવી અવસ્થાથી ઉત્પન્ન થવો, જૂની અવસ્થાથી વ્યય થવો, સદશપણે ધ્રુવ રહેવું-એવા ઉત્પાદ-વ્યય-ધ્રુવ એવા ત્રણ લક્ષણથી તે દ્રવ્ય લક્ષ નામ ઓળખાય છે. પોતાના ઉત્પાદ-વ્યય-ધ્રુવ લક્ષણથી આત્મા ઓળખાય છે. પરના ઉત્પાદ-વ્યય-ધ્રુવથી પર ઓળખાય છે. ‘**ગુણ-પર્યાયદ્વયથી...**’ ઉત્પાદ-વ્યય-ધ્રુવ ત્રિપુટીથી અને ગુણ-પર્યાય યુગલથી. પ્રત્યેક પદાર્થ પોતાના કાયમ રહેવાવાળા ગુણ અને પર્યાયથી લક્ષિત થાય છે. લક્ષણથી લક્ષમાં આવવાવાળી વસ્તુ ઓળખાય છે. પોતાના ગુણ-પર્યાયથી પોતાનો આત્મા ઓળખાય છે. બીજાના ગુણ-પર્યાયથી એનો આત્મા ઓળખાય છે.

‘**તે દ્રવ્ય છે.**’ લ્યો. એ ત્રિપુટીથી સ્વભાવભેદ કર્યા વિના રહે તે દ્રવ્ય છે. ઉત્પાદ-વ્યય-ધ્રુવત્રયથી લક્ષિત થાય છે તે દ્રવ્ય છે અને ગુણ-પર્યાયથી લક્ષિત થાય છે તે દ્રવ્ય છે. દ્રવ્યના ત્રણ લક્ષણ કહ્યા. સમજાણું કાંઈ? શું કહ્યું? ત્રણ લક્ષણ કહ્યા. ભગવાન જાણે. ભગવાનદાસ તો તમારું નામ છે. જે પદાર્થ અનંત છે જગતમાં. પ્રત્યેક પદાર્થ પોતાના અસ્તિત્વ-સત્તાગુણનો સ્વભાવ ભિન્ન કર્યા વિના અભિન્નપણે રહે છે તેને દ્રવ્ય કહેવાય છે, પદાર્થ કહેવાય છે. અને પ્રત્યેક પદાર્થ પોતાના ઉત્પાદ-વ્યય-ધ્રુવ લક્ષણથી ઓળખાય છે એવી વસ્તુને દ્રવ્ય કહે છે અને પ્રત્યેક પદાર્થ પોતાની ત્રિકાળ શક્તિ અને વર્તમાન અવસ્થાથી ઓળખાય છે. તેને દ્રવ્ય કહે છે. શેઠી! સાંભળ્યું

નથી કોઈ દિ'. સાંભળ્યું છે? સાંભળ્યું જ નથી. અત્યાર સુધી શેમાં કાળ ગાળ્યો? શોભાલાલજી! શું કહે? જવાબ કેમ આપે?

મુમુક્ષુ :- રાગ કરતા રહ્યા.

ઉત્તર :- રાગ કરતા રહ્યા. રાગ પણ પોતાનું લક્ષણ છે, તો આ રાગ છે (અને) આ ધ્રુવ છે આત્મા, તેનાથી દ્રવ્ય લક્ષિત થાય છે. રાગ છે તે ઉત્પાદ છે. તો ઉત્પાદ રાગ શેમાં થયો? કે આત્મામાં. તો એનાથી લક્ષિત થઈને ઉત્પાદ લક્ષણથી લક્ષિત દ્રવ્ય ઓળખાય છે કે હું આ દ્રવ્ય છું.

મુમુક્ષુ :- અંદરનો રાગ નહિ, બહારનો રાગ કર્યો.

ઉત્તર :- રાગ કર્યો ઇ અંદરનો જ કર્યો છે, રાગ તો અંદર જ થયો છે. બહારની વસ્તુને પ્રીતિપણે જોવી તે રાગ તો પોતામાં જ થયો છે, પણ એ રાગ ઉત્પાદ થયો તે દ્રવ્યને જણાવે છે. આ રાગ ઉત્પન્ન થયો તે લક્ષણ, તેનાથી લક્ષિત દ્રવ્ય થાય છે કે આ આત્માનો રાગ પર્યાયમાં ઉત્પન્ન થયો. સમજાણું કાંઈ? આ આત્માની પૂર્વ પર્યાયનો વ્યય થયો અને આ આત્મા ધ્રુવપણે કાયમ ટકી રહે છે. એમ ઉત્પાદ-વ્યય-ધ્રુવથી દ્રવ્ય ઓળખાય છે, પણ એ તરફ ઓળખાણ કદી કરી નથી. આ ગાથામાં સૂક્ષ્મ વાત છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ધર્મ કરવાવાળો કેટલામાં રહે છે? કેટલી શક્તિઓ? અને કેટલી અવસ્થા? તેને જાણવું પડશે કે નહિ? ધર્મ કરવાવાળો. ધર્મ તો પર્યાય છે, ધર્મ તો પર્યાય છે. તો પર્યાય ક્યાંથી ઉત્પન્ન થાય છે? દ્રવ્યમાંથી. દ્રવ્ય કેવું છે? જ્ઞાયક ચૈતન્યમૂર્તિ હું દ્રવ્ય છું. એ ધ્રુવ છે. ધ્રુવથી પણ દ્રવ્ય ઓળખાય છે અને પર્યાયથી પણ ઓળખાય છે. પર્યાયમાં બે પ્રકાર-ઉત્પાદ અને વ્યય. આ બોલ જૈનદર્શન સિવાય ક્યાંય આવ્યા જ નથી. સમજાણું કાંઈ?

ઉત્પાદ-વ્યય-ધ્રુવ મૂળ વસ્તુનું સ્વરૂપ. ગુણ-પર્યાયવત્ દ્રવ્ય, જે પદાર્થનો સ્વભાવ. એને ઓળખ્યા વિના પરથી પોતાની ભિન્નતાનો બોધ થતો નથી. આ તો, આપણે બધા એક છીએ, એક છીએ, એક છીએ. શરીરથી પણ એક, આત્મા એક, નાત એક, દેશ એક, કુટુંબ એક. પર સાથે એકત્વબુદ્ધિ, પર અને પોતાના દ્રવ્ય-ગુણ-પર્યાય શું છે તેને ઓળખ્યા વિના પરની એકત્વબુદ્ધિ છૂટતી નથી. મારે અને શરીરને કાંઈ સંબંધ નથી. શરીરના ઉત્પાદ-વ્યય-ધ્રુવ શરીરમાં છે, મારા ઉત્પાદ-વ્યય-ધ્રુવ મારામાં છે. મારે અને શરીરને કાંઈ સંબંધ જ નથી. મારે અને કર્મને કાંઈ સંબંધ નથી. કર્મ પુદ્ગલ છે. તેના ઉત્પાદ-વ્યય-ધ્રુવ નવી પર્યાયનું ઉત્પન્ન થવું, જૂનીનું વ્યય થવું, સદશપણે રહેવું એ ઉત્પાદ-વ્યય-ધ્રુવથી લક્ષિત તો એ પરમાણુ કર્મ થાય છે. પોતાના ઉત્પાદ-વ્યય-ધ્રુવથી લક્ષિત પોતાનો આત્મા થાય છે.

મુમુક્ષુ :- ઉદયમાં અનુભાગ લઈને આવે છે.

ઉત્તર :- અનુભાગ લઈને રહે એને ઘરે, અહીંયા ક્યાં આવ્યા છે? અનુભાગ તો કર્મની પર્યાયમાં થયો. કર્મની પર્યાયમાં અનુભાગ થયો. તેનાથી લક્ષિત તો કર્મ થાય છે. તેનાથી લક્ષિત

આત્મામાં વિકાર થયો એમ લક્ષિત થતું નથી. સમજાણું કાંઈ? શેઠી! કર્મનો અનુભાગ આવે, ઘાતિકર્મનો તે પ્રમાણે અહીંયા આત્માને પર્યાય કરવી પડે. ઘાતિકર્મ રજકણ છે, માટી ધૂળ, ઝીણી ધૂળ છે. આ જેમ જાડી ધૂળ છે સ્થૂળ, એમ આઠ કર્મ ઝીણી ધૂળ છે. આઠ કર્મ. એના અનુભાગની પર્યાયથી લક્ષિત થાય છે તે કર્મ. અનુભાગથી લક્ષિત થાય છે આત્મા, એનો (ઉદય) થયો તો આત્મામાં એવો વિકાર થયો એમ છે જ નહિ. ભીખાભાઈ! આહા..હા..!

મુમુક્ષુ :- પણ શાસ્ત્રમાં આવે છે.

ઉત્તર :- શાસ્ત્રમાં તો નિમિત્તથી કથન આવે છે. એમાં શું થયું? અહીંયા શું કહે છે? જ્ઞેય જ્ઞેય ભિન્ન છે, રજકણે રજકણ પરમાણુના ભિન્ન છે. આત્મા આત્મા ભિન્ન છે. પોતાની પર્યાય નવી ઉત્પન્ન થાય છે તેનાથી તે સમયે લક્ષિત થાય છે કે આ દ્રવ્ય છે. આ પરની પર્યાય ઉત્પન્ન થાય તો તેનાથી લક્ષિત આ દ્રવ્ય એમ થાય કે અહીંયા વિકાર થયો એમ લક્ષિત થાય છે--એમ નથી. ભારે વાત ભાઈ! બહુ ગડબડી. મૂળ વિજ્ઞાન તત્ત્વ-વિજ્ઞાનમાં ઘણી ગડબડ થઈ ગઈ.

તો કહે છે કે સ્વભાવભેદ કર્યા વિના દ્રવ્ય લક્ષિત થાય છે. ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય ત્રિપુટીથી. એક, બે ને ત્રણ. શું? એક, ત્રણ અને બે એમ લીધું. પ્રત્યેક આત્મા અને પ્રત્યેક પરમાણુ પોતાની સત્તા સ્વભાવથી અભિન્ન છે એમ લક્ષિત થાય છે. એક બોલ. બીજો, પ્રત્યેક પદાર્થ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યથી લક્ષિત થાય છે, જણાય છે, ઓળખાય છે. એ બીજો બોલ. પ્રત્યેક પદાર્થ પોતાના ગુણ-પર્યાયથી ઓળખાય છે. હવે ત્રીજો બોલ. એક, ત્રણ અને બે. સમજાણું કાંઈ? એક લક્ષણ છે.. છે.. છે. પ્રત્યેક પોતાથી છે.. છે.. 'છે' લક્ષણથી પોતાનું દ્રવ્ય ઓળખાય છે. ઇ છે.. છે.. છે.. એમ પરદ્રવ્ય ઓળખાય છે. અને ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યથી પોતાનો આત્મા ઓળખાય છે, ત્રણ લક્ષણથી. બીજાના ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યથી તે લક્ષમાં આવે છે. સમજાણું કાંઈ? એમ ગુણ અને પર્યાય બધાનો અર્થ થશે.

ગુણ-પર્યાયથી પોતાનો આત્મા પોતાને લક્ષમાં આવે છે. લક્ષણથી ઓળખાય છે. બીજાનો આત્મા, બીજા પરમાણુ આ એક એક પરમાણુ, એની શક્તિઓ, વર્ણ, ગંધ, રસ અને એની પર્યાય આવી થાય, પર્યાય અને ગુણ દ્વારા એ લક્ષિત થાય છે. આત્મા એ દ્વારા લક્ષિત નથી થતો. ભારે! લક્ષિત નામ ઓળખાય છે. શેનાથી? એના લક્ષણથી. જે પદાર્થમાં ઉત્પાદ-વ્યય-ધ્રુવ, ગુણ-પર્યાય અને સત્તા રહે છે તે લક્ષણથી તે પદાર્થ જણાય છે, ઓળખાય છે. શોભાલાલજી! આ ગાથા બહુ સૂક્ષ્મ છે, તમે આવ્યા હતા તેથી છોડી દીધી હતી. પછી ૧૮૯થી લીધી હતી. સમજે પહેલાવહેલા હજી. હવે તો એક મહિનો થઈ ગયો. ઓહો..હો..! અને એ ઉત્પાદ-વ્યય-ધ્રુવની વાત તારણસ્વામીમાં છે જ નહિ. ચૌદેય ગ્રંથમાં નામ નથી. સમજાણું કાંઈ? ઉત્પાદ-વ્યય-ધ્રુવ અને કર્તા-કર્મ. પરની પર્યાયનો કર્તા નથી એ વાત એમાં આવી નથી. તો લોકો ગડબડ કરે છે. સમજાણું કાંઈ? એ તો બધી આત્માની શુદ્ધ વાત, સાર સાર વાત કહી છે, ઘૂંટી છે વારંવાર. પણ આ વાત

સમજ્યા વિના.. કોઈને ખબર નથી. તમારા બધા જોયા ચંચળ ને ફંચળ ને... કાંઈ ખબર ન મળે. ઉત્પાદ-વ્યય-ધ્રુવ શું? ...! સાંભળ્યું હતું ઉત્પાદ-વ્યય-ધ્રુવ દ્રવ્યમાં? નરમ માણસ છે. ... એ વાત આવી નહોતી એટલે નહોતા માનતા એમ નહિ, હોં! એમાં આ આવ્યું નથી. તો લોકો એને સ્પષ્ટ સમજી શકતા નથી. એક બોલ આપણે સાધારણ રીતે કાઢ્યો હતો. ધ્રુવ એટલું. ધ્રુવ છે. કેવો છે ધ્રુવ? કે ઉત્પાદ-વ્યય વિનાનો ધ્રુવ. એક શ્લોક છે. આત્મા ધ્રુવ છે. કેવો છે? ઉત્પાદ-વ્યય વિનાનો, બસ! એટલું. એ તો પર્યાય વિનાનો. એમાં ત્રણ શબ્દ આવી ગયા. પણ એ એમાંથી કાઢી શકે નહિ. સમજાણું કાંઈ?

બધા દ્રવ્ય ઉત્પાદ-વ્યય-ધ્રુવ(સહિત). આ તો અનંત જેટલા આત્મા, એનાથી અનંતગુણા પુદ્‌ગલ. જેટલી સંખ્યા જીવની એનાથી અનંતગુણી સંખ્યા પરમાણુની છે. આ પરમાણુ-પોંઈટ. આ તો એકઠા નથી થયા, આ તો સાથે દેખાય છે. ભિન્ન ભિન્ન છે, બધા ભિન્ન ભિન્ન છે. પ્રત્યેક પરમાણુ અને પ્રત્યેક આત્મામાં સત્તા **'सत् द्रव्यलक्षणं'**. છે.. છે.. છે. એવા પોતાના લક્ષણ નામ સ્વરૂપથી તે લક્ષમાં આવે છે. એમ ઉત્પાદ-વ્યય-ધ્રુવ છે.. છે. ઉત્પાદ-વ્યય અને ટકવું એનાથી પ્રત્યેક દ્રવ્ય લક્ષિત થાય છે. અને શક્તિ ધ્રુવ અને ઉત્પાદ-વ્યય અધ્રુવ, બેયથી પ્રત્યેક આત્મા અને પ્રત્યેક પરમાણુ લક્ષિત થાય છે. બહુ ઝીણું. બધાનો અર્થ થશે, હોં! અહીં તો હજી સામાન્ય અર્થ થાય છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આ એકડિયાની નિશાળ છે. શું કહે છે? આ કોલેજ તો નથીને? એમ કહે છે. એકડિયાની (નિશાળ) છે. એકડિયા ભણેને પહેલા? શું ભણે છે? એકડે એક નથી આવતું. પ્રથમ.. પ્રથમ. આ પ્રથમ શ્રેણિનું ચાલે છે. આ કોઈ કોલેજ નથીને? ભણી ભણીને કોલેજમાં જાય. અહીં તો હજી આ એકડિયાની વાત છે. કોલેજની વાત બીજી છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- શરૂઆત. શરૂઆત એ બરાબર કહે છે. શરૂઆત અહીંથી થાય છે. બાળકક્ષા. ઠીક છે. એ ઠીક છે. આ બાળકક્ષા ચાલે છે. ભાઈ! એવી વાત છે. સાંભળ્યું નથી.

જૈનદર્શન વીતરાગ ત્રિલોકનાથ જૈન પરમેશ્વર ત્રણકાળ ત્રણલોક જેણે એક સેકંડના અસંખ્યભાગમાં જાણ્યા અને વાણીમાં આવ્યા અને વસ્તુમાં છે કે આવી પદાર્થની સ્થિતિ અનાદિથી છે. પ્રત્યેક પરમાણુએ પરમાણુ આ રજકણ અને પ્રત્યેક આત્માએ આત્મા ભિન્ન ભિન્ન પોતાનું કામ પોતાથી કરી રહ્યા છે. કોઈની સાથે કોઈના સંબંધથી થાય છે એમ ત્રણકાળ ત્રણલોકમાં નથી. કહો, બરાબર છે? મોહનભાઈ! જેચંદભાઈ! શું છે? આત્મા આત્માનું કરે છે. કોઈનું નથી. શરીર એના ઘરે રહ્યું. મોહનભાઈ એને ઘરે રહ્યા. શું કામ છે તમારે? સમજાણું કાંઈ? એને દુ:ખ લાગે છે. તમને શું થઈ જાય છે? સૌને ઘરે સૌ. કોને ઘરે કોણ છે? શરીરમાં આત્મા નથી. આત્મા આત્મામાં છે, પર આત્મામાં નથી. અહીંયા અનંત આત્મા છે. અહીંયા અનંત આત્મા છે અહીંયા.

સૂક્ષ્મ નિગોદ. ચૌદ બ્રહ્માંડમાં નિગોદ ભર્યા છે, અનંત આત્મા. તો અહીંયા પણ અનંત આત્મા શરીરમાં ભિન્ન છે. એ ભિન્ન છે, પોતાનો આત્મા ભિન્ન છે. મોતીરામજી! સાંભળ્યું છે કે નહિ? એ તો સાંભળ્યું છેને? આખા લોકમાં સૂક્ષ્મ નિગોદ નથી ભર્યા? આખો ચૌદ બ્રહ્માંડ છેને? ચૌદ રાજૂલોક, રજુ રજુ. ચૌદ રાજૂ. તારણસ્વામીમાં રજુ આવે છે. ૩૪૩ રજુ. ઇ આવે છે પાછળ. શુદ્ધ સ્વભાવમાં... ત્રણ સ્વભાવ આવે છેને? સિદ્ધ સ્વભાવ, શુદ્ધ સ્વભાવ, બધું આવે છે. અમે તો બધું જોયું છેને. ૩૪૩ રજુ છે. આ ચૌદ બ્રહ્માંડ ૩૪૩ રજુ છે. એક રજો.. એમાં છે, એમાં પણ છે. એક ... છ મહિના અને છ દિવસ સુધી ... ચડે, એની ગતિ ચડે એના ક્ષેત્રને એક રજુ કહે છે. એવા ચૌદ રાજુલોક બ્રહ્માંડ છે, બાકી ચારે બાજુ ખાલી છે. અલોક.. અલોક... અલોક.. અલોક.. એ ચૌદ બ્રહ્માંડમાં અનંત દ્રવ્ય પડ્યા છે. ચૌદ બ્રહ્માંડમાં સૂક્ષ્મ નિગોદ ભરેલા છે. શું (કહ્યું)? આખા લોકમાં અહીંયા ઠાંસી ઠાંસીને.. અનંત.. અનંત.. અનંત.. અનંત.. અનંત.. અનંત આત્મા ભર્યા છે સૂક્ષ્મ નિગોદના. અને પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ સૂક્ષ્મ એ પણ અહીંયા ભરેલા છે. આખો ચૌદ બ્રહ્માંડ ભરેલો છે. અહીંયા શરીરમાં પણ ઇ ક્ષેત્રમાં અનંત સૂક્ષ્મ નિગોદ જગતના બીજા જીવ છે એની સાથે પોતાને કાંઈ સંબંધ નથી. પોતાનો એની સાથે સંબંધ નથી. આહા..હા..! અરે..! ભગવાન! સમજાણું કાંઈ?

સિદ્ધ પણ એક સમયમાં ત્યાં ક્ષેત્રમાં અનંત બિરાજે છે. સિદ્ધ ભગવાન. એક સિદ્ધ ને બીજાને સંબંધ નથી, બીજા સિદ્ધ ને બીજાને સંબંધ નથી. પ્રત્યેક સિદ્ધ પોતાના ઉત્પાદ-વ્યય-ધ્રુવથી જણાય છે, ઓળખાય છે. ભિન્ન ભિન્ન સત્તા સિદ્ધમાં પણ બધાની છે. કોઈ સિદ્ધ થાય છે તે મોક્ષમાં ભળી જાય, જ્યોતમાં જ્યોત ભળી જાય એવું નથી. સમજાણું કાંઈ? એ સત્તા કહે છે, જુઓ!

પોતાનું અસ્તિત્વ સત્તા છોડ્યા વિના અનંત દ્રવ્ય રહે છે. એમ ઉત્પાદ-વ્યય-ધ્રુવનું લક્ષણ છોડ્યા વિના અને લક્ષણથી લક્ષિત થાય છે એવું દ્રવ્ય છે. અને ગુણ-પર્યાયથી લક્ષિત નામ.. નીચે છે, જુઓ! લક્ષિત છેને? લક્ષિતનો અર્થ છે, જુઓ! '**લક્ષરૂપ થાય છે, ઓળખાય છે.**' સમજાણું કાંઈ? પેલી બાજુ હશે ફૂટનોટ. સમજાણું કાંઈ? આ તો મહાવિજ્ઞાન દ્રવ્યનું છે. પ્રત્યેક પદાર્થ પોતાની સત્તા ગુણ-પર્યાય, ઉત્પાદ-વ્યય-ધ્રુવથી દ્રવ્ય છે. કોઈના ઉત્પાદથી પોતાનું દ્રવ્ય છે અને પોતાના ઉત્પાદથી કોઈનું દ્રવ્ય છે (એમ નથી). સમજાણું કાંઈ? કર્મના અનુભાગથી પોતાનું દ્રવ્ય છે અને પોતાના દ્રવ્યથી ત્યાં કર્મને રહેવું પડે છે (એમ નથી). પોતાની વિકારી પર્યાય થઈ માટે કર્મ થયા અને કર્મને રહેવું પડ્યું એમ છે જ નહિ. કર્મ ત્યાં પોતાની પર્યાયથી રહે છે, જીવ પોતાની પર્યાયથી પોતામાં રહે છે. ભિન્ન ભિન્ન પદાર્થ પોતાની સત્તામાં મોજૂદગી રાખે છે. જ્ઞાન નહિ, સમ્યક્ સમજણ નહિ અને ધર્મ કરવો. ધૂળમાંય ધર્મ થતો નથી. વ્રત કરી લ્યો, પડિમા લઈ લ્યો, મુનિપણું લઈ લ્યો, નગ્ન થઈ જાઓ. અરે..! ભગવાન! વસ્તુ શું છે તેના ભાન વિના, ભેદજ્ઞાન વિના... આ ભેદજ્ઞાન છે. પરથી ભેદજ્ઞાન કરાવ્યું.

પ્રત્યેક પદાર્થની ક્રિયા, પર્યાય-ક્રિયા કહો કે પર્યાય કહો-પ્રત્યેકની ભિન્ન ભિન્ન છે. પ્રત્યેકની

પર્યાયથી તેનું દ્રવ્ય લક્ષમાં આવે છે, બીજું દ્રવ્ય લક્ષમાં આવતું નથી. **'તેમાં (-સ્વભાવ,...'** એક બોલ થયો. સ્વભાવભેદ વિના કહ્યું હતુંને? એક બોલ. **'(ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય...'** ત્રણ અને **'ગુણ ને પર્યાય...'** એ છ બોલ થયા. એક, દ્રવ્યના સ્વભાવનો બોલ પહેલા કહ્યો. **'દ્રવ્યનો સ્વભાવ તે અસ્તિત્વસામાન્યરૂપ અન્વય.'** છે. પ્રત્યેક આત્મા અને પ્રત્યેક પરમાણુનો સ્વભાવ સ્વ-ભાવ, પોતાનો ભાવ, અસ્તિત્વસામાન્ય. હોવાવાળું, રહેવાવાળું, છે.. છે.. છે.. નીચે અન્વયનો અર્થ છે. અસ્તિત્વસામાન્યરૂપ અન્વય. **'છે, છે, છે' એવો એકરૂપ ભાવ દ્રવ્યનો સ્વભાવ છે. (અન્વય=એકરૂપતા, સદૃશભાવ).'** પ્રત્યેક દ્રવ્યનો પોતાનો સ્વભાવ છે. સમજાણું કાંઈ? કાંઈ સંબંધ નથી, કહે છે, હીરાભાઈ સાથે અને આ શરીર સાથે.

મુમુક્ષુ :- વાત સત્ય છે, સાહેબ! ...

ઉત્તર :- પણ એ સમજે ત્યારે ગુરુએ સમજાવ્યું એમ કહેવામાં આવે. તારણસ્વામીમાં ઇ આવે છે. ગુરુ વિના જ્ઞાન નહિ, એક આવે છે. પાછળ આવે છે. એ તો બરાબર છે. સમજાવવાવાળા, એની લાયકાત હોય તો સમજાવવાળા નિમિત્ત મળી જાય છે, પણ એ નિમિત્તથી સમજતો નથી, સમજે છે પોતાની પર્યાયથી. એનાથી નહિ. એનાથી (સમજે) તો ભગવાન સમવસરણમાં બિરાજે છે ત્યાં અનંત વાર ગયો. પોતાની સમજણ પોતાએ કરી નહિ તો બીજાથી થાય એમ ત્રણકાળ ત્રણલોકમાં નથી. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- અપૂર્વ સિદ્ધાંત!

ઉત્તર :- ત્રિકાળ સિદ્ધાંત. ત્રણકાળ ત્રણલોકમાં.. શું કહે છે? અકાટ. અકાટ સિદ્ધાંત છે. કાપી શકે નહિ ત્રણકાળ ત્રણલોકમાં. ભગવાન આત્મા પોતાનો પોતાથી સમજાય છે, ત્યારે ગુરુ નિમિત્ત કહેવાય છે. એનાથી સમજાય તો અનંત જ્ઞાની થયા, બધા સમજાવવાવાળા એનાથી સમજાવ્યા સમજ્યો નહિ.

**'દ્રવ્યનો સ્વભાવ...'** પ્રત્યેક દ્રવ્ય એટલે વસ્તુ. દ્રવ્ય નામ પ્રત્યેક વસ્તુ એનો સ્વભાવ. સ્વ-પોતાનો ભાવ **'તે અસ્તિત્વસામાન્યરૂપ...'** હોવાપણું, છે.. છે.. છે.. એવું સામાન્યરૂપ અન્વય છે. સામાન્ય છે એનું. **'અસ્તિત્વ બે પ્રકારનું કહેશે :'** સમજ્યા? એકરૂપતા સદૃશતા એવો એકરૂપ ભાવ બે પ્રકારનો કહેશે. **'(૧) સ્વરૂપ-અસ્તિત્વ...'** પ્રત્યેક પદાર્થ પોતાનું સ્વરૂપ-અસ્તિત્વ ભિન્ન ભિન્ન રાખે છે **'અને (૨) સાદૃશ્ય અસ્તિત્વ...'** આ.. આ.. આ.. આ છે, આ છે, આ છે એવું સાદૃશ્ય અસ્તિત્વ. બધાને 'છે' એમ કહેવું તે સાદૃશ્ય અસ્તિત્વ. પોતાનું સ્વરૂપ ભિન્ન છે તે સ્વરૂપ અસ્તિત્વ. ઇ આગળ કહેશે. હવે એકનો-સ્વભાવનો અર્થ થઈ ગયો. સમજાણું કાંઈ? સ્વરૂપ-અસ્તિત્વનો અર્થ પ્રત્યેક પદાર્થ પોતાના સ્વરૂપથી ભિન્ન મોજૂદગી રાખે છે. એ સ્વરૂપ-અસ્તિત્વ. સાદૃશ્ય-અસ્તિત્વ. સરખા સરખા છે. ઇ છે, ઇ છે, ઇ છે... એ અપેક્ષાથી બધા સાદૃશ્ય-અસ્તિત્વ કહેવામાં આવે છે. આગળ વૃક્ષનું દૃષ્ટાંત આપશે.

**'ઉત્પાદ તે પ્રાદુર્ભાવ...'** જુઓ! પ્રત્યેક દ્રવ્યમાં, પ્રત્યેક આત્મામાં, ભિન્ન ભિન્ન પરમાણુમાં

ઉત્પાદનો અર્થ પ્રાદુર્ભાવ **'(અર્થાત્ પ્રગટ થવું, ઉત્પન્ન થવું)...'** છે. પ્રત્યેક દ્રવ્યમાં એક સમયમાં નવી નવી પર્યાય ઉત્પન્ન થાય છે તેને અહીંયા ઉત્પાદ કહે છે. સમજાણું કાંઈ? પ્રાદુર્ભાવ થવો. પહેલા પર્યાય નહોતી, બીજા સમયે થઈ તેનું નામ પ્રગટ થવું પર્યાયનું-અવસ્થાનું-દશાનું-હાલતનું. આહા..હા..! એક એક આત્મામાં અને એક એક પરમાણુમાં ઉત્પાદ નામ પ્રાદુર્ભાવ-પ્રગટ થવું, ઉત્પન્ન થવું છે, તેને ઉત્પાદ કહે છે.

**'વ્યય...'** પ્રત્યેક પદાર્થમાં **'પ્રચ્યુતિ (અર્થાત્ ભ્રષ્ટ થવું, નષ્ટ થવું);...'** પૂર્વની પર્યાયથી નાશ થવું, પૂર્વની અવસ્થાથી ભ્રષ્ટ થવું તેને વ્યય કહે છે. શું કહ્યું? પ્રત્યેક અનંત આત્મા અને અનંત પરમાણુમાં પૂર્વની જે અવસ્થા છે તેનું નષ્ટ થવું, ભ્રષ્ટ થવું તેને તે પદાર્થનો વ્યય કહે છે. નવી પર્યાયનું ઉત્પન્ન થવું તેને પ્રાદુર્ભાવ-પ્રગટ થયું કહે છે. પૂર્વની અવસ્થા એમાં નાશ થાય છે. સોનું, જેમ સોનું. સોનું-સુવર્ણ છેને? એ કુંડળ પર્યાય ઉત્પન્ન થઈ. કુંડળ, કુંડળ. એ કુંડળ ઉત્પન્ન થયું તે ઉત્પાદ છે અને પૂર્વની લગડીની અવસ્થાનો વ્યય થવો તે નષ્ટ છે અને સોનાપણું કાયમ રહેવું તે ધ્રુવ છે. સમજાણું કાંઈ? સુવર્ણ છેને સુવર્ણ? આ લાકડી લ્યો. જુઓ! લાકડી છેને? જુઓ! આમ ઊંચી થઈ. તો આમ ઉત્પાદ થયો. પૂર્વની (અવસ્થા) આમ હતી તેનો વ્યય થયો (અને) ધ્રુવપણે-સદશપણે કાયમ રહે છે. આ મહાન પદાર્થનું વિજ્ઞાન છે. ઘાસીરામજી! સર્વજ્ઞ ભગવાનના ઘરના. સાંભળ્યું નથી, સાંભળ્યું નથી. કરો કરો જોતા કરો.

એ તો આવ્યું હતું, તારણસ્વામીમાં કહ્યું હતું. અણુવ્રતના અધિકારમાં. અણુવ્રત-દેશવ્રત. દેશવ્રતનો અર્થ શું? પોતાના અસંખ્ય પ્રદેશ પોતાનો દેશ છે. એ આવી ગયું હમણાં. વ્યાખ્યાનમાં આવી ગયું છે, પ્રવચનમાં આવી ગયું છે, તારણસ્વામીમાંથી. પોતાના અસંખ્ય પ્રદેશ પોતાના અનંત ગુણનું ધામ પોતાનો આત્મા તે પોતાનો દેશ છે. તેના વ્રત નામ તેમાં લીન થવું તે દેશવ્રત છે.

મુમુક્ષુ :- ઇ દેશના સેવા થઈ?

ઉત્તર :- એ દેશની સેવા. બીજી કોણ કરે છે પરની? ધૂળ સેવા કરે છે? શોભાલાલજી!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- માની હતી, સેવા કોણ કરતું હતું? રાગ કર્યો હતો રાગ. કેમ? ભાઈ! હું આમ કરું, આમ કરું, આમ કરું. વિકલ્પ કર્યો હતો. પરનું તો કર્યું નહોતું. સમજાણું કાંઈ? પ્રભુ! એવી વસ્તુ છે. જેવી છે તેવી એણે સમજવી જોઈએ. તારી પ્રભુતા તારામાં છે, એની પ્રભુતા એનામાં છે. શું એની પ્રભુતા વિના તે પદાર્થ છે કે તું એનું કાંઈ કરી દે? અને તારી પ્રભુતા વિના તારો પદાર્થ છે કે તારી અવસ્થા પર કરી દે? એમ ત્રણકાળમાં હોતું નથી. સમજાણું કાંઈ?

અને **'ધ્રૌવ્ય તે અવસ્થિતિ (અર્થાત્ ટકવું)...'** ટકવું. શું લખ્યું છે? હિન્દી હિન્દી. ટિકાના છે, ટિકાના છે. 'ટિકાના' લખ્યું છે. ટિકાના એટલે ટકવું. પ્રત્યેક પદાર્થ ધ્રુવ-અવસ્થિતિ, અવસ્થિત જ રહેવો. નવી અવસ્થાનું ઉત્પન્ન થવું, તે જ સમયે જૂની અવસ્થાનું વ્યય થવું, તે જ સમયે વસ્તુનું ટકવું એવું એનું પ્રત્યેક પદાર્થનું લક્ષણ છે. તેનાથી તે પદાર્થ જણાય છે. સંપ્રદાયમાં ખબર નથી કે

શું ચીજ છે. એ તો આમ ને આમ... દયા પાળો, વ્રત કરો, અપવાસ કરો. મરી જાને, તારા વ્રત ને અપવાસ ક્યાં હતા? મિથ્યાદષ્ટિ. દષ્ટિમાં હજી હું પરનું કરી શકું છું, પરની દયા પાળી શકું છું, આહાર ત્યાગ કરી શકું છું-એ માન્યતા જ મિથ્યાદષ્ટિ, મિથ્યાત્વની છે. પરની પર્યાયનો હું ઉત્પાદ કરું છું. આ છોડી દીધું મેં. એ તો પરમાણુ છે. એની પર્યાય ક્યાં જવી એ તારો અધિકાર છે? એ પદાર્થ અહીંયા આવવો એ તારા અધિકારથી આવે છે? એમાં ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યથી તે આવે છે, જાય છે. આ કહે કે મારે કારણે આજે મેં આહાર ન લીધો. મૂઢ છે. મિથ્યાત્વનું સેવન કરે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- બસ! એટલું... અજ્ઞાન કરી શકે છે, અજ્ઞાન કરે છે. ધૂળેય કંઈ કરતો નથી. સમજાણું કાંઈ?

ભગવાન પરમાત્મા જિનવરદેવે કેવળજ્ઞાનથી જે ત્રિલોકના પદાર્થ જાણ્યા, કહે છે કે, પ્રત્યેક પદાર્થ એક સમયમાં પોતાની પર્યાયથી ઉત્પન્ન થાય છે, પોતાની પૂર્વ પર્યાયથી નષ્ટ થાય છે અને પોતાના ધ્રુવપણાથી અવસ્થિત નામ ટકી રહે છે. કોઈ બીજા કારણે નહિ. કહો, બરાબર છે? મોહનભાઈ! બીજાના ટેકાથી નહિ. આહા..હા..! કાંઈ લેવા ને દેવા પરની સાથે? પોતાનો આત્મા પોતામાં, પર પરમાં છે. એના પણ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યથી તે જણાય છે. બે બોલ રહ્યા. સમજાણું કાંઈ?

**'ગુણો તે વિસ્તારવિશેષો.'** ગુણ-પર્યાય છેને? બે બોલ રહ્યાને? એક બોલ સત્તાનો થયો, બીજો બોલ ઉત્પાદ-વ્યય-ધ્રુવનો થયો. ત્રીજો બોલ-ગુણ-પર્યાયથી દ્રવ્ય લક્ષિત થાય છે ઇ બોલ આવ્યો. એ તો ધ્રુવને ગુણ કહો, ઉત્પાદ-વ્યયને પર્યાય કહો. અને સત્તામાં ત્રણે આવી જાય છે. **'सत् द्रव्यलक्षणं'**. તો સત્‌નું ત્રણ લક્ષણ છે-ઉત્પાદ, વ્યય અને ધ્રુવ. તો ઉત્પાદ-વ્યય પર્યાયમાં આવે છે, ગુણ ધ્રુવમાં આવે છે. તો ત્રણે લક્ષણ એક ન્યાયે એક થઈ જાય છે. સમજાણું કાંઈ? **'ગુણ તે વિસ્તારવિશેષો'** છે. હવે ઇ શું? એ.. શેઠ! ગુણનું લક્ષણ વિસ્તારવિશેષ (છે). એ.. શોભાલાલજી! ગુણ વિસ્તારવિશેષ. શું ખબર પડે? ગુણવિસ્તારવિશેષ શું હશે? કહે છે, પ્રત્યેક આત્મા અને પ્રત્યેક પરમાણુ, એમાં આત્મામાં જ્ઞાન, દર્શન, આનંદ ગુણ રહે છે તે વિસ્તાર, આમ વિસ્તાર છે. છેને? જુઓ! વિસ્તારવિશેષ. દ્રવ્ય વસ્તુ, આત્મા વસ્તુ. એમાં જ્ઞાન, દર્શન, આનંદ, અસ્તિત્વ આદિ આમ વિસ્તાર.. વિસ્તાર (અર્થાત્) પ્રત્યેક પ્રદેશ, અસંખ્યપ્રદેશમાં અનંત ગુણ વિસ્તારરૂપ રહે છે. અને વિસ્તારવિશેષ. દ્રવ્ય સામાન્ય છે વસ્તુ અને તેના ગુણ છે વિસ્તારવિશેષ. આ પરમાણુ દ્રવ્ય છે, એક પોંઈટ, હોં! આ તો ઘણા રજકણનો પિંડ છે, આ કાંઈ મૂળ (દ્રવ્ય નથી). એક પરમાણુ દ્રવ્ય છે. તેમાં અસ્તિત્વ, વસ્તુત્વ, વર્ણ, ગંધ, રસ, સ્પર્શ તે વિસ્તાર નામ પરમાણુમાં આમ પહોળાઈમાં રહેવાવાળા ગુણને વિસ્તારવિશેષ કહે છે. નામેય સાંભળ્યું ન મળે. ક્યાં જાય? સાંભળવા જાય, મોટી મોટી જાડી જાડી વાતું સાંભળે. દાન દેવું હોય તો બે-પાંચ હજાર દઈ દે. પાંચ હજાર નહિ,

અગિયાર હજાર. અગિયાર હજાર, જાઓ! શેઠ! તે વખતે અમે હતાને. નહિ? પાંચ હજાર બોલ્યા હતા શેઠ. નહિ? પાઠશાળામાં? મધુવનમાં વિદ્યાલયમાં. પાંચ હજાર. નહિ, અગિયાર હજાર. જાતા જાતા, સાગર જઈને અગિયાર હજાર કરી નાખજો, ભાઈ! અમે બેઠા હતા, ખબર છે. સમજાણું કાંઈ? કોણ દાન દે?

એ પરમાણુનો એક રજકણ પોતાના ઉત્પાદ-વ્યય અને ગુણથી વિસ્તારથી પડ્યો છે પરમાણુ. એક રજકણમાં અનંત ગુણ વિસ્તારથી પડ્યા છે. વિસ્તાર સમજ્યા? ફેલાયેલા. જે આ કપડું ફેલાય છેને? જુઓ આ ફેલાય છેને. એમ પરમાણુમાં, એક રજકણમાં અને એક આત્મામાં અનંત ગુણ ફેલાયેલા છે. વિસ્તારવિશેષ છે. વિસ્તાર ફેલાયેલા વિશેષ છે. દ્રવ્ય સામાન્ય છે, ગુણ વિસ્તારવિશેષ છે. ભગવાન જાણે શું હશે? એ.. રતનલાલજી! આ જાણવું પડશે, હોં! એમ ને એમ નહિ મળે. ભગવાન સાચા, ભગવાન જાણે. આપણને આપી દેશે. તારણસ્વામી સાચા. ઇ કોઈ નથી આપી શકતું, એમ કહે છે અહીંયા. પ્રત્યેકની સંપદા પોતાની પાસે પડી છે. કોઈ કોઈને આપી શકતું નથી. ત્રણલોકના નાથ તીર્થંકરદેવ સમવસરણમાં, ઇન્દ્રો આવીને સેવા કરે તોપણ કોઈ કોઈને આપી શકે નહિ. સમજાણું કાંઈ? કહે છે...

મુમુક્ષુ :- મળશે પોતાની લાયકાતથી.

ઉત્તર :- પોતાની લાયકાતથી થાય છે. એ ઉત્પાદ એની પર્યાયમાં થાય છે.

ગુણવિસ્તાર. ગુણ-પર્યાયની વ્યાખ્યા કરવી છેને? તો ગુણ કોને કહે છે? પ્રત્યેક અનંત આત્માઓ અને અનંત પરમાણુઓ, અસંખ્ય કાળાણુઓ, એક ધર્માસ્તિ, એક અધર્માસ્તિ, એક આકાશ. ભગવાનના જ્ઞાનમાં છ દ્રવ્ય જણાયા છે. જાતિએ છ, સંખ્યા અનંત. અનંત આત્મા, અનંત પરમાણુ, અસંખ્ય કાળાણુ, એક ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ. ત્રિલોકનાથ ભગવાન જિનવરદેવે છ દ્રવ્ય (જાતિએ) અને સંખ્યાએ અનંત જોયા છે. એ અનંત પ્રત્યેક દ્રવ્યમાં ગુણ વિસ્તારવિશેષ છે. પ્રત્યેક વસ્તુમાં ગુણ.. શું કીધું? ફૈલા હુઆ. ફેલાયેલા છે. જુઓ! આ લાકડી છે કે નહિ? જુઓ! આ લાકડી છે ઇ... શું કહેવાય? સુખડ. આ સુખડની લાકડી છે સુખડની. લાકડી છે તો એમાં સુગંધ છે. સુગંધ એમાં વિસ્તારથી રહેલી છે. વિસ્તાર છે કે નહિ? આખી લાકડીમાં સુગંધ ફેલાયેલી છે. સર્વાંગ. એમ અસ્તિત્વ પણ ફેલાયેલું છે, વસ્તુત્વ પણ ફેલાયેલું છે, તોલ પણ ફેલાયેલો છે, ચીકાશ પણ ફેલાયેલી છે. એક વસ્તુમાં એ બધા ગુણ વિસ્તારવિશેષ ફેલાયેલા રહે છે. એમ પ્રત્યેક આત્મા અને પ્રત્યેક પરમાણુમાં એક સેકંડના અસંખ્યભાગમાં અનંતગુણ ફેલાયેલા વિસ્તારવિશેષ રહે છે. ઘાસીરામજી!

મુમુક્ષુ :- ફેલાયેલા સર્વાંગ.

ઉત્તર :- સર્વાંગ, સર્વાંગ. આ દૃષ્ટાંત આપ્યુંને. આ જુઓ લ્યો. આ શીશપેનમાં બધે ઠેકાણે લાલ (રંગ) ફેલાયેલો છે કે નહિ? આખામાં ફેલાયેલો છે કે નહિ? એમ પરમાણુમાં-એક એક રજકણ-પોંઈટમાં અને એક એક આત્મામાં નિગોદના ભિન્ન ભિન્ન આત્મામાં, પરમાણુ પણ

અહીંયા છે તો ભિન્ન ભિન્ન પરમાણુમાં એક એક રજકણમાં, એક એક આત્મામાં અનંતગુણ એક સેકંડના અસંખ્યભાગમાં વર્તમાન ફેલાયેલા વિસ્તારવિશેષ રહે છે. વિશેષ કેમ કહ્યું? કે દ્રવ્ય સામાન્ય છે, ગુણ વિશેષ છે. વિસ્તાર કેમ કહ્યું? કે પદાર્થમાં ફેલાયેલા છે. દ્રવ્યમાં ગુણ સર્વવ્યાપક છે. એ અપેક્ષાએ વિસ્તાર કહ્યું. સમજાણું કાંઈ? આ ગાથા તો બહુ શરૂઆતની દ્રવ્ય-ગુણ-પર્યાયની વાત કરે, પણ એ સંપ્રદાયમાં ચાલે નહિ. બસ! આમ કરો ને તેમ કરો. જાઓ, હેરાન થઈને મરી જાઓ! તમારે દેશમાં એમ છે, ભાઈ! ઓલા જિનબાળ કહે, આમ કરો ને આમ પરબ બાંધી દઈએ, કૂવા ખોદાવીએ, ઝુપડા કરીએ. ધૂળેય કરી શકે નહિ. સાંભળ તો ખરો. તારી પર્યાયમાં તું કર, બીજાની પર્યાયમાં તું કરી શકે છે ત્રણકાળ ત્રણલોકમાં? પ્રત્યેક પદાર્થ પોતાના ગુણવિસ્તારથી ભરેલા છે. તે ગુણની વર્તમાન અવસ્થા થવી તે તેની પર્યાય-કાર્ય છે. શું બીજાનું કાર્ય તું કરે છે? સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- મદદ તો થાય.

ઉત્તર :- ત્રણકાળમાં મદદ કરી શકે નહિ. મદદ કોની? શું પોતાની વસ્તુ શક્તિ-ગુણ વિના ખાલી છે? અને એ ગુણ વર્તમાન પરિણમન વિના રહે છે? એ ગુણ વર્તમાન પરિણમન કરે છે તે જ દ્રવ્યનું કાર્ય છે. એ કાર્ય બીજો કરી દે એમ ત્રણકાળમાં બનતું નથી. હું પરની દયા પાળું છું અને પરની હિંસા કરું છું. મૂઢ મિથ્યાદૃષ્ટિ માને છે. પરની પર્યાય હું કરું છું. મૂઢ છે. જૈનદૃષ્ટિથી વિરૂદ્ધ દૃષ્ટિ રાખવાવાળો છે.

મમુક્ષુ :- નિમિત્ત...

ઉત્તર :- નિમિત્ત શું છે? નિમિત્તનો અર્થ જ્ઞાન કરવાની વસ્તુ છે. કોઈ નિમિત્ત છે માટે ત્યાં થયું છે એમ નહિ. શેઠ! આ ફેરફાર કરવો પડશે. ..ચંદજી! નિમિત્તથી કંઈ થતું નથી. કેમકે નિમિત્ત પણ પરદ્રવ્ય છે. નિમિત્ત પરદ્રવ્ય છેને? તો એમાં પણ પોતાથી ઉત્પાદ-વ્યય-ધ્રુવ પરમાં થાય છે. એમાં ઉત્પાદ-વ્યય થયો તો તમારામાં એનાથી શું ઉત્પાદ-વ્યય થયા? બસ! ખલાસ થઈ ગયું. નિમિત્ત પણ પોતાની અપેક્ષાએ નિમિત્ત, એની અપેક્ષાથી ઉપાદાન. તો એમાં પણ સમયે સમયે ઉત્પાદ-વ્યય-ધ્રુવ રહે છે. તો એના ઉત્પાદ-વ્યય કરે કે તમારા ઉત્પાદ-વ્યય કરે? ખલાસ થઈ ગયું. તમારો ઉત્પાદ તમે કરો, એનો ઉત્પાદ એ નિમિત્ત કરે. બે ભિન્ન ભિન્ન છે. શેઠી!

આ સર્વજ્ઞ વીતરાગ ત્રિલોકનાથ અરિહંતનું વિજ્ઞાન તત્ત્વ છે. સમજાય નહિ, શું કરે? કેમ મંત્રીજી! આહા..હા..! ભાઈ! એક વાર શાંતિથી સાંભળ શાંતિથી પક્ષપાત છોડીને. શું છે? શું કહે છે? તો ખ્યાલ આવે. બધા પદાર્થ ભિન્ન ભિન્ન છે. કોઈની સાથે કોઈનું તત્ત્વ... છે જ નહિ. ઓહો..હો..! શું કહે છે? આ શું આવ્યું? ત્રીજો બોલ થયો કે નહિ? ક્યો ત્રીજો?

પહેલા સત્તાનો બોલ ચાલ્યો, બીજો ઉત્પાદ-વ્યય-ધ્રુવનો ચાલ્યો, ત્રીજો ગુણ-પર્યાયનો ચાલે છે. એમાં પહેલા ગુણની વ્યાખ્યા ચાલે છે. ગુણ કોને કહે છે? કે વિસ્તારવિશેષ છે. છે? પ્રત્યેક પરમાણુમાં અને પ્રત્યેક આત્મામાં ભગવાન ત્રિલોકનાથ જિનેશ્વરદેવ વીતરાગદેવે સો ઇન્દ્રની

સમક્ષમાં દિવ્યધ્વનિ દ્વારા જે વાત આવી તેને અહીંયા પ્રવચનસાર કહે છે. એ પ્રવચનસાર કુંદકુંદાચાર્ય મહારાજ જગતને સંભળાવે છે. ભગવાન આમ કહે છે. ત્રિલોકનાથ જૈન પરમેશ્વર આમ કહે છે. બધા આત્મા અને બધા પરમાણુ પોતપોતાની શક્તિ દ્રવ્યમાં વિસ્તાર ફેલાયેલી રહી છે. એ ગુણ બીજામાં નથી, બીજાનો ગુણ બીજામાં નથી. કહો, સમજાણું કાંઈ? શેઠી! પહેલાવહેલા વ્યાખ્યાન કર્યા હોત તો આ કઠણ પડત. હવે તો મહિનો થઈ ગયોને. પોર પણ મહિનો રહ્યા હતાને? મહિનો, સવા મહિનો? પોર. ... મહિનો હતા. ૧૯૯૪માં. સમજાણું કાંઈ? ધંધો બહુ કર્યો અત્યાર સુધી પાપનો. અભ્યાસ ન હોયને, અભ્યાસ ન હોય. આખી વાત ફેર છેને.

હજી તો પંડિતો રાડ પાડે છે. કર્મથી આત્મામાં વિકાર થાય છે, કર્મથી આત્મામાં વિકાર થાય છે. ડિગ્રી ટુ ડિગ્રી થાય છે. ગજબ કરે છે! પ્રભુ! શું કહે છે તું? નિગોદમાં પણ ડિગ્રી ટુ ડિગ્રી (થતો હોય તો) નિગોદમાંથી નીકળીને મનુષ્ય કેવી રીતે થાય? પોતાના પરિણામમાં શુભ કરવાની પોતાની સ્વતંત્ર તાકાત છે. શું કર્મ એને રોકે છે? પરદ્રવ્યની પર્યાય પરદ્રવ્યમાં છે, પોતાની પર્યાય પોતાથી થાય છે.

મુમુક્ષુ :- કોલેજમાં ડિગ્રી ભણાવે છે...

ઉત્તર :- શેમાં? એ તો પરની વાત છે, દૃષ્ટાંત અહીંયા લાગુ નથી પડતો.

અહીં શું કહે છે? નિગોદનો આત્મા પણ, નિગોદમાં આત્મા છે કે નહિ? એ દ્રવ્ય છે કે નહિ? એક શરીરમાં અનંત જીવ છે. ફૂગ છેને ફૂગ? લીલ-ફૂગ. કાઈ કહે છેને? પાણીમાં ફૂગ થાય. એક રાઈ જેટલી કટકી લ્યો તો એમાં અસંખ્ય ઔદારિક શરીર છે અને એ ઔદારિક શરીર અનંત પરમાણુના સ્કંધથી એવા અનંત સ્કંધથી, એ ઔદારિક શરીર બનેલું છે. એમાં એક એક પરમાણુ વિસ્તારગુણવિશેષથી રહે છે અને એ શરીરમાં અનંત જીવ છે. એક શરીરમાં અનંત જીવ છે. એમાં એક જીવ અનંત ગુણવિસ્તારથી ભરેલો છે. વિસ્તારવિશેષ. ખબર નહિ, ખબર નહિ. ભગવાન જાણે. જ્ઞાન અને શ્રદ્ધા શું ચીજ (છે ખબર નહિ). બસ! હાંકો ગાડા. અપવાસ કરી નાખો, એ તપસ્યા થઈ ગઈ, નિર્જરા થઈ ગઈ. કાળ તારો ચાલ્યો ગયો.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આવી જાય, બસ જાઓ! ધૂળમાં હજી મંગળિક શું છે, મંગળિકની વસ્તુ શું છે એની ખબર નથી. અરે..! ભગવાન! બાપુ! અત્યારે તો મોટા મોટા પંડિત નામ ધરાવનારા ગજ ગોથા ખાય, ત્યાં ગાડરિયાના શું ગજા? મોટા ગજ ગોથા ખાય છે, ભણ્યા ગણ્યા હજારો શાસ્ત્ર.

અહીં ત્રિલોકનાથ કહે છે કે પ્રત્યેક દ્રવ્ય, પ્રત્યેક વસ્તુ પોતાના વિસ્તારવિશેષગુણ રાખે છે. ગુણ રાખે છે એનો અર્થ પોતાનો વિસ્તારવિશેષ રાખે છે. દ્રવ્ય વસ્તુ અને અનંતગુણવિસ્તાર ફેલાઈને ગુણ રહે છે. હવે **'તેઓ સામાન્ય-વિશેષાત્મક હોવાથી બે પ્રકારના છે...'** ગુણ કહ્યાને ગુણ? એના બે ભેદ. હવે ગુણના બે ભેદ. આહા..હા..! એક સામાન્ય. સામાન્ય નામ એક દ્રવ્ય કરતા વધારેમાં રહેવાવાળા ગુણને સામાન્ય કહે છે. પોતામાં પણ હોય અને બીજામાં પણ હોય.

હોય બીજો પણ એને સામાન્ય ગુણ કહે છે. વિશેષ (અર્થાત્) એકમાં જ હોય અને બીજામાં ન હોય તેને વિશેષ (કહે છે). સામાન્ય-વિશેષાત્મક. વિશેષસ્વરૂપ-આત્મક એટલે સ્વરૂપ.

પ્રત્યેક પદાર્થમાં ગુણવિસ્તારવિશેષ છે. તે ગુણના બે પ્રકાર છે. સામાન્ય-વિશેષસ્વરૂપ હોવાથી ગુણના બે પ્રકાર ભગવાને કહ્યા છે. હવે સામાન્ય આવ્યું, જુઓ! સામાન્યની વ્યાખ્યા છેને. સામાન્ય-વિશેષાત્મક છેને? તો એમાં ગુણના બે પ્રકાર. સામાન્ય અને વિશેષ. હવે સામાન્ય કોને કહે છે? એની વ્યાખ્યા આવી. વિશેષ પછી કહેશે. અને પર્યાયનું લક્ષણ પછી કહેશે. **'તેમાં, અસ્તિત્વ,...'** જુઓ! અસ્તિત્વ-હોવાપણું. હોનાપનાને? શું કહે છે? શું છે? હોવાપણાની ભાષા શું છે? હોનેપના. જુઓ! અમારે પંડિત પણ હિન્દીમાં આવી ગયા.

મુમુક્ષુ :- રહે છે...

ઉત્તર :- નહિ, નહિ. અમારે પંડિતજી કહે છે, હોવાપણું. હોનેપન, હોનેપન. હોવાપણું પોતાથી રહે છે. અસ્તિત્વ. પણું છે અહીંયા, હોવાપણું. પ્રત્યેક પદાર્થમાં અસ્તિત્વ છે. તો ઇ અપેક્ષાથી એને સામાન્ય કહ્યું. કાયમ ટકવું. કાયમ ટકવું. અસ્તિત્વ અહીં હોવાપણું છે. છેનું વજન આપવું છેને. છેપણું, હોવાપણું, હોવાપણું.

મુમુક્ષુ :- આવો જ છે.

ઉત્તર :- એ વળી પછી. બધા અનંત દ્રવ્યમાં અસ્તિત્વ નામનો ગુણ છે. તેને સામાન્ય કહે છે. સામાન્ય કેમ કહ્યું? કે એકમાં છે, બીજામાં છે, ત્રીજામાં છે, બધામાં છે. એ અપેક્ષાથી સામાન્ય કહ્યું. સૌ સૌના ભિન્ન, હોં! બધાનો એક નહિ. પણ અહીંયા અસ્તિત્વ છે એવું પરમાણુમાં છે, એવું કાળાણુમાં છે, એવું અનંત આત્મામાં છે એ અપેક્ષાથી અસ્તિત્વ-હોવાપણું એ ગુણ સામાન્ય કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

**'નાસ્તિત્વ,...'** પરથી નાસ્તિત્વ. પોતાથી અસ્તિત્વ, પરથી નાસ્તિત્વ. એ સામાન્યગુણ છે. કેમકે પ્રત્યેક દ્રવ્યમાં પોતાથી અસ્તિત્વ છે, પરથી નાસ્તિત્વ છે. આ આંગળી આંગળીથી છે, આ આંગળી આ આંગળીથી નાસ્તિત્વ છે. તો અસ્તિત્વગુણ પણ છે અને એ આંગળીમાં બીજી આંગળીપણે નહિ હોવાનો નાસ્તિત્વગુણ પણ છે. આ વિજ્ઞાન નવું સાંભળ્યું છે. ઘાસીરામજી! કાપડની દુકાનમાં સાંભળ્યું ન હોય, ત્યાં મળે નહિ, કોંગ્રેસમાં જાય તો સાંભળવા મળે નહિ, ધર્મની દુકાનમાં જાય તો સાંભળવા મળે નહિ. વ્રત કરો ને તપ કરો ઇ ચાલે ત્યાં. ભગવાન! એકવાર સાંભળ તો ખરો, પ્રભુ! તારી વસ્તુ શું છે? અને બધા પદાર્થમાં શું શું છે? એકવાર સાંભળ, એકવાર નિર્ણય કર કે આ વસ્તુ કેવી છે?

કહે છે, કે પ્રત્યેક પદાર્થમાં એક નાસ્તિત્વ નામનો ગુણ વિસ્તારવિશેષ છે. વિસ્તારવિશેષ પ્રત્યેક પદાર્થમાં ફેલાયેલો, નાસ્તિત્વ નામ પરપણે નહિ થવું એવો નાસ્તિત્વ નામનો ગુણ છે. પોતાપણે રહેવું અને પરપણે ન થવું એવો નાસ્તિત્વ નામનો પ્રત્યેક પદાર્થમાં વિસ્તારવિશેષ ગુણ છે. સમજાણું કાંઈ? ઝીણી વાત પડે, કાંઈ સમજાય નહિ. લીલોતરી ન ખાવી, ચોવિહાર કરવો,

કંદમૂળ ન ખાવા (એ સમજાય). પણ કોણ ખાઈ શકે છે? સાંભળ તો ખરો. અહીં તો ઇ કહે છે. હું ખાઈ શકું છું, છોડી શકું છું એ તારી દૃષ્ટિ જ મિથ્યાત્વ છે. પરપદાર્થની પર્યાય કોણ ખાય છે અને કોણ લે છે? ક્યાં છે તારી ચીજમાં? શું તારી ચીજ પરને ખાઈ શકે છે કે તેં છોડી દીધી? મિથ્યાત્વ અંગીકાર કર્યું, સમકિત છોડી દીધું. સંપ્રદાયવાળા તો ધ્રુજી ઉઠે એવું છે. સાંભળ્યો નથી વીતરાગમાર્ગ ત્રિલોકનાથ જૈન પરમેશ્વર સો ઇન્દ્રની વચ્ચે અત્યારે પણ મહાવિદેહક્ષેત્રમાં તીર્થંકર સીમંધરપ્રભુ કહી રહ્યા છે. વિદ્યમાન તીર્થંકર બિરાજે છે મહાવિદેહક્ષેત્રમાં. ત્રિલોકનાથ વર્તમાનમાં બિરાજે છે મનુષ્યપણે, પાંચસો ધનુષ્યનો દેહ, ક્રોડ પૂર્વનું આયુષ્ય છે. સમજાણું કાંઈ? મનુષ્યદેહે હજી છે. અરિહંતપદે છે. ત્યાં ગયા હતા કુંદકુંદાચાર્ય. ત્યાં ગયા હતા, આઠ દિવસ રહ્યા હતા. ત્યાંથી આવીને આ (શાસ્ત્ર) બનાવ્યું છે. સમજાણું કાંઈ? ભગવાન પાસે સંવત ૪૯માં ગયા હતા. કુંદકુંદાચાર્ય અહીંયા હતા, ત્યાં ગયા હતા, આઠ દિવસ રહ્યા. આ દેહે ગયા હતા. આ શાસ્ત્ર બનાવ્યું. સમજાણું કાંઈ?

ભગવાનનું પ્રવચનસાર. પ્ર-વિશેષ, વચન-સાર. પ્ર-વિશેષ દિવ્યધ્વનિ. દિવ્યધ્વનિમાં આમ આવ્યું એનો સાર અહીંયા છે. સમજાણું કાંઈ? લ્યો, આ શેઠિયા જેવા મોટા માણસ સંસારમાં, હવે એને ઉત્પાદ-વ્યય-ધ્રુવની ખબર નહિ અને આ જૈનના અગ્રેસરો. શેઠ! કેવા અગ્રેસર? અગ્રેસર કોના કહેવા આ સમજણ વિના? શેઠી! આ પણ મોટા ખાનદાન છે ત્યાંના જયપુરના, લ્યો. શું છે? સાંભળ્યું નથી કે ઉત્પાદ પોતાથી થાય છે. રાડ નાખતા હતા પહેલા. શુભભાવમાં ધર્મ નથી.

નાસ્તિત્વગુણ. અહીં ત્વ-પણું છે. નાસ્તિત્વ-પણું લેવું છેને, ભાવપણું લેવું છેને. પ્રત્યેક પરમાણુમાં, પ્રત્યેક આત્મામાં પરપણે નહિ થવું એવો એક નાસ્તિત્વ નામનો ગુણ કે જે પ્રત્યેક પદાર્થમાં વિસ્તારવિશેષપણે રહ્યો છે. દ્રવ્યમાં વિસ્તાર-આમ ફેલાઈને રહેલો છે. સમજાણું કાંઈ?

**'એકત્વ,...'** પ્રત્યેક પદાર્થમાં એક એકત્વ નામનો ગુણ છે. પોતાના અસંખ્યપ્રદેશપણે એકપણે રહેવું એવો એક ગુણ છે. પરમાણુંમાં પણ એકપણે રહેવું. પરમાણુમાં ગુણ-વિસ્તારવિશેષ એકત્વ નામનો ગુણ પરમાણુ અને આત્મામાં પણ છે. સિદ્ધમાં પણ છે, નિગોદના જીવમાં પણ છે. સમજાણું કાંઈ? આ ગાથા કઠણ છે. શોભાલાલજી! યાદ રાખવું, બહુ કઠણ પડે છે. ત્રીજો બોલ થયોને? એકત્વ. સામાન્ય કેમ કહ્યું? કે પ્રત્યેક પદાર્થમાં એકત્વપણું છે. અસ્તિત્વ પણ અનંતમાં છે, છે ભિન્ન ભિન્ન સૌનું, બધા પદાર્થોનું ભિન્ન ભિન્ન. પણ અહીંયા અસ્તિત્વ નામનો ગુણ, બીજામાં અસ્તિત્વ, ત્રીજામાં.. એ અપેક્ષાથી સામાન્ય કહેવામાં આવ્યું. નાસ્તિત્વ પણ પોતામાં છે. પરપણે ન થવું. એમ બીજામાં પણ પરપણે ન થવું, એમ અનંત પદાર્થમાં નાસ્તિત્વ ગુણ છે એ અપેક્ષાથી તેને સામાન્ય કહેવામાં આવ્યો છે. બધામાં છે એ અપેક્ષાથી સામાન્ય કહેવામાં આવ્યો છે. બધામાં એ જ છે એમ નહિ. બધામાં એ જ એમ નહિ. પોતાનું નાસ્તિત્વ પોતામાં છે, પરનું નાસ્તિત્વ પરમાં છે. એમ અનંતમાં નાસ્તિત્વપણું ગુણ વિસ્તારવિશેષ પ્રત્યેક પદાર્થમાં રહ્યો છે. અનાદિ-અનંત છે.

એમ એકત્વ-એકપણું. એકપણું છેને? પ્રત્યેક પદાર્થમાં પોતાનો એકપણાનો ગુણ વિસ્તારવિશેષ

રહેલો છે. પરમાણુમાં એકપણાનો ગુણ વિસ્તારવિશેષ ફેલાઈને રહેલો છે. એમ **'અન્યત્વ,...'** પરથી અન્યત્વ, અન્યત્વ. એ નાસ્તિત્વ તો અસ્તિ-નાસ્તિ સામે આવ્યું. આ તો પરથી અન્યત્વ, અન્યપણું. અનંત આત્મા પણ એક આત્મા અન્યત્વ નામનો ગુણ ભિન્ન રાખે છે. એક પરમાણુ... અનંત પરમાણુ અને આત્મા વચ્ચે એક પરમાણુ પોતાનો અન્યત્વ નામનો ગુણ વિસ્તારવિશેષ પોતામાં રાખે છે. બધામાં અન્યત્વ છે એ અપેક્ષાથી સામાન્ય કહેવામાં આવ્યું છે. ન સમજાય તો રાત્રે પૂછવું. શોભાલાલજી! રાત્રે ચર્ચા કરવી.

મુમુક્ષુ :- યાદ રહે એવું નથી.

ઉત્તર :- ન યાદ રહે એવું હોય? ન્યાં કેટલી બીડીઓ યાદ રાખે છે? કેટલા નંબરની? કેટલા તમાકુ? પીવાની પોતાની જુદી, બીજાને દેવાની જુદી. બધાનું ધ્યાન નથી?

મુમુક્ષુ :- એનો તો ઘણા વખતથી અભ્યાસ થઈ ગયો.

ઉત્તર :- અભ્યાસ થઈ ગયો. વાત સાચી છે. અભ્યાસ થાય તો આ પણ થઈ જાય, એમાં શું છે? શું સમજાણું કાંઈ?

**'અન્યત્વ,...'** શું કહે છે અન્યત્વમાં? પ્રત્યેક પદાર્થ પોતપોતાનું પોતાપણું રાખીને અન્યથી ભિન્નત્વ રાખે છે. એવો અન્યત્વ નામનો ગુણ પ્રત્યેક પદાર્થમાં દ્રવ્યમાં વિસ્તારવિશેષ ફેલાઈને રહેલો છે.

મુમુક્ષુ :- અન્યત્વ, નાસ્તિત્વમાં ફેર શું?

ઉત્તર :- એમાં નકારપણું છે એટલું. પરમાં નહિપણું. આ તો અન્યપણું-એ પણું નહિ, એ પણું નહિ. એમ. નાસ્તિત્વ પરના અભાવરૂપ થયો. આ તો અન્યપણું નહિ એટલું. બીજા પણે ન થવું, બીજા પણે ન થવું. સમજાણું કાંઈ?

**'દ્રવ્યત્વ,...'** દ્રવ્યત્વ (ગુણ) અનંત દ્રવ્યમાં છે. દરેક પદાર્થમાં, દરેક આત્મામાં, દરેક પરમાણુમાં દ્રવ્યત્વ-દ્રવ્યપણું ભિન્ન ભિન્ન પર્યાયપણે થવું. દ્રવ્યત્વ નામનો દરેકમાં ગુણ છે. એ અનંતમાં છે બધામાં. લ્યો, હવે આવ્યું. **'પર્યાયત્વ,...'** જુઓ! દરેક આત્મા અને દરેક પરમાણુમાં એક પર્યાયત્વ નામનો ગુણ છે, જે વિસ્તારવિશેષપણે રહેલો છે. એ પર્યાયે થવું એ પર્યાયત્વ ગુણથી પોતાને કારણે થાય છે, એ પર્યાય પરથી નથી થતી. કહો, ઈશ્વરચંદજી! પર્યાયત્વ નામનો ગુણ છે. પર્યાય થવી, પણ આવો પર્યાયત્વ નામનો દરેક પદાર્થમાં ગુણ છે, અનંતમાં. કોઈ પદાર્થ પર્યાયત્વ ગુણથી ખાલી નથી. સામાન્ય ગુણ છે, અનંતમાં છે. કોઈમાં છે અને કોઈમાં નથી એમ નથી. ઓહોહો..હો..! એક બોલ સમજે તોપણ... મહાસિદ્ધાંત છે.

**'પર્યાયત્વ,...'** પર્યાયપણું એવો એક ગુણ વિસ્તારવિશેષ પ્રત્યેક પદાર્થમાં ફેલાયેલો પર્યાયત્વ નામનો પોતાના પ્રદેશમાં ફેલાયેલો એક ગુણ છે. એ ગુણથી પર્યાય થાય છે. બીજા ગુણથી, બીજા નિમિત્તથી થતી નથી. નિમિત્તથી પર્યાય નથી થતી. ઘાસીરામજી! જુઓ! ગુરુથી થતી નથી, ગુરુથી થતી નથી. ગુરુનો આત્મા ભિન્ન છે અને એનો આત્મા ભિન્ન છે. પર્યાયત્વ. દરેક આત્મામાં, દરેક

પરમાણુમાં પર્યાયત્વ નામનો ગુણ વિસ્તારવિશેષ છે. એનાથી પર્યાય થાય છે, અવસ્થા થાય છે. પર્યાય કહો કે કાર્ય કહો. પર્યાયત્વ નામના ગુણથી પ્રત્યેક પદાર્થમાં કાર્ય-પર્યાય થાય છે. પરથી નથી થતી. ત્રણલોકના નાથ હો તોપણ બીજાની પર્યાય કરવાની તાકાત નથી. સમજાણું કાંઈ? લ્યો, પર્યાયત્વ.

હવે **'સર્વગતત્વ,...'** અત્યાર સુધી આવ્યા એ છએ દ્રવ્યમાં છે. હવે ફેર પડશે. સર્વગતત્વ ગુણ જે છે એ ગુણ છ દ્રવ્યમાંથી ત્રણમાં છે. છ દ્રવ્યમાં એક ધર્માસ્તિ, એક અધર્માસ્તિ અને એક આકાશ. એ ત્રણેમાં સર્વગતત્વ નામનો એક ગુણ છે. આ પહેલા જે આવ્યા એ તો છએ દ્રવ્યમાં અનંતમાં છે. આ જે સર્વગતત્વ આવ્યો એ ધર્માસ્તિ ચૌદ રાજૂલોક પ્રમાણે અરૂપી ભગવાને જોયેલું તત્ત્વ છે, ધર્માસ્તિ તત્ત્વ છે. એક અધર્માસ્તિ દ્રવ્ય જોયું છે અને આકાશ સર્વવ્યાપક. ત્રણે સર્વગતત્વ છે, સર્વવ્યાપક છે. એ ત્રણેમાં સર્વવ્યાપક થવાની ગુણ-શક્તિ છે. એ ગુણ એનામાં વિસ્તારવિશેષ વ્યાપેલો છે. ત્રણમાં છે. છતાં એકથી વિશેષમાં છે એટલે સામાન્ય કહી દીધું. છએમાં નથી. અહીંથી ફેર પડ્યો. સર્વગતત્વ છએમાં નથી તો સામાન્ય કેમ કહ્યું? ત્રણમાં છે, ત્રણમાં છેને? એકથી વધારેમાં છે એટલે સામાન્ય થઈ ગયો. ઝીણું ઝીણું. ત્રણ સર્વગતત્વ છે. ચૌદ બ્રહ્માંડ પ્રમાણે બે (દ્રવ્ય) વ્યાપક છે અને આકાશ આખા લોકાલોક પ્રમાણે વ્યાપક છે. એ ત્રણેમાં સર્વગતત્વ નામનો ગુણ વિસ્તારવિશેષ દ્રવ્યમાં રહેલો છે.

અને ત્રણે **'અસર્વગતત્વ,....'** અસર્વગતત્વ. ત્રણ દ્રવ્ય. એક પરમાણુ, એક જીવ અને એક કાળાણુ. એ ત્રણ અસર્વગતત્વ (છે). એ લોક પ્રમાણે વ્યાપક નથી. સમજાણું કાંઈ? જીવ તો આવડો છેને, શરીર પ્રમાણે છે. તો સર્વગતત્વ ન થયો. પરમાણુ પણ આટલામાં છે એટલે સર્વગતત્વ ન થયો. અને કાળાણુ એક એક અણુ છે, એક એક પ્રદેશમાં એક એક અણુ છે એટલે તે સર્વગતત્વ ન થયો. એ અસર્વગતત્વ નામનો ગુણ ત્રણમાં છે. પણ એક સિવાય ત્રણમાં છે એટલે સામાન્ય કહ્યો. સર્વગતત્વ ત્રણેમાં છે એટલે સામાન્ય કહ્યો. ત્રણમાં સર્વગતત્વ અને ત્રણમાં અસર્વગતત્વ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ નહિ. ઇ તો કોઈ વખતે. આ તો ત્રિકાળી ગુણ એમાં. એ તો પુદ્‌ગલ પણ આખા લોક પ્રમાણે છે. કાયમી એનો ગુણ સર્વગતત્વ તો ત્રણમાં જ છે અને ત્રણમાં નથી. સમજાણું કાંઈ? કોણ આ માથાકૂટ કરે? જુઓ!

સર્વગતત્વ અને અસર્વગતત્વ ત્રણ ત્રણ દ્રવ્યમાં વ્યાપક છે. બસ! એ બધામાં નથી. વિશેષ કહેશે, લ્યો.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**આસો સુદ-૭, બુધવાર, તા. ૨૫-૯-૧૯૬૩**
**ગાથા-૯૫, પ્રવચન-૮૬**

.... આ ૯૫મી ગાથા ચાલે છે. જરી સૂક્ષ્મ છે. દરેક દ્રવ્ય, જેટલા આત્મા છે અનંત, અનંત પરમાણુ, અસંખ્ય કાળાણુ, એક ધર્માસ્તિ, એક અધર્માસ્તિ, આકાશ. એ છ દ્રવ્ય વર્તમાન અનંતપણે સત્તા રાખે છે. તો પ્રત્યેક દ્રવ્યનું લક્ષણ શું ઇ બતાવે છે. પહેલા તો એ કહ્યું કે પ્રત્યેક દ્રવ્ય પોતાના સત્ સત્તાસ્વભાવથી ભિન્ન નથી. પ્રત્યેક પદાર્થ ભિન્ન, પોતાની સત્તાથી ભિન્ન નથી અને ઉત્પાદ-વ્યય-ધ્રુવ સહિત પ્રત્યેક દ્રવ્ય છે અને પ્રત્યેક દ્રવ્ય ગુણ અને પર્યાયયુક્ત છે. એ અધિકારમાં ગુણની વ્યાખ્યા ચાલે છે.

ગુણ કોને કહે છે? કે પ્રત્યેક દ્રવ્યમાં વિસ્તારવિશેષ... આત્મા એક અને એક એક પરમાણુ પોંઈટ વિસ્તાર આમ ફેલાયેલા છે. એનું જેટલું ક્ષેત્ર છે પદાર્થનું, એક પરમાણુનો એક અંશ, આત્માના અસંખ્ય પ્રદેશ, આકાશના અનંત પ્રદેશ, ધર્માસ્તિ, અધર્માસ્તિના અસંખ્ય પ્રદેશ. એમ કાળાણુનો એક પ્રદેશ. એ પોતાના પ્રદેશ પ્રમાણે વિસ્તાર, વિસ્તાર એક સમયમાં-સેકંડનો અસંખ્યભાગ એ સમય-એ પ્રત્યેક પદાર્થમાં ગુણ નામ વિસ્તારવિશેષ દ્રવ્યમાં ફેલાયેલા અનંત ગુણ એક સમયમાં સાથે હોય છે.

તે સામાન્ય અને વિશેષ બે પ્રકારના છે. પ્રત્યેક પદાર્થમાં ફેલાયેલ વિસ્તારવિશેષ સામાન્ય અને વિશેષ બે પ્રકારના છે. એમાં સામાન્યની વ્યાખ્યા ચાલે છે. સામાન્યનો અર્થ શું? એક દ્રવ્ય સિવાય બીજા દ્રવ્યમાં પણ તે પ્રકારનો ગુણ હોય તેને સામાન્ય કહે છે. સમજાણું કાંઈ? એક દ્રવ્યમાં હોય, બીજામાં પણ હોય. બીજામાં હોય એ ભલે બીજી જાત, બીજો હોય. પણ અહીંયા પણ અસ્તિત્વ, પરમાણુમાં અસ્તિત્વ, કાળાણુમાં અસ્તિત્વ, બીજા આત્મામાં અસ્તિત્વ, એ અસ્તિત્વ.. અસ્તિત્વ.. અસ્તિત્વ એકમાં છે એવું અનેકમાં છે તો એવા ગુણને સામાન્ય કહેવામાં આવે છે. એ સામાન્યગુણમાં એક અસ્તિત્વની વ્યાખ્યા થઈ ગઈ, નાસ્તિત્વની થઈ ગઈ, એકત્વ, અન્યત્વની થઈ ગઈ. દ્રવ્યત્વ, પર્યાયત્વ, સર્વગતત્વ, અસર્વગતત્વ આટલી થઈ ગઈ. ત્યાં સુધી આવ્યું છે.

હવે '**સપ્રદેશત્વ,...**' એક કાળાણુ સિવાય પાંચમાં સપ્રદેશત્વ ગુણ છે. ઘણા પ્રદેશોનું હોવું તે સપ્રદેશત્વ. એ કાળાણુમાં નથી, એક પરમાણુમાં નથી. પણ વ્યવહારે એ પુદ્ગલના ઘણા પ્રદેશના સ્કંધને સપ્રદેશ કહેવામાં આવે છે. પરમાણુ તો એક જ છે. '**સપ્રદેશત્વ,...**' જેમાં બે, ચાર, પાંચ કે સંખ્ય, અસંખ્ય પ્રદેશ હોય તેને સપ્રદેશત્વ નામનો સામાન્યગુણ કહે છે. જે કાળ સિવાય પાંચેય (દ્રવ્યમાં) હોય છે. સમજાણું કાંઈ?

'**અપ્રદેશત્વ,...**' એક કાળાણુમાં અપ્રદેશત્વ ગુણ રહે છે. અપ્રદેશનો અર્થ પ્રદેશ નહિ એમ નહિ, બીજો પ્રદેશ નથી. પ્રદેશ એક તો છે. સમજાણું કાંઈ? અપ્રદેશનો અર્થ એવો નથી કે પ્રદેશ નહિ. બીજો પ્રદેશ નથી. એક એક કાળાણુ છે. અસંખ્યમાં એક એક કાળાણુ ભિન્ન ભિન્ન છે એક એક આકાશના પ્રદેશમાં. એ એક એકમાં બીજો પ્રદેશ નથી એ અપેક્ષાથી કાળાણુ અપ્રદેશત્વ છે. તેને પણ અહીંયા સામાન્યગુણમાં લીધો છે. સામાન્યનો અર્થ અસંખ્ય કાળાણુ અપ્રદેશત્વ છે તો પ્રત્યેકમાં ભિન્ન ભિન્ન અપ્રદેશત્વ છે એમ ગણીને તેને સામાન્યગુણ કહેવામાં આવ્યો છે. સમજાણું કાંઈ?

'**મૂર્તત્વ,...**' એ પણ સામાન્યગુણ છે. પરમાણુમાં મૂર્તત્વ છે. બેમાં, ત્રણમાં, અનંતમાં. પાંચમાં (મૂર્તત્વ) નથી. છતાં એને મૂર્તત્વ ગુણ કહે છે. કેમકે અનંત પરમાણુમાં મૂર્તત્વ છે એ અપેક્ષાથી તેને સામાન્ય મૂર્ત નામનો ગુણ કહેવામાં આવ્યો છે. કોઈ દિ' સાંભળ્યું નથી, વિચાર્યું નથી, એમ ને એમ (કાળ ગુમાવ્યો).

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કાળાણુ નહિ. એક પરમાણુ સિવાય બધા અમૂર્તત્વ છે... એક પુદ્ગલ જ મૂર્તત્વ છે. તો પુદ્ગલમાં એકમાં મૂર્તત્વ, બીજામાં મૂર્તત્વ, ત્રીજામાં મૂર્તત્વ છે એ અપેક્ષાથી એને સામાન્ય ગુણ કહેવામાં આવ્યો છે. પાંચ દ્રવ્યની અપેક્ષાથી વિશેષ છે, પણ એક (જાતિના) અનંત દ્રવ્યમાં છે એ અપેક્ષાથી સામાન્યગુણ કહેવામાં આવ્યો છે. સમજાણું કાંઈ?

'**અમૂર્તત્વ,...**' પુદ્ગલ સિવાય પાંચમાં અમૂર્તત્વ ગુણ રહે છે. ઘણામાં છે એ અપેક્ષાથી તેને અમૂર્તત્વ સામાન્યગુણ કહેવામાં આવ્યો છે. સમજાણું કાંઈ? '**સક્રિયત્વ,...**' જીવ અને પુદ્ગલ બેમાં જ સક્રિયત્વ છે. છ દ્રવ્યમાં પુદ્ગલ અને જીવ, બે જ આમ સક્રિય-ક્ષેત્રાંતર થાય છે, આમ ક્ષેત્રાંતર (થાય છે). એ એનો સક્રિયત્વ ગુણ છે. પોતાનો ગુણ છે, પરમાણુમાં અને આત્મામાં સક્રિયત્વ (અર્થાત્) ક્ષેત્રાંતર થવું. એક ક્ષેત્રથી બીજા ક્ષેત્રમાં જવું. આત્માનું આઆમ થવું, આ પરમાણુનું આમ થવું એમાં સક્રિયત્વ નામનો ગુણ છે તેથી તે ક્ષેત્રાંતર પલટે છે. પોતાના સક્રિયત્વગુણને કારણે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- નહિ, ધર્માસ્તિકાય નહિ. એ બધી નિમિત્તની વાતું છે. સમજાણું કાંઈ? પરમાણુ અને આત્મા આમ.. આમ.. જુઓ! આ આત્મા સાથે આમ ચાલે છેને? તો એમાં આત્મામાં સક્રિયત્વ ગુણ છે. પરમાણુ પોતાને કારણે સક્રિયત્વ ગુણથી તે ચાલે છે. પ્રત્યેક પરમાણુ અને પ્રત્યેક આત્મામાં ગત્યાંતર, ક્ષેત્રાંતર થાય છે તો તેને સક્રિયત્વ ગુણ બેમાં કહ્યો છે. ચાર (દ્રવ્ય) સક્રિય નથી. ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ, કાળ જ્યાં છે ત્યાં છે અનાદિ-અનંત. ધર્માસ્તિ લોકપ્રમાણે છે અસંખ્યપ્રદેશી, જ્યાં છે ત્યાં છે, અધર્માસ્તિ જ્યાં છે ત્યાં છે, કાળ જ્યાં છે ત્યાં છે. અનંત આકાશ પણ જ્યાં છે ત્યાં છે તો એમાં સક્રિયત્વ નથી. ક્રિયાવર્તીશક્તિ કહો, સક્રિયત્વગુણ કહો. સમજાણું

કાંઈ? શું કહ્યું?

જુઓ! આ લાકડી છે કે નહિ? આ લાકડી છે ઇ અહીંયા આમ આમ ગતિ કરે છે. આ આંગળીને કારણે નહિ, એમ કહે છે. એનો સક્રિયત્વગુણ છે માટે ક્ષેત્રાંતર થાય છે. આ આંગળીમાં સક્રિયત્વગુણ છે માટે આમ આમ હલે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ... સ્થિરતા એવી પર્યાય છે. એની પર્યાય સક્રિયત્વ તે સમયની એવી છે. અને ક્ષેત્રાંતર થાય છે તો સક્રિયત્વ એને પોતાને કારણે થાય છે, આંગળીને કારણે નહિ, આત્માને કારણે નહિ. આ વીતરાગધર્મ સર્વજ્ઞદેવ (દ્વારા નિરૂપિત). ઘાસીરામજી! આ કોની વાત ચાલે છે? જૈનધર્મની વાત છે? જૈનમાં તો આટલા વર્ષમાં સાંભળ્યું નથી. સાંભળ્યું નથી એટલે શું જૈનધર્મ બીજો થઈ જાય? સમજાણું કાંઈ? આહા..હા..! સક્રિયત્વ. એક પરમાણુ આમ આમ ચાલે છે તે પોતાના સક્રિયત્વગુણની પર્યાયથી પરિણમન કરીને ચાલે છે. આત્મા પણ પોતાથી એક ગતિમાંથી બીજી ગતિમાં જાય છે તો આત્મા કર્મને કારણે (જાય છે એમ નથી). જેમ શ્રેણિક રાજા નરકમાં ગયા તો કર્મને કારણે ગયા એમ નહિ. એ તો પોતાની સક્રિયત્વ શક્તિની પર્યાયને કારણે આમ ગતિ કરીને ગયા છે.

મુમુક્ષુ :- નરકગતિનો ઉદય આવ્યો.

ઉત્તર :- ગતિ-ફતિ નહિ. ગતિનો ઉદય ગતિમાં રહ્યો. શેઠી! પંડિતો બહુ તકરાર કરે છે. અરે..! સાંભળ તો ખરો. આત્મામાં સક્રિયત્વ નામનો ગુણ છે તો એની પર્યાય ક્ષેત્રાંતર થવાની છે તો તે કારણે ત્યાં નરકમાં ગયા છે. પ્રત્યેક પરમાણુ પોતાની સક્રિયત્વ નામ ક્ષેત્રાંતર ક્રિયા થવાની તાકાત રાખે છે તો પોતાને કારણે સક્રિયત્વ છે. એ બેમાં છે-પુદ્‌ગલ અને જીવ.

**'અક્રિયત્વ,...'** ચાર (દ્રવ્યમાં) છે. ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ, કાળ. અક્રિયત્વ. જ્યાં છે ત્યાં રહ્યા છે. એ ક્ષેત્રાંતર નથી થતા. અક્રિયત્વ નામનો સામાન્યગુણ છે. સામાન્ય કેમ કહ્યું? ચારમાં છેને એટલે. સક્રિયત્વ બેમાં છે માટે. **'ચેતનત્વ,...'** સામાન્ય ગુણ લીધો, જુઓ! નહિતર ચેતનત્વ વિશેષગુણ છે. પણ ચેતનત્વ એકમાં છે એવું બીજામાં છે, ત્રીજામાં એવું છે. અનંત આત્મામાં ચેતનત્વ છે તેથી ચેતનત્વને સામાન્ય ગુણ કહેવામાં આવ્યો છે. જૈન સિદ્ધાંત પ્રવેશિકામાં તેને વિશેષ કહે છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ઇ પછી. અહીં પહેલા આ કહીને.

એક જીવમાં ચેતનત્વ છે, બીજામાં ચેતનત્વ બીજું છે. એનું એની પાસે, હોં! પણ ચેતનત્વ, ચેતનત્વ, ચેતનત્વ, ચેતનત્વ અનેકમાં છે માટે ચેતનત્વને સામાન્ય ગુણ કહેવામાં આવ્યો છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ના, એ વ્યાખ્યા નથી, એ પછી. અહીંયા અત્યારે એક સિવાય બેમાં હોય એનું નામ

સામાન્ય. સમજાય છે કાંઈ? આ તો એકદમ સ્વતંત્ર એક એક પદાર્થમાં છે અને બીજામાં બેમાં હોય તોપણ એને સામાન્યગુણ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? બીજી વસ્તુને લઈ જાઉં છું, પૈસા દઈ શકું છું, પૈસા જાયને આમ. નોટ ચાલે છે, આમ જાય છે. તો કહે છે કે એના સક્રિયત્વ ગુણને કારણે, સક્રિયત્વ ક્રિયાને કારણે એમ ચાલે છે. તારો રાગ આવ્યો માટે ત્યાં પૈસા જાય છે એમ નથી.

મુમુક્ષુ :- પવન આવે તો ઊડી જાય છે.

ઉત્તર :- પવન આવે તો પોતાને કારણે ઊડી છે, પવનને કારણે નહિ. પવનના પરમાણુમાં અને જીવમાં એનું સક્રિયત્વ ભિન્ન છે અને નોટમાં સક્રિયત્વ ભિન્ન છે. સમજાણું કાંઈ? કાગળ ઊડે છેને કાગળ? પવનથી ઊડે છે તો એ પવનથી નહિ, પવનથી નહિ. પોતાના સક્રિયત્વગુણને કારણે તે ઊંચો નીચો થાય છે. આ વાત જૈનદર્શનની જગતને સાંભળવા મળી નથી, કઠણ પડી લોકોને. આ આમ આમ થયું. જુઓ! શું છે? આંગળીથી એ થયું છે? નહિ. આ જુઓ આ લીંબડો છેને? લીંબડાના પાંદડા. પવન આવે તો આમ આમ થાય છે. તો પવનથી હલે છે? નહિ. જુઓ! એ પરમાણુમાં અને આત્મામાં સક્રિયત્વ નામના ગુણને કારણે ચાલે છે. સમજાણું કાંઈ? એમ **'ચેતનત્વ...'** અનેક આત્મામાં હોવાને લીધે તે અપેક્ષાથી ચેતનત્વને સામાન્ય કહેવામાં આવ્યો છે.

**'અચેતનત્વ...'** અચેતનત્વ છે. ચેતન સિવાય પાંચ (દ્રવ્ય) અચેતન છે. ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ, કાળ અને પુદ્‌ગલ. **'કર્તૃત્વ,...'** નામનો ગુણ છે દરેક દ્રવ્યમાં. કહો! આ વળી ક્યાંથી આવ્યું? આત્મા પોતાનો કર્તૃત્વગુણ રાખે છે, પરમાણુ પણ કર્તૃત્વગુણ રાખે છે. ધર્માસ્તિ, અધર્માસ્તિ, છએ દ્રવ્ય કર્તૃત્વગુણ રાખે છે તો પોતાના કર્તાગુણને કારણે એમાં પરિણમન થાય છે. આ ગાથા જ એવી આવી છે. બરાબર ઘાસીરામજી આવ્યા ને સૂક્ષ્મ આવી છે. અમે તો કહ્યું, જૈનદર્શનમાં છે. શેઠ! હમણા તમે બે વખતથી આવ્યા ત્યારે નહોતું લીધું. હવે આવ્યું. એક મહિના પછી આવ્યું.

કર્તૃત્વ નામનો ગુણ છ દ્રવ્યમાં છે. આત્મા કર્તા થાય છે. પરમાણુ કર્તા થાય છે? હા, પરમાણુમાં પણ કર્તૃત્વ નામનો ગુણ છે. આકાશમાં પણ કર્તૃત્વ નામનો ગુણ છે, કાળાણુમાં, ધર્માસ્તિમાં, અધર્માસ્તિમાં છએ દ્રવ્યમાં કર્તૃત્વ નામનો ગુણ છે. એ ગુણથી તેમાં કર્તા થઈને પરિણમન થાય છે. છએ દ્રવ્યમાં કર્તૃત્વ ગુણ છે. કહો, સમજાણું કાંઈ? આત્મામાં કર્તૃત્વ નામનો ગુણ છે તો એને કારણે વિકાર આદિ કરે છે અથવા અવિકાર આદિ થાય છે. વિકાર અને અવિકારનો કર્તા કર્તૃત્વગુણને કારણે છે, કર્મને કારણે નહિ. કર્મના એક એક પરમાણુમાં કર્તૃત્વગુણ છે તો તેને કારણે પોતાના કર્તૃત્વથી પરમાણુ પરિણમી રહ્યો છે. અભ્યાસ જ કર્યો નથી, (જ્ઞાનની) કસરત કરી નથી. સમજ્યા? પ્રયોગશાળામાં ગયો નથી. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ... નહિ, તમે દરકાર જ કરી નથી. અત્યારે શેઠને કહીએ છીએને. એને ઉદ્દેશીને (કહ્યું). ... વાત તો એવી છે, પણ એની દરકાર કરી નથી એટલે એવું મળ્યું પણ નથી.

મુમુક્ષુ :- ...એના પછી થશે...

ઉત્તર :- શું પછી થશે? પહેલા આ સમજ્યા વિના... એવું માની લીધું છે. પછી આ ચાલશે, પહેલા આ કરો. વાત સાચી. આ નિયમ છે કે પ્રત્યેક પદાર્થ પોતાના ગુણ-પર્યાયથી સ્વતંત્ર છે એવો નિશ્ચય કર્યા વિના એની કોઈ ધર્મની પર્યાય થતી નથી. આ નિયમ છે. મકાનનો પાયો. એમ છ દ્રવ્ય ભગવાને જગતમાં જેટલા જોયા, બધામાં કર્તૃત્વગુણ છે એમ નક્કી કર્યા વિના પરનો હું કર્તા થાઉં છું અને એ પર મારામાં કર્તા થાય છે. મિથ્યાદષ્ટિ મૂઢ વિપરીત માન્યતાનું સેવન કરે છે. ભલે એ પરપ્રાણીને નહિ મારવાનો ભાવ કરે, પણ સત્યનો લોપ કરે છે તો એની પર્યાયમાં હિંસા થાય છે. સત્યનો લોપ કરે છે તો એની પર્યાયમાં આત્માની હિંસા થાય છે. એની તો ખબર નથી. સમજાણું કાંઈ?

કહે છે, કર્તૃત્વ નામનો ગુણ પ્રત્યેક પદાર્થમાં પડ્યો છે. પોતાનું કર્તૃત્વ પોતાથી છે. પરમાણુમાં પણ કર્તૃત્વ છે, તેનાથી તે છે. શું કરે? લીલોતરી.. એ રાડ નાખે છે, એકાંત.. એકાંત અનેકાંત-બેની લડાઈ થઈ. અમે અનેકાંતી છીએ, સ્યાદ્વાદ નહિ એકાંત છે. ભગવાન! અરે..! એકાંત, અનેકાંત શું છે ઇ સાંભળ્યું નથી.

અહીંયા કહે છે, કર્તૃત્વ નામનો ગુણ એક એક પરમાણુમાં છે તો પોતાના પરમાણુથી એ પર્યાયમાં પરિણમન થાય છે. કર્તા પરિણામી દ્રવ્ય, કર્તા પરિણામી દ્રવ્ય. એ દ્રવ્ય જ પોતાના કર્તાથી પરિણમે છે. કોઈ દ્રવ્યથી કોઈની પર્યાય કદી ત્રણકાળમાં થતી નથી. સમજાણું કાંઈ? આ સત્ય લક્ષમાં આવ્યા વિના પરનું અભિમાન, હું કરું છું, હું કરું છું, હું કરું છું એ કોઈ દિ' ટળે નહિ. અને હું કરું છું ટળ્યા વિના મિથ્યાદર્શન શ્રદ્ધા એની નાશ થાય નહિ. મિથ્યાદર્શનનો નાશ થયા વિના કોઈ દિ' ચારિત્ર-ફારિત્ર હોતું નથી. સમજાણું કાંઈ?

**'અકર્તૃત્વ,...'** પ્રત્યેક દ્રવ્ય પરનું ન કરે એવો અકર્તૃત્વ નામનો ગુણ છે. પોતાનું કરે એવો કર્તૃત્વ ગુણ છે અને પરનું ન કરે એવો પ્રત્યેક દ્રવ્યમાં અકર્તૃત્વ નામનો ગુણ છે.

મુમુક્ષુ :- મૂળ સિદ્ધાંતની વાત છે.

ઉત્તર :- મૂળ સિદ્ધાંતની વાત છે. શેઠ! એક બીડીનું ફોતરું પણ આત્મા કરી શકે નહિ. કેમકે આત્મામાં પરનું કરવું નહિ એવો અકર્તૃત્વગુણ છે. પરમાણુમાં પણ પર પરમાણુનું ન કરે એવો પરમાણુમાં અકર્તૃત્વગુણ છે. ઓહો..હો..! સમજાણું કાંઈ? આ આંગળી આ લાકડીને ઊંચી લઈ શકે (નહિ) એવો આંગળીમાં અકર્તૃત્વગુણ છે માટે લઈ શકે નહિ. કર્તૃત્વ છે પોતાની પર્યાયમાં કર્તૃત્વ છે. બીજી પર્યાય માટે આ પરમાણુ અકર્તૃત્વગુણ રાખે છે. એમ આત્મા બોલવાની પર્યાયનો અકર્તૃત્વ છે. કરી શકતો નથી. આત્મા પોતાની પર્યાયને કરે છે, પરની ન કરે એવા એક સમયમાં બે ગુણ સાથે છે. એક સમયમાં બે ગુણ સાથે છે. ઓહો..હો..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કર્મ શું કરે? ધૂળ કરે? કર્મ કર્મની પર્યાય કરે. કર્મ આત્મામાં ન કરે એવો કર્મમાં ગુણ

છે. આત્મામાં વિકાર નહિ કરાવવો એવો કર્મમાં ગુણ છે. અકર્તૃત્વગુણ છે કે નહિ? કર્મના એક એક પરમાણુમાં અકર્તૃત્વગુણ છે. આત્માની કોઈ પર્યાય વિકારી કે અવિકારી કરાવી દે એવો પરમાણુમાં ગુણ જ નથી. પોતાની પર્યાય કરે એ કર્તૃત્વ, પરની ન કરે એ અકર્તૃત્વ. આહા..હા..! જરી શાંતિથી સાંભળે નહિ, શું કરે? કોઈ શું કોઈને સમજાવી શકે છે? તો કર્તા થઈ ગયો, જો પરને સમજાવી શકે તો. ઘાસીરામજી! શું સમજાવી શકે છે? એ સમજે ત્યારે બીજાને નિમિત્ત કહેવામાં આવે છે. એ નિમિત્ત એને કંઈ કરાવી નથી દેતું. ઓહો..હો..! સમજાણું કાંઈ?

પ્રત્યેક આત્મામાં અને પ્રત્યેક પરમાણુમાં, એક એક પોંઈટ, હોં! આ તો સ્કંધ છે, પિંડ છે, એક એક રજકણમાં પર રજકણનું અને પર આત્માનું ન કરી શકે એવો અકર્તૃત્વ નામનો એમાં ગુણ છે. કહો, આ તો ભગવાનની કોલેજ છે. એમાં શીખવું પડશે.

મુમુક્ષુ :- અઘરી બહુ છે.

ઉત્તર :- અઘરી ક્યાં છે? માની છે અઘરી. કહો, શરીરનો એક રજકણ આત્માનું ન કરી શકે. આત્મા શરીરના એક રજકણને ન કરી શકે એવો આત્મામાં અકર્તૃત્વ નામનો ગુણ છે. ક્યાં ગયા મોહનભાઈ? શું છે હવે? મોહનભાઈનો આત્મા જેચંદભાઈના આત્માને સમજાવી શકે કે નહિ? ભાઈ! હવે રહેવા દો, રહેવા દો. કોઈ આત્મા બીજા આત્માનું કરે એવો ગુણ નથી. અકર્તૃત્વ નામનો ગુણ આત્મામાં છે. બીજા આત્માનું ન કરી શકે એવો ગુણ છે. પોતાનું કરી શકે એવો ગુણ છે અને પરનું ન કરી શકે એવો એમાં ગુણ છે. આહા..હા..! અરે..! આ જોવે તો ખરા કે આ શું છે? આ કંઈ અહીંની સોનગઢની વાત નથી અહીંયા. આ તો ભગવાન ત્રિલોકનાથે કહ્યું એવું કુંદકુંદાચાર્યે કહ્યું. એનું સ્પષ્ટીકરણ અમૃતચંદ્રાચાર્ય કરે છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- માથું ફરી જાય એવું છે.

ઉત્તર :- માથું ફરી જાય એવું છે આમાં, સવળું થઈ જાય ફડાક દઈને. બધું મટી જાય. રોગ-બોગ કાંઈ ન મળે, ધૂળમાંય ન મળે. સવળું ફરી જાય, ભાઈ કહે છે, જુઓ! કહો, શેઠ! અમારા શેઠને કહોને, અત્યાર સુધી આ બધું કર્યું, કર્યું, શું કર્યું? પરનું ન કરી શકે એવો ગુણ આત્મામાં છે, એમ કહે છે.

મુમુક્ષુ :- અત્યાર સુધી કરતા રહ્યા...

ઉત્તર :- માન્યું, કરતો રહ્યો નહિ. માને છે, માને છે કે હું કરું છું. એ માને એ બીજી વાત છે, પણ કરી શક્યો નથી. પરનું કદી કરી શકે નહિ. એવો ગુણ જ છે. જુઓને!

**'અકર્તૃત્વ,...'** સામાન્યગુણ. સામાન્ય નામ પ્રત્યેક દ્રવ્યમાં સ્વતંત્ર રહે છે. તો પરનું ન કરી શકે એવો ગુણ છે. આહા..હા..! એક ગુણ શીખેને, એક. અમારે તો માસ્તર કહેતા હતાને, કહેતા હતા. છ સામાન્યગુણ, છ કારક અને ચાર અભાવ-આ શીખે તો પૂરું બધું એમાં સમાઈ જાય છે. નહોતા કહેતા? અહીં કહ્યું હતુંને? માસ્તર, હિરાચંદ માસ્તર. ષટ્કારક. કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન, અધિકરણ. ષટ્ કારક શીખે. છ ગુણ સામાન્ય-અસ્તિત્વ, વસ્તુત્વ આદિ. ચાર અભાવ.

પ્રાગભાવ, અત્યંતાભાવ, અન્યોન્યાભાવ, પ્રધ્વંસાભાવ. આ શીખે તો બધા ન્યાય એમાં આવી જાય છે. સમજાણું કાંઈ?

આ એક એક શબ્દમાં વાંચી જાય. આમાં સામાન્ય ગુણ છે. પણ શું? શું કહે છે? ગુણ એને કહે છે કે વિસ્તારવિશેષ છે. ત્યાંથી લેવું. પ્રત્યેક પદાર્થમાં એ ગુણ વિસ્તારરૂપે રહેલા છે. પરમાણુ દ્રવ્ય છે એમાં આ અકર્તૃત્વ નામનો ગુણ વિસ્તાર.. વિસ્તાર.. વિસ્તાર ફેલાયેલો છે. તો એનો અકર્તૃત્વગુણ એક દ્રવ્યમાં વર્તમાન ફેલાયેલો છે એવા અનંત ગુણ ફેલાયેલા છે. એક સમયમાં અનંત ગુણ પ્રસરેલા છે. આહા..હા..! એક પરમાણુ, એવો એક આત્મા, એક સિદ્ધ કે કાળાણુ. શું મોતીરામજી! કદી કર્યું નથી પોણો સો વર્ષ થઈ ગયા તો. ઘુસ્યું નહિ?

મૂળ સિદ્ધાંત છે, આ તો એકડા છે એકડા. એક, બે, ત્રણ, ચાર, પાંચ, છ... દસ. બસ! પછી દસમાં બધા આંકડા છે. પછી દસ સિવાય કોઈ વિશેષ આંકડા છે? અગિયાર કહે તો બે એકડા. બાર કહે તો એક અને બે. એમાંથી આવ્યા. દસમાંથી લાખો, કરોડો, અબજો આંકડા (થાય). દસ સિવાય કોઈ અગિયારમો અંક નથી. એમ આ મૂળ ચીજની સંખ્યા છે. મૂળ ચીજમાં આ છે કે મારામાં પરનું કર્તૃત્વ નથી અને મારું કર્તૃત્વ મારી પાસે છે. બધા પરમાણુ કોઈ બીજા પરમાણુનું કરે એમ નથી અને પરમાણુ પોતાનું કર્યા વિના રહે નહિ. કર્યા વિના રહે નહિ અને પરનું કરે નહિ. એવો એક એક સમયમાં બે ગુણ એકસાથે, અનંત ગુણની સાથે આ બે ગુણ રહ્યા છે. વિસ્તારવિશેષ. ફેલાયેલા, પ્રસરેલા. પ્રત્યેક દ્રવ્યમાં આમ એક ક્ષેત્રમાં, એક સમયમાં બધા રહ્યા છે. આહા..હા..! દ્રવ્ય કહે. છ દ્રવ્ય, પાંચ અસ્તિકાય એવા નામ લે. સમજે નહિ કાંઈ. સાત તત્ત્વ અને નવ પદાર્થ. સમજાણું કાંઈ?

**'ભોક્તૃત્વ,...'** પ્રત્યેક દ્રવ્યમાં ભોક્તા નામનો ગુણ છે. પોતાની પર્યાયને ભોગવે પ્રત્યેક દ્રવ્ય. બીજાને નથી ભોગવતો. ભોક્તૃત્વ નામનો છએ દ્રવ્યમાં ગુણ છે. પરમાણુમાં પણ પોતાનો ભોક્તા (ગુણ છે). પોતાની પર્યાયને ભોગવે. ભોક્તાગુણ છે. આત્મા પોતાની પર્યાયને ભોગવે એ ભોક્તાગુણથી છે. ગુણની પર્યાય છે, પણ ગુણથી છે. બધા દ્રવ્યમાં ભોક્તાગુણ એક સમયમાં વિસ્તારવિશેષ ફેલાયેલા પ્રદેશમાં-ક્ષેત્રમાં એકસાથે ફેલાયેલા છે. એવો ભોક્તા નામનો ગુણ પોતે પોતાને ભોગવે છે.

**'અભોક્તૃત્વ...'** આ આત્મા દાળ, ભાત, શાક ભોગવી શકે નહિ. આત્મા પરદ્રવ્યને ભોગવી શકતો નથી. એવો અભોક્તૃત્વ નામનો આત્મામાં ગુણ છે.

મુમુક્ષુ :- અવાજ આવે છેને?

ઉત્તર :- અવાજ-બવાજ કાંઈ આવતો નથી, જાણે છે આત્મા કે આ અવાજ. જાણે છે. અવાજ તો જડ છે અને આત્મા તો ચૈતન્ય છે. શું જડનો અવાજ એનામાં આવી જાય છે? જ્ઞાનમાં જણાય છે કે આ મીઠું છે કે કડવું છે, બસ એટલું. એ જ્ઞાનનો ભોક્તા થાય છે. એમાં રાગ કરે તો રાગનો ભોક્તા થાય છે. પરચીજનો ભોક્તા ત્રણકાળ ત્રણલોકમાં કોઈ વસ્તુ નથી. આ ... સવારે ઉઠવું, દૂધ

પીવું, દસ વાગે રોટલી-દાળ ખાવા, બપોરે વળી ચા-બા પીવી, સાંજે ખીચડી, કઢી અને પાપડ ખાવા. ખીચડી નહિ? હવે તો શું કહેવાય આ? ફરસાણ.. ફરસાણ. ફરસાણ થઈ ગયું સાંજે. ભજીયા ને પુડલા ને થેપલા ને એવું થાય છે. શું કહે છે? આત્મા ખાઈ શકે છે? પરમાણુ ખાઈ શકે છે? પરમાણુ પોતાની પર્યાયનો ભોક્તા, પરની પર્યાયનો અભોક્તા. કર્મના ઉદયનો આત્મા અભોક્તા. અનુભાગનો ભોક્તા એ પરમાણુ છે, એનું પુદ્ગલ, આત્મા નહિ. કર્મના ઉદયમાં અનુભાગ આવ્યો એનો ભોક્તા એ પરમાણુ છે. અને આત્માનો અભોક્તા એ પરમાણુ. આત્મા પોતાની પર્યાયનો ભોક્તા, કર્મના અનુભાગનો અભોક્તા. સમજાણું કાંઈ?

દાળ, ભાત, રોટલી કોણ ખાય છે? એમ કહે છે. આવું પાણી બનાવો, ... બનાવો, .. બનાવો, પુરી બનાવો, થેપલા બનાવો. કોણ બનાવે? કોણ ખાય? ભારે ભ્રમ, ભાઈ! દૂધપાક-બુધપાક હોય. સરખા બે શેર, અઢી શેર ચડાવી જાય. હવે આજે કેમ છે? ઊંઘ આવે છે, દૂધપાકના ભારને લઈને. એમ હશે? બધી ભ્રમણા છે અજ્ઞાનીની. પોતાની પર્યાયનો આત્મા ભોક્તા અને દૂધપાકની પર્યાયનો અભોક્તા.

મુમુક્ષુ :- ગોમ્મટસારમાં આવે છે, દૂધપાક ખાય તો ઊંઘ આવે.

ઉત્તર :- એ આવે છે એ બધી નિમિત્તની વાતું. વ્યવહાર લખાણ એટલા બધા. નિમિત્ત કોણ હતું એનું જ્ઞાન કરાવવાની વાત છે. કહો, આ ઢોર ઘાસ ખાઈ શકતા નથી. દૂધ દઈ શકતા નથી. કહો! દૂધના પ્રત્યેક પરમાણુ પોતાની પર્યાયનો ભોક્તા છે અને પરનો અભોક્તા છે. અરે..! જૈનદર્શન વીતરાગદેવ દ્રવ્યનો સ્વભાવ શું કહે છે, સાંભળ્યું નથી. વિચારે નહિ અને એમ ને એમ ચાલ્યા જાય. શું કરે? કોઈનો કોઈ ઉપર અધિકાર છે? ઇ તો કહે છે કે ભાઈ! કોઈનો અધિકાર નથી. ભગવાન પણ સમવસરણને ભોગવી શકે છે? ભગવાન સમવસરણ રચે છે?

મુમુક્ષુ :- દેવ રચે.

ઉત્તર :- દેવ રચે છે? ના, ના પાડે છે અહીંયા તો. એ સમવસરણની પર્યાય પોતાથી રચાય છે, દેવથી પણ નહિ. ઓહો..હો..! સમજાણું કાંઈ? કહે છે કે ભગવાનનો અતિશય. હરણ અને સિંહ સાથે બેસે છે. જુઓ! અતિશય. અહીં કહે છે કે ના. ભગવાનની પર્યાયનો ભોક્તા, ભગવાન પરના અભોક્તા. તે સમયે હરણની પર્યાયનો ભોક્તા હરણ અને પરનો અભોક્તા હરણ. નિર્ભય થયો તો એની પર્યાયમાં, ભય થયો તો એની પર્યાયમાં. ભગવાનથી નહિ. ઓહો..હો..! જગતમાં રાડ નાખી જાય, હોં! અતિશય લાગુ પડે મહાપુરુષોના, મહાપુરુષના પ્રભાવથી આમ ફૂલ થઈ જાય, ફલાણું થઈ જાય... અહીં ના પાડે છે. એ તો એના પુણ્યના કાળને સમજાવવાનું કથન છે. સમજાણું કાંઈ? કહો, મોહનભાઈ!

ઓહો..! પ્રત્યેક આત્મા, નિગોદના જીવ કર્મના અભોક્તા છે. આહા..હા..! કેવી શૈલીથી વાત કરી! ગાગરમાં સાગર ભરી દીધો છે!! બધાની સાથે સિદ્ધાંત લાગુ પાડી દો. નિગોદના જીવ પણ પોતાની પર્યાયને ભોક્તા છે, કર્મનો અભોક્તા છે. કર્મ પોતાની પર્યાયનો ભોક્તા છે, જીવનો

અભોક્તા છે. કહો, બરાબર હશે આ? ...! શું છે અહીંયા? ત્યાં ભીંડમાં તકરાર થશે. આહા..હા..! અરે..! ભગવાન! કોની સાથે તકરાર કરવી? શું કરવું? એકાંત, અનેકાંતને સમજ્યા વિના...

અહીં તો શું કહે છે? કથંચિત્ પરનો ભોક્તા, કથંચિત્ અભોક્તા એ અનેકાંત છે. અહીં કહે છે કે પોતાનો ભોક્તા છે, પરનો ભોક્તા નથી તે અનેકાંત છે. આહા..હા..! એકાંત અનેકાંતની વ્યાખ્યા કરી. સોનગઢ એકાંત, અમે અનેકાંત. સોનગઢ સ્યાદ્વાદિ નહિ અને અમારી શૈલી સ્યાદ્વાદ. અરે..! ભગવાન! ભાઈ! રહેવા દે, પ્રભુ! આકરું પડશે તને. આકરું પડશે, ભાઈ! કોઈનું કોઈ કરી શકતું નથી.

મુમુક્ષુ :- આ વાત તો સંસારમાર્ગથી ....

ઉત્તર :- બિલકુલ વિરૂદ્ધ છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ભાગે છે. શેઠ બરાબર કહે છે. અહીં તો આપણને કોઈ કહેતું નથી, આપણને કોઈ કહેતું નથી. વાત સાચી છે. જુઓ! તમારી પાસે છે કે નહિ? તમને નામ બતાવીએ છીએ. તમારા ચોપડામાં લખ્યું છે, જુઓ! પાંચ હજાર આપ્યા હતા. જુઓ! જમા પડ્યા છે. હા, છે અમારા ચોપડામાં. ઉકેલ ન આવડે તો આંધળા... એ કંઈ કહેતા નથી. કેમકે પોતાની પર્યાય પોતાથી થાય છે, એની પર્યાયથી અહીં નથી થતી. કહો! શાસ્ત્રની પર્યાયનો આત્મા ભોક્તા નથી. શાસ્ત્રની પર્યાયનો આત્મા અભોક્તા છે. આ તો શાસ્ત્ર છે, પરમાણુની પર્યાય છે, અજીવ છે. તો એની પર્યાયનો આત્મા ભોક્તા નથી, આત્માની પર્યાયનો આત્મા ભોક્તા છે. એનાથી પોતાની પર્યાય સમજાતી નથી અને પોતાની પર્યાય પોતાથી સમજાય છે એમ કહે છે. શાસ્ત્ર પણ શાસ્ત્રથી સમજાતા નથી. શાસ્ત્ર પરદ્રવ્ય છે. પોતાનું સ્વદ્રવ્ય છે. તારી પર્યાય તારાથી થાય છે, એની પર્યાય એનાથી થાય છે. એની પર્યાયથી તારી પર્યાય થતી નથી. બહુ સૂક્ષ્મ માથું ફેરવવાનું છે. ધાસીરામજી! સાંભળે છે બરાબર. કદી સાંભળ્યું નથી આ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ન મળ્યું તો શું પણ? મળે ત્યારે તો ખુશી થઈને સાંભળવું જોઈએને. ગરીબ માણસને કંઈ ન મળે, કોઈ ઠેકાણે લાડવા મળી જાય તો નથી ખાતા? આહા..! આજે તો લાડવા (ખાધા). આહા..! અરે..! અમારે ઘરે... અરે..! મહેમાન સારા આવે તો નથી કહેતા? તમારા પગલા આજે અમારા ઘરે થયા, અમારે સોનાનો સૂરજ ઊગ્યો, એમ નથી કહેતા? એમ અહીં કહે છે કે સાચી સમજણ ઘરે આવે ઇ સોનાનો સૂરજ ઊગ્યો. બીજું શું છે? સમજાણું કાંઈ? આ એક ગાથા બરાબર સમજેને, બરાબર સમજે તો ભેદજ્ઞાન થઈ જાય.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- વર્તમાનની વાત કહે છે, જુઓ! વર્તમાનમાં ભગવાન કહે છે કે તારી આ દશા આ પ્રકારે થઈ રહી છે. પરના અભોક્તાની દશા થઈ રહી છે, તારી ભોક્તાની દશા તને વર્તમાનમાં

થઈ રહી છે, એમ કહે છે. ભાઈ! ફેર પડે. તમાકુ હોય તો આમ નશો ચડી જાય, દારૂ હોય તો નશો ચડી જાય. અહીં કહે છે કે, દારૂની પર્યાય દારૂમાં છે. તારી પર્યાય તારામાં છે. શું દારૂની પર્યાયથી તને મદ ચડ્યો છે? તારી પર્યાય તારાથી ઉત્પન્ન થઈ છે. દારૂની પર્યાય દારૂથી (થઈ છે). દારૂ કહે છેને? શરાબ. આહા..હા..! પ્રભુ! તારી વાત, તારી લીલા કોઈ પરથી ભિન્ન છે. જગતની લીલા એમાં ચાલે છે. કોઈની લીલા કોઈથી ચાલતી નથી. આહા..!

ભોક્તા, અભોક્તા ભાવ. ઓલો કહે, વ્યવહારથી તો ખાઈ શકેને? વ્યવહારથી ખાઈ શકે એમ કહે છે. નિશ્ચયથી ખાઈ શકતો નથી, વ્યવહારથી ખાઈ શકે છે એનું નામ અનેકાંત. અહીં કહે છે કે, નિશ્ચયથી ખાઈ શકતો નથી અને વ્યવહારથી પણ ખાઈ શકતો તો નથી જ. બોલવામાં આવે છે. એ તો કથનશૈલી અસત્ય જૂઠા નયની છે. એણે આ ખાધું, આણે આ પીધું એ તો જૂઠા કથનથી છે, વસ્તુસ્થિતિ એમ નથી. હવે શું કરવું? ચા-પાણી, દૂધ પીવા કે નહિ? કેમકે દૂધનો અભોક્તા છે આત્મા. રોટલી, દાળ, ભાતનો અભોક્તા છે. તો હવે એ વખતે ખાવું કે નહિ? દસ વાગે રોટલી થશે. આહા..હા..!

ભગવાન! તારી પર્યાયમાં તું રમે છે, એની પર્યાયમાં ઇ જડ રમે છે. એની પર્યાય તારામાં નથી આવતી, તારી પર્યાય ત્યાં નથી જાતી. રોટલી, દાળ, ભાતના અહીંયા ટૂકડા થાય છે તો એ તો જડની પર્યાયમાં થાય છે. શું તારાથી થાય છે? તારામાં થાય છે? તેં ખાધું, તે પીધું? બિલકુલ નહિ. સમજાણું કાંઈ? જગતથી ઊંધું ભારે! ઓલા કહે, બધાનું કરી દઈએ. માણસનું, ઢોરનું, ... ભગવાન! તારામાં જે ગુણ નથી એ ક્યાંથી લાવીશ? પરનો અકર્તાનો ગુણ છે, પરના અભોક્તાનો ગુણ છે. તારા કર્તા-ભોક્તાનો ગુણ તારામાં છે. બીજો ગુણ નથી તો ગુણ લાવીશ ક્યાંથી? કેમ શોભાલાલજી! કેટલું કર્યું ... ? ...

પોતાની સત્તામાં... પહેલા કહ્યું હતું, પોતાની સત્તાથી દ્રવ્ય અભિન્ન છે. ઉત્પાદ-વ્યય-ધ્રુવ ત્રિપુટીથી સહિત છે અને ગુણ-પર્યાય સંયુક્ત છે. એ વાત ચાલતા ચાલતા આ ગુણનો પાંચમો બોલ આવ્યો છે. પહેલા સત્તાનો બોલ લીધો, ઉત્પાદ-વ્યય-ધ્રુવનો લીધો. ચાર ઇ, ગુણનો પાંચમો બોલ ચાલે છે. છઠ્ઠા બોલ પર્યાયની વાત બાકી છે. સમજાણું કાંઈ? કોણ અવાજ કરી શકે? કોણ ધીમું બોલી શકે? કોણ ઉગ્ર બોલી શકે? કોણ કંઠ હલાવી શકે? આહા..હા..! કોણ આંગળી હલાવી શકે? આમ આમ ચામડી.. માખી બેઠી હોયને માખી. આહા..હા..! એ એક એક પરમાણુ પોતાની પર્યાયથી પરિણમે છે, જીવથી નહિ. અને એ માખી ઊડે છે એ પોતાની પર્યાયથી ઊડે છે. તેં ચામડી આમ કરી માટે ઊડી એમ નહિ. ચામડીમાં આમ થયું માટે માખી ઊડી એમ નથી. આ દાખલા બહુ આકરા છે.

એક છોકરો નહિ? હમણા દાખલો આકરો પડ્યો. માકડનું જે કહેને ઇ ખાધું. (માકડની) દવા. વળી બચી ગયો. ખબર પડી, હમણાં છાપામાં આવ્યું હતું. નહિ? ધર્મચંદભાઈ છે કે નહિ? લાવ્યા હતા. નવમીમાં ભણતો હતો. શું કહેવાય? પેપર આકરા હશે. તો માકડ મારવાની દવા ઘરમાં

હશેને. ઇ દવા થઈ ગઈ હવે. ઇ નવું થયું વળી. નહિતર તો અફીણ-બફીણ લઈ આવતા. ઊંઘની ગોળી ખાઈ લે? ઊંઘની ગોળી ખાય તો મરી જાય? વધારે ખાય તો. અહીં કહે છે કે ઊંઘની ગાળી ખાઈ શકતો નથી, પી શકતો નથી. શું કરવું? ઓહો..હો..! આ જાણે કે સોનગઢનું છે. અરે..! સોનગઢનું (નથી), બાપા! સર્વજ્ઞ પરમાત્માના (ઘરનું) છે. અરે..! ભગવાન! સર્વજ્ઞ ત્રિલોકનાથ પરમાત્મા પ્રભુ કહે છે. ઓહો..!

આ દેહ આમ પડી જશે. પણ શું કરી શકે છે? અત્યારે શું કરી શકે છે? ત્યારે શું કરી શકીશ? એક દિવસ એવો આવશે, ... રોશે, પચ્ચીશ, પચાસ, સો માણસ.. અરે..! શું થયું? ભાઈને શું થયું? ભાઈને શું થયું? અરે..! અંદર દુ:ખે છે, બોલી શકતો નથી. એ દુ:ખે છે એ પોતાની પર્યાયમાં કષાયનું દુ:ખ છે. પરને અડતો નથી, સ્પર્શ્યો જ નથી, શ્વાસ આવ્યો જ નથી, શ્વાસને અડ્યો જ નથી. શ્વાસ રોકાઈ જશે તો એને કારણે. આમ ચાલતા ચાલતા રોકાઈ જશે. ડુંટી તરફ શ્વાસ ચાલે છે તે બંધ થઈ જશે. ઊંચે ચડશે. એ ક્રિયાનો તું કર્તા નથી અને એ ક્રિયાનો તું ભોક્તા નથી. આહા..હા..!

આ જ્ઞેય અધિકાર છે. જ્ઞેય નામ જાણવાલાયક વસ્તુમાં આવો સ્વભાવ છે. આમ જાણે તો એનું જ્ઞેયનું જ્ઞાન સાચું કહેવાય. આનાથી વિપરીત જાણે તો જ્ઞાન સાચું નથી, શ્રદ્ધા પણ સાચી નથી. મિથ્યાદર્શન છે. અરે..! ભગવાન! થોડું શાંતિથી (સમજે તો સમજાય). જેટલા વિરોધ કરવાવાળા લખે છેને, એટલું શાંતિથી તો જો થોડી વાર વાંચેને... વિરોધના લખે છે, ભલે વિરોધ તને ભાઈ લાગે, પણ તું એક ગાથા વાંચ તો ખરો શાંતિથી, ધીરજથી. એના અર્થનો નિકાલ તો કર કે પૂર્વાપરવિરોધ રહિત શું છે. સમજાણું કાંઈ? આટલો વખત.. એ.. એકાંત છે, સોનગઢ એકાંત છે, પોતાની વાત ફેલાવવા માંગે છે, અનેકાંત તોડી નાખે છે. ભાઈ! તું આટલો વિચાર કરને, પ્રભુ! તો તને ખબર પડશે કે શું ચીજ છે.

મુમુક્ષુ :- થોડું તમારું માનીએ, થોડું એમનું માનીએ.

ઉત્તર :- એમ છે જ નહિ અહીંયા. અહીં તો જે પોતાની પર્યાયમાં સત્ય છે તેને માનવું. સમજાણું કાંઈ? ઓહો..હો..! કેટલું વિશેષ લીધું! **'अपरिच्चत्तसहावेणुप्पादव्वयधुवत्तसंबद्धं। गुणवं च सपज्जायं' 'गुणवं च सपज्जायं'** એમ લીધું. છેને મૂળમાં એ શબ્દ? સમજાણું કાંઈ? **'गुणवं च सपज्जायं'** એમ છેને મૂળમાં? **'गुणवं च सपज्जायं'** ઓહો..હો...! એક શ્લોકમાં તો દરિયો ભરી દીધો છે. જેટલું સ્પષ્ટીકરણ કરીએ એટલું એમાંથી નીકળે.

**'અભોક્તૃત્વ,...'** એક આત્માએ કદી શરીરને ભોગવ્યું નથી, સ્ત્રીને ભોગવી નથી, દાળને ભોગવી નથી, પાણી પીધું નથી. પાણીથી આત્માની તૃષા કદી છિપાણી નહિ. અરે..! ભગવાન! આ વળી કોઈ કહે કે આવું ભાન હોય ને વળી છન્નુ હજાર સ્ત્રી કેમ રાખે છે? અરે..! ભગવાન! કોણ રાખે છે? એ હોય છે, રાગના કાળમાં રાગ આવ્યો. એ રાગને પણ હું જાણનારો છું. અને મારું જ્ઞાન રાગને સ્પર્શ્યું નથી. અને રાગ એ ચીજને અડતો નથી, એ ચીજ મારા રાગને અડતી નથી.

આવું ભેદજ્ઞાન સમયે સમયે ધારાવાહી જ્યાં ચાલે છે... આહા..હા..! ત્યાં બંધ કેવો? સમજાણું કાંઈ?

છેલ્લો એક ગુણ રહ્યો. અગુરુલઘુત્વ. છએ દ્રવ્યમાં એક **'અગુરુલઘુત્વ...'** નામનો ગુણ છે. પોતાની પર્યાયથી હીણી અને અધિકની મર્યાદામાં રહે. તદ્દન પર્યાય વિનાનો ન થઈ જાય, પર્યાય અધિક છે તેનાથી આગળ ન વધી જાય. અથવા કોઈ ગુણ વીંખાઈ ન જાય. વીંખાઈને શું કહે છે? બિખર ન જાય. પ્રત્યેક દ્રવ્યના જેટલા ગુણ છે તે વીંખાઈ નથી જતા અને પોતાની પર્યાય પણ એમાં છૂટી નથી જાતી. **'અગુરુલઘુત્વ ઇત્યાદિક સામાન્યગુણો છે;...'** લ્યો. ઇત્યાદિક એટલે ઘણા ગુણ છે, અનંત. આચાર્ય કેટલા કહે? અનંત છે. આટલા કહ્યા, આટલામાં બધું આવી જાય છે. એક દસ અંકમાં બધું આવી જાય છે એમ આમાં બધું આવી જાય છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પર્યાય પણ છૂટતી નથી. પોતાની પર્યાય બીજામાં જાતી નથી. બીજી પર્યાય અહીંયા આવતી નથી. કેટલા બોલ થયા? એક, બે, ત્રણ, ચાર, પાંચ, છ, સાત, આઠ, નવ, દસ, અગિયાર, બાર, તેર, ચૌદ, પંદર, સોળ, સત્તર, અઢાર, ઓગણીસ, વીસ, એકવીસ. એકવીસ એકવીસ. ઓલામાં પણ એકવીસ લીધા છે, હોં! આલાપપદ્ધતિમાં બીજા એકવીસ લીધા છે. સામાન્ય એકવીસ લીધા છે આલાપપદ્ધતિમાં. ... આપણે મેળવ્યા નથી. સમજાય છે કાંઈ?

આ ગાથામાં પાંચ બોલ ચાલ્યા. એક બોલ બાકી રહ્યો પર્યાયનો. પ્રત્યેક દ્રવ્ય.. છેને? 'दव्वं' પાઠ છેને? જુઓને.

**अपरिच्चत्तसहावेणुप्पादव्वयधुवत्तसंबद्धं।**
**गुणवं च सपज्जायं जं तं दव्वं ति वुच्चंति।।९५।।**

ભગવાન સર્વજ્ઞદેવ એને દ્રવ્ય કહે છે. ત્રિલોકનાથ દેવાધિદેવ જૈન પરમેશ્વર એને દ્રવ્ય કહે છે. દ્રવ્ય નામ વસ્તુ કહે છે કે પ્રત્યેક વસ્તુ પોતાના સ્વભાવથી ભિન્ન નથી હોતી, પ્રત્યેક વસ્તુમાં એક સેકંડના અસંખ્યભાગમાં ઉત્પાદ-વ્યય-ધ્રુવ થતા રહે છે, પ્રત્યેક વસ્તુ પોતાના સામાન્યગુણ બીજામાં છે એવા પોતામાં પણ રાખે છે અને પ્રત્યેક વસ્તુમાં વિશેષગુણ પોતપોતામાં છે અને બીજામાં નથી એવા ગુણ રાખે છે. સમજાણું કાંઈ? હજી સામાન્યગુણની વ્યાખ્યા થઈ, હજી વિશેષગુણની બાકી રહી. પાંચમા બોલનો એક બોલ બાકી રહ્યો. પાંચમા બોલમાં એક અડધો બોલ ચાલ્યો.

**'અવગાહનહેતુત્વ,...'** આકાશમાં એક અવગાહનહેતુત્વ નામનો વિશેષગુણ છે. સર્વવ્યાપક આકાશ છે. બધા પરમાણુ, આત્મા અંદર રહી શકે એવો અવગાહન નામનો ગુણ છે. એ વિશેષગુણ છે, ઇ આકાશમાં જ છે, બીજામાં નથી. અવગાહનહેતુત્વ. આકાશમાં, આકાશ નામના પદાર્થમાં અવગાહનહેતુત્વ નામનો ગુણ છે. **'ગતિનિમિત્તતા,...'** ધર્માસ્તિકાય એક (દ્રવ્ય) છે. ચૌદ બ્રહ્માંડમાં ભગવાને જોયો એમાં ગતિનિમિત્તતા એક વિશેષગુણ છે. એ બીજા પાંચમાં નથી. ધર્માસ્તિકાયમાં જ ગતિનિમિત્તતા છે. જડ, ચૈતન્ય ગતિ કરે એમાં નિમિત્ત થવું એવો

ધર્માસ્તિકાયનો ગુણ છે. **'સ્થિતિકારણત્વ,...'** બધાના શબ્દ ફેરવ્યા. અધર્માસ્તિકાય સ્થિતિકારણત્વ. નિમિત્તતા કહો, કારણત્વ કહો, હેતુત્વ કહો બધું એક જ છે અહીંયા. સમજાણું કાંઈ? અધર્માસ્તિકાય નામનો ચૌદ રાજુલોકમાં એક પદાર્થ છે. જીવ, જડ ગતિ કરતા રોકાઈ જાય તો એમાં નિમિત્ત પડે છે એ સ્થિતિકારણત્વ નામનો વિશેષગુણ અધર્માસ્તિકાયમાં છે, બાકી પાંચમાં નથી.

**'વર્તનાયતનત્વ,...'** વર્તનાયતનત્વ. વર્તન-આયતનત્વ. એ કાળ નામનો (દ્રવ્યનો) ગુણ છે. દરેક પદાર્થ પરિણમન કરે છે તો એમાં નિમિત્ત થવું એ પોતાનો વર્તનાયતનત્વ નામનો કાળ નામના અસંખ્ય અણુ છે ચૌદ બ્રહ્માંડમાં આકાશ જેટલા અસંખ્ય છે. એક એક આકાશના પ્રદેશમાં એક એક કાળાણુ છે. કાળાણુ અનંત ગુણનો પિંડ, હોં! એમાં સામાન્ય-વિશેષ બધા (ગુણો) છે. એમાં વિશેષગુણ વર્તનાયતનત્વ છે. અને પુદ્ગલમાં **'રૂપાદિમત્ત્વ,...'** પરમાણુ પરમાણુ. આ પરમાણુ, પોંઈટ, આ સ્કંધ, આ વાણી,... રૂપાદિ. રૂપ, વર્ણ, ગંધ આદિ, એમ. સમજ્યા? રંગ, રૂપ એટલે રંગ આવી ગયો. ગંધ, રસ અને સ્પર્શાદિ એ વિશેષગુણ પુદ્ગલમાં છે, પરમાણુમાં છે, જડમાં છે.

**'ચેતનત્વ,...'** એ આત્મામાં ચેતનત્વ છે, પાંચમા નથી એ અપેક્ષાથી વિશેષ કહ્યું. પહેલા ચેતનત્વને સામાન્ય કહ્યું હતું, અહીંયા ચેતનત્વને વિશેષ કહ્યું. સામાન્ય, અનેકમાં રહે છે એ અપેક્ષાએ સામાન્ય કહ્યું. અને પાંચમાં નથી રહેતો અને એક આત્મામાં રહે છે એ અપેક્ષાથી વિશેષ કહ્યું. સમજાણું કાંઈ? ચેતનત્વ. લ્યો, એમાં પણ ચેતનત્વ આવ્યું હતું. એક જ શબ્દ છે. પણ શબ્દમાં એ ચેતનત્વ સામાન્યગુણમાં લીધું હતું, અહીંયા વિશેષમાં (લીધું). ખાસ જીવમાં છે, પાંચમાં નથી એ અપેક્ષાએ વિશેષ કહ્યું. એમાં અનંત જીવમાં છે એ અપેક્ષાથી સામાન્ય કહ્યું. પાંચ બોલ થઈ ગયા. સત્તા, **'सत् द्रव्यलक्षणं'**, **'उत्पादव्ययध्रौव्ययुक्तं सत्'**, **'गुणपर्यायवत् द्रव्यं'**. એમાં ગુણ સામાન્ય અને વિશેષ બેય આવી ગયા.

**'પર્યાયો તે આયતવિશેષો.'** છે. જુઓ હવે! ગુણ શું હતા? ગુણની વ્યાખ્યા શું હતી? એ.. ધર્મચંદજી! ભગવાન જાણે. ... થઈ જાય છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- નહિ, નહિ, નહિ. વિસ્તારવિશેષ.

જુઓ! ગુણ વિસ્તારવિશેષ. પર્યાય આયતવિશેષ. જુઓ! એમાં અને આમાં ફેર છે, મોટો ફેર છે. વિશેષ છેને? દ્રવ્ય છે એ તો વસ્તુ છે. એમાં ગુણ છે તે વિસ્તાર, વિસ્તાર આમ એકસાથે વિસ્તાર, ફેલાયેલા છે, એક સમયમાં ફેલાયેલા છે. વિસ્તારવિશેષ. દ્રવ્ય સામાન્ય, ગુણ વિસ્તારવિશેષ અને પર્યાય આયતવિશેષ. સમયે સમયે પર્યાય લાંબી લાંબી આમ ઊર્ધ્વ અનાદિ-અનંત (ચાલે છે). પર્યાય એકસાથે નથી રહેતી. ગુણ વિસ્તારવિશેષ. દરેક પદાર્થમાં વિસ્તાર ફેલાયેલા એક સમયમાં અનંત ગુણ. એક સમયમાં, એ વિસ્તારવિશેષ. પર્યાય એક સમયમાં નહિ. પર્યાયમાં એક ગુણની એક પર્યાય એક સમયમાં. આમ આયતવિશેષ. એક પછી એક, એક પછી એક, એક પછી એક જે પર્યાય થાય છે, આયત નામ લંબાઈની અપેક્ષાથી આયતવિશેષ દ્રવ્યની

પર્યાયને કહે છે. કહો, આ આયતવિશેષ છે, એમાં શું ફેરફાર કરવો? જેમ વિસ્તારવિશેષમાં કોઈ ફેરફાર થતો નથી, એમ આયતવિશેષ જે જ્યાં જ્યાં થાય છે ત્યાં ફેરફાર થઈ શકતો નથી. આહા..હા..! કઠણ પડે માણસને. એમાં ક્રમબદ્ધ આવ્યું એમાં ભારે ઝઘડા કર્યા. પ્રકાશચંદજી કહેતા હતા, ક્રમબદ્ધ આવ્યું જૈન અંગનો એક મહાન અંગ પૂરું થયું, નહિતર એક રહી જાતું હતું. જબલપુર ગયાને જબલપુર? પ્રકાશચંદજી હતાને, હવે દિલ્હી ગયા. સન્મતિ સંદેશ કાઢે છે. હિતૈષી. ઇ કહેતા હતા જ્યારે ત્યાં ગયા તે દિ'. સંવત ૨૦૧૩ની સાલમાં જબલપુર અમે ગયા હતાને. પહેલા કહ્યું હતું, ક્રમબદ્ધની વાત કાઢીને જૈન અંગની એક ખોટ હતી તે પૂરી થઈ.

આયતવિશેષ. પ્રત્યેક પરમાણુ અને પ્રત્યેક આત્મા આમ લંબાઈથી એક પછી એક, એક પછી એક, એક પછી એક પર્યાય અનાદિ-અનંત આમ ઊર્ધ્વ-ઊંચી લંબાઈથી ઊંચી, ઊર્ધ્વથી ઊંચી. લંબાઈ એટલે આમ ઊંચા એમ નહિ. કાળમાં લંબાઈ ઊંચી. પ્રત્યેક પદાર્થમાં આમ આમ પર્યાય થાય છે એમાં.. એ પહેલા આવી ગયું છે. જુઓ! **'તેઓ પૂર્વે જ (૯૩મી ગાથાની ટીકામાં) કહેલા ચાર પ્રકારના છે.'** ત્યાં દોડતી કહ્યું હતું. દોડતી. દરેક પર્યાય.. સમજાણું કાંઈ? આયત આયત કહ્યું હતું ત્યાં? ૯૩માં ને? ૯૩માં ઈ આવ્યું હતું. આયત.. આયત. ઓલામાં છે મારામાં, આમાં નથી. પર્યાય આયતવિશેષસ્વરૂપ છે, જુઓ! એમાં છે. આયતસામાન્ય છે, જુઓ! **'આયતવિશેષસ્વરૂપ છે...'** ૯૩માં પહેલા (પેરેગ્રાફમાં) લીધું છે. પછી વિસ્તાર કર્યો છે, જુઓ! જેમ પટમાં વિસ્તારસામાન્ય એમ... દોડતા છેને? સમજાણું કાંઈ? છે કે નહિ? ૧૦૯ પાને છે.

એક એક સમયમાં ભિન્ન ભિન્ન પર્યાય થાય છે. એમાં ફેરફાર કરવામાં કોઈ સમર્થ નથી. એને આયતવિશેષ કહે છે. કહો, સમજાણું કાંઈ? ગુણને વિસ્તારવિશેષ કહ્યું, પર્યાયને આયતવિશેષ કહ્યું. શું ફેર પડ્યો બેમાં? ગુણ છે તે પ્રત્યેક પદાર્થમાં એકસાથે ફેલાઈને રહેલા છે, બધા એકસાથે રહેલા છે. પર્યાય એકસાથે નથી, પર્યાય આયત-લાંબી આમ એક પછી , એક પછી એક, એક પછી એક (થાય છે). દ્રવ્ય સામાન્ય છે તો એના બે વિશેષ-એક ગુણ વિસ્તારવિશેષ, પર્યાય આયતવિશેષ. એ લક્ષણ પ્રત્યેક પર્યાયનું આયતવિશેષ એ દ્રવ્યનું લક્ષણ છે. એ પ્રત્યેક દ્રવ્યમાં પોતાની પર્યાય દોડતી આયત (છે). એક પછી એક. દોડે છે એમાં પગ પછી પગ, જમણા પછી જમણો આવી જાય છે? જમણા પછી ડાબો, ડાબા પછી જમણો, જમણો પછી ડાબો, ડાબા પછી જમણો. કૂદે તો કંઈ દોડે છે એમ ન થયું. ઇ ચાલ્યો ન કહેવાય. એમ દરેક દ્રવ્યમાં જે પર્યાય જે સમયે જે છે તે દોડતી (છે). એમાં વિષમતા આવી જાય, આઘીપાછી થઈ જાય એવું એમાં છે જ નહિ. આયતવિશેષ. દ્રવ્યમાં પર્યાય આયતવિશેષ તે સ્વભાવ છે. એનો એ પર્યાયનો સ્વભાવ છે. એમ નક્કી કરે તો પરની પર્યાય એમાં ચાલે છે પર્યાયમાં, હું શું કરું? મારી પર્યાય પણ આયતવિશેષ ચાલે છે, હું શું કરું? હું તો જ્ઞાતા-દૃષ્ટા છું, જાણનાર-દેખનાર છે. પર્યાય થાય છે તેને પણ હું જાણનાર-દેખનાર છું. આમ અંતર નિર્ણય કરવો તેનું નામ સમ્યક્જ્ઞાન અને સમ્યગ્દર્શન છે. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**આસો સુદ-૯, શુક્રવાર, તા. ૨૭-૯-૧૯૬૩**
**ગાથા-૯૫, પ્રવચન-૮૭**

આ પ્રવચનસાર, જ્ઞેયતત્ત્વ અધિકાર ચાલે છે. ભગવાન તીર્થંકરદેવ ત્રિલોકનાથ પરમાત્મા જેને પૂર્ણ સર્વજ્ઞપદ પ્રાપ્ત થયું તો એમણે જે પ્રવચન કહ્યા, એનો સાર આમાં કહેવામાં આવ્યો છે. ૯૫માં કહે છે, જુઓ! **'तं दव्वं ति वुच्चंति'**. કુંદકુંદાચાર્ય કહે છે કે ભગવાન સર્વજ્ઞદેવ, દ્રવ્ય એને કહે છે, દ્રવ્ય નામ પદાર્થ, આત્મા અનંત, અનંત પરમાણુ માટી છે એવા છ દ્રવ્ય છે, સંખ્યાએ અનંત છે, એ પ્રત્યેક દ્રવ્ય ભગવાન એવા કહે છે કે પ્રત્યેક દ્રવ્ય ઉત્પાદ-વ્યય-ધ્રુવ, સત્તાલક્ષણ અને ગુણ-પર્યાયવાળા છે તેને દ્રવ્ય કહેવાય છે. તો નિજ દ્રવ્ય શું છે? પરદ્રવ્ય શું છે? એના લક્ષણ, એનું લક્ષ શું? એની ખબર વિના પદાર્થનો બોધ થતો નથી. અને બોધ થયા વિના અંતર ધર્મ શું કરવો એનો પત્તો એને લાગતો નથી.

તો અહીંયા ૯૫માં શરૂઆતમાં થોડું સૂક્ષ્મ તો છે. ત્યાં આવ્યું જુઓ છેલ્લે. ગુણ તો આવી ગયાને? ગુણ દરેક દ્રવ્યના. ઉત્પાદ-વ્યય-ધ્રુવ પણ આવી ગયું. પર્યાય આયતવિશેષ છે. એ તો પૂર્વમાં ... ચાર પ્રકારના નહિ, આપણે અહીંયા ટૂંકામાં લેવું છે. બધા દ્રવ્યમાં... જે એક એક પરમાણુ પોંઈટ છે, આ મૂળ ચીજ નથી, એક પોંઈટ એનો છેલ્લો ટૂકડો એને એક દ્રવ્ય કહે છે ભગવાન, પરમાણુ (કહે છે). અને આ આત્મા દ્રવ્યમાં ભિન્ન અરૂપી. તો પ્રત્યેક દ્રવ્યમાં વિસ્તારવિશેષ ગુણ રહે છે. વિસ્તારવિશેષ-ફેલાયેલા, શક્તિવિશેષ તેને ગુણ કહે છે. એનો દૃષ્ટાંત આપ્યો હતોને?

આ લાકડી છે જુઓ! આ લાકડી છેને? સુખડની છે સુખડ. સુખડ ચંદન છે એની સુગંધ બધામાં ફેલાયેલી છેને? ફેલાયેલી છે. વિસ્તારવિશેષ. આત્મા અને પરમાણુમાં વિસ્તાર નામ ફેલાયેલ દ્રવ્ય સામાન્ય અને ગુણને વિશેષ કહે છે. તેને વિસ્તારવિશેષ ગુણ કહેવામાં આવ્યા છે. પ્રત્યેક પદાર્થમાં પોતાના વિસ્તારવિશેષ ગુણ રહે છે. જૈનમાં જન્મ્યા પણ જૈન શું કહે છે એની ખબર નહિ. ભગવાન જાણે. કેમ? મંત્રીજી! ભગવાન જાણે. ભગવાન સાચા. આપણે ણમો અરિહંતાણં, ણમો અરિહંતાણં કરવું. ણમો અરિહંતાણં શું આત્મા છે? શું આત્માએ-ભગવાને કહ્યું છે? વસ્તુની સ્થિતિ કેવી છે? એની ખબર નહિ.

કહે છે કે પ્રત્યેક પદાર્થ.. શેઠી! હજી તો ૪૮ કલાક થયા છે. કાલે નહોતું ચાલ્યું, એટલી વાત છે. પરમ દિવસે સવારે ચાલ્યું હતું. પ્રત્યેક આત્મા દેહમાં બિરાજમાન આત્મતત્ત્વ વસ્તુ છેને? એવા અનંત આત્મા, એવા અનંત પરમાણુ પોંઈટ પ્રત્યેકમાં વિસ્તારવિશેષ-ફેલાયેલા વિશેષ, સામાન્ય દ્રવ્ય અને ગુણ વિસ્તારવિશેષને શક્તિ અને ગુણ કહે છે. આમ વ્યાપક છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ચૌડાઈ, પહોળાઈ કહે છે. આપ્યુંને, દૃષ્ટાંત આપ્યુંને. સાકર લ્યો સાકર. સોનું લ્યો સોનું. સુવર્ણ સુવર્ણ. સુવર્ણની લગડીમાં પીળાશ, ચીકાશ, તોલ બધું આમ વિસ્તારવિશેષ વ્યાપક રહ્યા છે, ફેલાયેલા છે. એક સેકંડના અસંખ્યભાગમાં બધા ગુણ વિસ્તારવિશેષ વ્યાપક રહ્યા છે તેને ગુણ કહે છે. અને પર્યાય આયતવિશેષ-એક પછી એક, એક પછી એક અવસ્થા પ્રત્યેક દ્રવ્યમાં થાય છે. આત્મામાં, પરમાણુમાં. આયત-લંબાઈ. (ગુણમાં) પહોળાઈ હતી, વિસ્તારમાં પહોળાઈ હતી. આ લંબાઈ. પહોળાઈ સમજ્યા કે નહિ? ચૌડાઈ. ગુણ શું? પર્યાય શું? ખબર નહિ જૈનમાં જન્મ્યા. ધર્મ ક્યાં થાય છે?

ભગવાન કહે છે, જુઓ છે અહીંયા! **'तं दव्वं ति वुच्चंति'** ભગવાન ત્રિલોકનાથ સર્વજ્ઞ વીતરાગ તીર્થંકર દેવાધિદેવે એને પદાર્થ કહ્યો છે, દ્રવ્ય કહ્યું છે, વસ્તુ કહી છે કે જે પદાર્થમાં વિસ્તારવિશેષ એક સમયમાં અનંતગુણ એકસાથે પહોળાઈ-ચૌડાઈ-ફેલાયેલા ક્ષેત્રમાં રહે છે. એ પદાર્થના ક્ષેત્રમાં, પદાર્થના ક્ષેત્રમાં, જેમ આત્મા અસંખ્ય પ્રદેશી, આકાશ અનંત પ્રદેશી, પરમાણુ એક પ્રદેશી, ધર્માસ્તિ અસંખ્ય પ્રદેશી (છે), તો બધા પ્રદેશમાં એક સમયમાં અનંતા ગુણ વિસ્તારથી ફેલાયેલા એક સમયમાં સાથે રહે છે. એવું ગુણ લક્ષણ છે અને દ્રવ્ય લક્ષ છે. એ ગુણ દ્વારા દ્રવ્ય લક્ષમાં આવે છે. ભગવાનજીભાઈ! ન્યાં કંઈ સાંભળ્યું પણ ન હોય. ભગવાન જાણે ક્યાં હશે? રૂપિયા લાવો, રૂપિયા લાવો. ધૂળ.. ધૂળ. ધૂળ વિના જ અનાદિથી ચાલ્યું આવ્યું છે. કેમકે એક દ્રવ્યમાં બીજા દ્રવ્યનો અભાવ છે તો અભાવથી ચાલ્યું આવ્યું છે, એના ભાવથી ચાલ્યું જ નથી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કોણ શાક લાવે છે? અને કોણ દે છે? જગતની બધી ક્રિયા તેને કારણે થાય છે. અજ્ઞાની માને છે કે મેં કર્યું અને મેં લીધું. કહો, સમજાણું કાંઈ?

અહીંયા સુધી ચાલ્યું હતુંને? શેઠી! ૯૫ની ૯૭ ગાથા થઈ ગઈ. બહુ ચાલી ... ભગવાન આત્મા એવા અનંત આત્મા છે જગતમાં. પ્રત્યેક આત્મામાં એક સેકંડના અસંખ્યભાગમાં અનંતગુણ વિસ્તારથી ફેલાયેલા એક સમયમાં તેના ક્ષેત્ર નામ જગ્યામાં રહે છે. દરેક પદાર્થની જગ્યા છે કે નહિ ક્ષેત્ર? ભૂમિ ભૂમિ. પદાર્થની ભૂમિ. આ ભૂમિ શું આવી વળી? આત્મા... એ શેઠની ભૂમિ-બુમિ નહિ. આત્મા અસંખ્યપ્રદેશ એની ભૂમિ છે. આ પરમાણુ, આના ટૂકડા કરો, છેલ્લામાં છેલ્લો પોંઈટ ટૂકડો છે તેને ભગવાન પરમાણુ કહે છે. એ પરમાણુની ભૂમિ છે. એટલી પહોળાઈ તે તેની ભૂમિ છે. ભૂમિ કહો, ક્ષેત્ર કહો, અવગાહન કહો. એ ભૂમિમાં અનંતગુણ એક સમયમાં ફેલાઈને રહે છે. ધીરૂભાઈ! આ વાત તો સીધી છે પણ કોઈ દિ' (સમજવાની દરકાર કરી નથી).

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કોલેજ જુદી જાતની પણ... આ સુખી થવાની છે, ઓલી દુઃખી થવાની છે. સંસારમાં

તો હેરાન થવાના બધા રસ્તા છે. દુઃખી.. દુઃખી.. દુઃખી.. દુઃખી. પાંચ-પચાસ લાખ મળ્યા તોપણ દુઃખી, નિર્ધન હોય તોપણ દુઃખી, સધન હોય તોપણ દુઃખી, આબરૂવાળા દુઃખી અને અનાબરૂવાળા દુઃખી. બધા દુઃખીના દુઃખી છે.

મુમુક્ષુ :- નીરોગી સુખી છે.

ઉત્તર :- ધૂળમાંય નીરોગી સુખી નથી. કોણ કહે છે? નીરોગ તો જડ શરીરની અવસ્થા છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ તમારા જેવા છે, ... લગાવી દીધું છે એવું. શરીરમાં નીરોગતા એ સુખ ક્યાંથી આવ્યું? એ તો માટી છે, ધૂળ છે. ધૂળમાં નીરોગતા હોય તો સુખ ક્યાંથી આવ્યું? અને રોગ હોય તો દુઃખ ક્યાંથી આવ્યું? એ તો ભલે હો, એ તો જડ છે, માટી છે. આત્મામાં પોતના ગુણવિસ્તાર રહેલા છે તેનું લક્ષ કરીને દ્રવ્યનું લક્ષ કરીને-પર્યાયમાં નિર્મળ દશાનું પ્રગટ થવું એ સુખ છે. સમજાણું કાંઈ? આ છેને? સાંભળશેને. ખબર તો પડે કે આ ભગવાનજીભાઈ અહીં પડ્યા છે તો કાંઈક બીજું છે એમ તો સાંભળશેને. ન્યાં ક્યાં આફ્રિકામાં મજૂરી છે એકલી. પૈસા રળવાની મજૂરી. એમ હશે કે નહિ? મોહનભાઈ! બધા મોટા મજૂર ન્યાં વસે છે. કરોડપતિ ને પચાસ લાખ ને ધૂળ લાખ... મોટા મજૂરો. મોટા ભિખારી. ભગવાન કહે છે કે સાંભળ તો ખરો! તારી વસ્તુ શું છે? અને જગતની વસ્તુ શું છે? એનો ભેદ નહિ અને એની ખબર નહિ, એ વિના તારી લક્ષ્મી ક્યાં રહે છે એ તો તને ખબર નથી. સમજાણું કાંઈ?

આયતવિશેષ. પ્રત્યેક આત્મામાં અને પ્રત્યેક પરમાણુમાં આયત નામ ક્રમે.. ક્રમે.. ક્રમે.. ક્રમે અવસ્થા થાય છે તે અવસ્થા એક પછી એક, એક પછી એક થાય છે તેને આયત-લંબાઈ, પર્યાયવિશેષ-અવસ્થાવિશેષ કહેવામાં આવે છે. એ પ્રત્યેક દ્રવ્યના ગુણ અને પર્યાય દ્રવ્યમાં રહે છે. કોઈ બીજા દ્રવ્યના ગુણ-પર્યાય બીજા દ્રવ્યમાં આવતા નથી. હવે જરી સૂક્ષ્મ આવ્યું. સાંભળે તો ખરા.

**‘દ્રવ્યને...’** દ્રવ્ય નામ વસ્તુ. દ્રવ્ય એટલે એકલા પૈસા નહિ, હોં! પૈસો પણ અનંત પરમાણુનો પિંડ છે. એક નોટ છે એ અનંત પરમાણુનો જથ્થો છે. એમાં એક એક પરમાણુ કેવો છે? એક એક આત્મા એક શરીરમાં કેવા છે? એક રાઈની કટકી જેટલામાં નિગોદના જીવ અનંત છે. આ ફૂગના જીવ, આ બટાટા કહે છેને? આલુ. બટાટાની એક રાઈ જેટલી કટકી લ્યો એમાં અનંત જીવ છે. એક જીવમાં અનંત ગુણ આવા પડ્યાપાથર્યા છે. અને એની પર્યાય એક એક જીવમાં આમ ક્રમસર થાય છે. પરમાણુમાં પણ એક પછી એક પર્યાય ક્રમસર થાય છે. સમજાણું કાંઈ? શોભાલાલજી! વિસ્તારવિશેષ અને આયતવિશેષ કોઈ દિ’ સાંભળ્યું હતું? બે ભાઈ ભેગા થાય ત્યારે આવી વાતું કરતા હશે? સમજાણું કાંઈ? જુઓ!

**‘દ્રવ્યને...’** દ્રવ્ય શબ્દે પરમાણુ અને આત્મા, છએ દ્રવ્ય. ભગવાન ત્રિલોકનાથ તીર્થંકરદેવે છ વસ્તુ જોઈ છે. છ જાતિ અને સંખ્યા અનંત. તો પ્રત્યેક સંખ્યાવાળા એક એક દ્રવ્યમાં **‘તે**

**ઉત્પાદાદિક સાથે...**' જુઓ! પ્રત્યેક આત્મા ભિન્ન ભિન્ન આત્મા અને ભિન્ન ભિન્ન પરમાણુ, તો પ્રત્યેકમાં નવી અવસ્થાનું ઉત્પન્ન થવું. સમ્યગ્દર્શનનું ઉત્પન્ન થવું, મિથ્યાત્વનો નાશ થવો અને આત્માનું ધ્રુવ રહેવું. '**તે ઉત્પાદાદિક સાથે અથવા ગુણપર્યાયો સાથે લક્ષ્ય-લક્ષણભેદ હોવા છતાં...**' શું કહ્યું? આત્મા છે એના મિથ્યાત્વનો નાશ થવો એક સમયમાં, સમ્યગ્દર્શનનું ઉત્પન્ન થવું અને સદશ આત્માનું કાયમ રહેવું. એ ત્રણ લક્ષણ છે અને વસ્તુ તે લક્ષ્ય છે. તો લક્ષણ અને લક્ષ્યનો ભેદ હોવા છતાં '**સ્વરૂપભેદ નથી,...**' ભારે વાત ભાઈ! રતનલાલજી! કાનપુરમાં કોઈ દિ' સાંભળ્યું પણ નહિ હોય. નથી સાંભળ્યું. આમ ધમાધમ (ચાલે). અમે કાનપુર ગયા હતાને ભાઈ! ઓહો..હો..! ફૂલ.. ફૂલ.. ફૂલ. આઠ મણ કે કેટલા ફૂલ ભર્યા હશે. એમ કે મહારાજ અહીં નીકળે એની યાદગીરી. આઠ મણ... પણ કેટલા ફૂલ! કીધું, આ શું કરે છે? સ્વાગત કર્યું, સ્વાગત. આખા ગામમાં ફૂલ હોં ઊપરથી... કપુર કપુરની હોય છેને? માળા આવે છેને. કપુરની માળા કોઈએ ભેટ આપી હતી, ભેટ આપી હતી કાનપુરમાં. કપુરની માળા હોય છેને? કપુરના મણકા. પછી અહીંયા સુકાઈ ગઈ. તૂટી ગઈ. ઇ કાનપુરથી આવી હતી. કીધું, કેટલું ... સમજાણું કાંઈ? શું કહે છે?

દ્રવ્ય નામ આત્મા, દ્રવ્ય નામ પરમાણુ, દ્રવ્ય નામ આકાશ, ધર્માસ્તિ, અધર્માસ્તિ અને કાળ. પ્રત્યેક દ્રવ્ય પોતાની નવી પર્યાયથી ઉત્પન્ન થાય છે. આત્માનું દૃષ્ટાંત આપ્યુંને? સમ્યગ્દર્શનની ઉત્પત્તિ પોતાની પર્યાયમાં થાય છે અને મિથ્યાદર્શનનો નાશ થાય છે અને ધ્રુવ સદશપણું રહે છે. આ ત્રણે લક્ષણ અને દ્રવ્ય વસ્તુ લક્ષ્ય, એવો ભેદ હોવા છતાં સ્વરૂપભેદ નથી. એ ઉત્પાદ તે જ આત્મા, વ્યય તે જ આત્મા અને ધ્રુવ તે જ આત્મા. એમ પરમાણુ. એક પરમાણુમાં પહેલી ઠંડી અવસ્થા હતી, એ ઠંડીનો વ્યય થયો. ઉષ્ણતાનો ઉત્પાદ થયો અને પરમાણુ રંગ, ગંધની સદશતા કાયમ રહી. તો એ પરમાણુ નવી પર્યાય ઉષ્ણતાથી ઉત્પન્ન, શીતતાથી વ્યય અને ધ્રુવતાથી સદશ કાયમ છે. ત્રણે લક્ષણથી પરમાણુ એક લક્ષિત નામ ઓળખાવા છતાં ભેદ નથી. એ ઉત્પાદ-વ્યય-ધ્રુવ જ દ્રવ્ય છે. એમાં સ્વરૂપભેદ નથી. ઉત્પાદના પ્રદેશ ભિન્ન છે, વ્યયના પ્રદેશ ભિન્ન છે, ધ્રુવનું ક્ષેત્ર ભિન્ન છે એમ નથી.

જુઓ! આ લાકડી. આ લાકડી છે ઇ આમ સીધી છે. સીધીમાંથી વાંકી થાય છે. જુઓ! વાંકી અવસ્થાનો ઉત્પાદ, સીધીનો વ્યય અને સદશપણે ધ્રુવ (રહી). એ ત્રણ લક્ષણથી લાકડી લક્ષ નામ ઓળખાય છે. છતાં ત્રણ વસ્તુએ ભેદરૂપ નથી તે વસ્તુ. વસ્તુ તો ત્રણેમાં એનું ક્ષેત્ર એક જ છે. સમજાણું કાંઈ? એમ આત્મામાં અવ્રત પરિણામ જે પાપ આદિ છે તેનો નાશ અને શુદ્ધતા ચારિત્ર, શાંતિ-ચારિત્રની ઉત્પત્તિ અને સદશપણામાં ધ્રુવ રહેવું એ ત્રણ લક્ષણથી આત્મા લક્ષિત નામ ઓળખાવા છતાં એ ત્રણ સ્વરૂપથી આત્મા ભિન્ન નથી. ત્રણે સ્વરૂપી આત્મા છે. ક્ષણે ક્ષણે સમયે સમયે બદલે છે. સમયે સમયે બદલે છે. એક આંખ વીંચીને ખૂલે એમાં અસંખ્ય સમય જાય છે. એક સમયમાં પ્રત્યેક પદાર્થ ઉત્પાદ-નવી અવસ્થાથી ઉત્પન્ન થાય છે, જૂનીથી વ્યય (થાય છે) અને ધ્રુવતાથી સદશ (રહે છે). ત્રણે લક્ષણ અને લક્ષ્ય એવા ભેદ કહેવામાં આવે છે, પણ ઉત્પાદ-વ્યય-

ધ્રુવ અને દ્રવ્યને સ્વરૂપભેદ નથી. ત્રણે સ્વરૂપે દ્રવ્ય છે. કહો, સમજાણું કાંઈ?

દોડતી પર્યાય. એક પછી એક પર્યાય થાય છે. નવી.. નવી.. નવી.. નવી અને જૂનીનો વ્યય થાય છે અને ધ્રુવ રહે છે. ઉત્પાદ-વ્યય-ધ્રુવ લક્ષણ છે. તેનાથી જણાય છે કે આ દ્રવ્ય લક્ષ્ય (છે). લક્ષ્ય-લક્ષણ ભેદ હોવા છતાં વસ્તુતઃ સ્વરૂપભેદ નથી. સ્વરૂપ તો ત્રણે એક જ દ્રવ્ય છે અથવા.. દૃષ્ટાંત આપશે. ગુણ-પર્યાય સાથે... પહેલા ઉત્પાદ-વ્યય-ધ્રુવ સાથે હતું, હવે ગુણ-પર્યાયો સાથે. દરેક પદાર્થમાં વિસ્તારવિશેષ ગુણ, ફેલાયેલા અનંતા ગુણ અને પર્યાય લાંબી એક પછી એક, એક પછી એક ક્રમસર દોડતી પર્યાય એક પછી એક પર્યાય બધા દ્રવ્યમાં થાય છે. તેની સાથે લક્ષ્ય-લક્ષણ ભેદ હોવા છતાં (અર્થાત્) પર્યાય અને ગુણ લક્ષણ છે અને વસ્તુ તે લક્ષ્ય છે એવો લક્ષ્ય-લક્ષણ ભેદ હોવા છતાં સ્વરૂપભેદ નથી. ત્રણેનું સ્વરૂપ જુદું નથી. સ્વરૂપ તો એમના એક જ છે. એક સમયમાં ગુણ-પર્યાયવાળું દ્રવ્ય એક જ છે. સમજાણું કાંઈ? હોંકારો ક્યાં આવે છે? સમજાતું નથી? હીરા-માણેકમાં કેમ જલ્દી સમજાઈ જાય છે? શું કહે છે? જુઓ!

**'સ્વરૂપથી જ દ્રવ્ય તેવું (ઉત્પાદાદિવાળું અથાવ ગુણપર્યાયવાળું) છે...'** આત્મા અને પ્રત્યેક પરમાણુ રજકણ જડ, એક નોટ લ્યો નોટ રૂપિયાની, એ નોટમાં અનંત પરમાણુ છે. એક પરમાણુ પોતાના ઉત્પાદ-વ્યય-ધ્રુવ લક્ષણથી લક્ષિત દ્રવ્ય છે. છતાં સ્વરૂપભેદ નથી. તે જ પરમાણુ વિસ્તારવિશેષ ગુણ, આયતવિશેષ પર્યાય લક્ષણથી લક્ષિત છે, સ્વરૂપે ભેદ નથી. સમજાણું કાંઈ? આહા..હા..!

તારી હયાતીમાં પૈસામાં નથી અને પૈસાની હયાતી તારામાં નથી. કર્મની હયાતી-અસ્તિત્વ તારામાં નથી અને તારું અસ્તિત્વ કર્મમાં નથી. ભિન્ન ભિન્ન ચીજ છે. અજ્ઞાનીએ માની રાખ્યું છે કે હું પૈસાવાળો છું ને શરીરવાળો છું ને ધર્મવાળો છું. પરની સત્તાવાળો તું છો? પરની હયાતીવાળો (તું છો)? તારી હયાતી એમાં ઘુસી ગઈ છે? હું આવો છું, આવો છું. હું શરીરવાળો છું, કર્મવાળો છું, વાણીવાળો છું, પૈસાવાળો છું, બાયડીવાળો છું, છોકરાવાળો છું. શું પરની હયાતી-સત્તા તારામાં આવી ગઈ છે કે તે વાળો તું થઈ ગયો? સમજાણું કાંઈ? અને બીજો કહે કે આ મારો દીકરો છે કે આ મારો બાપ છે. શું એની સત્તા એનામાં ઘુસી ગઈ છે કે તારો દીકરો-બાપ થઈ ગયો? ઇ ક્યાંથી આવ્યું?

જેને સત્ય સમજવું હોય એણે વિચાર કરવો પડશે. દેવાળું કાઢવું હોય એ ચોપડા ન જોવે. નામું લખે છેને? દેવાળું કાઢવું હોય કોર્ટમાં તો નામું ન જોવે. જે તપાસ કરે છે કે કેટલા પૈસા આવ્યા, કેટલા ગયા, કેટલો વેપાર થયો. સરેરાશ પાંચ લાખનો, દસ લાખનો ધંધો થયો તો અઢાર આની તો પેદાશ થવી જોઈએ. દસ લાખમાં અઢાર આની. એક રૂપિયે બે આના તો પેદાશ થવી જોઈએ. દસ લાખનો વેપાર થયો છે તો લાખ, સવા લાખની પેદાશ થવી જોઈએ. તો કેમ દેખાતી નથી? તપાસ કરે કે નહિ? ન્યાં બરાબર કરે. મૂઢપણામાં કાંઈ લાભ નહિ ને કાંઈ નહિ ત્યાં ઘણી તપાસ કરે.

અહીંયા તારી ચીજ શું છે? શું પર ચીજ છે? તારે અને એને શું સંબંધ છે ખબર છે? ભગવાન જાણે, ભાઈ! ભગવાન તો જાણે જ છેને. ભગવાન તો કહે છે. કીધુંને? **'दव्वं ति वुच्चंति'**. એને દ્રવ્ય ભગવાને કહ્યું છે કે પ્રત્યેક દ્રવ્યની પોતાની સત્તા, હોવાપણું પોતામાં ઉત્પાદ-વ્યય-ધ્રુવ અને ગુણ-પર્યાયથી છે. બીજાનું હોવાપણું (એના) ઉત્પાદ-વ્યય-ધ્રુવ અને ગુણ-પર્યાયથી છે. કહો, સમજાણું કાંઈ? **'વસ્ત્રની જેમ...'** હવે વસ્ત્રનું દૃષ્ટાંત આપશે. વસ્ત્રનું દૃષ્ટાંત. લ્યો, ભાઈ! સાધારણ જીવને (સમજાય એટલે) વસ્ત્ર.. વસ્ત્ર(નું દૃષ્ટાંત આપે છે). સમજાણું કાંઈ?

**'જેવી રીતે જેણે મલિન અવસ્થા પ્રાપ્ત કરેલી છે એવું વસ્ત્ર,...'**આ વસ્ત્ર છેને વસ્ત્ર? જરી મેલું હોયને મલિન? હાથનો મેલ લાગ્યો હોય. મલિન અવસ્થા એ અવસ્થા થઈને? વસ્ત્ર તો કાયમ છે. એની મલિન અવસ્થા-પર્યાય મલિન-મેલીને પ્રાપ્ત વસ્ત્ર **'ધોવામાં આવતાં...'** ધોવામાં આવતાં **'નિર્મળ અવસ્થાથી (-નિર્મળ અવસ્થારૂપે, નિર્મળ અવસ્થાની અપેક્ષાએ) ઊપજતું થકું,...'** નિર્મળ અવસ્થાથી ઉત્પન્ન થયું. વસ્ત્રનો મેલ હતો તેનો વ્યય થયો. નિર્મળ અવસ્થાથી ઉત્પન્ન થયું. **'તે ઉત્પાદ વડે લક્ષિત થાય છે;...'** શું કહે છે? વસ્ત્રમાં જે મલિનતા ગઈ અને નિર્મળતા ઉત્પન્ન થઈ એ નિર્મળતાના ઉત્પાદથી એ વસ્ત્ર ઓળખાય છે કે વસ્ત્ર નિર્મળ પર્યાયથી ઉત્પન્ન થયું. ઉત્પાદથી-લક્ષણથી લક્ષિત દ્રવ્ય થાય છે. તો ઉત્પાદથી વસ્ત્ર લક્ષમાં આવે છે. એ ઉત્પાદથી વસ્ત્ર લક્ષમાં આવે છે. એ ઉત્પાદથી બીજું લક્ષમાં આવે છે એમ નહિ. સમજાણું કાંઈ?

**'પરંતુ તેને તે ઉત્પાદ સાથે સ્વરૂપભેદ નથી,...'** લ્યો. સમજાણું કાંઈ? ઉત્પન્ન થતું થકું તે ઉત્પાદથી લક્ષિત થાય છે. પરંતુ તેને તે ઉત્પાદ સાથે સ્વરૂપભેદ નથી. **'સ્વરૂપથી જ તેવું છે (અર્થાત્ ઉત્પાદસ્વરૂપે જ પોતે પરિણત છે);...'** વસ્ત્ર જ, સફેદ પર્યાયરૂપ અવસ્થાથી વસ્ત્ર જ પરિણત થયું છે. ધોકો નહિ, સાબુ નહિ. સાબુથી નિર્મળ નથી થયું એમ કહે છે. એ વસ્ત્ર જ પોતાની નિર્મળ અવસ્થાથી ઉત્પન્ન થયું તો ઉત્પન્ન થવારૂપે પરિણમન વસ્ત્રનું થયું છે, કંઈ ધોકા અને સાબુનું પરિણમન થયું નથી. એમાં હોં! એમાં ભલે હો. અરે..! દુનિયા ક્યાં રઝળે અને ક્યાં સત્તાનું સ્વરૂપ છે. એનું અસ્તિત્વ-હયાતી ક્યાં છે? બીજાની હયાતી એમાં છે. કોઈની હયાતી કોઈમાં પ્રવેશ કરતી નથી.

તો કહે છે, **'ધોવામાં આવતાં...'** લીધુંને? એટલે લોકો મુંઝાય કે ધોવાથી થયુંને? ધોવાવાળો તો બીજો છે કે નહિ? સમજ્યા? પણ અહીં તો દૃષ્ટાંત આપવો છેને. એ ઉત્પાદથી લક્ષિત (થાય છે) **'પરંતુ તેને તે ઉત્પાદ સાથે સ્વરૂપભેદ નથી,...'** સ્વયં ઉત્પાદરૂપે પરિણત છે. વસ્ત્ર જ પોતાની નિર્મળ અવસ્થાથી પરિણત નામ પર્યાયરૂપ થઈ ગયું છે.

**'તેવી રીતે...'** એ તો દૃષ્ટાંત થયો. **'જેણે પૂર્વ અવસ્થા પ્રાપ્ત કરેલી છે...'** આત્માએ અને બધા દ્રવ્યએ, છએ દ્રવ્ય. પૂર્વ અવસ્થા જેમાં છે. અવસ્થા વિનાનું તે દ્રવ્ય રહેતું નથી. કોઈપણ પર્યાય અને અવસ્થા વિના કોઈ પદાર્થ રહેતો નથી. તો પૂર્વ અવસ્થા તો પ્રાપ્ત છે. કોણે? તે દ્રવ્યએ. પૂર્વ અવસ્થા પ્રાપ્ત કરેલી છે કોણે? કે તે દ્રવ્યએ. સમજાણું કાંઈ? પૂર્વ અવસ્થા પ્રાપ્ત કરી

હતી અવ્રતની એ દ્રવ્યએ, આત્માએ. **'એવું દ્રવ્ય પણ-કે જે ઉચિત બહિરંગ સાધનોની સંનિધિના...'** દરેક દ્રવ્યમાં નવી અવસ્થા ઉત્પન્ન થવામાં પૂર્વ અવસ્થા પહેલા હતી તેનો વ્યય થાય છે. **'જેણે પૂર્વ અવસ્થા...'** નામ પર્યાય પ્રાપ્ત કરી છે **'એવું દ્રવ્ય પણ-કે જે ઉચિત બહિરંગ સાધનોની સંનિધિના...'** નિમિત્ત સિદ્ધ કરે છે. ઉચિત બહિરંગ સાધનની નિકટતા. ધોકો વસ્ત્રની સાથે તે ઉચિત નિમિત્ત હતું, બસ એટલું. એમ આત્મામાં પણ અને દરેક પરદ્રવ્યમાં નવી પર્યાયનું ઉત્પન્ન થવું એમાં ઉચિત નિમિત્ત સાધન ઉપસ્થિત છે. ઉચિત બહિરંગ સાધનોની નિકટતાના સદ્ભાવમાં. નિમિત્તની હયાતી છે. દરેક દ્રવ્યની પર્યાય ઉત્પન્ન થાય છે એમાં નિમિત્તની ઉપસ્થિતિ હોય છે.

**'અનેક પ્રકારની ઘણી અવસ્થાઓ કરે છે...'** કોણ? નિમિત્તની ઉપસ્થિતિમાં-હાજરીમાં-નિકટતામાં પ્રત્યેક દ્રવ્ય પોતાની અનેક પ્રકારની, અનેક પ્રકારની શું? અનંત ગુણની અનંત અવસ્થા કરે છે. એક સમયની વાત છે અહીંયા. સમજાણું કાંઈ? નિકટ નિમિત્ત હો. નિમિત્તનો અસ્વીકાર નથી, પણ એ નિમિત્તના કાળમાં પ્રત્યેક દ્રવ્ય પોતાની પર્યાય અનેક પ્રકારની અવસ્થાનો એ કર્તા છે. સમજાણું કાંઈ? એમ આત્મા પોતાની સમ્યગ્દર્શન પર્યાય, પૂર્વ મિથ્યાત્વ પર્યાય હતી, મિથ્યાશ્રદ્ધાની પર્યાય હતી કે પુણ્ય એ ધર્મ છે, પાપમાં મજા પડે છે, સંયોગ હું લઈ શકું છું, સંયોગ હું વધારી શકું છું એવી મિથ્યાશ્રદ્ધા હતી તો આત્માએ પૂર્વ અવસ્થા મિથ્યાત્વ પ્રાપ્ત કર્યું હતું. એમાં (સમ્યગ્દર્શનમાં) ઉચિત બહિરંગ સાધન કર્મના નિમિત્તનો અભાવ અને દેવ-ગુરુ-શાસ્ત્રનો સદ્ભાવ (હતો). એમણે સંભળાવ્યું એ ઉચિત નિમિત્ત સાધન. કહો, સમજાણું કાંઈ?

**'અનેક પ્રકારની ઘણી અવસ્થાઓ કરે છે...'** કોણ કરે છે? (પ્રત્યેક દ્રવ્ય). પણ નિમિત્તની ઉપસ્થિતિમાં તે જ કાળે આત્મા પોતાની ઘણી પ્રકારની સમ્યગ્દર્શન, સમ્યક્જ્ઞાન, સમ્યક્શાંતિ, સમ્યક્સ્વરૂપ આચરણ વગેરે ઘણા પ્રકારની પર્યાયોને એક સમયમાં આત્મા પોતાથી કરે છે. નિમિત્તથી કરતો નથી. સાન્નિધ્ય એ પણ ઉચિત સાન્નિધ્ય, ઉચિત બહિરંગ સાધન. એ તો એને યોગ્ય જ હોય. અને તે વખતે કર્મના નિમિત્તની ખસવાની યોગ્યતા છે. સમજાણું કાંઈ? **'સદ્ભાવમાં અનેક પ્રકારની ઘણી અવસ્થાઓ...'** ઘણી અવસ્થાઓનો અર્થ એક સમયમાં અનંત ગુણ છેને, તો બધા ગુણની પર્યાય એક સમયમાં પોતે કરે છે. આત્મા પોતાથી કરે છે, પરમાણુ પરમાણુથી પોતાની પર્યાયનો કર્તા છે. પરમાણુની સાથે બીજું ભલે નિમિત્ત હો, સમજાણું કાંઈ?

જેમ ચોખા પાકે છે. ચોખા પાકે છેને? પાકે છે. તો કઠણ અવસ્થાનો વ્યય થઈને, પહેલા કઠણ (અવસ્થા) છેને? પછી પાકવાની અવસ્થાનું ઉત્પન્ન થવું (એમાં) બહિરંગ ઉચિત સાધન કોણ? ઊનું પાણી, ઉષ્ણ પાણી નિમિત્ત ઉચિત સાધન (હોય છે), બસ એટલું. પણ એ ચોખા પાકે છે એ પોતાની પર્યાયથી પાકે છે. શેઠી! ઉચિત સાધન ભલે ત્યાં હો. ઊનું પાણી. પણ એ ચોખા-ચાવલ પોતાની... પાકે છેને? ચડી જાય છેને? સીઝે છે. એ સીઝવાની પર્યાયની સાથે અનેક પ્રકારની સુગંધ આદિની પર્યાયને કરનાર તે ચોખા છે. એ ઉત્પાદ પર્યાય કરનાર ચોખા છે, પાણી-બાણી

નહિ. ભારે ભાઈ! આ વીતરાગનું કથન આવું ભારે! વીતરાગના ઘરમાં-વાડામાં જન્મ્યા, ણમો અરિહંતાણં, ણમો અરિહંતાણં... શું અરિહંત કહે છે? એ અમને ખબર નથી.

મુમુક્ષુ :- સાચું કીધું.

ઉત્તર :- શું સાચું કીધું? ભાન વિના. ધણીની ઓઢણી ઓઢવી અને ધણીની આજ્ઞા માનવી નહિ. આજ્ઞા સમજવી નહિ. એમ ત્રિલોકનાથ દેવાધિદેવ તીર્થંકરદેવ શું કહે છે એની ખબર નથી અને ણમો અરિહંતાણં (બોલે), શું ણમો અરિહંતાણં તારું? તુંબડીમાં કાંકરા છે.

ભગવાન એમ કહે છે કે અનંતા દ્રવ્ય એક સેકંડના અસંખ્યભાગમાં જે છે એમાં જે પૂર્વ અવસ્થાનો વ્યય થઈને નવી અવસ્થાપણે તે દ્રવ્ય ઉત્પન્ન થાય છે તેમાં ઉચિત નિમિત્ત સાધન હો, પણ એ પર્યાયને કરનાર પોતાનો આત્મા અને પોતાના બધા પરમાણુ છે, એ પર્યાયને કરનાર બીજું કોઈ નથી. સમજાણું કાંઈ?

હવે કહે છે, '**અંતરંગસાધનભૂત...**' જુઓ! પેલા બાહ્ય સાધનમાં બહિરંગ સાધન, ઉચિત બહિરંગ સાધન કહ્યું હતું. હવે કહે છે કે પણ કરતું હતું કોણ? કર્તા કોણ એ નવી પર્યાયનો-અવસ્થાનો? અહીંયા સમ્યગ્દર્શનની પર્યાયને ઉત્પન્ન કરનાર, ધર્મની પર્યાય-સમ્યગ્દર્શનની પર્યાય ઉત્પન્ન થતી વખતે દેવ-ગુરુ-શાસ્ત્ર ભલે નિમિત્ત હો, દર્શનમોહના અભાવરૂપ નિમિત્ત હો, પણ અંતરંગ સાધનભૂત આત્મા પોતાના અંતર સાધનભૂત.. જુઓ! '**સ્વરૂપકર્તાના અને સ્વરૂપકરણના સામર્થ્યરૂપ...**' પોતાના સ્વરૂપકર્તા અને સ્વરૂપકરણ સાધન દ્વારા પરિણમે છે. પ્રત્યેક આત્મા, પ્રત્યેક પરમાણુ પોતાના એક સમયમાં-સેકંડના અસંખ્યભાગમાં ઉત્પાદ જે કરે છે એ અંતરંગ સાધન સ્વરૂપકર્તા અને સ્વરૂપ સાધન દ્વારા નવી પર્યાયને ઉત્પન્ન કરે છે. નિમિત્તથી ઉત્પન્ન કરે છે એમ નહિ. ... નિમિત્ત. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- નિમિત્તથી...

ઉત્તર :- નિમિત્તથી ઉત્પન્ન ક્યાં? નિમિત્ત પોતાથી ઉત્પન્ન થાય છે. નિમિત્ત પોતાની પર્યાયમાં સ્વરૂપકર્તા અને સ્વરૂપકરણ દ્વારા ઉત્પન્ન થાય છે. આત્મા પોતાથી અથવા કોઈપણ દ્રવ્ય પોતાના અંતરંગ સાધન દ્વારા સ્વરૂપકર્તા અને સ્વરૂપસાધન-કરણ એટલે સાધન અંતર, એના દ્વારા નવી અવસ્થા ઉત્પન્ન કરે છે. સમ્યગ્દર્શનનું ઉત્પન્ન અંતરંગ સાધન દ્વારા સ્વરૂપકર્તા અને સ્વરૂપકરણ દ્વારા સમ્યગ્દર્શનની પર્યાય ઉત્પન્ન થાય છે, ઉચિત નિમિત્ત ભલે હો. સમજાણું કાંઈ?

એમ કેવળજ્ઞાન, એમ ચારિત્ર, ચારિત્ર છેને ચારિત્ર? ઉચિત બહિરંગ સાધન હો નગ્ન લિંગ આદિ, પણ પોતાનું ઉચિત સાધન, અંતરંગ સાધન અંતરંગ કોણ? આત્મામાં ચારિત્રગુણ છે એમાં એક અંતરંગ સાધન કરણગુણ છે અને સ્વરૂપકર્તા કર્તા ગુણ છે, પોતાના કર્તાગુણ દ્વારા, કરણના સાધન દ્વારા ચારિત્રની નિર્વિકારી વીતરાગી પર્યાયની ઉત્પત્તિ અને પૂર્વના અવ્રતની પર્યાયનો વ્યય, એમાં ઉચિત નિમિત્ત સાધન નગ્ન શરીરાદિ ભલે હો, અઠ્યાવીશ મૂળગુણ આદિ, પણ છતાં પરિણમન સ્વરૂપકર્તા અને સ્વરૂપકરણ પોતાથી ચારિત્ર થાય છે. એ ચારિત્ર અઠ્યાવીશ મૂળગુણ

અને નિમિત્તથી થતું નથી. સમજાણું કાંઈ? દૃષ્ટાંત તો આપીએ છીએ, કેટલા દૃષ્ટાંત આપ્યા. ચાર પૈસા શેર તો મણના અઢી. એના બધા દૃષ્ટાંત છે. જુઓ!

આ આંગળી છે આંગળી. જુઓ, આ આંગળી છેને? માટી છે, જડ ધૂળ (છે). આંગળી છે, જુઓ! આ આંગળી આમ છે ઇ આમ થઈ. તો પૂર્વની અવસ્થાનો વ્યય થઈને નવી અવસ્થાપણે ઉત્પન્ન થઈ, તો ઉત્પન્ન થવામાં આત્મા ભલે ત્યાં ઉચિત નિમિત્ત હો, ઇચ્છા આદિ નિમિત્ત, છતાં તે આંગળીની પર્યાય પોતાના અંતરંગ સાધન દ્વારા સ્વરૂપકર્તા અને કરણ દ્વારા (અર્થાત્) આવી સીધી પર્યાય થઈ છે. વાંકીથી સીધી પોતાના સ્વરૂપકર્તા અને કરણથી થઈ છે. એ આત્માની ઇચ્છાથી અને જ્ઞાનથી નથી થઈ. આહા..હા..! સમજાણું કાંઈ? જુઓ! છે કે નહિ? એમાં એક એક દ્રવ્યની વ્યાખ્યા છે. ઓહો..હો..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ સામે ભલે હો, કર્તા તો પોતાની પર્યાયનો કર્તા પોતાનો આત્મા જ છે. એમ પ્રત્યેક પરમાણુ. કહો, સમજાણું કાંઈ? તમાકુનો પડો આવે છે કે નહિ તમારે ત્યાં? તો કહે છે કે ભલે ઇચ્છા નિમિત્ત હો, પણ એ પડાની પર્યાય ત્યાંથી આવે છે ગુજરાતમાંથી ક્યાંથી આવે છે? જ્યાંથી આવતી હોય, એ ક્ષેત્રાંતર થઈને અહીંયા પર્યાય ઉત્પન્ન થાય છે, પૂર્વની અવસ્થાનો વ્યય થાય છે તો અંતરંગ સાધન પરમાણુમાં પડ્યું છે. કર્તા થઈને એ પર્યાયમાં પરિણમી રહ્યું છે. તમારી ઇચ્છા ત્યાં કાંઈ કામ નથી કરતી. ઓહો..હો..! સમજાણું કાંઈ?

એ મોટર ચાલે છે... શેઠી! કહે છે કે મોટરના એક એક પરમાણુ જે આમ ચાલે છે, ગતિ કરે છે તો પોતાની નવી પર્યાય નવી નવી નવી ઉત્પન્ન થાય છે? જૂની અવસ્થા વ્યય થાય છે, નવી નવી ઉત્પન્ન થાય છે. અહીંયા પેટ્રોલ ઉચિત નિમિત્ત હો, ઉચિત નિમિત્ત હો પણ ગતિ કરે છે પોતાના કરણ અને કર્તા દ્વારા એ ગતિ કરી રહી છે, પેટ્રોલથી નહિ. પેટ્રોલ પોતાનું કાર્ય કરી રહ્યું છે, આ એનું કાર્ય કરે છે. પ્રત્યેક પદાર્થ પોતાની પર્યાયનું કાર્ય કરે છે. નવરું ક્યાં છે, ફૂરસદ ક્યાં છે કે બીજાનું કાર્ય કરે? આ સોનગઢનું કહે છે. એ.. સોનગઢનું એકાંત છે. સાંભળ તો ખરો!

જુઓ! અહીંયા આવ્યું છે. '**જેણે...**' એટલે જે દ્રવ્યે. એ વસ્ત્રના દૃષ્ટાંતથી '**પૂર્વ અવસ્થા પ્રાપ્ત કરેલી છે...**' એમાં પણ પૂર્વ અવસ્થા પ્રાપ્ત કરેલી છે એમ લખ્યું છે. નિમિત્તથી પ્રાપ્ત કરી છે એમ નહિ. .. પૂર્વની અવસ્થા પ્રાપ્ત, નવી અવસ્થા... પૂર્વની પ્રાપ્ત અવસ્થા અને નવી (અવસ્થા થવી) એમ અનાદિ-અનંત દરેક દ્રવ્યમાં પર્યાય ક્રમસર થવાવાળી થાય છે. એ, પોતાનું સ્વરૂપકર્તા થઈને... અને જુઓ! નીચે લખ્યું છે, નીચે ફૂટનોટ છે '**દ્રવ્યમાં...**' એટલે વસ્તુમાં. આત્મા અને દરેક પરમાણુમાં '**પોતાનામાં જ...**' પોતામાં જ '**સ્વરૂપકર્તા...**' એ પર્યાયનું સ્વરૂપ કરવાવાળું '**અને સ્વરૂપકરણ થવાનું સામર્થ્ય છે.**' પોતાના કર્તા, કરણ થવાનું સામર્થ્યથી તે પર્યાય પલટે છે, પરને કારણે પલટતી નથી. તકરાર, તકરાર. નિમિત્ત આવ્યુંને, પાણી આવ્યુંને તો ... ખોટું છે. પેટ્રોલ આવ્યું તો મોટર ચાલી. ખોટું છે. આ કઈ જાતનું સોનગઢ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- અમે નથી જોતા, પાણી આવે છે એમ જોઈએ છીએ. તમે નાખતા નથી. અને પાણી આવ્યું એ તો ઉચિત નિમિત્ત છે, પણ ચોખા તો પોતાને કારણે ઉત્પાદ સ્વરૂપકર્તા, કરણથી અંતરંગ સાધનથી પરિણમ્યા છે. બાહ્ય સાધનથી નથી પરિણમ્યા, એમ કહે છે. તો નિમિત્ત કહેવાય, એનાથી પરિણમે તો નિમિત્ત કહેવાય નહિ. ભારે વાત ભાઈ! આ સાંભળ્યું નહિ હોય આટલા વર્ષોમાં. .... આહા..! અરે..! ભગવાન!

જૈન પરમેશ્વરની જે વાત હોય, જૈન પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકર દેવાધિદેવ એના દાસ ક્યારે કહેવાય? કે ઇ કહે છે એમ માનવામાં, જ્ઞાનમાં હોય તો દાસ કહેવાય. નહિતર દાસ નથી, વિરોધી જિનદ્રોહી છે. સમજાણું કાંઈ? વીતરાગ કહે છે કાંઈક અને તું માને છે કાંઈક, જિનદ્રોહી છો, વીતરાગનો દ્રોહી છે. સમજાણું કાંઈ? શું કહ્યું? જુઓ!

દરેક પરમાણુમાં અને દરેક કાળાણુમાં અને દરેક આત્મામાં, એક નિગોદનો જીવ, બટાટા, શક્કરકંદમાં અનંત જીવ, એ દરેક દ્રવ્યમાં પોતાનામાં જ સ્વરૂપકર્તા (થવાનું સામર્થ્ય છે). વિકાર થાય છે નિગોદના જીવમાં એ કર્મથી નથી થતો એમ બતાવે છે. એ નિગોદનો જીવમાં પોતાનું સ્વરૂપકર્તા સ્વરૂપકરણ થવાનું સામર્થ્ય છે. **'આ સામર્થ્યરૂપ સ્વભાવ જ...'** આ સામર્થ્યસ્વરૂપ સ્વભાવ જ **'પોતાના પરિણમનમાં (અવસ્થાંતર કરવામાં)...'** રૂપાંતર થવામાં **'અંતરંગ સાધન છે.'** આહા..હા..! આવું સ્પષ્ટ સ્પષ્ટ, બે ને બે ચાર જેવું કથન છે, પણ વાંચી વાંચીને ભાન નહિ. 'વાંચે પણ નહિ કરે વિચાર, એ સમજે નહિ સઘળો સાર'. પહેલા આવતું. વેદીયા, વેદીયા. ભણ્યે જાય ભણ્યે જાય, ગોખ્યે જાય, પણ શું કહે છે?

ભાઈ! ભગવાન! એમ કહે છે કે, આ જ્ઞેય અધિકાર છે, સમ્યગ્દર્શનનો અધિકાર છે. તો સમ્યગ્દર્શન ક્યારે થશે તને? જેવા પ્રત્યેક દ્રવ્ય પ્રત્યેક સમયમાં પોતાના અંતરંગ સાધન દ્વારા સ્વરૂપકર્તા અને સ્વરૂપકરણના સામર્થ્ય દ્વારા અનંત ગુણની પર્યાયપણે ઊપજે છે, પૂર્વની અવસ્થાથી વ્યય થાય છે, (ત્યારે) ઉચિત નિમિત્ત હોવા છતાં પોતાથી પરિણમે છે. આવો નિર્ણય કરવાવાળો પરની દૃષ્ટિ છોડી દે છે. પરથી મારામાં થતું નથી. મારું દ્રવ્ય જ શુદ્ધ ચિદાનંદ છે તેના લક્ષે, તેના આશ્રયે પોતાની પર્યાયના સ્વરૂપકર્તા અને કરણનું સાધન તો હું જ છું, બીજું કોઈ સાધન નથી. સમજાણું કાંઈ? જુઓ! શું કહ્યું?

**'અંતરંગસાધનભૂત સ્વરૂપકર્તાના અને સ્વરૂપકરણના સામર્થ્યરૂપ...'** કર્તા અને કરણ **'સ્વભાવ વડે અનુગૃહીત થતાં,...'** અનુકૂળ થતાં, પોતાના સ્વભાવને અનુકૂળ થતાં. એ જ સ્વભાવ અનુકૂળ છે, તે જ તેની અનુગૃહીતતા છે. જડમાં અને ચૈતન્યમાં, અહીંયા પ્રત્યેકની વાત છે, હોં! **'ઉત્તર અવસ્થાએ ઊપજતું થકું...'** અહીં તો વાત હવે કરવી છેને. ઉત્પાદ સાથે મેળવવું છેને. એ પદાર્થ ઉત્તર નામ નવી અવસ્થાથી ઊપજતું થકું **'તે ઉત્પાદ વડે લક્ષિત થાય છે;...'** નવી અવસ્થાથી ઉત્પાદથી ઓળખાય છે **'પરંતુ તેને તે ઉત્પાદની સાથે સ્વરૂપભેદ નથી,...'** ઉત્પાદની

સાથે વસ્તુને સ્વરૂપભેદ નથી. લક્ષણ-લક્ષ્ય ભેદ હોવા છતાં સ્વરૂપભેદ નથી. **'સ્વરૂપથી જ તેવું છે.'** અનેકાંત કર્યું. સ્વરૂપભેદ નથી અને સ્વરૂપથી જ એવું છે. શું કહે છે? જુઓ! **'સ્વરૂપથી જ તેવું છે.'** પ્રત્યેક આત્મા અને પ્રત્યેક પરમાણુની નવી અવસ્થા ઉત્પન્ન થાય છે તે સ્વરૂપથી જ તેવા છે. સમજાણું કાંઈ? ઈશ્વરચંદજી! શું કહે છે? જુઓ! એક ગાથા વાંચે તોપણ... વાંચવું નથી, ચોપડા માટે વાંચવું, પૈસા અને ધૂળ માટે. હમેંશા નામા સાંજે દેવા, સવારે પૂછે.. આ ને આ... મોટા પૈસાવાળા રાત્રે ખાનગી ઉઠીને નામા લખે. કરોડપતિ એના દીકરાને ખબર ન પડવા દે કે કેટલી મુડી-પુંજી છે. બાયડીને ખબર ન પડવા દેવી કેટલી પુંજી છે. દસ લાખની પેદાશ અને બે કરોડ રૂપિયા. કોઈને ખબર ન પડવી જોઈએ. બાયડી બધી ફાટી જશે. લાવો આ, લાવો આ કહેશે. ખાનગી રાત્રે ઉઠે, નામા લખે. ભગવાનજીભાઈ! પણ ન્યાં ક્યાં ધૂળ કામ આવે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પાત્રતા ખરી અપાત્રતા સંસારની રખડવાની. સમજાણું કાંઈ? ક્યાં તપાસ કરવી છે, અને આ આત્મા અને દ્રવ્ય શું કામ કરે છે? મારું કામ મારાથી છે, પરના કામ પરથી છે, ખબર નથી. એ તો એક હાથે કાંઈ તાળી પડે? ના પાડે છે ભગવાન કે આ હાથે પણ નહિ, બે હાથે તાળી નથી પડતી. અવાજ નથી આવ્યો બે હાથે. ત્યારે કહે, આ આવ્યો. ત્યાં પરમાણુ ભાષાવર્ગણા, શબ્દવર્ગણાના પડ્યા હતા તેની પર્યાય થઈ, તેનો અવાજ છે. બે હાથથી થયો નથી. સમજાણું કાંઈ? નહિતર તો લાખ વાર આમ આમ કરે તો અહીં ઘસાઈ જાય બધું. એમાંથી એટલા પરમાણુ નીકળે. ન્યાં શબ્દવર્ગણા પડી છે એની પર્યાય થઈને ભાષા થાય છે, શબ્દ થાય છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :-...

ઉત્તર :- કોણ કરે પણ? કરે કોણ? બોલે કોણ? ચાલે કોણ? ... જુદી. શબ્દવર્ગણાની પર્યાય ઉત્પન્ન થાય છે અને આ તો આહારવર્ગણા છે. આ આહારવર્ગણાના પરમાણુ માટી (છે). પેલી શબ્દવર્ગણાની પર્યાય છે. તો એક વર્ગણામાંથી બીજી વર્ગણાની પર્યાય થતી નથી.

મુમુક્ષુ :- આખી દુનિયા...

ઉત્તર :- આખી દુનિયા ખોટી છે અને વીતરાગ એક સાચા છે. વીતરાગ કહે છે ઇ એક વાત સાચી છે, બાકી બધા ગપ મારે છે. ઈશ્વરકર્તા ને આ કર્તા ને... જૈનમાં આવ્યા તો હું જડનો કર્તા, મેં જડને બનાવ્યા, મેં જડ બનાવ્યા, દુકાનની વ્યવસ્થા મેં કરી, દાળ-ભાત મેં રાંધ્યા. બધી એક જ દૃષ્ટિ (છે). ઈશ્વર કર્તા પરનો માન્યું, આ માને જડનો કર્તા. મેં જડના કામ કર્યા. મિથ્યાદૃષ્ટિ મૂઢ છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- સો ટકા. શેઠી! સોએ સો ટકા મૂઢ છે. માંગીરામજી! શું છે આ? આ ગાથા રહી. સોનેરી અક્ષરે પડી છે, જુઓ! છેને? આમાં સોનેરી હોવી જ જોઈએ, પણ આ તો હિન્દી છેને, એમાં નથી. પેલામાં હશે. ૯૫ છેને ૯૫. સોનેરી છે.

કહે છે, અનંત પદાર્થ એક સેકંડના અસંખ્યભાગમાં, અનંત અનંત પ્રત્યેક સમયે પૂર્વની

અવસ્થા પ્રાપ્ત જે દ્રવ્ય છે તે નવી અવસ્થાને પ્રાપ્ત થાય છે. ઉચિત નિમિત્ત સાધનની ઉપસ્થિતિમાં પોતાનું અંતરંગ સાધન સ્વરૂપકર્તા અને કરણ દ્વારા તે પર્યાયને પ્રાપ્ત કરે છે. તે પોતાનું જ દ્રવ્ય પોતાની પર્યાયનું પરિણમન કરે છે. નિમિત્ત તેને પરિણમાવે છે અને નિમિત્ત આવ્યું માટે પરિણમવું પડે એમ નથી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- અંતરંગ સાધન ગુણ છે આત્મામાં. પોતાનું સાધન અંતર સાધન. દ્રવ્યમાં જ કરણ નામનો ગુણ પડ્યો છે અનાદિ-અનંત. અંતરંગ સાધન દ્વારા કરણ થઈને વર્તમાન પર્યાયનું સાધન થાય છે. પર્યાય વર્તમાન પર્યાયની કર્તા થાય છે. બે જ સાધન છે, કર્તા અને કરણ બે જ. છે તો છ, પણ અહીં બે લીધા. પછી આગળ લેશે ચાર, ૧૨૬માં, પછી લેશે છ. બધું લેશે, બધું પૂરું કરવું છેને. સમજાણું કાંઈ?

આત્મા બોલે નહિ. તો આ બોલે છે શું કરવા? કહે છે કે એ બોલવાની પર્યાય ભાષાની છે. પહેલી પર્યાયમાં કર્મના પુદ્‌ગલ પરમાણુના વર્ગની પર્યાય હતી-વર્ગણા, એ વર્ગણાની અવસ્થાને પ્રાપ્ત તે પરમાણુ હતા. પછી ઇચ્છાનું નિમિત્ત અને એમાં પર્યાય ઉત્પન્ન થવાના સ્વરૂપકર્તા, કરણથી ઉત્પન્ન થઈ છે, ઇચ્છાથી ઉત્પન્ન થઈ નથી. ભાષા ઇચ્છાથી ઉત્પન્ન થઈ નથી, ત્રણકાળ ત્રણલોકમાં. આવી ચીજ સ્વતંત્ર પોતાની પર્યાયથી પરિણમે છે. ભીખાભાઈ! શું કરવું? તારી કૃપા તારી ઉપર થઈ જાય તો ભગવાનની કૃપા તારી ઉપર છે જ. 'કરુણા હમ પાવત હૈ તુમકી, વહ બાત રહી સુગુરુગમકી.' આવે છે કે નહિ શ્રીમદ્‌માં?

કહે છે કે ભાઈ! એકવાર... આ એક સમજેને એક, પ્રત્યેક અનંત આત્માઓ અને અનંત પરમાણુઓ પોતાની મોજૂદગી-હયાતી-સત્તા રાખે છે. તો સત્તાનો બોલ આવી ગયો. અને એ સત્તા લક્ષણથી લક્ષિત દ્રવ્ય છે. એમાં ઉત્પાદ-વ્યય-ધ્રુવથી લક્ષિત દ્રવ્ય છે. આવો લક્ષણ અને લક્ષ્યભેદ હોવા છતાં તે ઉચિત નિમિત્તની સાધનની ઉપસ્થિતિમાં પોતાના સ્વરૂપકર્તા, કરણના સાધન દ્વારા તે પર્યાયને ઉત્પન્ન કરે છે. આત્મા પણ પોતાના સ્વરૂપકર્તા, કરણ દ્વારા વિકારની પર્યાય ઉત્પન્ન કરે છે. કર્મનો ઉદય ઉચિત નિમિત્ત હો. સમજાણું કાંઈ? ઉચિત નિમિત્ત હો, પણ એનાથી અહીંયા વિકારરૂપ થાય છે એમ નથી. સમજાણું કાંઈ? કેટલા દૃષ્ટાંત આપ્યા, જુઓ!

દૂધના પરમાણુ છે તે દહીંરૂપ થાય છે દહીંરૂપ. દહીંરૂપ થાય છે કે નહિ? પૂર્વ અવસ્થા પ્રાપ્ત હતી ગોરસની દૂધ અવસ્થા. ગોરસની દૂધ અવસ્થા પ્રાપ્ત હતી, પોતાને કારણે. પછી ઉત્તર અવસ્થા દહીંની ઉત્પન્ન થઈ. તો કહે છે કે છાશ આવી માટે ઉત્પન્ન થઈ? નહિ. ઉચિત નિમિત્ત હતું એનું. ઉચિત નિમિત્ત. પણ થઈ છે પોતાના અંતરંગ સાધન પરમાણુનું, સ્વરૂપને કરનારું અને સ્વરૂપના કરણ-સાધન દ્વારા તે દહીંની પર્યાય થઈ છે. સમજાણું કાંઈ?

તમારા ઇંજેક્શન લ્યો. કહે છે કે અહીંયા ઇંજેક્શન નિમિત્ત હો, પણ તે સમયે ત્યાં પરમાણુમાં ઉષ્ણતાની પર્યાય અહીંયા પ્રાપ્ત હતી. તાવ.. તાવ. શરીરમાં તાવ હતો. પછી લાવ્યા. ઘોદા વાગે

છેને, હમણા બહુ મારે છે. જરી તાવ આવ્યો તો લ્યો ઇંજેક્શન, તાવ આવ્યો તો લો ઇંજેક્શન. તો કહે છે કે ઇંજેક્શનનું ઉચિત નિમિત્ત. જો અહીંયા મટવાનું હોય તો નિમિત્ત હોં! નહિતર નિમિત્ત નહિ. ત્યારે તે પરમાણુમાં જે તાવની અવસ્થા હતી, પરમાણુ તેને પ્રાપ્ત હતા, તેમાં તાવની અવસ્થાનો વ્યય થઈને ઠંડી અવસ્થા ઉત્પન્ન થઈ તે પરમાણુ સ્વરૂપકર્તા અને કરણ દ્વારા, અંતરંગ સાધન દ્વારા તે ઠંડી અવસ્થાને પ્રાપ્ત થયા છે. નિમિત્તથી થયા નથી. ભારે વાત ભાઈ!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- નહિ, ડૉક્ટર ઇંજેક્શન મારી શકતો જ નથીને. એની ઇચ્છા અનુકૂળ અને આની પર્યાય પૂર્વે આમ પડી હતી, આમ ચાલવાની અવસ્થા હો, પ્રાપ્ત હો, અંતરંગ સાધન અને સ્વરૂપકર્તા કરણ દ્વારા પ્રાપ્ત થાય છે, ઇચ્છાથી નહિ. બરાબર છે? ધીરૂભાઈ! આ બધા તમે કારખાના ચલાવો છોને? ભગવાનજીભાઈ! એની દુકાન ચાલે છે કે નહિ ત્યાં? પણ એ બધા છોકરાઓ ચલાવે છે, કહેશે. છોકરાઓ પણ ધૂળ ચલાવતા નથી. ભારે આકરી વાત. વીતરાગમાર્ગમાં આવી વાત હશે? આ તે વીતરાગ જૈનનો માર્ગ? જૈનના માર્ગમાં તો લીલોતરી ન ખાવી, કંદમૂળ ન ખાવા, રાત્રે ચોવિહાર કરવો, સામાયિક કરવી, પડિકમણા કરવા, પોષા કરવા, દેરાસર બનાવવું અને પૂજા કરવી, એવી વાતું અમે તો સાંભળી હતી. અરે..! ભગવાન! તેં પ્રભુનો માર્ગ સાંભળ્યો નથી. સમજાણું કાંઈ?

વીતરાગ કહે છે કે મંદિરની પર્યાય કોણ બનાવે છે? કોણ બનાવે છે? ખબર છે તને? પૂર્વની પત્થરની અવસ્થા હતી, તેની ઉત્તર અવસ્થા રચનાની ત્યાં થઈ, ઉચિત નિમિત્ત કડિયાની ઇચ્છા આદિ ભલે નિમિત્ત હો, પણ પોતાને કારણે તે પર્યાય ઉત્પન્ન થઈ છે. એ પરમાણુમાં અંતરંગ સાધન સ્વરૂપકર્તા અને કરણ દ્વારા એ પર્યાય ઉત્પન્ન થઈ છે. આહા..હા..! ગળે ઉતરવું માણસને જાણે સાંબેલા ઉતારવા જેવું લાગે, હોં! મોસંબીના પાણી તો ઉતરે. બાપુ! તેં ભગવાનનો માર્ગ સાંભળ્યો નથી. ત્રણલોકના નાથ તીર્થંકરદેવ દેવાધિદેવ જૈન પરમેશ્વરનો કહેલો તત્ત્વનો માર્ગ શું છે પૃથક્ પૃથક્ તારા લક્ષમાં, દૃષ્ટિમાં આવ્યો નથી. સમજાણું કાંઈ? આમાં વાંધા સૌને, લ્યો!

કહ્યું કે એવું દ્રવ્ય પણ, પૂર્વની અવસ્થા પ્રાપ્ત એવું દ્રવ્ય પણ **'કે જે ઉચિત બહિરંગ સાધનોની સંનિધિના...'** ઉચિત જ હો, એવું કેમ? જ્યારે ઘડો થાય છે માટીમાંથી એમાં કુંભાર જ નિમિત્ત હોય, પણ કુંભારથી ઘડો થયો છે એમ ત્રણકાળ ત્રણલોકમાં નથી એમ ભગવાન કહે છે. ભગવાન કહે છે કે ઉચિત નિમિત્તની ઉપસ્થિતિમાં માટી પોતાની પર્યાયથી, જે પૂર્વમાં પિંડ અવસ્થા હતી તે પલટીને ઉત્તર ઘડાની અવસ્થારૂપ પોતાના અંતરંગ સ્વરૂપકર્તા, કરણ સાધન દ્વારા એ માટી ઘડારૂપ થઈ છે. કુંભાર દ્વાર ઘડારૂપ થઈ છે એવી વસ્તુમાં સ્થિતિ નથી. ભારે વાત ભાઈ! શોભાલાલજી! ... પણ ત્યાં ઓલા પંડિત કહે ... પણ આ ગાથા કોના બાપની છે? જુઓને, આ ભગવાનની છે. મંત્રીજી! કોની છે? ભગવાન ત્રિલોકનાથ પરમાત્મા મહાવીર ભગવાન કહી ગયા, સીમંધર ભગવાન અત્યારે બિરાજે છે, મહાવિદેહક્ષેત્રમાં અત્યારે બિરાજે છે કેવળજ્ઞાની

ત્રિલોકનાથ સીમંધર ભગવાન. એમની પાસે આ મુનિ ગયા હતા. સંવત ૪૯. અને ત્યાંથી આવીને કહે છે કે ભગવાન આમ કહે છે. સમજ્યા? એમ કીધુંને? પાછળ છે, ગાથા છે. **'तं दव्वं ति वुच्चंति'** છેને? એને દ્રવ્ય કહે છે. દ્રવ્ય કહે છે એમ કહ્યુંને? **'ब्रुवन्ति'**, **'वुच्चंति'**. ભગવાન ત્રિલોકનાથ અરહંતદેવ વીતરાગ પરમેશ્વર એને પદાર્થ-દ્રવ્ય કહે છે કે નવી અવસ્થાથી ઉત્પન્ન થવાનું સ્વરૂપકર્તા અંતરંગ સાધન દ્વારા તે અવસ્થા ઉત્પન્ન થાય છે. એવી કેમ થઈ? નિમિત્ત આવું આવ્યું તો કેમ થઈ? શું નિમિત્ત? પોતાના સ્વરૂપ અંતરંગ સાધન દ્વારા જ આવી અવસ્થા ઉત્પન્ન થાય છે. સમજાણું કાંઈ? આ અનંત દ્રવ્યને લાગુ પડે છે, હોં! એક આકાશ, એક કાળાણુ, એક પરમાણુ, અનંત સ્કંધ.. સમજાણું કાંઈ?

જુઓ! સુંઠ છેને સુંઠ? સુંઠ.. સુંઠ. ભુક્કો કરે છેને અપવાસના પારણે? દસ્તો. કહે છે, સાંભળ! એ સુંઠના જે રજકણ છે અનંત પરમાણુ, એની પૂર્વ અવસ્થા કઠણ હતી અને નવી અવસ્થા પોતે ભુક્કો થઈને પ્રાપ્ત થવાના કાળમાં એ દસ્તાનું ઉચિત નિમિત્ત સાધન હતું. છતાં એ પરમાણુ પોતાની પર્યાયમાં આવો લોટ થવાની પર્યાયરૂપ પરમાણુ અંતરંગ સાધન દ્વારા ઉત્પન્ન થયા છે, દસ્તા દ્વારા નહિ. આરે.. આરે..! ગાંડા હશે. ગાંડા તો ગાંડા જ કહેને. દુનિયા પાગલ છે. ભગવાનના માર્ગને ન સમજે તો પાગલ જ કહે એને. આહા..હા..!

એક પોતાની સત્તા સંકેલીને પોતાની સત્તામાં રહેવાવાળો આત્મા પરની સત્તાને કદી અડતો નથી. એક પરમાણુ પરની સત્તાને કદી અડતો નથી. સમજાણું કાંઈ? ગાથા એવી આવી ગઈ.

મુમુક્ષુ :- મોહનો નશો ચડ્યો.

ઉત્તર :- મોહનો નશો ચડ્યો. એમ જ છે. મોહનો-મિથ્યા ભ્રમનો નશો ચડ્યોને, ગાંડો થઈ ગયો. હું આને બનાવું છું ને એનું એ બનાવે છે ને એનું એ બનાવે છે, એને એ બનાવે છે. ભગવાન ત્રિલોકનાથ જૈન પરમેશ્વર કહે છે, પ્રભુ! જગતમાં અમે અનંત દ્રવ્ય જોયા છે અને પ્રત્યેક દ્રવ્યમાં પૂર્વ અવસ્થા પ્રાપ્ત જે દ્રવ્ય-વસ્તુ છે એમાં નવી અવસ્થાના કાળમાં ભલે ઉચિત નિમિત્ત સાધન હો. પણ પોતાના અંતરંગ, અંતરંગ, અંતરંગ-અંતર અંગ, દ્રવ્યના અંતર અંગ દ્વારા પરિણમન સ્વરૂપનો કર્તા અને કરણ થાય છે, પ્રભુ! માર્ગ તો આવો છે. તું માન કે ન માન, તોપણ વસ્તુ તો આવી છે. ... પેસવું કઠણ પડે. ભગવાનજીભાઈ! બેસી જાય એવું છે? નવું નવું જો આફ્રિકામાં મૂકે, નાઈરોબીમાં ને શું તમારું? મોમ્બાસા, બધા ભેગા થયા મહાજન. સાત, આઠ, દસ હજાર. એ મકાન મંદિરનું તેં કર્યું નથી. તો પહેલા કેમ ન થયું? પહેલા કેમ ન થયું અને હવે થયું? પ્રભુ! તું સાંભળ તો ખરો. પ્રભુ એમ કહે છે કે એ પરમાણુ જગતના દ્રવ્ય છે. એ પરમાણુ પોતાની પર્યાયમાં તે કાળે તે પર્યાયના ઉચિત સાધનથી પોતાથી ઉત્પન્ન થયા છે, નિમિત્તથી નહિ. કોઈએ પૈસા આપ્યા અને ઇચ્છા કરી એનાથી નહિ. ...ભાઈ!

**'તે ઉત્પાદ વડે લક્ષિત થાય છે;...'** જુઓ! એ ઉત્પન્ન થયું તે લક્ષણ અને એનાથી દ્રવ્ય લક્ષિત થાય છે. જુઓ! એમ કહે છે. શું (કહે છે)? તેનાથી તે નિમિત્ત હતું તે લક્ષિત થાય છે એમ

નહિ કે આ પણ છે. ઉત્પાદ થયો તે નિમિત્તનું લક્ષ કરાવે છે એમ નહિ. ઉત્પાદ થયો તે દ્રવ્યનું લક્ષ્ય કરાવે છે એવું એનું લક્ષ્ય છે. આહા..હા...! સમજાણું કાંઈ? **'પરંતુ તેને તે ઉત્પાદની સાથે સ્વરૂપભેદ નથી, સ્વરૂપથી જ તેવું છે.'** બીજું દૃષ્ટાંત આપ્યું છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**આસો સુદ-૧૦, શનિવાર, તા. ૨૮-૯-૧૯૬૩**
**ગાથા-૯૫, ૯૬, પ્રવચન-૮૮**

૯૫મી ગાથા જ્ઞેય (અધિકારની) ચાલે છે. જ્ઞેય નામ છ દ્રવ્ય જગતમાં છે, ભગવાન સર્વજ્ઞ પરમાત્માએ છ દ્રવ્ય, સંખ્યાએ અનંત, જાતિએ છ એક સેકંડના અસંખ્યભાગમાં અનંત પદાર્થ (જોયા) છે. અનંત આત્મા, અનંત પરમાણુ, અસંખ્ય કાળાણુ, એક ધર્માસ્તિ, એક અધર્માસ્તિ, આકાશ. બધા દ્રવ્યની વર્તમાન પર્યાય, જુઓ! **'જેણે પૂર્વ અવસ્થા પ્રાપ્ત કરેલી છે...'** બધા દ્રવ્ય એક વર્તમાનમાં પૂર્વ અવસ્થા પ્રાપ્ત કરી છે. ત્યાંથી લીધું છે. **'એવું દ્રવ્ય પણ...'** દ્રવ્ય પણ એટલે પેલું વસ્ત્રનું દૃષ્ટાંત આપ્યું હતુંને? જુઓ! અનંત દ્રવ્ય. પ્રત્યેક પરમાણુ, પ્રત્યેક નિગોદના જીવ, સિદ્ધના જીવ, કર્મના રજકણ, સંસારીની વિકાર પર્યાય વગેરે પૂર્વ અવસ્થા પ્રાપ્ત કરી છે **'એવું દ્રવ્ય પણ-કે જે ઉચિત બહિરંગ સાધનોની સંનિધિના સદ્‌ભાવમાં...'** ઉચિત બહિરંગ સાધનની સાન્નિધ્ય નામ નિકટતા, ઉપસ્થિતિ, હાજરી હો. **'અનેક પ્રકારની ઘણી અવસ્થાઓ કરે છે...'** ભિન્ન ભિન્ન પરમાણુમાં લાલ, ઠંડી આદિ અનેક અવસ્થા ઉચિત નિમિત્ત ભલે હો, પણ પોતાના સામર્થ્યથી **'અંતરંગસાધનભૂત...'** સાધનથી. પ્રત્યેક દ્રવ્ય આત્મા અને જડ અંતરંગ સાધનથી, આત્માના અંતરંગ સાધનથી **'સ્વરૂપકર્તાના અને સ્વરૂપકરણના સામર્થ્યરૂપ...'** કહો, સ્વરૂપકર્તા અને સ્વરૂપકરણ થવાનું દ્રવ્યમાં સામર્થ્ય છે. નિમિત્તથી થાય છે એમ નહિ. આ મોટી ગડબડ છે, જુઓ! મંત્રીજી! નિમિત્તથી થાય છે, નિમિત્ત પામીને થાય છે, નિમિત્ત પામીને થાય છે.

અહીંયા કહે છે કે પોતાનું સ્વરૂપકર્તા અને સ્વરૂપકરણના અંતરંગ સાધન સામર્થ્ય પ્રત્યેક દ્રવ્ય રાખે છે. તેથી પૂર્વની અવસ્થા પલટીને નવી અવસ્થાનું ઉત્પન્ન થવું થાય છે. આ તો મહાસિદ્ધાંત છે. અનંત દ્રવ્ય જેટલા છે એ બધા પોતાના અંતરંગ સાધનથી... સમજાણું કાંઈ? ઘડો થાય છેને? ઘડો. તો કુંભારનો હાથ પડે છે કે નહિ હાથ આમ માટી ઉપર? તો જેવો હાથ પડે એવો ત્યાં માટીમાં આકાર થઈ જાય છેને? ના પાડે છે કે એ હાથ તો એક ઉપસ્થિત તરીકે છે. ઘડાના પ્રત્યેક પરમાણુમાં અંતરંગ સાધન સ્વરૂપકર્તા, કરણનું સામર્થ્ય થવાની તાકાત છે. તેનાથી તે વ્યંજન નામ

આકૃતિ અને રૂપાંતર નામ રંગ, ગંધ, રસ, સ્પર્શની પર્યાયનું રૂપાંતર-ઊપજવું પોતાથી થાય છે. સમજાણું કાંઈ? કોઈ જીવ કોઈની દયા પાળે એમ રહેતું નથી, કોઈ જીવ કોઈની હિંસા કરે છે એમ રહેતું નથી, કોઈ જીવનો કોઈ ઉપકાર કરે છે એમ રહેતું નથી, કોઈ જીવ કોઈનો અપકાર કરે એ પણ રહેતું નથી. શોભાલાલજી! શોભાલાલજીને પકડ્યા છે બરાબર. ક્રમબદ્ધ પરિણામ થાય છે, પરિણામ થાય છે, પછી શું? સમજાણું કાંઈ?

જુઓ! આ એક પંક્તિ. પ્રત્યેક પદાર્થ વર્તમાન.. વર્તમાન.. વર્તમાન... વર્તમાન.. વર્તમાન.. જ્યાં જ્યાં વર્તમાન વર્તે છે, ત્યાં ત્યાં પૂર્વની અવસ્થા તો પ્રાપ્ત છે જ, હવે નવી અવસ્થાનું ઉત્પન્ન થવું અંતરંગ સાધન સ્વરૂપકર્તા, કરણનું સામર્થ્ય દ્રવ્ય રાખે છે તેથી પર્યાયનું ઊપજવું, અવસ્થાનું થવું થાય છે. કહો, સમજાણું કાંઈ? કંઈ દયા કે પરનું દાન, કે પૈસા દેવા, લેવા એ પોતાના અધિકારની વાત નથી, એમ કહે છે. પ્રત્યેક પદાર્થ પોતાના સ્વભાવના સામર્થ્ય કર્તા, કરણ દ્વારા પોતાની પર્યાય કરે છે. પર્યાય કહો કે કાર્ય કહો. પ્રત્યેક પદાર્થ પોતાના અંતરંગ સાધન દ્વારા-કર્તા, કરણ દ્વારા પોતાની વર્તમાન અવસ્થાનું કાર્ય કરે છે. તો નિમિત્ત કાર્ય કરે છે એવું એમાં આવતું નથી. સમજાણું કાંઈ? જુઓ!

**'ઉત્તર અવસ્થાએ ઊપજતું થકું...'** એવા **'સામર્થ્યરૂપ સ્વભાવ વડે અનુગ્રહીત થતાં,...'** પોતાને પોતાનો અનુગ્રહ છે પ્રત્યેક દ્રવ્યમાં. ઓહો...! પ્રત્યેક પરમાણુ અને અનંત આત્માઓ એક સમયમાં ભિન્ન ભિન્ન છે. જેટલા, ભગવાન ત્રિલોકનાથ સર્વજ્ઞ દેવાધિદેવે જોયા (એ) બધા દ્રવ્ય પોતાના વર્તમાનમાં અવસ્થાને અનુગ્રહીત થઈને પોતાના સ્વભાવમાં અનુકૂળ થઈને પોતાની અવસ્થાનું ઉત્પન્ન કાર્ય કરે છે. કહો, સમજાણું કાંઈ? જેચંદભાઈ! શું કરે હવે? પ્રકાશ શું કરે? અને જેચંદભાઈ પ્રકાશનું શું કરે? એ.. મોહનભાઈ!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- અવસ્થા પોતામાં કરે. તે સમયે વિકલ્પ પોતાની પર્યાયમાં કરે. નિમિત્ત છે માટે થયો છે એમ નથી. પોતાની પર્યાયનો કર્તા, કરણનું અંતરંગ સાધન દરેક દ્રવ્ય પોતાની શક્તિથી રાખે છે. એવા સ્વભાવથી અનુગ્રહીત થઈને, અનુગ્રહીત નામ અનુકૂળ થઈને તે જ પર્યાય ઉત્પન્ન થાય છે. તે પર્યાય થવાવાળી છે તે જ થાય છે એમ સિદ્ધ કરે છે, લ્યો. સમજાણું કાંઈ? બધા દ્રવ્યમાં લઈ લેવું. ભગવાનનું મંદિર થયું, આવી કોઈ દયા પાળી, પાંજરાપોળ થયા એમાં પૈસા આપ્યા. કોઈ પદાર્થ પોતાની પર્યાયને છોડીને પર પર્યાયને કરે એમ ત્રણકાળમાં બનતું નથી. ઓહો..હો..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- જાદુઈ લાકડી છે. જાદુઈ લાકડી આ ભગવાનના ન્યાય છે. જાદુઈ લાકડી કહે છે. આજે સવારે પણ એમ વાત ચાલી હતી રસ્તામાં. મહારાજ આમ રાખે છેને, તો એમાં મંત્ર કરે છે. પછી આમ ફેરવે એટલે... કેમ? શોભાલાલજી! તમારા ભત્રીજા કહેતા હતા, સવારે દાખલા આપતા હતા. આવું ત્યાં ચાલતું હતું. આમ મહારાજ જરી રાખે છેને, ત્યાં મંત્ર જપી લે. પછી

આમ ફેરવે ત્યાં બધા વશ થઈ જાય છે. હિન્દુસ્તાનમાં એમ ચાલ્યું છે. ભાઈ! આ વિરોધ કરે છે સાંભળવામાં, એમાં વશ ક્યાં થયા?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પણ અહીંયા પણ કોઈ કોઈ આવે છે, કોઈ કોઈ આવે છે. ત્યાં પણ કોઈ કહેતું હતું, નહિ. સાંભળો! આ તો લાકડી મુંબઈની છે. (શાસ્ત્રને) પરસેવો અડે નહિ માટે (રાખીએ) છીએ. મંત્ર કોણ કરે છે? આમ જ્યારે હોય ત્યારે કોઈ જાણે કે મંત્ર ભણે છે. એ તમારા ભત્રીજા કહેતા હતા સવારે કે લોકો આમ કહે છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- બસ! ઇ વાત છે. ભાઈ કહે છે. જ્ઞાનનો સાચો-સત્ય મંત્ર વીતરાગના ઘરનો આવે છેને. અને આત્મા છે તો એને ખ્યાલમાં આવે છે કે વાત તો આમ છે. એમ હા પાડે છે. એમ મુગ્ધ થઈ જાય છે એમ છે. લાકડીમાં શું છે? આ લાકડી તો પહેલી કોઈ ચોરી ગયું, બીજી આવી તો તુટી ગઈ, આ ત્રીજી આવી. આ પણ તૂટી ગઈ છે, વળી સમી કરી છે. ન્યાં કોઈ કરી આવ્યું નહિ? રાજકોટ. લાઠી, લાઠી. જુઓ! આ તૂટી ગઈ, જુઓ! વળી કોઈ ... ઇ લાકડી તૂટી જાય એમાં ઇલમ ક્યાં આવ્યું? આ તૂટેલી છે. જુઓ!

મુમુક્ષુ :- એ પણ કોઈ લઈ જશે.

ઉત્તર :- કોઈ લઈ જાય વળી, શું કરે? અહીંયા ... ચાલ્યું છે અને હિન્દી (ભાષી ક્ષેત્રમાં) પણ ચાલ્યું છે. અરે..! ભગવાન! એ તો વીતરાગ સર્વજ્ઞ ત્રિલોકનાથ પરમાત્માની જે કથનપદ્ધતિ છે, શૈલી છે વસ્તુનો સ્વભાવ એ સાંભળે છે તો અંદર આત્મા છે કે નહિ? આત્મા છે તો, ઓહો..! વાત તો સાચી છે, ભાઈ! એમ લાગે છે.

મુમુક્ષુ :- આ જ મહામંત્ર છે.

ઉત્તર :- આ જ મહામંત્ર છે. આ ઇલમ છે, ઇલમ. બસ! આ ઇલમ છે. કેમ? મોતીરામજી!

ભગવાન ત્રિલોકનાથ તીર્થંકર દેવાધિદેવ, જેવી વસ્તુની પર્યાય જે સમયે જે થાય છે તે પોતાના સામર્થ્યથી (થાય છે). એમ સાંભળીને લોકોને એમ થાય કે ઓહો..! વાત તો (સાચી છે). ઉપાદાનથી કાર્ય થાય છે, નિમિત્ત તો હાજર ઉપસ્થિતિ માત્ર છે. ઇ આ કહે છે. અને ચોખા પોતાથી ચડે છે, પાણીથી નહિ. પાણીની ઉપસ્થિતિમાં ચોખા પોતાના સ્વરૂપકર્તા, કરણના સાધનથી થાય છે. રોટલી પોતાના કર્તા, કરણથી (થાય છે), તાવડીથી નહિ, અગ્નિથી નહિ, સ્ત્રીથી નહિ, સ્ત્રીની ઇચ્છાથી નહિ. સમજાણું કાંઈ? અને રોટલીના પ્રત્યેક પરમાણુમાં અંતરંગ સાધન સ્વરૂપકર્તા, સ્વરૂપકરણ નામ સાધન, સાધન નામની શક્તિ અંદર પડી છે, એ દ્વારા એ પર્યાયનું કાર્ય રોટલી કરે છે, બીજું કોઈ કરતું નથી. આવું વસ્તુનું સ્વરૂપ છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પુરુષાર્થ શું? કાંઠે છે. નદીમાં અનુકૂળ એટલે કાંઠો. કાંઠે હોય, એમાં શું છે? પાણી

એનાથી ચાલે છે? પાણી તો પોતાને કારણે ચાલે છે. સમજાણું કાંઈ? રોટલી હો, શાક હો, દાળ હો, ભાત હો, કપડા હો, ઘડો હો, તાવડી હો તાવડી, ઘી અંદર જાતું હોય, બધા પોતપોતાના કર્તા, કરણ સાધન દ્વારા કાર્ય થાય છે. પ્રત્યેક અનંત પરમાણુમાં લીધું પછી પ્રશ્ન ક્યાં રહ્યો? સમજાણું કાંઈ?

વાત ઇ કે પૂર્વનો આગ્રહ અને ચાલી આવી છે એવી પ્રથામાંથી નીકળવું એને એવું લાગે... ગૃહસ્થ લોકો તો નીકળી શકે કે કંઈ નહિ, અમને ખબર નથી. આ શેઠ જેવા એમ કહે કે ભાઈ! અમને એવા મળ્યા, શું કરીએ? એમ કરીને બચાવ કરે. બચાવ કરે, હોં! ત્યાગીએ શું કરવું? ત્યાગીએ અત્યાર સુધી આટલું આટલું (કર્યું).

મુમુક્ષુ :- એ તો ઠેકેદાર બન્યા છે.

ઉત્તર :- ઠેકેદાર બન્યા છે. આમ થાય છે. નિમિત્ત પામીને થાય છે, નિમિત્ત પામીને થાય છે. અહીંયા કહે છે કે પોતાના સ્વભાવને પામીને થાય છે. જુઓ! અનુગ્રહીત, પોતાના સ્વભાવનું અનુગ્રહીતપણું છે. છે? જુઓ! **'સામર્થ્યરૂપ સ્વભાવ વડે અનુગ્રહીત...'** પોતાના સ્વભાવથી અનુગ્રહીત થાય છે. પોતપોતાની પર્યાયના કાર્યમાં એના દ્રવ્યની કૃપા છે. કૃપા નામ સાધન છે. કોઈની કૃપાથી કોઈ પર્યાય કોઈમાં થતી નથી. સમજાણું કાંઈ? બધા દ્રવ્યમાં, બધામાં લઈ લેવું.

નિગોદના જીવ પણ પોતાના સ્વરૂપકર્તા, કરણને કારણે... વળી કોઈ કહે છે, અસંજ્ઞી પ્રાણી સુધી તો કર્મનું જોર છે, ભાઈ! સંજ્ઞી થયા પછી નહિ. અરે..! સાંભળ તો ખરો! કર્મ કર્મમાં રહ્યા. કર્મના એક એક પરમાણુ પોતાના કર્તા, કરણ-સાધનથી પરિણમી રહ્યા છે. આત્મા પોતાના સ્વરૂપકર્તા, કરણ અંતરંગ સાધનથી સ્વભાવથી અનુગ્રહીત થતાં તેના કાર્યમાં અનુગ્રહીતપણું દ્રવ્યના સ્વભાવનું છે. એના પર્યાયના કાર્યમાં અનુગ્રહીતપણું, અનુકૂળપણું, કૃપાપણું, સાધનપણું દ્રવ્યસ્વભાવનું છે, બીજાનું નહિ. સમજાણું કાંઈ?

**'તે ઉત્પાદ વડે લક્ષિત થાય છે...'** એ ઉત્તર અવસ્થાથી ઉત્પન્ન થતું થકું, નવી અવસ્થાથી કાર્ય કરતું થકું ઉત્પાદ વડે લક્ષિત છે. તે કાર્યથી લક્ષિત કારણ છે. તે કાર્ય થયું તેથી લક્ષ થયું કે આ દ્રવ્ય કારણ છે. એ લક્ષ કરાવે છે એ કારણનું લક્ષ કરાવે છે. લક્ષણ લક્ષનું લક્ષ કરાવે છે. **'ઉત્પાદ વડે લક્ષિત થાય છે, પરંતુ તેને તે ઉત્પાદની સાથે સ્વરૂપભેદ નથી,...'** પ્રત્યેક દ્રવ્ય એક સમયમાં પોતાની પર્યાયથી ઉત્પન્ન થાય છે. તે પર્યાયથી-તે ઉત્પાદથી તે દ્રવ્ય ભિન્ન નથી, સ્વરૂપભેદ નથી. લક્ષ્ય-લક્ષણ ભેદ થયો. ઉત્પાદ કાર્ય લક્ષણ અને દ્રવ્ય લક્ષ્ય એમ હોવા છતાં સ્વરૂપભેદ નથી, પ્રદેશભેદ નથી, કાળભેદ નથી. **'સ્વરૂપથી જ તેવું છે.'** પ્રત્યેક પદાર્થ પોતાના કાર્યથી ઉત્પાદ કરતું સ્વરૂપે જ એવું છે. ધર્મચંદજી! હવે શું રહે છે?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ના, ના. સ્વરૂપભેદ નથી એટલે ઉત્પાદ અને દ્રવ્ય લક્ષ્ય, એમ બે થયાને બે? ઉત્પાદ કાર્ય થયું, કોનું લક્ષ કરાવે છે? દ્રવ્યનું. તો બે થયાને. બે થયા પણ એ તો નામભેદ છે, સ્વરૂપ જુદા

નથી. એનું એ જ લક્ષ્ય, એ જ લક્ષણ, એ પદાર્થ અને એ પ્રદેશ અને એ જ સ્વભાવ. સ્વરૂપભેદ નથી. ઉત્પાદનો સ્વભાવ ભિન્ન અને દ્રવ્યનો સ્વભાવ જુદો એમ નહિ. ઉત્પાદ નવું કાર્ય થયુંને? માટીમાંથી ઘડો થયો તો ઘડો કાર્ય-લક્ષણ થયું. લક્ષણ કોને બતાવે છે? કે માટીને. આટલો ભેદ હોવા છતાં માટી અને કાર્ય બે ભિન્ન નથી. સ્વરૂપભેદ નથી, પ્રદેશભેદ નથી, કાળભેદ નથી. તે જ સમયે બેય એકસાથે છે. સમજાણું કાંઈ? ભારે વાત ભાઈ! જૈનમાં જન્મ્યા છતાં સાંભળ્યું નથી. આ મોટા મોટા શેઠ કહેવાય, લ્યો કેટલા વર્ષથી. મીઠા માણસ છેને. એને માથે ન પડે. એને માથે ખાનદાનમાં ... જરી બચાવ કરે છે. ભાગ્ય સારું છે તો હવે સાંભળવા તો આવ્યા, એમ કહે છે. એણે બધી ગડબડ કરી છે અત્યાર સુધી. સમજાણું કાંઈ?

સ્વરૂપ નામ.. જુઓને! આ લાકડીની પર્યાય થઈ. જુઓ! આ પર્યાયથી આ લાકડી ઉત્પન્ન થઈ. તો પર્યાય અને દ્રવ્યનું સ્વરૂપ કોઈ જુદું નથી. પર્યાય ક્યાંક રહે છે અને દ્રવ્ય ક્યાંક રહે છે એમ છે? એમાં ને એમાં બધું છે. અંશ અને અંશી તે જ સ્વરૂપે છે. પર્યાય અંશરૂપે ઉત્પન્ન થઈ, અંશી દ્રવ્ય છે. આ લક્ષણ છે, આ લક્ષ્ય છે. સ્વરૂપ તો એક જ છે. સમજાણું કાંઈ? ભારે કઠણ જગતને. ઉપાદાન-નિમિત્તનો ઝઘડો અને ક્રમબદ્ધનો. પણ એ ઉપાદાન-નિમિત્તમાં ક્રમબદ્ધ આવી જાય છે. એના કારણે ઉપાદાન પોતાની પર્યાયે ઉત્પન્ન થયું, બીજા સમયે પોતાને કારણે ઉત્પન્ન થયું, તે જ ઉત્પન્ન થવાવાળી પર્યાય પોતાથી ઉત્પન્ન થઈ, બસ! નિમિત્તની ઉપસ્થિતિ છે. નિમિત્તને કારણે અહીંયા પલટવું થાય છે, નિમિત્ત બીજું આવે તો બીજું અને ત્રીજું આવે તો ત્રીજું કાર્ય થાય એમ નથી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પોતાની છે જ નહિ. પોતાની પર્યાયથી બધા કાર્ય અનાદિ-અનંત પરમાણુ અને આત્મામાં થાય છે. કહો, સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એક જ સ્વભાવ છે કે નહિ? પણ દ્રવ્યમાં છે કે નહિ? કે કટકો ભિન્ન છે?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- વિપરીત પણ પર્યાય એની છે કે નહિ? વિપરીતનો અહીંયા ક્યાં પ્રશ્ન છે? પર્યાય તો એની છે કે નહિ એના સ્વરૂપની? કે બીજામાં રહે છે પર્યાય? વિકાર થાય તોપણ પર્યાય તો એની છેને. પર્યાય રાગ થયો, રાગ લક્ષણ થયું. લક્ષણથી લક્ષ કરાવે છે કે આ દ્રવ્ય છે. એટલું. પણ વસ્તુ તો એક જ છે. રાગ થયો બીજામાં અને દ્રવ્ય રહ્યું ત્રીજામાં એમ છે કાંઈ? સમજાણું કાંઈ? આ મંત્ર છે લ્યો, ઇલમ. મોટો મંત્ર છે આ. સમજે તો એની ભ્રમણા નીકળી જાય. પરદ્રવ્યમાં હું કરું છું અને પરદ્રવ્યથી મારામાં થાય છે. એમ માનવાવાળાની દૃષ્ટિ ખોટી છે, છોડી દે ઇ. કેટલી વિપરીતતા છૂટી ગઈ. સમજાણું કાંઈ? એમ કોઈ માને કે નહિ, નિમિત્ત ... જેવું આવે તેવું થાય છે, ખોટી વાત છે. અને જેની માન્યતા ઇ છે, જે માનવાવાળા પ્રતિકૂળ છે, સત્ય નથી. તો એને અનુકૂળ માને.

બરાબર છે, ... બધાની વિપરીતતાનું અનુમોદન કરે છે. એ દૃષ્ટિ છૂટી જાય. સત્ય વસ્તુ પોતાના સ્વરૂપથી ઉત્પન્ન થાય છે. લ્યો. એ ઉત્પાદની વાત કરી. હવે વ્યયની વાત કરે છે.

**'વળી જેવી રીતે તે જ વસ્ત્ર...'** વસ્ત્રનો દૃષ્ટાંત આપ્યોને. **'નિર્મળ અવસ્થાથી ઊપજતું...'** નિર્મળ અવસ્થા ધોવાથી ઉત્પન્ન થતું. ધોવાથી કહ્યું હતુંને? એ નિમિત્ત સિદ્ધ કર્યું. નિમિત્ત, ઉચિત નિમિત્ત. તેમ **'વસ્ત્ર નિર્મળ અવસ્થાથી ઊપજતું અને મલિન અવસ્થાથી વ્યય પામતું થકું...'** જુઓ! વસ્ત્રની મલિન અવસ્થા હતી તે વ્યયને પ્રાપ્ત થઈ. વ્યય-નાશ થઈ. **'તે વ્યય વડે લક્ષિત થાય છે;...'** તે વ્યય વડે લક્ષિત વસ્ત્ર થાય છે. મલિનતા ટળી વસ્ત્રમાં એમ લક્ષમાં આવે છે. મલિનતા ટળી ધોકાથી કે સાબુથી એમ તે વ્યય લક્ષ કરાવતું નથી. વ્યય એમ લક્ષ નથી કરાવતું કે આ સાબુ અને ધોકો છે તેનું વ્યય લક્ષ કરાવે છે. વ્યય લક્ષણ દ્રવ્યનું લક્ષ કરાવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? કેટલી વાત ટૂંકામાં! ઓહો..હો..! ગાગરમાં સાગર (ભરી દીધો)! ચૌદ બ્રહ્માંડના અનંત દ્રવ્યની ઉત્પાદ-વ્યયની વાત એક સમયમાં કઈ રીતે થાય છે તે ભરી દીધું છે. સમજાણું કાંઈ? અને વ્યયથી તે વસ્ત્ર લક્ષિત થાય છે. મલિનતાનો નાશ એ લક્ષણથી વસ્ત્ર લક્ષિત-ઓળખાય છે. તેનાથી ધોકો અને સાબુ હતો એમ ઓળખાતું નથી. સમજાણું કાંઈ? ઓહો..હો..! હળવો હળવો થઈ જાય. એના વિકલ્પો ઘટીને સ્વભાવ તરફ સન્મુખ થઈને છૂટી જાય. હું મારી પર્યાયથી ... કોનું કરું? કોની પાસેથી લઉં? અને કોને દઉં? આવું વસ્તુનું સ્વરૂપ દૃષ્ટિમાં આવવાથી પરના કર્તાપણાની બુદ્ધિ છૂટી જાય, પોતાના વિકારનું કર્તાપણું છૂટીને દ્રવ્યસ્વભાવ ઉપર દૃષ્ટિ થઈ જાય કે હું જ્ઞાયક જ છું, બીજું કાંઈ કરવાવાળો નથી. હું તો જાણનાર-દેખનાર છું. એમ એના પરિણામ-ફળ આવે છે જ્ઞેયમાં, માટે તે જ્ઞેય બતાવે છે. ભગવાને જોયું જ્ઞેયમાં આમ થાય છે એમ ભગવાન કહી રહ્યા છે. સમજાણું કાંઈ?

પૂર્વ **'અવસ્થાથી વ્યય પામતું થકું તે વ્યય વડે લક્ષિત થાય છે;...'** જુઓ! ઓહો..હો..! ટીકા! કુંદકુંદાચાર્યની ગાથા અને અમૃતચંદ્રાચાર્યની ટીકા ન ભૂતો ન ભવિષ્યતિ. ભરતક્ષેત્રમાં અત્યારે આવી ટીકા અલ્પમાં દુનિયાના બધા પદાર્થની સ્વતંત્રતા બતાવવાનો ઢંઢેરો અલૌકિક છે!! સમજાણું કાંઈ? સાંભળવું નહિ, સમજવું નહિ. કરો અપવાસ, કરો વ્રત, ચોવિહાર કરો, લીલોતરી ન ખાઓ. મિથ્યાત્વનું સેવન થયું.

મુમુક્ષુ :- કર્તાબુદ્ધિ થઈ.

ઉત્તર :- કર્તાબુદ્ધિ એ મિથ્યાત્વ. મિથ્યાત્વનું સેવન થયું માનવું કે અમને ધર્મ થયો એમ માનવું. મેં ન ખાધું, મેં છોડી દીધું, આજે અપવાસ કર્યા. પરમાણુ છોડી દીધા, પરમાણુ આવવાના હતા. તેનો ધણી થાય છે. એની પર્યાય એનાથી થાય અને મેં કરી (એમ માનવું). મેં છોડી દીધું, મેં ગ્રહણ કર્યું એમ પરપદાર્થની પર્યાયના ગ્રહણ-ત્યાગનો કર્તા થાય છે તે જ મિથ્યાદૃષ્ટિ મિથ્યાત્વનું સેવન કરે છે. અજ્ઞાની માને છે કે મેં ધર્મનું સેવન કર્યું.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આ પરમાણુ આહારના... આઠમ અને ચૌદશના અપવાસ થાય છે કે નહિ? ત્યારે એ પરમાણુ અહીંયા આવવાના નહોતો. તો એ કહે છે કે મેં આહાર છોડી દીધો. મેં ગ્રહણ કર્યો નહિ અને મેં ઉણોદરી ગ્રહણ કરી. પેટમાં આવું પાતળું કરી નાખ્યું. એ જડના ગ્રહણ-ત્યાગ માનવું તે જ મિથ્યાત્વનું સેવન છે. મોહનભાઈ! શું કહ્યું? જુઓને!

આહારના પરમાણુ પોતાની પર્યાયથી ઉત્પન્ન થઈને ત્યાં રહેવાના હતા. ભાત થાળીમાં આવ્યા, કહે કે, નહિ, આજે મારે નથી ખાવા. હું લઈ શકું છું પણ હું લેતો નથી. હું લઈ શકું છું તેને હું લેતો નથી. તો લઈ શકું છું એ પણ પરની પર્યાયનો ધણી થયો. નથી લેતો એ પણ પર પર્યાયનો ધણી થયો. મિથ્યાત્વનું સેવન કરે છે અને માને છે કે મેં અપવાસ કર્યા. ત્યાગ છેને. ત્યાગ થયોને, સમ્યગ્દર્શનનો ત્યાગ થયો અને મિથ્યાત્વનો ધર્મ થયો. સમજાણું કાંઈ? ભારે કઠણ જગતને.

મુમુક્ષુ :- ત્યાગીની સંખ્યામાં આવ્યો.

ઉત્તર :- ત્યાગીની સંખ્યામાં આવ્યો. ધર્મના ત્યાગમાં. ધર્મના ત્યાગની સંખ્યામાં આવ્યો. મિથ્યાત્વના ત્યાગની સંખ્યામાં ન આવ્યો.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- સંસાર ચલાવવો છે એને? કોઈ ચલાવી શકે છે? ત્યાં ચલાવી શકે છે ન્યાં ભગવાનદાસજી તમાકુ અને ફલાણાનું? બિલકુલ ચલાવી શકતો નથી. એ તો એને કારણે ચાલે છે. એ તો શું કહ્યું?

પ્રત્યેક દ્રવ્ય પોતાની પર્યાયથી ઉત્પન્ન થઈને વ્યય થઈને તે દ્રવ્યનું લક્ષ કરાવે છે. પરનું લક્ષ નથી કરાવતું. આમાં શું કરવું? શું કર્યું એણે? છોકરાના લગ્ન કરાવવા કે નહિ? પણ કરી શકે છે કે દિ'? એક પરમાણુની પર્યાય એવા સંયોગમાં આવવાની હોય તો આવે છે, ન આવવાની હોય તો નથી આવતી. તેનો અજ્ઞાની ધણીપતું કરે છે કે મેં આવું કર્યું, એની સાથે લગ્ન કર્યા, અમારે ત્યાં પ્રભાવ પડ્યો. લગ્નમાં પાંચ-દસ લાખ લઈને આવી. મૂઢ છે. શોભાલાલજી! અહીં તો આચાર્ય કહે છે કે મૂઢ છે. પરદ્રવ્યની પર્યાય તેને કારણે થઈ અને તેને કારણે વિયોગ થયો. તેં એનો વિયોગ અને ઉત્પાદ કર્યો? મિથ્યાદૃષ્ટિ મૂઢ નિજ સ્વરૂપનું કર્તાપણું છોડીને પરનો કર્તા થાય છે તેનું નામ ભગવાન મિથ્યાદૃષ્ટિ કહે છે. એ જૈનધર્મનો વેરી છે. જુઓ! આ ત્યાગ કર્યો. ધર્મનો ત્યાગ કર્યો.

જ્ઞાનસ્વરૂપ ભગવાન એ જાણવા-દેખવાની પર્યાયને ઉત્પન્ન કરનાર છે, એ પણ પોતાના સ્વભાવના સામર્થ્યથી. સાંભળવાથી નહિ, વાંચવાથી નહિ, પુસ્તકથી નહિ, પરથી નહિ. ભગવાનજીભાઈ! આહા..હા..!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- નહિ, નહિ, જામતો નથી, પોતાની પર્યાયથી જામે છે ત્યારે જામે છે એમ કહેવામાં આવે છે. એવી જ્ઞાનગુણની પર્યાય પોતાથી અંતરંગ ગુણમાં અંતરંગ સાધન પડ્યું છે. સ્વરૂપકર્તા થઈને તે પર્યાયનો કર્તા થઈને, પર્યાયનું સાધન થઈને પોતાની પર્યાયમાં ઉત્પન્ન થાય છે. પ્રત્યેક

સમયમાં જ્ઞાનગુણની, પ્રત્યેક સમયમાં દર્શનગુણની, પ્રત્યેક સમયમાં આનંદગુણની, પ્રત્યેક સમયમાં વીર્યગુણની (પર્યાય) પોતાથી ઉત્પન્ન થાય છે, પરથી નહિ. ઓહો..હો..! ભીખાભાઈ! સોએ સો ટકા? આહા..હા..! શું છે? કાંતિભાઈ? આ વિમાન શેના ઊડે છે? શેને લઈને?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- માને છે, થતું નથી. થતું નથી, માને છે. મેં આ સંચા લીધા, હું આ કાપડ લાવ્યો, મેં કાપડ લીધું, મેં આવું ધ્યાન રાખ્યું તો ઘરાકને.. આવો.. આવો.. એ તો એની દુકાને આવે તો પાછો જાય નહિ. જગજીવનભાઈ કહેતા હતા. આ હમણા નહોતો આવ્યો જાદુગર? કે. લાલ જાદુગર. જગજીવનભાઈના સાળા. કે. લાલ. એવો કે. લાલ... લાખો રૂપિયા લીધા હમણાં જાદુ કરવાના, લાખો. જાદુગરી એવી. હાથની કળા. અહીં આવ્યો હતોને. ભાવનગર આવ્યો હતો. પછી કહે કે દુકાન ઉપર બેસતો હતો ત્યારે કોઈપણ બાઈ આવે તો બસ્સો રૂપિયા માલ લેવા પડાવે છૂટકો. દુકાન ઉપર એવો. પડાવે એટલે બધો માલ એવી રીતે... આ ચીજ આવી છે, આ ચીજ આવી છે.. આ ... ઓલો બસ્સો રૂપિયા લઈને આવે તો ખાલી હાથ કરાવે. દુકાન પર પણ એવો. અને હાથચાલાકીમાં અત્યારે (એવો). કોઈ કરતું નથી, મૂઢ માને છે. આહા..હા..! ઇ જગજીવનભાઈ કહેતા હતા. અહીં આવ્યો હતોને, ત્યારે દોરીનું જાદુ બતાવ્યું હતું. એ તો બધી હાથચાલાકી. પણ દોરીના એવા કટકા કરીને... ફટ.. આમ કરીએ ત્યાં ... પણ કટકા ક્યાં કર્યા હતા. ઉપર આમ બાંધીને, આમ આમ બાંધ્યું હતું. હુશિયાર એવો છે. વીસાશ્રીમાળી. બગસરા. લાખો રૂપિયા લોકો ફીદા થઈને આપે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ... પર્યાયમાં. ઇ માને છે કે મેં કર્યું, એ કરાવે છે, એ દૃષ્ટિ મિથ્યાત્વ છે. પરની પર્યાયનું ઉત્પન્ન થવું તે તેનાથી થાય છે, આત્માની કળાથી નહિ. આત્માની કળા પોતાના જ્ઞાનગુણની પર્યાયમાં ઉત્પન્ન થઈ. શું પરની પર્યાયમાં ઉત્પન્ન થઈ? આમ આમ કરે, આમ કરે. એવા ... કરે, ખબર ન પડે બીજાને. મૂળ તો હાથચાલાકી હોય, ન્યાં ક્યાં હતો મંત્ર-ફંત્ર. સમજાણું કાંઈ? હવે આ આખી દુનિયાને ખોટું ઠરાવવું અને એક ભગવાન કહે કે અમે સાચા. કહો, સમજાણું કાંઈ?

**'પરંતુ તેને તે વ્યયની સાથે સ્વરૂપભેદ નથી,...'** એ વસ્ત્રનો દૃષ્ટાંત આપ્યોને. સમજ્યાને? **'તેવી રીતે તે જ દ્રવ્ય પણ...'** હવે દ્રવ્ય ઉપર આવ્યા. પહેલા વસ્ત્રનું કહ્યું હતું. પ્રત્યેક દ્રવ્ય **'ઉત્તર અવસ્થાથી ઊપજતું...'** નવી અવસ્થાથી ઊપજતું. જેમ ચોખા નવા ચડતા થકા, પાકતા થકા પૂર્વની અવસ્થાનો વ્યય થયો, કઠણની. **'વ્યયની સાથે સ્વરૂપભેદ નથી,...'** **'દ્રવ્ય પણ ઉત્તર અવસ્થાથી ઊપજતું અને પૂર્વ અવસ્થાથી વ્યય પામતું થકું...'** પાણી પહેલા ઠંડુ હતું, પછી ઉષ્ણ થયું. એ ઠંડાનો વ્યય થતો, ઉષ્ણતાનો ઉત્પાદ થતો, ઠંડાનો વ્યય થતો **'તે વ્યય વડે લક્ષિત થાય છે;...'** પાણી ઠંડુ વ્યય થયું એવું લક્ષ્ય પાણીમાં થાય છે. અગ્નિથી (ઉષ્ણ) થયું એમ વ્યય લક્ષણ

બતાવતું નથી. પાણીની ઠંડીની અવસ્થાનો વ્યય એ બતાવે છે કે પાણીના લક્ષને બતાવે છે. પાણીનો વ્યય થયો, પાણીમાં આવો વ્યય થયો. એ વ્યય લક્ષણ પાણીને બતાવે છે. અગ્નિને કારણે ઠંડીનો નાશ થયો અને ઉષ્ણતા ઉત્પન્ન થઈ એ વાત વસ્તુમાં નથી. મોતીરામજી! કરવું શું? આહા..હા..! સમજાણું કાંઈ?

**'પરંતુ તેને તે વ્યયની સાથે સ્વરૂપભેદ નથી,...'** પ્રત્યેક પદાર્થમાં, જેમ કે માટીનો પિંડ. માટીના પિંડનો વ્યય થયો, ઘડાની ઉત્પત્તિ થઈ. તો કહે છે કે વ્યય થયો તે માટીને બતાવે છે. વ્યય થયો તે કુંભાર આવ્યો અને આમ થયું એમ બતાવતું નથી, એમ કહે છે. અહીં કહે છે કે નહિ, કુંભાર વિના ઘડો થાતો નથી. હવે સાંભળને! કુંભાર વિના જ ત્યાં પોતાની પર્યાયથી ઉત્પન્ન થાય છે. હો સામે નિમિત્ત, એની કોણ ના પાડે છે? ભારે વાત ભાઈ! આ જગતને. કોઈ કહે કે, રોટલી, દાળ, ભાત, શાક બાયું નહિ કરે. મોહનભાઈ! કોણ કરતી હતી? એ પર્યાયમાં રાગ કરતી હતી, એ તો રાગ ઉત્પન્ન થયો. તો એ રાગ થયો, પહેલા બીજી પર્યાય હતી તેનો વ્યય થયો. એ વ્યયથી લક્ષિત તો એનો આત્મા છે. એનું લક્ષણ શું રોટલી બનાવી તે એનું લક્ષણ છે?

મુમુક્ષુ :-...

ઉત્તર :- હો, સમયે સમયે પોતાનો ઉત્પાદ-વ્યય પોતામાં (થાય છે), શું તારા વ્યયથી એનામાં વ્યય થયો? એના વ્યયથી તારામાં વ્યય થયો? એમ નથી. સમજાણું કાંઈ?

આત્માએ મિથ્યાત્વનો નાશ-વ્યય કર્યો. એ વ્યય લક્ષણ બતાવે છે આત્માને કે આત્માએ વ્યય કર્યો. એ લક્ષણથી લક્ષ ત્યાં થાય છે. મિથ્યાત્વનો નાશ થયો તો કર્મનો નાશ થયો, દર્શનમોહનો એમ નથી બતાવતું. સમજાણું કાંઈ? એમ નથી બતાવતું. એ તો આત્માને બતાવે છે કે ઓહો..! વ્યય ત્યાં થાય છે. લક્ષણ વ્યયનો નાશ થવો એ લક્ષણથી લક્ષ તો દ્રવ્ય થાય છે. શું કર્મનો નાશ બતાવે છે તેનાથી? સમજાણું કાંઈ? શું કરવું? આ અમારા પંડિત બેઠા છે. જુઓ! આ બધા અર્થ એણે કર્યા છે અંદરથી, સંસ્કૃતમાંથી. લ્યો.

મુમુક્ષુ :- ક્રમબદ્ધ પર્યાયમાં અંતર્ગત બધું આવી જાય છે.

ઉત્તર :- આવી જાય છે. તે સમયે નિમિત્ત ભલે હો, પણ તે સમયે તેનો વ્યય થવાનો કાળ છે, ઉત્પન્ન થવાનો કાળ છે તો થાય છે. બસ! પરથી થાય છે એમ નથી. સમજાણું કાંઈ? આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- .. અમારી પાસે આવે કે તમારી પાસે? પ્રભાવ.. પ્રભાવ. પ્રભાવ કહે હોં! પ્રભાવ આવે વાતમાં. આવે વાતું. વાતું બધી આવે વ્યવહારની. એ બધી વાતું આવે. પ્રભાવ પડ્યા. અનંતમાંથી ભગવાન પ્રગટ થયા અંદરમાંથી, લોકમાં પણ એમ થઈ ગયું કે.. ઓહો..હો..! ભગવાનને કેવળજ્ઞાન થયું. આસન ચળ્યું, લ્યો! તીર્થંકરને કેવળજ્ઞાન થ઼ાય તો દેવનું આસન ચળે છે. અહીં કેવળજ્ઞાન થયું તેથી ચળે છે?

મુમુક્ષુ :- ઇ પહેલા તો નહોતું ચળ્યું.

ઉત્તર :- પહેલા ન ચળ્યું, (કારણ કે) બીજી પર્યાય હતી. પર્યાય એક રહે છે? દ્રવ્ય-ગુણ એક રહે છે, પર્યાય તો ભિન્ન ભિન્ન થાય છે. સંબંધનો અર્થ-નિમિત્ત નૈમિત્તિક સંબંધ એટલે કર્તા-કર્મ નહિ. ઇ થયું એટલે ત્યાં થયું એમ નહિ. આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એને કારણે થયું, ભગવાનને કારણે નહિ. ભગવાનનું નિમિત્ત ઉપસ્થિત છે. એનું ઉપાદાન ... છે. સમજાણું કાંઈ? આહા..હા..!

**'પરંતુ તેને તે વ્યયની સાથે સ્વરૂપભેદ નથી,...'** દરેક પદાર્થમાં વ્યય થાય છે, વ્યયને સ્વરૂપભેદ નથી. દ્રવ્યનું સ્વરૂપ છે તે જ વ્યયનું સ્વરૂપ છે, તે જ દ્રવ્યનું સ્વરૂપ છે. **'સ્વરૂપથી જ તેવું છે.'** બે બોલ થયા. ઉત્પાદ અને વ્યય બે આવ્યા. હવે રહ્યો, ધ્રુવ. **'વળી જેવી રીતે તે જ વસ્ત્ર એકીવખતે...'** એકીવખતે **'નિર્મળ અવસ્થાથી ઊપજતું, મલિન અવસ્થાથી વ્યય પામતું...'** એકીવખતે વ્યય અને એકીવખતે ઉત્પાદ. **'અને ટકતી એવી વસ્ત્રત્વ-અવસ્થાથી ધ્રુવ...'** વસ્ત્રત્વ, વસ્તુપણું-વસ્ત્રપણું, હોં! ધ્રુવ લેવું છેને. **'ટકતી એવી વસ્ત્રત્વ-અવસ્થાથી...'** જુઓ! એ પણ એક અવસ્થા લીધી. ધ્રુવપણે ટકવું એ એક અવસ્થા. વસ્ત્રત્વ, વસ્તુપણું, ધ્રુવપણું **'રહેતું થકું ધ્રૌવ્ય વડે લક્ષિત થાય છે.'** એ તો ધ્રુવથી લક્ષિત છે. ધ્રુવપણું ધ્રુવથી લક્ષિત છે. સમજાણું કાંઈ?

**'પરંતુ તેને તે ધ્રૌવ્યની સાથે સ્વરૂપભેદ નથી...'** ધ્રુવ અને દ્રવ્યને સ્વરૂપભેદ નથી. કહો, સમજાણું કાંઈ? **'ધ્રુવ રહેતું થકું ધ્રૌવ્ય વડે લક્ષિત થાય છે;...'** એ તો ધ્રુવપણું-ટકી રહ્યું છે તેનાથી દ્રવ્ય લક્ષિત થાય છે. **'સ્વરૂપથી જ તેવું છે;...'** વસ્તુ એવી છે. વસ્ત્ર લીધું. **'તેવી જ રીતે તે જ દ્રવ્ય...'** હવે દ્રવ્ય લીધું. **'એકીવખતે ઉત્તર અવસ્થાથી ઊપજતું,...'** પ્રત્યેક દ્રવ્ય એક સમયમાં એક સેકંડના અસંખ્યભાગમાં પોતાની નવી અવસ્થાથી, ઉત્તર અવસ્થા નવી ઊપજતું **'પૂર્વ અવસ્થાથી વ્યય પામતું અને ટકતી એવી દ્રવ્યત્વ-અવસ્થાથી...'** જુઓ! **'દ્રવ્યત્વ અવસ્થાથી ધ્રુવ રહેતું થકું...'** તે ધ્રુવથી લક્ષિત (થાય છે કે). ત્રિકાળ દ્રવ્ય એવું ને એવું છે એવી ધ્રુવતાથી દ્રવ્ય લક્ષિત થાય છે. ધ્રુવપણાથી કોઈ પરદ્રવ્ય લક્ષિત થતો નથી. લ્યો, ત્રણ બોલ આવી ગયા.

પ્રત્યેક દ્રવ્યમાં ઉત્પાદ, વ્યય અને ધ્રુવથી તે દ્રવ્ય લક્ષિત થાય છે-ઓળખાય છે. તે જ સમયના ત્રણ અંશથી તે દ્રવ્ય ઓળખાય છે. તે જ સમયના અંશથી, તે જ સમયના અંશથી બીજા સમયનો બીજો, ત્રીજા સમયનો ત્રીજો. સમજાણું કાંઈ? બીજા સમયના ઉત્પાદ વખતે પહેલા સમયના (વ્યય) લક્ષણથી દ્રવ્ય લક્ષિત થતું નથી. તે સમયે તે દ્રવ્ય લક્ષિત થાય છે, તે સમયવાળું. સમજાણું કાંઈ? વ્યયથી લક્ષિત, ભવિષ્યના વ્યયથી લક્ષિત તે દ્રવ્ય થાય છે. વર્તમાન દ્રવ્ય છે તે આ વ્યયથી લક્ષિત થાય છે, એના પછી એ વ્યયથી દ્રવ્ય લક્ષિત થાય છે. આ વ્યય દ્રવ્યમાં સમાઈ ગયું. નવું ઊપજતું હતું તે વ્યય પણ દ્રવ્યમાં સમાઈ ગયો. તે વ્યય દ્રવ્યમાં સમાઈ ગયો. પહેલા વ્યય હતો તે દ્રવ્યમાં સમાઈ ગયો, પછીનો વ્યય હતો તે દ્રવ્યમાં સમાઈ ગયો. એ રીતે વ્યયથી લક્ષિત તે દ્રવ્ય થાય છે, ઉત્પાદથી લક્ષિત દ્રવ્ય થાય છે, ધ્રુવથી લક્ષિત દ્રવ્ય છે. ત્રણેનું કારણ કરવાવાળું પ્રત્યેક દ્રવ્ય એક

સમયમાં છે. ઓહો..હો..! ધર્મચંદજી! કહો, બરાબર છે? ઈશ્વરચંદજી! આ ઝઘડા થાય છે. તકરાર.. તકરાર.. પેલા કહે, નહિ, નિમિત્ત વિના થતું નથી. સિદ્ધને કેમ વિકાર નથી થતો? કર્મ નથી માટે વિકાર નથી થતો, અહીંયા કર્મ છે માટે વિકાર થાય છે. અરે..! સાંભળ તો ખરો! શું ગપ મારે છે? પોતાની પર્યાયની યોગ્યતાથી ત્યાં વિકાર નથી થતો અને યોગ્યતા નિર્મળતાની છે તે કારણે સિદ્ધ ઉત્પન્ન થાય છે. ત્યાં કર્મ નથી માટે વિકાર નથી થતો એવું કોણે કહ્યું? સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ નિમિત્ત વિના જ થાય છે. નિમિત્તની ઉપસ્થિતિ છે, એ તો પહેલા સ્વીકાર કર્યો. નિમિત્ત વિના થતું નથી એનો અર્થ કર્યો કે નિમિત્તને સિદ્ધ કરવું હોયને, ઉચિત નિમિત્ત હોય છે એમ સિદ્ધ કરવું હોય તો એમ બોલવામાં આવે છે. મુનિપણું દ્રવ્યલિંગ નગ્ન ન હોય અને ભાવલિંગ હોય એમ બનતું નથી. પણ દ્રવ્યલિંગ છે માટે ભાવલિંગ થયું છે એમ નથી. સમજાણું કાંઈ? દ્રવ્યલિંગ નગ્નપણું છે, અઠ્યાવીસ મૂળગુણ છે માટે ભાવલિંગ છે એમ નથી. પણ દ્રવ્યલિંગ એવું હોય છે તો ભાવલિંગ પોતાથી ત્યાં હોય છે. રાગથી રહિત ચિદાનંદની શ્રદ્ધા, અનુભવ, અમૃતના ગુપ્ત સ્વભાવમાંથી કાઢીને શાંતિનો પ્રગટ વેદન અનુભવમાં થાય તે ભાવલિંગ છે. તે સમયે નિમિત્ત ઉપસ્થિત હો. પણ ભાવલિંગ ઉત્પન્ન થયું તે પોતાને કારણે ઉત્પન્ન થયું છે, નિમિત્તને કારણે ઉત્પન્ન થયું નથી. સમજાણું કાંઈ?

**'પરંતુ તેને તે ધ્રૌવ્યની સાથે સ્વરૂપભેદ નથી, સ્વરૂપથી જ તેવું છે;...'** ત્રણ બોલ આવ્યા. ક્યા ત્રણ આવ્યા? પહેલા સત્તાનો બોલ આવ્યો હતો. સત્તા છે તેની વાત ચાલે છે. છે તેની વાત ચાલેને. તો દ્રવ્ય છે તે તેના સ્વભાવથી અભેદ છે એમ કહ્યું. છે, છે તેની વાત થાયને? છે, પ્રત્યેક દ્રવ્ય સત્તા સ્વભાવથી અભિન્ન છે. બસ! છે, તે ઉત્પાદ-વ્યય-ધ્રુવ ત્રણે એક સમયમાં ઉત્પન્ન થાય છે તે પોતાને કારણે થાય છે. એ ત્રણથી વાત કરી. હોય તેના ઉત્પાદ-વ્યય-ધ્રુવ હોયને, ન હોય એની વાત શું કરવી? હવે રહ્યો ચોથો, પાંચમો બોલ. છ બોલ આવ્યાને? છ. સત્તા, એક ઉત્પાદ-વ્યય-ધ્રુવ અને એક ગુણ-પર્યાય. ચાર બોલ થઈ ગયા. હવે ગુણ-પર્યાય બે બોલ રહ્યા. ઇ એમાં સમાઈ જાય છે ધ્રુવમાં ગુણ, ઉત્પાદ-વ્યય પર્યાયમાં (સમાઈ જાય છે). વિશેષ વિસ્તાર કરવા માટે આ બે હતા એમાં એક લીધું. ઉત્પાદ-વ્યયને પર્યાયમાં લઈને ધ્રુવને ગુણમાં લીધું.

**'વળી જેવી રીતે તે જ વસ્ત્ર...'** તે જ વસ્ત્ર, હોં! વસ્ત્ર તો તેનું તે લેવું. **'વિસ્તારવિશેષોસ્વરૂપ...'** વિસ્તારવિશેષસ્વરૂપ. શું? કપડામાં જુઓ! આ શુક્લત્વ છેને? શુક્લત્વ. શું કહે છે? ધોળું. આ ધોળું છે કે નહિ? વિસ્તાર છે આમ. શુક્લત્વ, સુંવાળત્વ, હળવું એવા ગુણોથી લક્ષિત થાય છે. એવા ગુણોથી લક્ષિત વસ્ત્ર થાય છે. આમ વિસ્તારવિશેષ. ફેલાયેલ વિશેષ. વસ્ત્ર સામાન્ય, એના ગુણ આ ફેલાયેલા. એનાથી લક્ષિત વસ્ત્ર થાય છે. **'(શુક્લત્વાદિ) ગુણો...'** શુક્લતા આદિ. શુક્લ, ગંધ, રસ, સ્પર્શ વગેરે તે **'ગુણો વડે લક્ષિત...'** વસ્ત્ર થાય છે. **'પરંતુ તેને તે ગુણોની સાથે સ્વરૂપભેદ નથી,...'** લ્યો, આ જુઓ! એના ગુણ અને દ્રવ્યમાં સ્વરૂપભેદ નથી કે

દ્રવ્ય રહી ગયું જુદું અને ગુણ રહી ગયા જુદા. એ તો બધું અભેદ જ છે. પ્રદેશભેદ (નથી), (પ્રદેશ તો) એક જ છે. '**તે ગુણોની સાથે સ્વરૂપભેદ નથી, સ્વરૂપથી જ તેવું છે;...**' એ ગુણ માટે વસ્ત્રનો દૃષ્ટાંત આપ્યો.

'**તેવી જ રીતે તે જ દ્રવ્ય...**' જે માથે કહ્યું હતું તે જ દ્રવ્ય. '**તે જ દ્રવ્ય પણ...**' વસ્ત્ર છેને માટે દ્રવ્ય પણ (એમ શબ્દ લીધો). '**વિસ્તારવિશેષસ્વરૂપ ગુણો વડે...**' દરેક પરમાણુ અને દરેક આત્મામાં પ્રત્યેકમાં વિસ્તારવિશેષસ્વરૂપ ગુણ, વિસ્તારવિશેષસ્વરૂપ ગુણ. એક એક પરમાણુમાં અનંતા રંગ, ગંધ, રસ, સ્પર્શના ગુણ આમ વિસ્તારવિશેષ પડ્યા છે. એક પરમાણુમાં. આત્મામાં જ્ઞાન, દર્શન, આનંદ આદિ અનંત એક સમયમાં વિસ્તારવિશેષ ફેલાયેલા, પ્રસરેલા, વ્યાપક થયેલા પોતાના પ્રદેશમાં પૂર્ણ વ્યાપક થઈને એક સમયમાં બધા ગુણો રહે છે.

તો કહે છે કે '**વિસ્તારવિશેષસ્વરૂપ ગુણો વડે લક્ષિત થાય છે;...**' એ દ્રવ્ય તો પોતાના ગુણોથી લક્ષિત થાય છે. '**પરંતુ તેને તે ગુણોની સાથે સ્વરૂપભેદ નથી,...**' ગુણ અને ગુણી કોઈ જુદાં નથી. નામભેદ, લક્ષણભેદ કહ્યા હતા. તે '**સ્વરૂપથી જ તેવું છે.**' લ્યો, એ ગુણની વ્યાખ્યા થઈ. (હવે) પર્યાય (કહે છે). '**વળી જેવી રીતે તે જ વસ્ત્ર આયતવિશેષસ્વરૂપ પર્યાયવર્તી...**' જુઓ! આ વસ્ત્ર છેને? આમ તો વિસ્તાર કહ્યો હતો. પહેલી પર્યાય જરી સુંવાળી હતી વધારે, પછી કર્કશ થઈ. અથવા ધોળી વિશેષ હતી, પછી અલ્પ ધોળી રહી. સમયે સમયે મલિન થાય છે. તો નવી.. નવી.. નવી.. નવી પર્યાય (થાય છે). '**તે જ વસ્ત્ર આયતવિશેષસ્વરૂપ પર્યાયવર્તી (-પર્યાય તરીકે વર્તતા, પર્યાયસ્થાનીય) તંતુઓ વડે લક્ષિત થાય છે;...**' જુઓ! આ તંતુ તંતુ અહીં ગણવામાં આવ્યા. તંતુ છેને તાણા-વાણા? તાણા તાણા. '**લક્ષિત થાય છે;...**' પર્યાયસ્થાનીય. જોકે તંતુ છે તો એકસાથે. પરંતુ અહીંયા તંતુઓને પર્યાયસ્થાનીય વર્ણન કરીને (કહ્યું છે). આયતવિશેષ-લાંબા.. લાંબા.. લાંબા.. નવી નવી તંતુની અવસ્થા થાય છેને? '**પરંતુ તેને તે તંતુઓની સાથે સ્વરૂપભેદ નથી,...**' લ્યો, આ ... તણાય છેને? તણાય નહિ, શું કહેવાય ઇ? વણાય છેને? ત્યારની લઈએ, આમ ન લઈએ. આમ વસ્ત્ર હોય છેને લાંબુ, લાંબુ? '**તંતુઓની સાથે સ્વરૂપભેદ નથી, સ્વરૂપથી જ તેવું છે;...**' એ તો દૃષ્ટાંત આવ્યું. પર્યાયના સ્થાને તંતુઓ લીધા વર્તમાન. ઓલામાં ગુણ લીધા. રંગ, ગંધ, રસ, સ્પર્શ વિસ્તારવિશેષ ગુણ લીધા અને તંતુ આવા.. આવા.. આવા... લાંબા હોય છે, આમ લંબાઈ લીધી.

'**તેવી જ રીતે તે દ્રવ્ય પણ...**' દરેક દ્રવ્ય. નિગોદના, પરમાણુના, સિદ્ધના, એકેન્દ્રિય, બે ઇન્દ્રિયના '**આયતવિશેષોસ્વરૂપ પર્યાયો વડે લક્ષિત થાય છે.**' નવી નવી પર્યાય લાંબી એક પછી એક, એક પછી એક ઊર્ધ્વકાળે નવી નવી થાય છે. ચાલુ પ્રવાહ, પર્યાયનો ચાલુ છે. પાણીના પૂરમાં જેમ તરંગ એક પછી એક ઉઠે છે, એમ પ્રત્યેક દ્રવ્યમાં એક પછી એક પર્યાયના તરંગ ઉઠે છે. એક પછી એક પણ જે થવાના છે તે જ થાય છે. સમજાણું કાંઈ? આઘાપાછા તરંગ ઉઠતા નથી. ક્રમવાર, ક્રમસર, ક્રમબદ્ધ, ક્રમપૂર્વક. જે પર્યાય જે દ્રવ્યમાં, પરમાણુ કે આત્મામાં,

**'આયતવિશેષોસ્વરૂપ પર્યાયો વડે લક્ષિત થાય છે.'** તે પર્યાય એક પછી એક થાય છે તેનાથી લક્ષિત દ્રવ્ય થાય છે.

**'પરંતુ તેને તે પર્યાયોની સાથે સ્વરૂપભેદ નથી,...'** પર્યાયસ્વરૂપે જ તે દ્રવ્ય છે, પર્યાયથી ભિન્ન નથી. તે **'સ્વરૂપથી જ તેવું છે.'** લ્યો, ૯૫મી ગાથા હવે પૂરી થઈ. છ બોલ થયા છ. આ તો યાદ રાખવાની ચીજ છે, અંદર બરાબર સમજવાની. ભૂલી જાય, ઘરે જાય અને ભૂલી જાય એમ ન ચાલે.

**'હવે અનુક્રમે બે પ્રકારનું અસ્તિત્વ કહે છે : સ્વરૂપ-અસ્તિત્વ અને સાદશ્ય-અસ્તિત્વ. તેમાં આ સ્વરૂપ-અસ્તિત્વનું કથન છે :-'** જુઓ! પહેલી વાત કહી હતીને? સત્તા. સત્તા પોતાના સ્વભાવને છોડીને, દ્રવ્ય પોતાના સ્વભાવને છોડીને રહેતું નથી. પ્રત્યેક પદાર્થ પોતાની સત્તા (અર્થાત્) હોવાવાળો સ્વભાવ, હોવાવાળો સ્વભાવ તે સ્વભાવથી દ્રવ્યનો ભેદ નથી હોતો. અભેદ થઈને રહે છે. હવે તે સત્તા જે ત્યાં કહી હતી તેના બે પ્રકાર કહેશે. અસ્તિત્વ નામ હોવાવાળી વસ્તુના બે પ્રકાર. એક સ્વરૂપ-અસ્તિત્વ. કોઈ દિ' ભાષા પણ સાંભળી ન હોય. સ્વરૂપ-અસ્તિત્વ શું હશે? પ્રત્યેક પદાર્થ પોતાના સ્વરૂપથી ભિન્ન ભિન્ન છે તેને સ્વરૂપ-અસ્તિત્વ કહે છે. સમજાણું કાંઈ?

પ્રત્યેક આત્મા અને પ્રત્યેક પરમાણુ સ્વરૂપ-અસ્તિત્વ (અર્થાત્) પોતાના સ્વરૂપથી હોય છે. હયાતી રાખે છે, મોજૂદગી રાખે છે. પોતાનું સ્વરૂપ-અસ્તિત્વ ભિન્ન ભિન્ન પ્રત્યેકનું દેખાય છે. અને સાદશ્ય-અસ્તિત્વ પછી કહેશે. જેમ આંબા હોયને, એક હજાર આંબા. તો આખાને આંબાનું વન કહે છેને? આંબાનું વન. છે તો હજાર, પણ સાદશ્યપણાની અપેક્ષાથી (આંબાનું વન કહેવાય છે). આ પણ આંબો, આ પણ આંબો, આ પણ આંબો. એમ આ પણ સત્, આ સત્, આ સત્, આ સત્, આ સત્ એમ સાદશ્ય અસ્તિત્વની અપેક્ષાથી બધાને એક ગણવામાં આવે છે. એ આ અપેક્ષાથી, હોં! છે.. છે. અને સ્વરૂપ-અસ્તિત્વ બધાનું ભિન્ન છે. ઓહો..! આચાર્યોએ જંગલમાં રહીને... આહા..હા..! આ દર્શન અધિકાર, સમ્યગ્દર્શન અધિકાર (છે). શાંતિથી સમજે નહિ, શાંતિથી .. નહિ. અરે..! વાદ ને વિવાદ ને ઝઘડા. ...

**सब्भावो हि सहावो गुणेहिं सगपज्जएहिं चित्तेहिं।**
**दव्वस्स सव्वकालं उप्पादव्वधुवत्तेहिं।।९६।।**

જુઓ! સર્વકાળ જુઓ! કોઈ પર્યાય બાકી નહિ, કાળ બાકી નહિ. એનો થોડો અન્વયાર્થ લઈએ પહેલા.

**'અન્વયાર્થ :- સર્વ કાળે...'** બધા પદાર્થ. અન્વયાર્થ-શબ્દાર્થ છેને? સર્વ કાળ. કોઈ કાળ બાકી રાખ્યા વિના **'ગુણો તથા અનેક પ્રકારના પોતાના પર્યાયો...'** જુઓ! ગુણ અને **'चित्रैः स्वकपर्ययैः'** **'चित्रैः'** એટલે અનેક પ્રકારની. **'स्वक'** પોતાની પર્યાયોથી **'ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય વડે દ્રવ્યનું જે અસ્તિત્વ છે તે ખરેખર સ્વભાવ છે.'** એ તો વસ્તુનો સ્વભાવ છે. પ્રત્યેક આત્મા અને પ્રત્યેક...

પ્રત્યેક સમજ્યાને? ભિન્ન ભિન્ન આત્મા. ભિન્ન ભિન્ન પરમાણુ સર્વ કાળે ગુણ અને પોતાની વિચિત્ર અનેક પ્રકારની પર્યાયોથી... એવી વિચિત્ર પર્યાયો થાય છે.

અને ઉત્પાદ-વ્યય-ધ્રુવથી. એક પરમાણુમાં લીલી પર્યાય થાય અને ઠંડી હોય અનંતગુણી. બીજા પરમાણુમાં પીળી પર્યાય હોય, અનંતગુણી ઉષ્ણ હોય. એવી પર્યાય, એવી ભિન્ન ભિન્નતા તે જ પર્યાયના ક્રમમાં વિચિત્ર પર્યાય થાય છે. કેમ થાય છે? એનો સ્વભાવ છે. સમજાણું કાંઈ? કહ્યું હતુંને? મહેન્દ્ર, ઇ કહે, એનાથી થાય છે. કીધું, એક પરમાણુમાં એક પર્યાય લીલી છે અને એક પરમાણુમાં કાળી છે. બીજા પરમાણુમાં ઠંડી છે અને ચોથા પરમાણુમાં ગરમ છે. એનું કારણ શું? પરમાણુ તો અનાદિના છે, ગુણ અનાદિના છે. એકમાં કાળી અને એકમાં લીલી એનું કારણ શું? સ્વભાવ, સદ્ભાવ એ જ પર્યાયનો સ્વભાવ છે. નિમિત્ત-ફિમિત્તની વાત પરમાણુમાં કોણ નિમિત્ત? સમજાણું કાંઈ? બોલતા તો બંધ થઈ ગયો, પણ અંદરમાં જરી... આહા..હા..! કારણ કે કેવળજ્ઞાન માને નહિ. એક સમયમાં ત્રણકાળ માનવાવાળાને તો પાણી ઊતરી જાય છે અત્યારે. એક સમયમાં સર્વ... ભગવાન ત્રણકાળને જાણે ...

એક ભગવાન જો એક સમયમાં ત્રણકાળ જાણે તો ત્રણકાળની પર્યાય જ્યાં જ્યાં જે થાય ત્યાં થશે એમ ભગવાનના જ્ઞાનમાં આવ્યું છે. જ્ઞાન એને નિમિત્ત છે અને તે પર્યાય (જ્ઞાનને) નિમિત્ત છે. શું છે? આહા..! ... એક સમયમાં. ભવિષ્યમાં પર્યાય થશે ત્યારે જાણશે એમ છે જ નહિ. કેવળજ્ઞાન કોને કહે? પંડિતોને ગડબડ ઉઠી. મોટો લેખ આવ્યો છે કાલે. ઘણો મોટો આવ્યો છે. એક જણ કહે, વિચાર પરિવર્તન મારું થઈ ગયું છે. પહેલા હું કાનજીસ્વામીને સિદ્ધ કરતા હતા અને મહેન્દ્રને જૂઠો ઠરાવતો હતો, પણ હવે મારા વિચાર ફરી ગયા છે. એક જણ છે. નામ નહિ. સમજાણું કાંઈ? એમ વાત છે. એ તો બધું છે. જગત છે. એને એમ કે આ સર્વજ્ઞપણું.. આહા..હા..! એક સમયમાં સર્વ દ્રવ્ય, જે સમયે જે પર્યાય થશે એવી એક સમયમાં જ્ઞાનમાં આવી ગઈ? તો ત્યાં તેવું થશે? એવું નિમિત્ત હશે? બધું વ્યવસ્થિત છે? અમારે કરવું શું? અમારે કરવું શું, જો ભગવાને આમ દીઠું હોય તો? પણ સર્વજ્ઞ ભગવાન છે એમ તને નિર્ણય થાય તો સમ્યગ્દર્શન થઈ જાય છે. સાંભળ તો ખરો. સર્વજ્ઞસૂર્ય હું છું. એ સર્વજ્ઞ પર્યાયમાં સૂર્ય પ્રગટ થયો, હું ગુપ્તમાં ભગવાન સૂર્ય છું. એવો ભગવાન ગુપ્ત ચૈતન્યસૂર્ય પડ્યો છે તેનો અનુભવ, દૃષ્ટિ કર્યા વિના સર્વજ્ઞ પરપર્યાયની સાચી પ્રતીત થતી નથી. સમજાણું કાંઈ? જે થવાનું છે તે થાય જ છે, શું છે તારે? જાણવા-દેખવાનું ચાલતા ચાલતા સિદ્ધ થઈ જાય છે. ક્રમે ક્રમે કેવળજ્ઞાન થઈ જાય. કેવળજ્ઞાન, બીજું કાંઈ છે જ નહિ. સમજાણું કાંઈ? એ વાત... અહીં કરવું છેને? આમ કરવું છે ને આ કરવું છે ને આમ કરવું છે. બીજાને ઉપદેશ દઈને સમજાવવું છે અને મારાથી એ સમજી જાય છે. એની પર્યાય નહોતી થવાની, એનાથી થઈ ને... વાણીને કાળે વાણી નીકળે છે. વિકલ્પના કાળે વિકલ્પ આવે છે અને એ સમજવાના કાળમાં એ સમજી જાય છે.

મુમુક્ષુ :- પ્રભાવના...

ઉત્તર :- પ્રભાવના કોણ કરે છે બીજાની? પોતાની પર્યાયની પ્રભાવના થાય તે પ્રભાવના છે. એ માને, બે એક થતા નથી. જુઓને! આ દળબંદી કંદ. કંદ થયો જ નથી, કહે છે. વ્યવહારથી કહેવામાં આવે છે. નિશ્ચયથી પ્રત્યેક પરમાણુ પોતપોતાની પર્યાયમાં પરિણમી રહ્યા છે. ભિન્ન ભિન્ન કાર્ય કરી રહ્યા છે એમાં પણ પરમાણુ, બીજા પરમાણુ સાથે કોઈ સંબંધ નથી. માણસને એમ થઈ જાય, આ તે જૈનદર્શન? વીતરાગમાર્ગમાં તો અમે આવું સાંભળ્યું નહોતું. આમ ખાવું ને આમ પીવું, નગ્ન સાધુ આવે તો ચોકો કરીને આહાર આપવો અને અમારે ઘરે પૂજા કરવી ને ભક્તિ કરવી (એવું સાંભળ્યું હતું). અરે..! કરે કોણ? ભગવાન! એ તો વિકલ્પ આવવાના કાળમાં તે સમયે એમ થઈ જાઓ તો થઈ જાઓ. જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્મા તો જાણનાર છે. જાણે-દેખે છે, રાગ આવ્યો. રાગ કર્યો નહિ, રાગ આવ્યો. થયો અને આવ્યો. બહારમાં જેમ થવાનું હોય તેમ થાય છે. રાગ આવવાનો હોય તો આવે છે. સમજાણું કાંઈ?

સર્વજ્ઞ જેમ જોવે છે એવા સર્વજ્ઞપણાની પ્રતીતિ થઈ તો હું પણ સર્વજ્ઞસ્વભાવી અલ્પજ્ઞપ્રકાશી, પ્રકાશમાં અલ્પજ્ઞ છું પણ હું પણ જાણનાર-દેખનાર છું. સર્વજ્ઞસ્વભાવ ... જાણવા-દેખવા સિવાય મારું કોઈ કાર્ય નથી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, બાકી છે તો ખરું. એમ કે નિમિત્તથી થાય છે ખરું, નિમિત્ત આવે છે પણ પછી.. અરે..! ભગવાન! ઓહો..હો..! સત્ય વસ્તુ એવી, પ્રકાશ વસ્તુ, જ્ઞ-સ્વભાવ વસ્તુ. આ જ્ઞ, એ સર્વજ્ઞ. આ જ્ઞ, એ સર્વજ્ઞ. તો સર્વજ્ઞની પ્રતીતિ કરવાવાળો જ્ઞ-સ્વભાવની પ્રતીતિ કરે છે તો એની પર્યાયમાં સર્વના જ્ઞાનની પ્રતીતિ થઈ ગઈ. બધા અરિહંતની પ્રતીતિ થઈ. એ વિના થતી નથી. શું કરવું?

**'તે ખરેખર સ્વભાવ છે.'** શું કહે છે? સર્વ કાળે પ્રત્યેક ગુણ અને પ્રત્યેક પર્યાય તેની જે ભિન્ન ભિન્ન થાય છે ... એ ઉત્પાદ-વ્યય-ધ્રુવથી જે દ્રવ્યનું અસ્તિત્વ છે, તે ખરેખર સ્વરૂપ-અસ્તિત્વ પોતપોતાનું ભિન્ન ભિન્ન રાખે છે. કોઈ પોતાનું સ્વરૂપ-અસ્તિત્વ છોડીને બીજામાં ચાલ્યા જાય, બીજાનું સ્વરૂપ અસ્તિત્વ અહીંયા આવી જાય એમ ત્રણકાળમાં બનતું નથી. અનંત પદાર્થ પોતાના સ્વરૂપમાં રહે છે.

**'ટીકા :- અસ્તિત્વ ખરેખર દ્રવ્યનો સ્વભાવ છે.'** ટીકા... લીધો. **'અસ્તિત્વ ખરેખર દ્રવ્યનો સ્વભાવ છે.'** બરાબર છે? હોવાપણું તે પદાર્થનો સ્વભાવ છે, **'અને તે (અસ્તિત્વ) અન્ય સાધનથી નિરપેક્ષ હોવાને લીધે...'** હવે અહીંયા અસ્તિત્વ સિદ્ધ કરવું છેને. હોવાપણું કોઈની અપેક્ષા રાખતું નથી. હજી વિકારમાં તો નિમિત્તની અપેક્ષા છે એટલી. આમાં તો કોઈ અપેક્ષા નથી. **'અન્ય સાધનથી નિરપેક્ષ હોવાને લીધે...'** એ સત્તા, દ્રવ્યનું હોવું, દ્રવ્યનું રહેવું, દ્રવ્યનું ટકવું ઉત્પાદ-વ્યય-ધ્રુવથી છે. તે સત્ અન્ય સાધનથી નિરપેક્ષ હોવાને લીધે **'અસ્તિત્વ અન્ય સાધનની અપેક્ષા વિનાનું-સ્વયંસિદ્ધ છે તેથી અનાદિ-અનંત છે.'** નીચે ફૂટનોટ છે. નિરપેક્ષ હોવાને લીધે એમ લીધું. અનાદિ-અનંત. અહીંયા અનાદિ-અનંત એટલે શું? એકરૂપ રહ્યું છે. એમ. સત્.. સત્..

સત્.. સત્.. એમાં કોઈ હીનાધિકતા થતી નથી.

**'અન્ય સાધનથી નિરપેક્ષ હોવાને લીધે અનાદિ-અનંત હોવાથી તથા અહેતુક એકરૂપ વૃત્તિએ સદાય પ્રવર્તતું...' 'અહેતુક=અકારણ, જેનું કોઈ કારણ નથી એવી' 'વૃત્તિ=વર્તના, વર્તવું તે, પરિણતિ (અકારણિક એકરૂપ પરિણતિએ સદાકાળ પરિણમતું હોવાથી અસ્તિત્વ વિભાવધર્મથી ભિન્ન લક્ષણવાળું છે).'** અહીંયા વિભાવધર્મથી અસ્તિત્વ ભિન્ન લક્ષણવાળું બતાવવું છે. અસ્તિત્વ તો પોતાની પર્યાયમાં ઉત્પાદ-વ્યયપણે એકસરખું અનાદિ-અનંત છે. અનાદિ-અનંત એકસરખું. અસ્તિત્વમાં ફેરફાર થાય છે? અસ્તિત્વના ઉત્પાદ-વ્યયમાં ફેરફાર થાય છે? એકરૂપ ઉત્પાદ-વ્યય અનાદિ-અનંત એકરૂપ પારિણામિકભાવે રહે છે. એમ ધ્રુવ. પર્યાય ઉત્પાદ-વ્યય એના એકરૂપ ત્રિકાળી. ઓછું, અધિક, વિપરીત કંઈ નથી.

**'નિરપેક્ષ હોવાને લીધે અનાદિ-અનંત હોવાથી...'** અહેતુક છે, કોઈ કારણ નથી. અને એકરૂપ વૃત્તિ, એકરૂપ પરિણતિ ધ્રુવ. ત્રિકાળ ધ્રુવ અને ઉત્પાદ-વ્યય પણ એકરૂપ. **'સદાય પ્રવર્તતું હોવાને લીધે વિભાવધર્મથી વિલક્ષણ હોવાથી,...'** વિભાવધર્મ. વિકારી પર્યાય થાય છે એ તો ભિન્ન ભિન્ન જાતથી થાય છે. સમજ્યા? પણ ભિન્ન ભિન્ન જાતિની થાય છે તો નિમિત્તની અપેક્ષા છે, પણ નિમિત્ત આવ્યું એટલે ભિન્ન ભિન્ન થયું એમ નહિ. અહીંયા તો અસ્તિત્વમાં એકધારા બતાવવી છે અને વિકારમાં એકધારા રહેતી નથી એ બતાવવું છે. વિભાવ ભિન્ન ભિન્ન પર્યાય થાય છે અને અસ્તિત્વનો ઉત્પાદ એકધારો થાય છે. માટે એની અપેક્ષામાં બીજું કોઈ કારણ નથી. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## આસો સુદ-૧૧, રવિવાર, તા. ૨૯-૯-૧૯૬૩
## ગાથા-૯૬, પ્રવચન-૮૯

આ પ્રવચનસાર, જ્ઞેયતત્ત્વ અધિકાર ચાલે છે. ૯૬ ગાથા. જરી અસ્તિત્વ સિદ્ધ કરે છે. પ્રત્યેક પદાર્થ, જગતમાં જે અનંત આત્મા અને અનંત પરમાણુ આદિ છે તે દરેક પદાર્થનું પોતાના સ્વરૂપનું અસ્તિત્વ-હોવાપણું પોતાથી છે. તેને અહીંયા સ્વરૂપ-અસ્તિત્વથી સિદ્ધ કરે છે. પ્રત્યેક પદાર્થનું સ્વરૂપ-અસ્તિત્વ (અર્થાત્) પોતાના સ્વરૂપનું હોવાપણું પોતાથી છે. ગુણ-પર્યાય અને ઉત્પાદ-વ્યય-ધ્રુવ પોતાથી છે એ વાત અહીંયા સિદ્ધ કરે છે. સૂક્ષ્મ વાત છે થોડી. જુઓ! અહીંયા આવ્યું.

**'ટીકા :- અસ્તિત્વ ખરેખર દ્રવ્યનો સ્વભાવ છે.'** દરેક આત્મા અને પ્રત્યેક પરમાણુનું

હોવાપણું-સત્તા-સત્તાપણું એવો દ્રવ્યનો સ્વભાવ છે. **'અને તે (અસ્તિત્વ) અન્ય સાધનથી નિરપેક્ષ...'** છે. હોવાપણું-સત્તા કોઈ બીજા સાધનની અપેક્ષા રાખતું નથી. દરેક પદાર્થના હોવાપણામાં પરની અપેક્ષા રાખતું નથી. ઝીણું છે, શાંતિભાઈ, હોં! આ જરી ઝીણું (છે). હજી આમાં ઊતરે (છે). સમજશે કે નહિ? **'અન્ય સાધનથી નિરપેક્ષ હોવાને લીધે...'** પ્રત્યેક પદાર્થનું હોવાપણું એમાં અન્ય (સાધનની) અપેક્ષા વિના હોવાને લીધે **'અનાદિ અનંત...'** વસ્તુમાં હોવાપણું અનાદિ અનંત (તથા) **'અહેતુક...'** કોઈ કારણ વિના **'એકરૂપ વૃત્તિએ...'** હોવાપણું એકરૂપ પ્રવાહથી-પરિણતિથી વર્તન ચાલ્યું આવે છે. અનાદિ-અનંત પ્રત્યેક આત્મા અને પ્રત્યેક પરમાણુમાં અસ્તિત્વ નામનું હોવાપણું અનાદિ-અનંત પરની અપેક્ષા વિના, કારણ વિના એક પ્રવાહરૂપ અસ્તિત્વ ચાલ્યું આવે છે.

**'સદાય પ્રવર્તતું હોવાને લીધે વિભાવધર્મથી વિલક્ષણ હોવાથી,...'** હવે અહીંયા આવ્યું. પ્રત્યેક આત્મામાં કે પ્રત્યેક પરમાણુમાં હોવાપણું એ વિભાવ નથી, એ તો એનો અસ્તિત્વ સ્વભાવ છે. એમાં કોઈ કારણ નથી, એકરૂપ પ્રવાહ છે. અને વિભાવધર્મથી હોવાપણું વિલક્ષણ, જુદું લક્ષણ છે. વિભાવ એકરૂપ નથી હોતો. જીવમાં વિભાવ-વિકાર સમયે સમયે ભિન્ન છે, એકરૂપ નથી થતો. એ વિભાવધર્મથી હોવાપણું વિલક્ષણ છે. શું કહ્યું? કર્મનું નિમિત્ત ભિન્ન-ભિન્ન છેને? તેથીને? શેઠી! આ આવ્યું, જુઓ! શું કહે છે? દરેક આત્મા અને દરેક પરમાણુ, વિભાવ તો બેમાં છે, ચાર (દ્રવ્યમાં) તો છે જ નહિ. એમાં મુખ્ય તો આત્માની વાત છે. આત્મા હોવાપણું-અસ્તિત્વ-અસ્તિત્વ છે, 'છે' નામના ગુણથી અનાદિ-અનંત એની વૃત્તિ-પરિણતિ એકરૂપ છે. એમાં હોવાપણામાં થોડું હોવાપણું, અધિક હોવાપણું એવું કંઈ પર્યાયમાં થાય છે? હોવાપણામાં આ ઓછું અને અધિક એમ છે? છે. છે.. છે.. છે.. છે.. એની પરિણતિ અનાદિ-અનંત એક છે. વિભાવધર્મથી વિલક્ષણ છે. વિભાવધર્મ એકરૂપ નથી. વિકારની યોગ્યતા સમયે સમયે ભિન્ન ભિન્ન છે તેથી આ અસ્તિત્વગુણ વિભાવધર્મથી વિલક્ષણ-વિપરીત લક્ષણવાળું છે. એનો અર્થ એવો નથી કે વિભાવધર્મ એકરૂપ નથી અને અસ્તિત્વ એકરૂપ છે તો એકમાં અપેક્ષા નથી માટે એકરૂપ છે અને વિભાવમાં અપેક્ષા છે તેથી એમાં અનેકતા છે એમ નથી. સમજાણું કાંઈ? શું કહ્યું? હજી બરાબર મગજને સ્થિર કરીને કસવું પડે.

વિભાવધર્મ આત્મામાં એકરૂપ પર્યાયમાં પહેલી અને બીજામાં એકરૂપ નથી રહેતો. તો એનું કોઈ કારણ કહે કે કર્મનું નિમિત્ત અનેકરૂપ ભિન્ન-ભિન્ન છે માટે અનેક છે, એમ નથી. વિકારની યોગ્યતા જ એકરૂપ નથી રહેતી. વિકારનો ધર્મ, પર્યાયના વિકારનો સ્વભાવ એકરૂપ રહેવું નહિ (એવો છે). અહીં જે વિલક્ષણ કહ્યું એ તો વિકારધર્મથી અસ્તિત્વ વિલક્ષણ કહ્યું છે. સમજાણું કાંઈ? વિભાવધર્મથી વિલક્ષણ શું? અસ્તિત્વ. એ અહીંયા સિદ્ધ કરવું છે. વિભાવધર્મ વિલક્ષણ એમ અહીંયા નથી કહેવું. વિભાવધર્મ એકરૂપ નથી રહેતો એમ તો કહેવું છે. અસ્તિત્વ નામનો ગુણ-હોવાપણું-એકરૂપ અનંત દ્રવ્યમાં (રહે છે). એકરૂપ હોવાપણામાં ન હોય તો શું હોવાપણામાં કંઈક

થોડું હોવાપણું કે કંઈક અધિક હોવાપણું કે મધ્યમ હોવાપણું હોય એવો ભેદ પડે છે? છે.. છે.. છે.. એવી પરિણતિ ધારા અનાદિ-અનંત એકરૂપ છે. એ વિભાવધર્મથી અસ્તિત્વની એકધારા વિલક્ષણ છે. વિપરીત લક્ષણવાળી છે. કોણ? અસ્તિત્વની ધારા. ક્યાંય ... માં કોઈ દિ' સાંભળ્યું નહોતું કે શું કહે છે? શેઠી! આ તો બહુ સાદી વાત છે.

પદાર્થ છે, વસ્તુ છેને? આત્મા છે, પરમાણુ છે. પરમાણુ-પોંઈટ છે. તો 'છે' નામનો ગુણ એની પરિણતિ છે.. છે.. છે.. એકધારી ચાલી જાય છે. એમાં હીનાધિક થતું નથી અને વિભાવમાં હીનાધિક થાય છે. પર્યાયમાં વિકારમાં જીવની વિકાર પર્યાયમાં એકધારા નથી રહેતી. એકધારા નથી રહેતી માટે ધર્મની ભિન્ન ભિન્નતાનું કારણ એકધારા નથી રહેતી એમ નહિ. ..ભાઈ! અરે..! ભગવાન! વિકાર બદલે છે તેમ અસ્તિત્વમાં પણ બદલાય છે. અસ્તિત્વ છે, આત્મા છે, પરમાણુ છે. અસ્તિત્વ નામનો એમાં સ્વભાવ છે. એમાં સમયે સમયે (પર્યાય) પલટે છે, પણ પલટવા છતાં એકધારારૂપ અસ્તિત્વ છે. અસ્તિ.. અસ્તિ.. અસ્તિ.. અસ્તિ એમાં કોઈ હીન અસ્તિ, અધિક અસ્તિ, વિપરીત અસ્તિ, મધ્યમ અસ્તિ એમ છે? અસ્તિત્વગુણની ધારા પરિણતિ, ગુણ તો ત્રિકાળ છે, પણ એની પરિણતિ ધારા સમયે સમયે પલટે છે છતાં એકરૂપ અસ્તિત્વ-હોવાપણું છે. એમાં એકરૂપતા અનેકરૂપ થતું નથી. તો એ અસ્તિત્વ એકરૂપ રહે છે, ગુણની પર્યાય ભિન્ન-ભિન્ન થવા છતાં, અનેક થવા છતાં, ભિન્ન ભિન્ન થવા છતાં તેનું હોવાપણું.. હોવાપણું.. હોવાપણું.. હોવાપણું અનાદિ-અનંત એકરૂપ છે. અને એ વિભાવધર્મથી વિલક્ષણ છે. અર્થાત્ વિભાવધર્મ એવો નથી, એમ લ્યો, શું? કે જેમ પ્રત્યેક પદાર્થમાં હોવાવપણું, હોવાપણું, સત્તાપણું, મોજૂદગી નામનો ગુણ છે એ ગુણની ધારા છે.. છે.. છે.. એ એકધારી ચાલી જાય છે પરિણતિ, એમાં કંઈ ઓછાવત્તાપણું નથી. અને વિભાવમાં એમ નથી. વિકારમાં તો કોઈ સમયે મંદ હો, તીવ્ર હો, મંદ હો, તીવ્ર હો, હીનાધિક હો, અનંત અનંત પ્રકારની વિકારની પર્યાયમાં ભિન્ન ભિન્ન ધારા સમયે સમયે થાય છે. કેમકે વિકાર છે માટે, સ્વભાવ નથી માટે. પણ એનો અર્થ એમ નથી કે વિભાવધર્મમાં એકતા નથી તો ભિન્ન ભિન્ન નિમિત્ત છે, કર્મનો ભિન્ન ભિન્ન રસ અને ઉદય આવ્યો તો ભિન્ન ભિન્ન વિકાર થયો, એમ અહીંયા નથી કહેવું. આહા..હા..! સમજાણું કાંઈ? ક્યાં ગયો તમારો? સોભાગચંદ. સમજાણું કાંઈ? અરે..! ભગવાન! શું છે? મોટી ગડબડ. આમાંથી કાઢે, જુઓ! ભાઈ! વિલક્ષણ વિભાવમાં નિરપેક્ષ નથી, વિભાવ સાપેક્ષ છે, વિભાવ સહેતુક છે. અસ્તિત્વ નિરપેક્ષ અને અહેતુક છે. પણ એને લીધે થયું શું? કે હોવાપણું આત્મામાં, પરમાણુમાં, છએ દ્રવ્યમાં અસ્તિત્વ નામનો સ્વભાવ છે, સ્વભાવ નામનો ગુણ છે. જો હોવાપણાનો ગુણ ન હોય તો આત્મા કેવી રીતે રહી શકે? છે એવો ગુણ એનામાં છે. તો છે- પણાનો અનાદિ-અનંત, ગુણ તો અનાદિ-અનંત છે પણ એની પર્યાય છેને પર્યાય, પરિણતિ પર્યાય-અવસ્થા ભિન્ન ભિન્ન છે. પણ ભિન્ન ભિન્ન હોવા છતાં છે.. છે.. છે.. એ એકસરખું છે. કોઈમાં છેપણામાં ઓછુંવત્તુ એમ થાય છે છેમાં? એમાં ઓછાવત્તાપણું નથી થતું. એવી વાત છે.

અને વિકારમાં ઓછાવત્તાપણું થાય છે. રાગ-દ્વેષ, પુણ્ય-પાપ, અસંખ્ય પ્રકારના શુભરાગ, અસંખ્ય પ્રકારના અશુભરાગ, મિથ્યાત્વના રસના વિકાર પરિણામ પણ અનંત પ્રકારના રસ (થાય છે). વિકારમાં અનેકતા, વિવિધતા અનેકતા, ઓછું-અધિક એ વિકારના ધર્મની લાયકાત એવી છે કે અનેકતા થાય છે. એમ અસ્તિત્વગુણમાં અનેકતા નથી. એટલું સિદ્ધ કરવું છે. ઓહો..હો..! ધર્મચંદજી! આહા..હા..! સરળ સીધી વાત છે. પણ એવી વાત. દરકાર કરી નથી શેઠિયાઓએ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- બરાબર છે, એ તો બરાબર છે. આ તો અત્યાર સુધી શું થયું એની વાત છે. શું કહ્યું, સમજાણું? ધીરૂભાઈ!

અનંત પદાર્થ છે. અનંત આત્મા, અનંત (રજકણો છે). આ તો લોજીકથી-ન્યાયથી સમજાય એવું છે. એવું (કઠણ) નથી. અનંત પદાર્થ છે. અનંત આત્માઓ, અનંત પરમાણુઓ, અસંખ્ય કાળાણુઓ, એક ધર્માસ્તિ, એક અધર્માસ્તિ, આકાશ અનંત છે. હવે એક એક પદાર્થનું સ્વરૂપ-અસ્તિત્વ સિદ્ધ કરવું છે. પ્રત્યેક પદાર્થ પોતાના સ્વરૂપથી છે. પોતાના સ્વરૂપથી. અસ્તિત્વ ભિન્નપણું ધારણ કરે છે અને તે અસ્તિત્વ છે તેનું પરિણમન-પર્યાય છે એવા ગુણની પર્યાય એકરૂપ છે.. છે.. છે.. છે એકરૂપ. એમાં છેમાં થોડું નથી અને છે એવું આવે છે? ઓછું છે? વિપરીત છે? વિપરીત હોય તો 'છે'નો અભાવ થઈ જાય. વિપરીત છે તો છેપણું નથી? છે, બસ એટલું. હવે એમાં ઓછું-અધિક. ઓછું-અધિકનો અર્થ શું? 'છે'માં ઓછું-અધિક શું? છે.. છે.. છે.. એવી ગુણની ધારા અનાદિ-અનંત છે.. છે.. છે.. એકસરખી ચાલી જાય છે. છે એમાં ઓછુંવત્તું નથી. વિપરીત તો હોતું જ નથી. વિપરીતનો અર્થ 'છે' તે નથી? બરાબર છે? સમજાય છે?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એકધારા ચાલે છે. અસ્તિત્વગુણ છે દ્રવ્યમાં તો અસ્તિત્વગુણની ધારા છે.. છે.. છે.. ચાલે છે તો દ્રવ્ય પણ છે.. છે... છે... સરખુંપણું છે. પણ 'છે'માં સરખાપણું ન હોય તો 'છે'માં નથી એમ થઈ જાય? તો અભાવ થઈ જાય. એમ કદી થતું નથી. અને 'છે'માં ઓછા-વત્તાપણું હોય? પણ ઓછાવત્તાનો અર્થ શું? છે.. છે..માં ઓછાવત્તાનો અર્થ શું? હીનાધિકતા શું? છે.. છે.. છે.. છે.. છે.. છે.. એવો 'છે' નામનો ગુણ જેમ એકધારો છે, એમ વિભાવધારા એકધારારૂપ નથી.

વિભાવધર્મ, વિકારધર્મ આત્માની પર્યાયમાં વિકાર થાય છે. પુણ્ય-પાપ, દયા-દાન, વ્રત-ભક્તિ, કામ-ક્રોધ, શુભાશુભ વિકલ્પ-રાગ, એ રાગ એકરૂપ નથી. કેમકે તે વિકાર છે. સ્વભાવ હોય તો તે એકરૂપ હોય. તો કહે છે કે સ્વભાવમાં ક્રમબદ્ધ છે, પણ વિભાવ એકરૂપ નથી, અને નિમિત્ત જેવું આવે (એવો થાય) માટે અક્રમ છે-એ વાત અહીંયા છે જ નહિ, એ વાત જ નથી. અરે..! ગડબડ એવી કરે. સમજ્યા?

અહીંયા તો એમ કહેવું છે કે વિકાર એકરૂપ નથી અને અસ્તિત્વ નામનો ગુણ એક.. એક.. એક.. છે.. છે.. છે.. એમ રહે છે. તો વિભાવધર્મથી એકરૂપ નહિ રહેવાવાળા ધર્મથી એકરૂપ

અસ્તિત્વ નામની પરિણતિ ધારા વિલક્ષણ છે. બસ! એટલું કહેવું છે. શશીભાઈ! સમજાણું કે નહિ? આવો ધર્મ શું પણ? આમાં ધર્મ શું? અરે..! ભગવાન! સાંભળ તો ખરો. તું કોણ છો? કેવો છો? અને કેવા પ્રકારનો છે? અને પછી એમાં ગુણ શું છે? અને પર્યાય કેવી થાય છે? હજી તો છેનું ... પછી, છે એકધારારૂપ પર્યાય અને ગુણ. પછી છે એમાં બીજા ગુણ છે એમાં શું છે? સમજાણું કાંઈ?

કહે છે કે, અસ્તિત્વ અન્ય સાધનથી નિરપેક્ષ છે. 'છે'માં વળી સાધન શું? અને અનાદિ-અનંત હોવાથી અહેતુક છે. અનાદિ-અનંત હોવાથી તેને કોઈ કારણ નથી. **'એકરૂપ વૃત્તિએ સદાય પ્રવર્તતું હોવાને લીધે...'** 'છે' નામનો ગુણ, અસ્તિત્વ નામનો ગુણ, સત્તા નામનો ગુણ, હોવાપણા નામનો ગુણ. એકરૂપ વૃત્તિ નામ પરિણતિ નામ પ્રવાહ નામ ધારા. સદાય પ્રવર્તતી હોવાને લીધે **'વિભાવધર્મથી વિલક્ષણ હોવાથી, ભાવ અને ભાવવાનપણાને લીધે અનેકપણું હોવા છતાં...'** શું કહે છે? કે આત્મા અને પ્રત્યેક પરમાણુમાં 'છે' નામનો ગુણ તે ભાવ છે અને દ્રવ્ય છે તે ભાવવાન છે. 'છે' ગુણ તે સ્વભાવ છે અને દ્રવ્ય છે તે સ્વભાવવાન છે. ઓહો..હો..! સમજાણું કે નહિ? ભીખાભાઈ! આમાં તો ધ્યાન રાખે તો પકડાય, ન્યાં વચ્ચે ઓલું નથી થાય એવું.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ના, ના. .. કરવું નહિ. સીધું શાંત કરવું પડે એમ કહે છે. મંથનમાં લોહવાતું નથી મગજ. જ્ઞાનમાં શાંત ધીરું કરે એમ એનો અર્થ થાય છે. મંથન કરીને .. કરીને ... જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્મા એમાં હોવાપણાનો ગુણ તો છે.. છે.. છે... એકરૂપ જ છે. ... સરળ વાત છે. અને વિભાવ છે, વિકાર છે તે એકરૂપ નથી રહેતો. વિકાર એક સમયમાં બીજો, બીજે સમયે બીજો, વિનાશીક હો એ તો વિકારના સ્વભાવનું લક્ષણ છે. એ નિમિત્તની ભિન્નતાને કારણે વિકારની ભિન્નતા થાય છે અને નિમિત્તની અનેકતાને કારણે વિકાર અક્રમ થાય છે એમ નથી. વિકાર પણ ક્રમિક થાય છે અને સત્તાગુણ પણ ક્રમિક એકધારી પરિણતિ કરે છે. સમજાણું કાંઈ?

આત્મામાં વિકાર પણ ક્રમિક એક પછી એક, એક પછી એક જે થવાવાળો છે એવો જ વિકાર પરિણમે છે. પણ વિકારમાં હીનાધિકતા થાય છે માટે એની એકધારા સત્તા જેવી નથી. સમજાણું કાંઈ? કાંતિભાઈ! કહો, સમજાય છે કે નહિ? આ લોજીકથી તો વાત છે. આત્મા શું? શું જડ? શું ભગવાન? કોણ જાણે શું હશે? સમજવાની દરકાર નહિ, ભણવાની દરકાર લોકમાં કેટલી છે! સંસારના ભણતર રખડવાના.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- અભણ જ છે. ઇ ભણે તોપણ અભણ છે. શેઠી! ભણ્યા પણ અભણ છે. આ વિવેકનું જ્ઞાન ભણે તો ભણતર પંડિત કહેવામાં આવે.

**'ભાવ અને ભાવવાનપણાને લીધે...'** ભગવાન આત્મા ભાવવાન અને અસ્તિત્વગુણ તેનો ભાવ એવું **'અનેકપણું હોવા છતાં...'** આવા ભાવ અને ભાવવાનના બે પ્રકારના કથન ચાલે. સંજ્ઞા

બે પ્રકારની હોય છે **'છતાં પ્રદેશભેદ નહિ હોવાને કારણે...'** એ ભાવ અને ભાવવાન એનું ક્ષેત્ર ભિન્ન નથી. ભાવ ક્યાંક રહેતો હોય અને ભાવવાન ક્યાંક રહેતો હોય. જુઓ! આ લાકડી છે. સુગંધ છેને સુગંધ. આ સુખડ છે. તો સુખડ ભાવવાન અને આ સુખડની સુગંધ તે ભાવ. સુગંધ તે ભાવ, સુખડ ભાવવાન, એ નામભેદ છે. વસ્તુભેદ નથી કે સુગંધ ક્યાંક અહીંયા રહેતી હોય અને સુખડ ત્યાં રહેતું હોય, એમ છે? પ્રદેશભેદ નથી. અંશ તો એ જ છે. જે અંશમાં સુખડ છે તે જ અંશમાં સુગંધ છે. સુગંધ એ ભાવ છે અને સુગંધવાન દ્રવ્ય તે ભાવવાન છે. ભાવવાન કેમ? કે એમાં અનેક ભાવ છે. અનેક ભાવવાળું છે અને ભાવ તો એક એક છે. ઓહો..હો..! સમજાણું કાંઈ? કેટલી આચાર્યોએ જંગલમાં રહીને... ઓહો..હો..! ભાવ.. મુનિએ તાડપત્રો ઉપર બનાવ્યું અંદરમાંથી.

ભાઈ! પ્રભુ! તારું હોવું એકરૂપ રહેતા હોવાપણામાં અનેકતા કેમ હોય? અનેકતા શું સ્વરૂપ? ઓહો..હો..! વિભાવધર્મની એકધારા નથી રહેતી. કેમકે એ તો વિભાવ છે, વિકાર છે. પર ઉપર લક્ષ જાય છે અને લક્ષમાં પણ અનેક પ્રકારની ધારા અંદર ઉઠે છે. થાય છે ક્રમસર, ક્રમસર, છતાં વિકારની અનેકતા હોય છે. એવા લક્ષણવાળો અસ્તિત્વ ધર્મ નથી. બસ! ઇ બતાવવું છે.

અને તે અસ્તિત્વ 'ભાવ અને ભાવવાનપણાને લીધે અનેકપણું હોવા છતાં પ્રદેશભેદ...' ક્ષેત્રભેદ, અંશભેદ **'નહિ હોવાને કારણે દ્રવ્ય સાથે એકપણું ધરતું,...'** ભાવ અને ભાવવાન એકપણે જ છે. જેમ સુગંધ, આ સુગંધ ગંધ ચંદનની અને ચંદન લાકડી, બન્ને એક જ છે, ભિન્ન નથી. **'એકપણું ધરતું, દ્રવ્યનો સ્વભાવ જ કેમ ન હોય?'** દ્રવ્યનો સ્વભાવ જ કેમ ન હોય? અર્થાત્ એ દ્રવ્યનો સ્વભાવ જ એવો છે. **'(જરૂર હોય).'** એમ કહે છે. **'તે અસ્તિત્વ...'** તે હોવાપણું. હોવાપણા નામનો સ્વભાવ-ગુણ-શક્તિ **'જેમ ભિન્ન ભિન્ન દ્રવ્યોને વિષે પ્રત્યેકમાં સમાપ્ત થઈ જાય છે...'** જેમ ભિન્ન-ભિન્ન દ્રવ્ય. જુઓ! આમ એક પરમાણુ છેને અહીંયા પરમાણુ? અથવા અહીંયા આત્મા છે, જુઓ! અહીંયા આત્મા છે. અને બીજો આત્મા. ભિન્ન ભિન્ન આત્મા છેને? એક આત્માનું પોતાનું હોવાપણું તેમાં સમાપ્ત થાય છે. પોતાનું હોવાપણું અહીંથી અધિક બહાર નથી રહેતું અને હીન નથી રહેતું. હોવાપણું પોતપોતાના દ્રવ્યમાં પોતાનું સત્-હોવાપણું સમાપ્ત નામ આટલામાં જ સંપૂર્ણ થઈ જાય છે. એ હોવાપણું બીજા દ્રવ્યનું અને આ દ્રવ્યનું એક નથી.

તો કહે છે, જેમ હોવાપણું ભિન્ન ભિન્ન દ્રવ્યોમાં પ્રત્યેકમાં પોતાનું અસ્તિત્વ પોતામાં સમાપ્ત-પૂર્ણ થઈ જાય છે, **'તેમ-દ્રવ્ય-ગુણ-પર્યાયને વિષે પ્રત્યેકમાં સમાપ્ત થઈ જતું નથી,...'** શું કહ્યું? ધર્મચંદજી! શું? શું કહ્યું? ન્યાં ઇંજેક્શન નથી લગાવવાનું. કહે છે, આ જુઓ! સાંભળો! ભગવાન આત્મા પોતાના હોવાપણામાં સમાપ્ત છે અને બીજામાં હોવાપણું નથી. એમ હોવાપણું એક દ્રવ્યમાં હોવાપણું પૂર્ણ થઈ ગયું, ગુણમાં બીજું હોવાપણું, પર્યાયમાં ત્રીજું હોવાપણું એમ નથી. ત્રણેમાં થઈને એક હોવાપણું સમાપ્ત થાય છે. એક એક દ્રવ્ય અને એક ગુણ અને એક પર્યાયમાં હોવાપણાની

સમાપ્તિ પૂર્ણ નથી થતી.

જેમ આ આત્માનું હોવાપણું, બીજાનું હોવાપણું ભિન્ન ભિન્ન છે. એમ આત્માના દ્રવ્ય-ગુણ-પર્યાયમાં દ્રવ્યનું હોવાપણું બીજું છે, ગુણનું હોવાપણું બીજું છે, પર્યાયનું હોવાપણું બીજું છે, એક-એકનું, ત્રણેમાં એક-એકનું અસ્તિત્વ સમાપ્ત થઈ જાય છે એમ નથી. સમજાણું કાંઈ? આ તો લોજીકથી ન્યાયથી સર્વજ્ઞ ભગવાન ત્રિલોકનાથ તીર્થંકરદેવે જેવું જોયું એમ ન્યાય લોજીકથી તો આચાર્ય કહે છે. કેટલી સરળ અને કેટલી સીધી વાત છે! પણ સમજવાની કંઈ દરકાર જ ન મળે. જાય આમને આમ, બફમ થઈ જાય બફમ. બફમ સમજ્યા? પકડે નહિ. આહા..હા..!

કહે છે કે જેમ પ્રત્યેક દ્રવ્યમાં પોતપોતાનું અસ્તિત્વ પોતામાં જ પૂરું થઈ જાય છે, પૂરું થઈ જાય છે. તેવી જ રીતે પ્રત્યેક દ્રવ્ય, પ્રત્યેક ગુણ અને પ્રત્યેક પર્યાય એ દ્રવ્ય-ગુણ-પર્યાયના એમાં એકબીજાથી ગુણમાં પ્રત્યેકમાં સમાપ્ત નથી થતું. એક દ્રવ્યમાં જ અસ્તિત્વ પૂરું થઈ ગયું, ગુણમાં બીજું અસ્તિત્વ થયું, પર્યાયમાં ત્રીજું અસ્તિત્વ (થયું) એમ (નથી). ત્રણેમાં વ્યાપક અસ્તિત્વ એક જ છે. દ્રવ્ય એટલે ગુણવાન, ભાવવાન કહ્યું હતુંને? ગુણ એટલે ભાવ, પર્યાય એટલે એની અવસ્થા. સામાન્ય પહેલા ઉત્પાદ-વ્યય-ધ્રુવથી લીધું હતું. પછી ગુણ-પર્યાય (લીધા). આમાં પહેલા ગુણ-પર્યાય અને પછી ઉત્પાદ-વ્યય એટલો ફેરફાર છે. ટીકામાં કથનશૈલી (એવી છે). પહેલાં અસ્તિત્વ તો લીધું હતું. અસ્તિત્વ પછી લીધું હતું, ઉત્પાદ-વ્યય-ધ્રુવ અને પછી લીધું હતું, ગુણ અને પર્યાય. આમાં અસ્તિત્વની સાથે પહેલા ગુણ-પર્યાય લે છે અને પછી ઉત્પાદ-વ્યય-ધ્રુવ લેશે. સમજાણું કાંઈ? પાઠ છેને એવો? પાઠ છે ખરોને. **'गुणेहिं सगपज्जएहिं'** એમ છે. ... સમજાણું કાંઈ? ઓલામાં પાઠ જ એમ હતો. **'उप्पादव्ययधुवत्तसंबद्धं'** અને **'गुणवं च सपज्जायं'** પછી હતું. પાઠ હતો તે પ્રમાણે ટીકા કરી. શું કહે છે સમજાણું?

કહે છે, એક એક વસ્તુમાં પોતાનું હોવાપણું, હોનાપન કહે છે? શું કહે છે? હોવાપણું, કાયમ રહેવાપણું. પણ એ કાયમ રહેવાપણું તો ઠીક, પણ હોવાપણું પોતપોતાના દ્રવ્યમાં પૂર્ણ સમાપ્ત થઈ જાય, તેવી રીતે પ્રત્યેક એક એક દ્રવ્ય, એમાં ગુણ અને પર્યાય, ત્રણેમાં એક એકનું અસ્તિત્વ સમાપ્ત થાય છે એમ નથી. ત્રણે મળીને એક અસ્તિત્વ છે. વ્યાપક છેને. અસ્તિત્વ છેને, અસ્તિત્વ છે, બધામાં અસ્તિત્વ છે. આનું અસ્તિત્વ એનામાં સમાપ્ત થાય છે, એનું અસ્તિત્વ એનામાં સમાપ્ત છે. પણ એનું દ્રવ્ય, વર્ણ-ગંધ ગુણ છે અને પર્યાય છે એમાં એક એકમાં એનું અસ્તિત્વ સમાપ્ત નથી થતું. ત્રણેમાં વ્યાપક થઈને એનું એક અસ્તિત્વ છે. બરાબર છે?

**'કારણ કે તેમની સિદ્ધિ પરસ્પર થતી હોવાથી...'** જુઓ! પરસ્પર એટલે શું? કે દ્રવ્યની સિદ્ધિ ગુણ-પર્યાયથી અને ગુણ-પર્યાયની સિદ્ધિ દ્રવ્યથી (થાય છે). એકલી દ્રવ્યની સિદ્ધિ ભિન્ન થઈ જાય અને ગુણ-પર્યાયની સિદ્ધિ ભિન્ન થઈ જાય એમ નથી. વસ્તુની સિદ્ધિ ગુણ-પર્યાયનું અવલંબન લે છે અને ગુણ-પર્યાયની સિદ્ધિ દ્રવ્યનો આશ્રય લ્યે છે. ત્યારે તે ત્રણેની સિદ્ધિ થાય છે. હવે આમાં સમજવાની દરકાર ન હોયને, લીલોતરી ન ખાવી ને કંદમૂળ ન ખાવા ને વ્રત લેવા ને પડિમા લેવી.

કાંઈ છે? કાંઈ છે આમાં કાંઈ? મોતીરામજી! ધન્યકુમારજી! કાંઈ મહેનત છે? આ પડિમા લઈ લ્યે. લ્યો, બે પડિમા લીધી. .. રામજીભાઈ કહેને, અગિયાર નહિ પચ્ચીશ લઈ લે. લઈ લેવામાં શું? પડિમા શું એની કાંઈ ખબર ન મળે. પર્યાય પોતાની દશામાં શું છે? વસ્તુ શું છે? શક્તિ શું છે? પરથી ભિન્નતા શું છે? એની કાંઈ ખબર નહિ. કાંઈ ખબર નથી હું કેવો છું? ક્યાં છું? કેવા પ્રકારનો છું? ધર્મ કરો. ક્યાંથી ધર્મ કરશે? ધૂળમાં? સમજાણું કાંઈ?

કહે છે, '**કારણ કે તેમની સિદ્ધિ પરસ્પર થતી હોવાથી...**' પરસ્પર એટલે શું? કે દરેક દ્રવ્યની સિદ્ધિ ગુણ-પર્યાયથી અને ગુણ-પર્યાયની મોજૂદગી દ્રવ્યથી છે. કોઈની સ્વતંત્ર સત્તા સિદ્ધ થાય છે એમ નથી. આહા..હા..! દ્રવ્ય, ગુણ અને પર્યાય. ગુણ સ્વતંત્ર. પર્યાય દ્રવ્ય સામાન્ય બે સ્વતંત્ર સામાન્ય અને વિશેષ. '**(અર્થાત્ દ્રવ્ય, ગુણ અને પર્યાય એકબીજાથી પરસ્પર સિદ્ધ થતાં હોવાથી...**' જુઓ! પ્રત્યેક આત્મા અને પ્રત્યેક પરમાણુના એનું દ્રવ્ય નામ શક્તિવાન પદાર્થ, ગુણ નામ શક્તિ અને પર્યાય નામ અવસ્થા. એકબીજાથી પરસ્પર સાબિત-સિદ્ધ-નક્કી થાય છે. તેથી '**(એક ન હોય તો બીજાં બે પણ સિદ્ધ નહિ થતાં હોવાથી)**' શું કહે છે? દ્રવ્ય ન હોય તો ગુણ-પર્યાય સિદ્ધ નથી થતાં. પર્યાય ન હોય તો દ્રવ્ય-ગુણ સિદ્ધ નથી થતાં, ગુણ ન હોય તો દ્રવ્ય-પર્યાય સિદ્ધ નથી થતાં. સિદ્ધ એટલે શું? સિદ્ધ ભગવાન? એ તો છે. (સિદ્ધ એટલે) હોવાપણાની સાબિતી, હોવાપણાની સાબિતી. ત્યારે આ બધું જ્ઞાન સાચું ઘટી ગયું, વિપરીત થયું એટલે પછી આ બધી ગડબડ ... કોઈ પંડિતને ખબર નહિ, ત્યાગીને (ખબર નહિ). ચલાવો ધર્મ. આમ કરો, તેમ કરો, કરો ભક્તિ ને દેરાસર બનાવો, તમારે ધર્મ થશે. ધૂળમાંય ધર્મ નથી, સાંભળને! કોણ બનાવે છે? દેરાસરના પરમાણુએ પરમાણુનું અસ્તિત્વ ભિન્ન છે. એના પર્યાયની અસ્તિત્વની ધારા એનાથી ચાલે છે, શું તારાથી એમાં ફેરફાર થાય છે? તારાથી મંદિર બને છે? સમજાણું કાંઈ? અને મંદિરથી તારી પર્યાય થાય છે? વિકારની પર્યાય તારાથી થાય છે અને અસ્તિત્વ તો સદા નિરપેક્ષ એકધારું ચાલે છે.

'**(એક ન હોય તો બીજાં બે પણ સિદ્ધ નહિ થતાં હોવાથી)...**' બીજા બે સમજાયા? પર્યાય ન હોય તો દ્રવ્ય-ગુણ સિદ્ધ નથી થતાં, દ્રવ્ય-ગુણ ન હોય તો પર્યાય સિદ્ધ નથી થતી, ગુણ ન હોય તો દ્રવ્ય-પર્યાય સિદ્ધ નથી થતાં. તેથી '**તેમનું અસ્તિત્વ એક જ છે;-સુવર્ણની જેમ.**' હવે સોનાનું દૃષ્ટાંત આપે છે. સોનાનું દૃષ્ટાંત, સુવર્ણ. અહીં સુવર્ણપુરી, સુવર્ણ. જુઓ! સુવર્ણનો દૃષ્ટાત. પોન્નુર હિલ એ સુવર્ણ છે. પોન્નુર હિલ એમ કહે છે. પોન્નુર એટલે સુવર્ણ. ટેકરી છેને? ભગવાન કુંદકુંદાચાર્ય રહેતા હતા અને ધ્યાન કરતા હતા એ પોન્નુર હિલ (એટલે) સોનાની ટેકરી.

'**જેમ...**' જરી સૂક્ષ્મ (છે), મગજને કેળવવું પડશે શાંતિથી. '**જેમ દ્રવ્યે,...**' એટલે વસ્તુ. '**ક્ષેત્રે,...**' નામ એની પહોળાઈ-ચૌડાઈ. '**કાળે,...**' નામ એની અવસ્થા. '**ભાવે,...**' નામ એની શક્તિ-ગુણ. '**જેમ દ્રવ્યે, ક્ષેત્રે, કાળે કે ભાવે સુવર્ણથી...**' સુવર્ણ નામ સોનાની લગડી હોયને? સોનું. એનાથી એના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવથી સુવર્ણથી... નીચે ફૂટનોટમાં પાંચડો છે. '**પીળાશ આદિ**

**ગુણો અને કુંડળાદિ પર્યાયો.'** **'સુવર્ણથી જેઓ પૃથક્ જોવામાં આવતા નથી,...'** કોણ? સોનાના પીળાશ, ચીકાશનો ગુણ અને કુંડળ આદિ પર્યાય એ સુવર્ણથી ભિન્ન જોવામાં આવતા નથી. બરાબર છે? **'જેમ દ્રવ્યે, ક્ષેત્રે, કાળે કે ભાવે....'** દ્રવ્યથી ભિન્ન છે, ક્ષેત્રથી ભિન્ન છે, ગુણ-પર્યાયનું દ્રવ્ય ભિન્ન છે, ક્ષેત્ર ભિન્ન છે, કાળ ભિન્ન છે, ભાવ ભિન્ન છે એમ નથી. **'દ્રવ્યે, ક્ષેત્રે, કાળે કે ભાવે સુવર્ણથી જેઓ પૃથક્...'** જેઓ એટલે ગુણ અને પર્યાય. ચીકાશ અને કુંડળપર્યાય **'પૃથક્ જોવામાં આવતા નથી, કર્તા-કરણ-અધિકરણરૂપે...'** જુઓ! એ સોનું કર્તા છે અને ગુણ-પર્યાય એનું કાર્ય છે. સમજાણું કાંઈ? કરણ. એ સોનું કરણ છે, ગુણ-પર્યાય તેનું કાર્ય છે. અધિકરણ. એ ગુણ-પર્યાયનો આધાર સોનું છે અને ગુણ-પર્યાય આધેય છે. ભારે વાત ભાઈ! ઓલામાં કર્તા-કરણ નાખ્યું હતું, હવે અધિકરણ નાખ્યું. સ્વરૂપકર્તા અને સ્વરૂપકરણ નાખ્યું હતુંને? અહીંયા હવે ત્રીજું અધિકરણ નાખ્યું. આહા..!

જેમ સુવર્ણ, આ સુવર્ણ. આ ... છે પણ સુવર્ણ. એનું દ્રવ્ય, ક્ષેત્ર-પહોળાઈ, કાળ-અવસ્થા અને ભાવ-શક્તિ એનાથી એના પીળાશ, ચીકાશ ગુણ અને કુંડળાદિ પર્યાય. ભિન્ન ભિન્ન પર્યાય થાય છેને? આ ભિન્ન ભિન્ન પર્યાય. એ કર્તા-કરણ-અધિકરણરૂપે (અર્થાત્) દ્રવ્ય કર્તા, દ્રવ્ય કરણ અને દ્રવ્ય આધાર. કોના? એ પીળાશ આદિ ગુણ અને કુંડળાદિ પર્યાયો. સ્વરૂપને ધારણ કરીને. એ ગુણ-પર્યાયનું સ્વરૂપ દ્રવ્યે ધારણ કર્યું છે. સમજાણું કાંઈ? દ્રવ્ય કર્તા, કરણ અને આધાર છે એના ગુણ-પર્યાયના. એના ગુણ-પર્યાયનો આધાર બીજું કોઈ નથી. જુઓ! શેઠ!

કાતરના એક એક પરમાણુ પોતાના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવથી તેના ગુણ રંગ, ગંધ અને તેની પર્યાય ક્રિયા આમ ફરે છે તે પર્યાય એનો કર્તા તે પરમાણુ, કરણ પરમાણુ અને આધાર પરમાણુ (છે). નીચેની ભીંત આધાર છે એમ નથી, એમ કહે છે. સમજાણું કાંઈ? કાતર ભીંતના આધારે નથી રહેતી, એમ કહે છે. કાતરના પ્રત્યેક પરમાણુ દ્રવ્ય છે, એના રંગ, ગંધ, રસ, સ્પર્શ ગુણ છે અને એની ક્ષેત્રાંતર રૂપાંતર થવાની પર્યાય છે. એ ગુણ-પર્યાયના કર્તા તે પરમાણુ (છે). પરમાણુકર્તા, પરમાણુ સાધન-કરણ અને પરમાણુ આધાર. બીજા પરમાણુ કર્તા, કરણ, આધાર નથી. તો બીજો આત્મા કર્તા, કરણ અને આધાર થઈ શકે નહિ. શાંતિભાઈ!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કોણ કરે? અને કોણ ટળે? બાપુ! પદાર્થ-વિજ્ઞાન કોઈ બીજું છે. સમજાણું કાંઈ? જુઓ!

દરેક પદાર્થ.. આ તો સુવર્ણનો દાખલો. સુવર્ણ કર્તા અને પીળાશ ગુણ અને કુંડળ પર્યાય તેનું કામ. એ કરણ-સાધન અને તેનું તે સાધ્ય. એ અધિકરણ અને એ બધા આધેય. અધિકરણ દ્રવ્ય અને ગુણ-પર્યાય તેના આધેય. સમજાણું કાંઈ? દ્રવ્યમાં ગુણ અને પર્યાય રહેવાવાળા, દ્રવ્ય આધાર. સુવર્ણ આધાર, એમાં પીળાશ આદિ ગુણ, કુંડળાદિ પર્યાય .... **'અને કુંડળાદિપર્યાયોના સ્વરૂપને ધારણ કરીને પ્રવર્તતા સુવર્ણના અસ્તિત્વને જેમની નિષ્પત્તિ થાય છે,....'** સુવર્ણની હયાતીથી

પીળાશ આદિ ગુણ. **'એવા પીળાશઆદિગુણો અને કુંડળાદિપર્યાયો વડે જે સુવર્ણનું અસ્તિત્વ છે,...'** જુઓ! એ **'સુવર્ણના અસ્તિત્વ વડે જેમની નિષ્પત્તિ છે,-એવા પીળાશ આદિ ગુણો અને કુંડળાદિ પર્યાયો વડે જે સુવર્ણનું અસ્તિત્વ છે,...'** અને તેનાથી સોનાનું અસ્તિત્વ છે. પરસ્પર લેવું છેને, પરસ્પર. શું કહ્યું? આ દૃષ્ટાંત કહ્યો, સિદ્ધાંત પછી આવશે.

સુવર્ણપણું, એના પીળાશ આદિ ગુણ. કાયમ રહેવાવાળી છેને પીળાશ કાયમ અને કુંડળ, કડા આદિ પર્યાય. એનો કર્તા સુવર્ણ, કરણ સુવર્ણ, આધાર સુવર્ણ (છે). એના પીળાશ આદિ ગુણ એના સ્વરૂપનો કર્તા તે છે અને તે સુવર્ણનું અસ્તિત્વ તેના વડે છે અને એનું અસ્તિત્વ સુવર્ણ વડે છે. સુવર્ણનું અસ્તિત્વ ગુણ-પર્યાયથી છે અને ગુણ-પર્યાયનું અસ્તિત્વ સુવર્ણથી છે. પરસ્પર અસ્તિત્વ છે. કહો, સમજાણું કાંઈ? **'તે (સુવર્ણનો) સ્વભાવ છે;...'** તે તેનો સ્વભાવ છે-તે સુવર્ણનો સ્વભાવ છે કે પોતાના ગુણ-પર્યાયનો આધાર, ગુણ-પર્યાય એમાં રહેવાવાળા છે. બસ! એનો આધાર કોઈ બીજો નથી.

**'તેમ...'** હવે આવ્યો સિદ્ધાંત. હવે આવ્યો સિદ્ધાંત. **'તેમ દ્રવ્યે, ક્ષેત્રે, કાળે કે ભાવે દ્રવ્યથી જેઓ પૃથક્ જોવામાં આવતા નથી,...'** બધા દ્રવ્યો લેવા હવે, બધા દ્રવ્યો ભિન્ન ભિન્ન. એક એક આત્મા, એક એક પરમાણુ, એક એક કાળાણુ, એક ધર્માસ્તિ, એક આકાશ. દ્રવ્યે, ક્ષેત્રે. દ્રવ્યે નામ વસ્તુથી, ક્ષેત્ર નામ પહોળાઈથી, કાળ નામ અવસ્થાથી અને ભાવ નામ શક્તિથી જે વસ્તુથી પૃથક્ જોવામાં આવતા નથી. કર્તા, કરણ, અધિકરણરૂપે પ્રત્યેક દ્રવ્યના ગુણ-પર્યાયનો કર્તા દ્રવ્ય (છે). ઘડાની પર્યાયનો કર્તા પરમાણુ, એ ઘડાની પર્યાયનું કરણ પરમાણુ અને ઘડાની પર્યાયનો આધાર પરમાણુ. આકાશ આધાર છે એમ નથી. (ટ્રેનના) ડબામાં માણસ બેસે છે તે પોતાના આધારે (બેસે છે), ડબાના આધારે નહિ એમ કહે છે. આહા..હા..! અરે..! ભગવાન! સાંભળ તો ખરો! તારી મહિમા અને પરમાણુ-ભગવાનની મહિમા. પરમાણુ પણ ભગવાન નામ મહિમાવંત છે. ભલે આનંદ, જ્ઞાન નથી પણ છે તો મહિમાવંત પદાર્થ. જેની અચિંત્ય મહિમા! પ્રત્યેક પરમાણુ, પ્રત્યેક આત્મા પોતાના ગુણ-પર્યાયનું તે દ્રવ્ય કર્તા છે. એ ગુણ-પર્યાયનું કરણ નામ સાધન તે દ્રવ્ય છે, ગુણ-પર્યાયનો આધાર દ્રવ્ય છે. પોતાના ગુણ-પર્યાયનો કર્તા બીજો છે એમ ત્રણકાળમાં નથી. પોતાના ગુણ-પર્યાયનું કરણ-સાધન બીજું છે એમ ત્રણકાળમાં નથી. પોતાના ગુણ-પર્યાયનો આધાર બીજું (દ્રવ્ય) છે એમ ત્રણકાળમાં નથી. આ તો ન્યાં વંચાશે તો એનો અર્થ કરવો મુશ્કેલ પડશે તમને. શેઠ! તમે શું સમજ્યા ન્યાં? .... ભાઈ! આમાં લખ્યું છે, તમે આ વાંચો. સમજાણું કાંઈ? આહા..હા..!

સર્વજ્ઞ વીતરાગ ત્રિલોકનાથ પરમાત્માનું વિજ્ઞાન, પદાર્થ-વિજ્ઞાન, પદાર્થ-વિજ્ઞાન. સર્વજ્ઞ પરમાત્મા ત્રિલોકનાથ કેવળજ્ઞાનીએ અનંત પદાર્થ જોયા, એ પદાર્થનું વિજ્ઞાન ચાલે છે. તમારે ચોપડીમાં પદાર્થ-વિજ્ઞાન આડુંઅવળું સમજાવતા હશે. ત્યાં હોય એમ કહેતા હશે, લ્યોને. એમાં હોય એમ (કહે). કહો, સમજાણું કાંઈ? ઓહો..હો..! કહે છે કે પ્રત્યેક આત્મા, એક નિગોદનો આત્મા, એક પરમાણુ, એવા અનંત પ્રત્યેક પૃથક્ પૃથક્ પોતાના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવથી જે પદાર્થથી જુદા

નથી દેખાતા. કોણ? એના ગુણ અને પર્યાય. દરેક વસ્તુની શક્તિ અને અવસ્થા એનાથી ભિન્ન નથી દેખાતી. બરાબર છે?

**'કર્તા-કરણ-અધિકરણરૂપે...'** છે નીચે (ફૂટનોટ)? **'દ્રવ્ય જ ગુણ-પર્યાયનું કર્તા (કરનાર)...'** છે? નીચે ફૂટનોટ છે. **'દ્રવ્ય જ ગુણ-પર્યાયનું...'** શું? એ વસ્તુ પ્રત્યેક આત્મા અને પ્રત્યેક પરમાણુ પોતાની શક્તિનો કર્તા અને પોતાની વર્તમાન અવસ્થા તેમ જ ત્રિકાળ અવસ્થાનો તે જ કર્તા છે. સમજાણું કાંઈ? દ્રવ્યગુણ-પર્યાયોનો કર્તા અને **'તેમનું કરણ-(સાધન)...'** પોતાનું દ્રવ્ય જ ગુણ-પર્યાયનું સાધન છે. લ્યો, સાધન સાધન કરે છે કે નહિ? **'અને તેમનું અધિકરણ (આધાર) છે,...'** તે ગુણ-પર્યાયનો આધાર દ્રવ્ય છે. **'તેથી દ્રવ્ય જ ગુણ-પર્યાયનું સ્વરૂપ ધારણ કરે છે.'** એ વસ્તુ જ પોતાના ગુણ-પર્યાયનું સ્વરૂપ ધારણ કરે છે.

જુઓ! **'કર્તા-કરણ-અધિકરણરૂપે ગુણોના અને પર્યાયોના સ્વરૂપને ધારણ કરીને...'** શું કહે છે? પ્રત્યેક પદાર્થ પોતાના કર્તા-કરણ-અધિકરણરૂપે ગુણ-પર્યાયોના કર્તા-કરણ-અધિકરણ હોવાથી ગુણોના અને પર્યાયોના સ્વરૂપને તે કર્તા-કર્મ-અધિકરણ હોવાથી ધારણ કરીને પ્રવર્તમાન દ્રવ્યના અસ્તિત્વથી, **'દ્રવ્યના અસ્તિત્વ વડે જેમની નિષ્પત્તિ થાય છે,...'** એ પર્યાયની દ્રવ્યના અસ્તિત્વથી ઉત્પત્તિ થાય છે. સમજાણું કાંઈ? અસ્તિત્વગુણની .. ચાલે છે. કોઈ કહે, અસ્તિત્વગુણ... ભલે અસ્તિત્વની ચાલતી હોય, બધાની પર્યાય પોતાના સ્વરૂપથી ઉત્પન્ન થાય છે. સમજાણું કાંઈ? **'એવા ગુણો અને પર્યાયો વડે જે દ્રવ્યનું અસ્તિત્વ છે, તે સ્વભાવ છે.'** કેવા ગુણો? દ્રવ્યના અસ્તિત્વ-હયાતીથી ગુણ-પર્યાયની ઉત્પત્તિ એટલે છે, ગુણ પણ છે અને પર્યાય પણ છે. એવા ગુણો અને પર્યાયોથી દ્રવ્યનું હોવાપણું છે તે વસ્તુનો સ્વભાવ છે. કોઈએ બનાવ્યો નથી, આવો જ વસ્તુનો અનાદિ-અનંત સ્વભાવ છે. કહો, સમજાણું કાંઈ? જરી કૌંસમાં છેને? સમજાવે છે.

**'(દ્રવ્યે, ક્ષેત્રે, કાળે કે ભાવે સુવર્ણથી જુદાં નહિ જોવામાં આવતા પીળાશાદિક (ચીકાશ આદિ) અને કુંડળાદિકનું અસ્તિત્વ તે સુવર્ણનું જ અસ્તિત્વ છે,...'** એ ગુણ-પર્યાયનું હોવાપણું એ સુવર્ણનું હોવાપણું છે. **'કારણ કે પીળાશાદિકના અને કુંડળાદિકના સ્વરૂપને સુવર્ણ જ ધારણ કરતું હોવાથી...'** સુવર્ણની પીળાશ અને કુંડળ આદિ પર્યાયના સ્વરૂપને સુવર્ણ જ ધારણ કરે છે. એનું સ્વરૂપ કોઈ બીજું ધારણ કરે છે એમ નથી. તેથી **'સુવર્ણના અસ્તિત્વથી પીળાશાદિકની અને કુંડળાદિકની નિષ્પત્તિ-સિદ્ધિ-થાય છે,...'** સુવર્ણ ન હોય તો પીળાશ અને કુંડળાદિ પણ ન હોય. આ તો કહે છે, નિમિત્ત ન હોય તો આ ન હોય એમ નથી કહેતા. અહીં તો કહે છે કે સુવર્ણ ન હોય તો પીળાશ અને કુંડળાદિ પર્યાય ન હોય. સોનું ન હોય તો પીળાશ અને કુંડળની પર્યાય ન હોય. પીળાશ અને કુંડળની પર્યાય ન હોય તો સુવર્ણ ન હોય. સમજાણું કાંઈ? અને કુંડળાદિક પણ ન હોય. **'સુવર્ણ ન હોય તો પીળાશાદિક અને કુંડળાદિક પણ ન હોય...'**

**'તેવી રીતે દ્રવ્યે, ક્ષેત્રે, કાળે કે ભાવે દ્રવ્યથી જુદા નહિ જોવામાં આવતા...'** સુવર્ણનું દૃષ્ટાંત હતું. સાધારણ દાખલો. હવે દ્રવ્ય ઉપર વાત કરે છે. **'ગુણો અને પર્યાયોનું અસ્તિત્વ તે દ્રવ્યનું જ**

**અસ્તિત્વ છે, કારણ કે ગુણો અને પર્યાયોના સ્વરૂપને દ્રવ્ય જ ધારણ કરતું હોવાથી દ્રવ્યના અસ્તિત્વથી જ ગુણોની અને પર્યાયોની નિષ્પત્તિ થાય છે, દ્રવ્ય ન હોય તો ગુણો અને પર્યાયો પણ ન હોય. આવું અસ્તિત્વ જ દ્રવ્યનો સ્વભાવ છે).**' આ તો ટીકામાં હતું એનો જરી કૌંસમાં ખુલાસો કર્યો છે. સમજાણું કાંઈ? ઘરે વાંચે તો મેળ ખાય, ક્યાંનો અર્થ કર્યો અને શું અર્થ કર્યો. અહીં ને અહીં મૂકી દેવા ચોપડા? જેચંદભાઈ! એ.. મોહનભાઈ! માથું આમ સ્થિર થઈ જાય એવું છે અંદરથી. ફટ બીજું ઊડી જાય આમ. મારી હયાતી મારાથી, પરની હયાતી પરથી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ માટે આ બધું છે. શરીરની હયાતી શરીરની પર્યાય તેના પરમાણુને કારણે છે. એની પર્યાય મારા વિકલ્પને આધારે છે એમ ત્રણકાળમાં નથી. સમજાણું કાંઈ? ભારે ગડબડ ચાલી છેને. કેટલી ગાથા... આચાર્ય ટીકા કરે છે જંગલમાં.. આહા..હા..!

સ્વભાવ છે, એનો આદિ-અંત નથી, અનાદિ-અનંત છે. છે તેનું કારણ નથી, અપેક્ષા નથી. છે તેની ધારા એક ચાલે છે. ઇ છે ગુણ અને પર્યાય એનો આધાર દ્રવ્ય છે. દ્રવ્યના આધારે ગુણ-પર્યાય, ગુણ-પર્યાયના આધારે દ્રવ્ય. હવે, જરી ગુણ-પર્યાયના આધારે દ્રવ્ય છે એ સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ? અહીંયા તો દ્રવ્યના આધારે કર્તા-કરણ દ્રવ્યના આધારે ગુણ-પર્યાય છે એમ લીધું. હવે, પરસ્પર બતાવવું છેને. અત્યાર સુધી તો એમ બતાવ્યું કે સુવર્ણ પોતાના ગુણ અને પર્યાયનો કર્તા-કરણ અને આધાર છે. એમ પ્રત્યેક દ્રવ્ય પોતાની શક્તિ-ગુણ અને પર્યાયનો કર્તા-કરણ અને આધાર. હવે બતાવે છે કે ગુણ અને પર્યાય કર્તા-કરણ અને આધાર દ્રવ્યના છે. અલૌકિક વાત છે! વસ્તુસ્થિતિ આવી છે. શબ્દોમાં ...

'**અથવા, જેમ દ્રવ્યે, ક્ષેત્રે, કાળે કે ભાવે...**' સોનું, સોનું એ '**પીળાશઆદિગુણોથી અને કુંડળાદિપર્યાયોથી જે પૃથક્ જોવામાં આવતું નથી,...**' બરાબર છે? શું? સોનું પોતાની પીળાશ આદિ શક્તિ-ગુણ અને કુંડળાદિ પર્યાયથી સોનું પૃથક્-ભિન્ન-જુદું દેખાતું નથી. બરાબર છે? '**કર્તા-કરણ-અધિકરણરૂપે સુવર્ણના સ્વરૂપને ધારણ કરીને,...**' સુવર્ણના સ્વરૂપને ધારણ કરવાવાળા. કોણ? સુવર્ણના પીળાશ, ચીકાશ ગુણ અને કુંડળાદિ પર્યાય તે સુવર્ણના સ્વરૂપને ગુણ-પર્યાય ધારણ કરે છે. અને ગુણ-પર્યાય કર્તા, સોનું કર્મ. ગુણ-પર્યાય કરણ, સોનું સાધ્ય. એ સાધન અને સાધ્ય. ગુણ-પર્યાય આધાર, તેમાં રહેનાર દ્રવ્ય આધેય. સર્વજ્ઞે કહ્યો એવા પદાર્થના સ્વભાવની એણે કદી પ્રતીતિ કરી નહિ. આ પ્રત્યેક જ્ઞેયની ભિન્નતા સિદ્ધ કરે છે. તારું જ્ઞેય તારામાં, બીજાનું જ્ઞેય બીજામાં. પોતાની ધારા (પોતામાં), પરમાં તારી... કાંઈ લેવા કે દેવા? સમજાણું કાંઈ? ભેદજ્ઞાન. ભેદ નામ ભિન્ન છે તેમ ભિન્નને જાણવું એનું નામ ભેદજ્ઞાન. આ ઉતાવળથી લેવાણું છે તેથી ઇનો ઇ બોલ લાગ્યા કરે એટલે. ... પણ એનો આ અર્થ. સમજાણું કાંઈ?

હવે, કહે છે કે જેમ સુવર્ણ-સોનું છેને? આ લાકડી છેને? જુઓ! તો કહે છે, આ ...લ્યો. અને એની સુગંધ છે અને એની જે આવી અવસ્થા છે, એ અવસ્થા અને ગુણ કર્તા અને લાકડી-વસ્તુ તે

તેનું કાર્ય. દ્રવ્ય કાર્ય? અહીંયા કર્મ સિદ્ધ કરવું છે. એની સિદ્ધિ થાય છે, ગુણ-પર્યાયથી દ્રવ્યની સિદ્ધિ થાય છે. એ સિદ્ધ-નક્કી કરવાનું કાર્ય છે. સમજાણું કાંઈ? અને તે સુગંધ ગુણ અને પર્યાય તે કરણ-સાધન અને વસ્તુ સાધ્ય સિદ્ધ કરવું છે. સાધ્ય ઇ છે. ગુણ-પર્યાયથી દ્રવ્ય સાધ્ય કરવું છે. દ્રવ્ય સાધ્ય છે. ગુણ-પર્યાય આધાર-અધિકરણ, ગુણ-પર્યાય આધાર-અધિકરણ, રહેવાવાળું દ્રવ્ય. ગુણ-પર્યાયમાં રહેવાવાળું દ્રવ્ય. સમજાણું કાંઈ? સુવર્ણનો દાખલો તો સહેલો છે.

સોનામાં પીળાશ આદિ ગુણ. પીળાશ, ચીકાશ, તોલ અને કુંડળ, કડાં પર્યાય. એ કુંડળ-કડાં પર્યાય અને પીળાશ આદિ ગુણ એ કર્તા, એનું કામ દ્રવ્યને સિદ્ધ કરવાનું છે. અને પીળાશાદિ ગુણ અને પર્યાય એ કરણ નામ સાધન અને સાધ્ય કરવું છે, સિદ્ધ કરવું છે દ્રવ્ય. અને એ આધાર, ગુણ-પર્યાય સોનાનો આધાર, સોનું એનું આધેય. ગુણ-પર્યાયમાં રહેનારું સોનું. પહેલા સોનામાં ગુણ-પર્યાય રહેવાવાળા છે એમ કહ્યું, હવે ગુણ-પર્યાયમાં રહેવાવાળું સુવર્ણ (એમ કહે છે). આહા..હા..! મોતીરામજી! સાંભળ્યું હતું કોઈ દિ' ત્યાં? તો શું કર્યું અત્યાર સુધી? ... સાત તત્ત્વ ભિન્ન ભિન્ન, છ દ્રવ્ય શું છે? એનો છ દ્રવ્યનો ... સત્તાનો ભિન્ન નથી. એ તો અભિન્ન એકલો આત્મા શું છે તેનો બોધ થતો નથી. ધર્મદાસ ક્ષુલ્લક કહે છે, છ દ્રવ્યની સિદ્ધિની ખબર નથી, એને એક આત્માની ખબર પડી જાય એમ હોય નહિ. સમજાણું કાંઈ? આહા..હા..!

... કરવું છેને, છ દ્રવ્યથી ભિન્ન આત્મા છે. બધા ગુણ-પર્યાયનો આધાર તે દ્રવ્ય છે અને દ્રવ્યનો આધાર તે ગુણ-પર્યાય છે. તારા ગુણ-પર્યાયનો આધાર તું છો અને તું દ્રવ્ય-ગુણ-પર્યાયનો આધાર છો. તું બીજાનો આધાર-બાયડી, છોકરા, કુટુંબ, દેશનો નથી. અત્યાર સુધી શું કર્યું? આ છોકરાઓને મોટા કર્યા ... શેઠ પણ એક ફેરી બોલતા હતા. આ પૈસા-બૈસા ભેગા થયા તો હવે નિવૃત્તિથી રહેવાય, લ્યો. સાચી વાત હશે ઇ? જૂઠી છે, કહે છે. કોણ પેદા કરે? કોઈ ચીજ તેં પેદા કરી? તારી ગુણ-પર્યાયનો પેદા કરનાર તું અને ગુણ-પર્યાય દ્રવ્યને પેદા કરનાર નામ સિદ્ધ કરનાર ગુણ-પર્યાય. માર્ગ જ બીજો છે, શેઠ! અવલદોમ છેને?

ભગવાન કુંદકુંદાચાર્ય કહે છે, ત્રિલોકનાથ પરમાત્મા પાસે ગયા હતા. કુંદકુંદાચાર્ય, ત્યાંથી આ લઈને આવ્યા છે. બાપ પરદેશથી આવે કે નહિ? પછી આવે એટલે બધા ભેગા થાયને? બાપા! શું લાવ્યા મારા માટે? શું લાવ્યા? બાયડી કહે કે, સાડલો. છોકરો કહે કે, રમકડું. મોટો છોકરો કહે કે તારી માટે મોટર નવી આવી છે અને લીધી છે અને હમણાં બે દિ' પછી આવશે. સૌના પ્રમાણમાં હોયને? જુઓ ભાઈ! ભગવાન પાસે અમે આમ સાંભળ્યું છે અને અમને આ વાત બેસી છે કે આ સત્તા ભિન્ન ભિન્ન છે એમ ભગવાન કહે છે. અને કોઈ સત્તાના ગુણ-પર્યાય કોઈથી નથી અને કોઈ સત્તા ગુણ-પર્યાય વિના છે એમ નથી. માંગીરામજી! આ તો સીધી વાત છે બે ને બે ચાર જેવી. સાંભળવામાં આવે નહિ અને પાછા... આ વિભાવધર્મ રહ્યો. આમાં અનેકતા છે એમાં સાપેક્ષતા અને હેતુ છે અને ઓલામાં અપેક્ષા અને હેતુ નથી. સાંભળને! ભલે નિમિત્તની સાપેક્ષતા હો, હેતુ પણ હો, એથી કાંઈ એ કારણે પર્યાય થાય છે? અને વિકારની પર્યાય કાંઈ આઘી-પાછી થાય છે?

બિલકુલ ત્રણકાળમાં નથી. એ તો એક અસ્તિત્વગુણની વિકારની ભિન્નતા બતાવવા માટે એ વાત કરી છે. ... એટલું, બીજું કાંઈ નહિ. સમજાણું કાંઈ?

**'કર્તા-કરણ-અધિકરણરૂપે સુવર્ણના સ્વરૂપને ધારણ કરીને પ્રવર્તતા...'** જુઓ! સુવર્ણના સ્વરૂપને તો એના પીળાશ ગુણ અને કુંડળની પર્યાયે ધારણ કર્યું છે. એ પીળો ગુણ અને પર્યાય એ સુવર્ણના કર્તા છે. એ સુવર્ણનું કરણ-સાધન અને આધાર છે. એવા **'પીળાશઆદિગુણો અને કુંડળાદિપર્યાયો વડે જેમની નિષ્પત્તિ થાય છે,...'** જુઓ! એ ગુણ-પર્યાયથી સુવર્ણની નિષ્પત્તિ. એ ગુણ-પર્યાયથી સુવર્ણની પ્રાપ્તિ થાય છે કે આ ગુણ આનો છે. સમજાણું કાંઈ? પ્રત્યેક ગુણ અને પર્યાયથી તેના દ્રવ્યની નિષ્પત્તિ થાય છે કે આ દ્રવ્ય છે, આ દ્રવ્ય એનું છે. એમ સિદ્ધ કરે છે. **'એવા સુવર્ણનું, મૂળસાધનપણે...'** આટલો સંબંધ લીધો. કેમ? દ્રવ્યમાં કર્તા-કરણ લીધા હતા તો સાધન નહોતું કહ્યું. કેમકે સાધન તો પર્યાયથી-કાર્યથી સિદ્ધ થાય છેને. ગુણ-પર્યાયથી આ દ્રવ્ય (સિદ્ધ થાય છે). અહીંયા ગુણ-પર્યાયથી દ્રવ્ય સિદ્ધ કરવું છે ત્યાં સાધન લીધું. દ્રવ્યથી જ્યાં ગુણ-પર્યાયને સિદ્ધ કરવા છે ત્યાં સાધન ન લીધું. કારણ કે ગુણ-પર્યાય દ્રવ્યથી છે, પણ એવું નક્કી તો પર્યાયમાં થાય છે કે નહિ? અને એની પણ પર્યાયથી નક્કી થાય છેને કે આ પર્યાય આ દ્રવ્યની. સમજાણું કાંઈ? દ્રવ્ય તો અવ્યક્ત સામાન્ય છે. નક્કી તો પર્યાયથી થાય છે. પર્યાયને મૂળ સાધન લીધું. પહેલામાં મૂળ સાધન નહોતું લીધું.

દ્રવ્યથી ગુણ-પર્યાય સિદ્ધ કર્યા એમાં મૂળ સાધન ન લીધું. ગુણ-પર્યાયથી દ્રવ્ય સિદ્ધ કર્યું ત્યાં મૂળ સાધન લીધું. અલૌકિક વાત આચાર્યની ...! એક પણ વાત અંદર જ્યાં બાકી ન રહે અને એનું આખું રૂપ આવી જાય એવી ટીકા છે! અમૃતચંદ્રાચાર્ય આહા..હા..! કેવળજ્ઞાનીના વિરહ ભૂલાવ્યા એવી ચીજ છે. એવી બતાવી ... આ શબ્દ અહીં નાખ્યો. કહો! દ્રવ્યમાં ન નાખ્યો અને ગુણ-પર્યાયમાં નાખ્યો. પર્યાય આ દ્રવ્ય સિદ્ધ કરે છે. મૂળ સાધન દ્રવ્યને સિદ્ધ કરવાનું ગુણ-પર્યાય છે. સમજાણું કાંઈ? શશીભાઈ! આહા..હા..!

**'મૂળસાધનપણે તેમનાથી...'** તેમનાથી સમજ્યા? તેમનાથી એટલે શું? પીળાશઆદિગુણો અને કુંડળાદિપર્યાયોથી **'નિષ્પન્ન થતું...'** મૂળસાધનપણે નિષ્પન્ન થતું કોણ? અસ્તિત્વ. **'તે સ્વભાવ છે;...'** સુવર્ણનો દૃષ્ટાંત આપ્યોને? એમ હવે દ્રવ્યમાં ઉતારે છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**આસો સુદ-૧૨, સોમવાર, તા. ૩૦-૯-૧૯૬૩**
**ગાથા-૯૬, પ્રવચન-૯૦**

૯૬મી ગાથા ચાલે છે. જ્ઞેય અધિકાર. સ્વરૂપ-અસ્તિત્વ. પ્રત્યેક પદાર્થ પોતાના સ્વરૂપની હયાતીથી-હોવાપણાથી છે, પરને કારણે નહિ. તો પોતામાં કઈ રીતે છે એ વાત ચાલે છે. પ્રત્યેક દ્રવ્ય. આત્મા પ્રત્યેક ભિન્ન-ભિન્ન હો કે જુદા જુદા પરમાણુ હો, બધા પોતપોતાના ગુણ-પર્યાયના આધારે દ્રવ્ય રહે છે અને દ્રવ્યના આધારે ગુણ-પર્યાય રહે છે. એ વાત આવી ગઈ. સમજાણું કાંઈ? દરેક વસ્તુ પોતાની હયાતી-મોજૂદગી રાખે છે તે પોતપોતાની શક્તિ અને અવસ્થાના આધારથી હયાતી ધરાવે છે અને તે અવસ્થા અને શક્તિ-ગુણ તે દ્રવ્યને આધારે અસ્તિ રાખે છે, પરને આધારે અસ્તિ રાખે છે એમ નથી. ઓહો..હો..! પ્રત્યેક સમયમાં પ્રત્યેક દ્રવ્યના ગુણ-પર્યાય ભિન્ન-ભિન્ન છે, કોઈને કારણે કોઈમાં સંબંધ નથી. બીજો પેરેગ્રાફ. જેમ ગુણ-પર્યાય સાથે મેળવ્યું, એમ ઉત્પાદ-વ્યય-ધ્રુવ સાથે મેળવે છે. છે? શેઠ! બતાવો એમને.

**'જેમ દ્રવ્યે, ક્ષેત્રે, કાળે કે ભાવે...'** .. નથીને? ગુજરાતી છે, ઠીક! **'જેઓ પૃથક્ જોવામાં આવતાં નથી,...'** શું? પહેલા દૃષ્ટાંત છેને? સુવર્ણ, સુવર્ણનો દૃષ્ટાંત છે. સુવર્ણ-સોનું હોયને સોનું? જેમ એ સુવર્ણ દ્રવ્યે એટલે વસ્તુથી, ક્ષેત્રે એટલે પહોળાઈથી, કાળે એટલે અવસ્થાથી, ભાવે એટલે શક્તિથી જે કુંડળાદિ ઉત્પાદ, બાજુબંધાદિ વ્યય અને પીળાશઆદિ ધ્રૌવ્યોથી પૃથક્ જોવામાં આવતા નથી. સુવર્ણમાંથી જે બાજુબંધપર્યાયનો નાશ થાય છે અને કુંડળની પર્યાય ઉત્પન્ન થાય છે અને પીળાશપણે સદૃશ્યપણે ધ્રુવ રહે છે તે પૃથક્ જોવામાં આવતા નથી.

**' કર્તા-કરણ-અધિકરણરૂપે કુંડળાદિ-ઉત્પાદોના, બાજુબંધાદિવ્યયોના અને પીળાશ-આદિધ્રૌવ્યોના સ્વરૂપને ધારણ કરીને...'** એ સુવર્ણ પોતાના ઉત્પાદ-વ્યય અને ધ્રુવ તેનો સુવર્ણ કર્તા થઈને. સોનાના દાગીના થાય છેને? દાગીનાની પર્યાયનો કર્તા સુવર્ણ છે. કર્તા સોની નથી એમ કહે છે. દાગીનાની જે કોઈ અવસ્થા સોનાની થાય છે તે અવસ્થાનો નવો ઉત્પાદ એનો કર્તા સુવર્ણ છે, જૂની પર્યાયનો વ્યય તેનો કર્તા સુવર્ણ, અને તેનું કરણ નવી પર્યાય સુવર્ણમાં જે દાગીનાની થાય છે તેનું કરણ-સાધન સુવર્ણ અને જૂની પર્યાયનો વ્યય થાય છે તેનું કરણ -સાધન સુવર્ણ અને ધ્રુવ રહે છે તેનું સાધન સુવર્ણ. અને દાગીના.. અમારે ત્યાં દાગીના કહે છે. તમારે જેવર કહે છેને? દાગીનાની પર્યાય ઉત્પન્ન થાય છે તેનો આધાર સુવર્ણ, અધિકરણ સુવર્ણ. હેઠે એરણ હોય છે એ આધાર નહિ. એરણ હોય છેને નીચે? ઘડવાની. હોય છે કે નહિ? એ અધિકરણ નથી. સોનાની પર્યાય કુંડળની અવસ્થાનું ઉત્પન્ન થવું તેનો આધાર સુવર્ણ. પૂર્વની બાજુબંધાદિ પર્યાયનો વ્યય થવો તેનો આધાર સુવર્ણ અને પીળાશ આદિનું ધ્રુવ રહેવું તેનો આધાર

સુવર્ણ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કોણ કહે છે? કોણે કીધી? કોઈએ કીધી નથી. કોણે કીધું પણ? શું લાગે?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- સોની હો, તે સમયે હો, પણ એનાથી થતું નથી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- સોની વિના જ થાય છે, સુવર્ણથી થાય છે એમ કહે છે. એ જોવામાં એમ આવે છે, પણ એની દૃષ્ટિમાં ભ્રમ છે. સુવર્ણ વિના એની પર્યાય ઉત્પન્ન નથી થતી એમ જોવામાં આવે છે. અજ્ઞાની (સંયોગ)દૃષ્ટિથી જોવે છે કે સોની વિના ઉત્પન્ન નથી થતી. આમ સંયોગથી જોવે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ જ વાત છે. સોની વિના નથી દેખાતું એવી વાત એમાં છે જ નહિ.

મુમુક્ષુ :- ....

ઉત્તર :- ના, એ વાત ખોટી છે. ઇ વાત કહે છે. સોની હો, હો પણ એનાથી થતું નથી. આ વાત એવી છે. શેઠ કહે છે, પહેલા નિમિત્તની વાત ચાલતી હતી, હવે ઉપાદાનની ચાલે છે, ચાલશે. પહેલા ખોટી ચાલતી હતી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ઉપસ્થિત હો. હો, પણ સુવર્ણની પર્યાય ઉત્પન્ન થાય છે (તે સુવર્ણથી થાય છે).

જુઓ! અહીંયા તો ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય. એક સુવર્ણનો ઉત્પાદ નામ કુંડળપણાની ઉત્પત્તિ અને પૂર્વે બાજુબંધ હતા, કડા કડા, કડા કહે છેને? એ કડાની... કેમકે કડું અંદર છે તો કોઈ જોતું નથી. કુંડળ પર્યાય હોય તો લોકો જોવે તો ખરા કે લાવો ભાઈ પહેરીએ. તો કુંડળની ઉત્પત્તિ, કડાનો વ્યય અને પીળાશ આદિનું ધ્રુવપણું એ ત્રણે અંશનો કર્તા સુવર્ણ, સાધન સુવર્ણ અને આધાર સુવર્ણ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- નિમિત્ત વિના થાય છે, નિમિત્ત વિના થાય છે, પણ નિમિત્ત હોય છે એટલું. કહો, સમજાય છે કાંઈ? નિમિત્ત હોય છે ખરું. નિમિત્તનો સ્વીકાર છે, પણ નિમિત્તથી થતું નથી. આહા..હા..! કર્તાપણું નથી, કરણપણું નથી, આધારપણું નથી. કહો!

'**કર્તા-કરણ-અધિકરણરૂપે કુંડળાદિ-ઉત્પાદોના,...**' કુંડળ આદિ જે નવી નવી પર્યાય ઉત્પન્ન થાય છે તેનો કર્તા સુવર્ણ છે. તેનું સાધન-કરણ સુવર્ણ છે. કારણ સુવર્ણ છે, કરણ સુવર્ણ છે અને તેની પર્યાયનો આધાર-અધિકરણ તે સુવર્ણ છે. '**બાજુબંધાદિવ્યયો...**' બાજુબંધ નામ કડાની

અવસ્થાનો વ્યય થાય છે તેનો કર્તા સોનું છે. વ્યય થાય છે તેનું સાધન સોનું છે, વ્યય થાય છે તેનો આધાર સોનું છે. સમજાણું કાંઈ? **'અને પીળાશઆદિધ્રૌવ્યો...'** પીળાશ, ચીકાશ, વજન એ ધ્રુવ જે રહે છે તેનો પણ આધાર કર્તા દ્રવ્ય સુવર્ણ, તેનું કરણ-સાધન સુવર્ણ અને તનું અધિકરણ સુવર્ણ. એને બતાવો ભાઈ બરાબર. મળ્યું? એવા (ઉત્પાદવ્યયધ્રૌવ્યોના) **'સ્વરૂપને ધારણ કરીને...'** શું કહે છે? સુવર્ણ પોતાની કુંડળ પર્યાયથી ઉત્પન્ન થવાનું સ્વરૂપ ધારણ કરે છે, સુવર્ણ બાજુબંધના વ્યયના નાશ થવાનું સ્વરૂપ ધારણ કરે છે અને કુંડળ (સુવર્ણ) પોતાનું ધ્રુવપણાનું સ્વરૂપ કર્તા, કરણ અને આધારના કારણે (આવું) સ્વરૂપ ધારણ કરે છે. ઓહો..હો..! જગતની ચીજ ભિન્ન-ભિન્ન.. સમજ્યા? શેઠ! અત્યાર સુધી નિમિત્તથી (વાતો) ચાલી હતી. રાત્રે કહેતા હતા ભાઈ કે અત્યાર સુધી નિમિત્તથી ચાલી, હવે ઉપાદાનથી ચાલે છે. ખોટી ચાલી હતી. એવી વાત છે. એ તો મીઠા માણસ છેને. અનુભવ બોલે છે. સમજાણું કાંઈ? કહો, સમજાણું કાંઈ?

કહે છે કે એ **'પીળાશઆદિધ્રૌવ્યોના સ્વરૂપને ધારણ કરીને પ્રવર્તતા..'** ધારણ કરીને પ્રવર્તતા, વર્તવાવાળું **'સુવર્ણના અસ્તિત્વ વડે...'** સોનાની હયાતીથી, મોજૂદગીથી **'જેમની...'** એની પર્યાયના ઉત્પાદની, પર્યાયના વ્યયની, ધ્રુવના સદૃશ્યપણાની **'નિષ્પત્તિ થાય છે,...'** ઓહો..હો..! કેટલું સરસ! સરળ વાત છે. **'એવાં કુંડળાદિ ઉત્પાદ,...'** પુસ્તક-બુસ્તક છે કે નહિ? એઇ..! શાંતિલાલ! મહેનત પડે છે જોવામાં? ઓલી બાજુ નજર હતી, બીજે નજર હતી. નીચે જુઓ! **'એવાં કુંડળાદિ ઉત્પાદ...'** શું કહે છે? એ કુંડળાદિ. કોઈની કુંડળની અવસ્થા થાય છે, કોઈની કડાંની થાય છે. નવી નવી, અનેક થાય છેને નવી નવી? શું કહેવાય આ તમારે? હાર સોનાનો. ચેન. અમારે સાંકળી કહે છે. સાંકળી કહે છે. એ સાંકળીની પર્યાયનો ઉત્પાદ અને પૂર્વની બીજી પર્યાય હોય તેનો વ્યય અને પીળાશ, ચીકાશનું ધ્રુવપણું તેનો કર્તા, કરણ અને આધાર સોનું પોતાનું સ્વરૂપ તે કારણે ધારણ કરી રાખે છે. તેનું સ્વરૂપ તેણે ધાર્યું છે. તેનું સ્વરૂપ એણે ધાર્યું છે, સોની-ફોનીએ નથી ધાર્યું. આહા..હા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- નહિ, બિલકુલ નહિ, ખોટું છે. પોતાના દ્રવ્યે ઉત્પાદનું સ્વરૂપ ધારણ કરીને બદલ્યું છે. પોતાનો વ્યય કરીને સ્વરૂપ ધારણ કરીને વ્યય થયો છે અને ધ્રુવનું પણ કર્તા, કરણ, અધિકરણથી પોતાનું સ્વરૂપ ધારણ કર્યું છે. પરથી ધારણ-ફારણ નથી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ તો પોતાનું રૂપ બીજી પર્યાય હતી તેને પલટાવીને નવી પર્યાય કર્તા, કરણથી કરી. કર્તા થઈને કરી છે. બીજાએ કર્તા થઈને કરી છે એમ નથી. સમજાણું કાંઈ?

**'એવાં કુંડળાદિ ઉત્પાદો,...'** ઉત્પાદ થવાવાળી પર્યાય. સોનાનું તો દૃષ્ટાંત આપ્યું. **'બાજુબંધાદિવ્યયો...'** પૂર્વે જે અવસ્થા હતી તેનો અભાવ (થયો) **'અને પીળાશઆદિધ્રૌવ્યો વડે જે સુવર્ણનું અસ્તિત્વ છે,...'** જુઓ! એ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યથી સુવર્ણનું અસ્તિત્વ છે. પહેલા કહ્યું

હતું કે સુવર્ણથી એનું અસ્તિત્વ છે. હવે શું કહે છે? સુવર્ણનું અસ્તિત્વ તેનાથી છે. '**તે (સુવર્ણનો) સ્વભાવ છે;...**' એવો જ સુવર્ણનો સ્વભાવ છે.

'**તેમ...**' એ દૃષ્ટાંત આપ્યો. હવે બધા પદાર્થમાં ઉતારે છે. પ્રત્યેક પરમાણુ... પ્રત્યેક કહે છેને? શું કહે છે? ભિન્ન ભિન્ન પરમાણુ અને ભિન્ન ભિન્ન આત્મા, પ્રત્યેક એક એક જુદા જુદા આત્મા '**દ્રવ્યે,...**' પોતાના દ્રવ્યે-વસ્તુ. પોતાના '**ક્ષેત્રે,...**' પહોળાઈ, પોતાના '**કાળે...**' અવસ્થાથી અને પોતાની શક્તિથી. '**જેઓ પૃથક્ જોવામાં આવતાં નથી,...**' એ પદાર્થથી પૃથક્ ઉત્પાદ-વ્યય અને ધ્રુવ એ દ્રવ્યથી પૃથક્ જોવામાં આવતાં નથી. ઓહો.હો..! અહીં તો એમ કહે છે કે એનાથી પૃથક્ જોવામાં આવતાં નથી. ઓલો સોની તો પૃથક્ દેખાય છે. સમજાણું કાંઈ?

દરેક દ્રવ્ય, એક એક પરમાણુ અને એક એક આત્મા પોતાના દ્રવ્યથી, પોતાના ક્ષેત્રથી, પોતાની અવસ્થાથી, પોતાના ભાવથી તે પોતાની વસ્તુથી પૃથક્ જોવામાં આવતાં નથી એવા. કોણ એવા? ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્ય એ દ્રવ્યથી પૃથક્ જોવામાં આવતા નથી એવા. એ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યનો કર્તા તે દ્રવ્ય, કરણ તે દ્રવ્ય અને આધાર તે દ્રવ્ય (છે). સમજાણું કાંઈ? ચોખા છે એ કડક પર્યાયપણે છે. કઠણ છેને ઇ? કઠણ કહે છે? સખત. અને પછી સીઝે છે, સીઝે છે પર્યાય. તો કહે છે કે સીઝતી પર્યાયનો ઉત્પાદ, કઠણનો વ્યય અને સફેદાઈ આદિનું ધ્રુવપણું તેના કર્તા તે ચોખા છે, સાધન ચોખા છે, અધિકરણ ચોખા છે. અગ્નિ, પાણી કર્તા, સાધન, અધિકરણ-આધાર નથી. સંયોગ હો, બીજી વસ્તુ છે. આ પૃથક્ જોવામાં આવતા નથી, પેલા પૃથક્ દેખાય છે. પોતાની પર્યાયથી બીજી ચીજ પૃથક્ દેખાય છે. આ પોતાના ઉત્પાદ-વ્યય-ધ્રુવથી દ્રવ્ય કર્તા, કરણ અને અધિકરણથી પૃથક્ જોવામાં આવતું નથી. એવો કર્તા દ્રવ્ય છે, પર કર્તા-કરણથી નથી. સમજાણું કાંઈ? ઓહો..હો..!

'**ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યોના સ્વરૂપને ધારણ કરીને...**' એક એક આત્મા, એક એક પરમાણુ, કોઈ પણ સમય લ્યો તે સમયે પૂર્વ અવસ્થાના વ્યયનું સ્વરૂપ કર્તા-કરણ-અધિકરણથી ધારણ કરે છે તે દ્રવ્ય. ઉત્પાદનું સ્વરૂપ કર્તા-કરણ-અધિકરણથી ધારણ કરે છે અને દ્રવ્યનું સદૃશ રહેવાનું સ્વરૂપ કર્તા-કરણ-આધારથી તે દ્રવ્ય જ ધારણ કરે છે. પર કર્તા-કરણ સાધન નથી, અધિકરણ નથી અને પર એનું સ્વરૂપ ધારણ કરે છે એમ નથી. કેટલું સ્પષ્ટ છે! મંત્રીજી! સ્પષ્ટ છે કે નહિ? આટલું તો સ્પષ્ટ છે. નિમિત્તની કોણ ના પાડે છે? નિમિત્ત હો, પણ ઉત્પન્ન થવાના કર્તા-કરણ તો પોતાના દ્રવ્યની પર્યાયનો તે દ્રવ્ય જ છે. સમજાણું કાંઈ?

ભગવાનની સમીપ બેઠો હોય કે એક જીવ નરકમાં રહ્યો હોય, તે જીવ પોતાની તે સમયે પર્યાયનો ઉત્પાદ કરે છે, પૂર્વનો વ્યય કરે છે, સદૃશ્યપણે ધ્રુવ રહે છે તેનો કર્તા, સાધન અને આધાર તો તે દ્રવ્ય છે. કોઈ નારકીનું ક્ષેત્ર કે ભગવાનનું સમવસરણ એનું કર્તા, કરણ કે સાધન, અધિકરણ નથી. આહા..હા..! આમાં તકરારને સ્થાન ક્યાં છે?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હાજર રહેવું પડે નહિ, એ તો થઈ જાય છે. હાજર શું પરાધીન છે નિમિત્ત? નિમિત્ત પરાધીન નથી, નિમિત્તનો મેળ એમ જ ખાઈ જાય છે. પોતાની પર્યાય પોતાથી કર્તા, કરણ, આધારથી થાય છે. નિમિત્તને કારણે નિમિત્ત પોતાના કર્તા, કરણ, આધારથી ત્યાં હોય છે. ત્યાં થવાનું છે માટે ત્યાં આવવું પડે છે એવી પરાધીનતા નથી. આ વાત ખરેખર તો...

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ત્યાં આવવું પડે નહિ, હોય છે પોતાને કારણે. છે બસ એટલું. એ પોતાથી છે. એવો નિમિત્ત-નૈમિત્તિકનો મેળ થઈ જાય છે. એ નિમિત્ત પણ પોતાના ઉત્પાદને કરનારું, પોતાની પૂર્વે જે પર્યાય હતી તેથી અહીંયા આવ્યું તે વ્યયને કરનાર, ધ્રુવને કરનારું, ધ્રુવનો આધાર, ઉત્પાદનો આધાર, ઉત્પાદનું કરણ (છે). એમ નિમિત્ત નિમિત્તના સ્થાને પોતાના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવમાં છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- નહિ, ચુંબક ખેંચી નથી જાતું. કોઈને ખેંચતું નથી અને કોઈથી ખેંચાઈને (કોઈ) આવતું નથી. ચુંબક ખેંચે છે અને લોઢું આવે છે એમ પણ નથી. એ પોતાની મેળે આવી જાય છે. બસ! તે કાળે તેવું મળવાનું સહજ થઈ જાય છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- બસ, બસ. સાક્ષી છે. કોઈ કોઈમાં... ઉપાદાનને કારણે નિમિત્તને આવવું જ પડ્યું તો પરાધીન (થઈ જાય), એમ પણ નથી અને નિમિત્ત આવ્યું માટે અહીંયા થયું તો ઉપાદાન પરાધીન થયું એમ પણ નથી. છે, બસ એટલું. એક વસ્તુ છે બસ એટલી વાત. છે. સમજાણું કાંઈ? આહા..હા..! જુઓ!

જુઓ! અહીંયા હાથ પડે છે કે નહિ? જુઓ! અહીંયા પડછાયો પડે છે. હાથ છે કે નહિ? આમ પડછાયો પડે છે કે નહિ? એ પડછાયાની ઉત્પત્તિ, એનો વ્યય અને ધ્રુવ એ પરમાણુના આધારે નીચે પડછાયાના થયા છે, આંગળીને કારણે નહિ. સમજાણું કાંઈ? એમ દેખાય છેને? દેખાય છે કે નહિ? દેખાય છે? ભાઈ! અહીંયા જે આંગળીની પર્યાય થઈ કાળી તે ત્યાંના પરમાણુના ઉત્પાદનો આધાર તે પરમાણુ છે, વ્યયનો આધાર પરમાણુ છે. ઉત્પાદ-વ્યયના કર્તા તે પરમાણુ છે, આ આંગળી નહિ. ફરે છે કે નહિ? જુઓ!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પણ નહિ હોવાનો પ્રશ્ન ક્યાં છે? તમે ન હોત તો આ પ્રશ્ન કરવાવાળો ક્યાંથી આવત? છે જ. એમાં પ્રશ્ન શું?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ગોટાળા છે એમાં.

અહીં તો કહે છે કે હો, ત્યારે એ આંગળી હો. એમાં શું છે? પણ આંગળીને કારણે તે કાળી પર્યાયનો ઉત્પાદ, પૂર્વની ધોળી પર્યાયનો વ્યય અને સદૃશ વર્ણ, ગંધ, રસ, સ્પર્શની શક્તિનું ધ્રુવપણું

તેની કર્તા તે આંગળી થઈ જાય, સાધન થઈ જાય, આધાર થઈ જાય એમ નથી. સમજાણું કાંઈ? મોટા પંડિત સાથે ચર્ચા થઈ હતી. એ દ્રવ્ય સ્વતંત્ર છે. પ્રત્યેક પદાર્થની પોતાની પર્યાયનો ઉત્પાદ-વ્યય-ધ્રુવ સ્વતંત્ર છે. સમયે સમયે સ્વતંત્ર છે. એ કોઈ સમયે પરતંત્ર છે જ નહિ. અનાદિ-અનંત ઉત્પાદ-વ્યય... ખબર નથી વસ્તુની કે શું વસ્તુ છે. હું કોણ છું? કોણ ઇ છે? શું થાય છે? સમજાણું કાંઈ?

**'કર્તા-કરણ-અધિકરણરૂપે ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યોના સ્વરૂપને ધારણ કરીને પ્રવર્તતા...'** પ્રવર્તતા. તે દ્રવ્ય જ, પ્રત્યેક પરમાણુ, પ્રત્યેક આત્મા ભિન્ન ભિન્ન પોતાના ઉત્પાદ-વ્યય અને ધ્રુવને, ઉત્પાદ-વ્યયને કર્તા, કરણ, આધારને પ્રવર્તાવતું દ્રવ્ય છે. પ્રવર્તમાન દ્રવ્યના અસ્તિત્વથી તે પદાર્થના અસ્તિત્વથી જેમની નામ ઉત્પાદ-વ્યય-ધ્રુવની નિષ્પત્તિ થાય છે. **'એવાં ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યો વડે જે દ્રવ્યનું અસ્તિત્વ છે, તે સ્વભાવ છે.'** આવા ઉત્પાદ-વ્યય-ધ્રુવથી જે દ્રવ્યનું અસ્તિત્વ છે તે જ સ્વભાવ છે. એવો વસ્તુનો સ્વભાવ છે. શશીભાઈ! સમજાણું? બહુ ઝીણી વાત. આ સમજ્યા વિના એમ ને એમ કરો. આ નિમિત્ત આવ્યું તો થયું, આ આવ્યું તો થયું, આ આવ્યું તો થયું, તેને કારણે થયું. ઉપાદાન પોતાની સ્વતંત્રતાથી થયું તો નિમિત્ત છે એમ દૃષ્ટિમાં આવ્યું નહિ. પરાધીન.. પરાધીન.

પાણી, અગ્નિ આવી તો ઉષ્ણ થયું. (અગ્નિ) ન હોત તો ન થાત. આ કપડું જુઓ! આ કપડું આમ આમ ઊંચું થાત? આ આંગળી હતી તો આમ ઊંચું થયું. જુઓ! વાત ખોટી છે, એમ કહે છે અહીંયા. આચાર્ય કહે છે કે પહેલા આ કપડું આમ જે હતું, આમ ઉત્પાદ થયો અને પૂર્વની પર્યાયનો વ્યય થયો તેનો કર્તા, સાધન અને આધાર તે પરમાણુ છે, આંગળી નહિ. આંગળીથી ઊંચું થયું છે એમ નહિ, એમ કહે છે. એ પોતાનું કાર્ય કરે છે, એ તેનું કાર્ય છે. સમયે સમયે ભિન્ન છે. એ.. માંગીરામજી! શું છે પણ આ? સ્વતંત્ર છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એનાથી અહીંયા થયું અને અહીંથી ત્યાં થયું એવો ગોટો ઉઠાવ્યો. દૃષ્ટિમાં સંયોગદૃષ્ટિથી જોવાવાળો પોતાનો સ્વભાવ (જોતો નથી). અહીંયા કહે છેને? સ્વભાવ.. સ્વભાવ પર્યાયનો.. સમય સમયનો પ્રત્યેક દ્રવ્યનો ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યનું ધારણ કરવું તે દ્રવ્ય કર્તા, કરણ અને અધિકરણ એવો વસ્તુનો સ્વભાવ છે. તેનાથી વસ્તુ ટકી રહી છે, પરને કારણે નહિ. આ જ્ઞેય. આવું જ્ઞેય છે. આવું ભગવાને જાણ્યું એવું જ્ઞેય બરાબર જાણે તો જ્ઞેયને જાણ્યું અને સમ્યક્જ્ઞાન થાય છે. આમાં ગડબડ કરે તો સમ્યક્જ્ઞાન નહિ, પરંતુ મિથ્યાજ્ઞાન થાય છે. સમજાણું કાંઈ? કૌંસમાં.

**'(દ્રવ્યે, ક્ષેત્રે, કાળે કે ભાવે દ્રવ્યથી જુદાં નહિ જોવામાં આવતાં,...'** ઉત્પાદ, વ્યય અને ધ્રુવ. એક સમયની વાત છે, હોં! એક સમયની. અસ્તિત્વ છે, એ ત્રણની હયાતી છે **'તે દ્રવ્યનું જ અસ્તિત્વ છે;...'** તે દ્રવ્યની જ હયાતી છે, મોજૂદગી છે. **'કારણ કે ઉત્પાદો, વ્યયો અને ધ્રૌવ્યોના**

**સ્વરૂપને દ્રવ્ય જ ધારણ કરતું હોવાથી...**' છે? ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્યના સ્વરૂપને દ્રવ્ય જ ધારણ કરે છે. જુઓ! વ્યયના સ્વરૂપને દ્રવ્ય ધારણ કરે, ઉત્પાદના સ્વરૂપને દ્રવ્ય ધારણ કરે, ધ્રૌવ્યના સ્વરૂપને દ્રવ્ય ધારણ કરે. આહા..હા..! સમજાણું કાંઈ? એ વ્યયનો કર્તા દ્રવ્ય, ઉત્પાદનો કર્તા દ્રવ્ય. ત્રણે ભિન્ન ભિન્ન પાછા. ધ્રૌવ્યનો કર્તા દ્રવ્ય, વ્યયનું સાધન દ્રવ્ય, ઉત્પાદનું સાધન દ્રવ્ય, ધ્રૌવ્યનું સાધન દ્રવ્ય. '**કારણ કે ઉત્પાદો, વ્યયો અને ધ્રૌવ્યોના સ્વરૂપને દ્રવ્ય જ ધારણ કરતું હોવાથી...**' કોઈ બીજું દ્રવ્ય ધારણ નથી કરતું. તેથી '**દ્રવ્યના અસ્તિત્વથી...**' ઓહો..હો..! આ વીતરાગસ્વભાવ, સમસ્વભાવ. જેવું છે તેવું જાણે બસ. કોઈથી કંઈ અને કોઈથી કંઈ ત્રણકાળમાં થતું નથી. એનું નામ જ્ઞાન છે. ...

તેથી '**દ્રવ્યના અસ્તિત્વથી જ...**' વસ્તુની હયાતીથી જ '**ઉત્પાદો, વ્યયો અને ધ્રૌવ્યોની નિષ્પત્તિ થાય છે,...**' જુઓ! વસ્તુની હયાતીથી જ પોતાના ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યની પ્રાપ્તિ થાય છે. પરના નિમિત્તે પ્રાપ્તિ થાય છે, નિષ્પત્તિ થાય છે એમ નહિ. છે, એમાં છે કે નહિ? આ પાછું કોઈ કહે કે તમે આવા અર્થ કરે છે, ઓલા બીજો અર્થ કરે છે. ઊંધા દેશની રીત છે. કહો, સમજાણું કાંઈ? દ્રવ્ય ન હોય... જુઓ! '**નિષ્પત્તિ થાય છે,...**' સમજાણું? છેને? અંદર એમ છે પાઠમાં. દ્રવ્યના અસ્તિત્વથી જેમની નિષ્પત્તિ થાય છે, એમ છેને? સંસ્કૃતમાં છે એનું આમ ઉતાર્યું. જેમની નિષ્પત્તિ નામ પ્રાપ્તિ, પ્રાપ્તિ નામ પ્રત્યેક દ્રવ્યમાં નવી પર્યાયની પ્રાપ્તિ દ્રવ્યથી થાય છે. પ્રત્યેક દ્રવ્યમાં વ્યયપૂર્વક પર્યાયના વ્યયની પ્રાપ્તિ તે દ્રવ્યથી થાય છે. પ્રત્યેક દ્રવ્યમાં ધ્રૌવ્યની પ્રાપ્તિ તે દ્રવ્યથી થાય છે. પરદ્રવ્યથી તેના ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્યની પ્રાપ્તિ થતી નથી એમ લઈ લેવું. ઓહો..હો..! આ શું પણ? ધર્મ કરવો હોય એને આ શું સમજવું? ધર્મ કરવા માંડોને હવે. ક્યાંથી ધૂળમાં ધર્મ કરશે? તારી ચીજ ભિન્ન છે, એની ભિન્ન છે અને હું હાથની ક્રિયા કરું છું, મારી ઇચ્છા થઈ તો હાથને હલાવ્યો, મૂઢ છે. દૃષ્ટિમાં અધર્મનું સેવન કર્યું. દૃષ્ટિમાં અધર્મનું સેવન, તારી ક્રિયામાં કોઈ દયા, દાનના પરિણામ પુણ્ય હો, પણ મિથ્યાત્વ તો સાથે પડ્યું છે. સમજાણું કાંઈ? ... ક્યાં રહેશે? મેં કર્યું, મેં આમ કર્યું. સ્વાહા.. સ્વાહા.. કંઠથી ત્રણ-ચાર વાર સ્વાહા બોલે તો બહુ અનુકૂળ પડે એને. ત્રણ વાર તો બોલવું જોઈએને, ચાર વાર બોલે. મેં તો સાંભળી છેને કેટલી વાર. બહુ હોયને, બહુ ભાવવાળી હોયને તો ચાર વાર, પાંચ વાર બોલે ત્યારે એને (ઠીક પડે). અહીં વખત થઈ ગયો હોય તોપણ બોલે. ... સમજાણું? અહીંયા સંભળાય. ઓલું આવે છેને? 'ષોડશકારણ ભાવના...' એમાં પણ આવે છે અને ક્યાંક ... આવે છે. ચાર, પાંચ, છ વાર બોલે ત્યારે.. આહા..!

મુમુક્ષુ :- બોલવું કે ન બોલવું?

ઉત્તર :- બોલે છે કોણ? પણ આ તો એના ભાવના વેગની વાત ચાલે છે. એને સમાધાન ન થાય, જાણે.. ઓહો..હો..! બહુ ભાવ લાગે, બહુ ભાવ લાગે. પાછળથી એક વધારે બોલેને, ... એમાં એક વધારે બોલે તો, બહુ ભાવ લાગે છે આને. એની પણ એને ખબર નથી કે ક્યા વેગે આવે છે

મારે આ. શેઠી! અહીં તો બધી વાત ચાલે છે, ભાઈ! સંભળાયને અહીંયા. 'ષોડશકારણ ભાવના ભાય.. તીર્થંકરપદ પાય, પરમગુરુ હોય, જય જય નાથ પરમગુરુ હોય, જય જય નાથ પરમગુરુ હોય...' પણ શું છે? તારું લક્ષ ક્યાં છે? શું થાય છે એ તને ખબર છે? કેમ બરાબર છે? મોતીરામજી! તારું લક્ષ ક્યાં છે? તારા દ્રવ્યમાં તારી પર્યાય થાય છે, વાણીની પર્યાય વાણીથી થાય છે. એવા પૃથક્પણાનો ખ્યાલ નથી અને એમ ને એમ ઝપટ કરે (એમાં તો) એકત્વબુદ્ધિ છે. ધીરૂભાઈ! શું કરવું ત્યારે? બોલવું કે ન બોલવું? એમ કહે છે.

અહીંયા તો વિવેકની વાત છે કે તે સમયે પર્યાય ત્યાં થાય છે, એની વાણીથી ત્યાં થાય છે. વાણી ખુબ જોરદાર થઈ એટલે બહુ ભાવવાળો હતો. એમ નથી. સમજાણું કાંઈ? ઉપયોગ તારો શું કામ કરે છે તારી પર્યાયમાં? વાણી વાણીમાં શું કામ કરે છે? એનો વિવેક હોવો જોઈએ.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- ઉપયોગમાં ક્યાં લાગ્યો છે? ઉપયોગમાં શું વેગ છે? હું આમ (બોલું છું), લોકો મને ઠીક જાણે કે ઓહો..! ઘણો ભાવ છે, ઘણો છે, આમ છે. એવા અભિપ્રાયમાં રહે તો પરનો કર્તા અને પરનો સ્વામી થઈ જાય છે અને બીજાને ખ્યાલ આવે, તારી ભક્તિનો ખ્યાલ બીજાને આવે તો તારી ભક્તિ પસંદ હો. શેઠી! શું કરવું? રામજીભાઈ કહે છે, બોલે તો દંડ, ન બોલે તો દંડ. બોલે તો દંડ નથી અને ન બોલે તો કાંઈ નથી. એમાં અભિપ્રાયમાં શું છે?

... ઇ જ કહે છે, તારણસ્વામી તો કહે છે, જનરંજન ... વિરોધ કરવાવાળો છે. જનરંજન બહુ એમાં આવે છે. મમલપાહુડમાં આવે છે અને એમાં આવે છે. જનરંજન શું? તારી પર્યાય તારામાં થાય છે, એની પર્યાય એનામાં થાય છે, વાણીની પર્યાય વાણીમાં થાય છે. શું તારે કરવું છે? ભાઈ! ક્યાં તું છો? કેમ થાય છે? એનો અંતર વિચાર પણ ચાલે નહિ, કામ કરે નહિ અને પરના કામ કરવાનું અભિમાન થાય તો મિથ્યા અભિપ્રાય સાથે ઉત્પન્ન થાય છે. માંદો પડે તો ભાષા પણ ન નીકળે. એની સાથે શું સંબંધ છે? અવાજ પણ ન નીકળે. એની સાથે શું સંબંધ છે? પોતાની પર્યાયનો આધાર પોતાનો આત્મા છે. પરની પર્યાયનો આધાર પરદ્રવ્ય છે. આત્મા વાણીનો આધાર ત્રણકાળમાં નથી. એ તો કહે છે.

જીવ અને અજીવ ભિન્ન ભિન્ન છે એમ બોલે. બોલે, પણ ભિન્ન શું છે અને ભિન્ન કઈ રીતે થાય છે (એની) ખબર ન મળે. મોઢેથી બોલે. બોલે શું? મોઢું ક્યાં એનું છે? એનો અભિપ્રાય એમ છે કે હું આ બધું બોલી શકું છું અને કરી શકું છું. એની સંપદા ચૈતન્યની ભિન્ન છે, પર સાથે કોઈ સંબંધ નથી. અહીં તો ભગવાન એક એક પરમાણુ અને એક એક આત્મા એના ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યની પ્રાપ્તિ તે દ્રવ્યથી થાય છે. જેના ઉત્પાદ-વ્યય છે તેના દ્રવ્યથી ઉત્પત્તિ થાય છે, બીજા દ્રવ્યથી નિષ્પત્તિ થતી નથી. આહા..હા..! સમજાણું કાંઈ? **'ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યોની નિષ્પત્તિ થાય છે,...'** કહો, બરાબર છે? શું?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એમ છે. અસ્તિત્વની વાત ચાલે છેને? ભગવાન સ્વરૂપ-અસ્તિત્વ બતાવે છે, સ્વરૂપ-અસ્તિત્વ. પ્રત્યેક દ્રવ્યનું પોતાના સ્વરૂપે હોવું, પોતાના ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યની નિષ્પત્તિ કરનાર તે દ્રવ્ય છે. આવું જ સ્વરૂપ અસ્તિત્વ છે. પ્રાપ્તિ, એ પર્યાયની પ્રાપ્તિ, વ્યયની પ્રાપ્તિ, ધ્રૌવ્યની પ્રાપ્તિ. સમજાણું કાંઈ? '**દ્રવ્ય ન હોય તો...**' જુઓ! બીજું દ્રવ્ય ન હોય તો આ ન હોય એમ નથી કહ્યું. સોની ન હો તો દાગીનો નથી થતો એમ નથી કહ્યું. એ દ્રવ્ય ન હોય, જુઓ! '**દ્રવ્ય ન હોય તો ઉત્પાદો, વ્યયો અને ધ્રૌવ્યો પણ ન હોય.**' એમ છે કે નહિ? શું ન હોય? પણ બીજું દ્રવ્ય ન હોય તો અહીં ન થાય એમ નથી કહ્યું. નિજ દ્રવ્ય ન હોય તો ઉત્પાદ, વ્યય, ધ્રુવ નથી હોતા. બીજું દ્રવ્ય ન હોય તો ઉત્પાદ-વ્યય-ધ્રુવ ન હોય એમ છે જ નહિ. સમજાણું કાંઈ?

આત્મામાં મિથ્યાત્વનો વ્યય, સમ્યક્ત્વની ઉત્પત્તિ અને શ્રદ્ધાગુણનું ધ્રુવત્વ--ત્રણેની નિષ્પત્તિનું કારણ આત્મદ્રવ્ય છે. ભગવાનનું સમવસરણ નહિ, ભગવાનની વાણી નહિ, ભગવાન પોતે નહિ. તારી સમ્યક્ પર્યાયની પ્રાપ્તિ કરવામાં એ કર્તા નથી, ભગવાન કર્તા નથી. સાક્ષાત્ સમવસરણમાં ભગવાન બિરાજે છે ત્યારે જીવ પોતાના સમ્યગ્દર્શનની પ્રાપ્તિ પોતાના દ્રવ્યથી કરે છે, નિજદ્રવ્યથી પ્રાપ્તિ કરે છે. પોતાના દ્રવ્યથી વ્યય કરે છે, પોતાના દ્રવ્યથી ધ્રુવતા ધારણ કરે છે. પોતાની પર્યાય ઉત્પાદ-વ્યયના કર્તા, કરણ અને આધારથી પર્યાયની પ્રાપ્તિ થાય છે. ભગવાનના આધારે ત્યાં પ્રાપ્તિ થતી નથી. સમજાણું કાંઈ?

મન છે, અહીંયા પુસ્તક છે, ખરેખર તો વિકલ્પ છે-રાગ છે તો સમ્યક્ની પ્રાપ્તિ થાય છે એમ નથી. કેમકે પર્યાયની પ્રાપ્તિ દ્રવ્યથી થાય છે. સમજાણું કાંઈ? અને વિકલ્પનો વ્યય થયો તે દ્રવ્યથી વ્યયની પ્રાપ્તિ થઈ. સમજાણું કાંઈ? અને ધ્રુવત્વ પણ દ્રવ્યથી પ્રાપ્ત થાય છે. એ સમ્યગ્દર્શનની પર્યાયનો ઉત્પાદ દ્રવ્યે પ્રાપ્ત કર્યો, દ્રવ્યે કર્તા થઈને પ્રાપ્ત કર્યો, કરણ થઈને પ્રાપ્ત કર્યો, આધાર થઈને પ્રાપ્ત કર્યો. મિથ્યાત્વનું કરણ થઈને, મિથ્યાત્વનો નાશ થયો તે કરણ અને કર્તા થઈને પ્રાપ્ત કર્યું એમ પણ નહિ. શું કહ્યું વળી? મિથ્યાત્વની પર્યાયનો નાશ એ કર્તા, એ કરણ અને એ આધારથી સમ્યક્ની પર્યાય ઉત્પન્ન થઈ એમ નથી. સમ્યગ્દર્શનની પર્યાયની પ્રાપ્તિનો કર્તા, સાધન, આધાર દ્રવ્ય છે. ઓહો..હો..! ગજબ વાત કરે છે! મૂળ મુદ્દો પણ જે છે એમાં રહે છે. મિથ્યાત્વની પર્યાય એ કર્તા, એ તેનું સાધન, એના આધારથી સમ્યક્ પર્યાય ઉત્પન્ન થઈ એમ નથી. માંગીરામજી! આહા..હા..! સાધુને સંભળાવવા કઠણ પડશે ... ક્યાંથી લાવ્યા વાત? જૈન ભગવાનની આવી વાત છે? જૈન ભગવાનમાં તો બે કારણ અને બે કરણનું એક કર્તા ... આહા..હા..! સમજાણું કાંઈ? શ્વાસ નીકળી જાય એવું છે. શ્વાસ નીકળી જાય એટલે શરીર નીકળી જાય એવું છે, એમ.

ભગવાન આત્મા પોતાની નિર્મળ ધર્મની પર્યાય પ્રાપ્ત કરવામાં દ્રવ્ય કર્તા છે. બીજું દ્રવ્ય તો નહિ પણ પૂર્વની પર્યાય પણ કર્તા, કરણ અને આધાર નહિ. ભાઈ! આહા..હા..! એઇ..! બીજું દ્રવ્ય તો નહિ, પણ ધર્મની પર્યાયના કર્તા, કરણ-સાધન પૂર્વની વ્યય પર્યાય નહિ. શું કહે છે?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- દરેક સમયે અનંત દ્રવ્યની થાય છે. ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય નિના રહે? ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય તો છએ દ્રવ્યમાં થાય છે. ઓહો..હો..! કુંદકુંદાચાર્ય અને અમૃતચંદ્રાચાર્ય, વૃંદાવન (કવિ) કહે છે, ન ભૂતો ન ભવિષ્યતિ. 'ન હુએ ન હોએંગે' એવા તો ક્યાંથી થાય? એમ. કોઈ વિશેષ થાય (એ જુદી વાત છે). ... આ પદ્ધતિ ગજબ કામ છે! થોડામાં ગાગરમાં સાગર ભરી દીધો છે. અહીંયા અસ્તિત્વની વાત ચાલે છે, હોં! ખ્યાલ છે. પાછો દાખલો મિથ્યાત્વનો દઉં છું અને આ ... દાખલો તો ઠીક. એઇ..! પંડિતજી!

મુમુક્ષુ :- જયસેનાચાર્યે આપ્યા છે.

ઉત્તર :- આપ્યા છેને અંદર, ખબર છેને. સિદ્ધનો દાખલો આપ્યો છે, સિદ્ધનો દાખલો આપ્યો છે. સિદ્ધ ઉત્પાદ, પૂર્વની મોક્ષમાર્ગ પર્યાયનો વ્યય (અને) ધ્રુવ. એનો દાખલો આપ્યો છે. વ્યય છે. આ તો અસ્તિત્વની વાત કરી, બાકી અસ્તિત્વની સાથે જે સમયે છે તે તેનો ... દ્રવ્ય જ છે. દરેકમાં એ દાખલો આપ્યો છે. સમજાણું કાંઈ? કૌંસમાં ચાલે છેને?

**'દ્રવ્યના અસ્તિત્વથી જ ઉત્પાદો, વ્યયો અને ધ્રૌવ્યોની નિષ્પત્તિ થાય છે, દ્રવ્ય ન હોય તો...'** ક્યું દ્રવ્ય ન હોય તો? જેમાં ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય થાય છે તે દ્રવ્ય ન હોય તો **'ઉત્પાદો, વ્યયો અને ધ્રૌવ્યો પણ ન હોય. આવું અસ્તિત્વ તે દ્રવ્યનો સ્વભાવ છે).'** આ જ્ઞેય અધિકાર. જ્ઞેય ભિન્ન ભિન્ન છે આવી દૃષ્ટિ થયા વિના અને ભિન્ન ભિન્ન ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય સમયે સમયે પોતામાં થાય છે, પરથી નહિ. તે જ પુરુષાર્થ સ્વભાવ તરફનો દ્રવ્યને કારણે ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્ય છે, તો દ્રવ્ય ઉપર દૃષ્ટિ દેવાથી ધર્મ થાય છે. એમ આવ્યું, લ્યો. પૂર્વની પર્યાય વ્યય કરવી એમ પણ ન રહ્યું. સમજાણું કાંઈ? ધ્રૌવ્ય એ બધાનો આધાર દ્રવ્ય છે. આહા..હા..! વસ્તુ.. વસ્તુ. એકલું પરમાત્મસ્વરૂપ એ જ પોતાની પર્યાય ઉત્પાદ-વ્યય અને ધ્રૌવ્યનો આધાર, તે જ કરનાર, રચનાર. એ સમ્યક્ ધર્મની પર્યાય રચનાર દ્રવ્ય છે, નિમિત્ત રચનાર નથી. ભગવાનની મૂર્તિથી સમકિત થાય છે એમ નથી. સાક્ષાત્ ભગવાનથી સમકિત થાય છે એમ નથી. સમજાણું કાંઈ? એમાં છે, હોં! શેઠ! એમાં લખ્યું છે એનો અર્થ થાય છે. બીજો બીજો અર્થ કરે. અર્થ કરે ઊંધા, નીકળે ક્યાંથી? **'આવું અસ્તિત્વ તે દ્રવ્યનો સ્વભાવ છે).'** પહેલો પેરેગ્રાફ થયો, હવે બીજો.

ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યના કર્તા, કરણ અને અધિકરણ બતાવ્યા હતા. હવે દ્રવ્યના કર્તા, કરણ અને અધિકરણ ઉત્પાદ-વ્યય અને ધ્રૌવ્ય છે એમ બતાવે છે. વાત આમ ગુલાંટ ખાય છે. **'અથવા, જેમ દ્રવ્યે, ક્ષેત્રે, કાળે કે ભાવે કુંડળાદિ-ઉત્પાદોથી,...'** પહેલા સોનાનો દૃષ્ટાંત આપે છે. **'કુંડળાદિ-ઉત્પાદો, બાજુબંધઆદિવ્યયોથી અને પીળાશઆદિધ્રૌવ્યોથી જે પૃથક્ જોવામાં આવતું નથી,...'** **'જે પૃથક્ જોવામાં આવતું નથી, કર્તા-કરણ-અધિકરણરૂપે...'** એ બાજુબંધનો વ્યય અને કુંડળની પર્યાયનો ઉત્પાદ અને ધ્રૌવ્ય, એ દ્રવ્યનો કર્તા, સુવર્ણનો એ કર્તા, એ ઉત્પાદ સોનાનો કર્તા, વ્યય સોનાનો કર્તા, ધ્રૌવ્ય સોનાનો કર્તા. એ ઉત્પાદ સોનાનું કરણ, વ્યય સોનાનું કરણ, ધ્રૌવ્ય સોનાનું

કરણ. ઉત્પાદ સોનાનો આધાર, વ્યય સોનાનો આધાર, ધ્રૌવ્ય સોનાનો આધાર. સમજાણું કાંઈ? એ **'કર્તા, કરણ, અધિકરણરૂપે સુવર્ણના સ્વરૂપને ધારણ કરીને...'** કોણ? એ બાજુબંધનો વ્યય, કુંડળનો ઉત્પાદ અને ધ્રૌવ્ય. સુવર્ણના સ્વરૂપને કર્તા, કરણ, અધિકરણરૂપે ધારણ કર્યું છે. એણે ધારણ કર્યું છે. ઓહો..હો..!

એ કર્તા, કરવાવાળું, કરણ-સાધન, અધિકરણ-આધાર એ રૂપે સુવર્ણના સ્વરૂપને, એ રૂપે ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યે સુવર્ણના સ્વરૂપને એ ઉત્પાદ-વ્યય અને ધ્રૌવ્યે કર્તા, કરણ, અધિકરણરૂપે ધારણ કરીને પ્રવર્તતા, ધારણ કરીને ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય પ્રવર્તતા **'કુંડળાદિ ઉત્પાદે, બાજુબંધાદિવ્યયો અને પીળાશઆદિકધ્રૌવ્યો વડે જેની નિષ્પત્તિ થાય છે,...'** કોની? સોનાની. સોનાથી એ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યની નિષ્પત્તિ (થાય છે). ઉત્પાદ-વ્યય-ધ્રુવથી સુવર્ણ સિદ્ધ થાય છે. સમ્યક્‌ની પર્યાય, મિથ્યાત્વનો નાશ અને ધ્રુવ તેનાથી આ દ્રવ્ય છે એમ સિદ્ધિ થાય છે. આ દ્રવ્યની પ્રાપ્તિ થાય છે. સમજાણું કાંઈ? બહુ વાત (ઝીણી).

પૂર્વની પર્યાયનો વ્યય કર્તા, કર્મ અને કરણના સ્વરૂપને ધારણ કરીને દ્રવ્યને ધારણ કર્યું છે. નવી પર્યાયનો ઉત્પાદ, સમ્યગ્દર્શનનો ઉત્પાદ એ કર્તા, કરણ અને આધારથી તે દ્રવ્યનું સ્વરૂપ ધારણ કરીને ને ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય પ્રવર્તે છે. દ્રવ્યનું સ્વરૂપ ધારણ કરીને પ્રવર્તે છે. દ્રવ્યના સ્વરૂપને ધારણ કર્યા વિના પ્રવર્તે છે એમ નથી. અને એ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય જ દ્રવ્યનું સ્વરૂપ ધારણ કરે છે. પર આવ્યું માટે અહીંયા દ્રવ્ય રહ્યું, પર આવ્યું તો ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય થયા (અને) સ્વરૂપને ધારણ કર્યું છે એમ નથી. કહો, બરાબર છે? સુજાનમલજી! શું? સમજાય છે કે નહિ? ... વાત છે. અમદાવાદવાળા કહે છે, સો ટચની વાત છે. ગુણમાંથી પર્યાય નીકળે છે, સો ટચની વાત છે. અમદાવાદવાળા શ્વેતાંબર સાધુ વ્યાખ્યાન સાંભળવા આવતા હતા. સો ટચની વાત છે. એક પણ બોલ યથાર્થ ધારણ કરે, પર્યાયનું સ્વરૂપ દ્રવ્યે ધારણ કર્યું અને પર્યાય સ્વરૂપને દ્રવ્યે ધારણ કર્યું છે. દ્રવ્યે પર્યાયનું સ્વરૂપ ધારણ કર્યું, પર્યાયે દ્રવ્યનું સ્વરૂપ ધારણ કર્યું. એમાં ને એમાં સમાપ્ત થાય છે. સમજાણું કાંઈ? અહીં તો હજી તકરાર (કરે કે) ભગવાનના દર્શનથી નિદ્ધત નિકાચીત કર્મનો નાશ કરે છે. અરે..! ભગવાન! સાંભળ તો ખરો. તારી પર્યાયમાં મિથ્યાત્વનો નાશ થવો, સમ્યક્ત્વની ઉત્પત્તિ થવી એ ભગવાનની મૂર્તિ, ભગવાનનું બિંબ નાશ કરે છે? સાક્ષાત્ ભગવાન સમવસરણમાં બિરાજતા હોય તોપણ એ મિથ્યાત્વનો નાશ કરનાર ભગવાન નથી. તારા મિથ્યાત્વનો નાશ, સમકિતની ઉત્પત્તિએ દ્રવ્યનું સ્વરૂપ ધારણ કર્યું છે. આત્માનું સ્વરૂપ એણે ધારણ કર્યું છે. સમજાણું કાંઈ? બહુ ટૂંકામાં આવી ચીજનું સ્પષ્ટીકરણ... પ્રવચનસાર, સમયસાર, પંચાસ્તિકાય, નિયમસાર, અષ્ટપાહુડ અલૌકિક વાત! ત્યારે કહે, બીજા શાસ્ત્રમાં? બીજા શાસ્ત્રમાં ... બીજા લક્ષે વાત હોય, બીજા અધિકારોની વાત હોય અને આ વાત હોય પણ બહુ થોડી. એ તો ...

અહીંયા તો એકલું વસ્તુનું સ્વરૂપ સ્વયંસિદ્ધ અરસપરસ ઉત્પાદે દ્રવ્યને ધારણ કર્યું, દ્રવ્યે

ઉત્પાદને ધારણ કર્યું. આહા..હા..! વ્યયે દ્રવ્યને ધારણ કર્યું, દ્રવ્યે વ્યયને ધારણ કર્યું. સમય એક. ધ્રૌવ્યે દ્રવ્યને ધારણ કર્યું, દ્રવ્યે ધ્રૌવ્યને ધારણ કર્યું. સમય એક. સમય એક છે. .... સમયભેદ છે? સમયભેદ છે? **'કર્તા-કરણ-અધિકરણરૂપે સુવર્ણના સ્વરૂપને ધારણ કરીને પ્રવર્તતાં...'** કોણ? **'કુંડળાદિ ઉત્પાદો, બાજુબંધઆદિવ્યયો અને પીળાશઆદિધ્રૌવ્યો વડે જેની નિષ્પત્તિ થાય છે,...'** કોની? સુવર્ણની. આ સુવર્ણથી પર્યાયની ઉત્પત્તિ અને પર્યાય ત્રણ અંશથી દ્રવ્યની ઉત્પત્તિ. ઉત્પત્તિ નામ છે એમ સિદ્ધિ થાય છે.

**'એવા સુવર્ણનું, મૂળસાધનપણે...'** અહીંયા આવ્યું હવે. ઉત્પાદ-વ્યયથી દ્રવ્ય સિદ્ધ કરવું છેને? તો એ મૂળ સાધન છે. દ્રવ્યથી ઉત્પાદ-વ્યય એ દ્રવ્ય મૂળ સાધન નહિ. કારણ કે સાધન તો પર્યાયથી નક્કી થાય છે, દ્રવ્યથી નક્કી નથી થતું. અને સામે ... આ છે એનાથી એ દ્રવ્ય સિદ્ધ થાય છે. તો કહે છે કે **'મૂળસાધનપણે તેમનાથી નિષ્પન્ન થતું,...'** શું મૂળ સાધન? સોનાનું ઉત્પાદ-વ્યય અને ધ્રૌવ્ય તે દ્રવ્યને મૂળસાધનપણે અસ્તિત્વની પ્રાપ્તિ કરાવે છે. મૂળસાધન છે. ઉત્પાદ-વ્યય અને ધ્રૌવ્ય છે તે જ દ્રવ્ય છે. ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યે દ્રવ્યને ધારણ કર્યું. એમ મૂળસાધનપણે દ્રવ્યને સિદ્ધ કરવામાં ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય છે. દ્રવ્યને મૂળ સિદ્ધ કરવામાં ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય મૂળસાધન છે. દ્રવ્યને મૂળ સાધન નહોતું કહ્યું. દ્રવ્ય તો સામાન્ય વસ્તુ છે. પર્યાયથી કાર્ય બદલાયું. પૂર્વનું, નવું થયું, ... એ મૂળસાધનથી દ્રવ્યનું અસ્તિત્વ સિદ્ધ થાય છે. બધા દ્રવ્યનું, હોં! એકલા ચૈતન્યની વાત નથી અહીંયા. એની પર્યાયથી એના દ્રવ્યની સિદ્ધિ જોવામાં આવે છે એનામાં. પરદ્રવ્યમાં પણ જડમાં એના ઉત્પાદ-વ્યય-ધ્રુવથી મૂળસાધનથી દ્રવ્યની સિદ્ધિ જોવામાં આવે છે. નક્કી કરનાર ભલે જ્ઞાન હોય, પણ એના ઉત્પાદ-વ્યય-ધ્રુવથી એ દ્રવ્યનું મૂળ સાધન છે એમ સિદ્ધ થાય છે. સમજાણું કાંઈ? વાર્તા હોયને તો કંઈ વચ્ચે ધ્યાન બીજે વયું જાય તોપણ યાદ રહે અને આ તો એક જરીક વાત ખ્યાલ ન રહે તો થઈ રહ્યું, ફૂ..! એકાગ્રતા કેટલી થાય છે, જુઓ!

લ્યો, **'એવા સુવર્ણનું, મૂળસાધનપણે તેમનાથી નિષ્પન્ન થતું,...'** તેમનાથી એટલે કોનાથી? ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યથી. **'નિષ્પન્ન થતું, જે અસ્તિત્વ છે, તે સ્વભાવ છે;...'** એ સોનાનું દૃષ્ટાંત આપ્યું. હવે સિદ્ધાંત. પેલો તો દૃષ્ટાંત હતો, હોં! દૃષ્ટાંત હજી કઠણ પડે છે. સોની ન હોય તો થાય છે? સોની ન હોય તો થાય છે? શું સોનીએ એના ઉત્પાદ-વ્યય-ધ્રુવનું સ્વરૂપ ધારણ કર્યું છે?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એકદમ. શોભાલાલજી! એ અમારે ... જોડા ઉપર સર્પ બેઠો હતો. શોભાલાલજી! ખબર છેને? એકદમ જોડા અને સર્પ બેયનો તિરસ્કાર કર્યો કે કંઈ ....? ઠંડુ ઠંડુ લાગ્યું કંઈક, આમ વીંટાઈ ગયો. ફટ.. તિરસ્કાર કર્યો બેયનો. શેઠી!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ક્ષણે ક્ષણે નવું લાગ્યું છે આ પણ, અનાદિથી નથી. નવી નવી પર્યાયમાં નવો નવો ભ્રમ ઉત્પન્ન કરે છે. પૂર્વની પર્યાયનો ભ્રમ વર્તમાન પર્યાયમાં નથી આવતો. એવી વાત છે. સમજાણું

કાંઈ? પૂર્વની પર્યાયમાં ભ્રમ હતો તો બીજી પર્યાયમાં એ ભ્રમ આવે છે એમ નથી. એ ભ્રમનો વ્યય થાય છે અને નવી ભ્રમની પર્યાય ઉત્પન્ન થાય છે. નવો ભ્રમ ઉત્પન્ન થાય છે. ભ્રમણા, અજ્ઞાન. રાગથી આમ થાય છે, આ મારાથી થાય છે અને આ તારાથી થાય છે. નવી નવી પર્યાયમાં (ભ્રમ) કરે છે. ઇ કરે છે પોતે કર્તા થઈને કરે છે. એનો કર્તા થઈને કરે છે. અને કરણ બનાવીને કરે છે અને આધાર બનાવીને કરે છે. અજ્ઞાનને પણ પોતાનો આધાર બનાવીને કરે છે, બીજાને આધાર બનાવીને કરતો નથી. સમજાણું કાંઈ?

કર્મ કર્તા થઈને અહીંયા મિથ્યાત્વનું સ્વરૂપ ધારણ કરે છે એમ નહિ. અને કર્મ સાધન છે-કરણ છે માટે અહીંયા થાય છે એમ નહિ. એમ લગાવ્યું. એમ કે વિકાર તો સ્વયં દુ:ખસ્વરૂપ જ છે. માટે સુખનું કારણ વિકાર નહિ, સુખનું કારણ ધર્મ છે. એઇ..! સમજાય છે? વિકાર તો દુ:ખરૂપ જ છે. એ દુ:ખનું કારણ નહિ. તો દુ:ખનું કારણ કોણ? કારણ કર્મ. સમજાણું કાંઈ? હમણાં આવ્યું હતું. બહુ ભણ્યા છેને, પીંખાપીંખ વેદિયાની જેમ. વિકાર દુ:ખરૂપ સ્વયં છે. દુ:ખનું કારણ નહિ દુ:ખનું કારણ કોણ? પર કર્મ. ઠીક! પણ કારણ પણ ઇ અને કાર્ય પણ ઇ, હજી તને ખબર નથી. સમજ તો ખરો. દુ:ખનું કારણ પણ ઇ અને કાર્ય પણ ઇ, ખરેખર ઉત્પન્ન કરનાર તો દ્રવ્ય કારણ છે દુ:ખનું. કર્તા, દુ:ખની પર્યાયનો કર્તા દ્રવ્ય છે, દુ:ખની પર્યાયનું કારણ દ્રવ્ય છે, દુ:ખનો આધાર દ્રવ્ય છે. દ્રવ્યમાં છે નહિ. છે નહિ પણ અભેદ છેને? એ પર્યાયનું અભેદપણું છે. શું અંશ અંશીથી જુદું પડી જાય છે? સમજાણું કાંઈ? ભારે ... આ બિચારાને ખબર નહિ.

વાત કરી હતીને એક ફેરી? દસ બોઘલાની. દસ બોઘલા, દસ બોઘલી. દસ બોઘલાના બચ્ચા, માથે મારે ગપ્પા, એ કહે કે સચ્ચા. ખબર નથી કે શું વસ્તુ છે? વીતરાગ સર્વજ્ઞદેવ ત્રિલોકનાથ પરમેશ્વર પરથી તદ્દન નિરાળાપણું. પર્યાયે પર્યાયનું નિરાળાપણું. વ્યય વ્યયનું નિરાળાપણું. આહા..હા..! ધર્મચંદજી! લોકોને પણ રુચે નહિ, સ્વતંત્ર (છે). એક ... પણ જાણવાલાયક છે. એ તિરસ્કાર કરવાલાયક નથી. જ્ઞેય છે એમાં તિરસ્કાર શું કરવો? એ પણ જ્ઞેય છે. જ્ઞેય જ્ઞેયથી ચાલે છે. જાણવાલાયક જ્ઞેય, કોનો તિરસ્કાર? કોનો આદર? જ્ઞેયમાં તિરસ્કાર-આદરની છાપ નથી કે આ જ્ઞેયનો આદર અને આ જ્ઞેયનો તિરસ્કાર. જાણવાલાયક છે કે છે, જગતમાં હોય છે.

કહે છે કે **'તેમ દ્રવ્યે,...'** દ્રવ્ય એટલે દરેક વસ્તુ. **'દ્રવ્યે, ક્ષેત્રે, કાળે કે ભાવે ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યોથી જે પૃથક્ જોવામાં આવતું નથી,...'** કોણ? દ્રવ્ય. જે વસ્તુ છે તે પોતાના ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યથી પૃથક્ જોવામાં આવતી નથી, બીજી પૃથક્ જોવામાં આવે છે. અને **'કર્તા-કરણ-અધિકરણરૂપે...'** પ્રત્યેક દ્રવ્યના એક સમયના ઉત્પાદ-વ્યય અને ધ્રૌવ્ય કર્તા-કરણ-આધારસ્વરૂપે **'દ્રવ્યના સ્વરૂપને ધારણ કરીને...'** એ વસ્તુના સ્વરૂપને ધારણ કરીને **'પ્રવર્તતાં...'** ઉત્પાદ-વ્યય અને ધ્રૌવ્ય પ્રવર્તતાં. **'ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યો વડે જેની નિષ્પત્તિ થાય છે...'** એ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યથી જેની પ્રાપ્તિ (થાય છે કે) આ દ્રવ્ય છે એમ પ્રાપ્તિ થાય છે. લ્યો, **'એવા દ્રવ્યનું, મૂળસાધનપણે...'**

જુઓ! એ મૂળ સાધન થયું. ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય એ દ્રવ્યનું મૂળ સાધન થયું. **'તેમનાથી નિષ્પન્ન થતું,...'** તેમનાથી નિષ્પન્ન થતું. તેમનાથી નામ ઉત્પાદ-વ્યય અને ધ્રૌવ્યથી. **'જે અસ્તિત્વ છે, તે સ્વભાવ છે.'** આહા..હા..! આવી વ્યાખ્યા સર્વજ્ઞ સિવાય (ક્યાંય નથી). સમજાય છે? મહા સંત મુનિ દિગંબર મુનિ ભાવલિંગી સંત, જેમણે પરમાત્માના પેટ ખોલ્યા છે. આ વસ્તુ...

**'એવા દ્રવ્યનું, મૂળસાધનપણે તેમનાથી નિષ્પન્ન થતું,...'** ઉત્પાદ-વ્યય.... નીચે (ફૂટનોટ) છે, જુઓ! **'ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યો જ દ્રવ્યના કર્તા...'** છે ફૂટનોટ? દરેક દ્રવ્યની વર્તમાન અવસ્થા દ્રવ્યની કર્તા, વ્યય દ્રવ્યની કર્તા, ધ્રૌવ્ય દ્રવ્યની કર્તા. ઉત્પાદ દ્રવ્યનું કરણ, ઉત્પાદ દ્રવ્યનો કર્તા, ઉત્પાદ દ્રવ્યનું કરણ, વ્યય દ્રવ્યનું કરણ, ધ્રૌવ્ય દ્રવ્યનું કરણ. ધ્રૌવ્ય દ્રવ્યનું.. સમજ્યાને? ધ્રૌવ્ય દ્રવ્યનો કર્તા, ધ્રૌવ્ય દ્રવ્યનો કર્તા, ધ્રૌવ્ય દ્રવ્યનું કરણ, ધ્રૌવ્ય દ્રવ્યનો આધાર. **'તેથી ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યો જ દ્રવ્યના સ્વરૂપને ધારણ કરે છે.'** પહેલા કહ્યું હતું કે દ્રવ્ય જ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યને ધારણ કરે છે. અહીંયા (કહ્યું કે) ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય જ દ્રવ્યને ધારણ કરે છે. અરસપરસ બેયની સિદ્ધિ છે. પરને કારણે આ ઉત્પાદની સિદ્ધિ અને પરને કારણે ધ્રુવની સિદ્ધિ એમ નથી. વિશેષ છે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**આસો સુદ-૧૩, મંગળવાર, તા. ૧-૧૦-૧૯૬૩**
**ગાથા-૯૬, ૯૯, પ્રવચન-૯૧**

જુઓ! શું કહે છે? જ્ઞેયતત્ત્વ અધિકારની ૯૬મી ગાથા ચાલે છે. સ્વરૂપ-અસ્તિત્વની વ્યાખ્યા છે. પ્રત્યેક આત્મા અને ભિન્ન-ભિન્ન પરમાણુ પોતપોતાના સ્વરૂપ-અસ્તિત્વ નામ હોવાપણું પોતાથી રાખે છે, પરને કારણે નથી. એ સ્વરૂપ-અસ્તિત્વની વાત ચાલે છે. એ કૌંસમાં લ્યો.

**'(ઉત્પાદોથી, વ્યયોથી અને ધ્રૌવ્યોથી ભિન્ન નહિ જોવામાં આવતા દ્રવ્યનું અસ્તિત્વ...'** શું કહે છે? પ્રત્યેક પરમાણુ અને પ્રત્યેક આત્મામાં નવી નવી પર્યાય, અનંતગુણની નવી નવી અનંત પર્યાય ઉત્પન્ન થાય છે. ઉત્પાદો કહ્યુંને? બહુવચન (છે). પ્રત્યેક પદાર્થમાં અનંત ઉત્પાદ સમયે સમયે પર્યાયનો થાય છે. અને અનંત વ્યય થાય છે. પ્રત્યેક પદાર્થમાં પૂર્વ અવસ્થાનો અભાવ થાય છે અને ધ્રૌવ્યથી સદશપણું (અર્થાત્) પોતાની જાતિ રાખીને ધ્રુવ રહે છે. એવા ઉત્પાદોથી, વ્યયોથી અને ધ્રૌવ્યોથી **'ભિન્ન નહિ જોવામાં આવતા...'** દ્રવ્ય જે છે તેનું અસ્તિત્વ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યથી ભિન્ન જોવામાં આવતું નથી, અભિન્ન છે.

એ **'દ્રવ્યનું અસ્તિત્વ તે ઉત્પાદો, વ્યયો અને ધ્રૌવ્યોનું જ અસ્તિત્વ છે;...'** સમજાણું કાંઈ? દ્રવ્યનું અસ્તિત્વ-હોવાપણું તે જ ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્યનું અસ્તિત્વ છે. કેમ? **'કારણ કે દ્રવ્યના**

**સ્વરૂપને ઉત્પાદો, વ્યયો અને ધ્રૌવ્યો જ ધારણ કરતાં હોવાથી...**' જુઓ! પ્રત્યેક આત્મા અને પરમાણુ પોતાની અનંતી પર્યાય કર્તા થઈને, કરણ થઈને, આધાર થઈને દ્રવ્યનું સ્વરૂપ ઉત્પાદ ધારણ કરે છે. સૂક્ષ્મ વાત છે જરી. સમજાણું કાંઈ? પ્રત્યેક પદાર્થના જે અનંતગુણ છે એમાં એક સમયમાં નવી અનંતી પર્યાય ઉત્પન્ન થાય છે, એ અનંતા ઉત્પાદ કર્તા થઈને દ્રવ્યનું સ્વરૂપ ધારણ કરે છે. એ ઉત્પાદ કરણ-સાધન થઈને દ્રવ્યનું સ્વરૂપ ધારણ કરે છે. ઉત્પાદ આધાર થઈને દ્રવ્ય આધેયનું સ્વરૂપ ધારણ કરે છે. બહુ સૂક્ષ્મ છે વાત. ઘણી ચાલી ગઈ છે, આ તો થોડું લીધું.

'**દ્રવ્યના સ્વરૂપને...**' આત્મા અને પરમાણુના સ્વરૂપને ઉત્પાદ-વ્યય-ધ્રુવ ધારણ કરે છે. નવી નવી પર્યાયનું ઉત્પન્ન થવું એ કર્તા, સાધન અને આધાર થઈને દ્રવ્ય નામ વસ્તુનું સ્વરૂપ ટકાવી રાખે છે, ધારણ કરે છે. એક સમયની વાત ચાલે છે. સેકંડના અસંખ્યમો ભાગ એક સમય. તે એક સમયમાં પ્રત્યેક પરમાણુ ભિન્ન-ભિન્ન, પ્રત્યેક આત્મા ભિન્ન-ભિન્ન, નિગોદનો હો, સિદ્ધનો હો, પરમાણુ હો કે સ્કંધમાં એક પરમાણુ હો, બધા પોતપોતાની નવી નવી ઉત્પાદરૂપી પર્યાયના કર્તા થઈને દ્રવ્યનું કર્મ નામ કાર્ય ધારણ કરે છે. અને પ્રત્યેક આત્મા અને પરમાણુ દ્રવ્યનો વ્યય જે થાય છે તે વ્યય પોતાના કર્તા, કરણ અને આધાર થઈને દ્રવ્યના કર્તા, કરણ અને આધાર તે વ્યય છે. સમયે સમયે વ્યય થાય છે તે જ પર્યાય દ્રવ્યનું સ્વરૂપ ધારણ કરે છે. વ્યય જ દ્રવ્યને ધારણ કરે છે. વ્યય ન હોય તો દ્રવ્ય ન હોય. ઉત્પાદ ન હોય તો દ્રવ્ય ન હોય. ઓહો..! પરદ્રવ્ય ન હોય તો આ દ્રવ્ય ન હોય એમ વાત નથી. સ્વરૂપ-અસ્તિત્વની વાત છે. શોભાલાલજી! નિમિત્ત ન હો તો અહીંયા કાર્ય ન થાય એમ નથી.

પ્રત્યેક આત્મામાં અને પ્રત્યેક પરમાણુમાં એક સેકંડના અસંખ્યભાગમાં અનંતા ઉત્પાદ ગુણનો થાય છે તેને જ આધાર કરીને દ્રવ્ય રહે છે, તે કર્તા થઈને દ્રવ્યનું સ્વરૂપ ધારણ કરે છે. એ ઉત્પાદ જ સાધન થઈને દ્રવ્યની નિષ્પત્તિ, પ્રાપ્તિ, સિદ્ધ કરે છે. સમજાણું કાંઈ? અને ધ્રૌવ્ય જે કાયમ રહેનાર સદૃશ્ય શક્તિ જ કર્તા, સાધન અને આધાર થઈને વસ્તુનું-દ્રવ્યનું સ્વરૂપ ધારણ કરે છે. એમાં પરની અપેક્ષા નથી. સમજાણું કાંઈ?

'**ઉત્પાદો, વ્યયો અને ધ્રૌવ્યો ન હોય...**' પ્રત્યેક પદાર્થમાં નવી અવસ્થાનો ઉત્પાદ અનંતગુણનો (થાય છે) તે ઉત્પાદ ન હોય, વ્યય ન હોય, ધ્રૌવ્ય ન હોય તો દ્રવ્ય જ ન હોય. દ્રવ્ય ન રહે. ભાગચંદજી! સમજાણું કાંઈ? પ્રત્યેક પદાર્થ પોતાના સ્વરૂપનો ભિન્ન ભિન્ન અસ્તિત્વ સ્વભાવ રાખીને (રહ્યા છે). એ અસ્તિત્વ નામ હોવાપણું. હોવાપણાનો સ્વભાવ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યયુક્તં સત્ અને હોવાપણું તે સત્ દ્રવ્ય લક્ષણં. સમજાણું કાંઈ? પ્રત્યેકની વાત છે. ભિન્ન-ભિન્ન એક સમયની વાત છે. પ્રત્યેક પદાર્થનું અસ્તિત્વ નામ સત્ સ્વભાવ અને સત્ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યયુક્તં સ્વભાવ. અને એ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય કર્તા, કરણ અને આધાર થઈને નિજ દ્રવ્યનું સ્વરૂપ ધારણ કરે છે. કારણ કે ઉત્પાદ-વ્યય-ધ્રુવ ન હોય તો દ્રવ્ય ન હોય. પરદ્રવ્યના ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય ન હોય તો અહીંયા આ દ્રવ્ય નથી રહેતું, એમ નથી. એના ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય ન હોય તો તે દ્રવ્ય ન હોય. આ

ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય ન હોય તો (આ) દ્રવ્ય ન હોય. ઓહો..હો..! સમજાણું કાંઈ?

**'(આવું અસ્તિત્વ તે દ્રવ્યનો સ્વભાવ છે.)'** ત્રણે બોલ સાથે લઈ લીધા. જુઓ! સમય સમયની અનંતી પર્યાય ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય તે સત્‌નો સ્વભાવ અને સત્ તે દ્રવ્યનું લક્ષણ. ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યે દ્રવ્યને ધારણ કર્યું છે. ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય ન હોય તો દ્રવ્યનું અસ્તિત્વ જ રહી શકતું નથી. સમજાણું કાંઈ?

**'ભાવાર્થ :-'** અસ્તિત્વ નામ હોવાપણું. દરેક પદાર્થનું હોવાપણું. સત્ સત્ સત્. સત્‌પણું અસ્તિત્વપણું **'અને દ્રવ્યને પ્રદેશભેદ નથી;...'** સત્તાગુણ અને દ્રવ્યમાં ક્ષેત્રભેદ-પ્રદેશભેદ-અંશભેદ નથી. શું કહ્યું? જુઓ! આ સુખડની લાકડી છે. તો સુખડની સુગંધ અને એ લાકડી (બેમાં) પ્રદેશભેદ નથી. સુગંધ ક્યાંક રહે અને લાકડી ક્યાંક રહે એમ નથી. એમ પ્રત્યેક પદાર્થના અસ્તિત્વને અને તે દ્રવ્યને, અસ્તિત્વ ગુણ છે, અસ્તિત્વ સ્વભાવ તે એનો ગુણ છે પણ એ ગુણ અને ગુણીના પ્રદેશભેદ નથી, અંશભેદ નથી, ક્ષેત્રભેદ નથી. નામ અને સંજ્ઞા ભેદ આદિ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**'અસ્તિત્વને અને દ્રવ્યને...'** એટલે હોવાપણું ગુણ અને ગુણીને **'પ્રદેશભેદ નથી;...'** અંશભેદ નથી, ક્ષેત્રભેદ નથી, આધારભેદ નથી. બહુ સૂક્ષ્મ વાત છે. આ સર્વવ્યાપકવાળાને તો આ... **'વળી તે અસ્તિત્વ...'** હોવાપણું-સત્તા નામનો ગુણ **'અનાદિ-અનંત છે...'** પ્રત્યેક પદાર્થમાં એ અસ્તિત્વ અનાદિ-અનંત છે. **'તથા અહેતુક...'** તેનો કોઈ હેતુ નથી. સ્વયં સત્ છે. અને **'એકરૂપ પરિણતિએ સદાય પરિણમતું હોવાને લીધે...'** એ સત્તા નામનો ગુણ અનાદિ-અનંત એકરૂપ છે.. છે.. છે.. છે.. એના ઉત્પાદ-વ્યય-ધ્રુવપણાથી અસ્તિત્વની ધારા અનાદિ-અનંત એકરૂપ રહે છે. અસ્તિત્વમાં એવું નથી કે ક્યારેક અસ્તિત્વની પર્યાય હીણી થાય છે, ક્યારેક અધિક થાય છે. એ શું? હોવાપણામાં હીનાધિકપણું શું? હો, છે. એવા પ્રત્યેક (દ્રવ્ય છે). અનંત નિગોદ, અનંત સિદ્ધ, અનંત પરમાણુ. પ્રત્યેકમાં અનાદિ-અનંત એકધારાવાહી. જુઓ! છે?

**'એકરૂપ પરિણતિએ...'** એક ધારારૂપ અવસ્થા. એમાં કંઈ ઓછું-અધિક થતું નથી. હીનાધિકતા થતી નથી. હીનાધિકતાનો અર્થ શું? હોવાપણામાં હીનાધિકતાનો શું અર્થ? છે એમાં હીન? ઓછું છે? અધિક નામ છે તેનાથી અધિક થાય છે? સમજાણું કાંઈ? જ્ઞાનચંદજી! આત્મા અને પરમાણુ... અનંત આત્મા, અનંતગુણા પરમાણુ, અસંખ્ય એકલા કાળાણુ, એક ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ એમાં અસ્તિત્વ નામનો ગુણ સત્તા-સત્-હોવાપણું છે. એનો ગુણ એકધારા, એકધારા, એક વૃત્તિ, એક પરિણતિ, એક પ્રકાર ધારા છે.. છે.. છે.. એવા ઉત્પાદ-વ્યય એકધારા ચાલ્યા જાય છે. એમાં ઓછુંવત્તું, હીનાધિક (નથી). હોવાપણામાં ઓછુંવત્તું શું? સમજાણું કાંઈ?

**'અહેતુક એકરૂપ પરિણતિએ...'** પર્યાયથી **'સદાય પરિણમતું હોવાને લીધે...'** એકરૂપ હોવાપણાનું પરિણમન થાય છે. સમજાણું કાંઈ? તેથી **'વિભાવધર્મથી પણ ભિન્ન પ્રકારનું છે;...'** શું કહે છે? વિભાવ તો જીવ અને પરમાણુ બેમાં જ છે, ચારમાં નથી. પણ અસ્તિત્વ છે તે

વિભાવધર્મથી વિલક્ષણ ધર્મ છે. વિભાવધર્મ છે તેમાં ઓછુંવત્તું, હીનાધિકતા સમયે સમયે વિકાર છે, તો વિકૃતતા, ઓછુંવત્તુ, હીનાધિક થાય છે, પણ અસ્તિત્વગુણની પર્યાયમાં હીનાધિકતા શું? એ તો છે.. છે.. છે.. અનાદિ-અનંત છે. સમજાણું કાંઈ? આહા..હા..! 'છે' એવો ગુણ પ્રત્યેક છ દ્રવ્યમાં એક પરિણતિ ધારા છે.. છે.. છે.. છે.. છે.. એકધારા ચાલી જાય છે. વિભાવધર્મથી એ વિલક્ષણ છે. કારણ કે વિભાવધર્મ એક પ્રકારનો છે.. છે.. (એવી રીતે) એક પ્રકારનો નથી ચાલતો. કેમકે વિકાર છે તે પોતાની સમય સમયની યોગ્યતા પ્રમાણે વિવિધ પ્રકારના ઓછાવત્તા, હીનાધિક વિકાર થાય છે. એનો અર્થ એવો નથી (કે) અસ્તિત્વ છે તે એકધારારૂપ રહે છે અને વિકારમાં એકધારા નથી, કેમકે એમાં નિમિત્તની સાપેક્ષતા છે, તો સાપેક્ષતાની ભિન્નતાને કારણે વિકારની ભિન્નતા છે એમ નથી. એમ લગાવે છે કોઈ કે, જુઓ! ભાઈ! અસ્તિત્વગુણમાં તો નિરપેક્ષ અહેતુક કહ્યું અને વિભાવધર્મ તો સાપેક્ષ સહેતુક છે. એ વાત બરાબર છે. નિશ્ચયથી તો એ પણ નિરહેતુક અને નિરપેક્ષ છે વિકાર, પણ અહીંયા સાપેક્ષપણું વિકાર છે, વિભાવ છે, મલિનતા છે એમાં સાપેક્ષતા કર્મના નિમિત્તની આવે છે તો એનો હેતુ છે. વિભાવધર્મ એકરૂપ નથી રહેતો અને અસ્તિત્વધર્મ એકધારારૂપ રહે છે, બેમાં ફેર શું? વિભાવધર્મમાં નિમિત્તને ફેરને કારણે એકધારા નથી રહેતી એમ નથી. સમજાણું કાંઈ?

વિભાવધર્મ વિકૃતભાવ છે તો એ સ્વભાવભાવ નથી. અસ્તિત્વ સ્વભાવ જેવો છે એવી એકધારા અનાદિ-અનંત ધારા ચાલે એવું વિભાવમાં નથી. વિભાવમાં સમયે સમયે વિકૃત્તિની જેવી પોતાની યોગ્યતા છે એવી વિકૃતતા ચાલે છે. તો એની અસ્તિત્વની (એકધારા જેવી) એકધારા વિકારની ચાલે એમ નથી. કોઈ વખતે વિભાવની અધિકતા, કોઈ વખતે ઓછાપણું અને કોઈ વખતે વિભાવનો સર્વથા અભાવ (જોવામાં આવે છે). બરાબર છે? સમજાય છે કે નહિ? આ તો સાદી ભાષા છે, આમાં કોઈ બહુ ગૂઢ ભાષા નથી આવતી.

ભગવાન આત્મા કે પરમાણુ કે કાળાણુ, એક ધર્માસ્તિ, આકાશ પોતાના હોવાપણાના ગુણથી તો હીનાધિક પર્યાયમાં પણ નથી થતો. એકધારો ચાલે છે, પણ વિભાવધર્મ એવો નથી. વિભાવધર્મમાં કર્મની સાપેક્ષતા અને હેતુતા આવે છે. પણ હેતુતા, સાપેક્ષતા આવે છે માટે વિકારની એકધારા નથી ચાલતી એમ નથી. વિકારનો એવો સ્વભાવ છે કે એકધારારૂપ પરિણમન ન થાય, એવી વિભાવધર્મની ધારા છે. સમજાણું કાંઈ?

તો કહે છે કે તેથી '**વિભાવધર્મથી પણ ભિન્ન પ્રકારનું છે;...**' કોણ? અસ્તિત્વ ધર્મ. હોવાપણામાં ઓછાવત્તાપણું ક્યાં છે? વિભાવમાં હીનાધિક, હીનાધિક (થાય). એકલા અજ્ઞાનમાં હોય તોપણ વિકારની હીનાધિકતા થાય છે અને સાધક થયો તો વિકારની હીનતા થઈ, સિદ્ધ થયો તો વિકારનો અભાવ થયો, તો એની પરિણતિમાં એકધારા ન રહી. અનાદિની ધારામાં એકધાર ન રહી. એકધારા નહિ રહેવાને કારણે કેટલાક કહે છે કે કર્મનું જેવું જેવું નિમિત્ત આવે છે, એવો વિકાર કરવો પડે છે. સ્વભાવ નથી તો અનેકતા નિમિત્તને કારણે વિભિન્નતા થાય છે. શેઠી! એમ

નથી.

અહીં તો એટલું બતાવવું છે, મૂળ પાઠમાં આવી ગયું છે કિ વિભાવધર્મથી અસ્તિત્વ ભિન્ન છે. એનો અર્થ એ કે વિભાવનો એકધારારૂપ પરિણમન એનો સ્વભાવ નથી. અને અસ્તિત્વનો એકધારારૂપ સ્વભાવ છે માટે વિભાવધર્મથી અસ્તિત્વધર્મ વિલક્ષણ કહ્યો. સમજાણું કાંઈ? એ વસ્તુ આત્મા હો કે પરમાણુમાં વિભાવ-વિકાર થાય છે. એક-બે પરમાણુ .. એને તો સુખ-દુઃખ છે નહિ. જીવમાં છે. તો કહે છે, વિભાવધર્મની પેઠે-માફક અસ્તિત્વ ... નથી રહેતું. બન્ને આમ હોવાથી, **'આમ હોવાથી અસ્તિત્વ દ્રવ્યનો સ્વભાવ જ છે.'** આમ હોવાથી હોવાપણું, સત્તાપણું દ્રવ્યનો સ્વભાવ જ છે, તો સ્વભાવ એકધારો ચાલે છે. સમજાણું કાંઈ? ઓહો..! ચીજ જ સ્વયં એવી છે. સ્વયં દ્રવ્ય અકૃત્રિમ, ગુણ અકૃત્રિમ, પર્યાય પરથી અણકરાયેલી અકૃત્રિમ. કરાયેલી દ્રવ્યથી. સમજાણું કાંઈ?

હવે બીજો (પેરેગ્રાફ). **'ગુણ-પર્યાયોનું અને દ્રવ્યનું અસ્તિત્વ ભિન્ન નથી,...'** પ્રત્યેક આત્મા અને પ્રત્યેક પરમાણુ એના ગુણ નામ શક્તિઓ, શક્તિ અને.. ગુણ-પર્યાય સમજ્યા? વિસ્તાર, વિસ્તારવિશેષ એ પહેલા આવી ગયું છે. પ્રત્યેક પરમાણુ અને પ્રત્યેક આત્મામાં એક સેકંડના અસંખ્યભાગમાં વિસ્તારવિશેષ, વિસ્તારવિશેષ ફેલાયેલા ગુણ, એક સમયમાં અનંત ફેલાયેલા સાથે રહેલા ગુણ. હિન્દી... થોડું થોડું, શેઠ આવ્યા છેને. શેઠ ... ગુજરાતી નથી સમજતા. છોકરા સમજી જાય છે. રાત્રે થોડી ગુજરાતીમાં રોજ ચર્ચા ચાલે છેને. એ નથી સમજતા. બોલો હિન્દીમાં, એમ કહે છે કે નહિ? સમજાણું કાંઈ?

કહે છે કે પ્રત્યેક આત્મા ભિન્ન ભિન્ન અને એક એક પરમાણુ એવા અનંત, ગુણ વિસ્તારવિશેષ, ફેલાયેલા વિશેષ. દ્રવ્ય સામાન્ય છે, વસ્તુ સામાન્ય છે તો ગુણ વિશેષ છે, પણ ગુણ વિશેષ છે તે કેવી રીતે દ્રવ્યમાં રહે છે? કેવી રીતે દ્રવ્યમાં રહે છે? વિસ્તાર, એક સેકંડના અસંખ્યભાગમાં ફેલાયેલા. જેમ સુગંધ. લાકડીમાં સુગંધ ફેલાયેલી એકસાથે છે. એક પછી એક નથી. સુગંધ છે, અસ્તિત્વ છે, સુંવાળપ છે, વજન-તોલ છે. એકસાથે ફેલાઈને રહે છે. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા કે એક પરમાણુ એને દ્રવ્ય કહે છે. દ્રવ્ય નામ સામાન્ય દ્રવ્ય. એમાં ગુણ વિસ્તાર છે. વિસ્તારવિશેષ-ફેલાયેલા વિશેષ. દ્રવ્ય સામાન્ય તો ગુણ વિસ્તાર ફેલાયેલા, પહોળા, ફેલાયેલ, વિસ્તાર પામેલા. એક એક દ્રવ્યમાં અનંતગુણ એકસાથે ફેલાયેલા વિશેષ છે. સુમેરુચંદજી! આવી વાત. એક પરમાણુ-પોંઈટ છેલ્લો ટૂકડો, એક પ્રદેશ ભલે હો, એક પ્રદેશ, પણ એક પ્રદેશમાં અનંતગુણ એકસાથે ફેલાયેલા છે. વિસ્તાર પામેલા છે. બરાબર છે? માલચંદજી! થોડું ઝીણું પડે એવું છે. પણ હવે આ ગાથા ચાલે છે. પછી ૯૯ લેશું, ૯૭-૯૮ છોડી દઈશું. એ તો સાધારણ છે. સમજાણું કાંઈ? આહા..હા..!

કહે છે કે ગુણ અને પર્યાયો. પર્યાય દરેક દ્રવ્યમાં આયતવિશેષ છે. પ્રત્યેક આત્મા અને પ્રત્યેક

પરમાણુમાં ગુણ ફેલાયેલા વિશેષ છે અને પર્યાય લંબાઈમાં, આમ લાંબી એક પછી એક છે તે વિશેષ છે. એક પછી એક પર્યાય થાય છેને? પર્યાય એકસાથે નથી હોતી. ગુણ એકસાથે રહે છે, ગુણ એકસાથે રહે છે. પર્યાય આમ એકસાથે રહે છે. લંબાઈમાં એકસાથે રહે છે. ગુણ વિસ્તારમાં એકસાથે રહે છે. સમજાય છે કે નહિ? માલચંદજી! આ અધિકાર ચાલી ગયો છે તો એનો ભાવાર્થ થોડો ચાલે છે.

**'ગુણ-પર્યાયોનું...'** અર્થાત્ વિસ્તારવિશેષ ગુણનું અને આયતવિશેષ-લંબાઈ એક પછી એક, એક પછી એક પર્યાય આમ ઊર્ધ્વ લંબાઈપણે ચાલે છે તેને આયતવિશેષ કહે છે. પ્રત્યેક પરમાણુ અને પ્રત્યેક આત્મામાં. એ ગુણ અને પર્યાયોનું **'અને દ્રવ્યનું અસ્તિત્વ ભિન્ન નથી,...'** વિસ્તારવિશેષનું હોવાપણું અને લંબાઈ-આયતવિશેષનું હોવાપણું અને દ્રવ્યનું હોવાપણું ભિન્ન નથી. એને સમજવું કઠણ પડશે, હોં! તમારે સમજાવવું પડશે. શું લાવ્યા તમે?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ... પણ છે શું એમાં? સમજાણું કાંઈ? ઓહો..!

ભગવાન આત્મા અને જડેશ્વર પરમાણુ. એ પણ જડેશ્વર છેને. બધામાં વિસ્તારવિશેષ શક્તિઓ, શક્તિ કહો, ગુણ કહો અને એની લંબાઈપણે આયતવિશેષ પર્યાય, તેનું અને દ્રવ્યનું હોવાપણું ભિન્ન નથી. બેયનું હોવાપણું એકરૂપ છે. એ પહેલા આવી ગયું હતું. સમજાણું કાંઈ? પ્રત્યેક દ્રવ્યનું અસ્તિપણું પોતામાં સમાપ્ત, એકમાં ત્રણે સમાપ્ત થાય છે. એમ પ્રત્યેક દ્રવ્યનું હોવાપણું એક એક દ્રવ્યમાં, એક ગુણમાં અને એક પર્યાય, પોતાના દ્રવ્યમાં, ગુણમાં, પર્યાયમાં એક એકમાં (જુદો) અસ્તિત્વગુણ (સિદ્ધ) નથી થતો. શું કહ્યું?

ફરીથી. જેમ પ્રત્યેક ભિન્ન ભિન્ન પરમાણુ અને આત્મામાં અસ્તિત્વગુણ છે તે પોતામાં સમાપ્ત-પૂર્ણતા થાય છે. પર સાથે સંબંધ નથી. એમ પ્રત્યેક દ્રવ્યનું અને એના ગુણનું અને એની પર્યાયનું (અસ્તિત્વ), અસ્તિત્વ નામનો ગુણ એક એક દ્રવ્યમાં, પોતાના એક દ્રવ્યમાં સમાપ્ત થઈ જાય, ગુણમાં બીજું અસ્તિત્વ હોય, પર્યાયમાં ત્રીજું અસ્તિત્વ હોય એમ નથી. સમજાણું કે નહિ? પ્રત્યેક પરમાણુનો અને પ્રત્યેક આત્માનો પોતપોતાનો સત્તાપણાનો અસ્તિત્વ નામનો ગુણ પોતપોતાની સત્તામાં સમાપ્ત થાય છે, પૂર્ણપણાને પ્રાપ્ત થાય છે. એની પૂર્ણતામાં પરની અપેક્ષા નથી. કોઈ એમ કહે કે અસ્તિત્વ નામનો ગુણ પોતામાં જ સંપૂર્ણ સમાપ્ત થાય છે, બીજાનો બીજામાં સંપૂર્ણ થાય છે, એવો અસ્તિત્વ નામનો ગુણ એક એક વસ્તુમાં ત્રણ ભાગ-દ્રવ્ય, ગુણ અને પર્યાય, દ્રવ્ય સામાન્ય, ગુણ વિસ્તારવિશેષ, પર્યાય આયતવિશેષ, તો અસ્તિત્વ નામનો ગુણ એક દ્રવ્યમાં જ સમાપ્ત થઈ જાય, ગુણમાં બીજો હોય, પર્યાયમાં ત્રીજો સમાપ્ત થાય એમ નથી. ત્રણે મળીને એક અસ્તિત્વની પૂર્ણતા છે. સમજાણું કાંઈ?

**'ગુણ-પર્યાયોનું અને દ્રવ્યનું અસ્તિત્વ ભિન્ન નથી,...'** ત્રણે મળીને એક અસ્તિત્વ છે. દ્રવ્ય, ગુણ અને પર્યાય. દ્રવ્ય સામાન્ય, ગુણ વિસ્તારવિશેષ, પર્યાય આયતવિશેષ. ત્રણે મળીને એક

અસ્તિત્વગુણ વ્યાપ્ત સંપૂર્ણ છે. એક અસ્તિત્વગુણ જેમ પોતાના દ્રવ્યમાં, ગુણમાં, પર્યાયમાં સમાપ્ત થાય છે. એમ એક અસ્તિત્વગુણ એક દ્રવ્યમાં જ સમાપ્ત થઈ જાય, ગુણમાં બીજું અસ્તિત્વ, પર્યાયમાં ત્રીજું અસ્તિત્વ હોય, એમ નથી. સમજાણું કાંઈ? ભારે ભાઈ! વીતરાગી વિજ્ઞાન. આ જ્ઞેય અધિકાર છે. જ્ઞાનમાં જેટલા જ્ઞાનમાં ભગવાને જોયા, પ્રત્યેક જ્ઞેયનું અસ્તિત્વ પ્રત્યેક જ્ઞેયમાં સમાપ્ત થાય છે. પોતાનું અસ્તિત્વ પરને કારણે સમાપ્ત થાય છે અને પરનું અસ્તિત્વ પોતાને કારણે સમાપ્ત થાય છે એમ નથી. પણ પોતાનો અસ્તિત્વગુણ ત્રણેમાં વ્યાપ્ત થઈને પૂર્ણ થાય છે. એક એક દ્રવ્યમાં, ગુણમાં, પર્યાયમાં એક એક (અસ્તિત્વ) ગુણ પૂર્ણ થાય છે એમ નથી. સમજાણું કાંઈ?

આ તો લોજીક વિજ્ઞાનનું વિજ્ઞાન છે. પૃથક્ વસ્તુ આમ ભિન્ન ભિન્ન. કોઈ દ્રવ્ય કોઈને કદી અડ્યું જ નથી. કોઈ પરમાણુ કોઈ પરમાણુને, કોઈ પરમાણુ કોઈ આત્માને, કોઈ આત્મા કોઈ પરમાણુને અને આત્મા આત્માને કદી અડ્યા નથી. સ્પર્શે તો બેયનું અસ્તિત્વ એક થઈ જાય. દ્રવ્ય પોતાના ગુણ-પર્યાયને સ્પર્શે છે. ગુણ-પર્યાય દ્રવ્યને સ્પર્શે છે. કારણ કે ત્રણેનું એક અસ્તિત્વ છે. સમજાણું કાંઈ? બીજાનું અસ્તિત્વ ભિન્ન છે તો એનું એક અસ્તિત્વ બીજાને કદી અડતું નથી.

મુમુક્ષુ :- જોવામાં આવે છે...

ઉત્તર :- કાંઈ જોવામાં નથી આવતું. માને છે એની દૃષ્ટિથી. જોવામાં અનંત દેખાય છે તો શું એક દેખાય છે? અનંત છે તો અનંતપણે દેખાવું જોઈએને, અનંતને એકપણે જોવે છે તો દૃષ્ટિમાં મૂઢતા છે. સમજાણું કાંઈ? આ પાંચ આગળી છે, એક હાથરૂપે જોવે તો એની દૃષ્ટિમાં ભૂલ છે. પાંચ પાંચપણે જોવી જોઈએ. એમ અનંત છે તો અનંતપણે જોવું જોઈએ. એને એકપણે જોવે છે તો એની દૃષ્ટિમાં વિપરીતતા છે. આ એક નથી. અનંત પરમાણુનો (સ્કંધ છે). અનંતને અનંતપણે જોવું જોઈએ. ભિન્ન-ભિન્ન અનંતા છે, ભલે ભેદ ન પાડી શકે, પણ ભિન્ન-ભિન્ન અનંત છે એમ જોવું જોઈએ. એક પરમાણુ બીજા પરમાણુને કદી અડતો નથી. પ્રત્યેક પદાર્થ અનંત પોતપોતાથી અસ્તિત્વમાં રહે છે. પરના અસ્તિત્વને કદી અડ્યા નથી. ઓહો..હો..! ભારે કઠણ, ભાઈ!

આ ધર્મમાં આ શું કામનું? અમારે તો ધર્મ કરવો છે. પણ ધર્મ કરવો છે તો શેમાં તારે કરવું છે? અને કોનાથી તારે ખસવું છે? ક્યાંથી (તારે ખસવાનું છે)? તારું અસ્તિત્વ નથી ત્યાંથી ખસવાનું છે અને જેમાં તારું અસ્તિત્વ છે એમાં તારે અંદરમાં ગુમ થવાનું છે. સમજાણું કાંઈ? પર્યાય પ્રગટરૂપ છે અને દ્રવ્ય-ગુણ છે એ તો ગુપ્તરૂપ છે. એક ગુપ્તરૂપ અને એક પ્રગટ, ત્રણે મળીને એક અસ્તિત્વ સમાપ્ત થાય છે. પોતાની પર્યાયમાં ધર્મ કરવો હોય તો તે પર્યાયને દ્રવ્ય તરફ વાળવી. કારણ કે એ પર્યાયનું પૂર્ણ દ્રવ્ય તો ઇ છે. સમજાણું કાંઈ? એનું પૂર્ણ દ્રવ્ય બહારમાં નથી. સમજાણું કાંઈ? માલચંદજી! થોડું ઝીણું પડે છે, નવો અધિકાર છેને.

**'ગુણ-પર્યાયોનું અને દ્રવ્યનું અસ્તિત્વ ભિન્ન નથી,...'** ભગવાન આત્મા અને પરમાણુ એના ગુણ અને પર્યાય એમાં દ્રવ્ય અને ગુણ-પર્યાયનું હોવાપણું-અસ્તિત્વનો ગુણ ત્રણેમાં ભિન્ન નથી. ત્રણે મળીને એક અસ્તિત્વ છે. આહા..હા..! **'એક જ છે;...'** ભિન્ન નથી, એક જ છે. અનેકાંત કર્યું.

પ્રત્યેક આત્મા, પ્રત્યેક પરમાણુ એનું દ્રવ્ય, શક્તિવાન દ્રવ્ય, ગુણ-શક્તિ, પર્યાય વિશેષ લંબાઈ, એનું અસ્તિત્વ ભિન્ન નથી, એક જ છે. ભિન્ન નથી, એક જ છે. અનેકાંત કર્યું. અસ્તિ-નાસ્તિ કરી. સમજાણું કાંઈ? **'કારણ કે ગુણ-પર્યાયો દ્રવ્યથી જ નિષ્પન્ન થાય છે,...'** શું કહે છે? પ્રત્યેક પરમાણુ અને આત્મા એમાં જે ગુણ વિસ્તારવિશેષ છે અને આયતવિશેષ જે પર્યાય છે એ ગુણ-પર્યાય દ્રવ્યથી જ નિષ્પન્ન થાય છે, દ્રવ્યથી જ મળે છે, દ્રવ્યથી પ્રાપ્ત થાય છે, દ્રવ્યથી જ ગુણ-પર્યાય પ્રાપ્ત થઈ જાય છે. દ્રવ્ય હોય તો ગુણ-પર્યાય હોય છે. તો દ્રવ્યથી ગુણ-પર્યાય (છે). એ ગુણ અને પર્યાયનો કર્તા, કરણ અને આધાર દ્રવ્ય છે. શું કહ્યું? પ્રત્યેક દ્રવ્ય એના ગુણ અને પર્યાય એનો કર્તા દ્રવ્ય છે, એનું કરણ નામ સાધન દ્રવ્ય છે. એક સમયમાં ત્રણે અને એ ગુણ-પર્યાયનો આધાર દ્રવ્ય છે. સમજાણું કાંઈ?

**'ગુણ-પર્યાયો દ્રવ્યથી જ નિષ્પન્ન થાય છે,...'** પ્રત્યેક દ્રવ્યના ગુણ-પર્યાય વિસ્તારવિશેષ એ દ્રવ્યથી પ્રાપ્ત થાય છે, દ્રવ્ય એનો-ગુણનો કર્તા છે, ગુણનું દ્રવ્ય કરણ નામ સાધન છે અને ગુણનો આધાર દ્રવ્ય છે. અને પર્યાયનો કર્તા દ્રવ્ય છે, પર્યાયનું કરણ દ્રવ્ય છે, પર્યાયનો આધાર દ્રવ્ય છે. તો ગુણ-પર્યાયના દ્રવ્ય જ કર્તા, કરણ અને આધાર છે. સમજાણું કાંઈ? **'ગુણ-પર્યાયો દ્રવ્યથી જ...'** જુઓ! અહીં તો 'જ' કહ્યું છે. ભગવાન! પ્રત્યેક પર્યાય, પરદ્રવ્ય હોય તો ઉત્પન્ન થાય છે એમ નથી કહ્યું. એમ છે જ નહિ. પ્રત્યેક દ્રવ્યની પર્યાય ઉત્પન્ન થાય છે તે દ્રવ્યના આધાર, કર્તા, કરણથી થાય છે. નિમિત્તના કર્તા, કરણ અને આધાર છે માટે પર્યાય ઉત્પન્ન થાય છે એવું એના સ્વભાવમાં નથી અને બીજાનો સ્વભાવ ઉત્પન્ન કરે એવો બીજામાં સ્વભાવ નથી. શું કહ્યું? પોતાનો અસ્તિત્વગુણ પોતામાં વ્યાપક છે તો ગુણ-પર્યાયનો કર્તા, કરણ, આધાર દ્રવ્ય છે. એ ગુણ-પર્યાયનું અસ્તિત્વ દ્રવ્ય સાથે સંબંધ રાખે છે. બીજા દ્રવ્યની સાથે આ અસ્તિત્વગુણ સંબંધ રાખતો નથી. તો પોતાના ગુણ-પર્યાય બીજો અસ્તિત્વગુણ અને બીજાને કારણે અહીંયા થાય છે એમ કદી બનતું નથી. સમજાણું કાંઈ?

**'ગુણ-પર્યાયો દ્રવ્યથી જ નિષ્પન્ન થાય છે, અને દ્રવ્ય ગુણ-પર્યાયોથી જ નિષ્પન્ન થાય છે.'** ગુલાંટ ખાધી. પહેલા કહ્યું કે ગુણ-પર્યાય દ્રવ્યથી પ્રાપ્ત થાય છે અથવા દ્રવ્ય કર્તા, કરણ અને આધાર (છે). પછી કહે છે કે દ્રવ્ય ગુણ-પર્યાયોથી નિષ્પન્ન થાય છે. એ દ્રવ્ય, ગુણ-પર્યાય કર્તા, કરણ અને આધારથી દ્રવ્યની સિદ્ધિ થાય છે. સમજાણું કે નહિ? રાત્રે પૂછાશે તો આવડશે કે નહિ? માલચંદજી! અહીંયા તો ઘણા આવે છેને. સમજાણું કાંઈ? પોતાનો આત્મા પોતાના ગુણ અને પર્યાય દ્રવ્યથી ઉત્પન્ન થાય છે, એ ગુણ-પર્યાય દ્રવ્યથી ઉત્પન્ન થાય છે. દ્રવ્ય જ કર્તા, કરણ નામ સાધન અથવા કારણ અને આધાર પોતાના ગુણ વિસ્તારવિશેષ, પર્યાય-આયતવિશેષ એના કર્તા, કરણ અને આધાર પોતાનું દ્રવ્ય છે. બીજા દ્રવ્યના ગુણ-પર્યાયના કર્તા, કરણ, આધાર એનું દ્રવ્ય છે.

હવે, એ દ્રવ્ય છે તે ગુણ-પર્યાયોથી નિષ્પન્ન થાય છે. પ્રત્યેક આત્મા અને જે દ્રવ્ય છે પરમાણુ

એના ગુણ-પર્યાય કર્તા, કરણ અને આધારથી દ્રવ્ય છે. એ પહેલા કહી ગયા કૌંસમાં. સમજાણું કાંઈ? જે કૌંસ લીધો હતો ઇ. સમજાણું કે નહિ? દ્રવ્ય પોતાનો આત્મા અને પરમાણુ દ્રવ્ય, કાળાણુ, એ ગુણ-પર્યાયો એના વિસ્તારવિશેષ ગુણ, આયતવિશેષ પર્યાય એ ગુણ-પર્યાય કર્તા અને દ્રવ્ય કર્મ. કર્મ નામ કાર્ય-સિદ્ધિ. એ ગુણ-પર્યાય સાધન-કારણ અને દ્રવ્ય કાર્ય. ગુણ-પર્યાય આધાર, દ્રવ્ય આધેય. ગુણ-પર્યાયમાં દ્રવ્ય રહે છે. પહેલા કહ્યું કે દ્રવ્યમાં ગુણ-પર્યાય રહે છે. હવે કહ્યું કે ગુણ-પર્યાયમાં દ્રવ્ય રહે છે. સમજાણું કાંઈ?

પ્રત્યેકના દ્રવ્યના પ્રત્યેક દ્રવ્ય-ગુણ-પર્યાય પોતપોતાના છે. એક એક દ્રવ્ય-ગુણ-પર્યાયનું અસ્તિત્વ કોઈ ભિન્ન નથી. ભિન્ન ભિન્ન દ્રવ્યનું અસ્તિત્વ ભિન્ન, પણ પોતાના દ્રવ્ય-ગુણ-પર્યાયનું અસ્તિત્વ ભિન્ન-ભિન્ન નથી. પોતાના દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણે મળીને એક અસ્તિત્વ છે. તો દ્રવ્યથી ગુણ-પર્યાયનું અસ્તિત્વ પ્રાપ્ત થાય છે. ગુણ-પર્યાયથી દ્રવ્યનું અસ્તિત્વ પ્રાપ્ત થાય છે. ઓહો..હો..! આ તકરાર. આ તત્ત્વની ખબર નથી, શું તત્ત્વ ચીજ છે. અજીવ છે એમ માને છે. અજીવ તો અનંત છે. જીવ છે એમ માને છે. તો જીવ તો અનંત છે. તો અનંતના પોતાના પ્રત્યેક ગુણ-પર્યાયનો આધાર તે દ્રવ્ય છે અને તે દ્રવ્યના પ્રત્યેક ગુણ-પર્યાય તેના ગુણ-પર્યાય તે દ્રવ્યનો આધાર છે. એમ અનંત દ્રવ્ય આત્મા અને અનંત પરમાણુ છે. છે માનવું જીવ અને અજીવ, પણ આ રીતે પૃથક્ છે એમ નહિ માનવું. એણે માન્યું જ નથી. સમજાણું કાંઈ? ઓઘે ઓઘે તો કહે કે અમે અનંત માનીએ, બીજા એક માને છે સર્વવ્યાપક, અમે અનંત (માનીએ છીએ). પણ અનંત કઈ રીતે માને છે? છે અનંત તો અનંત અનંતપણે રહીને અનંત, એક એકમાં એક અસ્તિત્વ, બીજામાં બીજું (અસ્તિત્વ) એવા અનંત અસ્તિત્વ ભિન્ન-ભિન્ન છે.

અને પોતાનું એક અસ્તિત્વ દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણેનું એક. તો અરસપરસ દ્રવ્યથી ગુણ-પર્યાય અને ગુણ-પર્યાયથી દ્રવ્ય એવું ત્રણેનું અસ્તિત્વ છે. બરાબર છે? સુમેરુચંદજી! એવી કોઈ કઠણ વાત નથી, પણ લોકોને એવો ખ્યાલમાં બેસી ગયું કે અમને સમજાય નહિ. એમ નથી, ભાઈ! કેવળજ્ઞાન લઈ શકે છે એક સમયમાં. આ તો સાધારણ વાત છે. સમજાણું કાંઈ?

**'દ્રવ્ય ગુણ-પર્યાયોથી જ નિષ્પન્ન થાય છે. વળી તેવી જ રીતે ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યોનું અને દ્રવ્યનું અસ્તિત્વ પણ એક જ છે;...'** જુઓ! તેવી જ રીતે પ્રત્યેક દ્રવ્યમાં એક સમયમાં ત્રણે અંશ, ત્રણ અંશ છેને? ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય. સર્વજ્ઞ ભગવાનની વાત.. એકવાર સમંતભદ્રાચાર્ય કહે છે, હે નાથ! અમે આપને સર્વજ્ઞ એટલે માનીએ છીએ, એમ ને એમ પરીક્ષા કર્યા વિના નથી માનતા, અમારા ભગવાન સર્વજ્ઞ છે, સર્વજ્ઞ છે, એમ નહિ. તો અમને સર્વજ્ઞ કેમ માનો છો? અમે તો એ રીતે માનીએ છીએ કે સેકંડના અસંખ્યભાગમાં એક સમય થાય છે, બીજો ભાગ નહિ, એક સમય. છતાં એક સમયમાં ત્રણ અંશ દ્રવ્યમાં છે એ આપે જોયા છે, એ સર્વજ્ઞ સિવાય હોઈ શકે નહિ. સમય એક, બીજો ભાગ નહિ અને એક સમયમાં એક દ્રવ્યના ત્રણ અંશ. નવી પર્યાયનું ઉત્પન્ન થવું... જો ઉત્પન્ન ન થાય તો કાર્ય વિના દ્રવ્ય કેવું? આ દ્રવ્ય આનું છે, આ દ્રવ્ય આનું છે, એનો

ખ્યાલ કઈ રીતે આવે? તો પ્રત્યેક દ્રવ્ય એક સમયમાં સમય એક, નવી પર્યાયનો ઉત્પાદ, પૂર્વની અવસ્થાનો અભાવ સમય એક અને સદૃશતાનું રહેવું, જાતની જાત રહેવું... જાતની જાત (અર્થાત્) ચૈતન્યની જાત ચૈતન્ય, જડની જાત જડ, જાતની જાત રહેવી સમય એક, બે ભાગ સમયના પડે નહિ, એક સમયમાં ત્રણ અંશ આપે જોયા, એ સર્વજ્ઞ સિવાય ત્રણ કાળમાં હોઈ શકે નહિ. એક સમયને જોવાનું બીજાનું કામ નહિ. એમાં એક સમયમાં ત્રણ (અંશ) તમે જોયા, પ્રભુ! આપ સર્વજ્ઞ છો. સમજાણું કાંઈ?

અને આમ ન હોય તો દ્રવ્ય જ સિદ્ધ નથી થતું. કાર્ય વિના કારણ કોણ? અને કારણ વિના કાર્ય કોણ? કાર્ય ઉત્પાદ-વ્યય, કારણ દ્રવ્ય. સમજાણું કાંઈ? એક સમયમાં ત્રણ અંશ ન હોય તો કોઈ રીતે દ્રવ્ય સિદ્ધ થતું નથી, સાબિત થતું નથી. પલટવું દેખાય છે સ્થૂળમાં તો સૂક્ષ્મમાં અંતરમાં પલટવું ન હોય તો સ્થૂળમાં પલટવું થાય નહિ. અંતર એક એક પરમાણુમાં અને એક એક આત્મામાં. અને એક પલટવું નાનામાં નાના સમયમાં ન હોય, બે-ત્રણ-ચાર એનું કારણ શું? એક સમયમાં ન હોય તો બીજામાં ન હોય, ત્રીજામાં ન હોય. તો સૂક્ષ્મ એક સમયમાં પ્રત્યેક આત્મા અને પ્રત્યેક પરમાણુનું પરિણમન ઉત્પાદ-વ્યય અને ધ્રુવપણે થાય છે અને એક સમયમાં ત્રણ અંશ ભગવાન, આપે જોયા છે. અમને ભાસ થઈ ગયો છે. આપ સર્વજ્ઞ છો એવી અમને પ્રતીતિ થઈ ગઈ છે. સુમેરુચંદજી! સમજાણું કાંઈ?

હું જ સર્વજ્ઞસ્વભાવી છું. મારો દ્રવ્ય સર્વજ્ઞ સ્વભાવ છે. જાણવું-દેખવું. પલટવું થયું તો પલટવામાં એક અવસ્થા ગઈ, નવી ઉત્પન્ન થઈ અને વસ્તુ રહી. એવી પર્યાય જેને પ્રાપ્ત થઈ, વ્યક્ત પર્યાય તે સર્વજ્ઞ છે. હું અવ્યક્ત સર્વજ્ઞ થયો. છું એવું ભાન થયું તો એક સમયમાં ત્રણ અહીંયા છે, એવા એક સમયમાં ત્રણ ત્યાં પ્રગટ પ્રત્યક્ષ છે. સમજાણું કાંઈ?

**'એવી જ રીતે ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યોનું અને દ્રવ્યનું અસ્તિત્વ...'** નામ હોવાપણું **'એક જ છે; કારણ કે ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યો દ્રવ્યથી જ નીપજે છે,...'** ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય. પહેલા ગુણ-પર્યાયની વાત કરી હતી. પછી, ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય દ્રવ્યથી-વસ્તુથી ઉત્પન્ન થાય છે. ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય દ્રવ્યથી ઉત્પન્ન થાય છે. ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યના દ્રવ્ય જ કર્તા, કરણ અને આધાર છે. **'અને દ્રવ્ય ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યોથી જ નીપજે છે.'** અને વસ્તુ એ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યથી (નીપજે છે). બે બોલ લીધાને? એક ગુણ-પર્યાય લીધો, અને એક ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય લીધા. બે બોલ લીધા. પહેલા છ બોલ લીધા હતા. સ્વભાવ અસ્તિત્વ, ગુણ-પર્યાય, ઉત્પાદ-વ્યય અને ધ્રૌવ્ય એવા છ બોલ લીધા હતા. અસ્તિત્વ તો એનો ત્રિકાળી ગુણ થયો. એકરૂપ સ્વભાવ. પછી ગુણ. એમાં અસ્તિત્વગુણ આદિ અનંત ગુણ આવ્યા, વિસ્તાર. પર્યાય લાંબી. અને ઉત્પાદ-વ્યય પર્યાય અહીંયા સામાન્ય કહી હતી, એના ભેદ પાડીને એ પર્યાયના બે ભેદ કર્યા, ઉત્પાદ-વ્યય. અને ગુણ જે કહ્યા હતા તેને ધ્રૌવ્ય કહ્યું.

જેમ ગુણ-પર્યાય વિના દ્રવ્ય નહિ, દ્રવ્ય વિના ગુણ-પર્યાય નહિ. એમ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય વિના

દ્રવ્ય નહિ, દ્રવ્ય વિના ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય નહિ. એમ અસ્તિત્વ વિના દ્રવ્ય નહિ અને દ્રવ્ય વિના અસ્તિત્વ નહિ. છએ બોલ આવી ગયા. સમજાણું કાંઈ? એ છ બોલ પહેલા આવી ગયા. કારણ કે ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યથી દ્રવ્ય જ ઉત્પન્ન થાય છે અને દ્રવ્ય ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યથી જ ઉત્પન્ન થાય છે. આહા..હા..! દ્રવ્યથી ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય ઉત્પન્ન થાય છે. ધ્રૌવ્ય ઉત્પન્ન થાય છે? ઉત્પન્ન થાય છે એમ લખ્યું છે. છે, દ્રવ્ય છે આ વસ્તુ તો ધ્રૌવ્ય છે એવી સિદ્ધિ થાય છે, એમ. એનું નામ ઉત્પન્ન. ખ્યાલમાં આવવું કે આ દ્રવ્ય છે તો ધ્રુવ છે, દ્રવ્ય છે તો ઉત્પાદ છે, દ્રવ્ય છે તો વ્યય છે. વ્યય અને ઉત્પાદ, ધ્રૌવ્ય છે તો દ્રવ્ય છે. **'આ પ્રમાણે સ્વરૂપ-અસ્તિત્વનું નિરૂપણ થયું.'** લો. પ્રત્યેક દ્રવ્યનું સ્વરૂપ-અસ્તિત્વ, નિજ સ્વરૂપનું હોવું આમ છે એવું કથન કર્યું છે. હવે ૯૭-૯૮ જરી ઓલી પડશે, ૯૯ લઈએ. એમાં સાદૃશ્ય-અસ્તિત્વની વાત છે, ૯૭માં. અને ૯૮માં સત્તા અને દ્રવ્ય, બે ભિન્ન નથી (એમ કહે છે). હવે, ૯૯-૯૯. શેઠિયા આવવાના હતા ત્યારે ૯૯ ગાથા આવી હતી. તમારી હયાતીમાં અહીંયા ક્યારેય ૯૯ ગાથા સાંભળી હતી? ૯૯ ગાથા સાંભળી હતી કોઈવાર? ખબર નથી? ૯૯ ચાલી હતી કોઈવાર? જ્ઞાનચંદજી! ખબર નથી.

હવે, એમ દર્શાવે છે... ૯૭માં એ આવ્યું.. ૯૬માં સ્વરૂપ-અસ્તિત્વ કહ્યું, જે કહ્યું ઇ. ૯૭માં સાદૃશ્ય-અસ્તિત્વ (કહ્યું). છે.. છે.. છે.. બધા. મહાસત્તા અપેક્ષાએ છે.. છે. કોઈ છે અને કોઈ નથી એમ નથી.. બધા છે. અનંત આત્મા છે, અનંત (પરમાણુ છે), પણ બધા છેમાં સમાઈ જાય છે. છેની બહાર કોઈ નથી રહેતું કે કોઈ છે અને કોઈ નથી. એમ ૯૭માં સાદૃશ્ય-અસ્તિત્વ બતાવ્યું. અને ૯૮માં અસ્તિત્વ સ્વભાવથી દ્રવ્ય ભિન્ન નથી અને દ્રવ્ય અસ્તિત્વગુણથી ભિન્ન નથી. એ ૯૮માં કહ્યું. હવે ૯૯માં જરી સૂક્ષ્મ અધિકાર ચાલે છે.

**'હવે ઉત્પાદવ્યયધ્રૌવ્યાત્મક...'** 'આત્મક' શબ્દ છેને? ધ્રુવસ્વરૂપ **'હોવા છતાં દ્રવ્ય 'સત્' છે એમ દર્શાવે છે.'** દ્રવ્ય સત્ છે.

**सदवट्ठिदं सहावे दव्वं दव्वस्स जो हि परिणामो।**
**अत्थेसु सो सहावो ठिदिसंभवणाससंबद्धो।।९९।।**

એની ટીકા. અન્વયાર્થ છે એ જ પહેલી ટીકા છે.

**'ટીકા :- અહીં (વિશ્વને વિષે)...'** જુઓ! અહીંયા વિશ્વમાં સમસ્તપણાના પદાર્થને અહીંયા વિશ્વ કહે છે. વિશ્વ એકને ન કહેવાય. વિશ્વ (એટલે) સમસ્ત. સમસ્ત અનંત આત્મા, અનંત પરમાણુ આદિ વિશ્વમાં **'સ્વભાવમાં નિત્ય અવસ્થિત હોવાથી...'** પ્રત્યેક દ્રવ્ય પોતાના સ્વભાવમાં નિત્ય ટકવાવાળું-અવસ્થિત હોવાથી **'દ્રવ્ય 'સત્' છે.'** શું કહે છે? પ્રત્યેક પદાર્થ પોતાના સ્વભાવમાં નિત્ય ટકેલો છે તે કારણે તે પદાર્થને સત્ છે એમ કહેવામાં આવે છે. સત્.. સત્. પહેલા સ્વભાવમાં નિત્ય અવસ્થિત હોવાથી દ્રવ્ય સત્ છે એમ કહ્યું. હવે સ્વભાવ શું છે? કે જે સ્વભાવમાં નિત્ય અવસ્થિત દ્રવ્ય સત્ છે તે સ્વભાવ શું છે? સમજાણું કાંઈ?

પ્રત્યેક આત્મા ભિન્ન-ભિન્ન આત્મા અને જુદા જુદા પરમાણુ, એ બધા સ્વભાવમાં નિત્ય

અવસ્થિત, નિત્ય અવસ્થિત-હોવું, નિત્ય ટકવું એવા હોવાથી વસ્તુ-દ્રવ્ય સત્ છે. સ્વભાવ શું? સમજાણું કાંઈ? વિશ્વમાં અનંત આત્મા અને અનંત પરમાણુ, કાળાણુ અસંખ્ય, એક એક ધર્માસ્તિ, એ સ્વભાવમાં, પોતાનો સ્વ-ભાવ, પોતાના ભાવમાં નિત્ય કાયમ ટકવાથી, અવસ્થિત-હોવાથી, નિત્ય અવસ્થિત, નિત્ય એવું ને એવું રહેવાથી તે દ્રવ્ય સત્ છે. આ કારણે દ્રવ્ય સત્ છે એમ કહેવામાં આવે છે. સ્વભાવ શું કે જે સ્વભાવને (કારણે) નિત્ય દ્રવ્ય સત્ કહે છે?

**'સ્વભાવ દ્રવ્યનો ધ્રૌવ્ય-ઉત્પાદ-વિનાશની એકતાસ્વરૂપ...'** જુઓ! અહીંયા ફેર પાડ્યો. પહેલા ઉત્પાદ-વ્યય-ધ્રુવ કહ્યું હતુંને? સમજાણું કાંઈ? પાઠમાં એમ છે, **'ठिदिसंभवणाससंबद्धो'** **'ठिदि'** એટલે ધ્રુવ. પહેલું લીધું. આ ૯૯ ગાથાના (પ્રવચન) જ્ઞેય-જ્ઞાયકસ્વભાવમાં આવી ગયા છે. જ્ઞેય-જ્ઞાયકસ્વભાવ છેને? પુસ્તક છે? જ્ઞેય-જ્ઞાયકસ્વભાવ. જ્ઞાનસ્વભાવ-જ્ઞેયસ્વભાવ એમાં આવ્યા છે. પુસ્તક છેને? હિન્દીમાં છે કે ગુજરાતીમાં? હિન્દીમાં છે. .... હારનો દૃષ્ટાંત નથી હાર? ઇ આવશે. લટકતો હાર. શું કહ્યું?

**'(વિશ્વને વિષે) સ્વભાવમાં નિત્ય...'** કાયમ **'અવસ્થિત...'** ટકવાપણું **'હોવાથી દ્રવ્ય 'સત્' છે.'** આ કારણે દ્રવ્ય છે, સત્ છે. અસ્તિપણું દ્રવ્ય ધારણ કરે છે. **'સ્વભાવ દ્રવ્યનો...'** જે સ્વભાવમાં નિત્ય અવસ્થિત રહે છે તે સ્વભાવ શું? **'ધ્રૌવ્ય-ઉત્પાદ-વિનાશની એકતાસ્વરૂપ પરિણામ છે.'** પ્રત્યેક દ્રવ્યનો ધ્રૌવ્ય, ધ્રુવનો ધ્રુવભાવ થયોને? ઉત્પાદ અને વ્યય, વ્યયનો અર્થ વિનાશ. નાશ શબ્દ પડ્યો છેને? ધ્રુવ, **'संभव'**, **'संभव'** નામ ઉત્પાદ. **'ठिदि'** નામ દ્રવ્ય, નાશ નામ વિનાશ. એ વિનાશની એકતાસ્વરૂપ પરિણામ છે. પરિણામ શબ્દે ગુણ. સ્વભાવમાં દ્રવ્ય નિત્ય અવસ્થિત હોવાથી સત્ છે. સ્વભાવ ધ્રુવ-ઉત્પાદ-વિનાશની એકતાસ્વરૂપ પરિણામ છે. ત્રણેની એકતાસ્વરૂપ એ અસ્તિત્વ નામનો ગુણ છે. પરિણામ શબ્દે ત્રણેનો એકરૂપ ગુણ. ગુણને અહીંયા પરિણામ કહેવામાં આવ્યું છે. સમજાણું કાંઈ?

હવે, અમૃતચંદ્રાચાર્ય, પરિણામની વ્યાખ્યા મૂળમાં છે, અમૃતચંદ્રાચાર્ય ક્ષેત્રની વ્યાખ્યા સિદ્ધ કરીને પરિણામની વ્યાખ્યા સિદ્ધ કરશે. સમજાણું કાંઈ? **'परिणामः अर्थेषु स स्वभावः'** પદાર્થનો સ્વભાવ એમ છેને? ભાઈ! પરિણામની વ્યાખ્યા છે. ક્ષેત્રની નથી. ક્ષેત્રનો તો દૃષ્ટાંત આપે છે અમૃતચંદ્રાચાર્ય. પાઠમાં સિદ્ધ કરવું છે સ્વભાવમાં નિમિત્ત કોનું થયું, દ્રવ્ય સત્ છે. સ્વભાવ દ્રવ્ય, ઉત્પાદ અથવા દ્રવ્ય .. એની એકતારૂપ, એકતારૂપ પરિણામ નામ દરેક દ્રવ્યનો એ ગુણ છે. આજે જરી ઝીણું પડશે થોડું. માલચંદજી!

હવે કહે છે કે **'જેમ દ્રવ્યનું વાસ્તુ...'** નીચે (ફૂટનોટ). **'દ્રવ્યનું વાસ્તુ=દ્રવ્યનો સ્વ-વિસ્તાર; દ્રવ્યનું સ્વ-ક્ષેત્ર; દ્રવ્યનું સ્વ-કદ; દ્રવ્યનું સ્વ-દળ'** આત્મા અને પરમાણુનું ક્ષેત્ર, ક્ષેત્ર, પહોળાઈ ક્ષેત્ર. **'(વાસ્તુ = ઘર...'** દ્રવ્યનું ઘર, દ્રવ્યનું સ્થાન, દ્રવ્યનો આશ્રય, દ્રવ્યની ભૂમિ. પ્રત્યેક આત્મા અને પરમાણુની ભૂમિ, એનું ક્ષેત્ર, એનું નિવાસસ્થાન, એનું ઘર. સમજાણું કાંઈ? એનું રહેઠાણ એ સ્વદળ. દ્રવ્યનું સ્વદળ. એક આત્મા અસંખ્યપ્રદેશી, પરમાણુ એકપ્રદેશી, આકાશ અનંતપ્રદેશી

વગેરે. એક સમયમાં, હોં! જરી ઝીણા બોલ આવશે. **'જેમ દ્રવ્યનું વાસ્તુ...'** વાસ્તુ નામ સ્વ-વિસ્તાર, વાસ્તુ નામ સ્વ-ક્ષેત્ર, દરેક પદાર્થનો સ્વ-આકાર અથવા સ્વ-દળ અથવા ભૂમિ, રહેવાનું સ્થાન. રહેવાના સ્થાનનો અર્થ? આકાશમાં રહે એ સ્થાન નહિ, પોતાનું રહેવાનું સ્થાન પોતાના ક્ષેત્રમાં દ્રવ્યનું છે. આત્માનું સ્વક્ષેત્ર અસંખ્ય પ્રદેશ, આકાશનું સ્વક્ષેત્ર અનંત પ્રદેશ, પરમાણુનું સ્વક્ષેત્ર એક (પ્રદેશ). ધર્માસ્તિ, અધર્માસ્તિનું સ્વક્ષેત્ર અસંખ્ય પ્રદેશ, કાળાણનું સ્વક્ષેત્ર-ભૂમિ એક પ્રદેશ. સમજાણું કાંઈ?

**'દ્રવ્યનું વાસ્તુ સમગ્રપણા વડે (અખંડપણા વડે) એક હોવા છતાં,...'** જેમ આત્મા, લ્યો. આત્મા પોતાના અસંખ્ય પ્રદેશથી સ્વક્ષેત્રમાં, સ્વભૂમિમાં, સ્વદળમાં સમસ્ત એક છે અસંખ્યપ્રદેશી. સમજાણું કાંઈ? અખંડપણે, સમગ્રપણે, અખંડતાથી એક હોવા છતાં. વસ્તુ તરીકે અસંખ્ય પ્રદેશી એક અખંડ, પણ **'વિસ્તાર-ક્રમમાં...'** એના વિસ્તાર-ક્રમમાં ફેલાયેલા અસંખ્ય પ્રદેશ. એક આત્મામાં એક સમયમાં અસંખ્ય પ્રદેશ જે ફેલાયેલા છે, **'વિસ્તાર-ક્રમમાં પ્રવર્તનારા તેના જે સૂક્ષ્મ અંશો...'** છે. સૂક્ષ્મ અંશ. એક પરમાણુ જેટલી જગ્યાને રોકે તેને પ્રદેશ કહે છે. એક અંશને પ્રદેશ કહેવામાં આવે છે. શું કહે છે? આ તો દૃષ્ટાંત છે, હોં! એઇ..! દેવાનુપ્રિયા! શું (કહ્યું)? દૃષ્ટાંત છે. સિદ્ધાંત તો પછી કહેવો છે પરિણામનો. દૃષ્ટાંત આકરો એમ કહે છેને.

ભગવાન આત્મા, એમ અનંત પ્રદેશી આકાશ, અસંખ્યપ્રદેશી ધર્માસ્તિ, અધર્માસ્તિ, એક પ્રદેશી કાળાણુ અને એક પ્રદેશી પરમાણુ એ બધા પોતાના સ્વક્ષેત્રમાં છે. તો કહે છે, અખંડપણે આત્મા અસંખ્યપ્રદેશમાં હોવા છતાં, આકાશ અનંત પ્રદેશરૂપ એકરૂપ અખંડ હોવા છતાં, તેમ ધર્માસ્તિ અસંખ્ય પ્રદેશરૂપ એકરૂપ હોવા છતાં, અધર્માસ્તિ અસંખ્ય પ્રદેશરૂપ એકરૂપ હોવા છતાં અને પરમાણુ અને કાળાણુ તો એકપ્રદેશી અખંડ છે. એ વાસ્તુ સમગ્રપણે એક હોવા છતાં વિસ્તાર-ક્રમમાં, પણ આ પહોળાઈના ક્રમમાં, ફેલાયેલા ક્રમમાં.

સાંકળી હોય છેને? સોનાની સાંકળી નથી હોતી? શું કહે છે તમારે? એકમાં ફેલાયેલા પાંચસો મકોડા હોય છેને? મકોડા. મકોડા કહે છે? શું કહે છે? કડી, કડી. પાંચસો કડી છે. એ પાંચસો કડીની સાંકળી તો એક છે. ... એમાં શું છે? આ કડીમાં એક કડીમાં બીજી કડી ભરાવી દીધી છે. એવું અહીંયા નથી. એક એક એક.. એવા અસંખ્ય પ્રદેશ જીવના, આકાશના અનંત. તો એક એક કડી એવા પ્રદેશ ગણવા. અને હારની સળંગ સાંકળને અખંડ ગણવી. અને એમાં પીળાશ, ચીકાશ આદિ છે, એમ આત્મામાં જ્ઞાન, દર્શન એને ગુણ કહેવા. હવે આત્મા અખંડપણે સમગ્રપણે ક્ષેત્રથી તો એક છે, અસંખ્ય પ્રદેશ તરીકે. પણ વિસ્તાર-કર્મમાં પ્રવર્તનારા એના જે સૂક્ષ્મ અંશ છે તે પ્રદેશ છે. તેને પ્રદેશ કહે છે. બરાબર છે? ક્ષેત્રનો નાનામાં નાનો ભાગ એને પ્રદેશ કહે છે. દરેક દ્રવ્યની ભૂમિ એકરૂપ છે. એના નાનામાં નાના અંશને પ્રદેશ કહેવામાં આવ્યા છે. **'તેમ...'** હવે તેવી રીતે. હવે દ્રવ્યમાં ચાલશે થોડું.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## આસો સુદ-૧૪, બુધવાર, તા. ૨-૧૦-૧૯૬૩
## ગાથા-૯૯, પ્રવચન-૯૨

આ પ્રવચનસાર, જ્ઞેયતત્ત્વ અધિકાર, એની ૯૯ ગાથા ચાલે છે. બે નવડા આવ્યા છે, બે નવ. વાત ઘણી (ઝીણી છે). જ્ઞેયનો શું સ્વભાવ છે? જીવનો, જડનો. એક દ્રવ્ય પોતાના ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય સ્વભાવમાં રહે છે તેને સત્ નામ દ્રવ્ય કહે છે. તેની અહીંયા વ્યાખ્યા છે. જુઓ ટીકા ફરીને.

**'અહીં (વિશ્વને વિષે) સ્વભાવમાં નિત્ય અવસ્થિત હોવાથી દ્રવ્ય 'સત્' છે.'** એ ગાથાનો અર્થ છે. મૂળ ગાથાનો અર્થ છે. આ વિશ્વમાં સ્વભાવમાં, સ્વભાવ કોણ? કે ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય કહેશે, સ્વભાવમાં નિત્ય ટકતો હોવાથી દ્રવ્ય તે જ સત્ છે. અને સ્વભાવ દ્રવ્યનો એ સ્વભાવ શું? કે પ્રત્યેક દ્રવ્યનો સ્વભાવ **'ધ્રૌવ્ય-ઉત્પાદ-વિનાશની એકતાસ્વરૂપ પરિણામ છે.'** પ્રત્યેક દ્રવ્યમાં ધ્રુવપણે રહેવું, નવી અવસ્થાનું ઉત્પન્ન થવું, જૂની અવસ્થાનું તે જ સમયે વ્યય-નાશ થવો અને ત્રણેની એકતાસ્વરૂપ ગુણ, એ ગુણ ધરનાર દ્રવ્યસ્વભાવ તે ગુણને ધારે છે માટે દ્રવ્યને સત્ કહે છે. બહુ સૂક્ષ્મ વાત છે, શેઠ! બહુ ઝીણી નજર કરશો તો ખ્યાલ આવશે. હવે એક દૃષ્ટાંત ઉપાડે છે. આ તો શબ્દાર્થ કર્યો. પછી એનો સિદ્ધાંત પછી ઉતારશે. પહેલા તો દૃષ્ટાંત કહે છે. દૃષ્ટાંત પણ, અમારે પ્રેમચંદભાઈ કહે છે, બહુ ઝીણા પડે છે.

**'જેમ દ્રવ્યનું...'** દ્રવ્ય નામ વસ્તુ. આત્મા, પરમાણુ, ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ, કાળ. **'દ્રવ્યનું વાસ્તુ...'** વાસ્તુ નામ પહોળાઈ, ક્ષેત્ર, વસ્તુની ભૂમિ, વસ્તુનું ક્ષેત્ર. વસ્તુ કેટલામાં ફેલાયેલી છે તેને વાસ્તુ કહે છે. દ્રવ્યનું વાસ્તુ. છેને નીચે? **'દ્રવ્યનું વાસ્તુ = દ્રવ્યનો સ્વ-વિસ્તાર, દ્રવ્યનું સ્વ-ક્ષેત્ર,...'** દ્રવ્યનો સ્વ-આકાર. આકાર પણ આખી ભૂમિનો છે. આકારની ઉપલી પર્યાય એટલું નહિ. આકારનો અર્થ વસ્તુની ઉપલી, ઉપલીને શું કહે છે? ઉપરની, આકૃતિ એટલું નહિ, બધામાં આકાર છે. આખા પ્રદેશમાં, જે દ્રવ્યમાં પૂરું ક્ષેત્ર છે એ બધામાં એનો આકાર છે. સુમેરુમલજી! સમજાણું કાંઈ? શું કહે છે? **'જેમ દ્રવ્યનું...'** વસ્તુનું **'વાસ્તુ...'**

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, કદ કર્યું, કદ કર્યું. હા, કદ કર્યો છે. બરાબર છે. કદ, આકાર કર્યો છે, બરાબર છે. શું આકાર?

વસ્તુ છેને? જેમ આત્મા, લ્યો. આત્મા, આત્મા ઉપર ઠીક પડશે. છે તો છએ દ્રવ્યનો. આત્મા છે તે વસ્તુ અને તેનું વાસ્તુ. દ્રવ્ય કહો કે વસ્તુ કહો, એનું વાસ્તુ. વાસ્તુ નામ દ્રવ્યનો સ્વ-વિસ્તાર. અસંખ્ય પ્રદેશ વિસ્તાર છેને? એ દ્રવ્યનું સ્વ-ક્ષેત્ર અસંખ્ય પ્રદેશ એક સમયમાં, હોં! દ્રવ્યનો સ્વ-આકાર. આખા પ્રદેશનો આકાર. આ શરીર પ્રમાણે ઉપર ઉપર આકૃતિ દેખાય છે એટલું નહિ,

અસંખ્ય પ્રદેશમાં આકાર રહે છે. પ્રદેશત્વગુણ છે કે નહિ? તો પ્રદેશત્વગુણનો આકાર પણ બધા પ્રદેશોમાં, આખી ભૂમિમાં, આખા ક્ષેત્રમાં રહે છે. સૂક્ષ્મ આવશે. બુદ્ધિવાળા છેને સુમેરુમલજી. શું (કહે છે)? જુઓ!

**'જેમ દ્રવ્યનું...'** નામ વસ્તુનું **'વાસ્તુ...'** દ્રવ્યનું સ્વ-દળ. સ્વ-આકાર તે દળ કર્યું છે. વાસ્તુ નામ દ્રવ્યનું ઘર, ભૂમિ. વસ્તુનો નિવાસ, દ્રવ્યનો નિવાસ અને વસ્તુનો આશ્રય, ભૂમિ. ઓહો..હો..! ઘરનું મકાન લે છે તેને ઘર કહે છે. આત્મા, એવા અનંત પદાર્થ દ્રવ્ય જે છે વસ્તુ, વસ્તુ કહો કે દ્રવ્ય કહો, તેનું વાસ્તુ કહો કે એની ભૂમિ નામ ક્ષેત્ર કહો. વસ્તુ દ્રવ્યનું વાસ્તુ ક્ષેત્ર. સમજાણું કાંઈ? માલચંદજી! જરી નજર કેળવવી પડે એવી આ ગાથા છે. તો કહે છે કે પ્રત્યેક આત્મા, પ્રત્યેક પરમાણુ, પ્રત્યેક ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ અને કાળ. કાળ અને પરમાણુ એક એક (પ્રદેશી) છે. ધર્માસ્તિ, અધર્માસ્તિ, જીવમાં અસંખ્ય પ્રદેશ છે અને આકાશમાં અનંત છે. પ્રત્યેક દ્રવ્ય એનું વાસ્તુ, એનું ક્ષેત્ર, એની ભૂમિ સમગ્રપણે અખંડપણા વડે **'એક હોવા છતાં...'** જેમ આત્મા અસંખ્યપ્રદેશી. એક પોંઈટ છેને પરમાણુ, ટૂકડો એ જેટલી જગ્યાને રોકે તે અંશને પ્રદેશ કહે છે. એવા અસંખ્યપ્રદેશી એક અખંડ વસ્તુ આત્મા છે. આવી અસંખ્યપ્રદેશી અખંડ એક વસ્તુ છે. કાલે સાંકળીનું દૃષ્ટાંત આપ્યું હતુંને? શું કહે છે તમારે? જંજીર. જંજીર તો બાંધે છે.

**'દ્રવ્યનું વાસ્તુ સમગ્રપણા વડે (અખંડપણા વડે) એક હોવા છતાં,...'** સામાન્યપણે એક આત્મા અસંખ્ય પ્રદેશ અખંડ એક હોવા છતાં, તેમ આકાશ સામાન્યપણે એક અખંડ અનંતપ્રદેશી એક હોવા છતાં. એમ બધામાં લેવું. સમજાણું કાંઈ? **'વિસ્તાર-ક્રમમાં પ્રવર્તનારા...'** એ આત્મા જેમ અસંખ્ય પ્રદેશ અખંડ એકરૂપ હોવા છતાં વિસ્તાર-ક્રમ, વિસ્તાર-ક્રમમાં પ્રવર્તનારા **'તેના જે સૂક્ષ્મ અંશો...'** છે. શું? વિસ્તાર-ક્રમમાં પ્રવર્તનારા તેના સૂક્ષ્મ અંશ છે **'તે પ્રદેશો છે.'** અસંખ્ય પ્રદેશ સમગ્રપણે એક છે. પણ વિસ્તારમાં એક એક પ્રદેશ છે, એક પરમાણુ જેટલી જગ્યા રોકે તે વિસ્તાર-ક્રમમાં, વિસ્તાર-ક્રમમાં... વિસ્તારવિશેષ ગુણ કહ્યા હતાને? તો વિસ્તારવિશેષ ગુણ, પ્રદેશત્વ પણ એક ગુણ છે. તે જ વિસ્તારવિશેષ અસંખ્ય પ્રદેશમાં એકરૂપ વ્યાપક છે. જે જે ગુણ છે (તે વ્યાપક છે). હવે એમાં એક એક અંશ અહીંયા જુદા પાડવા છે. એક એક અંશમાં આખો પ્રદેશત્વગુણ સમાઈ નથી જતો. પ્રદેશત્વગુણ તો અસંખ્ય પ્રદેશમાં વિસ્તારપણે ફેલાયેલો છે. પણ અહીંયા તો એના એક એક અંશની હવે વાત કરવી છે.

**'વિસ્તાર-ક્રમમાં...'** વિસ્તાર-ક્રમ. આમ ક્રમ નહિ, એક પછી એક અવસ્થા થાય એ ક્રમ નહિ. **'વિસ્તાર-ક્રમમાં...'** વિસ્તાર-ક્રમ સમજ્યા? અસંખ્ય પ્રદેશ એકસાથે છે તો એમાં એક પ્રદેશ, બીજો પ્રદેશ, ત્રીજો, ચોથો એમ વિસ્તાર-ક્રમ, વિસ્તાર-ક્રમ થયો. વિસ્તારનું એક પછી એક હોવું. **'વિસ્તાર-ક્રમમાં પ્રવર્તનારા જે સૂક્ષ્મ અંશો...'** છે. અખંડ સમગ્રપણે એક વસ્તુ અસંખ્યપ્રદેશી જીવ હોવા છતાં વિસ્તાર-ક્રમમાં પ્રવર્તનારો તેનો નાનો અંશ છે, સૂક્ષ્મ અંશ છે તેને પ્રદેશ કહે છે. વાત બરાબર સમજાણી? શેઠી!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- અહીંયા તો વિસ્તાર બીજો સમજાવવો છે. પ્રદેશત્વગુણને નથી સમજાવવો.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- નહિ, નહિ. સાંભળો, સાંભળો! આ વાત બીજી છે. અહીં તો પ્રદેશોને સમજાવવા છે, પ્રદેશત્વગુણને નથી સમજાવવો. સૂક્ષ્મ વાત છે ઘણી.

અસંખ્ય પ્રદેશ જે છે (તે) સમગ્રપણે એક (છે). વસ્તુ તરીકે એક છે. આમ વસ્તુ તરીકે એક, આમ અસંખ્ય ભેદ ન પાડો તો. હવે એના વિસ્તાર-ક્રમમાં, પ્રદેશની વિસ્તારની પહોળાઈમાં, વિસ્તારનો ક્રમ પડે છે એમાં. જુઓ! આ આંગળી છેને પાંચ? જુઓ! તો સમગ્રપણે તો એક છે કે નહિ? પણ એના વિસ્તાર-ક્રમમાં એક, બે, ત્રણ, ચાર, પાંચ. વિસ્તાર-ક્રમ થઈ ગયો કે નહિ? વિસ્તાર-ક્રમ. એમ આત્મામાં અસંખ્ય પ્રદેશ એકરૂપ છે, છતાં એક, બે, ત્રણ, ચાર, પાંચ.. એમ અંશ.. અંશ.. અંશ.. વિસ્તાર-ક્રમ થયો કે નહિ? સમજાણું કાંઈ?

**'વિસ્તાર-ક્રમમાં પ્રવર્તનારા...'** પ્રવર્તનારા, વર્તવાવાળા. વિસ્તાર-ક્રમમાં વર્તવાવાળા. **'તેના...'** તેના એટલે વિસ્તાર-ક્રમમાં જે અસંખ્ય પ્રદેશ છે એક જીવના, આકાશના અનંત, **'તેના જે સૂક્ષ્મ અંશો તે પ્રદેશો છે,...'** અહીંયા તો હજી દૃષ્ટાંત આપવો છે, પરિણામને સિદ્ધ કરવામાં. પરિણામને સિદ્ધ કરવામાં પ્રદેશનો દૃષ્ટાંત આપે છે. અને બેયનો દૃષ્ટાંત આપીને પછી દ્રવ્યમાં ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યવાળું દ્રવ્ય છે, એ ગાથામાં પછી સિદ્ધ કરશે. અભ્યાસ નહિ, શેઠ! વ્યાજ કાઢવું હોય તો કેટલું કાઢે? દસ લાખ આપ્યા હોય છ આના તરીકે. તો દિન પ્રત્યે ચક્રવૃદ્ધિ વ્યાજ કાઢે. ચક્રવૃદ્ધિ સમજો છો? એક દિવસનું વ્યાજ કાઢે, પછી બીજા દિવસનું એના ઉપર વ્યાજ (ચડાવે). શોભાલાલજી!

આ શું છે આત્મા? વસ્તુ છે. આમ ભાવમાં ખ્યાલ આવવો જોઈએને એને. પદાર્થ છે અને એના વિસ્તાર-ક્રમમાં આમ એક પછી એક વિસ્તાર ફેલાયેલા પ્રદેશમાં પ્રવર્તનારા તેનો નાનામાં નાનો અંશ છે તે પ્રદેશ છે. એટલા સિદ્ધાંત સિદ્ધ કર્યો. **'તેમ...'** હવે તેમ. જેમ વસ્તુના વિસ્તાર-ક્રમમાં અખંડ વસ્તુ એક હોવા છતાં વિસ્તાર-ક્રમમાં, પ્રવર્તનારા સૂક્ષ્મ નાનો ભાગ તેને અંશને પ્રદેશ કહે છે. આટલી વાત સિદ્ધ કરી. **'તેમ દ્રવ્યની વૃત્તિ સમગ્રપણા વડે એક હોવા છતાં,...'** હવે પર્યાયની-પરિણામની વાત કરે છે. પહેલા ક્ષેત્રની વાત કરી. આત્મામાં, પ્રત્યેક દ્રવ્યમાં-આત્મા, પરમાણુ, કાળાણુ, આકાશ વગેરે. દ્રવ્યની-વસ્તુની **'વૃત્તિ...'** જુઓ! સમજાણું કાંઈ? અહીંયા અર્થ કર્યોને પહેલા? વૃત્તિનો અર્થ ક્યાં છે? એઇ..! ગુજરાતીમાં નથી. છે? આમાં કેમ કર્યો નથી? .. હિન્દી લોકોને. સમજ્યા વિના કાઢી નાખે. આ હિન્દી લોકોને આવડે. પૂછો શેઠને. આ શેઠ રહ્યા. **'વૃત્તિ = વર્તવું તે; હોવું તે; હોવાપણું; હયાતી.'** એમ લખ્યું છે, જુઓ! એમાંથી કાઢી નાખ્યું છે, સમજ્યા વિના. આ હિન્દીવાળા રહ્યા, અમારે ધર્મચંદભાઈ ને. આ શેઠ લીધા અને એક ડોક્ટર લીધા.

**'તેમ દ્રવ્યની વૃત્તિ...'** અર્થાત્ દ્રવ્યનું અસ્તિત્વ અથવા દ્રવ્યનું ટકવું તે ટકવું **'સમગ્રપણા વડે**

**એક હોવા છતાં,...**' સમજાણું કાંઈ? લખ્યું છે કે નહિ એમાં? '**વર્તવું તે; હોવું તે; હોવાપણું; હયાતી.**' દ્રવ્યની હયાતી, ટકવું સમગ્રપણા વડે આખું પૂર્ણ દ્રવ્ય '**એક હોવા છતાં, પ્રવાહક્રમમાં પ્રવર્તનારા...**' હવે બીજું. પહેલા વિસ્તાર-ક્રમમાં પ્રવર્તનારા હતા પ્રદેશ-એક એક અંશ. હવે આ પ્રવાહક્રમ. એક પછી એક પ્રવાહક્રમ. પાણીમાં જેમ પ્રવાહ તરંગ ઉઠે છેને? એક પછી એક, એક પછી એક તરંગ. પ્રવાહક્રમ પાણીના પ્રવાહમાં. એમ દરેક દ્રવ્યમાં પ્રવાહ, પર્યાયનો પ્રવાહ, પરિણામનો પ્રવાહ. એક પછી એક પરિણામનો પ્રવાહ. '**પ્રવાહક્રમમાં પ્રવર્તનારા,...**' પ્રવાહક્રમમાં પ્રવર્તનારા '**તેના જે સૂક્ષ્મ અંશો તે પરિણામો છે.**' પર્યાય છે, એ પરિણામ છે.

મુમુક્ષુ :- ....

ઉત્તર :- ધારા, સદાય બધાની ધારા ચાલે છે. આ એની વાત ચાલે અત્યારે. એ.. મોહનભાઈ! ભાઈ શું કહે છે આ? એક પછી એક... પુણી હોયને પુણી? એક પછી એક પુણી સાંધ્યા જ કરે. એમ એક પછી એક પરિણામ દરેક દ્રવ્યમાં થયા જ કરે. દરેક ગુણના પરિણામ. ગુણ એક, પણ એના પ્રવાહક્રમમાં પરિણમવાવાળા અનંત પર્યાય, પ્રવાહક્રમમાં પરિણમવાવાળા. પ્રવાહ. પર્યાય લેવી છેને. પહેલા દ્રવ્યપર્યાય લીધી હતી ક્ષેત્રના દૃષ્ટાંતમાં. અને આ લીધો પ્રવાહક્રમ.

દ્રવ્યનું ટકવું સમગ્રપણા વડે એક હોવા છતાં પ્રવાહક્રમમાં પ્રવર્તનારા એક પછી એક પ્રવાહ પરિણામનો, પર્યાયનો, અવસ્થાનો, હાલતનો, હાલતના પ્રવાહક્રમમાં, પ્રવાહના ક્રમમાં એક પછી એક ઉત્પાદ ક્રમમાં પ્રવર્તનારા-વર્તવાવાળા '**પ્રવાહક્રમમાં પ્રવર્તનારા તેના જે સૂક્ષ્મ અંશો તે પરિણામો છે.**' એ સૂક્ષ્મ અંશ વિસ્તાર-ક્રમના તે પ્રદેશ, પ્રવાહક્રમના સૂક્ષ્મ (અંશો) તે પરિણામ. માંગીલાલજી! સમજાણું કાંઈ? સમજાય એવું છે ઝટ. આ તો સાદામાં સાદી ભાષા છે. કહો, સમજાણું કાંઈ? વચ્ચે કોઈ શાસ્ત્રભાષા ગૂઢ નથી કે આ વસ્તુ... દૃષ્ટાંત આત્માનો લઈએ તો બધાનું એ પ્રમાણે લઈ લેવું.

દ્રવ્ય એક હોવા છતાં, સમગ્રપણે અસંખ્ય પ્રદેશ એક હોવા છતાં તેના વિસ્તાર-ક્રમમાં પ્રવર્તનારા, હોવાવાળા નાના અંશને પ્રદેશ કહે છે. બસ! એમ વસ્તુ કાયમ ટકવાવાળી એક હોવા છતાં, કાયમ ટકવું એનું એક હોવા છતાં એમાં પ્રવાહક્રમ, ક્રમે ક્રમે પ્રવાહ-પરિણામની, પર્યાયની ધારા ચાલે છે તે પ્રવાહક્રમનો નાનામાં નાનો પ્રવર્તનારો જે અંશ છે તેને પરિણામ, પર્યાય, અવસ્થા, હાલત કહે છે. જ્ઞાનચંદજી! એ બુદ્ધિવાળાને ... જાય. બુદ્ધિવાળો જ કહેને, હા સમજે એટલે. સમજાણું કાંઈ?

બે વાત થઈ. શું બે વાત થઈ? એક આત્મા સમગ્ર પ્રદેશે એક હોવા છતાં તેના સૂક્ષ્મ વિસ્તાર-ક્રમમાં પ્રવર્તનારા અંશ જે છે તેને પ્રદેશ કહે છે. એમ પ્રવાહક્રમમાં ટકવાવાળું દ્રવ્ય તો ત્રિકાળ છે, છતાં પ્રવાહક્રમમાં પ્રવર્તનારા, રહેવાવાળા, રહેવાવાળા, થવાવાળા પ્રવાહક્રમમાં નાનામાં નાની પર્યાયનો અંશ તેને પરિણામ કહે છે. કહો, સમજાય છે કે નહિ? હવે બીજી વાત કહે છે થોડી. બે તો સિદ્ધ કરી-પ્રદેશ અને પરિણામ સિદ્ધ કર્યા.

**'જેમ વિસ્તારક્રમનું કારણ પ્રદેશોનો પરસ્પર વ્યતિરેક છે,...'** જેમ આત્મા અસંખ્ય પ્રદેશી (છે) તેનો વિસ્તાર-ક્રમ, આમ વિસ્તાર-ક્રમ (અર્થાત્) પ્રદેશ એક, બે, ત્રણ એમ અસંખ્ય. **'વિસ્તારક્રમનું કારણ પ્રદેશોનો...'** વિસ્તાર ક્રમ કેમ પડ્યો? ક્રમ કેમ પડ્યો? તો કહે છે, **'વિસ્તારક્રમનું કારણ પ્રદેશોનો પરસ્પર...'** જુદાઈ છે. એક પ્રદેશ બીજા રૂપ નથી, બીજો ત્રીજા રૂપ નથી, ત્રીજો ચોથારૂપ નથી. પ્રદેશ એક એકમાં બીજાનો અભાવ છે તેથી વિસ્તારક્રમના કારણમાં, વિસ્તારક્રમના કારણમાં પ્રદેશોની પરસ્પર ભિન્નતા છે માટે વિસ્તારક્રમ થયો છે. સમજાણું કાંઈ? એક પ્રદેશમાં શું કહેવું? એક જ પ્રદેશ હોય એમાં વિસ્તારક્રમમાં શું કહેવું? અહીંયા તો અસંખ્ય પ્રદેશ, આકાશના અનંત, એમ.

**'જેમ વિસ્તારક્રમનું કારણ...'** વિસ્તારનો ક્રમ. વિસ્તારમાં ક્રમ કહો ત્યાં એનું કારણ પ્રદેશોની પરસ્પર ભિન્નતા છે. વ્યતિરેક નામ ભિન્નતા છે. બીજા અર્થ કર્યા છે. જુઓ! **'વ્યતિરેક = ભેદ; (એકનો બીજામાં) અભાવ. (એક પરિણામ તે બીજા પરિણામરૂપ નથી તેથી દ્રવ્યના પ્રવાહમાં ક્રમ છે).'** એ પ્રવાહમાં ક્રમ લીધો. અહીંયા આમાં લેવું. **'જેમ વિસ્તારક્રમનું...'** પ્રવાહક્રમમાં પછી બગડો આવશે. વિસ્તારક્રમનું (કારણ)... શું કહે છે? વિસ્તારમાં ક્રમ કેમ પડ્યો? વિસ્તારક્રમ. એમાં એ આવ્યું કે એક પ્રદેશમાં બીજાનો અભાવ છે માટે વિસ્તારક્રમ થયો. એક જ પ્રદેશ હોય તો એમાં વિસ્તારક્રમ હોતો નથી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પ્રદેશ જુદા જુદા રહ્યા. વિસ્તારક્રમ.. સમજાણું? (વિસ્તારક્રમ)નું કારણ ફેલાયેલા, ફેલાયેલા પ્રદેશના ક્રમનું કારણ **'પરસ્પર વ્યતિરેક છે,...'** માંહોમાંહે ભેદ છે. એક પ્રદેશ બીજારૂપ નથી, બીજો ત્રીજારૂપ નથી, ત્રીજો ચોથારૂપ નથી. એવા અસંખ્ય પ્રદેશ એકરૂપ (છે), બીજારૂપ નથી. નહિ તો વિસ્તારક્રમ ન હોત. સમજાણું કાંઈ? ..ભાઈ! આ તો બહુ સાદી સાધારણ વાત છે, પણ માણસને અભ્યાસ ન મળેને એટલે જાણે માથું ભારે થઈ જતું હશે એવું લાગે.

**'જેમ વિસ્તારક્રમનું કારણ...'** જ્યારે વિસ્તાર-ક્ષેત્રની પહોળાઈ, પહોળાઈ કહ્યું એમાં ક્રમ પડ્યો એનું કારણ શું? કે પ્રદેશોમાં પરસ્પર વ્યતિરેક છે. એક પ્રદેશમાં બીજો નહિ, બીજામાં ત્રીજો નહિ, એમ બધા અસંખ્યમાં. એમ એક પછી એક એક પછી એક ભિન્નતા દર્શાવનારા વિસ્તારક્રમમાં પ્રદેશ પ્રદેશ દીઠ ભિન્નતા દર્શાવનારા, એક પ્રદેશમાં બીજો પ્રદેશ નથી, એવા વિસ્તારક્રમને તે વ્યતિરેક સિદ્ધ કરે છે. સમજાણું કાંઈ? ભિન્નતા સિદ્ધ કરે છે. સુમેરુમલજી! આ જૈનદર્શન સર્વજ્ઞ સિવાય ક્યાંય વાત જ નથી. સમજાણું કાંઈ? કાંતિભાઈ! સમજાય છે કે નહિ આ?

**'તેમ...'** **'તેમ...'**નો અર્થ શું? વિસ્તારક્રમ... ક્રમ કહ્યું એટલે એકમાં એક ન રહ્યું. વિસ્તારક્રમનું કારણ કોણ? એક પ્રદેશમાં બીજા પ્રદેશની જુદાઈ, ભિન્નતા એ વિસ્તારક્રમનું કારણ છે. સમજાણું કાંઈ? **'પરસ્પર વ્યતિરેક છે, તેમ પ્રવાહક્રમનું કારણ...'** દ્રવ્યમાં પરિણામ આમ ચાલે છે, એક

પછી એક, એક પછી એક પરિણામ. અનંત ગુણના એક સમયમાં અનંત પરિણામ, પણ આમ ક્રમે ક્રમે અનંત પરિણામ પ્રવાહક્રમમાં ચાલે છે. એ પ્રવાહક્રમનું કારણ **'પ્રવાહક્રમનું કારણ પરિણામોનો પરસ્પર વ્યતિરેક છે.'** એક પરિણામમાં બીજો નહિ અને બીજામાં ત્રીજો નહિ. એ પરિણામમાં એકબીજાનો (અભાવ છે). એક સમયના પરિણામમાં બીજા સમયનો નથી, બીજા સમયમાં ત્રીજો નથી, બધા ભિન્ન ભિન્ન પરિણામ છે. પ્રવાહક્રમનું કારણ પરિણામમાં જુદાઈ છે તે પ્રવાહક્રમને બતાવે છે.

મુમુક્ષુ :- એક સમયના પરિણામ..

ઉત્તર :- અત્યારે અહીંયા એ વાત નથી. અહીં તો વર્તમાનથી બીજું અને બીજાથી ત્રીજું. પ્રવાહક્રમની વાત લેવી છેને. એક પછી એક. અનંતગુણના એક સમયમાં અનંત પરિણામ છે એ વાત અહીંયા નથી લેવી. અહીં પ્રવાહક્રમ લેવો છે. એ તો એકસાથે અનંતગુણના પરિણામ છે. સમજાણું કાંઈ? એમ અહીંયા નથી લેવું, એનું અહીંયા કામ નથી. અહીંયા તો જેમ એક પ્રદેશ... વિસ્તારક્રમનો હેતુ એક પછી એક પ્રદેશમાં એકમાં બીજો નહિ અને બીજામાં ત્રીજો નહિ માટે વિસ્તારનો હેતુ થયો. વિસ્તારક્રમનું કારણ થયું. અને પ્રવાહક્રમનું કારણ, પ્રવાહ આમ ચાલે છે પર્યાય. દરેક દ્રવ્યની એક પછી બીજી, બીજી પછી ત્રીજી, ત્રીજી પછી ચોથી એમ અનાદિ. એમ...

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ધારાવાહી પ્રવાહ ચાલે છે. પ્રવાહક્રમનું કારણ પરિણામોનો, પર્યાયનો અવસ્થાનો, દશાનો (પ્રવાહક્રમ). ક્ષેત્રનો નહિ, આ કાળક્રમનો. દરેક દ્રવ્યમાં પ્રવાહક્રમ પરિણામ ચાલે છે. એ **'પ્રવાહક્રમનું કારણ પરિણામોનો પરસ્પર વ્યતિરેક છે.'** પરિણામનો અકબીજામાં અભાવ છે. એક સમયની પર્યાયમાં બીજા સમયની પર્યાયનો અભાવ છે. પહેલા સમયની પર્યાયનો અભાવ છે. ત્રીજા સમયમાં બીજા સમયના પરિણામનો અભાવ છે. સમજાણું કાંઈ? આ શેઠી આવે છે ત્યારે.. ૯૯ આપશું શેઠી આવશે એટલે, ત્યાં બરાબર... માલચંદજી! થોડું કંઈક નક્કી કરીને લઈ જવું છેને, કોઈ વિસ્તાર. આહા..હા..!

આચાર્યોએ જંગલમાં રહીને વસ્તુની સ્થિતિ, એનું ક્ષેત્ર અને એનો પ્રવાહ કેવો છે? સમય સમયના પરિણામ ભિન્ન અને એક એક પ્રદેશ પોતામાં પરથી ભિન્ન પ્રદેશ છે. ક્યાં છે આવી વ્યાખ્યા? સમજાણું કાંઈ? હવે એ સર્વજ્ઞની સાથે બીજાને મેળવે કે એમાં પણ સાધુ છે અને એમાં પણ ત્યાગી છે અને એમાં પણ સંત છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- થયોને, વિસ્તાર તો થયો, હજી વિસ્તાર આવશે. હજી આવશે, હજી તો તમારું મગજ ફરી જાશે એટલું આવશે. આ એક પેરેગ્રાફનો અર્થ થયો. એક પેરેગ્રાફની છેલ્લી લીટી છે. કેટલી? પાંચ.

પહેલા તો ગાથાનો અર્થ કર્યો કે વિશ્વમાં ટકવાવાળા દ્રવ્ય કાયમ હોવાથી દ્રવ્ય જ પોતાથી

સત્ છે. અને દ્રવ્યનો સ્વભાવ ધ્રૌવ્ય-ઉત્પાદ-વિનાશની એકતાસ્વરૂપ પરિણામ છે. એ ગાથાનો અર્થ કર્યો. સ્વભાવમાં ટકવાવાળો નિત્ય હોવાથી તેને સત્ દ્રવ્ય કહે છે. અને એ દ્રવ્ય ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યમાં રહે છે તે તેનો ગુણ છે. એ ગુણ એનો સ્વભાવ છે. દ્રવ્યનો સ્વભાવ ધ્રૌવ્ય-ઉત્પાદ-વિનાશની એકતાસ્વરૂપ પરિણામ છે. પરિણામ નામ ગુણ છે. એકલા ઉત્પાદ-વ્યય નથી. ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય ત્રણે મળીને અહીંયા પરિણામ કહ્યું છે. પરિણામ નામ અહીં ગુણ છે. સત્ નામનો ગુણ. એ સત્ નામનો ગુણના કારણે દ્રવ્ય પોતે સત્ છે. અને સત્માં ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય થાય છે તો દ્રવ્ય પણ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યવાળું છે. એમ અહીંયા સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ? ન સમજાય તો રાત્રે પૂછવું. શેઠી ક્યાં રાત્રે આવે છે. ઇ દિવસે આવે પાંચ-દસ મિનિટ. સમજાણું કાંઈ? એક વાત. ઇ ગાથાનો અર્થ થયો.

હવે, વસ્તુ એનું ક્ષેત્ર--વાસ્તુ વાસ્તુ સમગ્રપણે એક હોવા છતાં તેનો એક પછી એક વિસ્તારક્રમ, એક પછી એક પ્રવર્તનાર જે એનો નાનો અંશ છે, સૂક્ષ્મ અંશ છે તેને પ્રદેશ કહે છે. એ ક્ષેત્ર વિસ્તારક્રમમાં પ્રવર્તનારા નાના અંશને પ્રદેશ કહ્યું અને પ્રવાહક્રમમાં દ્રવ્ય એકરૂપ હોવા છતાં પ્રવાહક્રમમાં પ્રવર્તનારા નાના અંશને પરિણામ કહે છે. એટલું આવ્યું. હવે એ પ્રદેશ અને પરિણામ ભિન્ન ભિન્ન બતાવવા છે. તો વિસ્તારક્રમનું કારણ એક પ્રદેશમાં બીજા પ્રદેશનો અભાવ, વ્યતિરેક-ભિન્નતા એ વિસ્તારક્રમનું કારણ છે. પ્રવાહક્રમનું કારણ પરિણામ જે એક પછી એક ચાલે છે એ પ્રવાહક્રમનું કારણ, તેમાં પ્રવર્તનારા નાનામાં નાના સૂક્ષ્મ પરિણામ-અંશ તે પ્રવાહક્રમનું કારણ છે. સમજાણું કાંઈ? વિસ્તારક્રમનું કારણ પ્રદેશોનો પરસ્પર વ્યતિરેક છે. એક પ્રદેશમાં બીજાની જુદાઈ છે. એ વિસ્તારક્રમનું કારણ છે અને પ્રવાહક્રમનું (કારણ) પરિણામ પરસ્પર ભિન્ન છે (તે છે).

હવે, **'જેમ તે પ્રદેશો...'** હવે જુઓ! પહેલા પ્રદેશની ભિન્નતા બતાવી, પરિણામની ભિન્નતા બતાવી. હવે એક એક પ્રદેશમાં ઉત્પાદ લગાવે છે. સમજાણું કાંઈ? **'જેમ તે પ્રદેશો...'** તે પ્રદેશો એટલે સમુચ્ચય બધા પ્રદેશો. **'પોતાના સ્થાનમાં સ્વ-રૂપથી ઉત્પન્ન...'** એક પ્રદેશમાં લક્ષ કર્યું તો ઉત્પન્ન લક્ષમાં લીધો. તે પ્રદેશ છે એમ પ્રદેશની ભિન્નતા પોતાના સ્થાનમાં સ્વ-રૂપથી ઉત્પન્ન કહેવામાં આવે છે. એ પ્રદેશનું લક્ષ કર્યું. **'પૂર્વરૂપથી વિનષ્ટ...'** પહેલા પ્રદેશથી વિનષ્ટ. તે જ પ્રદેશને પહેલાના પ્રદેશની અપેક્ષાથી વિનષ્ટ કહેવો. બીજા પ્રદેશની અપેક્ષાથી. એ અપેક્ષાથી ઉત્પન્ન, બીજા પ્રદેશની અપેક્ષાથી વિનષ્ટ તે જ પ્રદેશને (કહેવાય). સમજાણું કાંઈ? સૂક્ષ્મ પડશે. ધ્યાન રાખવું પડે.

**'પ્રદેશ પોતાના સ્થાનમાં...'** જુઓ! આ. આ સ્થાન છે કે નહિ? જુઓને, આ એક મોતી. તો મોતીનું લક્ષ કર્યું તો પોતાના સ્થાનમાં તે ઉત્પન્ન છે, અને પૂર્વની અપેક્ષાથી વિનષ્ટ. પહેલાની અપેક્ષાથી અભાવ છે, આ અપેક્ષાથી ભાવ છે, આની અપેક્ષાથી અભાવ છે. સમજાણું કાંઈ? એક એક પ્રદેશ, (એવા) અસંખ્ય પ્રદેશ. જે પ્રદેશ પોતાના સ્થાનમાં રહેઠાણ એનું જે છે, જુઓ!

અહીંયા આ સ્થાન છેને? જુઓ! આ પહેલું. એનું સ્થાન ત્યાં જ છે. પોતાના સ્થાનમાં... છે તો એકસાથે, છે તો અસંખ્યપ્રદેશી. પણ એક પ્રદેશ ઉપર જ્યાં જ્યા નજર નાખો-લક્ષમાં લ્યો તો તે પ્રદેશ પોતાના સ્થાનમાં ઉત્પન્ન સ્વ-રૂપથી છે, પૂર્વ-રૂપથી નથી, વિનષ્ટ (છે).

**'તથા સર્વત્ર...'** સળંગને લક્ષમાં લ્યો તો ઉત્પન્ન-વિનષ્ટ ખ્યાલમાં નહિ આવે. છે.. છે.. છે.. બધા. **'તથા સર્વત્ર (બધેય) પરસ્પર અનુસ્યૂતિથી...'** પરસ્પર અનુસ્યૂતિ. **'અનુસ્યૂતિ = અન્વયપૂર્વક જોડાણ.'** સમજાણું કાંઈ? અહીંયા પ્રદેશમાં લેવું. અનુસ્યૂતિનો અર્થ કર્યો છેને. **'(સર્વ પરિણામો પરસ્પર અન્વયપૂર્વક)...'** પરિણામમાં નાખ્યું. અહીં અનુસ્યૂતિ એકડો નાખ્યો. આણે નાખ્યું છે, અનુસ્યૂતિ પછી એકડો લખ્યો છે. ભૂલ થઈ છે. તમે પરિણામમાં ઉતાર્યું છે. પરિણામમાં ઉતાર્યું છે, પણ આણે આમાં અનુસ્યૂતિમાં એકડો અહીં નાખી દીધો છે. આવું ને આવું ઠેકાણું છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ઇ નથી. અન્વયપૂર્વક જોડાણ તો સાધારણ વ્યાખ્યા થઈ. પણ કૌંસમાં (એમ છે કે) **'સર્વ પરિણામો પરસ્પર અન્વયપૂર્વક (-સાદશ્યસહિત) ગૂંથાયેલા (જોડાયેલા) હોવાથી તે બધા પરિણામો...'** એ પરિણામમાં વ્યાખ્યા થઈ, એ પ્રદેશને લાગુ નહિ પડે. શું કહે છે? જુઓ!

જેમ અસંખ્યપ્રદેશી અખંડ છેને? આ હાથ એક અખંડ છે. પણ એક એક પ્રદેશમાં બીજા પ્રદેશનો અભાવ છે તે વ્યતિરેક કહ્યો. હવે સમુચ્ચય પ્રદેશોમાં-બધા પ્રદેશોમાં એક પ્રદેશની અપેક્ષાથી ઉત્પન્ન, બીજા પ્રદેશની અપેક્ષાથી તે વિનષ્ટ અને પરસ્પર અનુસ્યૂતિ પ્રવાહરૂપ-બધા એક વિસ્તારક્રમ, આ.. આ.. આ.. આ.. આ ઉત્પન્ન, આનાથી વિનષ્ટ એમ ન લેવું (પણ) બધા એકસાથે છે. એવા અન્વયપૂર્વક જોડાણ લ્યો તો (તે અનુસ્યૂતિથી) **'રચાયેલા એકવસ્તુપણા વડે...'** એક ક્ષેત્રથી. એમ આત્માના એક ક્ષેત્રથી **'અનુત્પન્ન-અવિનષ્ટ હોવાથી...'** એ ઉત્પન્ન પણ નથી અને વિનષ્ટ પણ નથી. **'ઉત્પત્તિ-સંહાર-ધ્રૌવ્યાત્મક છે,...'** એ ઉત્પત્તિ એકની અપેક્ષાથી ઉત્પન્ન, પૂર્વની અપેક્ષાથી વ્યય અને સર્વત્ર (બધેય હોવાની અપેક્ષાથી) અનુત્પન્ન-અવિનષ્ટ (છે). સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ભાષા વિલાયતી છે.

ઉત્તર :- ભાષા વિલાયતી નથી, અહીં તો દિવ્યધ્વનિની દેશી છે. સમજાણું કાંઈ? ભગવાનની દિવ્યધ્વનિમાં આવેલી દેશી ભાષા છે. સ્વદેશની છે, સ્વદેશની. ભગવાનજીભાઈ!

એમ સળંગ લ્યો તો અનુત્પન્ન-અવિનષ્ટ (છે). એક એકને લક્ષમાં લ્યો તો ઉત્પન્ન અને પહેલાની અપેક્ષાથી વિનષ્ટ. સળંગ લ્યો તો ઉત્પન્ન-વિનષ્ટ રહિત સળંગ ધારા એકરૂપ .... સ્વક્ષેત્ર છે. એમ આત્મામાં એક પ્રદેશ ઉપર લક્ષ કરો તો ઉત્પન્ન, બીજાની અપેક્ષાથી વિનષ્ટ, સળંગની અપેક્ષાથી અનુત્પન્ન અને અવિનષ્ટ (છે). એમ દરેક પ્રદેશમાં લેવું. સુમેરુમલજી! અરે..! આ તો બહુ સાધારણ વાત છે. મગજમાં જરી ખ્યાલ વિચાર કરે તો બધું ... થઈ જાય છે. પણ સમજાય નહિ, સમજાય નહિ, સમજાય નહિ કરે એમ ચાલે? કેવળજ્ઞાન ... આ ન સમજ્યા? આ તો

સાધારણ વાત છે. હજી એમાં ને એમાં વાસ્તુનું પાછું આવશે. હજી આ તો એક પ્રદેશ ઉપર લીધું.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ના, જુદો, પણ વસ્તુનો પ્રદેશ હજી કહેશે. અહીં તો હજી સમુચ્ચય પ્રદેશ પહેલા કહ્યાં.

સમુચ્ચય પ્રદેશમાં પોતપોતાના સ્થાનમાં સ્વ-રૂપે ઉત્પન્ન, પૂર્વ-રૂપથી વિનષ્ટ હોવાથી અને સર્વત્ર પરસ્પર, પરસ્પર જ્યાં એકધારા લ્યો ક્ષેત્રની આમ તો અનુસ્યૂતિથી રચાયેલા અન્વયપૂર્વક જોડાણ એકવાસ્તુ-એક ક્ષેત્રની અપેક્ષાથી અનુત્પન્ન-અવિનષ્ટ હોવાથી દરેક પ્રદેશ **'ઉત્પત્તિ-સંહાર-ધ્રૌવ્યાત્મક છે,...'** દરેક પ્રદેશ ઉત્પત્તિ-વ્યય-ધ્રૌવ્યસ્વરૂપ છે. એક એક પ્રદેશ ઉત્પન્ન-વ્યય-ધ્રૌવ્યસ્વરૂપ છે. નેમિદાસભાઈ! સમજાય છે કે નહિ?

**'તેમ...'** હવે એ ક્ષેત્રનો દૃષ્ટાંત પરિણામ ઉપર સિદ્ધ કરે છે. **'તેમ તે પરિણામો...'** પરિણામમાં હવે સમુચ્ચય પરિણામ, આખા બધા પરિણામ. તે પરિણામ, પરિણામ નામ પર્યાય. પ્રવાહક્રમમાં આવનારા પરિણામ નામ પર્યાય **'પોતાના અવસરમાં સ્વ-રૂપથી ઉત્પન્ન...'** જુઓ! પરિણામ. ક્ષેત્રમાં પોતાના સ્વક્ષેત્રમાં સ્થાનમાં (તે પ્રદેશ) હતો. તો એના લક્ષે ઉત્પન્ન, બીજા પ્રદેશની અપેક્ષાથી વિનષ્ટ, જોડાણની અપેક્ષાથી અનુત્પન્ન-અવિનષ્ટ. એમ દરેક દ્રવ્યના પોતાના વર્તમાન પરિણામ, સમુચ્ચય પરિણામ એમાંનો કોઈ પરિણામ પોતાના અવસરમાં સ્વ-રૂપથી ઉત્પન્ન. તે જ સમયે તે પરિણામ છે. તેને ઉત્પન્ન કહ્યું.

**'તે પૂર્વરૂપથી વિનષ્ટ...'** પૂર્વના પરિણામની અપેક્ષાથી તે પરિણામને વિનષ્ટ કહેવા. પોતાની અપેક્ષાથી ઉત્પન્ન, પરની અપેક્ષાથી વિનષ્ટ-અભાવ **'તથા સર્વત્ર પરસ્પર અનુસ્યૂતિથી...'** સર્વ પરિણામ પરસ્પર સાદૃશસહિત (છે). સાદૃશ્ય સાદૃશ્ય, છે.. છે.. છે.. એવા પરિણામ. ગૂંથાયેલા, બધા પરિણામ ગૂંથાયેલા છે. કોઈ જુદા નથી પડતા. એમ સદૃશતાની અપેક્ષાથી, અન્વય જોડાણની અપેક્ષાથી બધા પરિણામને, એક એક પરિણામ એક પ્રવાહપણાથી અનુત્પન્ન-અવિનષ્ટ હોવાથી **'ઉત્પત્તિ-સંહાર-ધ્રૌવ્યાત્મક છે.'** એક એક પરિણામ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યાત્મક છે. એક એક પ્રદેશ ઉત્પન્ન-વ્યય-ધ્રૌવ્યાત્મક છે. એમ એક એક દ્રવ્યના એક સમયના પરિણામ પોતાના વર્તમાનની અપેક્ષાથી ઉત્પન્ન, પૂર્વની અપેક્ષાથી વિનષ્ટ (અને) સર્વત્ર એકધારાની અપેક્ષાથી અનુત્પન્ન-અવિનષ્ટ (છે). સમજાણું કાંઈ? એ તો પ્રદેશ અપેક્ષાએ અને પરિણામ અપેક્ષાએ કહ્યું. હવે વાસ્તુ અને પરિણામનો સમૂહ પ્રવાહનો, એમાં ઉતારે છે. આ બીજી અપેક્ષા હતી, એની એ વાત નથી. કંઈક બોલતા હતાને? કેટલા બોલ યાદ રાખવા? હજી તો ... ચાલુ થઈ છે.

પહેલા બોલમાં બીજી વાત કહી. એ તો વ્યતિરેક અનેકતાને સિદ્ધ કરી. અહીંયા પ્રત્યેક પ્રદેશમાં ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યની સિદ્ધિ કરી. અને પ્રત્યેક પરિણામમાં ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યને સિદ્ધિ કરી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- અહીંયા કહ્યુંને, પ્રદેશ... એ તો આવી ગયુંને? આ પ્રદેશ છે એમ લક્ષ કરો તો તે ઉત્પન્ન છે એમ કહ્યું. પરની અપેક્ષાથી વિનષ્ટ કહ્યું અને સળંગની અપેક્ષાથી ધ્રૌવ્ય કહ્યું. અનુત્પન્ન-અવિનષ્ટ. એક જુદો પાડીને લક્ષમાં લેવું કે આ. તો ઉત્પન્ન થયું એમ કહેવામાં લક્ષમાં આવ્યું. પૂર્વની અપેક્ષાએ વિનાશ, સળંગની અપેક્ષાએ અનુત્પન્ન-અવિનષ્ટ. એમ પરિણામ પ્રવાહ-ધારા, દ્રવ્યની અનંત પર્યાયધારા. એ ધારાના સમુચ્ચય પરિણામ. સમુચ્ચય પરિણામમાં એક પરિણામનું લક્ષ કરો તો એ અપેક્ષાથી ઉત્પન્ન, પૂર્વના પરિણામની અપેક્ષાથી વિનષ્ટ, સળંગ ધારા અપેક્ષાથી અનૂસ્યૂતિરૂપે ધ્રૌવ્ય. સદશ્યપણે બધા છે.. છે.. છે.. એમાં ઉત્પન્ન-વિનષ્ટ નહિ, બધા છે, બધા છે.

**'વળી જેમ વાસ્તુનો જે નાનામાં નાનો...'** હવે વાસ્તુ લીધું. પહેલામાં વાસ્તુ નહોતું લીધું. પહેલામાં તો પ્રદેશ અને પરિણામ, બસ! એટલી વાત કરી. સમજાણું કાંઈ? હવે ચાલશે, બીજા પેરેગ્રાફની વાત ચાલે છે. પહેલા સમુચ્ચય પ્રદેશ (લીધા). એક પ્રદેશના લક્ષે ઉત્પન્ન, પૂર્વની અપેક્ષાએ વિનષ્ટ, સમુચ્ચયની અપેક્ષાએ અવિનષ્ટ અને અનુત્પન્ન. એમ સમુચ્ચય પરિણામ. કોઈપણ પરિણામ તે અપેક્ષાએ ઉત્પન્ન, પૂર્વની અપેક્ષાએ વિનષ્ટ અને સમુચ્ચયની અપેક્ષાએ અવિનષ્ટ-અનુત્પન્ન. હવે વાસ્તુનો એમ લીધું. **'જેમ વાસ્તુનું જે નાનામાં નાનો (છેવટનો) અંશ...'** આ વાસ્તુ સાથે લીધું. સર્વ વાસ્તુ-ક્ષેત્ર. ઓહો..હો..! આચાર્યે પણ સમજાવવાની રીત કરી છેને! ...

**'જેમ વાસ્તુનો...'** આખી વસ્તુ. **'જે નાનામાં નાનો અંશ...'** પહેલા પ્રદેશ સામાન્ય કહ્યું હતું. હવે વાસ્તુનો નાનો અંશ. વાસ્તુ એકરૂપ છે એમાં નાનામાં નાનો અંશ. પહેલામાં એકલા અંશ.. અંશ.. અંશ.. અંશ.. અંશ.. ક્ષેત્રનો ભેદ કર્યો હતો. પરિણામમાં પરિણામ.. પરિણામ.. પરિણામ.. ભેદ કર્યો હતો અને ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય બતાવ્યા. હવે એક વસ્તુનો અંશ સાથે લઈને. સમજાણું કાંઈ? પહેલામાં એકલા પ્રદેશ કહ્યા હતા. હવે વાસ્તુના પ્રદેશ આમ સાથે લઈને (કહે છે). **'વાસ્તુનો જે નાનામાં નાનો (છેવટનો) અંશ પૂર્વપ્રદેશના વિનાશસ્વરૂપ છે...'** અહીંયા પહેલા ઉત્પન્ન ન લીધું. ઓલામાં પહેલું ઉત્પન્ન લીધું હતું. ત્યાં એક એક બતાવવું હતું. એક એક કરીને એક એક પરિણામ લીધા હતા. તો એને જુદા પાડીને અનુત્પન્ન-અવિનષ્ટ કહ્યું.

હવે જેમ વાસ્તુ આખું, આત્મા આખો આમ સળંગ. એનો જે નાનામાં નાનો અંશ પૂર્વપ્રદેશની અપેક્ષાએ વ્યયરૂપ-વિનાશસ્વરૂપ. પૂર્વપ્રદેશ (એટલે) જે આ પહેલા છેને, એનો જે બીજો પ્રદેશ છે... સમજાણું કાંઈ? આ લ્યો. જુઓ! .. આ વાસ્તુ. એનો નાનામાં નાનો અંશ જે પૂર્વપ્રદેશ. હવે આ.. આ.. આ.. એક લો, એક આ. તો પૂર્વપ્રદેશ આ થયો. તે અપેક્ષાથી વિનષ્ટ, તે અપેક્ષાથી વિનષ્ટ, તે જ અંશ તેના પછીના પ્રદેશથી ઉત્પાદ. તેના પછીનો અર્થ વિનષ્ટ જેની અપેક્ષાથી કહ્યું હતું એની અપેક્ષાથી આ બીજો છે તો તેને ઉત્પાદ કહ્યું. જરી પાઠમાં કઠણ છે. શું છે? જુઓ!

વાસ્તુનો જે નાનામાં નાનો અંશ એ પૂર્વપ્રદેશ, આ પ્રદેશની અપેક્ષાથી વિનષ્ટ અને તેના પછીનો, તેના પછીનો અર્થ જેની અપેક્ષાથી અહીંયા વિનષ્ટ કહેવામાં આવ્યું તેના પછીનો તે જ

આવ્યો, એ અપેક્ષાથી ઉત્પાદ. સમજાણું કાંઈ? ફરીને, આપણે ક્યાં ન્યાં.. કહે છે, જુઓ! આ વાસ્તુ. વાસ્તુ છેને? ક્ષેત્ર, આખું ક્ષેત્ર. પહેલા એક એક પ્રદેશ, એક એક પરિણામની વાત કરી. હવે આખા ક્ષેત્રનો નાનો અંશ, આખા ક્ષેત્રનો નાનો અંશ, આખા ક્ષેત્રનો નાનો અંશ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- મજબુત... એની સાથે સંબંધ રાખે છે, આખા વાસ્તુની સાથે.

આખું પૂરુ ક્ષેત્ર છે આત્માનું, એમાં કોઈપણ એક પ્રદેશ લ્યો તો એ પ્રદેશ વાસ્તુનો જે નાનામાં નાનો અંશ પૂર્વપ્રદેશ-પહેલાનો પ્રદેશ છે એનાથી વિનષ્ટ થયો, (એ અપેક્ષાથી) વિનષ્ટ કહેવામાં આવે છે. અને તેના પછી તે જ આવ્યો, તેના પછી તે જ આવ્યો માટે એને ને એને ઉત્પાદ કહે છે. પૂર્વની અપેક્ષાથી વિનષ્ટ, અને વિનષ્ટ જે અપેક્ષાથી વિનષ્ટ કહ્યું હતું તેની અપેક્ષાથી આ છે તો તેને ઉત્પાદ કહ્યું.

જુઓ! આ ... એમાં આ એક છે. એની અપેક્ષાથી વિનષ્ટ અને એના પછી એ આવ્યો તો એની અપેક્ષાથી તેને ઉત્પાદ કહેવામાં આવ્યું. એની અપેક્ષાથી વિનષ્ટ અને તેની અપેક્ષાથી ઉત્પાદ. ભારે વાત ભાઈ! સમજાણું કાંઈ? **'જેમ વાસ્તુનો જે નાનામાં નાનો (છેવટનો) અંશ પૂર્વપ્રદેશના વિનાશસ્વરૂપ છે...'** ઓહો..હો..! લેવો છે તો ઇ અંશ. પણ પૂર્વની અપેક્ષાથી વિનાશસ્વરૂપ છે અને તે જ પૂર્વની અપેક્ષાથી પછી આવ્યો, પછી એમ કહે છેને? જુઓ! **'તે જ (અંશ) ત્યારપછીના...'** ત્યારપછીનો અર્થ પહેલા હતો તેના પછી આ આવ્યો. અહીંયા કહ્યું કે એની અપેક્ષાથી વિનષ્ટ, અને એના પછી આ આવ્યો તો એની અપેક્ષાથી ઉત્પાદ તેથી તેને ઉત્પાદ કહ્યું.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એના એ પ્રદેશને. એકમાં ત્રણ ઊતારવા છે, એકમાં ત્રણ. તો આ એક છે એ અપેક્ષાથી વિનષ્ટ અને આના પછી આ આવ્યો તે અપેક્ષાથી તેને ઉત્પાદ (કહ્યું). સમજાણું કાંઈ?

અહો..! આચાર્યોએ જંગલમાં આવી વસ્તુની સ્થિતિને પ્રસિદ્ધ કરવા માટે.. આવી વસ્તુ છે, એનું ક્ષેત્ર આવું છે, એના પ્રદેશ આવા છે, પરિણામ આવા છે, સળંગ આમ છે.. આહા..હા..! વસ્તુ જ્ઞેય, જ્ઞેય જગતમાં કેવું છે તેનું અસ્તિત્વ સિદ્ધ કરવા માટે... આમ જ છે, બીજી રીતે ત્રણકાળમાં હોતું નથી. સમજાણું કાંઈ?

પહેલા સમુચ્ચય પ્રદેશની વાત કરી આ પેરેગ્રાફમાં. તો પ્રદેશની વાત કરી તો પ્રદેશ ઉત્પન્નથી લીધું. સમુચ્ચય વાત કરીને? એટલે કોઈપણ પ્રદેશ આવ્યો તે ઉત્પન્ન થયો, બસ એટલું. એ ઉત્પન્ન લક્ષમાં આવ્યો. પૂર્વની અપેક્ષાએ વિનષ્ટ એમ લીધું અને સમુચ્ચય વાસ્તુનો એક પ્રદેશ જ્યાં બતાવવો છે, સમુચ્ચય વાસ્તુનો એક પ્રદેશ તો એ પ્રદેશને પહેલાની અપેક્ષાએ વિનષ્ટ કહ્યું. અહીંથી લીધું, આ અપેક્ષાએ વિનષ્ટ, તે અપેક્ષાથી ઉત્પન્ન. સમજાણું કાંઈ? **'તથા તે જ પરસ્પર...'** તે જ પ્રદેશ, તે જ એક પ્રદેશ. જેને પૂર્વની અપેક્ષાએ વિનષ્ટ કહ્યું હતું, તે પૂર્વની પછી આ આવ્યો તો તેને જ ઉત્પાદ કહ્યું, તે જ પ્રદેશ. **'પરસ્પર અનુસ્યૂતિથી રચાયેલા...'** પરસ્પર

એક જોડાણથી રચાયેલા **'એકવાસ્તુપણા વડે...'** જુઓ! એકવાસ્તુપણા વડે. સમજાણું કાંઈ? **'એકવાસ્તુપણા વડે અનુભયસ્વરૂપ છે...'** પહેલાં ઇ આવ્યું હતું કે અનુત્પન્ન, અવિનષ્ટ હતું. અહીં એમ કહ્યું કે અનુભયસ્વરૂપ છે (અર્થાત્) વિનષ્ટ પણ નથી અને ઉત્પન્ન પણ નથી, અનુભયસ્વરૂપ છે. ઉભય નહિ-વિનષ્ટ ઉત્પન્ન નહિ. છે.. છે.. છે.. છે.. બધા. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર:- એમાં જ્યારે સમજવાની લાયકાત હોય ત્યારે સમજે. બધી વાતું છે. કેમ? સુમેરુમલજી! આહા..હા..!

મહા નિર્ગ્રંથ મુનિ છટ્ઠે ગુણસ્થાને અમૃતના ઓડકાર લેતા લેતા અને વિકલ્પ આવ્યો, ભગવાને જ્ઞેય આવું કહ્યું એમ અમને બેઠું છે અને એવી વસ્તુ છે. એમ યોગ્યતા સિદ્ધ કરે છે. સમજાણું કાંઈ? ભગવાન જૈન પરમેશ્વર સર્વજ્ઞદેવ અનંત જ્ઞેયનું ક્ષેત્ર અને સ્વભાવ કેવો જોયો? એક એક અંશ ભિન્ન ભિન્ન અને પર્યાય ભિન્ન ભિન્ન કેવી છે? સ્વતંત્ર કેવા છે? એવો જ્ઞેયનો સ્વભાવ ભગવાને જોયો, અમને બેઠો, એવો અમે કહીએ છીએ. દૃષ્ટાંત દઈને કહીએ છીએ એમ કહે છે. સમજાણું કાંઈ? શું કહે છે? જુઓ!

**'પૂર્વરૂપથી વિનષ્ટ હોવાથી તથા સર્વત્ર પરસ્પર અનુસ્યૂતિથી...'** સમજાણું કાંઈ? એના પછી ઉત્પાદસ્વરૂપ છે. **'તથા તે જ પરસ્પર અનુસ્યૂતિથી રચાયેલા એકવાસ્તુપણા વડે અનુભયસ્વરૂપ છે...'** વિનષ્ટ અને ઉત્પન્ન નથી, વિનષ્ટ અને ઉત્પન્ન નથી. છે.. છે.. છે.. બધા છે.. છે.. લેવા એકસાથે. એમ અસંખ્ય પ્રદેશમાં છે... છે... છે... એમ લેવું. **'(અર્થાત્ બેમાંથી એકકે સ્વરૂપ નથી).'** એ ક્ષેત્રની વાત કરી. વાસ્તુના ક્ષેત્ર અંશની વાત કરી. વાસ્તુને સાથે લઈને અંશની વાત કરી. પહેલા એક એક પ્રદેશની વાત કરી હતી. પહેલા એક એક પ્રદેશની (કરી હતી), હવે વાસ્તુનો એક એક અંશ લક્ષમાં લઈને આ વાત કરી. પહેલા પ્રવાહ-બધા પરિણામની વાત કરી હતી, હવે **'પ્રવાહનો જે નાનામાં નાનો અંશ...'** જુઓ! એમાં આ શબ્દ નહોતો. સમજાણું કાંઈ? એમાં તો એમ હતું કે તેમ તે પરિણામો. પરિણામો એમ હતું પહેલા. પરિણામ એક પછી એક. તે પરિણામ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યાત્મક છે એમ હતું. હવે, પ્રવાહનો નાનામાં નાનો અંશ. સમજાણું કાંઈ? રાત્રે પૂછવું. દિવસે અમને સમય ન હોય. કારણ કે અમારે બરાબર સામે ... બે કલાક ... એમાં પા કલાક, અડધો કલાક ચાલ્યો જાય. નિવૃત્તિ હોય રાત્રે તો પૂછવું. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- આજે તો છે જ નહિ. યાદ કેટલું રાખે? પન્ના ને માણેક યાદ રાખે છે. શું કહે છે? ઓહો..! આજે તો સાડા બાર ... વાંચન છે કળશનું.

જેમ વાસ્તુનો નાનામાં નાનો અંશ તેનું કહ્યું. હવે **'તેમ પ્રવાહનો જે નાનામાં નાનો અંશ...'** ઓહો..હો..! પહેલા લીધા હતા એકલા પરિણામ, સમુચ્ચય. એમાં કોઈપણ પરિણામ લક્ષમાં લ્યો તો ઉત્પાદ, બીજાની અપેક્ષાએ વિનષ્ટ, પ્રવાહરૂપે અનુત્પન્ન અને અવિનષ્ટ. હવે અહીંયા સમુચ્ચય

પ્રવાહક્રમના પરિણામ, આખો પ્રવાહક્રમ, આખો પૂર્ણ. આખા પ્રવાહનો જે નાનામાં નાનો અંશ. પહેલા શું કહ્યું હતું? નાનામાં નાનો અંશ. બેય શબ્દમાં ફેર છે સંસ્કૃતમાં? ઓલામાં એમ હતું, છોટે સે છોટા. આમાં અલ્પાતિ અલ્પ શબ્દ લીધો છે. એ તો એક જ છે. સમજાણું કાંઈ? શબ્દ તો એકનો એક છે. ઠીક! એનો અર્થ બે પ્રકારે કર્યો. '**તેમ...**' જેમ ક્ષેત્રનું કહ્યું, વાસ્તુના ક્ષેત્રનું કહ્યું હતું તેમ પ્રવાહ. પરિણામનો પ્રવાહ. એક દ્રવ્યના આખા પરિણામનો પ્રવાહ. તે '**પ્રવાહનો જે નાનામાં નાનો અંશ...**' એ પ્રવાહનો નાનામાં નાનો કાળનો અંશ. પહેલામાં તો ક્ષેત્ર બતાવવું હતુંને, નાનામાં નાના અંશનું. અને અહીંયા પરિણામ બતાવવા છે તો નાનામાં નાનો અંશ (કહ્યું). એનું એ આવ્યું. અલ્પાતિ અલ્પ અંશ. શું? આત્મા છે કે નહિ આખો? એમાં અનંત ગુણના પરિણામ એક સમયમાં અનંત થાય છે. એ અનંતની વાત નથી. એક, બીજા સમયે બીજો, ત્રીજા સમયે ત્રીજો. પ્રવાહક્રમ, પ્રવાહક્રમ એક પછી એક.

એમાં જે અલ્પાતિ અલ્પ એક પરિણામ જે તે સમયનો નાનામાં નાનો, તે '**પૂર્વપરિણામના વિનાશસ્વરૂપ...**' પહેલાની પર્યાય અપેક્ષાએ વિનાશસ્વરૂપ. સમજાણું કાંઈ? પરિણામ એક થયા. કોઈપણ પરિણામ લક્ષમાં લ્યો, તો પૂર્વના પરિણામની અપેક્ષાએ વિનાશસ્વરૂપ. જ્યાં એકલા પરિણામની વાત કરી હતી ત્યાં પરિણામને ભિન્ન કરવાની અપેક્ષાએ તે પરિણામ પહેલા ઉત્પાદથી લીધું હતું અને પૂર્વના પરિણમની અપેક્ષાએ વિનાશ લીધું હતું. અહીં તો આખા પ્રવાહક્રમમાં જે પરિણામ લે છે તે પરિણામ પૂર્વ પરિણામના વિનાશસ્વરૂપ. પહેલાના પરિણામની અપેક્ષાએ તે પરિણામ વિનાશસ્વરૂપ '**તે જ ત્યારપછીના પરિણામના...**' એને જે અપેક્ષાએ વિનાશ કહ્યું હતું, એ પરિણામ થયા, પૂર્વના પરિણામની અપેક્ષાએ વિનાશ કહ્યું હતું, અને પૂર્વના પરિણામ પછી આવ્યા તે અપેક્ષાએ તે પરિણામને ઉત્પાદ કહ્યું. જેને વિનષ્ટ કહ્યું હતું તેને ઉત્પાદ કહ્યું. ફેરવ્યું ક્યાં? પહેલા આવ્યું હતુંને? ના, ના. સાંભળ તો ખરા. દરેક વાત ભિન્ન ભિન્ન છે. આહા..હા..! સમજાણું કાંઈ?

પહેલા પ્રવાહક્રમ નહોતો લીધો, પહેલા પરિણામ લીધા હતા. પોતાના અવસરમાં એમ લીધું હતું. ક્ષેત્રમાં પોતાના સ્થાનમાં પ્રદેશ લીધા હતા. અહીંયા પોતાના અવસરે નહિ, અહીંયા આખા પ્રવાહક્રમમાં નાનામાં નાનો અંશ જે પૂર્વપરિણામના વિનાશસ્વરૂપ છે. તે જ ત્યારપછીના, ત્યારપછીના એટલે તે જ પરિણામ, જે પાછલા પરિણામની અપેક્ષાએ વિનાશ કહ્યું હતું તે જ પરિણામ પોતાની અપેક્ષાએ, ત્યારપછી થાય તે અપેક્ષાથી તે જ પરિણામને ઉત્પાદસ્વરૂપ કહે છે. સમજાણું કાંઈ? સુમેરુમલજી!

એક પરિણામ આવ્યા વર્તમાન જ્ઞાનની પર્યાય. તો એ પ્રવાહક્રમમાં એ પરિણામ જ્યાં લક્ષમાં લે છે, પ્રવાહક્રમ, આખો પ્રવાહ અનંત પરિણામનો, તો એ પરિણામ પૂર્વના (પરિણામ) ગયા એ અપેક્ષાથી વિનષ્ટ થયા, પણ એ પરિણામ પૂર્વની અપેક્ષાએ જેને વિનષ્ટ કહ્યા તે જ પરિણામને પોતાની અપેક્ષાએ ઉત્પાદ કહ્યું અને તે જ પરિણામ '**તે જ પરસ્પર અનુસ્યૂતિથી...**' એકબીજા

સાથે સદૃશતા રાખે છે. છે.. છે.. છે.. છે.. છે.. પૂર્વની અપેક્ષાએ વિનષ્ટ, પોતાની અપેક્ષાએ ઉત્પાદ એ છોડી દીધું. આહા..હા..! વસ્તુ. જેણે નથી જાણ્યું એવા પદાર્થ શું છે એ બતાવવાની આ ગાથા છે. આહા..હા..! આમ તો બધા એમ કહે છે કે આત્મા આવો છે, આત્મા આવો છે ને આત્મા આવો છે. જ્યાં સુધી આત્મા જાણ્યો નહિ.. પણ એ આત્મા કેવો? બાપુ! એ કઠણ ચીજ છે. સમજાણું કાંઈ? એ તો લોકોને જરી સિદ્ધ કરવા માટે કહે, 'જ્યાં લગી આત્મા તત્ત્વ ચિહ્નન્યો નહિ, ત્યાં લગી સાધના સર્વ જૂઠી'. પણ આત્મા છે કેવો? અસંખ્ય પ્રદેશ, અનંત પરિણામનો પ્રવાહ છે અને જ્યારે પ્રવાહના એક પરિણામને લક્ષમાં લે છે, પ્રવાહની સાથે હોં! એકલા પરિણામને લક્ષમાં લે એ તો ઉત્પાદ-વ્યય અને ધ્રુવ લીધા. પ્રવાહના ક્રમમાં પરિણામને લક્ષમાં લે છે એ પરિણામ પૂર્વની અપેક્ષાએ વિનાશ અને તેની અપેક્ષાએ ઉત્પાદ અને સદૃશ અપેક્ષાએ તે પરિણામ અનુભયરૂપ છે. ઉભય નહિ. ઉત્પન્ન-વ્યય નહિ.

**'તે જ પરસ્પર અનુસ્યૂતિથી રચાયેલા એકપ્રવાહપણા વડે...'** એકપ્રવાહપણે. ઓલામાં વાસ્તુપણા વડે, વાસ્તુપણા વડે લીધું હતું. **'એકપ્રવાહપણા વડે અનુભયસ્વરૂપ છે.'** આટલું તો સમજાવવા માટે કહ્યું. હવે ગાથાના અર્થની સાથે સંધિ હવે કરશે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**આસો સુદ-૧૫, ગુરુવાર, તા. ૩-૧૦-૧૯૬૩**
**ગાથા-૯૯, પ્રવચન-૯૩**

આ પ્રવચનસાર, એનો જ્ઞેયતત્ત્વ અધિકાર ચાલે છે. ભગવાન તીર્થંકરદેવ સર્વજ્ઞ પરમાત્માએ એક સમયમાં ત્રણકાળ ત્રણલોક જોયા. એમણે જ્ઞેય નામ જ્ઞાનમાં જાણવાલાયક ચીજનો સ્વભાવ શું છે, એવું અહીંયા જણાવ્યું છે. જ્ઞેયમાં આત્મા પણ જ્ઞેય આવ્યો, પરમાણુ પણ જ્ઞેય. અનંત આત્મા, અનંત પરમાણુ બધા જ્ઞેય-જ્ઞાનમાં જાણવાલાયક છે. તો કેવા છે ઇ? અહીંયા તો પરિણામની વાત કહેવી છે. કહ્યુંને પહેલા?

ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યાત્મક હોવા છતાં દ્રવ્ય સત્ છે. પ્રત્યેક પદાર્થ એક સમયમાં ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય (અર્થાત્) નવી અવસ્થાથી ઉત્પન્ન થવું, જૂની અવસ્થાથી વ્યય થવો, જાતિ સદૃશથી પોતાની હયાતી રાખવી. આમ હોવા છતાં તે દ્રવ્ય સત્ છે. કેમકે ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય એનો સ્વભાવ છે અને સ્વભાવમાં દ્રવ્ય રહે છે. સમજાણું કાંઈ? ઉત્પાદ-વ્યય અને ધ્રૌવ્ય દ્રવ્યનો સ્વભાવ છે. દ્રવ્ય સ્વભાવવાન છે. એ સ્વભાવમાં દ્રવ્ય રહે છે. માટે દ્રવ્ય પણ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય સહિત છે એમ અહીંયા સિદ્ધ કરવું છે. પ્રદેશને સિદ્ધ નથી કરવા, સિદ્ધ તો કરવા છે પરિણામને. એ પરિણામ

ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય ... અને એ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યપરિણામ સ્વભાવમાં દ્રવ્ય રહે છે. તો દ્રવ્ય ઉત્પાદરૂપ છે. આહા..હા..! સમજાણું કાંઈ? ક્ષેત્રનું દૃષ્ટાંત આપ્યું હતું એ તો દૃષ્ટાંત આપ્યું હતું.

જેમ આ આત્મા છે, આત્મા. એના અસંખ્ય પ્રદેશ છે, આત્માના, એક એકના. તો એના અસંખ્ય પ્રદેશ ભૂમિ, એની જમીન, એનું રહેઠાણ આત્માનું અસંખ્ય પ્રદેશ છે. તો વિસ્તારક્રમમમાં એક પછી એક, એક પછી એક એમાં પ્રદેશ (રહેલાં છે). એક પરમાણુ જેટલી જગ્યા રોકે તેટલા અંશને પ્રદેશ કહે છે. તો વિસ્તારક્રમનું કારણ એક પ્રદેશમાં બીજાનો અભાવ (છે), એમ અસંખ્ય પ્રદેશમાં એકમાં બીજાનો અભાવ તે વિસ્તારક્રમ સિદ્ધ કરે છે. એક પછી એક, એક પછી એક પ્રદેશ છે. એકમાં બીજાનો અભાવ છે તો વિસ્તારક્રમ સિદ્ધ થાય છે. એમ.. એ તો દૃષ્ટાંત આપ્યો. પાઠમાં જે વાત છે એ સિદ્ધ નથી કરવી એમાં. દૃષ્ટાંત દઈને પરિણામ સિદ્ધ કરવા છે અને એ પરિણામ પણ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય સહિત સ્વભાવમાં દ્રવ્ય રહે છે એ સિદ્ધ કરવું છે. પ્રદેશનો દૃષ્ટાંત આપીને પહેલા પરિણામ સિદ્ધ કર્યા.

પરિણામ શું? પ્રત્યેક દ્રવ્ય.. પહેલા પ્રવાહ, પ્રવાહ એનો પ્રવાહ લ્યો. તો પ્રત્યેકના પરિણામ પોતાના અવસરે ઉત્પન્ન થાય છે. જેમ પ્રત્યેક દ્રવ્યના એ પ્રદેશ વિસ્તાર ક્રમવાળા પોતાના સ્થાનમાં તે પ્રદેશ છે, બીજો બીજાના સ્થાનમાં, ત્રીજો ત્રીજાના સ્થાનમાં (છે). એકબીજાનું સ્થાન એક નથી. એમ પ્રવાહરૂપ પરિણામ જે છે પરિણામ, અનંત દ્રવ્યના એક એક દ્રવ્યની સમય સમયની પર્યાય, એ પ્રવાહમાં એ પરિણામ છે તે પરિણામ પોતાના અવસરમાં એ પરિણામ ઉત્પન્ન થાય છે. શોભાલાલજી! સમજાણું કાંઈ? બહુ કઠણ.

પરિણામ કહો, પર્યાય કહો. પર્યાય-પરિણામ.. અહીંયા પહેલા પરિણામ સિદ્ધ કરવા છે. એક પરિણામ. દરેક દ્રવ્યના... જેમ ક્ષેત્ર ભિન્ન ભિન્ન સિદ્ધ કર્યું, એમ દરેક દ્રવ્યના એક સમયના પરિણામ, બીજા સમયના બીજા, ત્રીજા સમયના ત્રીજા. તે પોતપોતાના અવસરે તે સમયના પરિણામ ઉત્પન્ન થાય છે, પોતાના અવસરે. એ પરિણામમાં ત્રણ બોલ લાગુ પડ્યા. એ પરિણામ પોતાની અપેક્ષાથી ઉત્પન્ન છે, સમજાણું કાંઈ? અને પૂર્વની અપેક્ષાથી વ્યય છે અને સદૃશ જોડાણની અપેક્ષાએ બધા પરિણામ એકરૂપ (છે). જોડાણ છેને? જોડાણમાં કોઈ સંધિ છે? ત્રુટી છે વચ્ચે? એક પર્યાય, બીજી, ત્રીજી, ચોથી, એકબીજાનું બધા પરિણામનું જોડાણ જોવાથી તે પરિણામ છે, ધ્રુવ છે, તે સમયે તે જ છે એમ સિદ્ધ થાય છે. તો એક એક પર્યાયમાં ત્રણ બોલ સિદ્ધ થાય છે. ઓહો..હો..!

ઉત્પાદ-વ્યય અને ધ્રૌવ્ય. સાંભળ્યું ન હોય તો કેટલું કઠણ પડે. ભાઈ કહેતા હતા સવારે. અત્યાર સુધી વ્યાખ્યાન આવ્યા, પણ કાલનું થોડું કઠણ છે. ભાઈ કહેતા હતા. વાત તો સાચી છે. ચીજ એવી છે. ભગવાને જેવી કહી, ત્રિલોકનાથ પરમાત્મા મુનિઓ જંગલમાં રહીને આવો એક વિકલ્પ આવ્યો (અને) શાસ્ત્ર બની ગયા, શાસ્ત્ર બની ગયા. તો વાત શું છે? પોતાનું દ્રવ્ય કેવું છે? બીજા શું કહે છે? ભગવાન શું કહે છે? અને વસ્તુ કેવી છે? એનો તફાવત કરવા આવું જ્ઞાન કરવું

પડશે. સમજાણું કાંઈ? સર્વજ્ઞ ભગવાન સિવાય અન્ય આત્મા અથવા પરમાણુ કેવા પહોળા, કેવી પર્યાય, કેવા પરિણામ, કેવા પ્રકાર અને ભગવાન કઈ રીતે કહે છે? બીજાને ભિન્ન-જુદું તત્ત્વ શું છે એ સમજવા માટે આ સમજવું જોઈએ. કહો, સમજાણું કાંઈ?

હવે, અહીંયા જે વાત સિદ્ધ કરવી છે ગાથામાં એ હવે આવી. અત્યાર સુધી તો પહેલા પ્રદેશનો વિસ્તારક્રમનો દૃષ્ટાંત આપીને, પ્રવાહક્રમને સિદ્ધ કર્યો. પરિણામને. એમાં પણ એક પરિણામ-પર્યાય પ્રત્યેક દ્રવ્યની જે સમયે થવાની તે પર્યાય. પરિણામ જે સમયે થવાના છે તે સમયે થશે. એ અપેક્ષાથી ... ઉત્પન્ન કહ્યું, પૂર્વની અપેક્ષાથી વ્યય કહ્યું, પરિણામની સાથે જોડાણ, આમ પરિણામ સાથે જોડાણ છે તો તે પરિણામને ધ્રૌવ્ય કહેવામાં આવ્યા. ત્યાં છે. પોતાની અપેક્ષાએ ઉત્પન્ન અને પરની અપેક્ષાએ વિનષ્ટ નહિ લઈને, છે, બધા છે એમાં એક જોડાણમાં સદશતા થઈ. તો એક એક પરિણામમાં ત્રણ લાગુ પડ્યા-ઉત્પાદ-વ્યય અને ધ્રુવ. સમજાય છે કે નહિ? શેઠી! હજી બરાબર (હા) નથી આવતી. સાદી ભાષા તો આવે છે. ધ્યાન રાખે તો ન સમજાય એવી કોઈ વસ્તુ નથી. સમજાણું કાંઈ?

જેમ એક પ્રદેશનો દૃષ્ટાંત દઈને કહ્યું કે પોતાના સ્થાનમાં એ પ્રદેશ છે. આ આત્માના અસંખ્ય પ્રદેશ છેને? એમ પરિણામ પોતાના કાળમાં છે. બસ! આ ક્ષેત્ર જેમ નથી ફરતું, (તેમ) પર્યાયનો કાળ પણ ફરતો નથી. તે તે પરિણામની વાત હજી તો કરે છે. પ્રદેશની અને પરિણામની. એ પરિણામ પણ પોતાના કાળમાં જ છે. સુમેરુમલજી! શેઠિયા પૂછે છેને બધાને, દ્રવ્ય વ્યવસ્થિત છે કે અવ્યવસ્થિત? પહેલા પૂછે, પછી બીજી વાત. કેમ, માલચંદજી! એનો ઘરગથ્થુ પ્રશ્ન છેને? દ્રવ્ય વ્યવસ્થિત છે કે અવ્યવસ્થિત છે? અવ્યવસ્થિત. .... સમજાણું કાંઈ? અવ્યવસ્થિત સમજ્યા? આઘાપાછા છે કે વ્યવસ્થિત પરિણામ ચાલે છે?

જે પ્રત્યેક આત્મા એમ પ્રત્યેક પરમાણુ, આ પોંઈટ પરમાણુ, આ તો અનંત પરમાણુ છે, એના એક પરમાણુમાં પણ વિસ્તારક્રમમાં એનો બીજો પ્રદેશ નથી. તો એમાં વિસ્તારક્રમ નથી. એમ પ્રવાહક્રમ છે પરમાણુમાં પણ. એક પછી અવસરમાં ઉત્પન્ન થનારા પરિણામ, પોતાના અવસરમાં ઉત્પન્ન થવાવાળા વર્ણ, ગંધ, રસ, સ્પર્શ ગુણની જે પર્યાય (થવાની) તે પોતાના અવસરમાં છે. તે જ અવસર. એમ ઉત્પન્ન, પૂર્વની પર્યાયની અપેક્ષાએ વિનષ્ટ અને જોડાણ ગૂંથાયેલા છે. અનંત પરિણામ ગૂંથાયેલા છે. ગૂંથાયેલામાં શું આઘાપાછા થાય કે નહિ? સમજાણું કાંઈ? એક પરમાણુમાં અનંત પરિણામ આમ ગૂંથાયેલા છે. એમ આત્મામાં પણ એક એક પરિણામ, પહેલા પરિણામની વાત કરી, એક એક પરિણામની હોં! પછી એ પરિણામ ત્રણ સ્વભાવવાળા (એટલે કે) ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યવાળા એમાં દ્રવ્ય રહે છે તો દ્રવ્ય પણ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય સ્વભાવવાળું છે એમ સિદ્ધ કરે છે. સમજાણું કાંઈ? આહા..હા..! આમ કહે કે અમે ભગવાનને માનીએ, પણ ભગવાન શું કહે છે એની તો ખબર નથી. પછી આ પણ સાચા અને આ પણ સાચા. ખબર વિના... શેઠ! આ પણ સાચો, આ પણ સાચો. આપણને કંઈ ખબર નથી. ખબર નથી. શેઠી!

આચાર્ય મહારાજ કુંદકુંદાચાર્યદેવ કહે છે, **'सदवट्ठिदं सहावे'**. બધા પોતાના સ્વભાવમાં અવસ્થિત છે. **'दव्वं दव्वस्स जो हि परिणामो'** એ દ્રવ્યના જે ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય પરિણામ તે જ દ્રવ્ય છે. કેમકે એમાં દ્રવ્ય રહે છે. આટલું સિદ્ધ કરવા માટે અમૃતચંદ્રાચાર્યદેવે પહેલા બીજી વાત સિદ્ધ કરી. એક એક પ્રદેશ અને એક એક પરિણામ. સમજાણું કાંઈ? હવે (કહે છે), **'આ પ્રમાણે...'** કાલે ત્યાં સુધી ચાલ્યું હતું. જુઓ! **'તથા તે જ પરસ્પર અનુસ્યૂતિથી રચાયેલા એકપ્રવાહપણા વડે અનુભયસ્વરૂપ છે.'** પરિણામ પ્રત્યેક દ્રવ્યના એક એક સમયમાં જે પરિણામ છે, બીજે બીજું, ત્રીજે ત્રીજું એવા પ્રવાહપણા વડે, પ્રવાહપણા વડે અનુસ્યૂતિથી એકરૂપ છે. છે.. છે.. અનુભયરૂપ એટલે એકરૂપ એટલે ઉભયરૂપ નહિ (અર્થાત્) ઉત્પન્ન અને વિનષ્ટરૂપ નથી.

**'આ પ્રમાણે સ્વભાવથી જ...'** આ પ્રમાણે સ્વભાવથી જ **'ત્રિલક્ષણ પરિણામ...'** કોણ કહ્યા? ત્રિલક્ષણ પરિણામ. શું કહ્યું? આ પ્રમાણે (એટલે) માથે કહ્યું તે પ્રકારે **'સ્વભાવથી જ...'** પ્રત્યેક દ્રવ્યના, આત્માના એક એક પરિણામ, પરિણામ **'ત્રિલક્ષણ પરિણામ...' 'સ્વભાવથી જ ત્રિલક્ષણ પરિણામ...'** પર્યાય. સમ્યગ્દર્શનની પર્યાય, તે સમયે સમ્યક્જ્ઞાનની પર્યાય, સમ્યક્ચારિત્રની પર્યાય, સમ્યક્ આનંદની પર્યાય એમ એક પછી એક, એક પછી એક એ પરિણામ સ્વભાવથી જ ત્રિલક્ષણ પરિણામ (છે). સમજાણું કાંઈ? સમ્યક્જ્ઞાન પરિણામ થયા, સમ્યક્જ્ઞાનની પર્યાય થઈ તો તે પર્યાય તે સમયે તે પર્યાય છે. તે સમયે તે પર્યાય લક્ષમાં લીધી એ અપેક્ષાએ ઉત્પન્ન, પૂર્વની અપેક્ષાથી વિનષ્ટ અને આમ ગૂંથાયેલા બધા પરિણામ છે એક પછી એક, એક પછી એક એ અપેક્ષાથી ઉત્પન્ન-વિનષ્ટ નથી, વિનષ્ટ-ઉત્પન્ન નથી. સમજાણું કાંઈ?

**'આ પ્રમાણે સ્વભાવથી જ ત્રિલક્ષણ પરિણામ...'** બસ! એટલું પહેલા લેવું છે. પહેલા સિદ્ધ કર્યું એ વાત સાથે સંધિ કરે છે. **'આ પ્રમાણે સ્વભાવથી જ ત્રિલક્ષણ પરિણામ...'** એ **'પરિણામપદ્ધતિમાં...'** હવે આવ્યું. એ ત્રણ-લક્ષણ પરિણામસ્વભાવ પદ્ધતિ નામ પરંપરામાં, **'(પરિણામોની પરંપરામાં) વર્તતું...'** પ્રવર્તમાન, વર્તતું **'દ્રવ્ય...'** એ દ્રવ્ય જે છે. **'ત્રિલક્ષણ પરિણામપદ્ધતિમાં વર્તતું...'** જે દ્રવ્ય છે, જે વસ્તુ છે તે **'સ્વભાવને નહિ અતિક્રમતું...'** કેમકે એક પરિણામનો ત્રિલક્ષણ સ્વભાવ સિદ્ધ કર્યો. એ પરિણામની પરંપરામાં વર્તતું દ્રવ્ય પણ ત્રિલક્ષણ સ્વભાવને અતિક્રમતું-ઉલ્લંઘન કરતું નથી. બરાબર છે? ધ્યાન રાખે અને ન સમજાય એવી કોઈ ચીજ નથી. પણ એમ માને કે... આત્મા, અંદર પ્રભુ આત્મા બિરાજે છે. ઓહો..હો...! એક સમયમાં કેવળજ્ઞાન લેવાની તાકાત! સમજાણું કાંઈ? આ તો શ્રુતજ્ઞાનમાં પકડવાની ચીજ છે. સમજાણું કાંઈ?

નવ તત્ત્વ કેવા છે? નવ તત્ત્વની શ્રદ્ધા, શ્રદ્ધા કરવી. પણ તત્ત્વ છે કેવું? અજીવ છે કેવું? દુનિયા કહે છે બીજું અને ભગવાન કહે છે એ બીજી ચીજ છે. આત્મા.. આત્મા દુનિયા કહે છે એ બીજી ચીજ અને ભગવાન કહે છે એ બીજી ચીજ છે.

એમ એક એક આત્મા અને એક એક પરમાણુ, એવા અનંત આત્મા અને અનંત પરમાણુ,

અસંખ્ય કાળાણુ, એક ધર્માસ્તિ, એક અધર્માસ્તિ, એક આકાશ. છએ દ્રવ્ય એના પરિણામ એક એક સમયના અવસરે પ્રાપ્ત પરિણામ, અવસરે પ્રાપ્ત પરિણામ, એ પરિણામમાં ત્રણ બોલ સિદ્ધ કર્યા. વિનષ્ટ, ઉત્પન્ન અને અનુભવ (ધ્રૌવ્ય). બરાબર છે? શું (કહ્યું)? વિનષ્ટ પૂર્વની અપેક્ષાએ, ઉત્પન્ન પોતાની અપેક્ષાએ, અનુભય સદશ ગૂંથાયેલા પરિણામ ત્રિકાળ એકરૂપની અપેક્ષાએ અનુભય. વિનષ્ટ-ઉત્પન્ન નહિ. **'આ પ્રમાણે સ્વભાવથી જ...'** આવો સ્વભાવ **'ત્રિલક્ષણ પરિણામ...'** ત્રિલક્ષણ પરિણામ-પર્યાય-હાલત. આવી પદ્ધતિમાં, આવા પરિણામોની, પર્યાયોની પરંપરામાં વર્તતું દ્રવ્ય-વસ્તુ આત્મા, પરમાણુ, કાળાણુ વગેરે. સમજાણું કાંઈ? સુમેરુમલજી!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય પહેલા કહ્યુંને. વિનષ્ટ, ઉત્પન્ન, અનુભય.

આત્મા.. અહીંયા એક દૃષ્ટાંત (લઈએ તો) આત્માના પરિણામ છે તે પોતાના અવસરે પ્રાપ્ત પરિણામ-પર્યાય છે. અનંત ગુણની એક સમયની પર્યાયને અહીંયા પરિણામના અર્થમાં લ્યે છે. એક સમયના. પછી બીજો, ત્રીજો, ચોથો.. એ એક સમયના જે જ્ઞાનપરિણામ, દર્શનપરિણામ, આનંદપરિણામ વગેરે--એ પરિણામ પોતાના અવસરે પ્રાપ્ત થાય છે. કાળમાં, પોતાના કાળમાં. તે અવસરની અપેક્ષાએ... પૂર્વની અપેક્ષાએ તે વર્તમાન નથી તો એને વિનષ્ટ કહ્યું. વર્તમાનની અપેક્ષાએ વર્તમાન છે તો તેને ઉત્પન્ન કહ્યું, અને વર્તમાન અને પૂર્વની અપેક્ષા નથી, સદશ્ય ગૂંથાયેલા પરિણામ એક પરિણામ છે તો તેને વિનષ્ટ-ઉત્પન્ન રહિત છે.. છે.. છે.. એમ કહ્યું. ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય આવી ગયા. સમજાણું કાંઈ? પહેલાની પર્યાય વિનષ્ટ થાય છેને? તો વિનષ્ટની અપેક્ષાએ આને પણ વિનષ્ટ કહેવામાં આવે છે, પહેલાની અપેક્ષાએ આ પરિણામ. અને એ પરિણામની અપેક્ષાએ તેને ઉત્પન્ન કહ્યું. અનુભય-છે.. છે.. છે.. પરિણામ અનાદિ-અનંત ગૂંથાયેલા. એમાં કોઈ અવકાશ નથી, છિદ્ર નથી, આડાઅવળા થાય છે... આડાઅવળાને શું કહે છે? આગેપીછે. બધા પોતપોતાના પરિણામમાં વિનષ્ટ, ઉત્પન્ન અને ધ્રુવપણાનો સ્વભાવ ધારણ કરે છે. આવા પરિણામોનો ત્રિલક્ષણ સ્વભાવ જે થયો તેમાં દ્રવ્ય જે છે તે પરિણામની પદ્ધતિમાં-પરંપરામાં દ્રવ્ય વર્તે છે. તો એ દ્રવ્ય, વર્તતું દ્રવ્ય સ્વભાવનો અતિક્રમ નથી કરતું. જે એક પરિણામનો ત્રણ સ્વભાવ છે એની પરંપરામાં વર્તતું દ્રવ્ય છે તો તે દ્રવ્ય ત્રિસ્વભાવને છોડતું નથી. એ દ્રવ્યનો પણ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય ત્રણ સ્વભાવ થયો. સમજાણું કાંઈ?

તત્ત્વ વસ્તુ આમ સર્વજ્ઞ કહે છે એવી ચીજ છે કે આ આત્મા પોતાના કાળે જે પરિણામ થયા તે પરિણામમાં ત્રણ બોલ લાગુ પડ્યા. પૂર્વની અપેક્ષાએ તેને વિનષ્ટ કહેવું, પોતાની અપેક્ષાએ ઉત્પન્ન કહેવું, તે જ પરિણામને ઉત્પન્ન-વિનષ્ટ નહિ કહીને છે.. છે.. છે.. ધ્રુવ કહેવા. આવા પરિણામો ત્રિલક્ષણવાળી પર્યાય-પરિણામ એમાં વર્તતું, વર્તતું, પરંપરાએ પરિણામમાં રહેવાવાળું દ્રવ્ય છે તે પણ ત્રિલક્ષણ પરિણામમાં વર્તે છે તો દ્રવ્ય પણ ત્રિલક્ષણ સ્વભાવને ઓળંગતું નથી. શેઠી! કંટાળા જેવું નથી લાગતુંને? ઝીણું લાગેને, ભાઈ! માલચંદજી! આ તો અમારે જૂના છે.

જુઓ! બહુ પરિચયમાં આવે છે કે નહિ? એને પણ થોડું ઝીણું પડે છે. ઝીણું પડે છે કે નહિ?

વસ્તુ-આત્મા અસંખ્ય પ્રદેશ. એક પ્રદેશમાં ક્ષેત્રમાં આમ વર્તમાનમાં બીજો પ્રદેશ નથી, પોતાના સ્થાનમાં છે. એમ આત્મામાં એક સમયના પ્રાપ્ત પરિણામના અવસરે તે પરિણામ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય લક્ષણવાળા થયા. પૂર્વની અપેક્ષાએ વ્યય, પોતાની અપેક્ષાએ ઉત્પાદ, છે.. છે.. ગૂંથાયેલાની અપેક્ષાએ ધ્રૌવ્ય. આવા પરિણામો ત્રણ લક્ષણવાળા સ્વભાવથી જ ત્રિલક્ષણ પરિણામની પદ્ધતિમાં, એની પરંપરામાં, એના પ્રવાહના દોરમાં સાથે રહેવાવાળું વર્તતું દ્રવ્ય, પરિણામના ત્રણ સ્વભાવમાં વર્તતું દ્રવ્ય, તે પરિણામનો ત્રણ સ્વભાવ છે તે સ્વભાવનો દ્રવ્ય પણ અતિક્રમ નથી કરતું. એ દ્રવ્ય પોતાનો એ સ્વભાવ છોડતું નથી.

છે કે નહિ નીચે? બગડો છેને? બગડો છે, જુઓ! પહેલું અતિક્રમ નથી કરતું. અતિક્રમ. અતિક્રમ નથી કરતું. છેને? ઉલ્લંઘન, ત્યાગ નથી કરતું. શું ત્યાગ નથી કરતું? પ્રત્યેક આત્મામાં, દરેક આત્મામાં અને દરેક પરમાણુમાં એક એક પરિણામમાં ત્રણ સ્વભાવ લાગુ થયો. ત્રણ સ્વભાવ પ્રાપ્ત થયા-વિનષ્ટ, ઉત્પન્ન અને ધ્રુવ, તો એ પરિણામની પદ્ધતિ-પરંપરામાં વર્તતું દ્રવ્ય, એ પરિણામનો જે સ્વભાવ છે તેમાં વર્તતું દ્રવ્ય એ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય સ્વભાવને તે દ્રવ્ય ઉલ્લંઘન કરતું નથી. આહા..હા..! બરાબર છે? સુમેરુમલજી!

આ એકડાની પેઠે ઘુંટાય છે. પણ કંઈ નહિ, કરો સામાયિક, કરો પડિકમણા. શેના પણ? હજી વસ્તુ વિના? ચીજ શું છે? આત્મા શું ચીજ છે? કેવી પર્યાય છે? કેવા ... છે? કેટલા ક્ષેત્રમાં વ્યાપક અનંત ગુણ છે? ગુણમાંથી પર્યાય પ્રગટ થાય છે અને એ પર્યાય પણ પોતાના કાળે છે, બીજા કાળે બીજી અને ત્રીજા કાળે ત્રીજી. ઓહો..હો..! સિદ્ધ કરવાની કોઈ કળા! દિગંબર આચાર્યોની ગજબ કળા! સર્વજ્ઞને ઊભા કરી દીધા છે. સમજાણું કાંઈ?

વસ્તુ આ વસ્તુ, આ વસ્તુ. એનું વાસ્તુ-એનું ક્ષેત્ર, એનો પ્રવાહ-એની પર્યાયનો ક્રમ એક એકનો. પ્રત્યેક વસ્તુમાં. તો એક એક ક્ષેત્રના પ્રદેશમાં જેમ વિનષ્ટ-ઉત્પાદ અને ધ્રુવ સિદ્ધ કર્યા એમ એક એક પરિણામમાં વિનષ્ટ-ઉત્પાદ અને ધ્રૌવ્ય સિદ્ધ કર્યા, તો એવા સ્વભાવથી જ ત્રિલક્ષણ પરિણામોની પદ્ધતિમાં પ્રવર્તમાન વસ્તુ તે સ્વભાવને, પરિણામનો જે સ્વભાવ છે તેને દ્રવ્ય ઉલ્લંઘન કરતું નથી. શેઠિયા! સમજાણું કાંઈ? નેમિદાસભાઈ! નેમિદાસભાઈને પૂછ્યું રાત્રે તો પાધરો નકાર (કર્યો). પૈસામાં નકાર કરતા હશે ત્યાં? નહિ, નહિ, આટલું વ્યાજ લાવો. આટલું ભાડું લાવો. એ મને ખબર પડતી નથી. કહી ન શકાય. સમજાય છે પણ કહી શકાય નહિ. મહિને હજાર રૂપિયાનું ભાડું આવે છે ઇ સમજાય છે પણ કહી શકાતું નથી કે આ હજાર રૂપિયા છે, ભાઈ! સમજાણું કાંઈ? આહા..હા..! ગજબ! ૯૯ ગાથા, બે નવડા. અફર વસ્તુ. જ્ઞેય જગતની ચીજ જેવી અફર છે એમ અહીંયા ન્યાય યુક્તિથી સિદ્ધ કર્યું. સમજાણું કાંઈ?

કહે છે કે **'આ પ્રમાણે...'** ગાથાનો અર્થ હવે ચાલે છે. ગાથાનો અર્થ પરિણામનો, એ પરિણામને ગુણ કહે છે અને ગુણનો સ્વભાવ ત્રિલક્ષણ છે, એ સ્વભાવમાં દ્રવ્ય રહે છે એ દ્રવ્ય

પણ સ્વભાવવાન છે, ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યયુક્તં. એટલું સિદ્ધ કરવા માટે પ્રદેશથી સિદ્ધ કરીને પરિણામને સિદ્ધ કર્યા. પરિણામના ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય સિદ્ધ કર્યા. અને એ ત્રિલક્ષણ સ્વભાવ, પરિણામ સ્વભાવથી જ ત્રિલક્ષણ પરિણામપદ્ધતિ-પરંપરામાં વર્તતું દ્રવ્ય સ્વભાવને અતિક્રમતું નથી. માટે **'સત્ત્વને ત્રિલક્ષણ જ અનુમોદવું...'** માટે સત્ત્વ નામ દ્રવ્યને-વસ્તુને, જેમ પરિણામના ત્રણ લક્ષણ સિદ્ધ કર્યા, તો એ પરિણામમાં વર્તતા દ્રવ્યને પણ અભેદ સત્ત્વને (તેમ જ અનુમોદવું). નીચે (ફૂટનોટ) છે. **'સત્ત્વ = સત્‌પણું, (અભેદનયે) દ્રવ્ય.'** સત્‌પણું એટલે એક ગુણ એટલું નહિ લેવું, આખું દ્રવ્ય (લેવું). એટલે સત્ત્વ નામ દ્રવ્યને **'ત્રિલક્ષણ જ અનુમોદવું...'** દ્રવ્યને ત્રણલક્ષણ સંમત આનંદથી માનવું. ત્યાં છેને? આનંદ. નીચે છે, જુઓ! ફૂટનોટમાં? આમાં નથી. હિન્દી લોકો તો સમજી જાય, રામજીભાઈ કહે છે. મેં કીધું, એક શબ્દ આવ્યો નહિ કેમ? એમાં તો છે, પણ આમાં ન મળેને. એ.. દેવાનુપ્રિયા! જુઓ! આ હિન્દીવાળા છાપે નહિ. હિન્દીવાળા સમજી જાય. અમને માંડ માંડ એ પરિણામની પદ્ધતિ કેવી એ માંડ માંડ પકડાણી છે. અહીં તો પર્યાય.. પર્યાય.. પર્યાય લેતા હતા બધામાં. પછી આ પર્યાયનો આ ગુણ છે એ તો પછી ખ્યાલ આવ્યો હતો. સમજાણું કાંઈ? ૯૯, ૯૯ને? **'અનુમોદવું...'** જુઓ! આણે હિન્દીવાળાએ કાઢી નાખ્યું.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- અરે..! હોય? એમાં આનંદથી અનુમોદવાનું વજન છે. ઓહો..! પોતાના પરિણામ પોતાના કાળે ત્રિલક્ષણ સંપન્ન. એવા ત્રિલક્ષણ મેં પ્રવર્તમાન દ્રવ્ય. એવા દ્રવ્ય ઉપર લક્ષ કરીને આનંદથી માનવું, એમ કહે છે. સમજાણું કાંઈ? શું કહ્યું?

આ આત્મા એના એક સમયના પરિણામ, એ એક સમયના પરિણામ વિનષ્ટ-વ્યય, ઉત્પાદ અને ધ્રૌવ્ય એવા એક પરિણામનો સ્વભાવ છે. તો એવા સ્વભાવથી ત્રિલક્ષણવાળા પરિણામ-પર્યાય એમાં પ્રવર્તમાન આ દ્રવ્ય, એ દ્રવ્યને ત્રિલક્ષણ માનવું એનો અર્થ એ થયો કે ત્રિલક્ષણ પરિણામવાળામાં પ્રવર્તમાન દ્રવ્ય (છે), તો દ્રવ્યનું લક્ષ કરીને, આવું લક્ષ કર્યું તો દ્રવ્ય પણ સિદ્ધ થયું. નવી પર્યાય તેના કાળે ઉત્પન્ન થઈ, જૂની પર્યાય વ્યય થાય છે એ આનંદથી સંમત કરવું. શું કહ્યું? .. અર..ર..ર..! એમ નહિ. કે આ બરાબર બેસતી નથી. શેઠી! આહા..હા..! અર્થ કાઢી નાખ્યો, આવા ને આવા અર્થ કર્યા છે. આપણે ગુજરાતીમાં નાખ્યું ભાઈએ-પંડિતજીએ. એમ કે આ નવા છેને એટલે વધારે છે અને ઓલા જૂના છેને.. જૂના કેટલું સમજે છે એ બધી ખબર નથી? આહા..હા..!

કહે છે, અરે..! આત્મા! અમૃતચંદ્રાચાર્ય.. અને કુંદકુંદાચાર્ય પણ કોઈ વ્યક્તિને કહે છેને? ભાઈ! આત્મા આવો છે. એના એક સમયના પરિણામમાં ત્રણ લક્ષણ સિદ્ધ થાય છે. એમાં પ્રવર્તમાન દ્રવ્ય પણ ત્રણ લક્ષણ ઉલ્લંઘન કરતું નથી. તો તારા દ્રવ્ય ઉપર લક્ષ કર અને તે સમયની પ્રાપ્ત પર્યાય તે સમયે થવાની તે થશે, પૂર્વની વિનષ્ટ છે એવું દ્રવ્યનું લક્ષણ પણ ત્રિસ્વભાવરૂપ સિદ્ધ થઈ ગયું. કહો, સમજાણું કાંઈ? તેથી **'સત્ત્વને...'** નામ દ્રવ્ય. જુઓ! નીચે

છેને? અભેદ દ્રવ્ય. **'ત્રિલક્ષણ જ...'** એમ. જ્યારે ત્રિલક્ષણ પરિણામપદ્ધતિમાં વર્તતું દ્રવ્ય છે તો દ્રવ્યને **'ત્રિલક્ષણ જ અનુમોદવું...'** માન્ય કરવું જોઈએ. અનુમોદવાનો અર્થ કર્યો. જુઓ! સંમત તો કરવું, પણ મુદિત થઈને કરવું. મુદિતનો અર્થ જ આનંદ થાય છે. મોદ, મોદ-પ્રમોદ. સમજાણું કાંઈ?

**'ત્રિલક્ષણ જ...'** ભગવાન પોતાનો આત્મા પોતાના પરિણામ ત્રિલક્ષણવાળા એમાં વર્તતું દ્રવ્ય, આવા દ્રવ્યને ત્રિલક્ષણ અનુમોદન કરીને માન્ય કરવું, પ્રમુદિત થઈને માન્ય કરવું, પ્રમોદ લાવીને માન્ય કરવું. ઓહો..હો..! શું ગૂઢ ભાષા આચાર્યની! પાઠમાં-ટીકામાં શું શબ્દ છે? **'अनुमोदनीयम्'**. **'परिणामपद्धतौ दुर्ललितस्य स्वभावानतिक्रमात्त्रिलक्षणमेव सत्त्वमनुमोदनीयम्' 'सत्त्वमनुमोदनीयम्'**. સમજાણું કાંઈ? સત્ત્વ નામ ભગવાન આત્મા એ દ્રવ્ય-વસ્તુ સત્, છે તો સત્, પણ સત્‌થી દ્રવ્ય અભેદ છે તો આખું દ્રવ્ય જ અહીંયા કહ્યું. આખો પદાર્થ એક પરિણામમાં ત્રણ લક્ષણ સાબિત થયા તો એવા પરિણામ એક પછી એક પ્રવર્તમાન, એમાં પ્રવર્તમાન દ્રવ્ય. સમજાણું કાંઈ? એક સમયની પર્યાયમાં ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય સિદ્ધ કર્યા. એમ પ્રવાહમાં પ્રવર્તમાન બધા પરિણામ એ પરિણામની પરંપરામાં પ્રવર્તમાન દ્રવ્ય-વસ્તુ. તેને તત્ત્વને ત્રિલક્ષણ જ. ભાષા એમ છે. ભાઈ! દ્રવ્ય છે તો દ્રવ્ય તો એકરૂપ રહેવુ જોઈએ. દ્રવ્ય તો ધ્રુવ.. ધ્રુવ.. ધ્રુવ.. ધ્રુવ.. એ દ્રવ્ય પણ ત્રિલક્ષણ સંપન્ન છે. ત્રિલક્ષણ સંપન્ન અભેદ. પરિણામ સાથે દ્રવ્ય અભેદ છેને? પરિણામમાં વર્તનારું છેને? તો પરિણામ સ્વભાવમાં ત્રિલક્ષણ, તો સ્વભાવવાન પણ ત્રિલક્ષણ જ અનુમોદવું, સંમત કરવું, માન્ય કરવું. પ્રમોદ-આનંદ લાવીને માન્ય કરવું. કંટાળો નહિ કરવો, એમ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આવે નહિ. જ્ઞાનચંદજી! સમજાણું કાંઈ?

હવે, એને સિદ્ધ કરવા મોતીનો દાખલો આપે છે. પહેલા ક્ષેત્રનો દાખલો-દૃષ્ટાંત આપીને પરિણામને સિદ્ધ કર્યા હતા. હવે મોતીનો દૃષ્ટાંત આપીને ત્રિલક્ષણ પરિણામમાં પ્રવર્તમાન દ્રવ્ય, એ દ્રવ્યને સમજાવવા માટે મોતીના હારનો દૃષ્ટાંત આપે છે. સમજાણું કાંઈ? પહેલા આત્મા અને દરેક પરમાણુ આદિ એના પરિણામ સિદ્ધ કરવા માટે, એક એક પરિણામ-પર્યાય સિદ્ધ કરવામાં ભિન્ન ભિન્ન પરિણામ છે, આમ એક પછી એક પ્રવાહથી, એ ક્ષેત્ર, વર્તમાન ક્ષેત્રનું દૃષ્ટાંત આપીને ભિન્ન ભિન્ન પરિણામને સિદ્ધ કર્યા. હવે એ ત્રિકાળ પ્રવાહમાં પરિણામ ઉત્પન્ન-વ્યય અને ધ્રૌવ્ય એવો ત્રિલક્ષણ સ્વભાવ પરિણામ એમાં વર્તતું દ્રવ્ય, એ દ્રવ્ય પણ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યસ્વરૂપ દ્રવ્ય છે. એ મોતીના હારનું દૃષ્ટાંત આપીને એ વાત સિદ્ધ કરે છે. સમજાણું કાંઈ?

**'મોતીના હારની માફક...'** લ્યો. આ મોતી, જુઓ! એ દ્રવ્યમાં દૃષ્ટાંત આપે છે. પ્રત્યેક આત્મા અને પ્રત્યેક પરમાણુ માટે હારનો દૃષ્ટાંત લીધો છે. આપણે જ્ઞેય-જ્ઞાયક સ્વભાવમાં આવી ગયું છે. માલચંદજી! વાંચ્યું છે કે નહિ? જ્ઞેયસ્વભાવ-જ્ઞાયકસ્વભાવ પુસ્તકમાં આવ્યું છે. આહા..હા..! વાહ પ્રભુ! **'મોતીના હારની માફક...'** પહેલા ક્ષેત્રનું દૃષ્ટાંત આપ્યું તો એવું ને એવું

કેમ ન આપ્યું? એ સમયે તો એક પરિણામ ભિન્ન ભિન્ન સિદ્ધ કરવા હતા. તો એક એક પ્રદેશ ભિન્ન ભિન્ન છે એમ સિદ્ધ કર્યું. હવે તો આખું દ્રવ્ય સિદ્ધ કરવું છે. ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યવાળું દ્રવ્ય. સમજાણું કાંઈ? તો હારનો દૃષ્ટાંત આમાં આપ્યો. **'જેમ જેણે...'** જેણે એટલે હારે **'(અમુક) લંબાઈ...'** નિત્યવૃત્તિ કહેશેને આત્માને? નિત્ય ટકવું, નિત્ય ટકવું. એ અપેક્ષાથી અહીંયા **'(અમુક) લંબાઈ ગ્રહણ કરેલી છે...'** જુઓ! આ હાર આટલો લાંબો છેને. મર્યાદિત છે હાર. **'જેણે (અમુક) લંબાઈ ગ્રહણ કરેલી છે એવા લટકતા...'** જુઓ! લટકતા. કેમકે આગળ કહેવું છેને? કે **'નિત્યવૃત્તિ ગ્રહણ કરેલી છે એવા રચાતા દ્રવ્યને વિષે...'** એમ લેવું છે. દ્રવ્ય, પરિણમતું દ્રવ્ય સિદ્ધ કરવું છે. વસ્તુ પરિણમે છે એમ સિદ્ધ કરવું છે. તો અહીંયા લટકતો હાર લીધો છે. આમ પડ્યો છે એમ નહિ. **'જેમ જેણે (અમુક) લંબાઈ ગ્રહણ કરેલી છે એવા લટકતા મોતીના હારને વિષે, પોતપોતાનાં સ્થાનોમાં...'** જુઓ! કોઈપણ વચ્ચેનું લાવો, કોઈપણ સ્થાનમાં એક મોતી (રહેલું છે). તો પોતપોતાનાં સ્થાનમાં પ્રકાશિત થાય છે. પોતાના સ્થાનમાં પ્રકાશે છેને? આ પોતાના સ્થાનમાં, આ પોતાના સ્થાનમાં, આ પોતાના સ્થાનમાં, પોતાના સ્થાનમાં. કે એક સ્થાનમાં બધા પ્રકાશિત છે? એક મોતી પોતપોતાનાં સ્થાનમાં પ્રકાશે છે કે એક સ્થાનમાં બધા મોતી પ્રકાશે છે? પોતપોતાનાં સ્થાનમાં-એ ક્ષેત્રમાં પ્રકાશે છે. પ્રકાશે છે. જુઓ! અહીંયા ધોળા હાર છે.

**'સમસ્ત મોતીઓમાં...'** આવા **'પ્રકાશિત સમસ્ત મોતીઓમાં...'** સમસ્ત મોતી લેવા છેને? બધા પોતપોતાના સ્થાનમાં પ્રકાશતા સમસ્ત મોતી. **'પછી પછીનાં સ્થાનોએ પછીપછીનાં મોતીઓ પ્રગટ...'** થાય છે. લ્યો, પહેલા સામાન્ય કહ્યું. પછી એ પોતપોતાના સ્થાનમાં પ્રકાશિત બધા. હવે પછી પછીનાં સ્થાનમાં પછી પછીના મોતી પ્રગટ થાય છે. પછી પછીનાં સ્થાનમાં પછી પછીનાં. આ આવ્યુંને? એક પછી એક, એક પછી એક. આ પ્રગટ થયું, આ પ્રગટ થયું. **'પછીપછીનાં મોતીઓ પ્રગટ...'** થાય છે.

તેથી **'અને પહેલાંપહેલાંના મોતીઓ નહિ પ્રગટ થતાં હોવાથી...'** પહેલાનાં નહિ. જુઓ! આ હાથમાં આવે છે. છે તો એના સ્થાનમાં. તો આ પહેલા લીધું. પછી આ છે, પછી આ છે એમ છેને? પછી પછીના મોતી. આ પછીનું અને એની પહેલાંપહેલાંના મોતી. આ પહેલાંનું. **'પહેલાંપહેલાંઓના મોતીઓ નહિ પ્રગટ થતાં હોવાથી...'** અથવા પછીના મોતીમાં પહેલા જે ગયા તે પ્રગટ નથી થતા. મોતી જે પહેલા ગયું એ પ્રગટ થાય છે? પછી પછીનાં સ્થાનમાં પછી પછીનાં મોતી પ્રગટ થાય છે. પાછળ પાછળનું મોતી પ્રગટ થાય છે. જુઓ! આ. **'પહેલાંપહેલાંઓના મોતીઓ નહિ પ્રગટ થતાં હોવાથી...'** પહેલા ગયા તે પ્રગટ નથી થતા. સમજાણું કાંઈ? મોતીઓમાં પછી પછીના સ્થાનોમાં, પાછળ પાછળના મોતી પ્રગટ થાય છે, પણ પહેલાં પહેલાં જે ગયા તે પ્રગટ થતા નથી.

તેથી **'બધેય પરસ્પર અનુસ્યૂતિ...'** ગયેલું અને પછીનું. ગયું પહેલાં. પહેલા ગયું અને પછી આ. બધામાં એક એક સ્થાનમાં છે. સદૃશપણે ગણો તો એકરૂપે છે. છે ત્યાં છે. છે ત્યાં પછી અને

પૂર્વ તેને લાગુ પડતું નથી. સમજાણું કાંઈ? પાછળના સ્થાનમાં પાછળનું અને પહેલાંના સ્થાનમાં પહેલાંનું. પાછળના સ્થાનમાં પાછળનું અને પહેલું સ્થાન ગયુંને? પહેલું ગયું ઇ. એનું નામ પહેલા થયું. પાછળવાળા પાછળ પ્રાપ્ત થયા. પણ એક એકમાં સર્વત્ર પરસ્પર અનુસ્યૂતિ જોડાણ જુઓ, બધાનું જોડાણ, ગૂંથાયેલા, બધામાં આ દોરો સાથે ગૂંથાયેલો છેને? **'અનુસ્યૂતિ રચનારો દોરો અવસ્થિત હોવાથી...'** સૂત્રમાં તો એકરૂપ અવસ્થિત છે. **'ત્રિલક્ષણપણું પ્રસિદ્ધિ પામે છે;....'** હાર જ ત્રિલક્ષણને પ્રસિદ્ધિ પામે છે. સમજાણું કાંઈ? હાર જ ત્રિલક્ષણપણાને પ્રસિદ્ધિ પામે છે.

હવે, સિદ્ધ કરવું છે આ. આ તો હજી દૃષ્ટાંત આપ્યો, હોં! પછીના પછી અને પહેલાંના પહેલાં. સરખામાં જ્યાં છે ત્યાં છે. **'તેમ જેણે...'** એટલે દ્રવ્યે. **'નિત્યવૃત્તિ...'** જુઓ! વસ્તુ છે એ તો કાયમ ટકાવ છે. નિત્યવૃત્તિ. નીચે (ફૂટનોટ) છે. **'નિત્ય ટકવાપણું, નિત્ય હયાતી, સદા વર્તવું તે.'** લ્યો, દ્રવ્ય સદાય (વર્તે છે). પેલો લટકતો (હાર) કહ્યો હતોને? **'નિત્ય વૃત્તિ ગ્રહણ કરેલી છે...'** અમુક અમુક ..., આ નિત્ય વૃત્તિ. લટકતો. **'એવા રચાતા (પરિણમતા)...'** દ્રવ્ય સમયે સમયે પરિણમે છે. દ્રવ્ય સમયે સમયે પરિણામથી રચાય છે, દ્રવ્ય સમયે સમયે પરિણામથી રચાય છે. દ્રવ્ય સમયે સમયે પરિણામથી રચાય છે-પરિણમે છે.

એવા **'દ્રવ્યને વિષે...'** એવા રચાતા, પરિણમતા દ્રવ્યને વિષે. કૂટસ્થ દ્રવ્યની અહીંયા વાત નથી. દ્રવ્ય પરિણમે છે એવા દ્રવ્યમાં **'પોતપોતાના અવસરોમાં પ્રકાશતા (પ્રગટતા)...'** દરેક દ્રવ્યના પરિણામ પોતપોતાના કાળે પ્રગટ થાય છે, આગળપાછળ નહિ. સમજાણું કાંઈ? જે સમયે જે પર્યાય જ્યાં જે દ્રવ્યની પ્રગટ થાય છે તે ત્યાં જ થશે. **'પોતપોતાના અવસરોમાં...'** ત્યાં પોતપોતાના સ્થાનમાં હતું, અહીંયા પોતપોતાના અવસરોમાં. **'પ્રકાશતા...'** ત્યાં પણ પોતપોતાના સ્થાનમાં પ્રકાશિત હતું. આ પોતપોતાના કાળે પ્રગટ થતાં, **'પ્રકાશતા (પ્રગટતા) સમસ્ત પરિણામોમાં,...'** આખા દ્રવ્યના અનાદિ-અનંત પરિણામોમાં **'પછીપછીના અવસરોએ પછીપછીના પરિણામો પ્રગટ થતા હોવાથી...'** પાછળ પાછળના પરિણામ પાછળ પાછળ પ્રગટ થાય છે **'અને પહેલાંપહેલાંના પરિણામો નહિ પ્રગટ થતા હોવાથી...'** પહેલાંના પરિણામ પ્રગટ થતા નથી. પહેલાના પ્રગટ થયા એ નથી થતા, પછી પછીના પ્રગટ થાય છે. આ ક્રમબદ્ધ સિદ્ધ થાય છે. મંત્રીજી! આહા..હા..!

હારમાં પણ ક્રમસર ક્ષેત્ર છે. એમ પરિણામમાં જે બધા પરિણામ પોતપોતાના અવસરે ઉત્પન્ન થાય છે. એક વાત થઈ ગઈ. અને પછીના.. **'સમસ્ત પરિણામોમાં, પછીપછીના અવસરોએ...'** પછીપછીના કાળે આવનારા, પછી પછીના પરિણામ પ્રગટ થાય છે. પછીના પછી પ્રગટ થાય છે. પાછળના પછી પ્રગટ થાય છે. **'અને પહેલાંપહેલાંના પરિણામો નહિ પ્રગટ થતા હોવાથી...'** પહેલા ગયા એ પ્રગટ નથી થતા. ગયા એ પ્રગટ થાય છે? પાછળ પાછળના જે પરિણામ છે, પછીપછીનાં પ્રગટ થાય છે, પહેલાં પહેલાંના ગયા એ પ્રગટ નથી થતા. વ્યય થઈ ગયા તે પ્રગટ થાય છે? થઈ ગયા અને ઉત્પન્ન નથી થયા તે ઉત્પન્ન થાય છે. નવા નવા પરિણામ

(થાય છે). દ્રવ્યમાં પર્યાય એક સમયની પર્યાયની વાત ચાલે છે, હોં!

**'પોતપોતાના અવસરોમાં પ્રકાશતા...'** બધા પરિણામની સામાન્ય વાત કરી. સિદ્ધ કર્યા એક એકને. પહેલામાં કહ્યું હતું કે પોતાના અવસરમાં એક પરિણામ સાબિત થાય છે, એક પરિણામ. આમાં આખા દ્રવ્યમાં પોતપોતાના અવસરે પ્રકાશિત થાય છે. પણ **'સમસ્ત પરિણામોમાં, પછીપછીના અવસરોએ...'** પાછળ જે આવવાના છે એ પરિણામ પાછળ આવશે. **'અને પહેલાંપહેલાંના પરિણામો નહિ પ્રગટ થતા હોવાથી...'** જે પરિણામ પહેલાં આવી ગયા તે પ્રગટ નથી થતા. સમજાણું કાંઈ? કેવળજ્ઞાન પણ એક સમયમાં જે થયું તે થઈ ગયું. જે થઈ ગયું તે પછી પ્રગટ નથી થતું. નવી નવી કેવળજ્ઞાનની પર્યાય પ્રગટ થાય છે. કેવળજ્ઞાનની જે પર્યાય વ્યય થઈ ગઈ તે પ્રગટ નથી થતી.

સમ્યગ્દર્શનની એક સમયની પર્યાય, એક સમયની પર્યાય જે પ્રગટ થઈ તે ગઈ, જે ગઈ તે પ્રગટ નથી થતી. નવી નવી પર્યાય સમયે સમયે નવી થાય છે. ભારે ગાથા કઠણ પડે માણસને, લ્યો. અહીં તો કોઈ કાઢે કે ન કાઢે, પોતપોતાના અવસરે એ સામાન્ય વાત કરી. તે જ સમયે તે જ પરિણામ, તે જ સમયે તે જ પરિણામ એમ ક્યાં આવ્યું? ઇ જ આવ્યું. **'પોતપોતાના અવસરોમાં પ્રકાશતા...'** બધા પરિણામ પોતપોતાના કાળે પ્રગટ થાય છે. કેવળજ્ઞાનની નોંધમાં છે માટે નહિ. સ્વભાવ એનો બતાવવો છે. સ્વભાવ જ એવો છે કે પ્રત્યેક આત્મા અને પ્રત્યેક પરમાણુ પોતપોતાના અવસરે તે પર્યાય પ્રગટ પ્રકાશિત થાય છે અને સમસ્ત પરિણામોમાં, બધા પરિણામોમાં **'પછીપછીના અવસરોએ...'** પાછળ આવવાવાળા પરિણામનો કાળ પછી આવશે. ત્યારપછી પ્રગટ થાય છે તેથી **'અને પહેલાંપહેલાંના પરિણામો નહિ પ્રગટ થતા હોવાથી...'** પહેલાં જે પરિણામ આવી ગયા તે પછી નથી આવતા. સમજાણું કાંઈ?

સમ્યગ્દર્શન ક્ષાયિક થયું તોપણ જે પર્યાય ગઈ તે પર્યાય નથી આવવાની, પછી આવવાની જે પર્યાય છે તે આવે છે. ક્ષાયિક સમ્યગ્દર્શન થયું, શુદ્ધ ચૈતન્ય અખંડ અભેદ એકાકાર નિર્મળ નિર્વિકલ્પ (છે) એવી પ્રતીત, અનુભવમાં આવ્યું તે પર્યાય તે કાળે પ્રાપ્ત થઈ. એમ સમસ્ત (પરિણામો) પોતપોતાના અવસરે થાય છે. હવે એ પરિણામ જે છે તે ચાલ્યું ગયું તો પછીપછીના આવે છે. પહેલાનું ગયું તે આવતું નથી. ક્ષાયિક સમકિતની પર્યાય જે ગઈ તે પર્યાય પ્રગટ નથી થતી, દ્રવ્યમાં સમાઈ ગઈ. પણ દ્રવ્યમાં સમાઈ ગઈ હોવા છતાં તે પર્યાય પછીના સમયે નહિ આવે. આહા..હા..! બીજી પર્યાય ક્રમમાં આવવાવાળી તે ક્રમમાં આવવાળી આવશે. સમજાણું કાંઈ? આ ફેરી શેઠિયા આવ્યા (ત્યારે) ગાથા જરી ઝીણી (આવી). ૯૬ ગાથા ચાલતી હતી ત્યારે યાદ કર્યા હતા કે એકાદ દિવસમાં આવશે. ત્યાં તો કાલે આવી ગયા. સમજાણું કાંઈ? આમાં સમજવાનો અવસર પણ લેવો જોઈએ, શેઠ! એમ ને એમ નહિ મળે. પૈસા એકઠા થઈ ગયા થોડા કાળમાં મહેનત વિના.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ગઈ તે ગઈ, વ્યય (થઈ ગયો).

અહીં તો જે પહેલી આવી તે ગઈ, એ નહિ ઉત્પન્ન થાય. પછી આવવાની છે તે ઉત્પન્ન થશે. શું કહે છે? પણ એ પછી આવવાની છે તે પછી અને પહેલા આવવાની તે પહેલા. ઇ પહેલી કહો કે પછી કહો તો પહેલી આવી ગઈ. અને પછી આવવાવાળી પછી આવશે. સમજાણું કાંઈ?

**'જેણે...'** નામ દ્રવ્યે **'નિત્યવૃત્તિ ગ્રહણ કરેલી છે...'** ટકાઉ કાયમી ચીજ છે એવી વૃત્તિ ગ્રહણ કરેલી છે નામ એવું છે, એમ. **'એવા રચાતા (પરિણમતા) દ્રવ્યને વિષે,...'** પરિણમતા દ્રવ્યમાંને? કૂટસ્થ દ્રવ્ય નથી. દ્રવ્ય પરિણમે છે. **'પોતપોતાના અવસરોમાં પ્રકાશતા (પ્રગટતા) સમસ્ત પરિણામોમાં, પછીપછીના અવસરોએ પછીપછીના પરિણામ પ્રગટ થતા હોવાથી અને પહેલાંપહેલાંના...'** અહીં તો સિદ્ધ કરવું છે કે જે પરિણામ થઈ ગયા તે પછી ઉત્પન્ન થતા નથી. પછી આવવાના છે તે જ ઉત્પન્ન થાય છે. મહાસિદ્ધાંત મૂકી દીધો છે. હવે એને આઘુપાછું કરવું છે, એમ કહે છે.

કેરીને જુઓ! આમ નાખે. થડમાં નાખે તો પહેલી પર્યાય આઘી હતી તે નજીક આવી ગઈ. પણ કઈ આઘી થવાની હતી અને કઈ આવી? કઈ આવી? આ આવવાની હતી તે આવી. એમાં શું છે? પોતપોતાના કાળે તે પરિણામ આવે છે, બસ! જે ગયા તે ગયા, પછી આવવાની હતી તે જ પોતાના કાળે આવી. સમજાણું કાંઈ? આમાં જ્ઞાતા-દૃષ્ટા સિદ્ધ કરવું છે. તને વિકલ્પમાં ઘાલમેલ ચાલે અને તું એમ માને કે હું કર્તા નથી, હું કર્તા નથી એમ નથી. વિકલ્પની ધારા ચાલે કે હું આમ બનાવું, આમ બનાવું, આમ કરું, આમ કરું... થવાવાળા થાય છે પરિણામના અવસરમાં. એમાં માન્યતા ન થઈ. એમાં સત્ય માન્યતા ન થઈ. થવાવાળા થાય છે, જાણનાર જાણે છે. જાણનાર જાણે છે.. જાણે છે.. જાણે છે.. જાણે છે.. જાણવાની પર્યાય પણ પહેલા થઈ તે ગઈ, બીજી આવવાળી આવી. બસ! જાણનાર જાણનારની પર્યાયમાં પરિણમન કરવાવાળો છે. સમજાણું કાંઈ?

સમયે સમયે પર્યાય થાય છે, આવી ગઈ તે આવતી નથી, નથી આવી તે ક્રમે ક્રમે આવશે. એવો જેણે નિર્ણય કર્યો, એને વિકલ્પમાં હું આમ કરું, આમ કરું એ વિકલ્પનું ઉત્થાન મટી જાય છે. રાગની ઉત્પત્તિ મટી જાય અને સ્વભાવ ઉપર દૃષ્ટિ થવાથી સ્વભાવની પર્યાય ઉત્પન્ન થાય છે. જાણવા-દેખવાની, જાણવા-દેખવાની, જાણવા-દેખવાની પર્યાય. બસ! થવાનું હોય તે થાય છે, થવાનું હોય તે થાય છે અને સાથે સાથે વિકલ્પનો ખદબદાટ ચાલે છે. એમાં થવાનું હોય તે થાય એમ ક્યાં રહ્યું? થવાનું હોય તે થાય છે, ભાઈ! થવાનું હોય તે થાય છે. વિકલ્પનો ખદબદાટ તો ચાલે છે કે આમ થયું ને આમ ન થયું, આમ થયું. થવાનું છે તે તે જ સમયે થશે. પછી થવાનું હોય તે પછી થશે, પહેલા થવાનું હશે તે પહેલા થશે. આવો નિર્ણય કરવાવાળાની કષાયની-વિકલ્પની ધારા અટકી જાય છે. જ્ઞાનધારા પૂર્ણ થઈ જાય છે. સુમેરુમલજી! આહા..હા..!

જ્ઞેયનું જ્ઞાન કરાવે છે, સમ્યગ્દર્શનનો વિષય છે. જ્ઞેયનો વિષય કહો કે સમ્યગ્દર્શનનો વિષય કહો. જયસેનાચાર્યે સમ્યગ્દર્શનનો અધિકાર કહ્યો છે. સમજાણું કાંઈ? આ સમ્યગ્દર્શનનો

અધિકાર છે. દરેક આત્મા પોતપોતાના કાળમાં પરિણામ થઈ ગયા તે નહિ આવે, નથી થયા તે ક્રમમાં આવશે અને તે જ સમયે આવશે. આવા ત્રિલક્ષણ પરિણામમાં વર્તનારું દ્રવ્ય, ત્રિલક્ષણસ્વભાવી સિદ્ધ કરે છે તેની દૃષ્ટિ દ્રવ્ય ઉપર જાય છે. હું જ્ઞાયક છું, જ્ઞાયક છું. કોઈનું કાંઈ લેવું, નિર્મળ પર્યાય રચવાનો પણ વિકલ્પ નહિ. વિકલ્પ કરવાનો તો વિકલ્પ નહિ, પણ નિર્મળ પર્યાય બનાવું એનો વિકલ્પ નહિ. સમજાણું કાંઈ?

પોતપોતાના પરિણામમાં જ્યારે ઉત્પન્ન થાય છે, પછી પછીના પરિણામમાં, પહેલાના પહેલા. ગમે તે રીતે લ્યો, પણ જે સ્થાનમાં જ્યાં થયા તે થઈ ગયા. નથી થયા તે તે જ કાળમાં આવશે, આગળપાછળ નહિ. કહો, સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- જોવે છે, જોવે છે, બસ! જોવે છે. ફિલ્મમાં ઉતરે છે કે નહિ? આઘુપાછું કંઈ ન કરવું. કરવું નહિ, ધરવું નહિ, વિકલ્પનું કરવું-ધરવું નથી, હોં! લોકો તો કહે છે કે આ લોકોમાં તો કાંઈ કરવાનું આવતું જ નથી. પણ શું કરવું છે તારે? શરીરની ક્રિયા તું કરી શકે છે? એના પ્રવાહક્રમમાં આવવાવાળી પર્યાય તેનાથી થાય છે. રાગ કરવો છે તારે? એ પ્રવાહક્રમમાં આવવાવાળો રાગ તે જ આવશે. તારે નિર્મળ પર્યાય કરવાનો વિકલ્પ ઉઠાવવો છે? શું છે? ઉત્પન્ન થવાના કાળમાં કરું એવો વિકલ્પ ઉઠાવવો છે? શું છે તારે? હું જાણનાર-દેખનાર એકલો ચૈતન્યસૂર્ય છું. ક્રમસર ગયા, રહે છે અને આવનારા પરિણામને હું જાણનાર છું. અને પોતાના પરિણામ થયા તેને પણ હું જાણનારો છું. સમજાણું કાંઈ? ભારે વાત.

**'પોતપોતાના અવસરે પ્રકાશતા (પ્રગટતા)...'** પહેલામાં કહ્યું હતું કે એક એક પરિણામના અવસરે પ્રકાશતા. જ્યારે પરિણામ સિદ્ધ કર્યા હતા (એમ કહ્યું હતું કે) પોતાના અવસરે પ્રગટ (થતા) પરિણામ, એટલું. હવે આ દ્રવ્યમાં, આખા દ્રવ્યમાં પોતપોતાના અવસરમાં પ્રાપ્ત (થતા) પરિણામ એમ લીધું. પહેલા સાધારણ પરિણામને સિદ્ધ કરવા હતા તો પોતાના અવસરે પરિણામ વિનષ્ટ, ઉત્પન્ન અને અનુભય (કહ્યું હતું), બસ! હવે એ પરિણામમાં વર્તનાર દ્રવ્ય, ત્રણ લક્ષણવાળું દ્રવ્ય. તેમાં પણ પોતપોતાના અવસરે પ્રકાશતા **'સમસ્ત પરિણામોમાં, પછીપછીના અવસરોએ પછીપછીના પરિણામો પ્રગટ થતા હોવાથી...'** એમ કહ્યુંને? **'અને પહેલાંપહેલાંના પરિણામો નહિ પ્રગટ થતા હોવાથી...'** જે પરિણામ ગયા તે પ્રગટ નથી થતા. ગયા તે શું પ્રગટ થાય? પૂછે છેને? રાગ-દ્વેષ ક્યાં ગયા? દ્રવ્યમાં. પાછા આવ્યા કે નહિ? શું આવે? સાંભળ તો ખરો. નિર્મળ પર્યાય પણ આવી તે દ્રવ્યમાં ઘુસી ગઈ. તે પર્યાય પાછી આવવાની જ નથી. રાગ આવ્યો, વ્યય થયો. વ્યય થયો તો ક્યાં ગયો? ક્યાંય અદ્ધર તો નથી ગયો. દ્રવ્યમાં સમાઈ ગયો. સમાઈ ગઈ તે પર્યાય નવી નથી આવતી. એ રાગ પાછો નથી આવતો. સમજાણું કાંઈ? એમ નિર્મળ પર્યાય જે સમ્યગ્દર્શન, જ્ઞાન ધર્મની પર્યાય એક સમયની થઈ તે પર્યાય બીજે સમયે દ્રવ્યમાં સમાઈ ગઈ. તે પર્યાય પ્રગટ નહિ થાય. તે પર્યાયનું કાર્ય તે હતું. દ્રવ્યમાં ગઈ. નવી પર્યાયનો જે

કાળ હતો તે જ પર્યાય આવશે. ઓહો..હો..!

**'પહેલાંપહેલાંના પરિણામો નહિ પ્રગટ થતા હોવાથી તથા બધેય પરસ્પર અનુસ્યૂતિ રચનારો...'** જુઓ હવે. એકધારા હવે. પહેલા અને પછીના છોડી દીધા. પરિણામની અપેક્ષા પહેલા-પછીની લીધી કે આ પરિણામ થયા હતા, હવે નહિ થાય. પછીના થશે. પણ **'બધેય પરસ્પર અનુસ્યૂતિ...'** નામ સદૃશતાનું જોડાણ રાખનારો **'પ્રવાહ...'** પ્રવાહ, પ્રવાહ સિદ્ધ કરવો છેને. છે.. છે.. છે.. છે... પ્રવાહ. ઉત્પન્ન થયા, નથી ઉત્પન્ન થયા, પહેલા, પછી એમાં કોઈ પ્રશ્ન નથી. **'બધેય પરસ્પર...'** એક જોડાણ રાખનારો પ્રવાહ **'અવસ્થિત (-ટકતો) હોવાથી ત્રિલક્ષણપણું પ્રસિદ્ધિ પામે છે.'** દ્રવ્ય ત્રિલક્ષણ પ્રસિદ્ધિને પ્રાપ્ત થાય છે. એમાં થવાવાળા પરિણામ થઈ ગયા, નથી થયા તે તેને કાળે આવશે અને પરિણામની સદૃશતા જુઓ તો એકરૂપ ગૂંથાયેલી પડી છે. આવું દ્રવ્ય ત્રિલક્ષણ સિદ્ધ થઈ ગયું. ત્રિલક્ષણપણું પ્રસિદ્ધિ પામે છે. ઓહો..હો..!

આવા દ્રવ્યની પ્રતીતિ આવી રીતે યથાર્થપણે કરવી તેનું નામ સમ્યગ્દર્શન છે. આ સમ્યગ્દર્શનનો અધિકાર છે. આથી આઘુંપાછું દ્રવ્યનું સ્વરૂપ કોઈ બીજું (કહે તો એમ નથી). ક્ષેત્રભેદ જે રીતે કહ્યો, કાળ જે રીતે કહ્યો, પરિણામ કહ્યા એ રીતે જ વસ્તુ પડીપાથરી છે. પડીપાથરીને શું કહે છે? છે. આવું અંતર દ્રવ્યનું લક્ષણ-આ ત્રિલક્ષણ પરિણામ લક્ષણથી લક્ષિત દ્રવ્ય તે પણ ત્રિલક્ષણવાળું છે એમ લક્ષ કરીને રુચિ, દૃષ્ટિ કરવી તેનું નામ સમ્યગ્દર્શન ધર્મ છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**આસો વદ-૨, શનિવાર, તા. ૫-૧૦-૧૯૬૩**
**ગાથા-૯૯, પ્રવચન-૯૪**

પ્રવચનસાર, જ્ઞેયતત્ત્વ અધિકાર ચાલે છે. જ્ઞેય નામ જ્ઞાનમાં જાણવાલાયક ચીજ. તો સ્વદ્રવ્ય અને પરદ્રવ્ય બધા એમાં આવી જાય છે. તો સ્વદ્રવ્ય શું છે? પરદ્રવ્ય શું છે? એનો કેવો વિસ્તાર છે? તેના પરિણમનની કેવી ઊર્ધ્વતા છે? એ દ્રવ્યનો કેવો સ્વભાવ છે? જેવો ભગવાને જાણ્યો એવો કહ્યો છે. એવો એણે જાણવો જોઈએ કે કેવો આત્મા છે? કેવા પર પરમાણુ આદિ છે? ભાવાર્થ. ગાથાની ટીકા તો ચાલી ગઈ છે. સમજ્યા? શેઠી! ક્યાં સુધી આવ્યું? ટીકા ચાલી ગઈ છે. ભાવાર્થ તો કહ્યું, નહિતર તો સોમી ગાથા જોતા હતા, ત્યાં જોતા હતા. આ કોનું છે? આ તો હિંમતભાઈ પંડિત.. બરાબર. શું કહે છે?

સર્વજ્ઞ ભગવાન તીર્થંકરદેવ જેને એક સેકંડના અસંખ્યભાગમાં કેવળજ્ઞાન નામ સર્વજ્ઞદશા પ્રાપ્ત થઈ. એક સમયમાં ત્રણકાળ ત્રણલોક જ્ઞાનમાં જણાયા. તો એ ભગવાન, આત્મા અનંત છે,

અનંત પરમાણુ છે, અસંખ્ય કાળાણુ છે, એક ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ એ ચીજ કેવી છે? કેવો પ્રકાર છે? એનો સ્વભાવ શું છે? એમાં ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય (અર્થાત્) નવી અવસ્થાનું ઉત્પન્ન થવું, જૂનીનું વ્યય થવું, સદશપણે ધ્રૌવ્ય રહેવું, એ કઈ રીતે છે એ વાત અહીંયા બતાવે છે. સૂક્ષ્મ વાત છે. મોહનભાઈ! ત્યાંથી આવ્યા છે. અભ્યાસ ન મળે આ.

ભગવાન ત્રિલોકનાથ સર્વજ્ઞદેવ દેવાધિદેવ કોને આત્મા અને પરમાણુ કહે છે? કેવા છે આત્મા અને પરમાણુ? ઇ કહે છે, જુઓ!

મુમુક્ષુ :- ધર્મ કરવો છે એમાં આ?

ઉત્તર :- શેમાં ધર્મ કરવો છે? આત્મા કેવો છે ઇ સમજ્યા વિના ધર્મ ક્યાંથી આવશે? ધર્મ ઉપર લટકે છે કાંઈ? ધર્મ તો આત્માની નિર્દોષ નિર્મળ પર્યાય છે. એ પર્યાય શું છે? ક્યાંથી ઉત્પન્ન થાય છે? અને ક્યાંથી વ્યય થઈને ઇ આવે છે? ખબર વિના ધર્મ ક્યાંથી થશે? સુમેરુમલજી! પર્યાયની ખબર ન હોય, જૈનમાં જન્મ્યા છતાં. પર્યાય એટલે પ્રત્યેક પદાર્થ છે તેની વર્તમાન અવસ્થા હોવી તેનું નામ પર્યાય અને પૂર્વની અવસ્થાનો અભાવ થવો તેનું નામ પર્યાય. ખબર ન મળે ખબર. મોહનભાઈ! બરાબર છે? પર્યાય-બર્યાય ન્યાં તમારા શેરબજારમાં આવે?

ભગવાન કહે છે કે જેને ધર્મ કરવો હોય અને સ્વતંત્ર સુખી થવું હોય તો એણે દ્રવ્ય નામ આત્મા અને પરમાણુ દ્રવ્ય કેવા છે? કઈ રીતે ટકે છે? કઈ રીતે અવસ્થા ઉત્પન્ન થાય છે? અને કઈ રીતે અવસ્થા પૂર્વની વ્યય-નાશ પામે છે? એનો બોધ થયા વિના ધર્મનું પ્રગટ થવું એને થતું નથી. સુમેરુમલજી! આ ગાથા તો ઘણી ઝીણી આવી ગઈ. અહીંયા તો હવે ભાવાર્થ છે.

**'ભાવાર્થ :- દરેક દ્રવ્ય...'** છે શબ્દ? ડૉક્ટર! જરી ઝીણું પડશે. ન્યાં કાંઈ ખબર ન મળે. દવા ને બવા ને આખો દિ' આ... અને ઓલામાં હોય તો, કરો સામાયિક ને કરો પડિકમણા. શું સામાયિક? પણ ક્યાં આવી સામાયિક? પડિકમણા ક્યાં? સામાયિક પડિકમણા કોઈ પર્યાય એટલે અવસ્થા છે? કોઈ શક્તિ છે? કોઈ પદાર્થ છે? કોઈ નવી ઉત્પન્ન થાય છે? કાયમની છે? કાંઈ ખબર નથી.

મુમુક્ષુ :- ગોળને ન સમજે તો...

ઉત્તર :- ગોળ ન સમજે તો ગોળને ઠેકાણે આવે છાણ. શેઠી! છાણ સમજો છો? ગોબર.. ગોબર. ગોબરના છાણા હોયને? છાણા આવડા? ગોળની ભેલી હોય છેને? શું કહેવાય અમારે? ભેલી.. ભેલી.. અમારી ભાષા જરી કાઠિયાવાડી બીજી છેને. ગોળની ભેલી હોય છે, એમ છાણના પણ છાણા હોય છેને? આવડા ભેલી જેવડા. પણ ખબર ક્યાં છે? છાણા શું છે? ગોળ શું છે? એમાં મીઠાશ શું છે? વસ્તુ શું છે? દશા શું છે? સમજ્યા વિના ધર્મ ક્યાંથી થાય?

તો કહે છે કે **'દરેક દ્રવ્ય...'** પહેલો શબ્દ પડ્યો છે. પ્રત્યેક નામ ભિન્ન ભિન્ન જેટલા આત્મા છે, અનંત આત્મા અને અનંત પરમાણુ-પોંઈટ, આ કંઈ એક વસ્તુ નથી, આ તો ઘણા પરમાણુ એટલે સૂક્ષ્મ એક રજકણ અનંત ભેગા થઈને આ પિંડ દેખાય છે, જડ માટી, ધૂળ. આત્મા એનાથી

ભિન્ન. આ તો માટી દેખાય છે તો એનો પોંઈટ-છેલ્લો ટૂકડો લ્યો તો એને પરમાણુ ભગવાન તીર્થંકરદેવ કહે છે. એ પરમાણુને દ્રવ્ય કહે છે. એવા અનંત દ્રવ્ય નામ મળીને આ સ્કંધમાં એકસાથે દેખાય છે. છે ભિન્ન ભિન્ન પોતામાં, કોઈની સાથે ભળ્યા નથી. એમ આત્મા અંદર દેહમાં (રહેલો), દેહ ને શરીર ને કર્મથી મળ્યો નથી. ભિન્ન તદ્દન આત્મા શરીર અને વાણી, કર્મથી ભિન્ન છે.

તો કહે છે કે **'દરેક દ્રવ્ય...'** આ એની વ્યાખ્યા કરી. દરેક નામ પ્રત્યેક ભિન્ન ભિન્ન પદાર્થ. એક એક આત્મા અને એક એક પરમાણુ પોંઈટ, ભગવાન ત્રિલોકનાથ સર્વજ્ઞદેવે જોયા તે સદા... **'દરેક દ્રવ્ય...'** દ્રવ્ય નામ વસ્તુ. પૈસા એ દ્રવ્ય એકલું નહિ. સમજાણું કાંઈ? આ ધૂળ પૈસા છે કે નહિ? એ એકલા નહિ. પૈસા મૂળ દ્રવ્ય નથી. પૈસામાં એક પોંઈટ-એક રજકણ જે છેલ્લો પોંઈટ-પરમાણુ છે તેને અહીંયા દ્રવ્ય કહે છે. એ બધા મળીને દેખાય છે આ સ્કંધરૂપ. એ કોઈ મૂળ ચીજ નથી. આના તો ટૂકડા થાય છે, રાખ થઈ જાય છે, ભિન્ન થઈ જાય. એમાં એક એક ટૂકડો અને આત્મા દેહથી ભિન્ન, એમ અનંત આત્મા છે. એ પ્રત્યેક પદાર્થ, દ્રવ્ય કહો કે પદાર્થ કહો, **'સદાય...'** ત્રણે કાળ **'સ્વભાવમાં રહે છે...'** પ્રત્યેક વસ્તુ ત્રણે કાળ પોતાના સ્વભાવમાં રહે છે.

સ્વભાવ શબ્દે વિકાર કે અવિકાર, બધો એનો સ્વભાવ છે. અહીં તો ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યને સિદ્ધ કરવા છેને. દરેક પદાર્થ પોતાના ભાવમાં રહે છે. કોઈ બીજા પદાર્થના ભાવમાં પ્રવેશ કરે છે અને બીજા પદાર્થનો ભાવ પોતાના દ્રવ્યમાં પ્રવેશ કરે છે એમ ત્રણકાળ ત્રણલોકમાં નથી.

મુમુક્ષુ :- પોતાની સત્તામાં રહે છે.

ઉત્તર :- પોતાની સત્તા. આત્મા પોતાની (સત્તામાં રહે છે). સત્તાની વ્યાખ્યા કરશે. અહીંયા તો બહુ એકદમ વિજ્ઞાન, સર્વજ્ઞ ભગવાન પરમેશ્વરે કહેલું વિજ્ઞાન તત્ત્વજ્ઞાનનો અધિકાર છે. જ્ઞેય અધિકાર એ સમ્યગ્દર્શનનો અધિકાર છે. સમ્યગ્દર્શન (એટલે) જેવું દ્રવ્ય છે એવી અંદર પ્રતીતિ કરવી, શ્રદ્ધા કરવી એનું નામ સમ્યગ્દર્શન પ્રથમ ધર્મ છે.

તો કહે છે કે પ્રત્યેક દ્રવ્ય સદા ત્રણે કાળ **'સ્વભાવમાં રહે છે...'** પોતાનો સ્વ-ભાવ, પોતાનો સ્વ-પોતાનો-નિજ ભાવમાં એ પદાર્થ રહે છે. નિજ ભાવમાં પદાર્થ રહે છે. આત્મા નિજ ભાવમાં રહે છે, પરમાણુ પરમાણુના ભાવમાં રહે છે, બીજા આત્મા બીજાના ભાવમાં રહે છે, ત્રીજો રજકણ ત્રીજા રજકણના ભાવમાં રહે છે. ધીરૂભાઈ! શરીરના ભાવમાં આત્મા નહિ અને આત્માના ભાવમાં શરીર નહિ, એમ કહે છે. સમજાણું કાંઈ? પ્રત્યેક પદાર્થ સદા સ્વભાવમાં રહે છે, રહે છે. છે એમ કહેવું છેને? **'છે તેથી 'સત્' છે.'** આ કારણે તે સત્ છે. છે, સત્તાપણું પદાર્થ છે. આત્મા આત્માના પોતાના ભાવથી છે, પરમાણુ પરમાણુના ભાવથી, અનંત આત્મા અનંત આત્માના ભાવથી. બધા ભિન્ન ભિન્ન છે.

હવે એ સ્વભાવમાં રહે છે એમ કહ્યું, તેથી તે સત્ છે. છે, એવું સત્ છે. **'તે સ્વભાવ...'** તે સ્વભાવ શું? હવે સ્વભાવ શું? પદાર્થનો ભાવ શું? સ્વ-પોતાનો-નિજ ભાવ શું?

**'ઉત્પાદવ્યયધ્રૌવ્યસ્વરૂપ પરિણામ છે.'** શેઠ! આ તમારા પરમાણુ તમારો ભાવ છે કે નહિ? પરમાણુ, આ પરમાણુ.

મુમુક્ષુ :- પરમાણુમાં પરમાણુનો ભાવ છે.

ઉત્તર :- આ લક્ષ્મીનો પોતાનો ભાવ છે? લક્ષ્મીમાં ભાવ છે. પ્રત્યેક પરમાણુ પોતાના ભાવમાં રહે છે. ઇ કહે છે, જુઓ!

તેમાં ઉત્પાદ-વ્યય-ધ્રુવ તેનો સ્વભાવ, તેનો ભાવ એમાં એ દ્રવ્ય રહે છે. એના ભાવમાં એ દ્રવ્ય રહે છે. પરમાણુ.. જુઓ! કહે છે. **'તે સ્વભાવ...'** સ્વ-પોતાનો ભાવ **'ઉત્પાદવ્યયધ્રૌવ્યસ્વરૂપ પરિણામ છે.'** તદ્દન ગ્રીક લેટિન જેવી ભાષા લાગે. હિંમતભાઈ! કોઈ દિ' તત્ત્વનો અભ્યાસ જ નથી કર્યો. જૈનદર્શન વીતરાગ શું કહે છે? એમ ને એમ ઓઘે અંધપણે જિંદગી ચાલી જાય છે. જિંદગી પૂરી, જાવ, ચાર ગતિમાં રખડવા. શોભાલાલજી!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ક્યાં ધર્મ કર્યા? ભાન વિના ધર્મ ક્યાંથી થયો? ધૂળમાંથી? હજી વસ્તુ શું છે? કઈ રીતે હોય છે? મેરા ભાવમાં હું છું, પરના ભાવમાં એ છે, પરના ભાવમાં મારો અધિકાર નથી, મારા ભાવમાં પરનો અધિકાર નથી. સમજાણું કાંઈ? કોઈની લક્ષ્મી કોઈની છે અને બીજો કહે કે મારી છે. એને મૂર્ખ કહેવાય કે નહિ? અમદાવાદમાં માણેકચોકમાં ઝવેરાતની દુકાન જોઈને કહે કે આ તો મારી દુકાન છે. મૂઢ છે. તારી દુકાન છે? તારી ચીજ છે ઇ? એમ ભગવાન આત્મા અને પ્રત્યેક પરમાણુ અને પ્રત્યેક આત્મા, બધામાં પોતપોતાના ભાવ ભરેલા છે. કોઈનો ભાવ પરમાં જાતો નથી અને કોઈનો ભાવ અહીંયા આવતો નથી. સમજાણું કાંઈ? સંતોએ જંગલમાં રહીને આ ગ્રંથ બનાવ્યા. સર્વજ્ઞ ત્રિલોકનાથ પરમાત્માએ કહ્યું, વીતરાગદેવે. આને સમજવામાં દરકાર નહિ. બસ! કરો (ધર્મ). શું ધર્મ? ક્યાંથી આવશે? ધર્મની ઉત્પત્તિ ક્યાં થાય છે? અને શેનો વ્યય થઈને થાય છે? અને એમાં ધ્રુવ શું રહે છે? જુઓ!

**'સ્વભાવ ઉત્પાદવ્યયધ્રૌવ્યસ્વરૂપ પરિણામ છે.'** હવે આપણે આત્મામાં ઉતારીએ, જુઓ! આત્માનો સ્વભાવ ઉત્પાદ. જેમ સમ્યગ્દર્શનની પર્યાયનો ઉત્પાદ. હું શુદ્ધ ચિદાનંદ જ્ઞાયક છું, હું પવિત્રધામ છું એવી શ્રદ્ધાનું ઉત્પન્ન થવું એ સમ્યગ્દર્શનનો પર્યાય પોતાના દ્રવ્યની પ્રતીતિ કરીને ઉત્પન્ન થવો (તે ઉત્પાદ). શું કહ્યું? પ્રત્યેક દ્રવ્યનો સ્વભાવ ઉત્પાદ. ઉત્પાદ છે તો પ્રત્યેક દ્રવ્યમાં. હવે આપણે આત્મામાં ઉતારીએ છીએ. જુઓ! આત્મા છે એમાં આનંદ અને શુદ્ધ ચૈતન્ય (આદિ) અનંત ગુણ ભરેલા છે. અને એમાં અંતર દૃષ્ટિ દેવાથી, અંતરમાં દૃષ્ટિ દેવાથી સમ્યગ્દર્શનની પર્યાયનો-શ્રદ્ધાનો-ધર્મની પ્રથમ નિર્મળ પર્યાયનું ઉત્પન્ન થવું તે પોતાનો ભાવ છે. એ પર્યાય અંદરમાં છે. સમ્યક્ શુદ્ધ ચૈતન્યદ્રવ્ય ધ્રુવ છે. અખંડ આનંદ પૂર્ણ શુદ્ધ એમાં દૃષ્ટિ લગાવીને જે પર્યાય નામ અવસ્થા નામ હાલત સમ્યગ્દર્શનની ઉત્પન્ન થઈ તેને ઉત્પાદ કહે છે.

વ્યય. પૂર્વની મિથ્યાશ્રદ્ધા હતી કે હું પુણ્ય છું, હું પાપ છું, હું શરીર છું, હું કર્મ છું અને રાગાદિ

વિકલ્પ વિકાર ઉઠે છે તે વિકાર હું છું, એવી જે માન્યતા હતી તે મિથ્યાશ્રદ્ધાની માન્યતા અધર્મની હતી. સમજાણું કાંઈ? એ અધર્મ માન્યતાનો, સ્વભાવ શુદ્ધ ચિદાનંદ પ્રભુની દૃષ્ટિ કરવાથી અધર્મ માન્યતાનો વ્યય થાય છે અને ધર્મની શ્રદ્ધાનો-સમ્યગ્દર્શનની પર્યાયનો ઉત્પાદ થાય છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- ઇ ઉત્પાત ક્યાં છે અહીં? ઠીક આ દલાલ છેને. એ ઉત્પાત તો ક્લેશનો ઉત્પાદ છે. ક્લેશ ક્ષણે ને ક્ષણે રાગ.. રાગ.. રાગ.. રાગ.. આમ કમાયો, આમ લીધું ને આમ દીધું. કષાયભાવ. કષાય નામ સંસાર વિકારી ભાવ. ક્ષણે ને ક્ષણે કષાયનો ઉત્પાદ ઉત્પન્ન થાય છે. સમજાણું કાંઈ? ક્રોધ, માન, માયા, લોભ રાગની ઉત્પત્તિ ક્ષણે ને ક્ષણે. વેપાર-ધંધો.. આમ લીધું, દીધું. કોણ લઈ દઈ શકે છે જડને પરને? શેરબજારમાં ઘણી લેતી-દેતી થાય છે કે નહિ? ... જોયું છેને એક ફેરી. કોલંબોને? નહિ? દરિયાને કાંઠે. કોલાબા. એક ફેરી જોવા ગયો હતો. ઘણા વર્ષની વાત છે. (સંવત) ૧૯૬૬ની સાલની વાત છે. આ તો ૧૯૬૬. દુકાનનો માલ લેવા ગયા હતાને પાલેજથી મુંબઈ. જોવા ગયા હતા. મારવાડી ધમાધમ કરતા હતા. ત્યાંથી આવતુંને? વિલાયતથી તાર આવતો. ધમાધમ લંગોટી પહેરતા. ... આમ આવ્યું ને આમ આવ્યું. લેતી-દેતી.. હેરાન હેરાન થઈ જાય. શેઠી!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- ધૂળમાં રૂપિયો ક્યાં એની પાસે આવતો હતો? રૂપિયો તો જડમાં છે. રૂપિયો તો પરમાણુ માટી છે. માટીનો ભાવ માટીમાં છે. એ તો કહે છે.

એક પરમાણુની નવી પર્યાયનું ઉત્પન્ન થવું તે તે પરમાણુનો ભાવ છે. જૂની અવસ્થાનો વ્યય થવો તે પરમાણુનો ભાવ છે. એ વ્યયનો (બોલ) થયો. જુઓ!

ધ્રુવસ્વરૂપ. એ પરમાણુ ટકે છે ત્રિકાળ તે પરમાણુનો ભાવ છે. આત્માને કારણે ટકે છે કે શરીરને કારણે આત્મા ટકે છે એમ ત્રણકાળમાં નથી. ધર્મચંદજી! દવાને કારણે શરીર ટકે છે?

મુમુક્ષુ :- અનાજને કારણે.

ઉત્તર :- અનાજને કારણે ટકે છે? અહીંયા ભગવાન ના પાડે છે. અનાજના પરમાણુ-પોઈંટ જુદા અને શરીરના રજકણ જુદા. એક એક રજકણમાં નવી પર્યાયનું ઉત્પન્ન થવું તે પરમાણુનો ભાવ. જૂની અવસ્થાનો વ્યય-અભાવ થવો તે પરમાણુનો ભાવ. તે પરમાણુ પોતાની અચેતન જાતને ટકાવી રાખે છે, તે પરમાણુનો ધ્રુવભાવ. સમજાણું કાંઈ?

એમ ભગવાન આત્મા પોતાની નિર્મળ ધર્મની પર્યાય, સ્વરૂપની અંતર દૃષ્ટિ દઈને (પ્રગટ કરે), હું જ્ઞાયક છું, શુદ્ધ ચૈતન્ય છું, આનંદ છું. મારામાં પુણ્ય-પાપ પણ નથી અને શરીર, વાણી મારામાં નથી. એવી અંતર દૃષ્ટિ કરવાથી, અંતર દૃષ્ટિ કરવાથી જે નિર્મળ સમ્યગ્દર્શનની પર્યાય પ્રગટ થઈ તેને ઉત્પાદરૂપ ધર્મ કહે છે, આ પ્રમાણે હોય તો. અને પૂર્વની મિથ્યાશ્રદ્ધા કે શરીર મારું છું, હું શરીરનું કામ કરતો હતો, પરના કામ કરતો હતો, લેણ-દેણ કરતો હતો, ખાવા-પીવાની હું ક્રિયા

કરતો હતો, શરીરને ચલાવતો હતો એવી જે માન્યતા હતી-મિથ્યાત્વ અધર્મભાવ, એ અધર્મની પર્યાયનો વ્યય અને ધર્મની પર્યાયનો ઉત્પાદ, કેવી રીતે (થયો)? ધ્રુવ અંદર ત્રિકાળ ચિદાનંદ ભગવાન જ્ઞાનમૂર્તિ ધ્રુવ છે એમાંથી ઉત્પાદ-વ્યય-ધ્રુવ ત્રણ થઈને એ દ્રવ્ય રહે છે. સમજાણું કાંઈ?

તે દ્રવ્યસ્વરૂપ '**પરિણામ છે.**' એમ કહ્યું. પરિણામ નામ તે ગુણ છે. શેઠિયા! પરિણામ નામ પર્યાય નહિ. ત્રણસ્વરૂપ ગુણ છે. શું કહ્યું? આત્માનો અને એક એક પોંઈટ પરમાણુનો એ ત્રણ સ્વભાવરૂપ ગુણ છે. ગુણ નામ સ્વભાવ અને સ્વભાવમાં તે દ્રવ્ય રહે છે. આ ગાથા આ તો એકલું તાત્ત્વિક.. સર્વજ્ઞ ત્રિલોકનાથ જૈન પરમેશ્વર વીતરાગદેવ એમણે જે છ દ્રવ્ય અને નવ તત્ત્વ આદિ જોયા, એમાં એક એક પદાર્થ કેવો છે તેનું વર્ણન કરે છે. આવો પદાર્થ છે એમ જણાય નહિ ત્યાં સુધી એનું અજ્ઞાન મટે નહિ અને મિથ્યાશ્રદ્ધા ટળે નહિ અને ધર્મ કોઈ દિ' થાય નહિ. સમજાણું કાંઈ?

પહેલા શું કહ્યું? કે પ્રત્યેક પદાર્થ ત્રણે કાળ સ્વભાવમાં રહે છે. તેથી તેને સત્ કહેવામાં આવે છે. છે એમ કહ્યું છે. અને તે સ્વભાવ ઉત્પાદવ્યયધ્રૌવ્યસ્વરૂપ પ્રત્યેક દ્રવ્યમાં, પ્રત્યેક વસ્તુમાં, પ્રત્યેક તત્ત્વમાં જીવ અને જડમાં, નવી અવસ્થાનું ઉત્પન્ન થવું, કેમકે પરિણમન કરતાં નવી અવસ્થા તો કાયમ ઉત્પન્ન થાય છે અને જૂની પૂર્વ અવસ્થાનું તે જ કાળે વ્યય નામ અભાવ થવો અને તે જ કાળે ચૈતન્ય ચૈતન્યની જાત ટકાવી રાખે છે, જડ જડરૂપ ટકે છે. એ ત્રણે સ્વભાવસ્વરૂપ પરિણામ છે. એ દ્રવ્યનો ગુણ છે. સમજાણું કાંઈ? શેઠિયા! એ પરિણામ એટલે અહીંયા ગુણ લેવો છે. એ ત્રણે થઈને એક ગુણ. શું (કહ્યું)?

અહીં તો આખી વસ્તુ લેવી છેને. વસ્તુ એક એક પરમાણુ, પોઈટ અને એક એક આત્મા ભિન્ન ભિન્ન. એક નિગોદની કટકીમાં અનંત આત્મા છે, બટાટા, શક્કરકંદમાં એક કટકીમાં અનંત (આત્મા છે). પણ પ્રત્યેક આત્મા પોતાની નવી અવસ્થાથી ઉત્પન્ન, જૂનીથી વ્યય અને ધ્રુવ(પણા)થી ટકવું (આવા) ત્રણ સ્વભાવરૂપ ગુણ-સ્વભાવમાં દ્રવ્ય રહે છે. એ સ્વભાવમાં દ્રવ્ય રહે છે એમ કહ્યું, તો સ્વભાવ શું? કે ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય. એ શું? કે સ્વભાવ એ ગુણ. એ શું? એ ગુણમાં દ્રવ્યમાં રહે છે. ગુણમાં ગુણી રહે છે એમ કહ્યું. સમજાણું કાંઈ? આત્મા શરીરમાં નથી રહેતો એમ કહે છે. શરીર શરીરના ભાવમાં છે. આત્મા ક્યાં છે? આત્મા ભિન્ન છે અંદર. આત્મા પોતાના ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યરૂપ પરિણામરૂપ ગુણમાં રહે છે. અને શરીર એના એક એક પરમાણુમાં ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યરૂપ ગુણરૂપ પરિણામમાં-સ્વભાવમાં રહે છે. આહા..હા..! કાંઈ ખબર ન મળે, શું છે.

અમે તો મકાનમાં રહીએ છીએ. મુંબઈના બંગલામાં રહીએ છીએ. મુંબઈના હજીરામાં. હજીરો કહે છેને? હજીરો સમજ્યા? હજીરો હોયને પાંચ-પચાસ લાખનો? નથી બંગલા મોટા તમારા, નહિ ઓલા કેવા? વડિયા, વડિયા. જૂનાગઢ પાસે. વડાળ નથી રહેતા પેલા ગૃહસ્થ? કપુરચંદ. દરિયા ઉપર નથી ત્રણ ભાઈઓના બંગલા? ઘણીવાર નીકળીએને ત્યાંથી. એકવાર રામજીભાઈ અને અમે નીકળ્યા, રામજી કામાણી. રામજી કામાણી એના કારખાને એક ફેરી લઈ જતા હતાને. ઘરે,

કારખાને પગલા કરતા હતાને તે દિ'? .. રસ્તામાં આવ્યા હતા દરિયા ઉપર મોટા બંગલા, ત્રણ ભાઈઓ મોટા કરોડપતિ. મને કહે, વડાવના છે. વડાળી. વડાળ નહિ? આ ભુરાભાઈનું વડાળ. જૂનાગઢમાં. ત્રણ ભાઈઓ વિશાશ્રીમાળી. કપુરચંદ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, છે, બધી ખબર છે. એ બધા અહીંયા આવી ગયા છે. બધા આવી ગયા હોયને વારાફરતી. કહે છે કે, ત્યાં આત્મા રહે છે?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- બિલકુલ નહિ. ભગવાન ના પાડે છે. શરીર જડ છે, માટી છે, ધૂળ છે. એના એક એક પરમાણુમાં એક એક ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યરૂપ ગુણ રહે છે એ ગુણનો ભાવ કહો, સ્વભાવ કહો, એમાં પરમાણુ રહે છે. આત્મા પોતાના ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યરૂપ પરિણામ-ગુણ-સ્વભાવ, બધું એકાર્થ છે, ગુણ કહો કે સ્વભાવ કહો કે પરિણામ કહો, એ સ્વભાવ જે છે ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યરૂપ એવો જે ગુણ છે એમાં આત્મા રહે છે. આત્મા શરીરમાં નથી, આત્મા કર્મમાં નથી, આત્મા બાયડી-છોકરામાં નથી, આત્મા હજીરા-મકાનમાં નથી. સમજાણું કાંઈ? શોભાલાલજી! શું છે? શેઠ! બંગલામાં નથી રહેતો એમ કહે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- શું બંગલો? એક એક પરમાણુના ભાવમાં એ પરમાણુ રહેશે. કંઈ આત્મા રહેશે એમાં? ઓહો..હો..! ક્યાં હું છું? હું ક્યાં છું? અને પરપદાર્થ ક્યાં છે? કેવા છે? હું ક્યાં છું? કેવો છું? પાગલની પેઠે ભાન ન મળે કાંઈ. પાગલ-ગાંડા ગાંડા. આપણી ભાષામાં ગાંડા, હિન્દી ભાષામાં પાગલ કહે. પાગલ. ધર્મચંદજી!

ભગવાન ત્રિલોકનાથ પરમેશ્વર સર્વજ્ઞ દેવાધિદેવ કહે છે, અરે..! તું ક્યાં રહે છે? અમે રહીએ છીએ ... ક્યાં આવ્યું? ... શરીર પરમાણુ જડ છે અને આ તો આત્મા છે. એમાં તું રહે છે? હું કર્મમાં રહું છું. કર્મ તો જડ છે. તું જડમાં રહે છે? હું શરીરમાં રહું છું. શરીર માટી છે, ધૂળ છે, એમાં તું રહે છે? તું તો ચૈતન્ય છો. ભગવાન ત્રિલોકનાથ કહે છે કે અરે..! આત્મા! પ્રત્યેક પરમાણુ અને પ્રત્યેક આત્મા, પોતાનો સ્વભાવ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યસ્વરૂપ, જુઓ! એ ત્રણે સ્વરૂપ એક છેને. આવો પરિણામ છે, આવો ગુણ છે. પહેલા કહ્યુંને? '**દરેક દ્રવ્ય સદાય સ્વભાવમાં રહે છે...**' તો સ્વભાવ શું? કે આ. એમાં રહે છે, બસ! બરાબર છે? સુમેરુચંદજી!

આત્મા પોતાનો, નવી અવસ્થાથી ઉત્પન્ન થવું, જૂની અવસ્થા તે જ સમયે નાશ થવી, તે જ સમયે ટકવું, ટકે છે ચૈતન્યસ્વરૂપ ધ્રુવ-એ ત્રણ ભાવરૂપ એક ગુણ, ગુણ નામ સ્વભાવ, સ્વ નિજનો ભાવ એમાં આત્મા રહે છે. એ આત્મા બીજામાં રહે છે એમ માનવું મિથ્યાદૃષ્ટિ અધર્મદૃષ્ટિ છે. વિપરીત દૃષ્ટિ કહો કે અધર્મદૃષ્ટિ કહો. સમજ્યા વિના ધર્મ ક્યાંથી આવ્યો?

મુમુક્ષુ :- શરીરમાં...

ઉત્તર :- શરીરમાં રહેતો નથી. શરીર રજકણ રજકણમાં રહે છે, આત્મા આત્મામાં રહે છે. આત્મા કર્મમાં નથી રહેતો, કર્મના રજકણ ભિન્ન છે, આત્મા ભિન્ન છે. કહ્યુંને? પ્રત્યેક પદાર્થ પોતપોતાના ભાવમાં રહે છે. તું શું પરદ્રવ્યમાં ઘુસી ગયો છે? સમજાણું કાંઈ?

હવે, **'જેમ દ્રવ્યના...'** ઘણું આવ્યું, ... જેમ પ્રત્યેક પદાર્થના, દ્રવ્ય કહો કે પદાર્થ કહો કે વસ્તુ કહો **'વિસ્તારનો નાનામાં નાનો અંશ તે પ્રદેશ છે,...'** શું કહે છે? જેમ સાંકળી હોય છેને સાંકળી સોનાની? મકોડા. શું કહે છે તમારે? કડી કડી, કડી. એમ પાંચસો કડીની જે સાંકળી છે, સાંકળી. એક એક કડી એક એક કડીમાં છે. એમ ભગવાન આત્મા દેહમાં બિરાજમાન અસંખ્યપ્રદેશી આત્મા છે. જેમ એ પાંચસો કડીની એક સાંકળી કહેવામાં આવે છે, એ કડી એક પ્રદેશ છે, આખી સાંકળી વસ્તુ છે અને સાંકળીમાં જે પીળાશ, ચીકાશ છે તે એના ગુણ છે. એમ ભગવાન આત્મા, જેમ પાંચસો કડી છે એમ અહીંયા અસંખ્ય પ્રદેશ છે. એક પરમાણુ-પોંઈટ-છેલ્લો ટૂકડો લ્યો એ જેટલી જગ્યામાં રહે તેટલા ભાગને પ્રદેશ કહે છે. એમ આત્મા અસંખ્યપ્રદેશી ફેલાયેલો છે. આ આત્મા અસંખ્યપ્રદેશી એનું ક્ષેત્ર છે. એની ભૂમિ, ઘર, નિવાસ. એનું ઘર નિવાસ અસંખ્ય પ્રદેશ છે. જેમ સાંકળીનું ઘર નિવાસ પાંચસો કડી છે. એમાં રહે છેને? કે પટારામાં રહે છે?

એમ ભગવાન આત્મા, એમ પ્રત્યેક આત્મા અને પ્રત્યેક પરમાણુ પોતાના જેટલા ફેલાયેલા પ્રદેશ છે (તેટલામાં રહેલા છે). એક આત્મા અસંખ્યપ્રદેશી છે. ભગવાન ત્રિલોકનાથ સર્વજ્ઞ ભગવાને જોયું અને ભાસમાં આવે છે. આ ભાગ છે તે અહીંયા નથી, અહીંનો અહીં નથી, આ આમાં નથી. દરેકમાં અંશ.. અંશ.. અંશ.. અંશ.. (છે). છે અખંડ, જેમ કડી.. કડી.. કડી.. કડી.. સાંકળી. એમ પ્રદેશ.. પ્રદેશ.. પ્રદેશ.. પ્રદેશ એવા અસંખ્ય પ્રદેશરૂપ આત્મા. **'જેમ દ્રવ્યના વિસ્તારનો...'** વિસ્તાર, વિસ્તાર આમ પહોળાઈ. **'વિસ્તારનો નાનામાં નાનો અંશ...'** છેલ્લો નાનામાં નાનો અંશ **'પ્રદેશ છે...'** પ્રદેશ કહે છે. આ પ્રદેશ એટલે પરદેશ નહિ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ નહિ. અહીં તો આત્મા અસંખ્યપ્રદેશી છે. દેહના રજકણ માટીથી તદ્દન ભિન્ન. અને કર્મ રજકણથી તદ્દન પોતાનું ભિન્ન સ્વરૂપ છે, તદ્દન ભિન્ન છે. કોઈ પદાર્થ કોઈને અડ્યા નથી, સ્પર્શ્યા નથી, કદી અડશે નહિ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આ આખામાં બેઠો છે કોણ? જાણે છે કોણ? અને આ હેરાન થઈ ગયા ને ઝટ છૂટી જઈએ, કોણ જાણે છે ઇ? શરીર કે આત્મા? ઇ આત્મા. હેરાન થઈ ગયા શરીરથી. શરીરથી હેરાન થઈ ગયા છો? એ.. મોહનભાઈ! પણ શરીર સુધરે એમાં આત્મામાં શું સુધર્યું? આત્મા ભિન્ન ચીજ, ધૂળ ભિન્ન ચીજ છે.

ભગવાન આત્મા પોતાના સ્વભાવમાં રહે છે, જડ જડમાં રહે છે. શું કોઈ કોઈમાં છે? આત્મા અસંખ્ય પ્રદેશમાં રહે છે. અસંખ્ય પ્રદેશ એનું ઘર-પહોળાઈ છે. જુઓ! આ લાકડી છે. આ

સુખડની લાકડી છે. મુંબઈમાં નથી આવતી? ચીની લોકો નથી? ચીની લોકો વેચે છેને. ચીના લોકો વેચે છે. ન્યાંથી આવી છે આ, મૂકવા માટે. ઇલમની લાકડી કહેવાય છેને અમારી. શેઠી! આ તો મુંબઈની લાકડી છે. અહીંયા પરસેવો હાથનો ન અડે (એટલે રાખીએ છીએ). જુઓ! કેટલી પહોળી છે? તો એ લાકડી એટલામાં રહે છે. આંગળીમાં નહિ, હાથમાં નહિ, પરક્ષેત્રમાં નહિ. એ પોતાના આટલા ક્ષેત્રમાં રહે છે. આમાં તો પરમાણુ ભિન્ન ભિન્ન છે, એક એક રજકણ. અને આ લાકડી દેખાય છે આટલામાં.

એમ આત્માના પોતાના અસંખ્ય પ્રદેશ છે. એક પરમાણુ જેટલી જગ્યા રોકે તેટલા અંશને દેશ-પ્રદેશ કહે છે. એવા અસંખ્ય પ્રદેશરૂપ વિસ્તાર છે, આમ વિસ્તાર પહોળો છે. આ મકાન લ્યે છે તો ચાર બાજુ લખે છેને? લખે છે કે નહિ? ઉગમણે ફલાણા ભાઈનું મકાન, આથમણે આનું, પછીનું આનું, મફતલાલનું નથી, અદ્ધરથી લિખિતંગ નથી. એમાં લખે, આ ફલાણો લિખિતંગ આ મકાન ચાર બાજુની જમીનની મધ્યમાં મકાન રહ્યું છે. અસ્તિ છે કે નહિ? આમ બતાવે, આમ અસ્તિ બતાવે છે. એમ આત્મા અનંત પરમાણુના મધ્યમાં રહેલો પદાર્થ ભિન્ન ભિન્ન છે. આહા..હા..! ચારે દિશામાં ફેલાયેલા પરમાણુ છે. પ્રત્યેક પરમાણુથી આત્મા તદ્દન ભિન્ન છે. પોતાના અસંખ્ય પ્રદેશમાં વિસ્તારરૂપ રહેલો છે. જેમ સાંકળી પાંચસો કડીમાં રહે છે, એમ ભગવાન આત્મા વિસ્તાર-પહોળો, પહોળાઈ, પહોળાઈ છેને? આટલી પહોળાઈ આમ લાંબુ, શરીરથી માથા સુધી અંદર આત્મા ભિન્ન અરૂપી, હોં! ચિદાનંદ પ્રભુ જે જાણન-દેખન શક્તિનું સત્ત્વ એનો વિસ્તાર પહોળાઈ(રૂપ છે).

**'નાનામાં નાનો અંશ તે પ્રદેશ છે,...'** એને પ્રદેશ કહે છે. **'તેમ દ્રવ્યના પ્રવાહનો...'** હવે જેમ વિસ્તાર કહ્યો પહોળાઈ, એમ વસ્તુ કાયમ રહે છે ત્રિકાળ. (એમાં) એક પછી એક પરિણામ થાય છે પરિણામ. પર્યાય થાય છેને નવી નવી વિચારની? સમજ્યા? જેચંદભાઈ!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કીધુંને. પગથી માથા સુધી આત્મા જુદો. પગ અને માથામાં નહિ. એક કળશામાં પાણી ભર્યું હોયને, એક કળશો હોયને? કાશીઘાટનો કળશો નથી આવતો? આ કાશીઘાટનો કળશો-લોટો, લોટો. એમાં પાણી છે તો પાણી અને લોટો બેય ભિન્ન છે. પાણીનો આકાર લોટા જેવો થઈ ગયો છે. આકાર થયો તો શું પાણી લોટો થઈ ગયું છે? પાણી પાણીરૂપ છે, લોટો લોટારૂપ છે. ભગવાન આત્મા પોતાના અરૂપી સ્વભાવમાં છે, આ રૂપી સ્વભાવમાં જડ છે. બેયનું મિલન કદી ત્રણકાળ ત્રણલોકમાં થયું નથી. આહા..હા..! કહો, હિંમતભાઈ! આવા ડાહ્યા માણસને... તમે પણ કદી સમજવાની દરકાર કરી છે? એમ ને એમ રળવું ને આ ખાવું, આ હોળી સળગે આખો દિ'.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ઇ ક્યાં પણ, રાગ તો કરે છેને ત્યાં? એ ... આ તો ધૂળ.. એ તો પૂર્વના પુણ્ય હોય

એ પ્રમાણે આવે. એક રજકણ પણ કાંઈ રાગથી આવે? રાગ વિકાર છે, વિકારથી શું પરદ્રવ્ય આવે છે? એને આવવું હોય તો આવે, ન આવવું હોય તો ન આવે. બરાબર છે કે નહિ? જુઓ!

**'દ્રવ્યના વિસ્તારનો નાનામાં નાનો અંશ તે પ્રદેશ છે,...'** ક્ષેત્રને બતાવ્યું પહેલા, હોં! **'તેમ દ્રવ્યના પ્રવાહનો...'** પ્રવાહ શું? એક પછી એક પરિણામ થાય છે જીવમાં. પહેલા પરિણામ પછી બીજા, ત્રીજા, ચોથા.. એમ. એ પરિણામને-પર્યાયને પ્રવાહ કહે છે. ક્ષેત્રને વિસ્તાર કહે છે અને એક પછી એક પરિણામ ચાલે છે, એ પરિણામને-પર્યાયને પ્રવાહ કહે છે. દરેક દ્રવ્યમાં એક પછી એક પરિણામ-પર્યાય ઉત્પન્ન થયા કરે છે. એ **'પ્રવાહનો નાનામાં નાનો અંશ તે પરિણામ છે.'** એક સમયના પરિણામ જાણવા-દેખવાના થયા તે બીજા સમયે બીજા, ત્રીજા સમયે ત્રીજા, ચોથા સમયે ચોથા.. એક પ્રવાહના નાનામાં નાના કાળમાં જે પરિણામ છે તેને અહીંયા પરિણામ-પર્યાય કહેવામાં આવે છે. વિસ્તારના નાના અંશને દેશ-પ્રદેશ કહે છે અને પ્રવાહના નાનામાં નાના વર્તમાન પરિણામને પર્યાય કહે છે. બધી ભાષા ગ્રીક લેટિન જેવી લાગે.

**'દરેક પરિણામ...'** હવે પ્રત્યેક પરિણામ. આત્મા અને પરમાણુના પ્રત્યેક સમયની પર્યાય, પર્યાય નામ અવસ્થા, અવસ્થા નામ હાલત, હાલત નામ ભાવ, વર્તમાન ઉત્પન્ન થાય તે. **'સ્વ-કાળમાં પોતાના રૂપે ઊપજે છે,...'** એ પરિણામ સ્વ-કાળમાં પોતાને કારણે ઉત્પન્ન થાય છે. જે પર્યાય પરમાણુમાં ઉત્પન્ન થવાની હોય તે તેના સ્વ-કાળમાં ઉત્પન્ન થાય છે. આત્મામાં જે પરિણામ-પર્યાય-ભાવ નવા ઉત્પન્ન થવાના હોય તે પણ પોતાના સ્વ-કાળમાં ઉત્પન્ન થાય છે. આઘાપાછા ઉત્પન્ન થતા નથી. સમજાણું કાંઈ? **'દરેક પરિણામ...'** દરેક નામ એક એક પર્યાય દ્રવ્યની, જડની, ચૈતન્યની. રાગ આવ્યો, બીજો રાગ આવ્યો, ત્રીજો રાગ આવ્યો, પહેલા આને જાણ્યું, પછી આને જાણ્યું... નવા નવા પરિણામ (થાય) તે પરિણામ સ્વ-કાળમાં (અર્થાત્) પોતાનો સ્વ-કાળ જે સમય છે તે સમયે તે પર્યાય થાય છે. જેનો જે સમય-કાળ છે તે કાળે-સમયે તે પર્યાય થાય છે. આઘીપાછી પર્યાય ક્યાંય કદી કોઈ દ્રવ્યમાં થતી નથી. સમજાણું કે નહિ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ... કદી પ્રયત્ન કર્યો નથી. તમાકુમાં ઘણો પ્રયત્ન કર્યો. હવે અહીંયા બરાબર સમજવું. આ તો બહુ સહેલી ભાષાથી આવે છે. બહુ કઠણ શાસ્ત્રભાષા નથી.

પ્રત્યેક પદાર્થ કાયમ રહીને પોતાના પરિણામ નામ અવસ્થા ભિન્ન ભિન્ન કાળમાં ભિન્ન ભિન્ન દશા થાય છે. એ જે કાળમાં જે અવસ્થા થવાની છે તે જ ત્યાં થાય છે. તેને પ્રવાહ નામ પરિણામ કહે છે. પરિણામના આખા પ્રવાહમાં જે સમયે ઉત્પન્ન થશે તે સમયે તે પર્યાય ઉત્પન્ન થશે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- જડમાં જડ પરમાણુ. છ દ્રવ્ય ભગવાને જોયા છે. આત્મા જ્ઞાન, દર્શન, રાગાદિ. એ બધું છેને? એને રાગ ઉત્પન્ન થાય છે, જે સમયે રાગ ઉત્પન્ન થવાવાળો રાગ, દ્વેષના (કાળે) દ્વેષ

ઉત્પન્ન (થાય), જે સમયે જ્યાં જ્યાં... અનાદિ-અનંત પર્યાય છે, પરિણામ. વસ્તુ અનાદિ-અનંત છે. તો ક્ષેત્રને આવું કહ્યું અને પ્રવાહ એમાં નવી નવી અવસ્થાનું ઉત્પન્ન થવું તો પ્રવાહ અનાદિ-અનંત કહ્યો. એમાં જે સમયે જે પર્યાય ઉત્પન્ન થવાની છે તે થાય છે. આ પરમાણુમાં જે સમયે અહીંયા નિરોગતા ઉત્પન્ન થવાની હોય તો ઉત્પન્ન થાય છે. ઇંજેક્શનથી નહિ, આત્માની ઇચ્છાથી નહિ.

મુમુક્ષુ :- નિમિત્ત છે.

ઉત્તર :- પણ નિમિત્તનો અર્થ શું? કાંઈ નહિ, એમ. એના પરમાણુનું પરિણમન એનામાં છે અને એનું (ઇંજેક્શનનું) પરિણમન એનામાં છે. શું કરે બીજો? નિમિત્ત કરે છે બીજાનું? નિમિત્તનો અર્થ કે એણે કર્યું નહિ. ખલાસ! કર્યું હોય તો નિમિત્ત રહેતું નથી.

મુમુક્ષુ :- ડૉક્ટરની દુકાન બંધ કરાવી.

ઉત્તર :- દુકાન બધી બંધ જ છે, કરે છે કોણ? બધાના પરિણામ બધામાં થાય છે, શું કોઈ કરી શકે છે? આહા..હા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ધૂળમાંય ઠીક થાતું નથી. એ તો પરમાણુની તે સમયની એવી પર્યાય થવાની છે તો થઈ છે. ઇંજેક્શનથી નહિ. જેચંદભાઈ!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- મરી ગયા હમણાં એક. એમને તો જરી ઇંજેક્શન દઈએ... મરવાની તૈયારી હતી. છેલ્લો શ્વાસ તો ઉપડી ગયો હતો. તો ધર્મચંદભાઈ કહે, આ દુ:ખી થાય છે. લાવ, (ઇંજેક્શન) આપું. જ્યાં દીધું ત્યાં... ખલાસ થઈ ગયું. એવી પર્યાય થવાની હતી. એવી પર્યાય. દુ:ખી બહુ થતા હતાને, બે દિવસથી શ્વાસ ચડ્યો હતો છેલ્લો. છેલ્લો શ્વાસ કહે છેને? મરણનો શ્વાસ. નિરોગ હતા, કાંઈ હતું નહિ. એમાં શીંગ હોયને? શીંગ-મુંગફલી. એનો ઓળો ખાધો. કાચા શેકીને ... ખાધા. પછી ખાધા કેળા, પછી ખાધા રોટલી, દાળ, ભાત. જેવા ખાધા એવા ... ન નીચે ઉતરે, ન ઉપર. અહીંયા પટેલ હતાને? જીવણલાલજીની સેવા કરતા હતા. શિવાભાઈ. બે દિવસમાં. નિરોગ શરીર, હાલતા-ચાલતા. ખાધું અને એકદમ શ્વાસ અહીંથી ઉપડ્યો. ડુંટીમાંથી ખસી ગયો. શ્વાસ એકદમ ખસી ગયો. બીજું કાંઈ નહિ. ડુંટીથી શ્વાસ એક દોરો છોડી દીધો. ખલાસ! દોરો છોડી દીધો પછી... આમ આમ... આમ બેઠા હતા નીચે. મેં કીધું, કેમ પટેલ? ઉપડ્યા, છેલ્લી સ્થિતિ. પણ કાંઈ નથીને? હેઠે બેઠા હતા. છેલ્લી સ્થિતિ, અંતક્રિયા બોલ્યા. અંતક્રિયા છેલ્લી. શું થયું? એને ખબર પડી હશે કે આ શ્વાસ અહીંથી છૂટી ગયો છે. ... કેળા અને ઓળો ખાધો... એની પર્યાય એવી થવાની હતી. ... એવી પર્યાય થવાની હતી. જે સ્વ-કાળમાં પોતાની પર્યાય ઉત્પન્ન થાય છે.

પ્રત્યેક પરિણામ... પહેલાં પ્રત્યેક દ્રવ્ય કહ્યું હતું. પછી પ્રત્યેક વસ્તુના પ્રત્યેક ભિન્ન ભિન્ન કાળના પરિણામ **'સ્વ-કાળમાં પોતાના રૂપે ઊપજે છે,...'** જુઓ! **'પૂર્વ રૂપથી નાશ પામે છે...'** પૂર્વની પર્યાયનો નાશ થાય છે. એવો જ એનો પરિણામનો સ્વભાવ છે. એ પરિણામમાં દ્રવ્ય રહે છે.

ઓહો..હો..! દુનિયાને ભેદ.. ભેદ. જ્યાં ત્યાં હું કરું, હું કરું, હું કરું.. મેં લક્ષ્મી મેળવી.. ધૂળમાં કર્યું નથી, તેં અજ્ઞાન મેળવ્યું છે. શોભાલાલજી! અજ્ઞાન મળ્યું છે. ધૂળેય મળ્યું નથી. શું ... પરપદાર્થની વ્યવસ્થા તું કરી શકે છે? અને પરપદાર્થના પરિણામ શું તારામાં આવી જાય છે? અને તારા પરિણામ એને અડે છે કે પરનું કરી શકે? અજ્ઞાનીએ મિથ્યા માન્યતા, અધર્મદૃષ્ટિથી એમ માની લીધું છે. મોહનભાઈ! ઠીક આવ્યા પણ આજે, ઝીણામાં આવ્યા તો ખરાને અહીંયા, સાંભળવા તો મળે. આ કાંઈક છે આમાં. દર વખતે બીજું હોય, આ તો બહુ ઝીણું છે, બહુ ઝીણું. આવું કોઈ દિ' સાંભળ્યું નથી. અને મુંબઈમાં આવું બોલાય નહિ. પંદર-પંદર હજાર માણસ એમાં આ સમજે કોણ? ધૂળ. હા-હો ને (હરિફાઈ). ન્યાં તો અમુક શૈલીથી વાત આવે, વ્યાખ્યાન આવે. સમજાણું કાંઈ?

કહે છે કે પ્રત્યેક વસ્તુમાં ભિન્ન ભિન્ન વસ્તુમાં પ્રત્યેક પરિણામ નામ ભાવ ઉત્પન્ન થાય છે. તેનો કાળ આવે છે, સમય આવે છે તો ઉત્પન્ન થાય છે અને **'પૂર્વ રૂપથી નાશ પામે છે...'** પૂર્વની જે અવસ્થા છે તેનો નાશ થાય છે. જેમ આત્મામાં પહેલા સમયે રાગ આવ્યો, આવવાવાળો. બીજા સમયે તે રાગ નાશ પામે છે અને નવો રાગ ઉત્પન્ન થાય છે. નવી જ્ઞાનપર્યાય ઉત્પન્ન થાય છે અને શ્રદ્ધાની પર્યાય નવી ઉત્પન્ન થાય છે. સમજાણું કાંઈ? **'અને સર્વ પરિણામોમાં....'** સર્વ ભિન્ન ભિન્ન જે પરિણામ જડની અને ચૈતન્યની અવસ્થા. **'પરિણામોમાં એકપ્રવાહપણું હોવાથી...'** એકરૂપ પ્રવાહ. જેમ પાણીમાં તરંગરૂપ પ્રવાહ હોયને? તરંગ... તરંગ.. તરંગ.. એમ પ્રત્યેક દ્રવ્યમાં દ્રવતિ.. દ્રવતિ નામ પ્રત્યેક પ્રત્યેક કાળમાં જે પર્યાય ઉત્પન્ન થાય છે અને નાશ પામે છે તે એકપ્રવાહપણું હોવાથી. **'સર્વ પરિણામોમાં એકપ્રવાહપણું હોવાથી દરેક પરિણામ ઉત્પાદ-વિનાશ વિનાનો એકરૂપ-ધ્રુવ રહે છે.'** એ જ પરિણામને ધ્રુવ કહેવામાં આવે છે. એકપ્રવાહની અપેક્ષાએ. ઉત્પન્ન થવાની અપેક્ષાએ ઉત્પન્ન, વ્યય અપેક્ષાથી વ્યય અને ટકે છે એ પરિણામ, હોં! હજી પરિણામની વાત ચાલે છે. એકપ્રવાહની અપેક્ષાથી તે પરિણામને ધ્રુવ કહેવામાં આવે છે. હજી તો પરિણામની વાત છે, હોં! વસ્તુની નહિ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ... ખોટા, કે દિ' માન્યું હતું સાચું? બે ભાઈ ઘણી મહેનત કરતા હતા, તે દિ' ઓલી સાકરની, શું કહેવાય? દુકાન લેવા માટે. પાઘડી દઈને. માંડ માંડ કેટલા વર્ષે ભેગી થઈ દુકાન. શું તમારી કરી થાતી હશે દુકાન? આ બે જણા મોટા, રામ અને લક્ષ્મણ જેવા. કાંઈ બધું કર્યું થાતું નથી, ધૂળ અને આ શરીર ફરી ગયું. જુઓ! કાલે કહેતા હતા. હમણાં કરું, હવે કરું, હવે કરું, હવે કરું... હવે શરીર આવું થઈ ગયું. પહેલા કર્યું નહિ કરવા ટાણે. હવે (શરીર આવું) થઈ ગયું. પછી કરશું, પછી કરશું.. છોકરા-બોકરાઓ ધંધે-વેપારે ચડી જાય. પછી કરશું. પછીનું પહેલું થાય નહિ અને પહેલું એને કોઈ દિ' આવે નહિ.

કાલે કીધું હતુંને? નાની ઉંમરમાં છોકરાઓ જ્યારે ભણતાને? ત્યારે વાણિયા આમ લખે.

આજ વાણિયા, કાલે બારોટ જમે. બારોટ સમજો છો? બારોટ નથી હોતા? તમારે તો મોટા બારોટ છે. ... વાળા. છેને બારોટ, મોટા છે. જોયું છેને, એને મોટા ... છે. એના મોટા બારોટ છે ત્યાં. .. મોટા બારોટ. એમાં શ્વેતાંબર નીકળ્યા. ... ભૂંગળા મૂક્યા છે. .. એના બારોટ છે મોટા. લખ્યું છે. બે હજાર વર્ષ પહેલા ભૂંગળામાં લખ્યું છે. મોટા મોટા ભૂંગળા. કાગળમાં કાગળ આમ આમ વાંચતા જાયને, પછી પતરાના ભૂંગળા કરે એમાં નાખે. એવું ત્યાં સાંભળ્યું હતું. કોઈ કહેતું હતું. ... છેને? ... બે હજાર વર્ષ પહેલા બાર વર્ષના દુકાળ પડ્યા હતા એમ લખ્યું છે. અહીંયા કહે છે કે બાર વર્ષના દુકાળ ત્રણ વાર પડ્યા હતા. એમાં હતું. ... તે સમયમાં. સમજાણું કાંઈ? ઇતિહાસ છે, બધો ઇતિહાસ...

કહે છે કે **'સર્વ પરિણામોમાં એકપ્રવાહપણું હોવાથી...'** પરિણામની વાત છે, હોં! પ્રત્યેક પરિણામ ઉત્પાદ-વિનાશથી રહિત એકરૂપ પ્રત્યેક પરિણામ ધ્રુવ રહે છે. લે! શું કહ્યું? શું કહ્યું?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- નહિ, એમ નથી કહ્યું. અહીં તો પરિણામ ધ્રુવ રહે છે. એ વાત આખી બીજી થઈ ગઈ. એમ નથી. સમજાણું કાંઈ? આ ભાષા એમ લાગે કે આપણને સમજાય, સમજાય, પણ એમ નથી. કઠણ છે, ઝીણી વાત છે. અહીં પરિણામ.. જુઓ! શું લખ્યું છે? જુઓને!

**'સર્વ પરિણામોમાં એકપ્રવાહપણું હોવાથી...'** પ્રત્યેક **'પરિણામ ઉત્પાદ-વિનાશ વિનાનો એકરૂપ-ધ્રુવ રહે છે.'** પરિણામ ધ્રુવ રહે છે. સમજાણું કાંઈ? ધ્રુવનો અર્થ શું? પ્રવાહરૂપ. પકડે છે ભાઈ થોડું થોડું. થોડું થોડું પકડે છે, પણ ઘણો પરિચય જોઈએ. હવે તમારે તો રૂપિયા ઘણા છે, શું કરવા છે? છોકરાઓ નથી કરતા? સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- દેખરેખ તો રાખેને.

ઉત્તર :- ધૂળમાંય દેખરેખ રાખવાથી થાતું નથી. એ તો થાય છે તે થાય છે. બરાબર છે.

અહીંયા તો કહે છે, જુઓ! **'એકપ્રવાહપણું હોવાથી...'** પરિણામની ધ્રુવતાનું કારણ શું? અનંત આત્માઓ, અનંત પરમાણુ. નવી પર્યાયનું સ્વ-કાળે ઉત્પન્ન થવું, પૂર્વની તે જ કાળે વ્યય થવી અને તે જ પરિણામ એકપ્રવાહ ધારારૂપ છે, ઉત્પન્ન-વિનષ્ટ ન લો (તો) છે.. છે.. છે.. છે.. છે.. તો તે પરિણામને પણ ઉત્પાદ-વિનાશ રહિત ધ્રુવ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આ તો બધું આપણે આવી ગયું છે. અહીંયા તો ભાવાર્થમાં સાદી ભાષામાં બહુ ટૂંકુ કરી નાખ્યું. ... સમજે નહિ, એના માટે આ વિસ્તાર થાય છે. શું કહે છે આ? તુંબડીમાં કાંકરા જેવું લાગે. સમજાણું કાંઈ? આહા..હા..! ...

એક આત્મા, એક એક પરમાણુ, એમાં એક સમયમાં પરિણામના ત્રણ અંશ. ઉત્પાદ, વ્યય અને તે જ ધ્રુવ પ્રવાહ અપેક્ષાએ. સમજાણું કાંઈ? પછી કહેશે કે એ પરિણામની પરંપરામાં રહેનારું દ્રવ્ય પણ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યયુક્તં છે. આહા..હા..! સમજાણું કાંઈ? માલચંદજી! કોઈ કહેતું હતું કે ઘરે અમારે મનન કરવાનો વખત નથી મળતો. **'સર્વ પરિણામોમાં એકપ્રવાહપણું હોવાથી...'** આ

ધ્રુવતાનું કારણ કહ્યું. છે.. છે.. છે.. છેને પર્યાય? પર્યાય એટલે પરિણામ, પરિણામ એટલે અવસ્થા. છે.. છે.. છે.. છે.. છે.. છે.. અનાદિ-અનંત દ્રવ્યમાં નવી નવી (થયા કરે છે). તો એકપ્રવાહપણાને લીધે પ્રત્યેક પરિણામ પરમાણુ અને આત્માની એક એક અવસ્થા પ્રવાહપણાને લીધે ઉત્પાદ-વિનાશથી રહિત એકરૂપ ધ્રુવ રહે છે. આહા..હા..! સુમેરુમલજી! અમરચંદભાઈ! પુસ્તક લીધું છે? જુઓ આ વાત જરી. બે દિવસથી ચાલે છે આ તો, આજે ત્રીજો દિવસ છે. પણ આવું કાંઈક છે એવું તો હિંમતભાઈ! મગજમાં થાશે કે નહિ? કાંઈક છે વીતરાગમાર્ગમાં. આપણે સાંભળ્યું નહિ, વિચાર્યું અને કાંઈક વસ્તુ રહી જાય છે સત્ય. બાપે મૂક્યું હોય તો તપાસે કે નહિ? છગનભાઈએ પૈસા મૂક્યા હોય તો છોકરાઓએ તરત તપાસ્યા હશે કે નહિ? કેટલા મૂકી ગયા? મલૂકચંદભાઈ જેવા...

એમ ત્રિલોકનાથ વીતરાગ પરમેશ્વર પ્રત્યેક પદાર્થની સંપદા, ઋદ્ધિ, ભાવ શું છે તે સમજાવવા માટે છોડી ગયા છે. છોડી ગયા છે. જુઓ! સમજો ભાઈ! આવી વસ્તુ છે, આવી વસ્તુ છે. સમજાણું કાંઈ? જ્યાં ત્યાં પરદ્રવ્યની દશામાં અભિમાન થાય છે. મેં કર્યું, મેં કર્યું,.. અરે..! પ્રભુ! એના પરિણામ તો એનાથી થાય છે અને એની ધારાથી થાય છે. એમાં તું શું કરી શકે? શરીરની પર્યાય શું કરી શકે? પરની શું કરી શકે? ... શું કરી શકે? એ તો જડની પર્યાય થાય છે એને કારણે. શું તારાથી બોલવામાં આવે છે? આ તો પરમાણુની જડ ધ્વનિ ઉઠે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**દરેક પરિણામ ઉત્પાદ-વિનાશ વિનાનો...**' એ તો પહેલા ઉત્પાદ-વિનાશ સિદ્ધ કર્યાને, પછી કહે છે હવે, ધ્રુવ સિદ્ધ કરવું છેને. '**એકરૂપ-ધ્રુવ રહે છે.**' છે.. છે.. છે.. છે.. એમ એકરૂપ કહ્યું. ઓલું તો ઉત્પન્ન અપેક્ષાએ ઉત્પન્ન, વ્યય અપેક્ષાએ વ્યય અને છે.. છે.. છે.. છે.. (એ અપેક્ષાએ ધ્રુવ). દરેક પરમાણુમાં પણ એક એક પર્યાય. જુઓ! આ પરમાણુ છે. એમાં પહેલી પર્યાય લોટની હતી. પહેલા ધૂળની હતી. ધૂળ હતા આ પરમાણુ, ધૂળ. એમાંથી ઘઉં થયા, ઘઉંમાંથી લોટ થયો, લોટમાંથી રોટલી થઈ, રોટલીમાંથી અહીંયા આ લોહી થયું છે. જુઓ! પર્યાય થઈ છેને? આ આત્માની દશા છે? આ તો લોટમાંથી પર્યાય પરિણમીને આ પર્યાય થઈ. એ પર્યાય નવી ઉત્પન્ન થઈ એ અપેક્ષાએ ઉત્પાદ, પૂર્વની અપેક્ષાએ વ્યય અને એકપ્રવાહ પર્યાય... પર્યાય.. પર્યાય.. પર્યાય.. પ્રવાહ.. પ્રવાહ.. પ્રવાહ લ્યો દરેક પરિણામ ધ્રુવ કહેવામાં આવે છે. ઓહો..હો..! અમૃતચંદ્રાચાર્યની ટીકા. ૯૯નો ધક્કો લગાડ્યો છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ ત્રણે પરિણામ છે. પરિણામ ગુણ છે. ગુણમાં દ્રવ્ય રહે છે.

મુમુક્ષુ :- વ્યય તો ચાલ્યું ગયું. ક્યાં ગયું?

ઉત્તર :- ક્યાં ગયું? દ્રવ્યમાં ગયું. પાણીના તરંગ ઉઠે છે એ તરંગ પાણીમાં સમાઈ ગયા. એમાં સમાઈ ગયા. બીજે ક્યાં જાય? જેમ પાણીમાં તરંગ ઉઠ્યા અને વિલય થઈ ગયો, ક્યાં ગયા? પાણીમાં. નવા તરંગ ઉઠ્યા, ઉત્પન્ન થયા, ગયા પાણીમાં. વળી નવા ઉઠ્યા.. એમ પ્રત્યેક

આત્મા અને પરમાણુમાં પ્રત્યેક પરિણામ થયા તે પરિણામ વ્યય થઈ ગયા, દ્રવ્યમાં ગયા. નવા ઉત્પન્ન થયા. એ નવા ઉત્પન્ન થયેલા પાછા દ્રવ્યમાં ગયા, વ્યય થઈ ગયો. એમ અનાદિ પરિણામ ઉત્પન્ન થાય છે. એકપ્રવાહની અપેક્ષાએ એને ધ્રુવ કહે છે. આ તો કોલેજ છે વીતરાગની. હિંમતભાઈ! મેટ્રિક-બેટ્રિક ભણવા જ્યાં પ્રોફેસર મારે ગપ્પેગપ્પા ન્યાં તો. આ તો વીતરાગ સર્વજ્ઞદેવ ત્રિલોકનાથ પરમાત્માએ કેવળજ્ઞાનમાં જે જોયું એવી ચીજનો શું સ્વભાવ વસ્તુસ્થિતિ છે? એવી સ્થિતિ દૃષ્ટિમાં આવ્યા વિના એની સત્‌શ્રદ્ધા અને સત્‌જ્ઞાન થતું નથી. સત્‌શ્રદ્ધા, જ્ઞાન વિના તારા વ્રત ને નિયમ ને તપને (પાળીને) મરી જા સૂકાઈને, કોઈ ધર્મ-ફર્મ છે નહિ. સમજાણું કાંઈ?

**'વળી ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યમાં સમયભેદ નથી,...'** બરાબર છે? કાળભેદ નથી. જે સમયે પરિણામ નવા ઉત્પન્ન થયા, તે જ સમયે પૂર્વના પરિણામ વ્યય થયા, તે જ સમયે પ્રવાહપણાને લીધે તે જ પરિણામને ધ્રુવ કહે છે. ત્રણે એક જ સમયમાં છે. હવે એ પરિણામને ક્ષેત્રનો દૃષ્ટાંત આપીને પરિણામને સિદ્ધ કર્યા. હવે દ્રવ્યને સિદ્ધ કરે છે. **'આવા ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યાત્મક પરિણામોની...'** હવે ગાથાનો અર્થ આવ્યો. આવો ઉત્પાદ-નવા નવા પરિણામ ઉત્પન્ન થવા, પૂર્વના વ્યય થવા, એકપ્રવાહરૂપે ધ્રુવ. એવા પરિણામોની, એવા **'પરિણામોની પરંપરામાં દ્રવ્ય સ્વભાવથી જ સદાય રહેતું હોવાથી...'** આત્મા એ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યના પરિણામની પરંપરામાં દ્રવ્ય રહે છે. પરમાણુના ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય પરિણામની પરંપરામાં દ્રવ્ય રહે છે. **'ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યાત્મક પરિણામોની...'** પર્યાયની (અર્થાત્) જે ત્રણ અવસ્થા કહી ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય. નવા ઉત્પન્ન, પૂર્વનો વ્યય અને એકપ્રવાહરૂપે ધ્રુવ-એવા પરિણામોની પરંપરામાં દ્રવ્ય-આત્મા કે પરમાણુ દરેક **'સ્વભાવથી જ...'** એ પોતાનો સ્વભાવ છે માટે સદાય દ્રવ્ય એમાં રહે છે. સમજાણું કાંઈ? કાલે આવી ગયું આપણે બે દિવસથી. તમે આવ્યા પછી તો શરૂ થયુંને. ત્રણ દિવસ થયા આ એક ગાથામાં. માલચંદજી! ઘરે મેળવો છો કે નહિ? નથી મેળવતા? આહા..હા..! ગજબ ટીકા!

તેથી **'દ્રવ્ય પોતે પણ,...'** હવે જુઓ! ત્રણ પ્રકારના ઉત્પાદ-વ્યય અને ધ્રુવ એક પરિણામના એમાં દ્રવ્ય સ્વભાવથી વર્તે છે. પરંપરામાં દ્રવ્ય છેને કાયમ. તેથી પદાર્થ પણ **'પોતે પણ, મોતીના હારની માફક,...'** મોતી મોતીનો હાર હોયને? આવો મોતીનો હાર. છે? છે.. છે. આખો હાર છેને? એક એક પ્રદેશ આ. નવો લક્ષમાં લે તો એ ઉત્પન્ન થયો, પૂર્વની અપેક્ષાએ વ્યય થયો, છે.. છે.. છે.. તે અપેક્ષાએ તે જ ધ્રુવ થયું. એ ત્રણમાં પરિણામ લેવા. આ તો ક્ષેત્ર છે. એમાં પરિણામ લેવા. ધોળી, ધોળી પર્યાય ઉત્પન્ન થઈને, ધોળી. એક સમયની ધોળી ઉત્પન્ન થઈ, પૂર્વની વ્યય થઈ અને પ્રવાહરૂપે ધોળી.. ધોળી.. ધોળી.. ધોળી.. પ્રવાહરૂપે રહી, એ અપેક્ષાએ પરિણામને ધ્રુવ કહેવા. અને એ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યમાં તે પરમાણુ કાયમ ટકે છે. એ સ્વભાવમાં દ્રવ્ય રહે છે તો દ્રવ્યને પણ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યસ્વરૂપ જાણવું. આ નવાવાળાને (આકરું લાગે). આપણે ત્રણ દિ'થી ચાલે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ પર્યાયમાં ત્રણ બોલ કહ્યાને? એક એક પર્યાયના ત્રણ બોલ કહ્યાને? ઉત્પાદ-વ્યય-

ધ્રુવ. એ પર્યાયમાં દ્રવ્ય રહે છે અને પરંપરામાં દ્રવ્ય.. દ્રવ્ય.. દ્રવ્ય.. સામાન્ય રહે છે કે નહિ? એ અપેક્ષાએ દ્રવ્યમાં પણ ઉત્પાદ-વ્યય-ધ્રુવ આવી ગયા. પરિણામમાં જ્યારે ઉત્પાદ-વ્યય-ધ્રુવ કહ્યા એની પરંપરામાં દ્રવ્ય રહ્યું છે, તો દ્રવ્ય પણ ઉત્પાદ-વ્યય-ધ્રુવ સહિત થઈ ગયું.

'**દ્રવ્ય પોતે પણ, મોતીની હારની માફક, ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યાત્મક છે.**' લ્યો, અહીંયા આ ગાથા પૂરી થઈ અને કલાક થઈ ગયો.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**આસો વદ-૪, રવિવાર, તા. ૬-૧૦-૧૯૬૩**
**ગાથા-૯૯, પ્રવચન-૯૫**

પ્રવચનસાર ચાલે છે. ભગવાન ત્રિલોકનાથ તીર્થંકર પરમાત્માને સર્વજ્ઞપદ પ્રાપ્ત થયું. પછી જે છ દ્રવ્ય આદિ, નવ તત્ત્વ, પંચાસ્તિકાય આદિનું કથન થયું તેને પ્રવચન કહે છે. એ પ્રવચનનો સાર કહેવામાં આવે છે. ૯૯ ગાથા. સીધી લઈએ છીએ, જુઓ ટીકા! જરી સૂક્ષ્મ છે, ધ્યાન રાખીને સાંભળવું.

'**અહીં (વિશ્વને વિષે)...**' ભગવાન ત્રિલોકનાથે કહ્યા એવા જ્ઞેય, જ્ઞાનમાં આવવાલાયક જ્ઞેય કેવા છે અને તેનો સ્વભાવ, ક્ષેત્ર અને પર્યાય કેવા છે તેનું વર્ણન કરે છે. અહીંયા જગતમાં '**સ્વભાવમાં નિત્ય અવસ્થિત હોવાથી દ્રવ્ય 'સત્' છે.**' દ્રવ્ય નામ વસ્તુ સ્વભાવમાં નિત્ય અવસ્થિત હોવાથી. દરેક આત્મા, પ્રત્યેક પરમાણુ, પ્રત્યેક કાળાણુ, પ્રત્યેક ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ એ વિશ્વની અંદર સ્વભાવમાં, સ્વભાવ શું એ પછી આવશે, સ્વભાવમાં પ્રત્યેક પદાર્થ નિત્ય અવસ્થિત હોવાથી દ્રવ્ય સત્ છે. તે દ્રવ્યને સત્ કહેવામાં આવે છે.

હવે સ્વભાવ. સ્વભાવમાં નિત્ય અવસ્થિત હોવાથી દ્રવ્યને સત્ કહ્યું તો સ્વભાવ શું? '**સ્વભાવ દ્રવ્યનો ધ્રૌવ્ય-ઉત્પાદ-વિનાશની એકતાસ્વરૂપ પરિણામ છે.**' આ ગાથાનો અર્થ છે. મૂળ શ્લોકનો આટલો અર્થ છે. સ્વભાવમાં અવસ્થિત પ્રત્યેક પદાર્થ સ્થિત રહેવાથી, નિત્ય રહેવાથી દ્રવ્ય કહેવામાં આવ્યા. એ સ્વભાવ શું છે? વસ્તુનું ધ્રૌવ્ય-ઉત્પાદ, ટકવું, નવી અવસ્થાનું થવું, જૂનાનો વ્યય થવો. આ ત્રણની એકતાસ્વરૂપ પરિણામ નામ ગુણ તેને અહીંયા સ્વભાવ કહે છે. એ સ્વભાવમાં નિત્ય ટકવાથી દ્રવ્યને સત્ કહે છે. સમજાણું કાંઈ? એ ગાથાનો અર્થ થયો. ગાથાનો અર્થ આટલો છે. હવે એ વાત સિદ્ધ કરવા માટે દૃષ્ટાંત આપીને એ વાત સિદ્ધ કરે છે.

'**જેમ...**' આ પણ એક દૃષ્ટાંત છે. '**જેમ દ્રવ્યનું...**' જેમ આત્મા વસ્તુ તેનું '**વાસ્તુ...**'

નિવાસસ્થાન, આત્માનું નિજઘર અસંખ્યપ્રદેશી એને આત્માનું વાસ્તુ કહેવામાં આવે છે. આત્માનું વાસ્તુ, તેની ભૂમિ, તેનું દળ, તેનું કદ. **'દ્રવ્યનું...'** જેમ આત્મા, આપણે અહીંયા દૃષ્ટાંતમાં લઈએ છીએ. અહીંયા તો બધા દ્રવ્યની વાત લીધી છે. **'દ્રવ્યનું વાસ્તુ સમગ્રપણા વડે (અખંડપણા વડે) એક હોવા છતાં, વિસ્તારક્રમમાં પ્રવર્તનારા...'** વિસ્તારક્રમ. એક પછી એક એમાં જે પ્રદેશ છે આત્માના, એક પરમાણુ પોંઈટ જેટલી જગ્યા રોકે તેટલા અંશને પ્રદેશ કહે છે. એ અખંડપણે તો અસંખ્ય પ્રદેશ એક છે, પણ વિસ્તાક્રમ, વિસ્તારક્રમ એક પછી એક, એક પછી એક એવા પ્રદેશની ગણતરી કરવામાં આવે તો એનો જે સૂક્ષ્મ અંશ છે, નાનામાં નાનો અંશ છે તેને પ્રદેશ કહે છે.

**'તેમ...'** એ દૃષ્ટાંત હતો. હવે સિદ્ધાંત અહીંયા સિદ્ધ કરવો છે પરિણામનો. એ પરિણામ એટલે પાઠમાં જે પરિણામ કહ્યા તે નહિ. સમજાણું કાંઈ? એ તો પહેલા આવ્યુંને? **'ધ્રૌવ્ય-ઉત્પાદ-વિનાશની એકતાસ્વરૂપ પરિણામ...'** એ નહિ. અહીંયા દૃષ્ટાંતમાં એક પ્રદેશ, બીજો પ્રદેશ, ત્રીજો પ્રદેશ એવો વિસ્તારક્રમ, એક ક્ષેત્રમાં વિસ્તારક્રમ આત્મામાં. **'તેમ દ્રવ્યની વૃત્તિ...'** પદાર્થનું ત્રણકાળ ટકવું **'સમગ્રપણા વડે એક હોવા છતાં,...'** વસ્તુ આત્મા અને પરમાણુ સમગ્રપણે અનાદિ-અનંત એકરૂપ હોવા છતાં **'પ્રવાહક્રમમાં...'** પ્રવાહ નામ એક પછી એક પર્યાયમાં, એક પછી એક પરિણામમાં **'પ્રવર્તનારા તેના જે સૂક્ષ્મ અંશો તે પરિણામો છે.'** પહેલાં પરિણામ કહ્યા એ બીજા, આ પરિણામ બીજી ચીજ છે. સમજાણું કાંઈ? આ પરિણામ એક સમયની અવસ્થા છે અને પહેલા કહ્યા એ પરિણામ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યસ્વરૂપ ગુણ છે. સમજાણું કાંઈ? અહીંયા હજી આ પરિણામ સિદ્ધ કરીને પછી એ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય પરિણામરૂપ ગુણને સિદ્ધ કરશે. પછી ગુણરૂપ સ્વભાવમાં દ્રવ્ય રહે છે એ મૂળ ગાથાની વાત સિદ્ધ કરશે.

હવે સિદ્ધ કરે છે. ભિન્ન ભિન્ન પરિણામ સિદ્ધ કરવા છે. દરેક દ્રવ્યના સમય સમયના પ્રવાહક્રમના પરિણામ-પર્યાય ભિન્ન ભિન્ન છે. **'જેમ વિસ્તાક્રમનું કારણ...'** જુઓ! વિસ્તારક્રમ. ક્રમ-એક પછી એક પ્રદેશ અંદર છે એવા **'વિસ્તારક્રમનું કારણ પ્રદેશોનો પરસ્પર વ્યતિરેક છે,...'** અન્ય-અન્યપણું છે. **'વિસ્તારક્રમનું કારણ...'** વિસ્તારક્રમ. વિસ્તારક્રમ કેમ પડ્યો? એક એક પ્રદેશોની પરસ્પર ભિન્નતા છે તે વિસ્તારક્રમનું કારણ છે. અસંખ્યપ્રદેશી ભગવાન પોતાનું નિજ ઘર, નિવાસ, ભૂમિ એમાં વિસ્તારક્રમ તેનું કારણ ભિન્ન ભિન્ન પ્રદેશ છે, પરસ્પર જુદાં જુદાં છે, વ્યતિરેક વિસ્તારક્રમનું કારણ છે.

**'તેમ પ્રવાહક્રમનું કારણ...'** એક પછી એક પર્યાય સમય સમયની થાય છે તે **'પ્રવાહક્રમનું કારણ પરિણામોનો પરસ્પર વ્યતિરેક છે.'** નામ ભિન્નતા છે. સમજાણું કાંઈ? ભગવાન અસંખ્યપ્રદેશી આત્મા, જુઓ! આવી વાત સર્વજ્ઞ સિવાય ક્યાંય હોઈ શકે નહિ. આવા જ્ઞેય સર્વજ્ઞે જોયા એવી વાત ત્રણકાળ ત્રણલોકમાં બીજામાં નથી. તો એ જ્ઞેય કેવા છે એ એની દૃષ્ટિમાં લાવ્યા વિના તેની યથાર્થ પ્રતીતિ થતી નથી. અને આ સમ્યગ્દર્શનનો અધિકાર છે. તો સમ્યગ્દર્શનમાં આત્મા, એવા અનંત આત્માની અહીં તો બધાની વાત છે. એક આત્મા પોતાના વિસ્તાક્રમમાં એક

એક પ્રદેશમાં બીજાનો અભાવ, તે જ વિસ્તારક્રમનું કારણ સિદ્ધ કરે છે અને પ્રવાહક્રમનું કારણ એક પછી એક પર્યાય ચાલે છે ક્રમસર, એનું કારણ પરિણામોનો પરસ્પર, પર્યાયમાં-પરિણામમાં માંહોમાંહે ભિન્નતા એ પ્રવાહક્રમનું કારણ સિદ્ધ થાય છે.

મુમુક્ષુ :- કાંઈ સમજાતું નથી.

ઉત્તર :- નથી સમજાતું આ? ત્રણ દિ' તો ચાલ્યું. આ તો થોડું આ લોકો નવા છે એટલે આવ્યું છે. ત્રણ દિ'થી તો ચાલે છે આ, આજે ચોથો દિ' થયો. શેઠ! ત્રણ દિ' તો વ્યાખ્યાન ઉતર્યા છે. સમજાણું કાંઈ?

આત્મા જ્ઞેય કેવો છે? એમ સિદ્ધ કરવું છે. અર્થાત્ આત્મા પોતાના સ્વભાવમાં ત્રિકાળ રહે છે તેથી સત્ છે એમ સાબિત-સિદ્ધ કરવું છે. એક વાત. હવે એ સિદ્ધ કરવામાં એ કહ્યું કે સ્વભાવ શું? કે સ્વભાવ ધ્રૌવ્ય-ઉત્પાદ-વ્યય એ દ્રવ્યનો-વસ્તુનો સ્વભાવ છે. એ સ્વભાવમાં નિત્ય ટકવાથી દ્રવ્યને સત્ કહેવામાં આવે છે. એટલી વાત તો પાઠની થઈ. હવે એ વાત સિદ્ધ કરવા માટે આ એક દૃષ્ટાંતરૂપ બીજી વાત લીધી છે. સમજાણું કાંઈ? એક એક આત્મા પ્રત્યેક પ્રવાહક્રમમાં પરિણામ ક્રમે ક્રમે જે પર્યાય વર્તે છે તે પ્રવાહક્રમનું કારણ, કે એકબીજા એકબીજામાં પરિણામની ભિન્નતા છે તે પ્રવાહક્રમની કારણ છે. એ પ્રવાહક્રમને સિદ્ધ કરવા માટે વિસ્તારક્રમનો દૃષ્ટાંત આપ્યો. સમજાણું કાંઈ?

વિસ્તાક્રમ એક પછી એક પ્રદેશમાં બીજાની પરસ્પર ભિન્નતા છે તે જ વિસ્તારક્રમનું કારણ છે. અને છેલ્લામાં છેલ્લા નાના અંશને પ્રદેશ કહે છે અને વિસ્તારક્રમનું કારણ ભિન્ન ભિન્ન પ્રદેશ છે. એમ પ્રવાહક્રમમાં પર્યાય જે ક્રમસર થાય છે તેના (પ્રવાહના) નાનામાં નાના અંશને પર્યાય કહે છે, પરિણામ. એ પરિણામ પ્રવાહક્રમમાં નાનામાં નાનો અંશ છે. હવે પ્રવાહક્રમનું કારણ શું? પ્રવાહક્રમનો હેતુ શું? કે પરસ્પર એકબીજામાં પરિણામની ભિન્નતા પ્રવાહક્રમનું કારણ છે. એ.. મૂળજીભાઈ! જુઓ! પાઠ સૂઝયા વિના સૂઝે એવું નથી. તમે કીધું ઇ. રામજીભાઈ કહે, ઉપરથી સમજી લ્યે ઇ. પાછું એમ કે હુશિયાર માણસ છે એટલે ઉપરથી લઈ લ્યે. અને બીજા હુશિયાર ઓછા હોય એટલે એણે વાંચવું પડે, એમ. એ વાત થઈ.

હવે, સાંભળો! હવે એક એક પ્રદેશ અને એક એક પરિણામને સિદ્ધ કરે છે. એ પરિણામ પહેલા સિદ્ધ કર્યા પછી બીજી વાત સિદ્ધ કરશે. ધ્રૌવ્ય-ઉત્પાદ-વ્યયરૂપ દ્રવ્યનો સ્વભાવ, સ્વભાવમાં આત્મા નિત્ય ટકવાથી દ્રવ્યને સત્ કહ્યું, એ વસ્તુને ભગવાન કુંદકુંદાચાર્યે ગાથામાં કહી છે. તેને સિદ્ધ કરવા માટે અમૃતચંદ્રાચાર્ય પ્રદેશ અને પરિણામમાં ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય ઉતારીને પછી ગુણરૂપ પરિણામમાં દ્રવ્ય રહે છે એવી વાત સિદ્ધ કરશે. શેઠિયાજી! કહો, માલચંદજી! હવે તો ઘણું સ્પષ્ટ થઈ ગયું. છ-છ દિવસ થઈ ગયા.

મુમુક્ષુ :- સરળ થઈ ગયું.

ઉત્તર :- સરળ થઈ ગયું? ઠીક!

હવે વિસ્તારક્રમ અને પ્રવાહક્રમ બે સિદ્ધ કર્યા. કારણ કે ભિન્ન ભિન્ન પ્રદેશ અને ભિન્ન ભિન્ન પરિણામ એકબીજાથી પ્રવાહમાં (છે). હવે, **'જેમ તે પ્રદેશો...'** એક પ્રદેશ. અસંખ્ય પ્રદેશ છે આત્માના, એમાં કોઈપણ પ્રદેશ. અહીંયા સમુચ્ચય પ્રદેશની વાત છે. વાસ્તુ શબ્દે અહીંયા આખી પેલી નહિ, પછી વિસ્તારક્રમમાં લીધું. **'જેમ તે પ્રદેશો પોતાના સ્થાનમાં સ્વ-રૂપથી ઉત્પન્ન...'** અસંખ્ય પ્રદેશ છે કે નહિ આત્માના? તો કોઈપણ પ્રદેશ લક્ષમાં લ્યો તો એ પ્રદેશ સ્વ-રૂપથી ઉત્પન્ન (છે). લક્ષમાં લીધું એટલે ખ્યાલમાં આવ્યું કે આ છે. એ અપેક્ષાએ ઉત્પન્ન. **'પૂર્વરૂપથી વિનષ્ટ...'** પૂર્વ-પહેલાના પ્રદેશની અપેક્ષાએ તેને વિનષ્ટ કહેવું. પોતાની અપેક્ષાએ ઉત્પન્ન કહેવું અને પૂર્વના પ્રદેશની અપેક્ષાએ તેને જ વિનષ્ટ કહેવું.

**'તથા સર્વત્ર (બધેય) પરસ્પર અનુસ્યૂતિથી...'** પ્રત્યેક પ્રદેશમાં સદશતા રાખવાવાળી **'એકવસ્તુપણા વડે...'** એકવાસ્તુ, એક જમીન, એક... સમજાણું કાંઈ? એક ક્ષેત્ર, એક નિવાસ, સ્થાન, ભૂમિ. તો અખંડ ભૂમિ અસંખ્ય પ્રદેશની એવા એક સદશપણાથી રચાતા, **'એકવસ્તુપણા વડે અનુત્પન્ન-અવિનષ્ટ હોવાથી...'** એ પ્રદેશ ઉત્પન્ન પણ નથી, વિનષ્ટ પણ નથી. તેથી ઉત્પત્તિ-સંહાર-ધ્રૌવ્યાત્મક છે. જુઓ! એક પ્રદેશ આત્માનો એની અપેક્ષાએ ઉત્પન્ન, પૂર્વની અપેક્ષાએ વિનાશ, સળંગની અપેક્ષાથી વિનષ્ટ અને ઉત્પન્ન રહિત ધ્રુવ. એક પ્રદેશમાં ત્રણ ઉતાર્યા. ચંદુભાઈ! ક્યાં ગયા? શશીભાઈ! જરી ઝીણી વાત છે. વિસ્તાર તો આવી ગયો છે. વળી આ લોકોએ અંદર ખાનગી માંગણી કરી હતી. રામજીભાઈ પાસે... કહો, સમજાણું કાંઈ?

ભગવાન આત્મા, એવા અનંત આત્મા, એવા આકાશ આદિ બધા (દ્રવ્ય) લેવા. એક પ્રદેશ ઉપર લક્ષ કરો તો તે પ્રદેશ લક્ષમાં લીધો ભિન્ન કરીને તો (તે અપેક્ષાથી) ઉત્પાદ કહેવામાં આવ્યું. બીજા પ્રદેશની અપેક્ષાથી તેને વિનષ્ટ કહેવામાં આવ્યું, સળંગની અપેક્ષાથી ઉત્પન્ન અને વિનષ્ટનો અભાવ નામ ધ્રૌવ્ય કહેવામાં આવ્યો. તો તે એક જ પ્રદેશ ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્યરૂપ કહેવામાં આવે છે. એમ પ્રત્યેક પ્રદેશને (કહેવામાં આવે). સમજાણું કાંઈ? ઝીણું પડશે આજ, હિંમતભાઈ! પુસ્તક રાખ્યું છે કે નહિ? છે, ઠીક! પછી પૂછજો, પુરષોત્તમદાસને. ગામમાં જાણપણાવાળો હોય એને પૂછવું. સમજાય છે કાંઈ?

**'જેમ તે પ્રદેશો...'** જે વ્યતિરેકથી પ્રદેશ ભિન્ન ભિન્ન સિદ્ધ કર્યા હતા, એ પ્રદેશ, હોં! ફક્ત. વિસ્તારક્રમ નહિ, પ્રદેશ. **'પોતાના સ્થાનમાં સ્વ-રૂપથી ઉત્પન્ન ને પૂર્વરૂપથી વિનષ્ટ હોવાથી તથા સર્વત્ર (બધેય)...'** ધારાને કારણે એક વાસ્તુપણાને લીધે, એક ક્ષેત્રને લીધે **'અનુત્પન્ન-અવિનષ્ટ હોવાથી...'** તેને ધ્રુવ કહેવો. એટલે **'ઉત્પત્તિ-સંહાર-ધ્રૌવ્યાત્મક છે,...'** એક પ્રદેશને ત્રણ લાગુ પડે છે. **'તેમ...'** .. ભાઈ! ઝીણું છે જરી. એ તો દૃષ્ટાંત આપ્યો, હવે પરિણામ સિદ્ધ કરવા છે. પરિણામ સિદ્ધ કર્યા પછી દ્રવ્ય સિદ્ધ કરવું છે.

**'તેમ તે પરિણામો...'** તે એટલે કોઈપણ પ્રવાહક્રમના એક એક પરિણામ-પર્યાય. દ્રવ્યના અનાદિ-અનંત પરિણામ છે. તે પરિણામ એટલે સમુચ્ચય પરિણામ. **'પોતાના અવસરમાં...'** જુઓ!

હવે ખુબી. ઓલા પોતાના સ્થાનમાં હતા. પ્રદેશ પોતાના સ્થાનમાં હતા અને પરિણામ પોતાના કાળમાં છે. દરેક દ્રવ્યના વર્તમાન વર્તમાન કે કોઈપણ પરિણામ તેના અવસરમાં **'સ્વ-રૂપથી ઉત્પન્ન...'** છે પોતાના સ્વ-રૂપથી એ અપેક્ષાથી પ્રત્યેક દ્રવ્યના એક સમયના પરિણામ, એક સમયમાં અનંતા પરિણામ છે અનંતા ગુણના તે અહીંયા ન લેવા, અહીંયા તો એક પરિણામ, એક ગુણના એક પરિણામ એવા પરિણામ લેવા, સમજ્યા? તો કહે છે, તે અવસરમાં સ્વ-રૂપથી ઉત્પન્ન અને **'પૂર્વરૂપથી વિનષ્ટ હોવાથી...'** પ્રત્યેક દ્રવ્યનો વર્તમાન પર્યાય, કોઈપણ પર્યાય, પર્યાયના લક્ષે ઉત્પન્ન, પૂર્વ પર્યાયની અપેક્ષાથી વિનષ્ટ **'તથા સર્વત્ર પરસ્પર અનુસ્યૂતિથી...'** પ્રત્યેક પરિણામમાં છે.. છે.. છે.. છે... સદશતાની ધારાના લક્ષથી તે જ પરિણામને ઉત્પન્ન-વ્યય વિના ધ્રૌવ્ય કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આ તો ઘણું સહેલું થઈ ગયું હવે. જરી ઝીણું પડતું હતુંને ભાઈને.

**'સર્વત્ર પરસ્પર...'** હોં! પરસ્પર નામ એક પછી એક સર્વ. કોઈનો ભિન્ન ન લેવા. છે.. છે.. છે.. છે.. બધા પરિણામ-પર્યાય.. પર્યાય.. પર્યાય.. પરસ્પર એકરૂપ રચના, એકરૂપ સદશ્યતા, એકધારાપ્રવાહની અપેક્ષાથી **'એકપ્રવાહપણા વડે...'** ક્ષેત્રમાં એક વાસ્તુપણા વડે લીધું હતું. ઓલી ધ્રુવધારા બતાવવા માટે. અહીંયા ધ્રુવ પરિણામને બતાવવા માટે એકપ્રવાહપણા વડે **'અનુત્પન્ન-અવિનષ્ટ હોવાથી ઉત્પત્તિ-સંહાર-ધ્રૌવ્યાત્મક છે.'** લ્યો, એક પરિણામમાં ત્રણ થઈ ગયા. સમજાણું કાંઈ?

હવે, **'વળી જેમ વાસ્તુનો...'** વાસ્તુમાં પહેલા પ્રદેશ લીધા હતા. હવે આખું વાસ્તુ લીધું. પહેલા પ્રદેશ લીધો હતો, પહેલા પરિણામ લીધા હતા, હવે આખી વાસ્તુનો પ્રવાહક્રમ લેશે, પ્રવાહ લેશે, ક્રમ નહિ. વાસ્તુ અને પ્રવાહ લેશે. પહેલા વિસ્તારક્રમ અને પ્રવાહક્રમ પરસ્પર ભિન્ન છે એ સિદ્ધ કર્યું. હવે વાસ્તુ અને પ્રવાહ એમ સિદ્ધ કરે છે. સમજાણું કાંઈ? જેમ વાસ્તુ એટલે સ્વ-ઘર, પોતાનું અસંખ્યપ્રદેશી ક્ષેત્ર નિજ-ભૂમિ, નિજ આત્માની ભૂમિ તે **'વાસ્તુનો જે નાનામાં નાનો (છેવટનો) અંશ પૂર્વપ્રદેશના વિનાશસ્વરૂપ છે...'** અહીં વિનાશથી લીધું છે. પહેલા ઉત્પાદથી લીધું હતું. હવે આખી વસ્તુમાં વિનાશથી-અભાવથી લીધું છે. **'નાનામાં નાનો (છેવટનો) અંશ પૂર્વપ્રદેશના વિનાશસ્વરૂપ...'** એક પ્રદેશ **'પૂર્વપ્રદેશના વિનાશસ્વરૂપ છે તે જ (અંશ) ત્યારપછીના પ્રદેશના ઉત્પાદસ્વરૂપ છે..'** ત્યારપછીનો શું? જે પ્રદેશ છેને, એની પૂર્વની અપેક્ષાથી વિનષ્ટ અને ત્યારપછીની અપેક્ષાથી ઉત્પન્ન અર્થાત્ ત્યારપછી એટલે એના પછીનો નહિ, તે જ પ્રદેશ વિનષ્ટની અપેક્ષાથી ત્યારપછીનો કહેવામાં આવ્યો. પછીનો નહિ, પ્રદેશ તો તેનો તે જ. જુઓ!

**'તે જ (અંશ) ત્યારપછીના...'** ત્યારપછીના અર્થાત્ જે વિનષ્ટની અપેક્ષાએ તેને ઉત્પાદ કહ્યો હતો, તો વિનષ્ટ પછી તે આવ્યો તેની અપેક્ષાથી તેને ઉત્પાદસ્વરૂપ કહે છે. સમજાણું કાંઈ? **'ત્યારપછીના પ્રદેશના...'** ત્યારપછીના એટલે તે જ, એમ. કોઈપણ પ્રદેશ આત્માનો એક લીધો તો કહે છે કે તે પૂર્વની અપેક્ષાથી વિનષ્ટ તે પ્રદેશ, ત્યારપછીનો એટલે કે વિનષ્ટની અપેક્ષાથી તે ત્યારપછીનો, તે પોતે આવ્યો ઇ, માટે તે ઉત્પાદ. જુઓ! આ સર્વજ્ઞ (સિવાય) આત્મા કેવા ક્ષેત્રમાં

છે અને કેવા પ્રવાહમાં છે, એવી વાત ત્રણકાળમાં બીજામાં ક્યાંય હોય નહિ. એક એક જ્ઞેય આવા છે એમ જાણવામાં આવ્યા વિના તેની યથાર્થ પ્રતીતિ થતી નથી. સમજાણું કાંઈ?

**'તથા તે જ પરસ્પર અનુસ્યૂતિથી...'** કોણ? પ્રદેશ. તે જ, પ્રદેશ તો તે જ. અનુસ્યૂતિથી રચાયેલા પરંપરામાં સદશતાથી બનેલા એકવાસ્તુપણા વડે, એકપણાના ક્ષેત્ર વડે, એકપણાના ક્ષેત્ર વડે અનુભયસ્વરૂપ છે. અહીં અનુભય કહ્યું, પહેલામાં અનુત્પન્ન-અવિનષ્ટ કહ્યું હતું. અહીં અનુભય (કહ્યું). વિનષ્ટ નહિ, ઉત્પાદ નહિ. સમજાણું કાંઈ? **'(અર્થાત્ બેમાંથી એક્કે સ્વરૂપે નથી),...'** એ પ્રદેશની વાતમાં એક પ્રદેશ વાસ્તુના અંશમાં ઉતાર્યો. પહેલા એક પ્રદેશમાં ઉતાર્યું હતું. પછી આખા વાસ્તુનો એક એક પ્રદેશ નાનામાં નાનો એમાં ત્રણ ત્રણ ઉતાર્યા. હવે એ પ્રવાહક્રમમાં અનંત પરિણામમાં પ્રત્યેક પરિણામમાં ત્રણ ત્રણ ઉતારે છે, પ્રવાહક્રમનો અંશ લઈને. પહેલા સમુચ્ચય પરિણામ લીધા હતા. હવે પ્રવાહક્રમના પરિણામ લઈને ત્રણ ઉતારે છે. સમજાણું કાંઈ? સૂક્ષ્મ છે જરી. સમજાણું કે નહિ? સમજાય છે એમ જ કહેવાયને, નથી સમજાતું એમ કાંઈ કહેવાય? ...ભાઈ! નહિ બોલે, ટાઢા માણસ છે. આ તો સીધી સાદી વાત છે, બે ને બે ચાર જેવી. છોકરાને શીખડાવે કે ત્રણ ને ત્રણ, છ. છ અડધે ત્રણ. તમે તો હુશિયાર માણસ કહેવાઓને. કહો, સમજાણું કાંઈ?

હવે તે જ પ્રકારે પ્રદેશના દૃષ્ટાંતે સિદ્ધાંતમાં ઉતારવાવાળું, હજી મૂળ ગાથાની વાત નથી, મૂળ ગાથાની વાત પછી આવશે. આ તો હજી એ ગાથાને સિદ્ધ કરવા માટે બીજી વાત સિદ્ધ કરે છે. **'પ્રવાહનો જે નાનામાં નાનો...'** એ તો નાનામાં નાનો કહો કે અલ્પાતિ અલ્પ અંશ કહો. પહેલામાં વાસ્તુનો કહ્યો હતો. સમજ્યાને? અને અહીંયા પ્રવાહનો લેવો. એક એક દ્રવ્યમાં પ્રવાહક્રમમાં પરિણામ એક પછી એક, એક પછી એક પરિણામ-પર્યાય ચાલે છે તેમાં પ્રવાહનો જે નાનામાં નાનો અંશ તે **'પૂર્વપરિણામના વિનાશસ્વરૂપ...'** એ પર્યાય એક સમયની પૂર્વપર્યાયની અપેક્ષાએ વિનાશસ્વરૂપ, **'તે જ ત્યારપછીના પરિણામના ઉત્પાદસ્વરૂપ...'** વિનષ્ટ પછી તે જ આવ્યું, તે જ પરિણામ ઉત્પાદસ્વરૂપ. સમજાણું કાંઈ? શશીભાઈ! આ પાઠ બેસાડવો આકરો છે જરી, હોં! આ પાઠ. એ તો પંડિતજીએ બેસાડી દીધો છે. સમજાણું કાંઈ? અમારે તો પંડિત મોટા છેને અહીંયા. શું કહે છે? જુઓ!

**'તેમ પ્રવાહનો...'** પંડિતજીને એમ નથી ગોઠતું. **'તેમ...'** આમાં અમે પણ બધામાં પરિણામ ઉતારતા હતા. આ પરિણામ, પછીના પરિણામ, પહેલાના પરિણામ (એમ) પરિણામમાં જ ઉતારતા હતા. પણ પછી પરિણામને ગુણ કહ્યો ત્યારે સ્પષ્ટ થયું, ઓહો..! આ તો વાત..! સમજાણું કાંઈ? પહેલા પદમાં ગાથાનો જે અર્થ થયો તે ગુણનો થયો. પછી થયો, પ્રદેશ અને પરિણામનો થયો અને તે ગુણનો સિદ્ધાંત પછી ઉતારશે. બધામાં પરિણામ, પરિણામ, પરિણામ-પર્યાય લેતા હતા. સમજાણું કાંઈ? **'તેમ પ્રવાહનો જે નાનામાં નાનો અંશ...'** આત્મા અનાદિ-અનંત. પરિણામ સમયે સમયે થાય છે કે નહિ? પરમાણુમાં પણ સમયે સમયે પરિણામ-પર્યાય થાય છે કે નહિ? તો કહે છે

કે પ્રવાહના, અનંતા પરિણામના પ્રવાહનો નાનામાં નાનો અંશ તેને પરિણામ કહે છે.

તે પરિણામ **'પૂર્વપરિણામના વિનાશસ્વરૂપ છે તે જ ત્યારપછીના પરિણામના ઉત્પાદસ્વરૂપ છે...'** ત્યારપછીનો અર્થ, તે જ શબ્દ એ રીતે પડ્યો છે, તે જ ત્યારપછીના એટલે એ અંશ અને એના પછીનો, પણ તે જ. અંશ ઉત્પાદસ્વરૂપ **'તથા તે જ પરસ્પર અનુસ્યૂતિથી...'** એક સદશ છે.. છે.. છે.. છે.. છે.. આ ઉત્પન્ન, આ નાશ એમ નહિ, બધાને એક સદશતાથી જોવાથી **'રચાયેલા એકપ્રવાહપણા વડે અનુભયસ્વરૂપ છે.'** એક પરિણામમાં ત્રણ બોલ ઉતાર્યા. ભોગીભાઈ! એક સમયની એક પર્યાય, એક પર્યાય અંશ એમાં ત્રણ બોલ-ઉત્પાદ-વ્યય અને ધ્રૌવ્ય. એક પર્યાયમાં ત્રણ બોલ. ઉત્પાદ લક્ષમાં લીધો એ પૂર્વથી વિનષ્ટ, સદશતાની અપેક્ષાથી છે.. છે.. અપેક્ષાથી તે જ પર્યાયને ધ્રૌવ્ય કહેવામાં આવી. જુઓને! આચાર્યની અમૃતચંદ્રાચાર્યની ઘટના. આચાર્યને ગુણસ્વભાવમાં રહેવાવાળું દ્રવ્ય અને એ સ્વભાવ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય(સ્વરૂપ), એ સિદ્ધ કરવા માટે એક એક પરિણામમાં ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય પહેલા સિદ્ધ કર્યા. આહા..હા..! સમજાણું કાંઈ? બસ! હવે સિદ્ધાંત આવ્યો જે ગાથાનો છે ઇ. હવે ગાથાની વાત આવી.

**'આ પ્રમાણે સ્વભાવથી જ ત્રિલક્ષણ પરિણામ...'** જુઓ! અહીં સુધી (લઈએ). શું કહે છે? **'આ પ્રમાણે સ્વભાવથી જ ત્રિલક્ષણ પરિણામ...'** એ પરિણામ જે માથે કહ્યા ઇ. એક એક પરિણામ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય, એક એક પર્યાય ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય (સ્વરૂપ છે), **'આ પ્રમાણે સ્વભાવથી જ ત્રિલક્ષણ પરિણામ...'** પરિણામ એક. એવી પદ્ધતિમાં **'(પરિણામોની પરંપરામાં) વર્તતું દ્રવ્ય સ્વભાવને નહિ અતિક્રમતું હોવાથી...'** એ દ્રવ્ય એક સમયના પરિણામ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય એની પરંપરામાં વર્તનારું દ્રવ્ય ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યને અતિક્રમતું નથી. હવે દ્રવ્યમાં ઉતાર્યું. સમજાણું કાંઈ?

**'આ પ્રમાણે સ્વભાવથી જ ત્રિલક્ષણ પરિણામ...'** પરિણામ, એ ત્રિલક્ષણ પહેલા કહ્યાંને? ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય એક એક પર્યાયમાં ત્રણ અંશ થયા, અપેક્ષાથી. ઉત્પાદ, વિનષ્ટ, ધ્રૌવ્ય-છે.. છે.. છે.. એવી પરિણામપદ્ધતિમાં-પર્યાયની પરંપરામાં, પરિણામોની ધારામાં વર્તતું. દ્રવ્ય એમાં છેને બધી પર્યાયમાં વર્તમાન. દ્રવ્ય સ્વભાવને, એ પદાર્થ પરમાણુ અને આત્મા, એ પરિણામ જે ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય છે એની પરંપરામાં કાયમ પ્રવર્તનારું જે દ્રવ્ય છે, તે ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય જે પરિણામનો સ્વભાવ તે સ્વભાવ અતિક્રમતું નથી. સમજાણું કાંઈ? સમજાય છે કે નહિ આમાં કાંઈ? એ.. દાસ! તેથી, શું તેથી? કે સ્વભાવથી જ ત્રિલક્ષણ પરિણામ. એ પરિણામ ત્રિલક્ષણવાળું. એની પરંપરામાં વર્તતું દ્રવ્ય, એ પોતાના પરિણામનો જે સ્વભાવ છે ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય તે દ્રવ્ય ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યને અતિક્રમતું નથી. કારણ કે પરિણામમાં દ્રવ્ય પરિણામી વર્તે છે માટે. સમજાણું કાંઈ?

તત્ત્વજ્ઞાનનો અભ્યાસ નહિ એટલે લોકોને એવું (લાગે). બહારના પ્રપંચ. શું ચીજ છે? અને કઈ રીતે અંદર થઈ રહ્યું છે? કેવું ક્ષેત્ર છે? કેવા પરિણામ છે? કેવા ઉત્પન્ન થાય છે? શું વિનષ્ટ છે? શું ધ્રુવ છે? શું ઉત્પાદ-વ્યય-ધ્રુવરૂપ સ્વભાવમાં ત્રિકાળ નિત્ય અવસ્થિત આત્મા ટકે છે તો

એને સત્ કહેવામાં આવે છે. મોતીરામજી! આ તો ચોથો દિવસ ચાલે છે, હોં!

**'આ પ્રમાણે સ્વભાવથી જ...'** આ ગાથાનો અર્થ છે, જે પહેલા કહ્યું હતું ઇ. પહેલાં કહ્યું હતુંને? **'સ્વભાવમાં નિત્ય અવસ્થિત હોવાથી દ્રવ્ય 'સત્' છે.'** એ સિદ્ધ કર્યું. **'આ પ્રમાણે સ્વભાવથી જ ત્રિલક્ષણ પરિણામ...'** એ પર્યાય એક સમયની ત્રણ લક્ષણવાળી, એ **'(પરિણામોની પરંપરામાં) વર્તતું...'** કોણ વર્તતું? દ્રવ્ય. દરેક પર્યાયમાં દ્રવ્ય વર્તે છેને? સામાન્ય.. સામાન્ય.. સામાન્ય.. સામાન્ય.. તે **'સ્વભાવને...'** જે પરિણામનો સ્વભાવ છે, તે દ્રવ્ય તે સ્વભાવને છોડતું નથી, અતિક્રમતું નથી, ઓળંગતું નથી. સમજાણું કાંઈ? તેથી **'સત્ત્વને...'** તેથી દ્રવ્યને, આ કારણે દ્રવ્યને, આ કારણે વસ્તુને **'ત્રિલક્ષણ જ...'** ત્રિલક્ષણ જ આનંદથી **'અનુમોદવું...'** એ અહીંયા હિન્દીમાં નથી લખ્યું, ત્યાં ગુજરાતીમાં લખ્યું છે. ન્યાય છે એમાં. અનુમોદન છેને? મુદિત છેને? મુદિત, મોદ નામ આનંદ છે. અહો..! આવો આત્મા, આવા પ્રત્યેક પદાર્થ પરિણામમાં જ્યારે ત્રણ લક્ષણ ઉત્પન્ન થયા તો પરિણામી એમાં પ્રવર્તતું, એમાં વર્તનારું દ્રવ્ય પણ ત્રિલક્ષણ, ત્રણ લક્ષણવાળું-ધ્રુવ, ઉત્પાદ અને વ્યય, એમ એમાં લીધું છે. પહેલેથી લીધું છેને? ધ્રૌવ્ય-ઉત્પાદ-વિનાશ એમ લીધું છે. સમજાણું કાંઈ? ધ્રુવ, ઉત્પાદ અને વિનાશ એમ લક્ષ કરીને આનંદથી માન્ય કરવું. સમ્યગ્દર્શનરૂપ આનંદથી માન્ય કરવું એમ કહે છે. મોદન છેને? મોદન. કર્યું છેને? અમારે પંડિતજીએ અર્થ કર્યો છે નીચે. આમાં વળી છોડી દીધું છે. આ જાણે હિન્દી છેને, હિન્દી જાણે આપણે સમજી શકશું. હવે ધૂળમાંય સમજતા નથી. જૂના સમજે. કોણ જૂના શું કહેવું? કોને કહેવા જૂના? અને કોને કહેવા નવા? શું વસ્તુ છે? સમજાણું કાંઈ?

અનુમોદન. અનુમુદિત કરવું, અનુમુદિત કરવું. શું? ભગવાન કુંદકુંદાચાર્ય કહે છે, દ્રવ્યને સત્ કેમ કહ્યું? કે એ સ્વભાવમાં કાયમ રહે છે તેથી તેને દ્રવ્ય સત્ કહ્યું. તો એવા દ્રવ્યને ત્રિલક્ષણ ધ્રુવ, ઉત્પાદ, વ્યય માન્ય કરીને, પ્રમુદિત થઈને માન્ય કરવું. માલચંદજી! હવે તો સ્પષ્ટ થઈ ગયું. ચાર દિવસથી ચાલે છે, ભાઈ!

**'મોતીના હારની માફક...'** લ્યો. એ હવે દૃષ્ટાંત હારનો આવ્યો. સમજાણું કાંઈ? **'મોતીના હારની માફક...'** હવે દ્રવ્યની વાત કરે છે. પહેલા એક પ્રદેશ, એક પરિણામની વાત કરી. પહેલા વિસ્તારક્રમ અને પ્રવાહક્રમમાં ભિન્નતાને લીધે ક્રમ પડે છે એમ કહ્યું. પછી એક એક પ્રદેશમાં ત્રણ ઉતાર્યા, પછી એક એક પરિણામમાં ત્રણ ઉતાર્યા, પછી એક પરિણામમાં ત્રણમાં વર્તનારું દ્રવ્ય પણ ધ્રૌવ્ય-ઉત્પાદ-વિનાશ સહિત છે (એમ કહ્યું). સમજાણું કાંઈ? આહા..હા..! **'જેમ...'** જુઓ હવે આ હાર. **'જેમ જેણે...'** એટલે આ હારે. **'(અમુક) લંબાઈ ગ્રહણ કરેલી છે...'** લંબાઈ છેને અમુક? ઇ આગળ આવશે આત્મામાં ઉતારવા માટે. દરેક દ્રવ્યમાં ઉતારવા માટે. **'નિત્યવૃત્તિ ગ્રહણ કરેલી છે...'** એમ આવશે. નિત્યવૃત્તિ ગ્રહણ કરેલી છે પદાર્થે. દરેક પદાર્થ નિત્ય ટકવું ગ્રહણ કર્યું છે. એમ અહીંયા લંબાઈ ગ્રહણ કરી છે. હારમાં લંબાઈ. એક વાત.

**'એવા લટકતા...'** લટકતો લેવો, આમ ન લેવો. દ્રવ્યમાં શું લેવું? દ્રવ્યમાં રચાતા. દરેક દ્રવ્યમાં

નવા નવા પરિણામ રચાય છે. લંબાઈ ગ્રહણ કરી છે એનો અર્થ કે દ્રવ્ય, દૃષ્ટાંતમાં લંબાઈ અને સિદ્ધાંતમાં દ્રવ્યે નિત્ય ટકવું ગ્રહણ કર્યું છે અને હારમાં લટકતા, એમ દ્રવ્યમાં રચાતા પરિણામથી એમ સિદ્ધાંત લેવો. સમજાય છે કાંઈ? વળી આ ચંદુભાઈ કહે, થોડું લેજો. પછી આવ્યું આ થોડું થોડું. આ તો ત્રણ દિ' ચાલ્યું છે, હોં! આ તો ઉતાવળ કરીને એક કલાકમાં પૂરું કરી દેવું છે. કહો, સમજાણું કાંઈ?

**'જેણે...'** એટલે હારે અમુક લંબાઈ ગ્રહણ કરી છે. એટલે ઓલામાં નિત્યવૃત્તિ (કહેશે) અને આ અમુક લંબાઈ. આ લટકતો, લટકતો. તો દ્રવ્યમાં પરિણામ રચાયા, નવા પરિણામ રચાય છે, પરિણામ રચે છે. છેને? **'રચાતા (પરિણમતા)...'**. અહીંયા કહ્યું કે મોતીઓના હારમાં. લટકતા (હારમાં) અમુક લંબાઈ ગ્રહણ કરેલી છે એવા લટકતા હારમાં. એમ જેણે કાયમ ટકવું દ્રવ્યે ગ્રહણ કર્યું છે એવા પરિણમતા દ્રવ્યમાં. સમજાણું કાંઈ?

**'પોતપોતાના સ્થાનોમાં...'** જુઓ! આ મોતી છે કે નહિ? આ મોતી **'પોતપોતાના સ્થાનોમાં પ્રકાશતાં...'** પોતાના સ્થાનમાં એ પ્રકાશિત થાય છે, બીજા સ્થાનમાં નહિ. અને **'સમસ્ત મોતીઓમાં...'** સમસ્ત, પોતપોતાના સ્થાનોમાં પ્રકાશતાં સમસ્ત મોતીઓમાં, **'પછી પછીનાં સ્થાનોએ પછીપછીના મોતીઓ પ્રગટ થતાં...'** પછીપછીનાં પછી પ્રગટ થશે **'અને પહેલાંપહેલાંના મોતીઓ નહિ પ્રગટ થતાં હોવાથી...'** પહેલા ગયા એ પાછા પ્રગટ નથી થતા. તેથી **'તથા બધેય પરસ્પર અનુસ્યૂતિ...'** એકધારો સૂતરનો દોરો આમાં છે.. છે.. છે.. છે.. છે.. એ મોતી, મોતી, મોતીના સ્થાનમાં. **'બધેય પરસ્પર રચનારો દોરો અવસ્થિત હોવાથી...'** બધામાં છે.. છે.. છે.. દોરો છેને? દોરો તો બધામાં છે.. છે.. છે.. એક એક સ્થાનમાં (મોતી) હતું તો સ્થાનની અપેક્ષાએ ઉત્પન્ન, પૂર્વની અપેક્ષાએ વિનષ્ટ અને છે.. છે.. એની અપેક્ષાએ તેને ધ્રુવત્વ કહે છે. **'ત્રિલક્ષણપણું પ્રસિદ્ધિ પામે છે;...'** હાર ત્રિલક્ષણ પ્રસિદ્ધિ પામે છે. શું? એક પોતાના સ્થાનમાં છે તે અપેક્ષાથી ઉત્પન્ન, પૂર્વની અપેક્ષાથી વિનષ્ટ, છે.. છે.. છે.. એની અપેક્ષાથી ધ્રુવ. સમજાણું કાંઈ?

**'તેમ...'** આ રીતે **'જેણે નિત્યવૃત્તિ ગ્રહણ કરેલી છે...'** દ્રવ્યે. બધા પદાર્થ-આત્મા અને પરમાણુ (આદિ). **'નિત્યવૃત્તિ = નિત્ય ટકવાપણું, નિત્ય હયાતી, સદા વર્તવું તે.'** ગ્રહણ કર્યું છે. છે. **'એવા રચાતા (પરિણમતા)...'** જુઓ! એમ ને એમ નિત્ય કાયમ નથી રહેતું. પરિણમતા, નિત્ય ટકતા, પરિણમતા. આત્મા નિત્ય ટકતો પરિણમતો, પરમાણુ નિત્ય ટકતો પરિણમતો, એમ કાળ નિત્ય ટકતો પરિણમતો. આહા..હા..! સમજાણું કાંઈ? એવા **'દ્રવ્યને વિષે...'** હવે દ્રવ્ય લેવું, હોં! **'પોતપોતાના અવસરોમાં પ્રકાશતા...'** જુઓ! પરિણામ તો દ્રવ્યમાં પોતપોતાના કાળમાં પર્યાય પ્રગટ થાય છે. સમજાણું કાંઈ? આઘાપાછા કાળમાં કોઈ પરિણામ-પર્યાય પ્રગટ થતી નથી. ઓહો..હો..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ક્રમબદ્ધ આવ્યું. ભાઈ! આમાંથી નથી નીકળતું બહુ ઝટ દઈને એમ, પણ કોઈક કહે

છે અમારે. કહે ભાઈ.

**'પોતપોતાના અવસરોમાં પ્રકાશતા...'** પ્રત્યેક પદાર્થના સમય સમયના પરિણામ, અનંત સમયના જેટલા પરિણામ, જેટલા અનંત સમય એટલા પરિણામ-પર્યાય એક દ્રવ્યના, તે પોતપોતાના અવસરોમાં તે પરિણામ-પર્યાય પ્રકાશે છે. પોતપોતાના અવસરોમાં. ત્યાં એક પરિણામ પોતાના અવસરમાં કહ્યું હતું પહેલા. અહીંયા બધા પરિણામ પોતપોતાના અવસરોમાં પ્રકાશતા. દ્રવ્યના બધા પરિણામ. સમજાણું કાંઈ? સારા એટલે શું? સારા? સારા એટલે બધા-સમસ્ત. સમજાણું કાંઈ?

**'પોતપોતાના અવસરોમાં પ્રકાશતા (પ્રગટતા) સમસ્ત પરિણામોમાં,...'** સમસ્ત પર્યાયમાં **'પછીપછીના અવસરોએ પછીપછીના પરિણામો પ્રગટ થતા હોવાથી...'** પછી પછીના આવનારા પછી પછી ઉત્પન્ન થાય છે. આપણે એ ભાષા છે. કોઈની પાછળ કહો તો પહેલા ગયા એની પાછળ કહો. પણ પછીપછી આવનારા પરિણામ પછી પ્રગટ થશે **'અને પહેલાંપહેલાંના પરિણામો નહિ પ્રગટ થતા હોવાથી...'** ગયા એ પ્રગટ નહિ થાય. જેમ આત્મામાં, જુઓ! આત્મામાં સમ્યગ્દર્શનની પર્યાય પ્રગટ થઈ. અનુમોદન કહ્યુંને? આનંદથી. ઓહો..! ધ્રૌવ્ય અને ઉત્પાદ-વ્યય, આમ લીધું છે. પહેલામાં ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્ય લીધું હતું. અહીંયા દ્રવ્યમાં ઉતાર્યું ત્યારે કહ્યું, ધ્રૌવ્ય-ઉત્પાદ-વ્યય. ધ્રુવ દ્રવ્ય છે એમાં ઉત્પાદ-વ્યય થાય છે. એમ આનંદ જ્યાં પ્રગટ થયો, તો કહે છે કે એ સમ્યગ્દર્શનની જે પર્યાય પ્રગટ થઈ તે પર્યાય બીજા સમયે વ્યય થાય છે. એ દ્રવ્યમાં સમાઈ જાય છે. તે પર્યાય પાછી પ્રગટ નહિ થાય.

મુમુક્ષુ :- સમ્યગ્દર્શન ચાલ્યું જાય છે?

ઉત્તર :- એક સમયની પર્યાય ચાલી જાય છે. બીજી પર્યાય ઉત્પન્ન થાય છે. મોતીરામજી! શું છે? તમે તો દિગંબર છોને. ગર્ભ દિગંબર સમજો છો? ગર્ભથી દિગંબર છો. આહા..હા..! સમજાય છે કાંઈ? શું કહે છે? જુઓ!

**'પછીપછીના પરિણામો પ્રગટ થતા હોવાથી અને પહેલાંપહેલાંના પરિણામો નહિ પ્રગટ થતા હોવાથી...'** અર્થાત્ પ્રત્યેક દ્રવ્યમાં-આત્મામાં પહેલા જે પર્યાય પ્રગટ થઈ તે ગઈ. જે ગઈ તે હવે પાછી પ્રગટ નહિ થાય. નવી.. નવી.. નવી.. નવી ક્રમસર પ્રવાહક્રમમાં આવનારા પરિણામ ક્રમસર થશે. પછીવાળા આવશે, પછીવાળા આવશે, પહેલાના ચાલ્યા જશે, પછીવાળા આવશે, પહેલાના ચાલ્યા જશે. પણ ચાલ્યા ગયા તે ફરીને ઉત્પન્ન નહિ થાય. ભગવાન સર્વજ્ઞ પરમાત્મા કેવળજ્ઞાની એના પણ પ્રવાહક્રમમાં કેવળજ્ઞાનની પર્યાય આવી એક સમયમાં તે પર્યાય ગઈ, તે કેવળજ્ઞાનની પર્યાય બીજા સમયે તે જ નહિ આવે. પછીપછીની જે આવવાની છે તે આવશે. બહુ સૂક્ષ્મ લાગે છે, નહિ? મોતીરામજી! સમજાણું કાંઈ? કેવળજ્ઞાન તો સાદિઅનંત રહે છે પ્રવાહની અપેક્ષાથી, પણ એક એક સમયની અપેક્ષાથી એ કેવળજ્ઞાન પર્યાય પણ ઉત્પન્ન થઈ પોતાની પર્યાયની અપેક્ષાથી, પૂર્વની અપેક્ષાથી વિનષ્ટ છે, પ્રવાહની અપેક્ષાથી ધ્રુવ છે. અને એ પરિણામમાં

વર્તતું દ્રવ્ય પણ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય લક્ષણવાળું છે. સમજાણું કાંઈ? એ.. પ્રભુભાઈ! રાત્રે રહેવાનો છો કે નહિ? રહેવાના છો. પૂછશું તો આવડશે કે નહિ? શેઠિયા માણસને પણ આ .. છે કે નહિ? ખબર પડે છે કે નહિ આ?

આચાર્યે ગજબ કામ! એક પદાર્થ સિદ્ધ કરવા એનું ક્ષેત્ર, ... પરિણામ ... સમયે સમયે ભિન્ન, કૂટસ્થ નહિ, નિત્ય વિના નહિ, કૂટસ્થ નહિ, પરિણામ વિના નહિ, પરિણામનો ક્રમ, પ્રદેશનો વિસ્તારક્રમ આટલું સિદ્ધ કરીને દ્રવ્ય આવું છે એમ (સિદ્ધ કરે છે). આનાથી કોઈપણ હીનાધિક કહે તો દ્રવ્યનું સ્વરૂપ તેણે જાણ્યું નથી. સમજાણું કાંઈ?

કહે છે કે, પ્રત્યેક દ્રવ્યમાં **'સમસ્ત પરિણામોમાં, પછીપછીના અવસરોએ પછીપછીના...'** કાળ આવશે એમાં પછીના પરિણામ પ્રગટ થાય છે, પછીના પરિણામ થાય છે. કોઈ કહે છે કે અત્યારે આ પરિણામ કે ન થયા? નિમિત્ત આવ્યું તે કેમ થયું? પણ પછી આવવાના હતા તે પછી આવ્યા. નિમિત્ત આવ્યું માટે થયા એમ છે જ નહિ. સમજાણું કાંઈ? કોઈ એમ કહે છે કે, જેમ જળ. પહેલા ઠંડી પર્યાય છે, ઠંડી. અને ઠંડી પર્યાય જઈને.. પહેલા ઠંડી હતી તે ગઈ, હવે પછી આવનારી ઉષ્ણ હતી. તો ઉષ્ણ કેમ થયું? તો કહે, અગ્નિ આવી એટલે. એમ નહિ. સાંભળ તો ખરો! એ પછી આવવાની હતી તે સમયે ઉષ્ણ પર્યાય હતી તે આવી. પહેલા ઠંડી હતી, પછી ઉષ્ણ આવી. નિમિત્ત અગ્નિ આવ્યું માટે ઉષ્ણ થઈ એમ નથી. એ શાસ્ત્રમાંથી નિમિત્તનું જ્ઞાન કરાવવાની વાત છે. શેઠિયા! આ શું કહે છે? જુઓને! પાણી ઊનું થયું...

અરે..! અહીંયા સમ્યગ્દર્શન પર્યાય ઉત્પન્ન થઈ. પહેલા કેમ ન થઈ? દર્શનમોહનો જ્યારે ત્યાં અભાવ થયો તો અહીં સમ્યગ્દર્શનની પર્યાય થઈ. પહેલા કેમ ન થઈ? પણ પહેલા શું? પહેલા મિથ્યાત્વની પર્યાય ઉત્પન્ન હતી તેનો વ્યય થઈને પછી આવવાવાળી સમ્યગ્દર્શન પર્યાય પછી આવી. પોતાને કારણે આવી, દર્શનમોહનો અભાવ થયો માટે આવી એમ નથી.

મુમુક્ષુ :- આમાં ગોમ્મટસાર રહેતું નથી.

ઉત્તર :- ગોમ્મટસાર રહ્યું. નિમિત્તનું જ્ઞાન કરાવવા માટે રહ્યું કે નિમિત્ત કોણ હતું. સમજાણું કાંઈ? સુમેરુમલજી! સમજાય છે? સાદીસીધી વાત છે ઘણી.

સત્, સત્, ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યયુક્તં સત્. સત્ દ્રવ્ય લક્ષણં. એ વાત સિદ્ધ કરે છે. સત્ એને કહે છે ભગવાન ઉમાસ્વામી, એ અનાદિ સંતો દિગંબર મુનિઓ કહેતા આવ્યા છે, ઉમાસ્વામી કહે છે, બધા ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યયુક્તં સત્. સત્ દ્રવ્ય લક્ષણં સત્. દ્રવ્યનું સત્ લક્ષણ છે. સમજાણું કાંઈ? સત્ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય સ્વભાવ છે. સ્વભાવમાં રહેવાથી દ્રવ્યને પણ સત્ કહેવામાં આવે છે. આ વાત સિદ્ધ કરવી છે, લ્યો. સમજાણું કાંઈ? આહા..હા..! આનંદઘનજી કહે છે, છેને? 'સ્થિરતા એક સમયમેં ઠાને, ઊપજે વિણસે તબહી, ઉલટપલટ ધ્રુવ સત્તા રાખે, યા હમ સુની ન કબહુ, અબધુ નટનાગરકી બાજી, ક્યા જાને બ્રાહ્મણ-કાજી, અબધુ નટનાગરકી બાજી...' વલ્લભદાસભાઈ! બ્રાહ્મણ નામ વેદ શું જાણે? પુરાણ નામ કાજીના પુરાણ શું જાણે? 'એક સમયમેં, સ્થિરતા એક સમયમેં

ઠાને, ઊપજે વિણસે તબહી, ઉલટપલટ...' ઉલટ ઉત્પાદ અને પલટ વ્યય. 'ઉલટપલટ ધ્રુવ સત્તા રાખે, યા હમ સુની ન કબહી, અબધુ નટનાગરકી બાજી...' નટ નામ ભગવાન આત્મા આવી એક સમયમાં બાજી કરી રહ્યો છે, આવી વાત કબહુ-બીજામાં નથી. 'ક્યા જાને બ્રાહ્મણ-કાજી?' વલ્લભદાસભાઈ!

ભગવાન સર્વજ્ઞદેવ ત્રિલોકનાથ પરમેશ્વર સંપ્રદાયવાળાને ખબર નથી હજી શું ચીજ છે? કઈ રીતે છે? ક્યા પ્રકારે છે? આ તો આ પર્યાય પેલાથી થઈ અને આ પર્યાય પેલાથી થઈ અને આ પર્યાય આઘીપાછી થાય છે. કેરી પાકે છે તો સાથે (દવા) નાખે છે તો પાકવાની પર્યાય અલ્પકાળમાં આવી. અરે..! ભગવાન! સાંભળ તો ખરો.

મુમુક્ષુ :- ઇંજેક્શન ન આપે તો બગડે.

ઉત્તર :- બગડે નહિ. બગડે એ તો જે પર્યાય પહેલા આવી છે તે તો ગઈ. હવે પછી તે જ આવવાની છે માટે આવી છે. એ તરણાને કારણે આવી છે એમ ત્રણકાળમાં નથી. તરણું કહે છેને? શું કહે છે? ઘાસ.. ઘાસ. ઘાસમાં નાખે. અરે..! ભગવાન!

અહીંયા કહે છે કે પ્રત્યેક પદાર્થમાં પ્રવાહક્રમમાં જે પર્યાય.. પર્યાય.. પર્યાય.. પર્યાય.. પર્યાય.. પર્યાય.. થાય છે તો એ પર્યાય પોતાની અપેક્ષાથી ઉત્પાદ કહ્યું, પૂર્વની અપેક્ષાથી વ્યય કહ્યું અને તે જ પર્યાયને ધ્રુવ કહી. હવે એ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યમાં વર્તતું દ્રવ્ય તે પણ ધ્રૌવ્ય-ઉત્પાદ-વ્યય લક્ષણવાળું થઈ ગયું. સમજાણું કાંઈ? તે જ પોતપોતાના અવસરમાં, કાળમાં, સ્વકાળમાં પોતાની પર્યાય થાય છે. તે પર્યાય ગઈ. રાગ થયો રાગ. રાગ ગયો, એ રાગ પછીની કોઈ પર્યાયમાં એ રાગ નહિ આવે. સમજાણું કાંઈ? તે સમયનો રાગ આવ્યો તે રાગ પહેલા વ્યય થઈ ગયો, દ્રવ્યમાં સમાઈ ગયો એ રાગ. એ રાગ પછીના બીજા કોઈ કાળમાં પાંચ, પચાસ, સો વર્ષ રહેવાનું હોય સંસારમાં, સમજાણું કાંઈ? તો એ રાગ ગયા પછી પર્યાયમાં નહિ આવે. સમજાણું કાંઈ?

એમ ક્ષાયિક સમ્યગ્દર્શનની પર્યાય જે પ્રગટ થઈ, ઓહો..! ચૈતન્યસ્વરૂપ શુદ્ધ જ્ઞાયક અખંડ અભેદ એકરૂપના જ્ઞાનના ભાનમાં પ્રતીતિ થઈ તે એક સમયની પર્યાય બીજા સમયે નથી રહેતી. તો એ સમયની પછી પર્યાય આવવાની છે તેમાં આ પર્યાય ગઈ તે નહિ આવે. સમજાણું કાંઈ? એમ કેમ થયું? નિમિત્ત આવું આવ્યું (માટે). પણ, પછી એ આવવાની હતી. તે આવી છે. પછી એ આવવાની હતી, નિમિત્ત આવવાનું હતું માટે તે આવી છે એમ છે જ નહિ. સમજાણું કાંઈ?

**'સમસ્ત પરિણામોમાં, પછીપછીના અવસરોએ પછીપછીના પરિણામ પ્રગટ થતા હોવાથી...'** ગયા, નથી આવ્યા એ તો પછી ક્રમે.. ક્રમે.. ક્રમે આવવાના છે તે આવશે **'અને પહેલાંપહેલાંના પરિણામો નહિ પ્રગટ થતા હોવાથી...'** પહેલા ગયા તે પ્રગટ નથી થતા. કેવળજ્ઞાન પણ જે સમયની પર્યાય આવીને ગઈ તે પર્યાય ફરીને નહિ આવે. એક સમયના આનંદનો અનુભવ થયો, આનંદનો અનુભવ થયો તે આનંદ ફરીથી નહિ આવે. એવો આનંદ આવશે, પણ એ આનંદની પર્યાય ગુમ થઈ, દ્રવ્યમાં ગઈ તે ફરીથી નહિ આવે. સાદિ-અનંત કાળમાં

તે પર્યાય ગઈ તે ગઈ, પાછી સાદિ-અનંત કાળમાં નહિ આવે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ... કીધુંને? સાદિ-અનંત. આહા..હા..!

**'પહેલાંપહેલાંના પરિણામો નહિ પ્રગટ થતા હોવાથી તથા...'** હોવાથી (એટલે) તે કારણથી **'તથા બધેય પરસ્પર અનુસ્યૂતિથી રચનારો પ્રવાહ...'** જુઓ! પછીપછીના પછી આવશે, પહેલાંના નહિ આવે. એમ તો પહેલાં-પછીની વાત કરી. પણ **'બધેય પરસ્પર...'** એક છે.. છે.. છે.. છે.. સદશની અપેક્ષાથી **'અનુસ્યૂતિ રચનારો...'** એક સદશતાથી થવાવાળા, એક પ્રવાહથી થવાવાળાને લક્ષમાં લે તો **'પ્રવાહ અવસ્થિત (-ટકતો) હોવાથી ત્રિલક્ષણપણું પ્રસિદ્ધિ પામે છે.'** દ્રવ્ય. અહીંયા દ્રવ્ય સિદ્ધ કરવું છે, પહેલામાં પરિણામ સિદ્ધ કર્યા. પરિણામ જે ત્રિસ્વભાવી છે તેમાં વર્તનારું દ્રવ્ય ત્રિસ્વભાવ આ રીતે સિદ્ધ થાય છે. સમજાણું કાંઈ?

એ વસ્તુ એવી છે. ભગવાને કંઈ બનાવી નથી. ભગવાનના જ્ઞાનમાં જેવું આવ્યું એવી વાણી આવી ગઈ. ભગવાન! તારી ચીજ તો આવી છે. અસંખ્ય પ્રદેશ. એક પ્રદેશમાં બીજાનો અભાવ એ વિસ્તારક્રમ સિદ્ધ કરે છે. પ્રવાહક્રમ પરસ્પર પરિણામમાં ભિન્નતા પ્રવાહક્રમ સિદ્ધ કરે છે. એક એક પરિણામ અને પ્રદેશમાં પોતાની પૂર્વ, (પછી) અને સદશતાથી ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય સિદ્ધ કરે છે. એ ઉત્પાદ-વ્યય-ધ્રુવ પરિણામમાં સિદ્ધ થયા એમાં પરિણામી કાયમ વર્તનારું છે તો એ દ્રવ્યને ત્રિલક્ષણ અનુમોદવું. સમજાણું કાંઈ? **'ત્રિલક્ષણપણું પ્રસિદ્ધિ પામે છે.'** લ્યો. આ એનો જ ભાવાર્થ છે, ચાલે છે ગાથાનો. કહ્યુંને? જુઓ! ટૂંકામાં ભાવાર્થ.

**'ભાવાર્થ :- દરેક દ્રવ્ય સદાય સ્વભાવમાં રહે છે...'** પહેલા ગાથાનો અર્થ. **'તેથી 'સત્' છે.** ગાથાનો (અર્થ કહ્યો). **'તે સ્વભાવ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યસ્વરૂપ પરિણામ છે.'** આમાં એમ લીધું, બાકી ધ્રૌવ્ય-ઉત્પાદ-વિનાશ(સ્વરૂપ) છે. આ વાત ગાથાની કહી. હવે દૃષ્ટાંતની કહે છે. **'જેમ દ્રવ્યના...'** નામ વસ્તુના વિસ્તાર નામ પહોળાઈ, ફેલાયેલા તેનો **'નાનામાં નાનો અંશ તે પ્રદેશ છે,...'** વસ્તુ ફેલાયેલી છે. આત્મા અસંખ્યપ્રદેશી, આકાશ અનંતપ્રદેશી ફેલાયેલી છે. એ વિસ્તારનો **'નાનામાં નાનો અંશ તે પ્રદેશ છે, તેમ દ્રવ્યના પ્રવાહનો...'** પ્રવાહનો **'નાનામાં નાનો અંશ તે પરિણામ છે.'** તે પરિણામ છે, તે પર્યાય છે, અવસ્થા છે. **'દરેક પરિણામ સ્વ-કાળમાં પોતાના રૂપે ઊપજે છે,...'** દરેક પરિણામ, દરેક પર્યાય... આ વિકલ્પનો ખદબદાટ નીકળી જાય એમ કહે છે. ક્રમબદ્ધના અર્થમાં વિકલ્પની મારામારી-આમ કરું ને આમ કરું ને મારું કરું, આમ કરું એ વિકલ્પ શાંત થાય છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, અકર્તાપણું સિદ્ધ થાય છે અને વિકલ્પનું કર્તૃત્વ શાંત થઈ જાય છે. માટે આ બધા અવસરોમાં છે એમ સિદ્ધ કરે છે. આહા..હા..! સમજાણું કાંઈ? તું બીજાના પરિણામ શું કરી શકે? તેના કાળમાં તે આવશે. તારા પરિણામ તારા કાળે આવશે. રાગ અને નિર્મળ પર્યાય. તો નિર્મળ

પર્યાય કરું કે રાગ કરું એવા વિકલ્પને અવકાશ જ ક્યાં રહ્યો? સમજાણું કાંઈ? એ કરું કરુંનો વિકલ્પ જે ક્રમને તોડીને, પ્રવાહને તોડીને હું આમ તોડું, આમ કરું, આમ કરું એવો પ્રવાહ, આઘુંપાછું કરવાની જે કર્તૃત્વબુદ્ધિ હતી તે શાંત (થઈ જાય). જ્ઞાતા-દૃષ્ટાનું ભાન થયું, જ્યાં છે ત્યાં થશે એવો જ્ઞાતા-દૃષ્ટા રહી ગયો. સમજાણું કાંઈ? અંદર ખદબદાટ રહ્યા કરે કે આમ કરું તો આમ થાય, આમ કરું તો આમ થાય. આમ કરું તો તો ત્યાં હજી તને (તે પર્યાય ક્રમમાં) થશે એનો નિર્ણય તો છે નહિ. કર્તા (થયો તો) થશે, થશેના નિર્ણયમાં શું આવ્યું?

શેઠિયા પરમ દિવસે કહેતા હતા, નહિ? શ્રદ્ધાગુણ. શ્રદ્ધતો હતો, શ્રદ્ધે છે, શ્રદ્ધશે. જાણતો હતો, જાણે છે, જાણશે. થવાનું હતું, થાય છે, થાશે. ત્રણે એક થઈ ગયા. સમજાણું કાંઈ? સુમેરુમલજી! થશે, થાય છે, થઈ ગયું. તો શ્રદ્ધા શ્રદ્ધતો હતો, શ્રદ્ધે છે, શ્રદ્ધશે. જ્ઞાન જાણતું હતું, જાણે છે, જાણશે. શું તારે કરવું છે? શેઠિયાની ભાષા હતી પરમ દિવસ રાતની. સમજાણું કાંઈ?

તો કહે છે કે, એ દ્રવ્યના પ્રવાહનો અંશ તે પરિણામ. પ્રત્યેક પરિણામ સ્વકાળમાં પોતારૂપે ઉત્પન્ન થાય છે, પૂર્વરૂપ નષ્ટ થાય છે. સર્વ પરિણામોમાં એકપ્રવાહ, એકપ્રવાહ, એકધારાવાહી હોવાથી પ્રત્યેક પરિણામ ઉત્પાદ-વિનાશથી રહિત એટલે કે એ ધ્રુવ. એટલે કે ધ્રુવરૂપ. **'વળી ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યમાં સમયભેદ નથી,...'** ઉત્પાદ-વ્યય-ધ્રુવમાં સમયભેદ નથી, ત્રણેય એક જ છે **'એક જ સમયે છે.'** બસ! હવે દ્રવ્યનો સિદ્ધાંત લીધો. **'આવા ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યસ્વરૂપ પરિણામોની પરંપરામાં...'** હવે મૂળ ગાથાનો સિદ્ધાંત લઈ લીધો. પહેલા તો મૂળ ગાથાનો અર્થ કહ્યો હતો. હવે અંદર દૃષ્ટાંત આપીને, પરિણામ સિદ્ધ કરીને મૂળ ગાથાનો સિદ્ધાંત કહે છે. **'આવા ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યસ્વરૂપ પરિણામોની પરંપરામાં...'** આવા એટલે પહેલા જે ઉત્પાદ-વ્યય-ધ્રુવ સિદ્ધ કર્યાને પરિણામમાં આવી **'પરંપરામાં દ્રવ્ય સ્વભાવથી જ સદાય રહેતું હોવાથી દ્રવ્ય પોતે પણ, મોતીના હારની માફક ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યાત્મક છે.'** લ્યો, એક કલાક થઈ ગયો.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)



: પ્રકાશક :

**શ્રી કુંદકુંદ–કહાન પારમાર્થિક ટ્રસ્ટ**

વિલે પાર્લા, મુંબઈ.

www.vitragvani.com